BAOU
Education for All


# Dr. Babasaheb Ambedkar Open University

(Established by Government of Gujarat)


NAAC ACCREDITED A++ GRADE 3.55/4

## એમ.એ.: ઈતિહાસ
## MAHIS-204
## દ્વિતીય સત્ર
# ૧૯મી સદીમાં ગુજરાતમાં સામાજિક પરિવર્તન







# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, 'જ્યોતિર્મય' પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવામાં થતું મૂડીરોકાણ . શિક્ષણ  લોકાસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહી મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છેઃ 'જેનાથી ચારીત્ર્ય ઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે, બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાય : પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહી પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવા પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપરદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાંત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

**પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાય**
**કુલપતિશ્રી,**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**
**જ્યોતિર્મય પરિસર સરખેજ-ગાંધીનગર હાઈવે,**
**છારોડી, અમદાવાદ.**

**19મી સદીમાં ગુજરાતમાં સામાજિક પરિવર્તન**


**નિદર્શન (Direction)**

| | |
|---|---|
| *પ્રો.(ડૉ.) યોગેન્દ્ર પારેખ* | *નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનીટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |

**સંપાદક (Editor)**

| | |
|---|---|
| *ડૉ. સોનલ ચૌધરી* | *અધ્યાપક અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ , ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |

**સહ –સંપાદક (Co-Editor)**

| | |
|---|---|
| *ડૉ. ગાયત્રી ગોહેલ* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. અલ્પેશ પરમાર* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *પ્રા. વંદન ગોર* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |

**વિષય સમિતિ (Subject Committee)**

| | |
|---|---|
| *ડૉ. સોનલ ચૌધરી* | *અધ્યાપક અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. અરુણ વાઘેલા* | *પ્રોફેસર & અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. જીગીશ પંડ્યા* | *પ્રોફેસર & અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ, એસ.પી.યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર.* |

**વિષય પરામર્શન (Subject Review)**

| | |
|---|---|
| *ડૉ. હર્ષદ બ્રહ્મભટ્ટ* | *અધ્યાપક, ઈતિહાસ વિષય, એચ. કે. આર્ટસ કોલેજ, અમદાવાદ* |
| *ડૉ. વસંત પટેલ* | *પ્રોફેસર, ઈતિહાસ વિષય, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર.* |

**લેખન (Writing)**

| | |
|---|---|
| *ડૉ. ભાવિન પરમાર* | *આસીસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાત કોલેજ ઈવનિંગ, અમદાવાદ* |
| *ડૉ. નિતિન પટેલ* | *આસીસ્ટન્ટ પ્રોફેસર, સરકારી વિનયન કોલેજ, માંડલ* |
| *ડૉ. તૃપ્તિ આચાર્ય* | *આસીસ્ટન્ટ પ્રોફેસર, કવિ શ્રી બોટાદકર આર્ટસ એંડ સાયન્સ કોલેજ, બોટાદ* |
| *ડૉ. મનુભાઈ શાહ* | *નિવૃત્ત અધ્યાપક, બી. ડી. શાહ કોલેજ, અમદાવાદ* |

**ભાષા પરામર્શન (Language Review)**

**ભક્તિ વોરા**



**પ્રકાશકઃ કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**



**સર્વાધિકાર સુરક્ષિત**

*આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.*



**પ્રથમ આવૃત્તિ – 2026**

ISBN : 978-93-5598-665-8

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**દ્વિતીય વર્ષ એમ.એ. : ઈતિહાસ**

**MAHIS-204**

## 19મી સદીમાં ગુજરાતમાં સામાજિક પરિવર્તન


**એકમ : 1** **01**

**19મી સદીના ગુજરાતનાં ઈતિહાસના અભ્યાસ માટેના માહિતીના સ્રોતો**

**એકમ : 2** **21**

**સામાજિક પરિવર્તનની વિભાવનાઓ-ને સંસ્કૃતિકરણ, પશ્ચિમીકરણ, આધુનિકીરણ અને શહેરીકરણ (ગુજરાતનાં વિશેષ સંદર્ભમાં)**

**એકમ : 3** **35**

**19મી સદીની પૂર્વ સંધ્યાએ ગુજરાતની રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક સ્થિતિ**

**એકમ : 4** **60**

**ગુજરાતમાં અંગ્રેજ શાસનની સ્થાપના પછી ગુજરાતમાં વહીવટી, આર્થિક અને શૈક્ષણિક ફેરફાર**

**એકમ : 5** **85**

**સામાજિક પરિવર્તનમાં માનવધર્મ સભા (ઇ.સ 1844) અને ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની ભૂમિકા**

**એકમ : 6**

**19મી સદીના કેટલાંક પ્રતિનિધિ સમાજ સુધારકો** **97**

**એકમ : 7** **117**

**સામાજિક મુદ્દાઓને લગતા 3 જલદ કેસ સ્ટડીઝ**

**એકમ : 8** **136**

**ગુજરાતની દેશી રિયાસતોમાં સમાજ સુધારણાની પ્રવૃત્તિઓ**

એકમ : 9 159
સમાજ સુધારણા સંસ્થાઓ : પ્રાર્થના સમાજ અને આર્ય સમાજ - ભોલાનાથ સારાભાઈ અને સ્વામી દયાનંદ સરસ્વતી અને તેમની પ્રવૃત્તિઓ

એકમ : 10 177
ગુજરાત સભા-1884 અને લેડીઝ ક્લબ-1888 ની સમાજ સુધારણા પ્રવૃત્તિઓ

એકમ : 11 191
કેટલાક અગ્રગણ્ય સમાજ સુધારકો ગોવર્ધનરામ ત્રિપાઠી અને મણિલાલ દ્વિવેદી

એકમ : 12 213
ગુજરાતી સાહિત્યમાં પ્રતિબિંબિત સમાજસુધારણાના આંદોલનો

એકમ : 13 253
ગુજરાતી પત્રકારિત્વ અને સમાજસુધારણા

એકમ : 14 271
ઓગણીસમી સદીમાં સામાજિક સુધારણાનો વારસો

# પાઠ્યક્રમ પરિચય

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના એમ.એ સેમ- 02 ના ઈતિહાસ વિષયમાં પેપર- 04 ‘‘19 મી સદીમાં ગુજરાતમાં સામાજિક પરિવર્તન આ પાઠ્યક્રમમાં આપનું સ્વાગત છે.

વિધાર્થી મિત્રો, 19 મી સદીમાં ગુજરાતમાં સામાજિક પરિવર્તન આ પેપરમાં 19 મી સદી દરમિયાન ગુજરાતમાં સમાજ કેવી રીતે બદલાયો, કયા કારણોસર પરિવર્તન આવ્યું અને તે આજના સમાજ પર કેવી રીતે અસર કરે છે. તે બાબતોની તમને માહિતી મળશે.

આ વિષયમાં તમે દહેજપ્રથા, વિધવા પુનર્વિવાહ, જાતિવાદ, અંધશ્રદ્ધા અને સામાજિક અસમાનતાઓના અભ્યાસથી તમે જાગૃત બનશો.

માનવતાવાદ,સમાનતા,સુધારાની ભાવના, વિચારશક્તિ અને સામાજિક જવાબદારી તમારામાં વિકસીત થસે.

19 મી સદીમાં ગુજરાતમાં સામાજિક પરિવર્તનવિષય માત્ર ઈતિહાસ નથી શીખવતો, પરંતુ વિધાર્થીને વિચારતા શીખવે છે.

સમાજ બદલાય છે પરંતુ બદલવા માટે કોઈએ આગળ આવવું જોઈએ.

**એકમ : 1** **19મી સદીના ગુજરાતનાં ઇતિહાસના અભ્યાસ માટેના માહિતીના સ્રોતો**

**:: રૂપરેખા ::**


**1.0 ઉદ્દેશ્યો**

**1.1 પ્રસ્તાવના**

**1.2 સાહિત્યિક સાધનો**

**1.2.1 સરકારી દફતરો અને પત્રવ્યવહાર**

**1.2.2 ગૅઝૅટિયર**

**1.2.3 સમકાલીન ઇતિહાસ - ગ્રંથો**

**1.2.4 સહાયક સમકાલીનગ્રંથો**

**1.2.5 ખતપત્રો**

**1.2.6 વર્તમાનપત્રો અને સામયિકો**

**1.2.7 ઇતિહાસપયોગી સાહિત્ય**

**1.2.7.1 સંસ્કૃત**

**1.2.7.2 ગુજરાતી**

**1.2.7.3 અરબી-ફારસી**

**1.3 પુરાતત્વીય સાધનો**

**1.3.1 અભિલેખો**

**1.3.2 સિક્કા**

**1.4 સારાંશ**

**1.5 ચાવીરૂપ શબ્દો**

**1.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

**1.7 બહુવૈકલ્પિક પ્રશ્નો**

**1.8 સ્વાધ્યાય**

## 1.9 સંદર્ભો

## 1.0 ઉદ્દેશ્યો

*આ એકમના અભ્યાસ પછી તમે,*

- 19*મી સદીના ગુજરાતનાં ઇતિહાસના અભ્યાસ માટેના માહિતીના સ્ત્રોતો વિશે જાણી શકશો.*
- 19*મી સદીના ગુજરાતના ઇતિહાસના અભ્યાસ માટેના સાહિત્યિક સ્ત્રોતો વિશે માહિતી મેળવશો.*
- 19*મી સદીના ગુજરાતના ઇતિહાસના અભ્યાસ માટેના પુરાતત્વીય સ્ત્રોતોની ઉપયોગિતા જાણશો.*

## 1.1 પ્રસ્તાવના

*ઇ.સ.*1818*માં ગુજરાતમાં બ્રિટીશ શાસનની સ્થાપના બાદ આ પ્રદેશનો ઇતિહાસ લખવા માટેનાં સાહિત્યિક સાધન વિપુલ પ્રમાણમાં મળે છે જ્યારે પુરાતત્વીય સાધનો સીમિત પ્રમાણમાં મળી આવે છે. આ સમયના સરકારી દફતરોના અહેવાલો, પત્રવ્યવહાર, ગૅઝૅટિયર, સમકાલીન ઇતિહાસગ્રંથો, વર્તમાનપત્રો, ખતપત્રો, સ્થાનિક ભાષાનું સાહિત્ય વગેરેમાંથી આ સમયની રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક ઇતિહાસ લેખનની મહત્વપૂર્ણ માહિતી મળે છે. આ સમય દરમિયાનના મળી આવેલા અભિલેખો, પાળિયાલેખો, સિક્કાઓ જેવા પુરાતત્વીય સાધનો તત્કાલીન સમયની પ્રાથમિક કક્ષાની માહિતી પૂરી પાડે છે. આપણે સૌ પ્રથમ આ સમયના સાહિત્યિક સાધનો વિશે માહિતી મેળવીએ*

## 1.2 સાહિત્યિક સાધનો

### 1.2.1 સરકારી દફતરો અને પત્રવ્યવહાર

19*મી સદી દરમિયાન ગુજરાતમાં પ્રજાની સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને રાજકીય બાબતોની માહિતી એકત્ર કરવી એ અંગ્રેજી શાસન વ્યવસ્થાનું મહત્વનું અંગ હતું. આ માહિતી મેળવવા માટે તેમણે ચોક્કસ નીતિ તૈયાર કરી હતી.* 19 *મી સદીનો ગુજરાતનો ઇતિહાસ જાણવા માટે સરકારી દફતરો અને સરકારી પત્ર વ્યવહાર મહત્વનું સ્થાન ધરાવે છે. આજે પણ સરકારી અભિલેખાગરોમાં સચવાયેલા પ્રકાશિત અને અપ્રકાશિત ગ્રંથો દસ્તાવેજો પત્ર વ્યવહારના નમૂનાઓ ગુજરાતના તત્તકાલીન પ્રજા જીવનની અનેક બાબતો ઉપર પ્રકાશ નાખે છે.* 19 *મી સદીમાં મુંબઈ સરકારે* 'Gazetteer of the Bombay Presidency' *નામના મહત્વના ગ્રંથો પ્રકાશિત કર્યા. ઇ.સ.* 1861-62 *ના વર્ષમાં મુંબઈ સરકાર દર વર્ષે અહેવાલો પ્રસિદ્ધ કરતી હતી* 'General Report on the Administration of the Bombay Presidency' *તરીકે ઓળખાય છે. આ ગ્રંથોમાંથી*

આપણને ગુજરાતના તત્કાલીન વહીવટી તંત્ર, શહેરી જીવન, ગ્રામીણ જીવન, કેળવણી સંસ્થાઓ, વેપાર ઉદ્યોગ વગેરેની માહિતી મળે છે. મુંબઈ સરકારે પ્રકાશિત કરેલા 'Selection from the Records of the Government of Bombay' નામના ગ્રંથોમાંથી આપણને ગુજરાતના દેશી રજવાડાઓ વિશેની સર્વગ્રાહી માહિતી મળે છે. જેમ કે ક્રમાંક 15માં કચ્છ રાજ્ય તેના ઈતિહાસની રૂપરેખા, ક્રમાંક 37મા કાઠિયાવાડ પ્રાંતનું ભૌગોલિક અને આંકડાકીય વૃત્તાંત, ઝાલાવાડ, ગોહિલવાડ વગેરે વિશેની વિગતવાર માહિતી મળે છે. ક્રમાંક 39 અને 147માંથી ગુજરાતમાં વ્યાપેલાં દૂધ પીતી, દહેજ પ્રથા વગેરે જેવા દૂષણો અને અંગ્રેજોએ તેને અટકાવવા માટે લીધેલા પગલાંઓની માહિતી મળે છે. ક્રમાંક 11માંથી ખેડા જિલ્લાની કૃષિ વિષયક માહિતી તથા પાલનપુર જિલ્લામાં સતીપ્રથા અને અંગ્રેજોએ કરેલા કાયદા-કાનૂન વગેરેની માહિતી મળે છે. આમ આ ગ્રંથોમાંથી ગુજરાતની સામાજિક ઉપરાંત રાજકીય સ્થિતિ, રીતિ રિવાજો, ખેતી, જમીન મહેસુલ, વાહન વ્યવહારના સાધનો અને વ્યાપાર વિશેની પ્રાથમિક માહિતી મળે છે.

અંગ્રેજ સરકારના Serve and Settlement Report માંથી ગુજરાતમાં ખેતી સાથે સંકળાયેલા વર્ગો તેમના સામાજિક અને આર્થિક જીવન ઉપરાંત જમીનના પ્રકારો, ખેતીને લગતા ઓજારો, અનાજ અને રોકડિયા પાકો તેની કિંમત વગેરેની ચોક્કસ માહિતી મળે છે. આજે પણ આ રિપોર્ટ અભિલેખાગારોમાં સચવાયેલા છે. ગુજરાતના સમાજ જીવનના વિવિધ પાસાની આંકડાશાસ્ત્રીય માહિતી આપતા વસ્તી ગણતરીના અહેવાલો (Census Report)માંથી ગુજરાતના ધર્મો, સંપ્રદાયો, જાતિઓ, જન્મ અને મૃત્યુના દર, જાહેર આરોગ્ય, ખેતી, વેપાર, ઉદ્યોગ, કેળવણી વગેરેની માહિતી મળે છે. ઈ.સ.1881 બાદ દર 10 વર્ષે વસ્તી ગણતરી કરવામાં આવતી. હિન્દની બ્રિટિશ સરકાર રાજકીય, વહીવટી, આર્થિક અને કેળવણી વિશેના પ્રશ્નો સંબંધી તપાસ કરવા માટે અનેકવાર પંચોની નિમણૂક કરી હતી. મુંબઈ સરકારે પણ પોતાના વિસ્તાર સંબંધી સમસ્યાના નિરાકરણ માટે અનેકવાર પંચો નિમ્યા હતા.આ પંચોના અહેવાલો Report of the Committees and Commissions તરીકે ઓળખાય છે. આ અહેવાલોમાંથી દુષ્કાળ, વહીવટ, સરકારી ખાતાનો ભ્રષ્ટાચાર, શિક્ષણ, વાહન વ્યવહારના સાધનો વગેરેની માહિતી આપે છે. ઈ.સ.1860માં મુંબઈ સરકારે જે લખાણ સ્થાનિક ભાષાઓમાં પ્રકાશિત થતા હતા તેનો અંગ્રેજી તરજુમો કરી તેને છપાવવા માટે ઠરાવ પસાર કર્યો હતો. જેને Report on the Native Newspaper તરીકે ઓળખાય છે. આ ગ્રંથોમાંથી તે સમયના 'ડાંડિયો', 'ગુજરાત મિત્ર', 'અમદાવાદ સમાચાર', 'સત્યપ્રકાશ', 'ગુજરાત દર્પણ', 'સમશેર બહાદુર' વગેરે છાપાના લેખો અને સમાચારપત્રોનો પરિચય કરાવે છે.

મુંબઈ રાજ્યની વિધાનસભામાં જેમ જેમ ભારતીયોને સ્થાન મળતું ગયું તેમ તેમ ભારતીયોના પ્રશ્નોની ચર્ચા થવા લાગી હતી. Bombay Legislative Council Debates માં  ગુજરાતને સ્પર્શતા મહત્વના પ્રશ્નોની માહિતી આપણને મળે છે આ ઉપરાંત ઇંગ્લેન્ડની સંસદમાં ગુજરાતના પ્રશ્નોની પર થયેલી ચર્ચા અંગેની માહિતી

British Parliamentary Paper માંથી મળે છે. જેમાં ઈ.સ.1880 થી 1890 સુધીના સમય દરમિયાન ખંભાતના ખેડૂતોની પરિસ્થિતિ તથા ગુજરાતના દેશી રજવાડાઓમાં અંગ્રેજ અમલદારો અને ગુજરાતના વેપારીઓમાં વ્યાપેલા ભ્રષ્ટાચાર ઉપર થયેલી ચર્ચાની વિશેષ માહિતી મળે છે. મુંબઈ સરકારની જુદી જુદી અદાલતોમાં ચાલેલા મુકદ્દમા અને ન્યાયાધીશોએ આપેલા ચુકાદાઓ પણ આપણને મળી આવે છે. જેમાંથી મિલકત અંગેના અધિકાર, વારસાહક, જ્ઞાતિમાંથી બરતરફ કરવા અંગેના નિયમો, લગ્નવિચ્છેદ, સ્ત્રીઓનો સામાજિક દરજ્જો, બાળલગ્નો, મંદિરોનો વહીવટ વગેરે જેવા મુકદ્દમાના ચુકાદાઓ જે તે સમયના ગુજરાતી સમાજનું ચિત્ર આપણી સામે સ્પષ્ટ કરે છે.

રાષ્ટ્રીય અભિલેખાગાર, દિલ્હી મહારાષ્ટ્ર રાજ્ય દફતર ભંડાર, મુંબઈ તથા ગુજરાત રાજ્ય દફતર ભંડાર, ગાંધીનગરમાં ગુજરાતના ઈતિહાસ લેખન માટે અપ્રકાશિત સાધન સામગ્રી ઘણા સારા પ્રમાણમાં મળી આવે છે. આ અપ્રકાશિત સાધન સામગ્રી જે તે સમયની પ્રજાકીય પ્રવૃત્તિઓ વિશેની મહત્વની માહિતી આપે છે. 19મી સદી દરમિયાન બ્રિટિશ સરકાર સામે ગુજરાતના ખેડૂતોનો વધતો જતો અસંતોષ અને તેમની રાજકીય પ્રવૃત્તિઓની માહિતી આપણને મહારાષ્ટ્ર રાજ્ય અભિલેખાગારની હોમ ડિપાર્ટમેન્ટની ફાઈલોમાંથી મળે છે. જ્યારે આ સમયની સામાજિક, આર્થિક અને ધાર્મિક બાબતોની માહિતી રેવન્યુ ડિપાર્ટમેન્ટની ફાઇલોમાંથી મળે છે. રેવન્યુ ડિપાર્ટમેન્ટની ફાઇલોમાંથી વંશ પરંપરાગત સામાજિક અને આર્થિક અધિકારો, ઈનામી જમીનો, સરકાર તરફથી અપાતા અનુદાનો વગેરેની મહત્વની માહિતી મળે છે. જેમ કે એક ફાઇલમાં ડાકોરમાં આવેલા રણછોડરાયના મંદિરની સ્થાપના અને નિભાવ માટે પેશ્વા તરફથી મળેલા અનુદાનની માહિતી મળે છે જ્યારે આ જ ફાઇલમાંથી મંદિરના એક અગ્રણીએ કંપની સરકારને મંદિરના નિભાવ માટે મદદ કરવા જે અરજી કરી હતી તે તમામ દસ્તાવેજો મળે છે. આવા વિષયો ગુજરાતના રાજકીય અને સામાજિક પરિવર્તનની મહત્વની માહિતી આપે છે.

### 1.2.2 ગૅઝૅટિયર

19 મી સદીના ગુજરાતના ઈતિહાસને જાણવા માટે ગૅઝૅટિયર મહત્વનું સાધન ગણવામાં આવે છે. મુંબઈ રાજ્યના જુદા જુદા જિલ્લાઓની આંકડાકીય માહિતી તૈયાર કરવાની શરૂઆત ઈ.સ.1843માં થઈ હોવાનું માનવામાં આવે છે. મુંબઈ સરકારે આ કામ જિલ્લા કલેક્ટરોને સોંપ્યું હતું. ઈ.સ.1867માં મુંબઈ સરકારે આ ઇલાકાનું ગૅઝૅટિયર તૈયાર કરવા રેવન્યુ કમિશનરો અને ડાયરેક્ટર ઓફ પબ્લિક ઈન્સ્ટ્રક્શન વિભાગની એક સમિતિ બનાવી હતી. આ સમિતિએ ગૅઝૅટિયર તૈયાર કરવા માટે પૂર્ણ સમયના સંપાદકની નિયુક્તિ કરવાની ભલામણ કરી હતી. આ સમિતિની ભલામણથી ડેક્કન કૉલેજના કાર્યકારી પ્રોફેસર મિ.ક્રોવેને સંપાદક તરીકે નીમવામાં આવ્યા હતા. તેમણે દરેક જિલ્લાના ગૅઝૅટિયર માટે 16 વિષયો નક્કી કર્યા હતા પરંતુ ઈ.સ. 1872માં વસ્તી ગણતરી શરૂ થવાને કારણે આ કાર્ય મોકુફ રાખવામાં આવ્યું હતું. ઈ.સ.1873માં મુંબઈ સરકારે મુખ્ય

સચિવ મિસ્ટર ચેપમેનને ગેઝેટિયરની યોજના સોંપી હતી અને તેમણે મુખ્ય સંપાદક તરીકે મિસ્ટર જેમ્સ કેમ્પબેલની નિમણૂંક કરી હતી. જિલ્લા કલેકટરો દ્વારા આપવામાં આવેલી માહિતી તથા તજજ્ઞોએ તૈયાર કરેલા લેખોને આધારે મુંબઈ વિસ્તારના કુલ 33 ગૅઝેટિયર તૈયાર થયા હતા જે ઈ.સ.1877 થી ઈ.સ.1884માં પ્રકાશિત થયા હતા.

જે 33 ગૅઝેટિયર તૈયાર થયા તે પૈકી ગ્રંથ બે થી આઠમાં ગુજરાતના ઈતિહાસને લગતી માહિતી મળે છે. આ ગ્રંથોમાંથી આપણને ઈ.સ.1818 થી 1875 સુધીના સમયની માહિતી મળે છે. દા.ત. ઉત્પાદન, વસ્તી, વેપાર વગેરે પ્રકરણો તે સમયના આર્થિક ઈતિહાસની માહિતી આપે છે. વહીવટ, ન્યાય અને મહેસૂલના પ્રકરણો રાજ્યતંત્રની માહિતી આપે છે. શિક્ષણ અને આરોગ્યની પ્રવૃત્તિઓ, જોવાલાયક સ્થળો સ્થાનિક ઈતિહાસની માહિતી આપે છે, આમ ગૅઝેટિયરમાંથી બ્રિટિશ અમલની શરૂઆતના દાયકાનો ગુજરાતના રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસની માહિતી મળે છે. શ્રી નર્મદાશંકર લાલશંકર ગુજરાતમાં પાંચ જિલ્લાઓને લગતા ગ્રંથ 2 થી 4નું ભાષાંતર કર્યું હતું અને તે 'ગુજરાત સર્વસંગ્રહ' તરીકે બીજે વર્ષે પ્રકાશિત કર્યું હતું. મુંબઈ રાજ્યની સાથે સાથે ઈતિહાસ અને વસ્તીને લગતા બે વિશિષ્ટ ગ્રંથો પ્રકાશિત થયા હતા. જેમાંથી પણ ગુજરાતના ઈતિહાસની માહિતી મળે છે. ગુજરાતની વસ્તી અને તેની વિવિધ જ્ઞાતિઓ વિશે ગ્રંથ-9 બે ભાગમાં લખાયો હતો. જેના ખંડ એકમાં બ્રાહ્મણો, લહિયાઓ, વેપારીઓ, રાજપૂતો, ખેડૂતો, ભાટચારણો, માલધારીઓ, આદિવાસી જાતિઓ અને પછાત વર્ગોની થોડી માહિતી મળે છે. આ માહિતી ભીમભાઈ કિરપારામે જહેમતપૂર્વક તૈયાર કરી હતી.આ ગ્રંથ ઈ.સ.1901માં પ્રકાશિત થયો હતો.  આ ગ્રંથના બીજા ભાગમાંથી મુસ્લિમ સમાજ અને પારસી સમાજની માહિતી મળે છે. ખા.બ. ફઝાલુલ્લાહ અને લુત્ફુલ્લાહ ફરીદીએ મુસ્લિમ સમાજ વિશે જ્યારે ગુજરાતના પારસીઓ અને તેમના રીતિ-રિવાજોની માહિતી ખરદેશજી સીરવાઈ અને બમનજી પટેલે તૈયાર કરી હતી. આ ગ્રંથ ગુજરાતના તત્કાલીન સમયની સામાજિક અને ધાર્મિક માહિતી આપતો ગ્રંથ છે તેને 'બૉમ્બે ગૅઝેટિરયર' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ સમય પછી ગૅઝેટિરયરની કોઈપણ પૂરક આવૃત્તિ પ્રકાશિત થઈ ન હતી. આઝાદી પછી ગુજરાત સરકારે નવા ગ્રંથ તૈયાર કરી પ્રકાશિત કર્યા છે. બ્રિટિશ સરકારે  ઈ.સ.1881માં નવ ગ્રંથોમાં પ્રગટ કરેલું ગૅઝેટિરયર 1885-87 માં 14 ગ્રંથોમાં અને ત્યારબાદ 1907-08માં તદ્દન નવી આવૃત્તિ કુલ 26 ગ્રંથોમાં પ્રકાશિત કરી હતી. આ ગ્રંથમાળાને 'The Imperial Gazateer of India'. 'The Gazetteer of the Bombay Presidency' શીર્ષક આપવામાં આવ્યું હતું. વડોદરા રાજ્યના શ્રી ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈએ વડોદરા રાજ્યમાં આવતા ચાર પ્રાંતોના સર્વ સંગ્રહ ગુજરાતી ભાષામાં ઈ.સ.1921 માં પ્રકાશિત કર્યો. જેમાંથી વડોદરા રાજ્યની અગત્યની માહિતી  મળે છે.

### 1.2.3 સમકાલીન ઈતિહાસ ગ્રંથો

*ગુજરાતમાં અંગ્રેજી શિક્ષણ શરૂ થતા ઈતિહાસને લગતા પાઠ્યપુસ્તકો તૈયાર કરવાની જરૂર ઊભી થઈ આ સમય મગનલાલ વખતચંદે 'ગુજરાત દેશનો ઈતિહાસ' ઈ.સ.*1860 *માં પ્રકાશિત થયો. આ પુસ્તકમાંથી ગાયકવાડી રાજ્યની તથા ઈ.સ.*1857*ના બળવાની થોડી માહિતી મળે છે. ઈ.સ.*1850 *માં એદલજી ડોસાભાઇએ 'ગુજરાતનો ઈતિહાસ' લખ્યો, પરંતુ આ પુસ્તકમાંથી ઈ.સ* 1818 *થી* 1850 *સુધીના ઈતિહાસની માહિતી ખૂબ ઓછી મળે છે*

*જૂનાગઢના દિવાન રણછોડજી અમરજીએ પારસી ભાષામાં લખેલા તારીખે 'સોરઠ વ હાલાર' નામના ગ્રંથમાંથી સૌરાષ્ટ્રની માહિતી મળે છે અંગ્રેજ અધિકારી મિ. એલેક્ઝાન્ડર કિન્લોક ફાર્બસે જૈન ગ્રંથોમાંથી ગુજરાતના ઈતિહાસ વિશે માહિતી મેળવી 'રાસમાલા' નામનો ગ્રંથ બે ભાગમાં પ્રકાશિત કર્યો હતો. આ ગ્રંથમાંથી ગુજરાતનો પ્રાચીનકાળ, સલ્તનતકાળ, મરાઠા અને બ્રિટિશકાળ વગેરેની માહિતી મળે છે. મુંબઈની ફાર્બસ ગુજરાતી સભાએ શ્રી રણછોડભાઈ ઉદયરામ પાસે આ ગ્રંથનો ગુજરાતીમાં અનુવાદ કરાવી ઈ.સ.*1869 *માં પ્રકાશિત કર્યો હતો. શ્રી કાળીદાસ દેવશંકર પંડ્યાએ ગુજરાતમાં દેશી રાજ્યો વિશેની વિસ્તૃત માહિતી મેળવી 'ગુજરાત-રાજસ્થાન' નામે ગ્રંથ ઈ.સ.*1884*માં પ્રકાશિત કર્યો હતો. આ ગ્રંથમાંથી વડોદરા, ખંભાત, નારુકોટ, કાઠિયાવાડ, પાલનપુર એજન્સી, સુરત એજન્સી વગેરેની માહિતી મળે છે શ્રી એદનજી ડોસાભાઈએ 'રાસમાલા' અને 'બોમ્બે ગૅઝૅટિયર'ને આધારે અંગ્રેજીમાં 'ગુજરાતનો ઈતિહાસ' ઇ.સ.*1894*માં પ્રકાશિત કર્યો. બોમ્બે ગૅઝૅટિયરના ગ્રંથો પરથી શ્રી ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈએ બે ભાગમાં 'ગુજરાતનો સંક્ષિપ્ત ઈતિહાસ' લખ્યો. જેના બીજા ભાગમાંથી ઈ.સ.*1820 *થી* 1897 *સુધીના ગુજરાત ઈતિહાસની માહિતી મળે છે. આ સમય દરમિયાન અમદાવાદ, સુરત, નવસારી, ભરૂચ, કચ્છ, વડોદરા વગેરેના સ્થાનિક ઈતિહાસને લગતા પુસ્તકો પણ પ્રગટ થયા હતા. ઈ.સ.*1850 *માં અમદાવાદની ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ શ્રી મગનલાલ વખતચંદનો ઇનામી નિબંધ 'અમદાવાદનો ઈતિહાસ' પ્રકાશિત કર્યો. સુરતના વતની નર્મદાશંકર લાલશંકરે ઇ.સ.*1866 *માં સુરતની 'મુખતેસર હકીકત' પ્રગટ કરી.*

*ઈ.સ.*1869*માં શ્રી ચતુર્ભુજ શિવજી મહેતાએ મુંબઈ સરકારના દફતરોના પ્રગટ થયેલા* 'Miscellaneous Information Connected with the Province of Kutch; *આધારે 'કચ્છ વૃતાંત' નામે ગ્રંથ પ્રકાશિત કર્યો. જેમાં મહારાવ પ્રાગમલજીના રાજ્યકાલ સુધીની માહિતી મળે છે. મિ.ઇલિયટે અંગ્રેજીમાં વડોદરા રાજાઓનો ઈતિહાસ* 'Rulers of Baroda' *શીર્ષકથી ઇ.સ.*1879*માં પ્રકાશિત કર્યો અને ઇશ્વરદાસ મશરૂવાલાએ 'વડોદરાના રાજ્યકર્તા' શીષર્કથી ઇ.સ.*1950*માં તેનું ગુજરાતી ભાષાંતર પ્રકાશિત કર્યું. આ પુસ્તકમાંથી વડોદરા રાજ્યની રાજકીય અને અન્ય માહિતી પ્રાપ્ત થાય છે. "શ્રી ઝાલાવંશવારિધી", "ગોંડલનો ઈતિહાસ અને મહારાજાશ્રી ભગવતસિંહજીનું*

*જીવનચરિત્ર", "યદુવંશપ્રકાશ અને જામનગરનો ઈતિહાસ" જેવા ગ્રંથો સમકાલીન ગુજરાતની માહિતી આપે છે. ઈ.સ 1902માં અમૃતલાલ શાહે પ્રસિદ્ધ કરેલો 'ભારત રાજ્ય મંડળ' ગ્રંથમાંથી કચ્છ, પાલનપુર, ઈડર, વડોદરા, ખંભાત, સુરત એજન્સી, રેવાકાંઠા એજન્સી, પાલનપુર એજન્સી વગેરેની માહિતી મળે છે. ટાઈમ્સ ઓફ ઇન્ડિયા દ્વારા એડવર્ડ અને ફ્રેઝરે અંગ્રેજીમાં લખેલો* 'Ruling Princes of India' *ગ્રંથમાળામાંથી જૂનાગઢ રાજ્યની રાજકીય, પુરાતત્વીય અને આંકડાકીય માહિતી મળે છે શ્રી સોરાબજી મંચેરજી દેસાઈએ ઇ.સ.1908માં 'તવારીખે નવસારી' ગ્રંથમાં નવસારીનો ઈતિહાસ આપ્યો છે. ડૉ.ધનજીભાઈ મહેતાએ ઈ.સ.1939 માં આ ગ્રંથ પુનઃ પ્રકાશિત કર્યો હતો. આ ગ્રંથમાંથી પારસીઓ વિશે વિપુલ માહિતી મળે છે. ગણપતરામ દેસાઈએ ઇ.સ.1914માં 'ભરૂચ શહેરનો ઈતિહાસ' લખ્યો હતો. આ પુસ્તકમાંથી ભરૂચની રાજકીય, સામાજિક, આર્થિક, શૈક્ષણિક ઈતિહાસની માહિતી મળે છે.*

### 1.2.4 સહાયક સમકાલીન ગ્રંથો

*19મી સદીના ગુજરાતના ઈતિહાસ જાણવા માટે સમકાલીન ગ્રંથોની સાથે કેટલાક સહાયક ગ્રંથો પણ ઉપયોગી છે. આ ગ્રંથોમાંથી ગુજરાતની સામાજિક સ્થિતિ વ્યાપાર ઉદ્યોગ, ધર્મ સંપ્રદાયો વગેરેની માહિતી મળે છે. ઇ.સ.1820માં વૉલ્ટર હેમિલ્ટને ભારતને લગતો જે ગ્રંથ આપ્યો છે તેમાં ગુજરાતના કેટલા જિલ્લાની ભૌગોલિક, સામાજિક, ખનીજ સંપત્તિ વિશેની માહિતી મળે છે. ઇ.સ.1825માં બિશપ રેજિનાલ્ડ હેબરે કલકત્તા થી મુંબઈ સુધીનો જે પ્રવાસ કર્યો તેનો વિગતવાર અહેવાલ અંગ્રેજીમાં આપ્યો છે. ગુજરાતના પ્રવાસ દરમિયાન તેમણે અહીંની ધાર્મિક, સામાજિક બાબતો અને ખ્રિસ્તી ધર્મનો પ્રચાર વિગત આલેખી છે. ઇ.સ.1838 માં મિસિસ પોસ્ટાન્સે સુરત અને કચ્છની મુલાકાત લઈ અંગ્રેજીમાં પોતાનો ગ્રંથ પ્રકાશિત કર્યો હતો. કર્નલ જેમ્સ ટૉડે ઈ.સ.1839 માં પશ્ચિમ ભારતનો પ્રવાસ કરી વિસ્તૃત ગ્રંથ પ્રસિદ્ધ કર્યો તેમના ગ્રંથમાંથી ગુજરાતના અમદાવાદ, ખેડા, ખંભાત, ભાવનગર, વલભી, કોડીનાર, જૂનાગઢ, ઘુમલી, દ્વારકા, માંડવી, ભુજ વગેરે સ્થળોની માહિતી પ્રાપ્ત થાય છે. ઇ.સ.1847માં એચ. જી. બ્રિગ્સે ગુજરાતનો પ્રવાસ કરીને* 'The Cities of Gurjarasharta' *પુસ્તક પ્રકાશિત કર્યું. જેમાંથી આપણને ગુજરાતના કેટલાક શહેરોની ચોક્કસ હકીકતો જાણવા મળે છે. અંગ્રેજ મુસાફરોના આ ગ્રંથોમાંથી ગુજરાતમાં પ્રવર્તતા સતીપ્રથા અને દૂધ પીતી જેવા દૂષણો સામે તેમણે કરેલી ટીકા અને અનિષ્ટોની દૂર કરવાના ઉપાયોની માહિતી મળે છે.*

*શ્રી ફરામજી બમનજીએ ઇ.સ.1872માં 'ગુજરાત તથા કાઠિયાવાડ દેશની વાર્તાઓ' ત્રણ ભાગમાં પ્રસિદ્ધ કરી. કવિ દલપતરામે 'રત્નમાલ' અને 'ગુજરાતના રાજ્યો તથા રાજવંશીઓની તવારીખોનો સંગ્રહ' 1993માં પ્રકાશિત કર્યો. કાઠિયાવાડના ડેપ્યુટી આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટ ધનજી શાહ કડાકાએ ઇ.સ. 1871માં કાઠિયાવાડી ડિરેક્ટરી બે ભાગમાં પ્રકાશિત કરી. જેમાંથી સૌરાષ્ટ્રની રાજકીય તથા વહીવટી ઈતિહાસની માહિતી દસ્તાવેજી આધાર સાથે પ્રાપ્ત થાય છે. ઇ.સ.1885માં મુંબઈ*

*સરકારે ગુજરાત તાલુકદાર બિલને લગતો ધારો પસાર કર્યો, અંગ્રેજ સરકારે પેશ્વા સાથે કરેલા કરાર અને તેની લગતા દસ્તાવેજોની માહિતીના આધારે શ્રી લીલાધરદાસે ઈ.સ.*1891*માં એક ગ્રંથ પ્રકાશિત કર્યો જે ગુજરાતના રાજકીય ઈતિહાસની મહત્વની માહિતી આપે છે. ઈ.સ.*1895*માં જેઠાભાઈ મહેતાએ 'રાધનપુર ડિરેક્ટરી' ભાગ એકમાં રાધનપુરના બાબી વંશની માહિતી આલેખી છે. ઈ.સ.*1905*માં દામોદર શાહે 'મહીકાંઠા ડિરેક્ટરી'માં મહીકાંઠાના દેશી રાજ્યોનો અને મહીકાંઠા એજન્સીનો દસ્તાવેજી ઈતિહાસ આલેખ્યો છે. ઈ.સ.*1897*માં જહોન હ્યુસ્ટને* 'Representative Men of the Bombay Presidency' *શીર્ષકથી સચિત્ર ગ્રંથ પ્રકાશિત કર્યો. જેમાંથી ગુજરાતના રાજાઓ, દાનવીરો, વેપારીઓ વગેરેનું ચિત્રો સાથેનો ઈતિહાસ જાણવા મળે છે.*

*આ સિવાય ગુજરાતના કેટલાક સમાજો દ્વારા સમકાલીન ગ્રંથો લખાયા હતા. જેમાં શ્રી બહમનજી પટેલે 'પારસી પ્રકાશ'ની ગ્રંથમાળા* 11 *ભાગમાં પ્રકાશિત કરી. જ્ઞાનપ્રસારક મંડળીએ શ્રી રતનજી શેઠનો ગુજરાતી ભાષાનો જ્ઞાન કોષ 'જ્ઞાનચક્ર' નવ ભાગમાં પ્રકાશિત કર્યો. શેઠ વલ્લભદાસ મહુવાકરે 'સૌરાષ્ટ્ર ચિંતામણી' પ્રકાશિત કર્યું જેમાં ઈ.સ.*1850 *થી* 1909 *સુધી સૌરાષ્ટ્રમાં શિક્ષણની વ્યવસ્થા અંગેની માહિતી મળે છે. આમ* 19*મી સદીના ઉત્તરાર્ધમાં ગુજરાતમાં થયેલા મહત્વના પરિવર્તનો વિશે ઉપરોક્ત સમકાલીન ગ્રંથો આપણને મહત્વની માહિતી પૂરી પાડે છે.*

**(ક) તમારી પ્રગતિ ચકાસો**

**(A) ખાલી જગ્યા પૂરો**

1. *મુંબઈ સરકારે ગેઝેટિયર તૈયાર કરવાનું કામ* _____________ *સોંપ્યું હતું.*
2. *શ્રી ગો.હા.દેસાઈએ* _____________ *રાજ્યના સર્વસંગ્રહ પ્રકાશિત કર્યા હતા.*
3. *એલક્ઝાન્ડર કિનલોક ફાર્બસે* _____________ *નામનો ગ્રંથ બે ભાગમાં પ્રકાશિત કર્યો હતો.*
4. 'Ruling Prices of India' *નામના ગ્રંથમાંથી* _____________ *રાજ્યની માહિતી મળે છે.*
5. *'રાધનપુર ડિરેક્ટરી'ના ભાગ-*1*માંથી* _____________ *વંશની માહિતી મળે છે.*

(B) *ગુજરાતના ઈતિહાસને જાણવામાં ઉપયોગી માહિતીના સ્રોત તરીકે ગેઝેટિયર વિશે નોંધ લખો.*

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

### 1.2.5 ખતપત્ર

19 *મી સદીનો ગુજરાતનો ઈતિહાસ જાણવા માટે ખતપત્રો પણ મહત્વનું સાધન ગણવામાં આવે છે. મુઘલ અને મરાઠા કાલના ખતપત્રોની સરખામણીએ આપણને બ્રિટિશ કાલના ખતપત્રો ખૂબ ઓછી સંખ્યામાં પ્રાપ્ત થયા છે. ગુજરાતનો ઈતિહાસ જાણવા માટે સ્થાવર મિલકતના મળી આવતા આ ખતપત્રો એ અગત્યનું સાધન માનવામાં આવે છે. આ ખતપત્રોમાંથી વર્ષ, માસ, તિથિ વગેરે જેવી અગત્યની માહિતી તો મળે જ છે સાથે સાથે તેમાંથી જ્ઞાતિ સમાજ જેવા કે બેસાવડ, નાગર ભટ્ટ, મેવાડા, આંજણા, કડવા, પરમાર, ચૌધરી, મણિયાર વગેરેની માહિતી મળે છે.આ સિવાય આ ખતપત્રોમાંથી જમીનની લંબાઈ પહોળાઈ તેનું ક્ષેત્રફળ ચારે દિશાનું માપ, મકાનનું વર્ણન જેમાં ઓરડા, છત, પરસાડ, ઓટલો, મેડી, ખાડ, આવવા જવાનો માર્ગ,પાણી જવાનો માર્ગ બારી બારણા મૂકવાની વિગત વગેરેની માહિતી મળે છે. ખતપત્રો ઉપરથી જમીન તથા ઘરના વેચાણ કે ગીરો જે કિંમતથી મૂકવામાં આવતું તેની પણ માહિતી મળે છે. ખતપત્રો ઉપરથી ગામ અને શહેરના મોહલ્લા, કોડ, દરવાજા વગેરેની પણ વિગત મળે છે. આ ખતપત્રો સામાન્ય રીતે ગુજરાતી ભાષામાં છે અને તેની લીટીઓ સળંગ રેખાની નીચે ગુજરાતી લિપિમાં લખાયેલી છે. આવા ખતપત્રોમાં 'ઘર વેચાથી આપું છે' જેવા તત્કાલીન શબ્દો લોકભાષાનું સ્વરૂપ દર્શાવે છે. સ્થાવર મિલકતને લગતા ખતપત્રોમાં મિલકત પર નવા માલિકને મળતા વિવિધ હક ગણવામાં આવતા તે માટે 'અભરામ-ન-દાવે', 'અત્ર મતું', 'અત્ર શાખ' જેવા પારિભાષિક શબ્દોનો પ્રયોગ જોવા મળે છે. જે ખતપત્ર લખી આપનાર છે તે વ્યક્તિઓ અને તેના સાક્ષીઓની સહીમાં વ્યક્તિઓના અક્ષર જ્ઞાન અને લેખનશૈલીનું પ્રતિબિંબ જોવા મળે છે. દા.ત. વડોદરા રાજ્યના કડી પ્રાતનાં વિજાપુરના ગુમાવીસદારને વડોદરાથી શ્રીમંત કૈલાસવાસી મહારાજ શ્રી ગોવિંદરામ ગાયકવાડે હુકમ કર્યો હતો કે વિજાપુરના દક્ષિણ દરવાજે જૂના કોર્ટ સુધી જે પડતર જમીન છે તેમાં આબાદી કરવી. રાજ્યના આ હુકમ પ્રમાણે ગુમાવીશદારે તે જમીન ખરીદી તેમાં પોતાના ખર્ચે કોર્ટ દરવાજાની જોગવાઈ કરી ત્યાં નવું પરુ વસાવીને એમાંની કેટલીક જમીન અમુક ગૃહસ્થોને ઘર બાંધવા માટે આપવામાં આવેલી હતી તેનું એક ખતપત્ર મળે છે. જેમાં ઉપરના ભાગમાં ફારસી લખાણવાળી ગોળની છાપ જોવા મળે તથા વર્ષ, તિથિ, જમીનનું માપ, જમીનની કિંમત વગેરેની અગત્યની માહિતી મળે છે. આમ ખતપત્રો ઈતિહાસના વિવિધ ભાષા વિશે ઉપયોગી માહિતી આપે છે.*

### 1.2.6 વર્તમાનપત્રો અને સામયિકો

*ભારતમાં બ્રિટિશ યુગ દરમિયાન મુદ્રણકલાના પ્રચલનની સાથે વર્તમાન અને સામયિકની શરૂઆત થઈ. ગુજરાતમાં પણ બ્રિટિશ શાસનના કારણે* The Bombay Courier *અને* The Bombay Gazate *જેવા અંગ્રેજી વર્તમાનપત્રોની શરૂઆત થઈ. ગુજરાતમાં પત્રકારત્વના આરંભની સાથે ગુજરાતી વર્તમાનપત્ર 'શ્રી મુમબઈના સમાચાર (હાલનું મુંબઈ સમાચાર) નામે પહેલું ગુજરાતી વર્તમાનપત્ર શરૂ થયું. ઈ.સ.*1850 *સુધીમાં કુલ*

પાંચ વર્તમાનપત્રો શરૂ થયા જેમાં 'જામે જમશેદ' જાણીતું હતું. આ બધા જ વર્તમાનપત્રોના માલિકો પારસી હતા. આ સમાચાર પત્રોમાં મુંબઈના વેપાર, વહીવટ આબોહવા, પારસી સમાજના જન્મ, લગ્ન અને મરણ, ગુજરાત, અને દેશાવરના મહત્વના સમાચારો પારસી લખાણ શૈલીમાં છપાતા. ઈ.સ.1850 પછી 'રાસ્તગોફતાર' અને 'સ્ત્રીબોધ' જેવા વર્તમાનપત્રો શરૂ થયા. શ્રી કરસનદાસ મૂળજીએ શરૂ કરેલું વર્તમાનપત્ર 'સત્યપ્રકાશ' જેણે સમાજ સુધારણાની હિમાયત કરીને લોકપ્રિયતા મેળવી.ઈ.સ.1851 થી 1875 દરમિયાન મુંબઈમાં 'The Bombay Times' જે હવે 'Bombay Gardian' અને 'Bombay Standard' જેવા વર્તમાનપત્ર શરૂ થયા. ઈ.સ.1861માં 'The Times of India, 'The Bombay Gazate', 'Advocate of India' અને 'Bomaby Cronical' શરૂ થયા આ અંગ્રેજી વર્તમાનપત્રો ઈતિહાસના સમકાલીન સાધન તરીકે ખૂબ ઉપયોગી છે.

ઈ.સ.1880માં ઈચ્છારામ સૂર્યરામ દેસાઈએ 'ગુજરાતી' નામે સાપ્તાહિક શરૂ કર્યું જેણે ગુજરાતી પત્રકારત્વનો નવો તબક્કો શરૂ કર્યો. તેઓએ ભાષાશુદ્ધિ માટે પોતાનું મુદ્રણાલય શરૂ કરી બધા જોડાક્ષરોના ટાઈપ વસાવ્યા. કોંગ્રેસની સ્થાપના પછી 'ગુજરાતી' સાપ્તાહિકે તેને સક્રિય સાથ આપ્યો. આ સાપ્તાહિકનું પહેલું પાનું અંગ્રેજીમાં છપાતું અને પછીના પાના ગુજરાતીમાં છપાતા. તેની ભાષા શુદ્ધ, સાદી, સરળ અને સુબોધ હતી. આ સાપ્તાહિક ગુજરાતના તત્કાલીન સમયની રાજકીય, સામાજિક, સાહિત્યિક માહિતી આપે છે. ઈ.સ.1849 માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટી હાલની (ગુજરાત વિદ્યાસભા)એ 'વરતમાન' (વર્તમાન) સાપ્તાહિક શરૂ કર્યુ. ઈ.સ. 1855માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ પોતાને હસ્તક લીધેલું 'બુદ્ધિપ્રકાશ' માસિક આ સમયની સામાજિક, ધાર્મિક, આર્થિક, શૈક્ષણિક અને સાહિત્ય પ્રવૃત્તિઓની માહિતી આપે છે. ઈ.સ 1851 થી 1880ના સમયગાળા દરમિયાન અમદાવાદમાં 'અમદાવાદ સમાચાર' અને 'ગુજરાત શાળાપત્ર', ખેડામાં 'ખેડા વર્તમાન', સુરતમાં 'સુરત સમાચાર', 'જ્ઞાનદીપક', 'ડાંડિયો', 'ગુજરાત મિત્ર', 'સ્વતંત્રતા', ભરૂચમાં 'ભરૂચ વર્તમાન', જૂનાગઢમાં 'સૌરાષ્ટ્ર દર્પણ', રાજકોટમાં 'કાઠિયાવાડ સમાચાર' તથા 'વિજ્ઞાનવિલાસ' જેવા વર્તમાનપત્ર અને સામયિકો શરૂ થયા. મુંબઈમાં 'બુદ્ધિવર્ધક'. 'જ્ઞાનવર્ધક', 'અખબારી સોદાગર', 'સત્યમિત્ર', 'પારસી પંચ' જેવા નવા વર્તમાનપત્ર અને સામયિક શરૂ થયા. ઈ.સ.1871-72માં મુંબઈમાંથી 13, ગુજરાતમાંથી 12 અને કરાંચીમાંથી 01 ગુજરાતી વર્તમાનપત્ર પ્રકાશિત થતું. આ સમયના કેટલાક વર્તમાનપત્રોની વિશેષતા જોઈએ તો આપણે જાણવા મળે છે કે ખેડા જિલ્લામાંથી પ્રકાશિત થતું 'ખેડા વર્તમાન' ખેડા જિલ્લાની પ્રજાને દેશ-વિદેશના સમાચારોની માહિતી આપતું નર્મદે શરૂ કરેલું 'ડાંડિયો' તત્કાલીન ગુજરાતના સામાજિક અને રાજકીય પ્રશ્નો અંગેની વિપુલ માહિતી આપે છે. 'ગુજરાતમિત્ર' દેશી રાજ્યોની નીતિઓની જાહેરમાં ટીકા કરતું. 'દેશીમિત્ર' ગંભીર બનાવોને રમુજી શૈલીમાં અને કટાક્ષમાં રજૂ કરતું.

*ઈ.સ.*1881 *થી* 1900 *દરમિયાન ગુજરાતમાં 'સુદર્શન' 'જ્ઞાનસુધા', 'ગુજરાત દર્પણ', 'કાઠિયાવાડ ટાઈમ્સ', 'સયાજીવિજય', 'જ્ઞાનસુધા', 'પ્રજાબંધુ' વર્તમાનપત્ર અને સામયિકો પ્રકાશિત થવા લાગ્યા. આ ઉપરાંત વડોદરામાં 'વડોદરા વત્સલ' સુરતમાં 'ગુજરાતીદર્પણ' અમદાવાદમાં 'હિતેચ્છુ' અને પ્રજાબંધુ જેવા સામયિકોએ પ્રજાના પ્રશ્નો અને સમસ્યાઓનો ઉકેલ લાવવા મહત્વના પ્રયાસો કર્યા હતા.* 19*મી સદીના અંત ભાગમાં ગુજરાતી વર્તમાનપત્રોની સંખ્યા* 40 *હતી. મુંબઈનું પારસી વર્તમાનપત્ર 'સત્યમિત્ર' અને 'કયસરે હિન્દ' લોકપ્રિય હતા જેને પારસી સમાજમાં પ્રવર્તતા દુષણો દૂર કરી અને સુધારા લાવવા માટે મહત્વના પ્રયોગો કર્યા હતા.* 20 *મી સદીના પ્રારંભમાં આપણને ગુજરાતી વર્તમાનપત્રોની સંખ્યા ઘટતી જોવા મળે છે જેમાં અમદાવાદનું 'ગુજરાતી પંચ, 'સુંદરીસુબોધ' તથા 'વસંત' મુંબઈનું 'હિન્દુસ્તાન' તથા 'સાહિત્ય' વર્તમાનપત્ર નોંધપાત્ર છે. ઈ.સ.*1913-14*માં ગુજરાતી વર્તમાનપત્રોની સંખ્યા* 19 *થઈ જેમાં 'ગુજરાતી', 'સાંજ વર્તમાન', 'જામે જમશેદ', અને 'મુંબઈ સમાચાર' મુખ્ય હતા.*

*ગુજરાતના વર્તમાનપત્રો મોટાભાગના ગુજરાતી ભાષાના છે જ્યારે કેટલાક વર્તમાનપત્ર અંગ્રેજી નામ ધરાવતા હોવાનું જાણવા મળે છે. પરંતુ તે ગુજરાતી ભાષામાં પ્રકાશિત થતા. જ્યારે સામયિકોમાં માસિક, ત્રિમાસિક અને છ માસિક સમયાંતરે પ્રકાશિત થતાંની માહિતી મળે છે. આ સામયિકો સાહિત્ય, શિક્ષણ, સ્ત્રી કેળવણી, સમાજ સુધારણા જેવા વિષયોને લગતા જોવા મળે છે. ઈ.સ.*1914*માં મુંબઈ, ગુજરાત અને કરાચીમાં* 43 *જેટલા ગુજરાતી સામયિકો પ્રકાશિત થતા હોવાની માહિતી પ્રાપ્ત થાય છે. આ બધા જ ગુજરાતી વર્તમાનપત્રો તથા સામયિકો આપણને* 19 *મી સદીના ગુજરાતની રાજકીય, સામાજિક, આર્થિક, ધાર્મિક અને સાહિત્યિક માહિતી આપે છે.*

### 1.2.7 ઈતિહાસોપયોગી સાહિત્ય

19*મી સદીના ગુજરાતના ઈતિહાસ લેખન માટે જે સાધનસામગ્રી પ્રાપ્ત થાય છે. તેમાં ગુજરાતી, સંસ્કૃત અને કેટલીક અરબી અને ફારસી ભાષાની સાહિત્ય કૃતિઓ મળી આવે છે. આપણે તેના વિશે થોડી માહિતી મેળવીએ.*

1.2.7.1 *સંસ્કૃત*

*સંસ્કૃત ભાષામાંથી ગુજરાતના કવિ શંકરલાલ મહેશ્વર રચિત 'રાજવિલા' સમૃદ્ધિ નોંધપાત્ર છે. આ કૃતિમાંથી મોરબીના જાડેજા રાજાઓની માહિતી પ્રાપ્ત થાય છે.*

1.2.7.2 *ગુજરાતી*

*આ સમયની ગુજરાતી ભાષામાં રચાય એવી ઐતિહાસિક કૃતિઓમાં કવિ દલપતરામનું નામ મોખરાનું છે. દલપતરામિ ગુજરાતની તત્કાલીન સામાજિક માન્યતાઓ, સમાજ સુધારા, યંત્ર વિજ્ઞાનથી દેશ ઉપર પડેલી અસરો વગેરેને લગતા જે લેખો લખ્યા તે તેમની કૃતિઓમાંથી આપણને મળી આવે છે. અમદાવાદની ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના*

સ્થાપક અને અંગ્રેજ વિદ્વાન એલેક્ઝાન્ડર કિન્લોક ફાર્બર્સ દ્વારા રચિત 'ફાર્બસ-વિલાસ' ભાગ 12માં દલપતરામે તત્કાલીન ગુજરાતની સામાજિક માન્યતાઓ અને સાહિત્ય પ્રવાહો વિશે માહિતી આપી છે. કવિ દલપતરામે રચેલું 'ફાર્બસવિરહ' નામના કાવ્યમાંથી આપણને અમદાવાદ, સુરત, મહીકાંઠા અને કાઠિયાવાડ ના અમલદાર તરીકે સેવા આપનાર અંગ્રેજ અધિકારી ફાર્બસના કાર્યોની માહિતી મળે છે. સાથે-સાથે જે તે સમયના ગુજરાતની સામાજિક વ્યવસ્થા પણ સ્પષ્ટ જોવા મળે છે. દલપતરામે લખેલા 'વિજયવિનોદ' કાવ્યમાં ભાવનગરના રાજા વિજયસિંહજીની સભામાં થયેલા સંવાદની માહિતી આપી છે તે ઉપરથી આપણને તત્કાલીન સમાજમાં રાજ દરબારોમાં સાહિતિક પ્રવૃત્તિઓનો વિકાસ કેવી રીતે થયો તેનો પરિચય મળે છે. કાવ્યના અંતમાં કાઠિયાવાડ ના પોલિટિકલ એજન્ટ પિલ સાહેબ તથા ધ્રોળના રાજા હરધોળજી જાડેજા પહેલાથી લઈ દોલતસિંહજી સુધીના રાજાઓની નામાવલી આપી છે.

ઈડરના રાજા જુવાનસિંહજી રાઠોડને અંગ્રેજી સરકારે સ્ટાર ઓફ ઈન્ડિયાનો ઈલકાબ આપ્યો ત્યારે દલપતરામે પ્રશસ્તિરૂપે ઈડરના 'મહારાજા જુવાનસિંહજી' વિશે કાવ્ય લખ્યું. તે જ રીતે લીંબડીના ઝાલા વંશી રાજા જશવંતસિંહજીએ કચ્છના જાડેજા કુળની બે કન્યાઓ સાથે લગ્ન કર્યા ત્યારે દલપતરામે 'મહારાજ જશવંતસિંહજી' વિશે કાવ્ય લખ્યું. ડિસેમ્બર 1884માં લોર્ડ રિપન જ્યારે અમદાવાદ આવ્યા એ વિશે પણ દલપતરામ એક કવિતા લખી. 'હિન્દુસ્તાન પર હુન્નરખાનની ચડાઈ' કાવ્યમાં દલપતરામે બ્રિટિશ શાસનના કારણે આવેલા યંત્ર વિજ્ઞાનથી ગૃહ ઉદ્યોગોને જે નુકસાન થયું તેનું વર્ણન કર્યું છે. દલપતરામની આ કૃતિઓમાંથી ગુજરાતના ઈતિહાસ વિશે મહત્વની માહિતી પ્રાપ્ત થાય છે.

ઈ.સ.1809માં બેટ દ્વારકામાં જ્યારે અંગ્રેજોએ વાઘેરોને હરાવ્યા અને મંદિરો લૂંટ્યા તે વિશે નર્મદે 'સ્વતંત્રતા' નામનું કાવ્ય લખ્યું. જેમાં બ્રિટિશરોની ભારત પ્રત્યેની ફરજો વિશે નર્મદની જે જે અપેક્ષાઓ છે તે શબ્દસહ આપણને જોવા મળે છે. ઈ.સ.1864માં નર્મદે 'હિંદુઓની પડતી' નામનું કાવ્ય લખી હિંદુ સમાજમાંથી અંધશ્રદ્ધાઓ અને વ્હેમોને જળમૂળથી કાઢી નાખવા અને સમાજ સુધારણા માટે કરેલી હાકલ વિશેની માહિતી પ્રાપ્ત થાય છે.

આ સમયના દેશી રાજ્યોના રાજાઓની પ્રશસ્તિ વિષયના અન્ય કાવ્યો પણ લખાયા હતા. ચારણ કવિ વજમાલ મહેડુએ 'વિભા-વિલાસ' નામની કવિતા લખી હતી. જેમાંથી આપણને જામનગરના જામ વંશનો ક્રમબદ્ધ ઈતિહાસ જાણવા મળે છે. કવિ શિવલાલે 'કચ્છ ભૂપતિવિવાહવર્ણન' રચ્યું જેમાં કચ્છના જાડેજા મહારાજા ખેંગારજી ત્રીજાના વિવાહનો પ્રસંગો છે. કવિ શ્રી જીવરામ ગોરે 'કચ્છભૂપતિકવિતા'માંથી રાજા ખેંગારજી ત્રીજાના રાજ્યભિષેકની માહિતી મળે છે. શ્રી નથુરામ સુંદરજી શુક્લે ભાવનગરના રાજા તખ્તસિંહજી ઉપર 'તક્તયશત્રિવેણીકા' નામનો ગ્રંથ લખ્યો હતો જેમાંથી તખ્તસિંહજીના સમયના ભાવનગર રાજ્યની માહિતી પ્રાપ્ત થાય છે. ગિરજાશંકર દલસુખરામ મહેતસ્ત

*ઈ.સ.1872માં કવિતારૂપે ગુજરાતનો ઈતિહાસ લખ્યો જેમાંથી વડોદરા, ભાવનગર, જૂનાગઢ, પોરબંદર, લુણાવાડા, ગોંડલ અને લીંબડી જેવા દેશી રાજ્યોની માહિતી મળે છે.*

*ઈ.સ.1875માં ચીમનલાલ નરસિંહદાસે 'વડોદરાના મહારાજા મલ્હારરાવનો રાસડો' તથા ગોવર્ધનદાસ લક્ષ્મીદાસે 'મલ્હારવિરહશતક' નામની કૃતિ લખી હતી જેમાં અંગ્રેજ સરકારે વડોદરાના રાજાના પદથી પદભ્રષ્ટ કરેલા મલ્હારરાવ ગાયકવાડ વિશે તથા ગાયકવાડી શાસન વિશે માહિતી પ્રાપ્ત થાય છે. પ્રજ્ઞાચક્ષુ કવિ શિવદાસ નારણે 'ગોહિલ બિરદાવાળી' નામની કૃતિમાંથી ભાવનગરના પ્રથમ શાસક રાજા સેજકજી થી લઈ ભાવસિંહજી-2 સુધીના રાજાઓના યશસ્વી કૃત્યોની માહિતી મળે છે. લીલાચંદ હેમચંદે 'ઈડર સ્તુતિ' કાવ્યમાંથી ઈડરના રાજા કેસરીસિંહજી વિશે માહિતી મળે છે. લીંબડીના રાજા દોલતસિંહજીના પ્રજાકારી હિતકાર્યોની માહિતી કવિ શંકરદાન દેથાએ 'શ્રી દોલત રૌપ્ય મહોત્સવ કાવ્યકુસુમ'માંથી મળે છે.*

*રાજાઓની સાથે કેટલાક અગ્રણી વ્યક્તિઓના જીવનચરિત્રો આ સમયે પ્રકાશિત થયા હતા. જેમાં એરદેશર કોટવાળ, કરશનદાસ મૂળજી, દુર્ગારામ, ભોળાનાથ સારાભાઈ, રણછોડલાલા છોટાલાલ, ગાંધીજી, ગોવર્ધનરામ, દાદાભાઈ નવરોજી મુખ્ય છે. શ્રી મગનભાઈ પટેલા લખેલા 'મહાજનમંડળી' ગ્રંથમાંથી કેટલાક મહાજનો વિશે તથા આ સમયની સામાજિક, રાજકીય અને આર્થિક પરિસ્થિતિ વિશે માહિતી મળે છે.*

*આ સમય દરમિયાન કેટલાક પશ્ચિમી કેળવણીથી પ્રભાવિત થયેલા પ્રગતિશીલ લેખકો દ્વારા નિબંધસાહિત્યનું સર્જન થયું હતું જેમાં તેમણે સામજિક અનિષ્ટો સામે ઝૂંબેશ ચલાવી સામાજિક સુધારાઓની હિમાયત કરી હતી. જેમા 'ભૂતનિબંધ', 'જ્ઞાતિનિબંધ', 'પુર્નવિવાહ પ્રબંધ', 'નાતસુધારો', 'જમણવાર વિશે નિબંધ', 'નારીશિક્ષણ', 'બાળલગ્ન', 'પાટીદાર સુબોધસંગ્રહ' મુખ્ય છે.*

1.2.7.3 *અરબી-ફારસી*

*આ સમયે અરબી-ફારસી ભાષામાં રચાયેલ ઈતિહાસપયોગી કૃતિઓમાં જૂનાગઢના દિવાન રણછોડજીએ લખેલ જંગનામે હોલી પુસ્તકમાંથી નવાબના સમય દરમિયાન ઉજવાતા હોળીના પ્રસંગનું વર્ણન છે. જ્યારે આ લેખકનું પુસ્તક રુકાતે ગૂનાગૂનમાંથી આ સમયે ગુજરાત-કાઠિયાવાડમાં કેવી રીતે પત્રો લખાતા તેની માહિતી આપે છે.*

**(ખ) તમારી પ્રગતિ ચકાસો.**

**(A) જોડકા જોડો**

| | **વિભાગ-અ** | **વિભાગ-બ** |
|---|---|---|
| (1) | *કરશનદાસ મૂળજી* | (A) *ઈ.સ.*1861 |
| (2) | *ઈચ્છરામ દેસાઈ* | (B) *ગુજરાત વર્નાક્યુલર સોસાયટી* |
| (3) | *દલપતરામ* | (C) *સત્યપ્રકાશ* |
| (4) | Bombay Cronical | (D) *ગુજરાતી* |
| (5) | *બુદ્ધિપ્રકાશ* | (E) *હુન્નરખાનની ચડાઈ* |

(B) 19*મી સદીના ગુજરાતના ઈતિહાસને જાણવામાં ઈતિહાસપયોગી સાહિત્ય વિશે મૂલ્યાંકન કરો.*

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

## 1.3 પુરાતત્વીય સાધનો

*ગુજરાતના પ્રાચીન અને મધ્યકાલની સરખામણીએ અર્વાચીન સમયના ઈતિહાસને જાણવા માટેના પુરાતત્વીય સાધનો ખૂબ ઓછા પ્રમાણમાં મળી આવે છે. આવો આપણે તેના વિશે માહિતી મેળવીએ.*

### 1.3.1 અભિલેખો

*આ સમયના અભિલેખોમાં પ્રતિમાલેખો તથા પાળિયાલેખો મોટી સંખ્યામાં મળી આવેલા છે. શત્રુંજય પર્વત પરના દેવાલયોમાંથી મળી આવેલા અભિલેખોમાં દેવાલય બંધાવનારનું નામ, જ્ઞાતિ, કુટુંબ, નિવાસસ્થાન, નિર્માણનો સમય, પ્રતિષ્ઠા કરનાર સૂરિના નામ અને ગચ્છ વગેરેની માહિતી મળે છે. આ સિવાય બીજા એક શિલાલેખમાંથી અમદાવાદના શેઠ વખતચંદના પૂર્વજો, તેમણે આપેલા દાનોની માહિતી મળે છે. અન્ય એક શિલાલેખમાંથી વિનયસાગર કૃત પ્રશસ્તિ કોતરી છે જેના શ્લોક નંબર* 12-18*માં કોઠારા(કચ્છ)ના દાનવીર કેશવજી વિશે તથા તેમણે શત્રુંજયમાં બંધાવેલ બે ચૈત્યોની માહિતી મળે છે.*

*અમદાવાદમાં દિલ્લી દરવાજા બહાર આવેલી હઠીસિંહની વાડીમાં શેઠ હઠીસિંહના પત્ની હરકુંવર શેઠાણીએ બંધાવેલ ધર્મનાથ ચૈત્યમાંથી એક સંસ્કૃત અને એક ગુજરાતી ભાષાનો શિલાલેખ મળે છે જેમાં ઇસ્ટ ઇન્ડિયા કંપનીના શાસનની માહિતી મળે છે. આ જ રીતે આ સમયના કેટલાક જળાશયોના નિર્માણ કે પુનઃનિર્માણના શિલાલેખ મળી આવે છે દા.ત. ઝાલા મહારાણા ચંદ્રસિંહજીએ રાજસીતાપુર પાસે ધ્રાંગધ્રા પાસે બંધાવેલ ચંદ્રાસર તળાવના શિલાલેખમાંથી તળાવના જિર્ણોદ્ધારની માહિતી મળે છે. કચ્છમાં આવેલ કોટેશ્વરના મંદિરમાંથી મળી આવેલા શિલાલેખમાંથી સમયાંતરે થયેલા તેના જિર્ણોદ્ધારની માહિતી મળે છે.*

*ગુજરાતમાંથી મળેલા શિલ્પ-સ્થાપત્યને લગતા અભિલેખો જેમ કે સોજિત્રા જિ.આણંદ), તળાજા(જિ.ભાવનગર), ભદ્રેશ્વર(જિ.કચ્છ)માંથી મંદિરોની તથા દેલવાડા (જિ.જૂનાગઢ) જામે મસ્જિદ નિર્માણની માહિતી મળે છે. ગુજરાતના બ્રિટિશ સમય દરમિયાન કચ્છમાંથી સૌથી વધુ પાળિયાલેખ મળી આવેલા છે. કચ્છના જાડેજા વંશના શાસકો મહારાવના મૃત્યુ બાદ તેમની યાદગીરીમાં ભૂજમાં છતરડી કરાવવાની પ્રથા પ્રચલિત થઈ. ત્યારબાદ સં.*1883*માં ભારમલજી, સં.*1892*માં ભોજરાજજી અને સં.*1932*માં પ્રાગમલજીના અવસાન બાદ છતરડીઓ બંધાઈ જેના શિલાલેખામાંથી મહારાવના નામ, મૃત્યુવર્ષ વગેરેની માહિતી મળે છે. કચ્છમાંથી જ કેટલીક સ્ત્રીઓના સતી થયાના લેખ મળી આવે છે. જેમ કે કોટડીમાં સં.*1898*માં નાથીબાઈ, ભુજમાં સં.*1902*માં રૂપબાઈ, નળિયામાં સં.*1897* સોનબાઈના મળી આવેલા પાળિયાલેખોમાંથી આ સ્ત્રીઓની સતિ થયા હોવાની માહિતી મળે છે. કચ્છના પોલિટિકલ એજન્ટ કેપ્ટન મકમર્ડોનું મૃત્યુ વિયાણીઓના હાથે થયેલું તેવી લોકવાયકા છે. પરંતુ તેની કબર પર લેખમાંથી તેનું મૃત્યુ કોલેરાથી થયા હોવાની માહિતી જાણવા મળે છે.*

### 1.3.2 સિક્કાઓ

*ગુજરાતમાં બ્રિટિશ સત્તાની સ્થાપના બાદ વર્ષો સુધી મુઘલકાલીન સિક્કાઓ અમલમાં રહ્યા હતા. જેના પર ફારસી ભાષામાં લખાણ જોવા મળતું. સમયાંતરે મુંબઈથી સિક્કાઓ બહાર પડવા લાગ્યા જેના પર અંગ્રેજી લખાણ જોવા મળતું, પરંતુ મુઘલ બાદશાહ શાહઆલમ-બીજાનું નામ જોવા મળતું. ઈ.સ.*1825*માં જે સિક્કાઓ શરૂ થયા તેના અગ્રભાગમાં કંપનીનું રાજચિહ્ન તથા રોમન આંકડા સિક્કાનું મૂલ્ય દર્શાવાતું. ઈ.સ.*1834*ના સિક્કાઓ પર પહેલીવાર બ્રિટિશ રાજાનું નામ તથા મુખાકૃતિ છપાતી આ સિક્કા પર કંપનીનું નામ અંગ્રેજીમાં તથા સિક્કાનું મૂલ્ય ફારસી અને અંગ્રેજીમાં છપાતું. આ સિક્કાનું વજન* 180 *ગ્રેન હતું. ભારતમાં બ્રિટિશ તાજના શાસન બાદ સિક્કાઓ પર કંપનીનું નામ રદ થયું અને અંગ્રેજીમાં* INDIA *શબ્દ ઉમેરાયો. આ સિક્કામાં રાણીની છબી સાથે* VICTORIA QUEEN*ના બદલે* VICTORIA EMPRESS *લખાવવાની શરૂઆત થઈ. એડવર્ડ-સાતમાં માના સિક્કા શહેનશાહની આકૃતિ વગર છપાતા તેથી આ સિક્કા 'બોડીયા રાજાના સિક્કા' તરીકે ઓળખાતા.*

*અંગ્રેજોના સિક્કાઓની અસર વડોદરા, કચ્છ, નવાનગર, ભાવનગર અને ખંભાત જેવા રાજ્યો પર પણ થઈ.*

*વડોદરાના ગાયકવાડ રાજાઓ મુઘલ બાદશાહ અકબર-બીજાના નામ સાથે ફારસી લખાણામાં સિક્કો બહાર પાડતા. સયાજીરાવ-ત્રીજાએ સમય જતા સિક્કાઓ પર પોતાનું ઉત્તરાંગ, નાગરીમાં સિક્કાનું મૂલ્ય, વિક્રમ સંવત વર્ષ આપવાનું શરૂ કર્યું.*

*કચ્છના ચલણમાં ચાંદીની 'કોરી'નું ચલણ પ્રચલિત હતું.ભારમલજી-બીજાની કોરી પર ગુજરાતના છેલ્લા સુલતાન મુઝફ્ફરશાહ-ત્રીજાના નામનું ફારસી લખાણ, હિજરી સંવત તથા મહારાવનું નામ નાગરીમાં લખાતું. દેશળજી-રજાએ આ કોરીમાં ગુજરાતના સુલતાનને બદલે મુઘલ બાદશાહનું નામ લખાવાની શરૂઆત કરી. પ્રાગમલજી-બીજાએ ફરાસી લખાણમાં મુઘલ બાદશાહને બદલે રાણી વિક્ટોરીયાનું નામ, ખિતાબ, વર્ષ આપવાની પ્રથા શરૂ કરી. ખેંગારજી-ત્રીજાએ રાણીના બદલે સામ્રજ્ઞા શબ્દનો પ્રયોગ શરૂ કર્યો. કચ્છના સિક્કાઓ પર અંગ્રેજ શહેનશાહના નામને અગ્રિમ સ્થાન આપવાની પ્રથા ઈ.સ.1947 સુધી ચાલુ રહી હતી.*

*જૂનાગઢના નવાબોના દીવાનશાહી સિક્કા મુઘલ બાદશાહના નામે પડાતા જેમાં મોટાભાગનું લખાણ ફારસીમાં  અને થોડું લખાણ નાગરીમાં છપાતું. સિક્કા પર હિજરી સનની સાથે વિક્રમસંવતનું વર્ષ પણ આપવામાં આવતું.  સમયાંતરે નાગરીમાં 'સોરઠ સરકાર' અને ફારસીમાં 'રિયાસતે જૂનાગઢ' લખાવાની શરૂઆત થઈ. જૂનાગઢ રાજ્યમાં સોના અને ચાંદીમાં 'કોરી' તથા તાબાંમાં 'દોકડા'નું ચલણ લોકપ્રિય હતું.*

*નવાનગર રાજ્યના શરૂઆતના સિક્કા ગુજરાતના સુલતાન મુઝઝફરશાહ-ત્રીજાના નામ, હિજરી સંવત, અને નાગરીમાં શ્રીજામ શબ્દ સાથે બહાર પાડવામાં આવતા. આ સિકકા પર જામ વિભાજીએ જામનું નામ, સિક્કાનું મૂલ્ય, ટંકશાળનું નામ, વિક્રમ સંવત વગેરે આપવાની પદ્ધતિ અપનાવી.*

*ભાવનગરના સિક્કાના અગ્રભાગમાં ફરાસીમાં મુઘલ બાદશાહનું નામ અને પૃષ્ઠભાગમાં નાગરીમાં બહાદુર છપાતું. રાધનપુર રાજ્યના સિક્કાના અગ્રભાગમાં ફારસીમાં રાણી વિક્ટોરીયાનું નામ, તેનું બિરૂદ, ટંકશાળનું નામ, વર્ષ તથા પૃષ્ઠભાગમાં ફારસીમાં નવાબનું નામ, સિક્કાનું મૂલ્ય દર્શાવાતું હતું. ખંભાતના સિક્કાઓ પર ફારસીમાં નવાબનું નામ, હિજરી સંવત, ટંકશાળનું નામ, ફારસીમાં 'રિયાસતે કમ્બાયત' કે ગુજરાતીમાં 'શ્રીખંભાત બંદર' લખવામાં આવતું સાથે સાથે, સિક્કાનું મૂલ્ય, વિક્રમ સંવતનું વર્ષ વગેરે છાપવામાં આવતું.*

**(ગ) તમારી પ્રગતિ ચકાસો.**

**છ) નીચેના પ્રશ્નોના જવાબ આપો.**

1. *હરકુંવર શેઠાણીએ ધર્મનાથ ચૈત્ય ક્યાં બંધાવ્યું હતું ?*

2. *કયા વંશના રાજાઓ પોતાના અવસાન બાદ છતરડી બંધાવતા હતા ?*

3. *એડવર્ડ-7માંના સિક્કાઓ કયા નામથી ઓળખાતા હતા ?*

4. *કચ્છ રાજ્યના સિક્કાઓ કયા નામથી ઓળખાતા હતા ?*

5. *કચ્છના પોલટીકલ એજન્ટનું મૃત્યુ કયા રોગથી થયું હોવાની માહિતી મળે છે ?*

(B) 19*મી સદીના ગુજરાતના ઈતિહાસના અભ્યાસસ્ત્રોત તરીકે પુરાતત્વીય સાધનોની સમીક્ષા કરો.*

## 1.4 સારાંશ

*હિંદના અન્ય પ્રાંતોની જેમ ગુજરાતમાં પણ અંગ્રેજોનો આશય સંગીન અમલદારશાહી દ્વારા શાસન કરવાનો હોવાથી ગુજરાતની પ્રજાના સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય તથા આર્થિક પાસાં વિશે માહિતી એકત્ર કરવી એ અંગ્રેજી શાસન-વ્યવસ્થાનું મહત્ત્વનું અંગ હતું. અંગ્રેજ અમલદારો આ માહિતી મેળવવામાં ઘણી ચીવટ રાખતા અને ચોકસાઈપૂર્વક એને સંગ્રહી રાખતા કે જેથી તત્કાલીન તેમજ ભાવિ શાસકોને એમની નીતિ ઘડવામાં કામ લાગે. ઈતિહાસ-લેખનની દૃષ્ટિએ સરકારી દફતરોનું મહત્ત્વ એટલું બધું છે કે એના ઉપયોગ વગર ગુજરાતનો ઈતિહાસ સમજવો અને એનું પુનર્મૂલ્યાંકન કરવું લગભગ અશક્ય છે. સમકાલીન ગ્રંથોમાંથી મળતી દેશી રાજ્યોની પરિસ્થિતી તથા ધાર્મિક બાબતોની માહિતી નોંધનીય છે. ખતપત્રો અને તત્કાલીન સમયના વર્તમાનપત્રોમાંથી મળતી સ્થાનિક પ્રજાની રાજકીય, સામાજિક અને આર્થિક પરિસ્થિતિ માહિતી વર્તમાન સમયના સંશોધકને માટે ઉપયોગી છે. હાલના સરકારી અભિલેખાગારોમાં સચવાયેલા સંખ્યાબંધ પ્રકાશિત તથા અપ્રકાશિત ગ્રંથો, દસ્તાવેજો તથા પત્રવ્યવહાર માત્ર રાજ્ય નીતિવિષયક બાબતો ઉપર જ નહિ, પ્રજાજીવનના અનેક મહત્ત્વનાં પાસાં ઉપર પણ પ્રકાશ નાખે છે.*

## 1.5 ચાવીરૂપ શબ્દો

1. **અભિલેખાગાર**- *ઐતિહાસિક દસ્તાવેજો અને પુરાવાઓનું સંગ્રહસ્થાન*
2. **ગૅઝૅટિયર**- *પ્રદેશને લગતી સર્વ માહિતી આપતો સરકાર દ્વારા પ્રકાશિત ગ્રંથ*
3. **ઈનામી જમીન**- *બક્ષિસમાં મળેલી જમીન*
4. **મુખતેસર**- *અગત્યનું*
5. **ખતપત્ર**- *કરાર અને તેને લગતો દસ્તાવેજ*
6. **ચૈત્ય**- *જૈન દેરાસર*
7. **મુખાકૃતિ**- *મુખનો આકાર, ચહેરો કે તેનો દેખાવ*
8. **Times of India**-*બ્રિટિશકાલીન અંગ્રેજી વર્તમાનપત્ર*

## 1.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

**(ક) વિભાગ**

(A) (1) *કલેક્ટર* (2) *વડોદરા* (3) *'રાસમાલા'* (4) *જૂનાગઢ* ( 5) *બાબી*

(B) 1.2.2 *ના મુદ્દાને આધારે જવાબ લખો.*

(ખ) વિભાગ

(A) (1 – C) (2 - D) (3 - E) (4 – A) (5 - B)

(B) 1.2.6 ના મુદ્દાને આધારે જવાબ લખો.

(ગ) વિભાગ

(A) (1) અમદાવાદ (2) જાડેજા (3) બોડિયા રાજાના સિક્કા

(4) કોરી (5) કૉલેરા

(B) 1.3 ના મુદ્દાને આધારે જવાબ લખો.

## 1.7 બહુવૈકલ્પિક પ્રશ્નો

1. અંગ્રેજોએ 'General Report on the adminstraion of the Bombay Presidency' કયા વર્ષથી પ્રસિદ્ધ કરવાનું શરૂ કર્યું ?

   (A) R.,.1861-62 (B) R.,. 1862-63 (C) R.,.1864-65

2. મુંબઇ સરકારે ગૅઝૅટિયરની યોજના કોને સોંપી હતી ?

   (A) કેમ્પબેલ (B) ચેપમેન (C) ડેલહાઉસી

૩. કઇ સંસ્થાએ શ્રી મગનલાલ વખતચંદનો ઇનામી નિબંધ પ્રકાશિત કર્યો હતો ?

   (A) ગુજરાત સભા (B) ગુજરાતી સાહિત્ય પરિષદ

   (C) ગુજરાત વર્નાક્યુલર સોસાયટી

4. તવારીખે નવસારી ગ્રંથ કોણે પ્રસિદ્ધ કર્યો હતો ?

   (A) ધનજી મહેતા (B) ગણપતરામ દેસાઇ (C) સોરાબજી દેસાઇ

5. ઇ.સ.1905માં શ્રી દામોદર શાહે કઇ એજન્સીનો દસ્તાવેજી ઇતિહાસ લખ્યો હતો ?

   (A) રેવાકાંઠા (B) મહીકાંઠા, (C) પાલનપુર એજન્સી

6. નીચેના કયા સ્રોતમાંથી જમીનનું ક્ષેત્રફળ વિશેની માહિતી મળે છે.

   A) ખતપત્ર (B) અભિલેખો (C) સિક્કાઓ

7. ગુજરાતી ભાષામાં સૌ પ્રથમ કયું વર્તમાનપત્ર શરૂ થયું હતું ?

   (A) 'સ્ત્રીબોધ' (B) 'રાસ્ત ગોફતર' (C) 'મુંબઇ સમાચાર'

8. નીચેનામાંથી કઇ કૃતિની રચના ગોવર્ધનદાસ લક્ષ્મીદાસે કરી છે ?

   (A) 'મલ્હારવિરહશતક' (B) 'મલ્હારાવ શતક' (C) 'મલ્હારરાવ રાગ'

9. *ગુજરાતમાં અંગ્રેજ શાસનની શરૂઆતમાં સિક્કાનું વજન કેટલું હતું ?*

(A) 130 *ગ્રેન* (B) 180 *ગ્રેન* (C) 150 *ગ્રેન*

10. *જૂનાગઢ રાજ્યમાં તાંબાના સિક્કાઓમાં કયું ચલણ પ્રચલિત હતું ?*

(A) *કોરી* (B) *બોડિયા સિક્કા* (C) *દોકડા*

*જવાબ :* 1 - A, 2 -B, 3 - C, 4 - C, 5 - B, 6 - A, 7 - C, 8 - A, 9 - B, 10 - C

## 1.8 સ્વાધ્યાય

1. 19*મી સદીના ગુજરાતના ઈતિહાસ આલેખનમાં સમકાલીન ઈતિહાસગ્રંથો વિશે માહિતી આપો.*
2. *સમકાલીન સાધન તરીકે સ્થાનિક ભાષાઓના સાહિત્યની ઉપયોગિતાનું આલેખન કરો.*
3. 19*મી સદીના ગુજરાતના ઈતિહાસ આલેખનમાં પુરાતત્વીય સાધોનની સમીક્ષા કરો.*

## 1.9 સંદર્ભો


1. *શાસ્ત્રી, હરિપ્રસાદ ગંગાશંકર, પરીખ, પ્રવિણચંદ્ર ચીમનલાલ, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ - 8, બ્રિટિશકાળ,(ઈ.સ.*1914 *સુધીનો), ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ,* 1984.
2. General Preface, The Imperial Gaz[a]teer of India. Vol, I (Oxford 1909)
3. *જાડેજા, દિલાવરસિંહ, ગુજરાતની કવિતામાં પ્રતિબિંબિત રાષ્ટ્રીય અસ્મિતા, વલ્લભ વિદ્યાનગર,* 1974.
4. *માર્શલ, રતન રૂસ્તમજી, ગુજરાતી પત્રકારત્વનો ઈતિહાસ, સુરત,* 1950
5. *શાસ્ત્રી, હરિપ્રસાદ ગંગાશંકર, પરીખ, પ્રવિણચંદ્ર ચીમનલાલ, ભારતીય સિક્કાશાસ્ત્ર, અમદાવાદ,* 1974.

**એકમ : 2**

# સામાજિક પરિવર્તનની વિભાવનાઓ- સંસ્કૃતિકરણ, પશ્ચિમીકરણ, આધુનિકકીરણ અને શહેરીકરણ (ગુજરાતનાં વિશેષ સંદર્ભમાં)

**:: રૂપરેખા ::**


**2.0** ઉદ્દેશ્યો

**2.1** પ્રસ્તાવના

**2.2** સમાજ પરિવર્તનનો સામાન્ય અર્થ

**2.3** સમાજ પરિવર્તનની વ્યખ્યાઓ

**2.4** સમાજ પરિવર્તનની વિભાવનાઓ

- **2.4.1** સાંસ્કૃતિકરણ
- **2.4.2** સાંસ્કૃતિકરણનું સ્વરૂપ
- **2.4.3** સાંસ્કૃતિકરણના લક્ષણો
- **2.4.4** સાંસ્કૃતિકરણ સર્જનારા પરિબળો
- **2.4.5** સાંસ્કૃતિકરણની પ્રક્રિયાના ક્ષેત્રો
- **2.4.6** સાંસ્કૃતિકરણની પ્રક્રિયમાં સંતો અને સમાજ સુધારકોનું પ્રદાન
- **2.4.7** સાંસ્કૃતિકરણની અસરો

**2.5** પશ્ચિમીકરણ

- **2.5.1** પશ્ચિમીકરણનો અર્થ
- **2.5.2** ભારતીય સમાજપરિવર્તનના સંદર્ભમાં પશ્ચિમીકરણની પ્રક્રિયા/સ્વરૂપ
- **2.5.3** પશ્ચિમીકરણના લક્ષણો
- **2.5.4** પશ્ચિમીકરણની અસરો

**2.6** આધુનિકીકરણ અને શહેરીકરણ

- **2.6.1** આધુનિકીકરણ
- **2.6.2** શહેરીકરણ

2.6.2.1 ઔદ્યોગિકીકરણના પરિબળો

2.7 ચાવીરૂપ શબ્દો

2.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

2.9 બહુવૈકલ્પિક પ્રશ્નો

2.10 સ્વાધ્યાય

2.11 સંદર્ભો

## 2.0 ઉદ્દેશ્યો

- *ગુજરાતના સામાજિક પરિવર્તન પરિબળોને જાણી શકશે.*
- *ગુજરાતના સામાજિક પરિવર્તનમાં સંસ્કૃતિકરણ, પશ્ચિમીકરણ, આધુનિકીકરણ અને શહેરીકરણની ભૂમિકાને સમજે.*
- *ગુજરાતના સામાજિક પરિવર્તનની વિભાવનાઓને સમજે.*

## 2.1 પ્રસ્તાવના

*દરેક સમાજમાં હંમેશા પરિવર્તનો કે ફેરફારો આવતા રહે છે. સમાજ માટે વપરાતા "જગત" (જે સદા ગતિમાન છે.) અને "સંસાર" (જે સદા સરકતો-ફરકતો રહે છે તે) જેવા શબ્દો સમાજની સતત પરિવર્તનશીલતાના લક્ષણોનો નિર્દેશ કરે છે. સમાજ વ્યક્તિઓનો બનેલો છે તથા દરેક વ્યક્તિ સમાજને અનુરૂપ ભૂમિકાઓ ભજવતી હોય છે. આ ભૂમિકા ભજવણીમાં પરિવર્તન આવે તથા સામાજિક ધોરણો, નિયમો, મૂલ્યો, માન્યતાઓને વિચારસરણીમાં પરિવર્તન આવે તેને સામાજિક પરિવર્તન કહેવાય. જ્યારે "સમાજ પરિવર્તન" એટલે "સર્વાંગી પરિવર્તન" તેમાં માત્ર સામાજિક ફેરફાર જ નહીં,પરંતુ આર્થિક, રાજકીય, શૈક્ષણિક, સાહિત્યિક, સાંસ્કૃતિક તેમજ ધાર્મિક એમ માનવજીવનના તમામ પાસાંઓનું સર્વાંગી પરિવર્તન થાય છે.*

- *"સામાજિક પરિવર્તન એ ઉત્ક્રાંતિ પરિવર્તન છે"*
- *"સામાજિક પરિવર્તન એ માત્ર સામાજિક પરિવર્તન નથી, પરંતુ તે એક સંયુક્ત પરિવર્તન છે"*

## 2.2 સમાજ પરિવર્તનનો સામાન્ય અર્થ

- *“સામાજિક પરિવર્તન એટલે માનવ જીવનમાં પરિવર્તન”*
- *જીવનની રીતોમાં પરિવર્તન*
- *જીવનના મૂલ્યોમાં પરિવર્તન*
- *માનવ વિચારોમાં પરિવર્તન*
- *"સમાજ પરિવર્તન એટલે માનવજીવનમાં પરિવર્તન"*
- *માનવ ખ્યાલોમાં પરિવર્તન*
- *માનવ મૂલ્યોમાં પરિવર્તન*
- *જીવનના અનુભવોમાં પરિવર્તન*

## 2.3 સમાજ પરિવર્તનની વ્યાખ્યાઓ

- *હીરાક્લીટ્સ : નામના દાર્શનિકના મતે, “સમાજ ક્ષણે ક્ષણે બદલાતો રહે છે, આ પરિવર્તન એજ સ્વાભાવિકતા છે.”*
- *કિંગ્સલે ડેવિસના મતે : “સમાજની રચના અને કાર્યમાં થતાં ફેરફારો એટલે સામાજિક પરિવર્તન”*
- *મેકાઈવર અને પેરુના મતે : “સામાજિક સંબંધોના ગુંફનમાં થતા ફેરફારો એટલે સામાજિક પરિવર્તન"*
- *જ્હોન્સનના મતે : “સામાજિક રચનાતંત્રમાં આવતું પરિવર્તન એટલે સામાજિક પરિવર્તન” આમ, સામાજિક પરિવર્તન એ એક પ્રોસેસ છે જે સાર્વત્રિક છે.*

## 2.4 સમાજ પરિવર્તનની વિભાવનાઓ

### 2.4.1 સાંસ્કૃતિકરણ

*સાંસ્કૃતિકરણનો અર્થ : “સાંસ્કૃતિકરણ” શબ્દનો ઉપયોગ સૌપ્રથમવાર એમ. એન. શ્રીનિવાસે ભારતના પ્રણાલીગત સામાજિક માળખામાં આંતરિક પરિબળોના આધારે આવતા પરિવર્તનોને સમજાવવા માટે કર્યો હતો. મૈસુરના કુર્ગક્ષેત્રના અભ્યાસ દરમ્યાન તેમણે સંશોધન કર્યું કે “નિમ્ન જ્ઞાતિ” સામાજિક કોટીક્રમમાં પોતાનો દરજ્જો ઊંચો લાવવા ઉચ્ચજ્ઞાતિઓના કેટલાક રીત રિવાજો ગ્રહણ કરતી હતી અને ઉપલી જ્ઞાતિઓ દ્વારા ઘૃણાપ્રદ રિવાજોનો ત્યાગ કરતી અને તેના અનુસંધાનમાં સામાજિક કોટીક્રમમાં ઊંચા દરજ્જાનો દાવો કરતી. એમ. એન. શ્રીનિવાસના મતે : સાંસ્કૃતિકરણ એ એવી પ્રક્રિયા છે કે જેના દ્વારા કહેવાતી નિમ્ન હિંદ જ્ઞાતિ અથવા આદિવાસી કે બીજા સમૂહો પોતાના રીત-રિવાજો, ધાર્મિક-વિધિઓ, વિચારસરણી તથા જીવનપદ્ધતિને કોઈ ઉચ્ચજ્ઞાતિ અને ઘણીવાર ‘દ્વિજજ્ઞાતિ’ની દિશા તરફ વાળી પરિવર્તન લાવે છે.*

### 2.4.2 સાંસ્કૃતિકરણનું સ્વરૂપ

*સાંસ્કૃતિકરણના સિદ્ધાંત મુજબ હિંદુ સમાજના વર્ણવ્યવસ્થાના કોટીક્રમના માળખા હેઠળ જે વર્ણ નીચો ગણાતો હોય તે પોતાના રિવાજો છોડીને ઉપલા વર્ણના રીત રિવાજો, જીવનપદ્ધતિ અને જીવનદૃષ્ટિ મોભો કે સ્થાન પ્રાપ્ત કરવાનો હોય છે અને સામાન્યતઃ એકાદ બે પેઢી પછી તેવું સ્થાન તેમને મળશે એવી તેમની આશા હોય છે. સાંસ્કૃતિકરણની આ પ્રક્રિયામાં નીચિ જ્ઞાતિઓ માત્ર બ્રાહ્મણોનું જ અનુકરણ કરે છે તેવું નથી પરંતુ સ્થાનિક દૃષ્ટિએ જે જ્ઞાતિ ઊંચું સ્થાન ધરાવતી હોય તેવી જ્ઞાતિઓનું અનુકરણ કરે છે.*

*સાંસ્કૃતિકરણમાં નીચી જ્ઞાતિઓ દ્વારા ઊંચી જ્ઞાતિઓના માત્ર રીત-રિવાજો અને ટેવો જ નહિ, પરંતુ કર્મ, ધર્મ, સંસ્કાર, ધાર્મિક વિધિઓ, ખોરાક, જીવનશૈલી વગેરેનું પણ અનુકરણ કરવામાં આવે છે. ટૂંકમાં સાંસ્કૃતિકરણમાં હિંદુ સમાજમાં જે સમયે અને સ્થળે ઉચ્ચ મોભો કે સ્થાન જે જ્ઞાતિ ધરાવતી હોય તેની રહેણી-કરણી, રીત-રિવાજો, મૂલ્યો, વગેરે અપનાવીને સમાજમાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરવા નીચલી જ્ઞાતિઓ પ્રયાસ કરે છે.*

### 2.4.3 સાંસ્કૃતિકરણના લક્ષણો

(i) *સાંસ્કૃતિકરણ ભારતીય જ્ઞાતિ વ્યવસ્થામાં ઊભી ગતિશીલતાનો નિર્દેશ કરે છે.*

(ii) *સાંસ્કૃતિકરણ સાંસ્કૃતિક પ્રસરણનો નિર્દેશ કરે છે.*

(iii) *સાંસ્કૃતિકરણ સામાજિક સ્તરરચના અને સામાજિક રચનાતંત્રમાં આવતા ફેરફારોનો નિર્દેશ કરે છે.*

### 2.4.4 સાંસ્કૃતિકરણ સર્જનારા પરિબળો

(i) *શહેરોનો વિકાસ*

(ii) *સંપત્તિનું વધતું જતું મહત્ત્વ*

(iii) *આધુનિક શિક્ષણની સુવિધાઓ*

(iv) *રાજકીય સત્તાનું વર્ચસ્વ*

(v) *સંદેશાવ્યવહારના સાધનોનો વિકાસ*

(vi) *સામાજિક કાનૂનીકરણ*

(vii) *સામાજિક અને ધાર્મિક સુધારાનાં આંદોલનો*

### 2.4.5 સાંસ્કૃતિકરણની પ્રક્રિયાના ક્ષેત્રો

**(1) ખોરાક અને પીણા :** *નીચલા થરના લોકોમાં અભક્ષનું પ્રમાણ વધારે હોય છે તથા માદક પીણાનો ઉપયોગ પણ વધારે હોય છે. આવા લોકોમાં સાંસ્કૃતિકરણની પ્રક્રિયા થતાં તેઓ ઉચ્ચજ્ઞાતિના ખોરાક અને પીણા અપનાવે છે અને અભક્ષ્ય (માંસ,*

*માછલી) અને કેફી પદાર્થો (અફીણ, ચરસ, દારૂ) છોડીને શુદ્ધ સાદો ખોરાક અને નિર્દોષ પીણા અપનાવે છે.*

**(2) પોષાક અને અલંકાર :** *નિમ્ન વર્ગની અને જ્ઞાતિઓના પોષાક અને અલંકારમાં તફાવત હોય છે, પરંતુ સાંસ્કૃતિકરણ થતાં નીચલી જ્ઞાતિના લોકો સુઘડ અને સ્વચ્છ પોષાક અને સુડોળ તથા આકર્ષક અલંકારો અપનાવે છે.*

**(3) રહેઠાણ :** *સાંસ્કૃતિકરણની પ્રક્રિયાને લીધે નીચલી જ્ઞાતિઓ ઝૂંપડામાંથી ઘરમાં વસવાટ કરવા લાગી, ઘર સુશોભિત કરવા લાગ્યા, અને ફર્નિચરનો પણ ઉપયોગ કરવા લાગ્યા. આમ, સાંસ્કૃતિકરણને પરિણામે ક્રમશઃ રહેઠાણમાં પરિવર્તન આવતું ગયું.*

**(4) સામાજિક દૂષણો :** *સામાજિક દૂષણો નીચલી જ્ઞાતિઓમાં વધુ જોવા મળે છે. તેમાંય વિશેષતઃ પર્વતીય અને જંગલી આદિવાસી જાતિઓમાં સામાજિક દૂષણોનું પ્રમાણ સવિશેષ જોવા મળે છે પરંતુ સાંસ્કૃતિકરણ અને શિક્ષણના વિકાસને કારણે સામાજિક દૂષણોનું પ્રમાણ ઘટ્યું છે.*

**(5) મૂલ્યો અને ટેવોમાં પરિવર્તન :** *ઉપલાવર્ગના લોકોના સંપર્કને પરિણામે નીચલા વર્ગના સામાજિક રીત-રિવાજો અને રહેણી- કરણીમાં ફેરફાર થતાં તેમનામાં નવીન મૂલ્યો અને ટેવોનો વિકાસ થવા લાગ્યો.*

**(6) રિવાજો :** unwelcome music *ફટાણા, ગાણાં વગેરે જેવા* Conflict*ના રિવાજોને બદલે* Compromise & adjestment*ના રિવાજો પ્રચલિત બન્યા. સામાજિક રિવાજો, રહેણી-કરણી,* Social Customs, manners, habit *જ વગેરેમાં ઉપલા વર્ગના સંપર્કને કારણે નીચલા વર્ગના લોકોમાં જે ફેરફારો થયા તેનાથી સંસ્કૃતિકરણની પ્રક્રિયાને વેગ મળ્યો.*

**(7) ધર્મ અને અંધશ્રદ્ધા :** *માણસમાં ધર્મ પ્રત્યે શ્રદ્ધા હોય તે સ્વાભાવિક છે પરંતુ નીચલા થરના લોકોમાં અંધશ્રદ્ધાનું પ્રમાણ વિશેષ જોવા મળે છે. ઉપલા વર્ગના લોકોમાં ધાર્મિક માન્યતાઓની સાથે શુદ્ધતાનું પ્રમાણ તથા તર્કશુદ્ધ ખ્યાલો હોય છે. જ્યારે નીચલા થરના લોકોમાં અંધશ્રદ્ધા, ચમત્કાર, મંત્રતંત્ર, મેલીવિદ્યા, પશુબલી વગેરે વ્યાપક હોય છે. સાંસ્કૃતિકરણની પ્રક્રિયા થતાં નીચલો વર્ગ સત્ય ધર્મથી અભિમુખ થાય છે. અને ઉપલાવર્ગની ધાર્મિક માન્યતાઓ વિકસાવે છે.*

**(8) મેળાઓ, ઉત્સવો અને મનોરંજનના સાધનો :** *મનોરંજનના સાધન તરીકે મેળાઓ અને ઉત્સવો થતા હતા. મેળામાં દારૂ, જુગારની છોળો ઉડતી પરંતુ તે ક્ષેત્રે સાંસ્કૃતિકરણ થતાં દારૂ, જુગાર વગેરેનું પ્રમાણ ઘટ્યું. મેળાનું પ્રથમ સાંસ્કૃતાઈઝેશન અશોકના શિલાલેખમાં જોવા મળે છે. ઉત્સવોમાં આસ્થા કરતાં અંધશ્રદ્ધા વધુ હતી પરંતુ સાંસ્કૃતિકરણના પગલે તેમાં પણ પરિવર્તન આવતું ગયું.*

**(9) સાંસ્કૃતિકરણની પ્રક્રિયામાં શિક્ષણનું પ્રદાન :** Education is the process of sanskritazation. *ઉપલા થરના લોકોમાં* 80% *લોકો શિક્ષિત હોય છે. જ્યારે નીચલા થરના લોકોમાં માત્ર* 20% *લોકો શિક્ષિત હોય છે. નિરક્ષર લોકોમાં* backwardness *વધુ પ્રમાણમાં હોય છે. આ ક્ષેત્રે સાંસ્કૃતિકરણ થતાં નીચલો થર તર્કશુદ્ધ બને છે. કારણ કે* Education brings raional.

### 2.4.6 સાંસ્કૃતિકરણની પ્રક્રિયમાં સંતો અને સમાજ સુધારકોનું પ્રદાન

*ભારતમાં સાંસ્કૃતિકરણની પ્રક્રિયાને બુદ્ધ બાદ મહાવીર સ્વામી અને અશોકે આગળ વધારી હતી. તે બધાએ મનુષ્ય માત્રની સમાનતા પર ભાર મૂક્યો હતો. મધ્યયુગમાં* 13, 14, 15*મી સદી, રામાનંદ, કબીર, નાનક, નરસિંહ મહેતા, મીરાંબાઈ જેવા સંતોએ સાંસ્કૃતિકરણની પ્રક્રિયામાં મહત્ત્વનો ફાળો આપ્યો.* 16*મી અને* 17*મી સદીમાં તુકારામ, તુલસીદાસ, અકબર વગેરેએ સાંસ્કૃતિક સમન્વયના ઉમદા પ્રયાસો કર્યા.*

19*મી સદી આ સમયમાં સાંસ્કૃતિકરણનો* Process *બદલાયો. જ્યોતિબા ફુલેએ - નીચલી જ્ઞાતિ (હરિજન)માં શિક્ષણનો પ્રચાર કર્યો, સત્યશોધક સમાજની સ્થાપના કરી. નીચલી જ્ઞાતિઓના ખોરાક, પોષાક, રહેણી-કરણી વગેરે ઉચ્ચ જ્ઞાતિ જેવા કરવા પ્રેરીત કર્યા, જેનો મુખ્ય આશય નીચલી જ્ઞાતિઓનું સામાજિક સ્થાન ઉપર ઉઠાવવાનો હતો. આ ઉપરાંત, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, નારાયણ ગુરુ, દુર્ગારામ મહેતા, કરસનદાસ મૂળજી, નર્મદ, વગેરેએ પણ સાંસ્કૃતિકરણમાં પ્રદાન આપ્યું પરંતુ એમાં પશ્ચિમીકરણ વધુ હતું. જ્યારે ગુજરાતમાં રમણભાઈ નીલકંઠ -'ભદ્રંભદ્ર' નાટક ગોવર્ધનરામ ત્રિપાઠી - 'સરસ્વતીચંદ્ર' નવલકથા રાજારામ મોહનરોય -''બ્રહ્મો-સમાજ'' સંસ્થા દયાનંદ સરસ્વતી - 'આર્યસમાજ' - વિવેકાનંદ - 'રામકૃષ્ણમિશન' વગેરે દ્વારા સાંસ્કૃતિકરણમાં ઉત્કૃષ્ટ પ્રદાન થયેલું છે. સાંસ્કૃતિકરણ ગુજરાતમા માનવધર્મ સભાએ પોતાનું યોગદાન આપ્યું.*

### 2.4.7 સાંસ્કૃતિકરણની અસરો

1. *સાંસ્કૃતિકરણની પ્રક્રિયાને પરિણામે ગુજરાતની સામાજિક ગતિશીલતાને પ્રોત્સાહન મળ્યું.*
2. *સાંસ્કૃતિકરણની પ્રક્રિયાએ વિભિન્ન જ્ઞાતિઓ વચ્ચે સામાજિક ભિન્નતા ઘટાડીને ગુજરાતી સમાજમાં સાંસ્કૃતિક ઐક્ય સર્જવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે.*
3. *સાંસ્કૃતિકરણની પ્રક્રિયાને પરિણામે જ્ઞાતિના કોટીક્રમમાં પરંપરાગત રીતે નીચું સ્થાન ભોગવતી જ્ઞાતિઓ સ્થાનિક સમુદાયમાં ઊંચો સામાજિક દરજ્જો પ્રાપ્ત કરી શકે છે.*

**(ક) તમારી પ્રગતિ ચકાસો.**

**1. નીચેની ખાલી જગ્યા પૂરો.**

1. *સામાજિક બાબતોને ઉજાગર કરતી સરસ્વતીચંદ્ર નવલકથા* _________ *લખી.*
2. *ગુજરાતના પ્રથમ સુધારક તરીકે* ______________ *ઓળખવામાં આવે છે.*
3. *સામાજિક સુધાર માટે ગુજરાતમાં* ______________ *સંસ્થાની સ્થાપના થઈ.*

2. *સાંસ્કૃતિકરણ વિશે નોંધ લખો.*

## 2.5 પશ્ચિમીકરણ

### 2.5.1 પશ્ચિમીકરણનો અર્થ

*ભારતીય સમાજ પરિવર્તનના સંદર્ભમાં એમ. એન. શ્રીનિવાસે સૌપ્રથમ 'પશ્ચિમીકરણ' શબ્દનો ઉપયોગ કર્યો હતો. તેમના મતાનુસાર પશ્ચિમી દેશોના લાંબા સંપર્કને પરિણામે બિનપશ્ચિમી દેશમાં આવતું પરિવર્તન તે 'પશ્ચિમીકરણ.' ભારતીય સંદર્ભમાં તે વિશે વધુ જણાવતાં તેમણે નોંધ્યું છે કે, "150 વર્ષના ભારત પરના બ્રિટિશ શાસનકાળ દરમ્યાન તેના પ્રભાવ નીચે ભારતીય સમાજ અને સંસ્કૃતિમાં જે પરિવર્તન આવ્યું તેને ભારતીય સમાજ પરિવર્તનના સંદર્ભમાં 'પશ્ચિમીકરણ' કહી શકાય."*

### 2.5.2 ભારતીય સમાજપરિવર્તનના સંદર્ભમાં પશ્ચિમીકરણની પ્રક્રિયા/સ્વરૂપ

*ભારત પરના બ્રિટિશ શાસન દરમ્યાન બ્રિટિશરોએ જે સુધારા કર્યા તેના પાયામાં માનવ હતો. જે ન્યાયવ્યવસ્થા ક્ષેત્રે બ્રિટિશ શાસન દરમ્યાન જે એકરૂપતા આવી તેને પરિણામે ન્યાયવ્યવસ્થા ક્ષેત્રે - પ્રવર્તતી અસમાનતા દૂર થઈ. જેમકે બ્રિટિશ શાસન પૂર્વે મુસ્લિમ કાયદા અનુસાર 'મુસ્લિમ સિવાયની કોમનો પુરાવો અમાન્ય ગણાતો.' તેવી જ રીતે 'જ્ઞાતિના આધારે શિક્ષા બદલાતી.' વગેરે જેવી ન્યાયવિષયક અસમાનતાઓનો અંત આવ્યો. જેને પરિણામે ભારતીય સમાજ પરિવર્તનના ક્ષેત્ર 'આમોલના' મતાનુસાર બે ક્રાંતિકારી પરિવર્તનો આવ્યા* (i) *સમાનતાના સિદ્ધાંતની સ્થાપના, અને* (ii) *ભાવાત્મક અધિકારોની સમાનતાની ઉત્પત્તિ.*

*અંગ્રેજી શાસનકાળમાં વહીવટીતંત્રનું વ્યવસ્થિકરણ અને નવસર્જન થતાં દફતરશાહી અને તર્ક તથા કાનૂન પર આધારિત નોકરશાહીની સ્થાપના થઈ. નોકરીની ભરતીમાં અર્પિત સિદ્ધાંતોને સ્થાને અર્જિત સિદ્ધાંતોની સ્થાપના થઈ. ધર્મ અને રિવાજથી કાયદાને જુદો પાડવામાં આવ્યો અને સમાજપર કાયદાની સર્વોપરિતા સ્થાપિત કરવામાં આવી. આ રીતે સમાજના માર્ગદર્શક સૂત્ર તરીકે કાયદાનું શાસન સ્થપાયું. આમ, સમાજ વ્યક્તિના તાબા નીચે નહિ, પરંતુ કાયદાના તાબા નીચે છે તેવો સિદ્ધાંત સ્થાપિત થયો. જેના આધાર પર ભારતીય સમાજમાં બિનસાંપ્રદાયિકતા, સમાનતા, એકતા વગેરે જેવા સિદ્ધાંતો અમલી બન્યા.*

*બ્રિટિશ શાસન દરમ્યાન ભારતમાં પાશ્ચાત્ય શિક્ષણ દાખલ થયું. તેનાથી ભારતીય સમાજમાં બુદ્ધિવાદ, માનવતાવાદ, તાર્કિકતા વિગેરે જેવા સૈદ્ધાંતિક મૂલ્યો શક્તિશાળી*

*બનવા લાગ્યા. જેને પરિણામે ભારતીય સમાજમાં પ્રવર્તમાન ધાર્મિક અંધશ્રદ્ધા, વહેમો, કુરૂઢિઓ, સામાજિક અનિષ્ટો, અસમાનતા, રીત- રિવાજો વગેરે ક્ષેત્રે તાર્કિક અને માનવતાવાદી અભિગમ અપનાવવામાં આવ્યો. જેને કારણે ધાર્મિક વહેમો, અંધશ્રદ્ધા, કુરીવાજો, અસ્પૃશ્યતા વગેરે પર પ્રહારો થવા લાગ્યા અને ભારતમાં સમાજવાદનો ખ્યાલ પ્રબળ બનવા લાગ્યો. તે ક્ષેત્રે પછીથી બ્રિટીશ સરકારે કાયદા દ્વારા અસરકારક પગલા લેવા હિંમત કરી. આ રીતે અંગ્રેજી રાજ્ય અમલ દરમ્યાન સમાજવાદનો વિકાસ થતાં સમાજ જીવનના વિભિન્ન ક્ષેત્રોમાં પરિવર્તનના મંડાણ થયાં. જેમાં ખાવા-પીવાની રીતભાત, પહેરવેશ, નૃત્યગાન વગેરે જેવાં વર્ણનાત્મક પાસાનાં પરિવર્તનો આવ્યા. સાહિત્ય, વિજ્ઞાન, કલા વગેરે જેવાં જ્ઞાનાત્મક પરિવર્તનો આવ્યાં. આ ઉપરાંત ઉદારમતવાદ, માનવતાવાદ, સમાજવાદ, બુદ્ધિવાદ, રેશનાલિઝમ, સમાનતા, સ્વતંત્રતા, યંત્રવિજ્ઞાન વગેરે જેવાં તમામ પરિવર્તનો પશ્ચિમીકરણની પ્રક્રિયામાં સમાવિષ્ટ હતાં.*

### 2.5.3 પશ્ચિમીકરણના લક્ષણો

*પશ્ચિમીકરણના મુખ્ય બે લક્ષણો છે.*

(i) *પશ્ચિમીકરણ પરિવર્તનની મર્યાદિત પ્રક્રિયા સૂચવે છે : પશ્ચિમીકરણ એટલે પશ્ચિમી વિચારસરણીની ભારતીય સમાજ અને સંસ્કૃતિ પર થયેલી અસર, ભારત પરના બ્રિટિશ શાસનના સમયગાળા દરમ્યાન તેમના સહવાસથી ભારતીય સમાજ જીવન અને સંસ્કૃતિના વિવિધ ક્ષેત્રોમાં જે પરિવર્તનો નોંધાયા તેનું નામ પશ્ચિમીકરણ. આમ, પશ્ચિમીકરણ એ ભારતીય સમાજ પર માત્ર પશ્ચિમના દેશોની વિચારસરણીનો જે પ્રભાવ પડયો તે દર્શાવે છે. આમ, પશ્ચિમીકરણ એ એક મર્યાદિત પ્રક્રિયા સૂચવે છે.*

(ii) *ભારતીય સમાજ અને સંસ્કૃતિના વિભિન્ન ક્ષેત્રોમાં પરિવર્તન સૂચવતી પ્રક્રિયા :* 1962 *માં શ્રીનિવાસે પહેલીવાર પશ્ચિમીકરણ શબ્દ પ્રયોજ્યો ત્યારે તેમણે મુખ્યત્વે પહેરવેશ, ખોરાક, ખાવાની સ્ટાઈલ વગેરે ક્ષેત્રે પરિવર્તનો દર્શાવ્યા. પણ પછીથી* 1966*માં તેમણે પોતાના નિબંધમાં પશ્ચિમીકરણના ખ્યાલને વિસ્તૃત બનાવી યંત્રવિજ્ઞાન, સંસ્થાઓ, માન્યતાઓ અને મૂલ્યો વગેરે ક્ષેત્રના પરિવર્તનોનો પણ સમાવેશ કર્યો. આ ઉપરાંત તેમણે જણાવ્યું કે પશ્ચિમીકરણનો અર્થ કેવળ નવી સંસ્થાઓનો ઉદ્દભવ થવો તેટલો જ નથી. પરંતુ આ શબ્દ જૂની સંસ્થાઓના પરિવર્તન પણ સૂચવે છે. આમ, પશ્ચિમીકરણ એ ભારતીય સમાજ અને સંસ્કૃતિના વિભિન્ન ક્ષેત્રોમાં પરિવર્તન સૂચવતી પ્રક્રિયા છે.*

### 2.5.4 પશ્ચિમીકરણની અસરો

1. *પાશ્ચાત્ય વિજ્ઞાન, યંત્રવિજ્ઞાન અને ઔદ્યોગિકરણના વિકાસને લીધે આવેલ પરિવર્તનો*

અંગ્રેજોના સંપર્કને પરિણામે ગુજરાતના સમાજ જીવનમાં પાશ્ચાત્ય વિજ્ઞાન, યંત્રવિજ્ઞાન અને ઔદ્યોગિકરણનો વિકાસ થયો. જેને પરિણામે પરંપરાગત ઉદ્યોગો તુટવા લાગ્યા. વિશાળ કારખાનાઓનો ઉદ્દભવ થયો. સ્વપર્યાપ્ત ગ્રામ્ય અર્થવ્યવસ્થા તૂટી પડી. મૂડીવાદી અર્થવ્યવસ્થાનો વિકાસ થયો. મજૂર સંગઠનોનો ઉદ્દભવ થયો. મજૂર-માલિક સંબંધોમાં સંઘર્ષ ઉત્પન્ન થયો. સંયુક્તમાંથી વિભક્ત કુટુંબો અસ્તિત્વમાં આવ્યાં. જ્ઞાતિપ્રથાની જડતા અને વિશેષાધિકારો પર પ્રહારો થવા લાગ્યા.

2. *પાશ્ચાત્ય સંદેશાવ્યવહાર અને વાહનવ્યવહારને લીધે આવેલ પરિણામો :*

પશ્ચિમીકરણને પરિણામે ઉદ્દભવેલ સંદેશાવ્યવહાર, વાહનવ્યવહાર અને અન્ય પ્રચાર માધ્યમો (સમાચારપત્રો, મેગેઝિન વગેરે)ને પરિણામે વૈયક્તિક સંપર્ક અને વૈચારિક આદાન પ્રદાનમાં વૃદ્ધિ થઈ જેને પરિણામે રૂઢિગત ગ્રામ્ય જીવન, કુટુંબવ્યવસ્થા, જ્ઞાતિપ્રથા, સામાજિક-અસમાનતા વગેરે પર પ્રહારો થયા. આ ઉપરાંત, જ્ઞાતિપ્રથાનું ઊભું સંગઠન તૂટવા લાગ્યું અને આવા સંગઠનોનો વિકાસ થયો.

3. *પાશ્ચાત્ય શિક્ષણને લીધે આવેલ પરિવર્તનો*

ભારત પરના બ્રિટિશ શાસનકાળ દરમ્યાન બિનસાંપ્રદાયિક, ઉદાર અને ભેદભાવ રહિત પાશ્ચાત્ય શિક્ષણનો વિકાસ થયો જેને પરિણામે, વિવેકવાદ, સમાનતા, સ્વતંત્રતા, સહિષ્ણુતા, વ્યક્તિવાદ જેવા પાશ્ચાત્ય નવીન મૂલ્યોનો ભારતીય સમાજમાં વિકાસ થયો જેનાથી કુટુંબમાં વડીલોની સત્તા, જ્ઞાતિ આધારિત સામાજિક સત્તા અને નિયંત્રણો, સામાજિક ભેદભાવ, જ્ઞાનનું સંસ્કારી સ્વરૂપ, સ્ત્રી-પુરુષ અસમાનતા જેવા ભારતીય રૂઢ મૂલ્યો પર પ્રહારો થવા લાગ્યા. પાશ્ચાત્ય શિક્ષણને પરિણામે ભારતીય સમાજમાં સ્ત્રી સ્થાનમાં પરિવર્તન આવ્યું. પાશ્ચાત્ય શિક્ષણે ભારતીય સમાજ પરના રૂઢિ અને રિવાજના નિયંત્રણો દૂર કરવા લોકમત જાગૃત કર્યો. પાશ્ચાત્ય શિક્ષણને પરિણામે રૂઢ ભારતીય સમાજમાં બુદ્ધિજીવી સુધારક વર્ગ ઉદ્દભવ્યો. જેણે ભારતીય સમાજ અને ધર્મ પરિવર્તનની આગેવાની લીધી.

4. *ભારતીય સમાજ સુધારણા પ્રવૃત્તિઓનો પ્રાદુર્ભાવ*

પશ્ચિમીકરણના ઉદ્દભવ અને વિકાસના અનેકવિધ પરિબળો એ ભારતમાં સુધારાવાદી લોકમત જાગૃત કર્યો તથા તેને આગેવાની પૂરી પાડવા જાગ્રત સુધારક વર્ગ પણ ઊભો કર્યો. જેણે વિવિધ સંગઠનો ('બ્રહ્મો-સમાજ', થિયોસોફીકલ સોસાયટી, 'પ્રાર્થના-સમાજ', માનવધર્મ સભા વગેરે) રચી ગુજરાતના સમાજમાં રૂઢ થયેલ સામાજિક અને ધાર્મિક કુરિવાજો સામે ચળવળો ચલાવી, શિક્ષણના વિકાસનો પ્રયત્ન કર્યો. સ્ત્રી સ્થાનમાં પરિવર્તન લાવવા પ્રયાસ કર્યો તથા ભારતીય રાષ્ટ્રવાદના મૂળ નાંખ્યા.

5. *સામાજિક કાનૂનીકરણની પ્રક્રિયાનો વિકાસ*

*પશ્ચિમીકરણને પરિણામે ગુજરાતના સમાજ જીવનમાં પશ્ચિમનાં વ્યક્તિ-સ્વાતંત્ર્ય, લોકશાહી, બિનસાંપ્રદાયિકતા અને સમાનતાવાદી મૂલ્યોનો વિકાસ થયો. જેને પરિણામે ગુજરાતના સમાજમાં પ્રવર્તમાન અસમાનતા અને કુરિવાજો સામે જેહાદ શરૂ થઈ. જેમાં અંગ્રેજ સરકારને પણ લોકમતના દબાણ નીચે સામાજિક કાનૂન પડવાની ફરજ પડી. દા.ત. સતીપ્રથા નિષેધ, વિધવાપુનર્લગ્ન, બાળ વિવાહ નિષેધ વગેરેને પરિણામે સામાજિક કાનૂનીકરણની પ્રક્રિયાનો વિકાસ થયો.*

6. *પશ્ચિમીકરણની રાજકીય અસરો*

*ભારતીય રાજકીય પરિસ્થિતિ પર પશ્ચિમીકરણની સવિશેષ અસરો ઉપજી હતી. દા.ત. મધ્યયુગીન રાજાશાહીને સ્થાને બંધારણીય સરકારની સ્થાપના આપખુદને સ્થાને જવાબદાર સરકાર* Political out Look *બદલાયું. રાજકીયક્ષેત્રે લોકશાહીના ખ્યાલો, માનવતાવાદ, ઉદારમતવાદ, સમાનતાવાદ વગેરેનો વિકાસ થયો. મજબૂત અને વ્યવસ્થિત વહીવટી તંત્રની રચનાવહીવટી ક્ષેત્રોની ખાતાવાર ફાળવણી દા.ત. મહેસુલખાતું, પોલીસખાતું, ન્યાયખાતું, કેળવણી ખાતું વગેરે. અલાયદી લશ્કરી વ્યવસ્થા જેમાં કોટીક્રમ, અમલદારશાહી અને દફતરશાહીની સ્થાપના. કાનૂન અને તર્ક પર આધારિત નોકરશાહીની સ્થાપના જેમાં કર્મચારીઓની ફરજો, અધિકારો અને સત્તાઓની સ્પષ્ટ વહેંચણી. નોકરીમાં અર્પિતને બદલે અર્જિત સિદ્ધાંતોની સ્થાપના નોકરીમાં નિયમિત પગાર, બઢતી, નિવૃત્તિ, પેન્શન અને બદલીઓની પદ્ધતિ ધર્મ અને રિવાજથી કાનૂનને અલગ પાડવામાં આવ્યો. ધારાકીય સંસ્થાઓનો વિકાસ અને કાયદાકીય સમાનતાની સ્થાપના વિગેરેને પરિણામે ભારતીય સમાજમાં રાષ્ટ્રવાદનો ઉદય થયો, વિદેશી શાસનનો વિરોધ ઊભો થયો અને રાજકીય અન્યાયો સામે વિરોધ ઊભો થયો. જેને પરિણામે નાગરિકતાની ભાવનાનો ઉદ્દભવ થયો. નાગરિક અધિકારો અને તે પ્રાપ્ત કરવાના પ્રયત્નો શરૂ થયાં. જેને પરિણામે સ્વદેશાભિમાનની ભાવના, મંડળો અને આંદોલનોનો જન્મ થયો.*

**(ખ) તમારી પ્રગતિ ચકાસો.**

**(1) નીચેની ખાલી જગ્યા પૂરો.**

1. *શ્રીનિવાસે પહેલીવાર પશ્ચિમીકરણ શબ્દ ઈ.સ* ______________ *પ્રયોજ્યો.*
2. *પશ્ચિમીકરણના મુખ્ય લક્ષણો* ______________ *છે.*

**(2) પશ્ચિમીકરણ વિશે નોંધ લખો.**

## 2.6 આધુનિકીકરણ અને શહેરીકરણ

### 2.6.1 આધુનિકીકરણ

*સમાજમાં સતત ચાલતી પરિવર્તનની પ્રક્રિયા છે. સમાજ-પરિવર્તનની જે વ્યાપક પ્રક્રિયાઓ થકી ઓછા વિકસિત સમાજો વધુ વિકસિત સમાજોનાં જે કેટલાંક લક્ષણ પ્રાપ્ત કરે તેને સામાન્ય રીતે "આધુનિકીકરણ" તરીકે વર્ણવવામાં આવે છે. આ પ્રક્રિયાનો આરંભ કેટલાક યુરોપીય દેશોમાં થયો અને ત્યાંથી એનો ફેલાવો અન્યત્ર થયો. તેથી શરૂઆતમાં આધુનિકીકરણને "પશ્ચિમીકરણ" અથવા "યુરોપીયીકરણ"ની પ્રક્રિયા તરીકે ગણવામાં આવતી. પણ હવે એમ માનવામાં આવતું નથી. સમાજપરિવર્તનની વિવિધ પ્રક્રિયાનો દોર પશ્ચિમી સમાજે અથવા વધુ વિકસિત સમાજોમાં હજુ આજે પણ ચાલુ જ છે. પશ્ચિમી અથવા યુરોપીય સંસ્થાઓનું બિનપશ્ચિમી કે બિનયુરોપીય દેશોમાં આરોપણ એટલે આધુનિકીકરણ અથવા તો સમાજના એક ચોક્કસ પ્રકાર તરફની સંક્રાંતિ એટલે "આધુનિકીકરણ" એમ પણ હવે માનવામાં આવતું નથી.*

*આવાગમન અને સંવહનનાં ઉત્તરોત્તર બનતાં જતાં અદ્યતન માધ્યમોએ આધુનિકીકરણની પ્રક્રિયાને સંકોરવામાં કદાચ સૌથી મહત્ત્વની ભૂમિકા ભજવી છે. રાષ્ટ્ર-રાષ્ટ્ર, સમાજ-સમાજ અને સંસ્કૃતિ-સંસ્કૃતિ વચ્ચેના સતત વધતા આદાન-પ્રદાન દ્વારા એમાં ગતિ આવેલી છે. સંદેશાવ્યવહારનાં અત્યંત ઝડપી સાધનોએ વિશ્વસમાજને એક ગ્રામસમાજ જેવી નિકટતા અનુભવતો કરી મૂક્યો છે, એને કારણે વિશ્વ આખામાં એક પ્રકારની સામાજિક-સાંસ્કૃતિક સમરૂપતા* (homogeneity) *જોવા મળે છે.*

*આધુનિકીકરણ સમાજનાં બધાં જ પાસાંઓને સ્પર્શતી એક વ્યાપક પ્રક્રિયા છે. કોઈ પણ સમાજની આર્થિક, રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક પ્રથાઓ* (systems)*માં થતાં પરિવર્તનો એ આ વ્યાપક પ્રક્રિયાના અંગભૂત ભાગરૂપ છે. સમાજના એક પાસામાં થતો ફેરફાર બીજાં પાસાંને પ્રભાવિત કરે છે. દાખલા તરીકે આર્થિક પ્રથામાં થતા ફેરફારો સામાજિક, રાજકીય, સાંસ્કૃતિક પાસાંઓને પ્રભાવિત કરે છે.*

### 2.6.2 શહેરીકરણ

*શહેરમાં વધતી જતી વસ્તી અને વિસ્તારની વૃદ્ધિ. શહેરના ઉદ્દભવ અને વિકાસની પ્રક્રિયા. શહેરીકરણ એ વસ્તીવૃદ્ધિની એવી પ્રક્રિયા છે જેમાં ગામડાનું શહેરમાં રૂપાંતર થાય છે અથવા ભૌગોલિક પરિબળોની અનુકૂળતાવાળા કોઈ એક મોકાના સ્થળે તેની આજુબાજુનાં ગામડાંઓની વસ્તી સ્થળાંતર કરીને વસવાટ કરે છે. ટૂંકમાં શહેરીકરણ એ શહેરોના ઉદ્દભવ અને વિકાસની પ્રક્રિયા છે. તેમાં ગામડાંમાંથી શહેરમાં થતી સ્થળાંતરની પ્રક્રિયાનો તેમજ શહેરમાં રહેતી વસ્તીના પ્રમાણમાં થતી રહેતી વૃદ્ધિનો સમાવેશ થાય છે. આ સાથે શહેરના કદમાં પણ વધારો થતો રહે છે.*

**ઔદ્યોગિકીકરણ અર્થ** - *ઔદ્યોગિકીકરણ એટલે "ઉત્પાદનમાં માનવસંચાલિત સાધનોની જગાએ યંત્રસંચાલિત સાધનોનો ઉપયોગ તથા તેમનું વિસ્તૃતીકરણ." ઔદ્યોગિકીકરણ*

ભૌગોલિક અને સામાજિક ગતિશીલતા માટેનું મહત્ત્વનું પરિબળ બનતાં તે શહેરીકરણ માટેનું સહાયક પરિબળ બને છે. ઔદ્યોગિકીકરણને લીધે કેટલાંક શહેરોનો ઉદ્દભવ થયો છે. કેટલાંક શહેરો સ્વયં વિકસ્યાં છે તો કેટલાંક ગામડાંનું શહેરમાં રૂપાંતર થયું છે. મોટા કદનાં શહેરોનું મહાનગરોમાં રૂપાંતર કરવામાં ઔદ્યોગિકીકરણ અગત્યનું સહાયક પરિબળ બની રહે છે. અમદાવાદ આનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. આમ ઔદ્યોગિકીકરણ અને શહેરીકરણ વચ્ચે ગાઢ સંબંધ રહેલો છે.

2.6.2.1 ઔદ્યોગિકીકરણના પરિબળો

પરિવહનનાં સાધનો : ઔદ્યોગિક ઉત્પાદનની હેરફેર માટે તેમજ લોક-અવરજવર માટે પરિવહનનાં સાધનો વધુ અનુકૂળતા પૂરી પાડે છે. ગુજરાતના મોટાભાગના વિસ્તારો જમીનમાર્ગોથી સંકળાયા છે. એ જ રીતે ધોરી માર્ગો અને પાકા રસ્તાઓના વિકાસને લીધે માલસામાનની હેરફેર તેમજ મુસાફરી સરળ અને ઝડપી બની છે. વળી જળમાર્ગોના વિકાસથી આંતરિક અને બાહ્ય વ્યાપાર તથા આયાત-નિકાસવાળો વેપાર સુગમ બન્યા છે. આમ, પરિવહનથી ગુજરાતના શહેરીકરણને વેગ મળ્યો છે.

અનુકૂળ ભૌગોલિક વાતાવરણ : શહેરીકરણમાં ભૌગોલિક પરિસ્થિતિની કેટલીક પ્રત્યક્ષ અને કેટલીક પરોક્ષ અસરો રહેલી છે. શહેરોમાં વસ્તીના કેન્દ્રીકરણમાં પણ ભૌગોલિક વિશિષ્ટતાઓની અસર પહોંચે છે. ગુજરાતના નદીપ્રદેશમાં 23 જેટલાં શહેરો વિકસ્યાં. પ્રદેશની ફળદ્રુપતાએ એમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. અનુકૂળ ભૌગોલિક વાતાવરણને લીધે જ અમદાવાદ મોટું ઔદ્યોગિક શહેર બન્યું છે. આ રીતે જોતાં ભૌગોલિક વાતાવરણ શહેરીકરણ માટે અગત્યનું સહાયક પરિબળ ગણાય છે.

**રાજકીય પરિબળ :** ગુજરાતના કેટલાંક શહેરો તેમના રાજકીય મહત્વને લીધે વિકાસ પામ્યાં છે. આવાં સ્થળો ધીમે ધીમે વેપાર, વાણિજ્ય, ઉદ્યોગ, શિક્ષણ વગેરે ક્ષેત્રે પણ મહત્વ ધારણ કરતાં જાય છે. પરિણામે નજીકનાં ગામડાંની વસ્તી ત્યાં સ્થળાંતર કરીને વસવાટ કરવા પ્રેરાય છે. શરણાર્થીઓના પુનર્વસવાટ માટે રાજ્ય તરફથી કેટલાંક નવાં શહેરોનું નિર્માણ જરૂરી બનેલું. અમદાવાદ, પાટણ, ધોલેરા, વિરમગામ જેવાં આયોજિત નગરો તેનાં દૃષ્ટાંતો છે. આ રીતે રાજકીય પરિબળ પણ શહેરીકરણ માટે જવાબદાર લેખાય છે.

**શિક્ષણ :** પ્રાચીન અને મધ્ય યુગમાં કેટલાંક શહેરો તેમનાં પ્રસિદ્ધ શિક્ષણકેન્દ્રોને લીધે વિકાસ પામેલાં. વડોદરા, અમદાવાદ, પાટણ વગેરે તેનાં ઉદાહરણો છે. આજના સમયમાં શિક્ષણના વિકાસે શહેરીકરણની પ્રક્રિયાને વેગ આપવામાં મહત્વનો ફાળો આપ્યો છે. વલ્લભવિદ્યાનગર વગેરે સ્થળોએ સ્થપાયેલી યુનિવર્સિટીઓને લીધે તે સ્થળો શહેરો તરીકે વિકાસ પામ્યાં છે.

**સ્થળાંતર :** ગુજરાતમા લોકો ખેતી પર નભી શકતાં નથી. એક બાજુ શહેરોની આકર્ષણશક્તિ વધી છે. તો બીજી તરફ ગામડાંઓમાં ખેતી હેઠળ રહેલી જમીન પરનું

*ભારણ વધતું જાય છે. આથી ગ્રામજનો રોજગારી માટે શહેરોમાં સ્થળાંતર કરે છે. આમ, ગામડાંમાંથી શહેરોમાં થતું વસ્તીનું સ્થળાંતર શહેરીકરણનો મુખ્ય સ્રોત છે.*

**ધર્મ :** *ગુજરાતમાં ઘણાં શહેરોના ઉદ્દભવ પાછળ ધર્મે અગત્યનો ભાગ ભજવ્યો છે. દ્વારકા, સોમનાથ, ડાકોર, નાથદ્વારા વગેરેના ઉદ્દભવ પાછળ ધર્મની ભૂમિકા જ રહેલી છે. આવાં ધાર્મિક મહત્ત્વ ધરાવતાં શહેરોમાં યાત્રાળુઓની જરૂરિયાતો પૂરી પાડવા નાના-મોટા વેપારીઓ વસવાટ કરવા લાગ્યા છે. આવાં શહેરો ક્રમશઃ અન્ય પ્રવૃત્તિઓ માટેનાં કેન્દ્રો બની રહે છે.*

**વેપાર–વાણિજ્ય :** *ગુજરાત રાજ્યમાં વેપાર-વાણિજ્યનું મહત્ત્વ ધરાવતાં શહેરો મળી આવે છે. આવાં કેન્દ્રો શરૂઆતમાં ગામડાં જેવાં જ હોય છે, પરંતુ વેપાર-વાણિજ્યને લીધે તે ક્રમશઃ શહેરોમાં રૂપાંતર પામતાં જાય છે. આજુબાજુથી પણ લોકો ત્યાં આવી વસવા પ્રેરાય છે. હાસપુર, વલસાડ, ઊંઝા, ધોળકા, ધંધુકા, વિરમગામ વગેરે તેનાં દષ્ટાંતો ગણાય.*

**(ગ) તમારી પ્રગતિ ચકાસો.**

(1) *નીચેની ખાલી જગ્યા પૂરો.*

1. *ગુજરાતનું* ______________ *શહેર વેપારી શહેર તરીકે ઓળખાય છે.*
2. *શહેરીકરણનું મુખ્ય લક્ષણ* ______________ *છે.*

(2) *શહેરીકરણ વિશે નોંધ લખો.*

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

## 2.7 ચાવીરૂપ શબ્દો

1. **રાષ્ટ્રપ્રેમ –** *રાષ્ટ્ર પ્રત્યે તન, મન, ધન ન્યોછાવર કરવાની ભાવના*
2. **ખુમારી –** *ગર્વ, પ્રતિષ્ઠા,*
3. **મંડળી-** *સમાન ધ્યેયોનું માટે લોકોનું સગઠન*

## 2.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

*(ક)* (1) (1) *ગોવર્ધનનામ ત્રિપાઠી* (2) *દુર્ગારામ મહેતા* (3) *માનવધર્મ સભા*

(2) તમામ મુદ્દાને આધારે તમારો જવાબ લખો.

(ખ) (1) (1) 1962 (2) 6

(2) તમામ મુદ્દાને આધારે તમારો જવાબ લખો.

(ગ) (1) (1) પાટણ (2) 5

(2) તમામ મુદ્દાને આધારે તમારો જવાબ લખો.

## 2.9 બહુવૈકલ્પિક પ્રશ્નો

1. ગુજરાતમાં નવજાગરણ અભિયાનનો વેગીલો પવન કયા શહેરથી ફૂંકાયો ?

   (A) ગુજરાત (B) મુંબઈ (C) મહારાષ્ટ્ર (D) દિલ્હી

2. ગુજરાતના ધર્મ આધારિત શહેરોમાં કયા શહેરનો સમાવેશ થતો નથી ?

   (A) સોમનાથ (B) દ્વારકા (C) પાલિતાણા (D) અમદાવાદ

3. નીલકંઠે કયા નાટકની રચના કરી ?

   (A) ભંદ્રભદ્ર (B) સોમલલીત (C) પંચાસર (D) સોમઆકાશ

4. ગુજરાતના શિક્ષણના વિકાસ કારણે વિકાસ પામેલું શહેર કયું છે ?

   (A) વલ્લભિવિદ્યાનગર (B) દ્વારકા (C) પાલિતાણા (D) અમદાવાદ

જવાબો : (1- B), ( 2- D), (3- A), (4- A)

## 2.10 સ્વાધ્યાય

1. ગુજરાતમાં આધુનિકરણ વિશે નોંધ લખો.
2. ગુજરાતના પશ્ચિમીકરણને આલેખો.
3. શહેરીકરણ વિશે નોંધ લખો.

## 2.11 સંદર્ભો


1. પરીખ, રસિકલાલ. શાસ્ત્રી, હરિપ્રસાદ. ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ-9, બ્રિટિશકાલ (ઈ.સ 1915 થી 1960), ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ 1987
2. વ્યાસ, રંજની, ગુજરાતની અસ્મિતા, અક્ષર પ્રકાશન, પાંચમી આવૃત્તિ, અમદાવાદ, 2012
3. દેસાઈ, નીરા અ., ગુજરાતમાં ઓગણીસમી સદીમાં સામાજિક પરિવર્તન, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ચોથી આવૃત્તિ 2015
4. રાજગોર, શિવપ્રસાદ, અર્વાચીન ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, પાંચમી આવૃત્તિ, 2017

## એકમ : 3

## 19મી સદીની પૂર્વ સંધ્યાએ ગુજરાતની રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક સ્થિતિ

**:: રૂપરેખા ::**


**3.0** ઉદ્દેશ્યો

**3.1** પ્રસ્તાવના

**3.2** રાજકીય વ્યવસ્થા

**3.2.1** રાજ્યવહીવટી વ્યવસ્થા

**3.2.2** ભરતી પદ્ધતિ

**3.2.3** ન્યાય વ્યવસ્થા

**3.2.4** મહેસૂલી પદ્ધતિ

**3.2.5** અન્ય કરવેરા

**3.3** સામાજિક સ્થિતિ

**3.3.1** જ્ઞાતિપ્રથા

**3.3.2** ગુજરાતની મુખ્ય જ્ઞાતિઓ

**3.3.2.1** બ્રાહ્મણ

**3.3.2.2** રાજપૂત

**3.3.2.3** વણિક

**3.3.2.4** અન્ય જ્ઞાતિઓ

**3.3.3** જ્ઞાતિપંચ

**3.3.4** સંયુક્ત કુટુંબ વ્યવસ્થા

**3.3.5** સ્ત્રીઓની સ્થિતિ

**3.4** આર્થિક સ્થિતિ

**3.4.1** ગુજરાતની ગ્રામ્ય અર્થ વ્યવસ્થા

**3.4.2** ગ્રામ્ય ઉત્પાદન પદ્ધતિ

**3.4.3** ગુજરાતમાં શહેરી અર્થવ્યવસ્થા

**3.4.4 મહાજન વ્યવસ્થા**

**3.4.5 નાણા સંસ્થાઓ**

**3.5 સાંસ્કૃતિક સ્થિતિ**

**3.5.1 સ્થાપત્ય કળા**

**3.5.2 નાગરિક સ્થાપત્ય**

**3.5.3 ધાર્મિક સ્થાપત્ય**

**3.5.3.1હિંદુ ધાર્મિક સ્થાપત્ય**

**3.5.3.2 જૈન ધાર્મિક સ્થાપત્ય**

**3.5.3.3 ઈસ્લામિક ધાર્મિક સ્થાપત્ય**

**3.5.3.4 ખ્રિસ્તી ધાર્મિક સ્થાપત્ય**

**3.5.4 શિલ્પકલા**

**3.5.4.1 હિંદુ-જૈન પાષાણ શિલ્પ**

**3.5.4.2 હિંદુ-જૈન ધાતુ શિલ્પ**

**3.5.4.3 હિંદુ-જૈન કાષ્ઠ શિલ્પ**

**3.5.5 લલિતકલાઓ**

**3.5.5.1 ચિત્રકલા**

**3.5.5.2 સંગીતકલા**

**3.5.5.3 નૃત્યકલા**

**3.6 સારાંશ**

**3.7 ચાવીરૂપ શબ્દો**

**3.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

**3.9 બહુવૈકલ્પિક પ્રશ્નો**

**3.10 સ્વાધ્યાય**

**3.11 સંદર્ભો**

## 3.0 ઉદ્દેશ્યો

*આ એકમના અભ્યાસ પછી તમે -*

- *19મી સદીની પૂર્વ સંધ્યાએ ગુજરાતની રાજકીય સ્થતિ વિશે જાણી શકશો.*
- *19મી સદીની પૂર્વ સંધ્યાએ ગુજરાતની સામાજિક સ્થિતિ વિશે જ્ઞાન મેળવશો.*
- *19મી સદીની પૂર્વ સંધ્યાએ ગુજરાતની આર્થિક સ્થિતિ વિશે માહિતી મેળવશો.*
- *19મી સદીની પૂર્વ સંધ્યાએ ગુજરાતની સાંસ્કૃતિક સ્થિતિ વિશે જાણકારી મેળવશો.*

## 3.1 પ્રાસ્તાવિક

*"આનર્ત", "ગુર્જભૂમિ", "ગુર્જરમંડળ", "ગુર્જર રાષ્ટ્ર" અને "ગુજરાત" નામાભિદાન સાથે ગુજરાત પ્રદેશનો ઈતિહાસ છેક પ્રાચીન કાળથી લઈ મુઘલ સમયના ઈતિહાસની તવારીખ દર્શાવી જાય છે. મરાઠા શાસનકાળમાં ગુજરાત રાજકીય ઊથલપાથલનું ભોગ બનેલું જોવા મળે છે. ઈ.સ.1805ના અરસામાં ગુજરાતનો કેટલોક પ્રદેશ અંગ્રેજ કંપની સરકારે લીધો. 'વોકર સેટલમેન્ટ' (1820) તથા મુંબઈના ગવર્નર માઉન્ટ સ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટનના પ્રયત્નોથી ઈ.સ.1852માં મુંબઈ પ્રાંતનો ગુજરાત પ્રદેશ બ્રિટીશકાલીન સત્તા નીચે સંપૂર્ણપણે આવ્યો હતો. પ્રસ્તુત પ્રકરણમાં 19મી સદીની પૂર્વ સંધ્યાએ ગુજરાતની રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિ વિશે માહિતી મેળવવાનો પ્રયાસ કરીશું. સૌ પ્રથમ આપણે રાજકીય પરિસ્થિતિ વિશે માહિતી મેળવીએ.*

## 3.2 રાજકીય વ્યવસ્થા

*19મી સદીની પૂર્વ સંધ્યાએ ગુજરાતમાં કોઈ શક્તિશાળી રાજવંશ, સુલતાન કે મુઘલ બાદશાહનું વર્ચસ્વ જોવા મળતું નથી. ગુજરાતના જુદા જુદા પ્રદેશોમાં સ્થાનિક ઠાકોરો અને નવાબો ગુજરાતના જુદા જુદા ભાગો ઉપર રાજ્ય કરતા હતા તેમ જાણવા મળે છે. આમ, રાજકીય દષ્ટિએ ગુજરાત સોલંકીઓ, સુલતાનો, મુઘલો એને મરાઠાઓ જેવા બળવાન રાજવંશોના અંશતઃ આધિપત્ય હેઠળ હતું. જુદી જુદી સત્તાઓ વચ્ચે સર્વોપરિતા સ્થાપવા સતત સંઘર્ષ ચાલતો. અંગ્રેજોએ જ્યારે ગુજરાતમાં વેપારની શરૂઆત કરી ત્યારે ગુજરાત રાજકીય દષ્ટિએ ત્રણ કે ચાર હરીફ રાજકીય શાસકોની અસર નીચે વિભાજિત થયેલું હતું. જેમાં અમદાવાદ પર મુઘલ શાસકોના પ્રતિનિધિનું વર્ચસ્વ હતું. સુરત, ભરૂચ અને ખંભાતના નવાબોએ દિલ્હી શાસકની છત્રછાયા સ્વીકારી સ્વતંત્રપણે રાજ્ય ચલાવતા હતા. સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગો ઉપર રાજપૂત અને કાઠી દરબારો રાજ્ય કરતા જ્યારે કેટલાક પ્રદેશો પર મરાઠી સત્તા પેશ્વા, સિંધીયા અને ગાયકવાડોમાં વિભક્ત થઈ રાજ્ય કરતી હતી. આવા સમયે ઈસ્ટ ઈન્ડિયા કંપનીના આગમને ગુજરાતમાં સત્તા અને પ્રદેશ માટે એક નવો ભાગીદાર ઊભો કર્યો. ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ ગુજરાતની રાજકીય*

પરિસ્થિતિનો લાભ લઈ ધીમે ધીમે ગુજરાતમાં પગદંડો જમાવ્યો અને સમયાંતરે સમગ્ર પ્રદેશ પર પોતાનું શાસન સ્થાપ્યું.

### 3.2.1 રાજ્યવહીવટ પદ્ધતિ

19મી સદીની પૂર્વ સંધ્યાએ ગુજરાતના દરેક પ્રદેશમાં તેની આગવી વહીવટી પદ્ધતિ, ન્યાય વ્યવસ્થા અને મહેસૂલી તંત્રના ચોક્કસ લક્ષણો જોવા મળે છે. જેમ કે સોલંકી સમય, દિલ્લી સલ્તનત અને મુઘલ સમયમાં ગુજરાતના પ્રદેશ પર જે તે સત્તાનો સીધો અંકુશ હતો જ્યારે મરાઠા સમયમાં પ્રદેશના વિવિધ વિસ્તારો પર નવાબો અને દેશી રાજ્યોની સત્તા જોવા મળે છે. 19 સદીના પ્રારંભે અંગ્રેજોની સત્તા ગુજરાતના પ્રદેશમાં સ્થપાઈ ત્યાં સુધી મરાઠા શાસકોને શાસનમાં રસ ન હતો પરંતુ પોતે જીતેલા પ્રદેશોના રાજાઓ અને લોકો પાસેથી 'ચોથ' અને 'સરદેશમુખી' દ્વારા સંપત્તિ ભેગી કરવામાં હતો.

આ સમયની વહીવટી પદ્ધતિ વિશે મિરાતે અહમદી જણાવે છે કે મહેસૂલ ભરતી દસ સરકારોમાં અમદાવાદ, પાટણ, વડોદરા, ભરૂચ વગેરે હતી. અકબરે ગુજરાત જીત્યું તે સમયે જમીનદારોની છ સરકારો હતી. ગરાસિયા, રાજપૂતો, જાડેજાઓ, રાઠોડો, આહીરો પોતપોતાની જાગીરોના માલિકો હતા અને નાઝિમોને ખંડણી ભરતા.

ગુજરાતનો પ્રાંત (સૂબો)નો વડો સૂબેદાર કે નાઝિમ હતો જેની નિમણૂક દિલ્લીથી કરવામાં આવતી. સૂબેદારને લશ્કરી અને નાગરિક સત્તા આપવામાં આવેલી હતી. બદલામાં સૂબેદાર જમીનદાર પાસેથી ખંડણી મેળવતો ઉપરાંત દિલ્હી તરફથી તેને રોકડ-નાણું અને જમીન પણ મળતા હતા. સૂબેદાર પછી ગુજરાત પ્રાંતમાં દિવાનનું સ્થાન હતું જે નાણાં અને મહેસૂલ ખાતાંનો વડો હતો. ગુજરાત પ્રાંતનો વહીવટ કરવા માટે પ્રાંત (સૂબા)ને સરકાર (જિલ્લા)માં વિભાજિત કરવામાં આવેલા હતા સરકારનો વડો ફોજદાર હતો, સરકારોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી તેની હતી. સરકાર પછી નાનું એકમ મહાલ અને મહાલ પછી નાનું એકમ ગ્રામ હતું.

પ્રાંતોની કચેરીના કર્મચારીઓમાં મંત્રી, દારોગા, પોલીસ વડા, ખજાનચી, (મુશરિફ), કમાવીસદાર અને નોંધણીદાર કારકુનોનો સમાવેશ થતો. ન્યાય આપવા માટે જિલ્લા ન્યાયાધીશ, કાઝી, વકીલો, બક્ષીઓ (નાણાં ચૂકવનાર) અને ખબરપત્રીઓની વ્યવસ્થા કરવામાં આવેલી. વહીવટી વિભાગમાં દિવાન મુખ્ય નાણાપ્રધાન હતો. સેવા પ્રમાણે કર્મચારીઓને પગાર ચૂકવવાનું તથા રાજ્યની જમીનમાંથી આવતી ખંડણી સ્વીકારવાનું કાર્ય તેનું હતું. આ સિવાય જાસૂસી સેવા, ટપાલસેવા, ઘોડા ખરીદવા અને તેઓ પર છાપ મારવા, કાપડ બજાર પર અંકુશ જાળવવા અને તિજોરીના નિયંત્રણ માટે પણ બીજાં વિભાગો હતાં.

### 3.2.2 ભરતીની પદ્ધતિ

ગુજરાતમાં વહીવટી ખાતાઓમાં મોટા ભાગે જગ્યાઓ 'પેઢી દર પેઢી'ના સિદ્ધાંત એટલે કે વંશપરંપરા દ્વારા ભરવામાં આવતી. નવી નિમણૂકોમાં યોગ્યતા અને ક્ષમતા જેવા ગુણોને

ખાસ ધ્યાનમાં લેવાતા નહીં. કોઈક સ્થળોએ ફારસી ભાષાનું જ્ઞાન ધરાવતા હિંદુઓને ઊંચા પદો મળતા, જેમ કે સુરતના મયારામને ફારસીનું જ્ઞાન હોવાથી તેમને નવાબના દીવાનનું પદ આપવામાં આવ્યું હતું. પદોની બઢતી, નિવૃત્તિ, પગારની રકમ અથવા સેવા શરતો જેવા મુદ્દાઓ માટે કોઈ સ્પષ્ટ અને સંગઠિત નિયમો નહોતા. વધુમાં, મોટા ભાગના અમલદારોને પગાર રોકડ નાણાંના બદલે જાગીરો (જમીનની ગણોત) સ્વરૂપે આપવામાં આવતો. આ રીતે, તેઓની સેવાનું વેતન જમીનના ટુકડા તરીકે મળતું.

### 3.2.3 ન્યાય વ્યવસ્થા

ગુજરાતમાં 19મી સદી પહેલાં ન્યાયવ્યવસ્થા વિકેન્દ્રિત અને ધાર્મિક રીતિઓ પર આધારિત હતી. ગામડાંમાં મોટાભાગના વિવાદો ગ્રામપંચાયત દ્વારા જ્ઞાતિગત મુદ્દાઓ જ્ઞાતિ પંચાયત દ્વારા અને વેપારી-કારીગરોના પ્રશ્નોનું મહાજન (વ્યાપારી સંઘ) દ્વારા નિરાકરણ કરવામાં આવતું. ન્યાય માટે હિંદુઓ માટે ધર્મશાસ્ત્રો અને મુસ્લિમો માટે કુરાનના નિયમો અમલી બનાવવવામાં આવ્યા હતા જેથી કહી શકાય કે જેથી ન્યાયપદ્ધતિ સામાજિક-ધાર્મિક ભેદભાવવાળી હતી. દા.ત. સુરતમાં હિંદુ સમાજનો કોઇ પ્રશ્ન હોય તો તે નગરશેઠ લક્ષ્મીદાસ દ્વારા નિવારણ કરવામાં આવતું.

19મી સદીમાં ન્યાયાલયોમાં ફરિયાદી-પ્રતિવાદી વચ્ચેના વ્યક્તિગત સંબંધો અથવા રાગદ્વેષનો ન્યાય પર પ્રભાવ જોવા મળતો. ફોજદારી અને સિવિલ કેસો માટે અલગ અદાલતો હોવા છતાં, ન્યાયની પ્રક્રિયા વ્યક્તિગત પક્ષપાતથી દૂષિત હતી. ફોજદારી બાબતોમાં ન્યાય મેળવવો ઘણો અઘરો હતો કારણ કે, આ કેસોમાં દંડની રકમ ઘણી મોટી હતી. આ સમયે ન્યાય માટે "અગ્નિપરીક્ષા" (ભૌતિક પરીક્ષણ) અથવા ધાર્મિક વસ્તુઓ પર સોગંદ લેવાની પદ્ધતિ હતી. દરેક સમાજના લોકો પોતપોતાના પ્રતીકો જેમ કે, બ્રાહ્મણ જનોઈ પર, રાજપૂત તલવાર પર, વાણિયો ચોપડા પર અને ખેડૂત બળદ પર ધર્મના સોંગદ લેતા. આ પદ્ધતિમાં કાયદાની સમાનતા નહોતી. 19માં સૈકા પહેલા શિક્ષા વ્યક્તિની સામાજિક સ્થિતિ પ્રમાણે નક્કી થતી. નિમ્નજાતિના લોકોને કડક સજા ઓછી મળતી, પરંતુ આ વ્યવસ્થા જાતિગત ભેદભાવને સ્થાયી કરતી. ન્યાયની જવાબદારી ગ્રામપંચાયત, જ્ઞાતિપંચાયત, વ્યાપારી સંઘો, ધાર્મિક નેતાઓ અને રાજ્યની અદાલતો વચ્ચે વહેંચાયેલી હતી.

### 3.2.4 મહેસૂલ પદ્ધતિ

18મી સદીમાં ગુજરાતમાં મહેસૂલ પદ્ધતિનું મહત્વનું લક્ષણ એ હતું કે જમીન ખરીદ-વેચાણની વસ્તુ ન હતી. જમીન પર કબજાના હક્ક સત્તાઓનો હતો પરંતુ તેની ખરીદી-વેચાણ ન થઈ શકતું તેથી મહેસૂલ (ટેક્સ) ગામ કે પરગણાં સ્તરે એકઠું કરવામાં આવતું. ખેડૂતોને વ્યક્તિગત રીતે મહેસૂલ ભરવાનું હતું નહીં, પરંતુ સમગ્ર ગામનું મહેસૂલ એકત્રિત કરી ભરવાની જવાબદારી ગામના મુખી (પટેલ)ની હતી.

મહેસૂલની રકમ નક્કી કરવા બે મુખ્ય પદ્ધતિઓ હતીઃ

1. સેજા પદ્ધતિઃ ગામની પરંપરાગત ગણતરી પ્રમાણે નિશ્ચિત રકમ વસૂલ કરવી.
2. નરવા/ભાગબટાઈઃ કુટુંબના પુરુષ સભ્યોની સંખ્યા પ્રમાણે મહેસૂલ વસૂલ કરવું.

18મી સદી દરમિયાન સૌથી ઉંચી બોલી બોલનારને મહેસૂલ ભેગું કરવાનો અધિકાર અપાતો. આ મહેસૂલમાં રાજાનો ભાગ નક્કી હતો. મોટા ભાગે મહેસૂલ વસૂલ કરવાની જવાબદારી વંશપરંપરાગત અધિકારીઓ (દેસાઈ, કુમાવિસદાર) પર હતી. જેના બદલામાં તેમને રોકડ રકમ, જમીન આપવામાં આવતી. મુસ્લિમ અને મરાઠા શાસકોએ જે જમીનદારો શરણે ન આવતા તેની સામે લશ્કરી બળ વાપરીને પ્રદેશની સત્તા મેળવી મહેસૂલ ઉઘરાવતા. જેમ કે મરાઠાઓએ "ઘાસદાણા" (ઘોડાઓ માટે ચંદી) અને "ચોથ" (ઉત્પાદનનો ચોથો ભાગ) જેવા નવા વેરાથી મહેસૂલ ઉઘરાવતા.

આમ 18મી સદીમાં મહેસૂલ પદ્ધતિની મુખ્ય વિશેષતાઓ એ હતી કેઃ

1. જમીન મહેસૂલ ગામડા, સ્તરે લેવામાં આવતું તે પણ નાણા રૂપમાં નહીં ચીજવસ્તુના રૂપમાં લેવામાં આવતું.
2. જમીન મહેસૂલ સમગ્ર ગામ પાસેથી ઉત્પાદનના પ્રમાણમાં લેવામાં આવતું.
3. જમીનો પર સમગ્ર ગામનો અધિકાર હતો તેથી જમીનો વ્યક્તિગત રીતે વેચી શકાતી ન હતી કે ગીરો મુકી શકાતી ન હતી.
4. ઈનામદાર, વતનદાર, જાગીરદાર, પંચ કે ગામ પટેલ રાજ્યના મહેસૂલી અધિકારીઓ તરીકે મહેસૂલ ઉઘરાવતા આ વ્યવસાય વંશ પરાપરાંગત હતો.
5. ભાટ-ચારણો જમીન મહેસૂલ ભરવા માટે ખોળાધરી (બાંહેધરી) લેતા

### 3.2.5 અન્ય કરવેરા

અંગ્રેજોના આગમન પહેલાંના ગુજરાતમાં, જમીનમહેસૂલ સાથે સરકાર જુદા જુદા અન્ય કરોવેરા લેવામાં આવતા. લૉર્ડ ઍલ્ફિન્સ્ટનના જણાવ્યા પ્રમાણે આ સમયે દુકુલપટ્ટી-ઈનામદારો પર 10 ટકા કર, મિરાસપટ્ટી-ઈનામદારો ઉપર સદરહુ મુજબનો કર, મોહતેર્ફા-દુકાનદારો ઉપરનો કર, કરવેરો, લગ્નવેરો, ભેંસવેરો અને મજૂરીવેરો લેવામાં આવતો હતો.

**(ક) તમારી પ્રગતિ ચકાસો.**

**(A) નીચેના વિધાનો ખરાં (✓) છે કે ખોટાં (X) ? તપાસો.**

1. મરાઠાઓ મહેસૂલ રૂપે ચોથ વેરો ઉઘરાવતા.
2. અંગ્રેજ શાસન પહેલા. સરકાર પછીનું એકમ પ્રાંત હતું.
3. અમલદારોને પગાર રોકડના બદલે જાગીરના રૂપમાં આપવામાં આવતો.
4. કુટુંબના પુરુષોની સભ્ય સંખ્યા પ્રમાણે લેવાતું મહેસૂલ સરદેશમુખી કહેવાતું.
5. ભાટ-ચારણો જમીન મહેસૂલ ભરવા માટે ખોળા ધરી લેતા.

(B) 19મી સદીના પૂર્વાર્ધમાં ગુજરાતની રાજકીય સ્થિતિ વિશે ટૂંકમાં જણાવો.

______________________________________________________________
______________________________________________________________
______________________________________________________________
______________________________________________________________
______________________________________________________________
______________________________________________________________

## 3.3 સામાજિક સ્થિતિ

19મી સદી પહેલાં ગુજરાતની સામાજિક વ્યવસ્થા ધાર્મિક અને પરંપરાગત નિયમો પર આધારિત હતી. જાતિ, કુટુંબ અને સ્ત્રીઓની સ્થિતિ વગેરે બાબતો પર ધાર્મિકતાનો પ્રભાવ હતો સમાજમાં માન-સન્માન વ્યક્તિના જન્મ, કુળ અને પરિવારમાં વય/સ્થાન પ્રમાણે નક્કી થતું, અંગ્રેજી શાસન આવતા પહેલાં સમાજ નજીકના સંબંધો અને અનૌપચારિક સંબંધો પર ટકેલો હતો.

ગુજરાતના સમાજમાં બે મુખ્ય સંસ્થાઓ હતીઃ (1) 'જ્ઞાતિ' જેના આધારે સામાજિક દરજ્જો, હક્કો અને ફરજો નક્કી થતા અને (2) 'કુટુંબ' જેમાં પરિવારના વડીલની સત્તા હેઠળ બધા સભ્યો સાથે રહેતા. આ સંસ્થાઓ સ્ત્રીઓની સામાજિક સ્થિતિ પણ નિર્ધારિત કરતી. સ્ત્રીઓની ભૂમિકા તેના કાર્યો અને પરંપરાગત ફરજો સુધી મર્યાદિત હતી. સમાજમાં ફેરફારની આશા નહીંવત્ હતી, કારણે સમગ્ર વ્યવસ્થા જન્મ, પદ અને સામાજિક રિવાજો પર ટકી રહી હતી.

### 3.3.1 જ્ઞાતિપ્રથા

ભારતના અન્ય પ્રદેશોની જેમ ગુજરાતમાં પણ વ્યક્તિનો સામાજિક દરજ્જો, અધિકારો અને ફરજો તેની જ્ઞાતિ પ્રમાણે નક્કી થતા. જ્ઞાતિ-પરંપરામાં દરેક જ્ઞાતિના સમાજમાં એક નિશ્ચિત ક્રમ અને સ્થાનિકતા હતી. સમાજની રચના ઊંચ-નીચ ક્રમમાં ગોઠવાયેલી જ્ઞાતિઓની શૃંખલા જેવી હતી, જ્યાં બ્રાહ્મણો સૌથી ઉચ્ચ સ્થાને અને અસ્પૃશ્ય (દલિત) જ્ઞાતિઓ નીચલા સ્થાને હતી. ઐતિહાસિક દસ્તાવેજો અનુસાર, ગુજરાતમાં જ્ઞાતિ-વ્યવસ્થા ખૂબ જટિલ અને પ્રભાવશાળી હતી.

જ્ઞાતિના આધારે વ્યક્તિની સામાજિક ભૂમિકા, વ્યવસાય, લગ્ન અને સંબંધો નિયંત્રિત થતા. સમય જતાં, દરેક જ્ઞાતિ લગ્નના નિયમો, વ્યવસાયિક પરંપરાઓ અથવા સામાજિક પ્રથાઓને કારણે નાના પેટા-જ્ઞાતિઓમાં વિભાજિત થઈ ગઈ. ઉદાહરણ તરીકે, બ્રાહ્મણો (જેમને સર્વોચ્ચ માનવામાં આવતા) પણ અનેક પેટાજ્ઞાતિઓમાં વહેંચાયેલા હતા. જ્ઞાતિના નિયમોનો ભંગ કરનારને સમાજમાંથી બહાર મૂકવામાં આવતા, પરંતુ દંડ ભરીને અથવા પ્રાયશ્ચિત્ત કરીને ફરીથી સમાજમાં સ્વીકારવામાં પણ આવતા.

*સામાન્ય રીતે હિંદુ સમાજમાં ચાર વર્ણો (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર)નો ઉલ્લેખ છે, પરંતુ ગુજરાતમાં 18 વર્ણોની માહિતી મળે છે. આ 18 વર્ણોમાં પરંપરાગત ચાર વર્ણો સાથે નવ "નારુ" અને પાંચ "કારુ" નામના વર્ણોનો સમાવેશ થતો. આ દર્શાવે છે કે અહીં કેટલાક વ્યવસાયો અથવા સમૂહોને એટલું મહત્વ મળ્યું કે તેમને અલગ વર્ણનો દરજ્જો આપવામાં આવ્યો.*

*આમ, ગુજરાતમાં જ્ઞાતિ-વ્યવસ્થા માત્ર ચાર વર્ણો સુધી સીમિત નહોતી, પરંતુ તેમાં અસંખ્ય પેટાજ્ઞાતિઓનો સમાવેશ થતો, જે સમાજને અત્યંત વિભાજિત અને સ્તરીય બનાવતી.*

## 3.3.2 ગુજરાતની મુખ્ય જ્ઞાતિઓ

3.2.3.1 *બ્રાહ્મણ*

*ગુજરાતી સમાજમાં આ સમયે બ્રાહ્મણો ધાર્મિક ક્રિયાઓની સાથે શિક્ષણ, વૈદકીય સારવાર, જ્યોતિષનું કાર્ય કરતા. કેટલાક બ્રાહ્મણો વહીવટી અને મહેસૂલ ઉઘરાવવાનું કાર્ય પણ કરતા. બ્રાહ્મણો ગુજરાતમાં જેમ આવી વસ્યા તેમ તેઓમાં પેટાજ્ઞાતો ઊભી થયેલી જોવા મળે છે. જેમ કે ભરૂચના ભાર્ગવ બ્રાહ્મણો, સુરતના અનાવિલો અને વડનગરના નાગર બ્રાહ્મણો ગુજરાતમાં લાંબાકાળથી આવીને વસ્યા હતા; જ્યારે ઔદિચ્યો, મોઢ, ઉનેવાળ, મેવાડા સારસ્વત, કનોજિયા અને બીજા સમયાંતરે આવી સ્થિર થયા. આ અનેક વિભાગોમાંના કેટલાક ઉચ્ચતર બ્રાહ્મણ સમુદાયો ખાસ કરીને નાગરો, અનાવિલો, ભાર્ગવો, ખેડાવાળો અને શ્રીમાળીઓ જેઓ વહીવટ, મહેસૂલ અને તેવાં બીજાં કામોમાં અંગ્રેજો આવ્યા પહેલાંના ગુજરાતમાં સંકળાયેલા હતા. તેઓ ઉપર અંગ્રેજોની રાજકીય, આર્થિક અને શૈક્ષણિક નીતિઓની ખાસ અસર થઈ અને ઓગણીસમી સદી દરમ્યાન તેઓએ આગવી વિશિષ્ટતાઓ પ્રાપ્ત કરી.*

3.2.3.2 *રાજપૂત*

*ગુજરાતી સમાજમાં બીજો મહત્વનો સમુદાય રાજપૂત સમાજ છે. જેમા ચાવડા, ચૌહાણ, ગોહિલ, જાડેજા, ઝાલા, પરમાર, રાઠોડ, સીસોદિયા, સોલંકી લાંબા સમયથી ગુજરાતમાં વસવાટ કરતા. જ્યારે સમયાતરે અન્ય પેટાજ્ઞાતિઓનો ઉદ્દભવ થયો. આ સમયે રાજપૂત સમાજ લશ્કર અને ખંડણી ઉઘરાવવાનું કાર્ય કરતો. અંગ્રેજોએ દાખલ કરેલી વહીવટી અને મહેસૂલી વ્યવસ્થાના કારણે રાજપૂત સમુદાયના અધિકારો છીનવી લેવાયા હતા.*

3.3.2.3 *વણિક*

*ગુજરાતી સમાજમાં વણિક સમાજના 84 વિભાગોનો ઉલ્લેખ 'મિરાતે અહમદી'ના લેખક કરે છે. આ સમયે વણિક સમુદાયમાં દસા અને વીસાના ઉપવિભાગો જોવા મળે છે. આ સમુદાયના 'મેશ્રીઓ' વૈષ્ણવ જ્યારે 'શ્રાવકો' જૈન ધર્મના અનુયાયી હતા. વણિક સમુદાય આ સમયે દેશ પરદેશમાં વેપાર, બેંકિંગ, નાણા ધીરધાર અને ઝર-ઝવેરાતના*

*વ્યવસાય સાથે જોડાયેલા હતા. આ સમુદાયના વેપારી કેન્દ્રો શહેરી વિસ્તારમાં જ હતા તેથી સમયાંતરે આ સમુદાય સમૃદ્ધ બન્યો હતા.*

3.3.2.4 *અન્ય જ્ઞાતિઓ*

*ઉપરોક્ત સમાજ સિવાય આહિર, ભરવાડ, મેર, રબારી સમાજ પશુપાલકનું, ભાટ અને બારોટ અન્ય સમાજોની વંશાવળી લખવાનું, ચારણ સમાજ ખોળાધરી લેવાનું તથા તરગાળા અને તુરી સમુદાય મનોરંજનનું કાર્ય કરતો. વાળંદ, ધોબી, ઠાકોર, સુથાર, સોની સમુદાય પોતાની ચોક્કસ સેવાઓ સમાજને આપતો જ્યારે છેક નીચેના દલિત વર્ગો સમાજની અમૂલ્ય સેવા કરતા હતા. આ દરેક સમુદાયના રીતિ- રિવાજો ભિન્ન હતા. જ્ઞાતિઓના નિયમો અફર હતા. ગુજરાતમાં અંગ્રેજી શાસનની શરૂઆતના સમયે ગુજરાતના જ્ઞાતિ સમુદાયની ખાસ વિશિષ્ટ પરંપરા હતી*

### 3.3.3 જ્ઞાતિપંચ

*ગુજરાતના દરેક સમુદાયે પોતાની જ્ઞાતિ પંચાયત દ્વારા વ્યક્તિઓ પર નિયંત્રક વ્યવસ્થા વિકસાવી હતી. જ્ઞાતિપંચો ખોરાક, પોશાક, લગ્ન, જન્મ, મરણ, વિધિઓ ઈત્યાદિ પ્રસંગોના ચોક્કસ નિયમો બનાવ્યા હતા. નિયમોના ભંગ કરનારને ગુનાની ગંભીરતા પ્રમાણ શિક્ષા કરવામાં આવી. જેમાં દંડ, જ્ઞાતિ ભોજન, અમુક સમય માટે અધિકારોથી વંચિત અને જ્ઞાતિબહાર જેવી શિક્ષાઓ હતી. કારીગર વર્ગોમાં જ્ઞાતિની શિક્ષાથી વ્યક્તિ ન માત્ર પોતાનો સામાજિક મોભો, પરંતુ પોતાની આજીવિકાનું સાધન પણ ગુમાવી દેતો, રાજ્ય પણ જ્ઞાતિપંચોની બાબતમાં દખલગીરી કરતા ન હતા. આમ ગુજરાતના જ્ઞાતિ સમુદાયમાં જ્ઞાતિપંચોની વિશિષ્ટ ભૂમિકા હતી.*

### 3.3.4 સંયુક્ત કુટુંબ વ્યવસ્થા

*ગુજરાતની દરેક જ્ઞાતિઓમાં સંયુક્ત કુટુંબ વ્યવસ્થા પાયાનું ઘટક હતી. પતિ-પત્ની, બાળકો, પુત્રીઓ, પૌત્રો અને પ્રપૌત્રોનું સંયુક્ત કુટુંબ બનતું જેમાં એક જ નાણાભંડોળમાંથી સહભોજન સહપૂજન અને સહવસવાટ કરતું. સંયુક્ત કુટુંબના વડાને 'કર્તા' કહેવામાં આવતો. તેમની ફરજ પુત્ર-પુત્રીના લગ્ન કરવા, પૂર્વજોને નિવાપંજલી આપી, ઈષ્ટદેવની આરાધના કરવી વગેરે હતી. સંયુક્ત કુટુંબની મિલકતમાં દરેક વ્યક્તિ ભાગીદાર હતા. પૂર્વજોની મિલકત બક્ષિસમાં આપી શકાતી કે વેચી શકાતી ન હતી. ગુજરાતની વિવિધ જ્ઞાતિઓમાં રિવાજો અને વ્યવહારમાં અનેક તફાવત હતા. દા.ત. ઉચ્ચ વર્ગના સંયુક્ત કુટુંબોમાં છૂટાછેડાની પ્રથા નિષેધ મનાતી, જ્યારે કેટલાક સમાજમોમાં તેની છૂટ હતી. તેવી જ રીતે, વિધવા-પુનર્લગ્ન, દીકરા-દીકરીનાં લગ્નપ્રસંગે કરવાનો ખર્ચ, લગ્નપ્રસંગે લેવાતી રિવાજ પ્રમાણેની રકમ વગેરે બાબતોમાં જુદી જુદી જ્ઞાતિઓમાં અલગ રિવાજો હતા જેમ કે નાગર સમાજમાં પુત્રના લગ્નપ્રસંગે પિતાને મોટી રકમ ખર્ચવી પડતી; વડનગરા નાગર બ્રાહ્મણો જ એક પત્ની હયાત હોય ત્યારે બીજા લગ્નની છૂટ ન હતી જ્યારે અન્ય બ્રાહ્મણોની પેટાજ્ઞાતિઓમાં તેની છૂટ હતી. ગુજરાતના*

*સમાજોમાં સંયુક્ત કુટુંબ આર્થિક, શૈક્ષણિક, સાંસ્કારિક તથા રાજકીય ફરજો બજાવતું અગત્યનું ઘટક હતું.*

### 3.3.5 સ્ત્રીઓની સ્થિતિ

*19મી સદી પહેલાં ગુજરાતી સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ ખૂબ જ નિરાશાજનક હતી. મોટા ભાગના સમાજોમાં પુત્રીનો જન્મ શાપરૂપ ગણાતો. દીકરીને બોજારૂપ અથવા 'સાપનો ભારો' ગણવામાં આવતી. દીકરી જન્મ બાદ તેના ઉછેરમાં ખાસ કાળજી લેવાતી નહિ. દિકરીઓ માટે શિક્ષણ કે કેળવણી જરૂરી ન ગણાતું. શિક્ષિત સ્ત્રીઓમાં મીરાંબાઇ જેવી સ્ત્રીઓના દાખલા બહુ ઓછા છે. સ્ત્રીઓની જીદગીનો મુખ્ય હેતુ જ પરણીને પુત્રો આપવાનો હતો. ઓગણીસમી સદી પહેલાંના સમાજમાં કન્યાઓ માટે જીવનનો સૌથી મહત્ત્વનો પ્રસંગ લગ્ન ગણાતો હતો. ગુજરાતી સમાજમાં બાળવિવાહ સામાન્ય હતા. દીકરીઓને 3 થી 11 વર્ષની વય વચ્ચે પરણાવી દેવાતી; તેરમા વરસ સુધી તો ભાગ્યે જ કોઈ છોકરી કુંવારી રહેતી. આ બધાનું પરિણામ એ આવ્યું કે ઘણાં કજોડા લગ્નો થતાં. કન્યાની ઉમર ઓછી હોય અને વર સાઠ વર્ષનો ડોસો હોય. તેથી સ્ત્રી બાળવધૂઓ, બાળમાતાઓ અને બાળવિધવા બનતી. કવિ વલ્લભ ભટ્ટે 'ગોરમા'ને ઉદ્દેશીને લખેલા કાવ્યમાં બાળપત્નીઓની દુર્દશા વિશે હૃદયદ્રાવક વર્ણન કર્યું છે.*

*ગુજરાતના આ સમાજમાં બહુપત્નીત્વ રિવાજને કારણે પુરુષ ગમે તેટલી પત્નીઓ કરી શકતો જ્યારે સ્ત્રીઓને વિધવા બને તો પણ પુનર્લગ્નની છૂટ ન હતી, એટલું જ નહિ પરંતુ કેટલાક સમાજોમાં સ્ત્રીઓને પતિ સાથે તે પણ સતી થવાની અપેક્ષા રખાતી. કેટલાક સમાજોમાં સ્ત્રીઓને પતિના મૃત્યુ પછી બ્રહ્મચર્યવ્રત પાળવું પડતું. કેટલાક સમાજોમાં વિધવા સ્ત્રીઓને સાદગીભર્યું જીવન ગાળવાનું રહેતું અને પ્રાણ ટકાવી રાખવા આવશ્યક હોય તે સિવાયની બીજી બધી ચીજો તેને માટે વર્જ્ય ગણાતી. સ્ત્રીઓનું માથું મૂંડાવી નંખાતું, માત્ર બંગડી સિવાય, બીજાં કોઈ ઘરેણાં પહેરી શકાતાં નહિ અને તે જે નાતની હોય તે નાતના જ્ઞાતિપંચે નક્કી કર્યા મુજબની માત્ર સફેદ કે કાળી કે કિરમજી રંગની સાડી પહેરતી. કોઈ પણ શુભ પ્રસંગ કે ઉત્સવમાં ભાગ લેવાની તેને છૂટ ન હતી. કેટલાક સમાજોમાં સ્ત્રીઓ ઘરની બહાર પણ નીકળી શકતી ન હતી.*

*ઓગણીસમા સૈકા પહેલાંના ગુજરાતમાં સ્ત્રીઓ પ્રત્યેનું સમાજનું વલણ મધ્યકાલીન યુગનું જ હતું. સ્ત્રી પુરુષને આધીન હતી. સ્ત્રીના સામાજિક અને કાનૂની હક્કો તદ્દન નહિવત હતા.*

**(ખ) તમારી પ્રગતિ ચકાસો.**

**(A) નીચેની ખાલી જગ્યા પૂરો.**

1. *જ્ઞાતિ અને ____________ ગુજરાતના સમાજની બે મુખ્ય સંસ્થાઓ હતી.*
2. *ગુજરાતના સમાજમાં નવ 'નારૂ' અને ____________ 'કારૂ'નો સમાવેશ થતો હતો.*

3. વણિક સમુદાયમાં દશા અને ___________ જેવા ઉપવિભાગો જોવા મળતા હતા.
4. સંયુક્ત કુટુંબમાં વડો __________ નામથી ઓળખાતો હતો.
5. કવિ વલ્લભ ભટ્ટે ____________ કાવ્યમાં બાળપત્નીઓની દુર્દશા આલેખી છે.

(B) 19મી સદીની પૂર્વ સંધ્યાએ ગુજરાતની સામાજિક સ્થિતિ વિશે ચર્ચા કરો.

______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________

## 3.4 આર્થિક સ્થિતિ

19મી સદી પહેલાં ગુજરાતની અર્થવ્યવસ્થા ગ્રામ્ય અને શહેરી સંસ્કૃતિ પર નિર્ભર હતી. આર્થિક રીતે આ સમયે જે શહેરો હતા તે રાજધાની, વેપારી કેન્દ્ર કે બંદર હોવાના કારણે વિકસ્યા હતા. આ સમયના શહેરોમાં કારીગરો, વેપારીઓ, પરંપરાગત વ્યવસાયકારોના વસવાટથી આર્થિક રીતે ગુજરાત સદ્ધર બન્યું હતું. જ્યારે ગામડાઓમાં ખેડૂતો અને કારીગરો એકબીજાની જરૂરિયાતો માટે પરસ્પર એકબીજા પર નિર્ભર હતા. આપણે સૌ પ્રથમ આ સમયની આર્થિક સ્થિતિના સંદર્ભે ગુજરાતની ગ્રામ્ય અર્થવ્યવસ્થાને સમજીએ

### 3.4.1 ગુજરાતની ગ્રામ્ય અર્થવ્યવસ્થા

19મી સદી પહેલા ગુજરાતની અર્થ વ્યવસ્થાનું પાયાનું ઘટક ગામડું હતું અને મોટા ભાગની વસ્તી ગામડાંઓમાં રહેતી હતી. ગુજરાતનો લાંબો દરિયાકાંઠો બહારની દુનિયા સાથે વેપારની સગવડ કરી આપતો હોવાથી કેટલાક પ્રદેશો નિકાસ કરવાનો માલ ઉત્પાદિત કરવા પ્રેરાયા હતા. દા.ત. સુરત, ભરૂચ, ખંભાત, નડિયાદ, વિરમગામ, જંબુસર, અમદાવાદ અને ખેડા પ્રદેશના ગ્રામસમાજો વેપારી પાક તરીકે કપાસ પેદા કરતા હતા, જેની શહેરો કાપડ બનાવવા માટે ભારે માંગ રહેતી. આ ગ્રામ્ય પ્રદેશોએ કપાસના ઉત્પાદન દ્વારા ગુજરાતના વેપારને પ્રગતિના પંથે દોર્યો હતો જેથી આ પ્રદેશો સમયાંતરે સમૃદ્ધ બન્યા. ગુજરાતના મોટા ભાગના ગામડાં સ્વનિર્ભર હતો ગામડાના દરેક જ્ઞાતિ સમાજોનો વ્યવસાય નક્કી હતો તેથી તેઓ પરસ્પર વિનિમય અને સહકારથી પોતાની અર્થવ્યવસ્થા જાળવી રાખી હતી

જે તે ગ્રામસમાજમાં વસવાટ કરતી જ્ઞાતિઓ પર ગામના અર્થકારણનો આધાર રહેતો. જેમાંનો પ્રથમ વર્ગ ખેડૂતોનો હતો જ્યારે બીજો વર્ગ ગામચાકરોનો હતો, જેમાં પણમાં બે શ્રેણીઓ હતી પહેલી શ્રેણી ગામપટેલો અને મઝુમદારો જેઓ બહારની દુનિયા સાથેના

*સંબંધો જાળવતા; અને બીજી શ્રેણી કારીગરો અને દલિત વર્ગ જેઓ ગ્રામસમાજની આંતરિક જરૂરિયાતો પૂરી પાડતા હતા.*

*ગામનો મુખી પેઢી દર પેઢી ચાલ્યો આવતો હોદ્દેદાર હતો. મહેસૂલ વસૂલાત, ગ્રામસમાજનું રક્ષણ, ગામના પ્રશ્નોનું નિરાકરણ તેની મુખ્ય ફરજો હતો. મુખી બાદ ગામનો હિસાબનીશ મહત્વ ધરાવતો જે મહેસૂલી વ્યવસ્થા સંભાળતો, આ સિવાય ધર્મગુરુ, કુંભાર, સુથાર, લુહાર, દરજી, મોચી, ધોબી, ચોકીદાર, પગી અને દલિત વર્ગો, આ તમામ ગ્રામસેવકો ગામને આત્મનિર્ભર બનાવી રાખવામાં મહત્વનો ભાગ ભજવતા. આ ગ્રામસેવકો તેમની સેવાઓ માટે રોકડનાણું મેળવતા નહીં પણ ચીજવસ્તુ મેળવતા. દરેકનો હિસ્સો રિવાજ મુજબ નક્કી થતો. મહેસૂલ ઉઘરાવનાર, જો તે રાજ્યનો સીધો પ્રતિનિધિ હોય તો એકંદરે ઉત્પન્નનો એક- ચતુર્થાંશ કે એક-ષષ્ઠાંશ ભાગ માગતો; જો દેસાઈ, અમીન કે ગરાસિયો વચ્ચે હોય તો તે રાજ્ય વતી મહેસૂલ લેવા ઉપરાંત રિવાજ મુજબની બીજી માગણીઓ જેવી કે 'જિવાઈ' અને 'સુખડી' પણ લેતો. જો ગામ કોઈ ધાર્મિક સંસ્થાને (વજીફા) અર્પણ થયું હોય તો તે ધાર્મિક સંસ્થા મહેસૂલ સાથે કેટલીક દૂધ, ઘી જેવી પેદાશો પણ પ્રાપ્ત કરતી. આ સમયની ગ્રામ્ય અર્થવ્યવસ્થા વિશે કવિ શામળ ભટ્ટના કાવ્યોમાંથી તેનો ચિતાર મળે છે.*

### 3.4.2 ગ્રામ્ય ઉત્પાદન પદ્ધતિ

*આપણે આગળ જોયું તે મુજબ આ સમયનો ગ્રામ્ય સમાજ આત્મનિર્ભર હતો. ગામડાનો મુખ્ય વ્યવસાય ખેતી હતી. ખેતી જીવનનિર્વાહ માટે કરવામાં આવતી. અંગ્રેજોના આગમન પહેલાં કેટલાક વિસ્તારોમાં ખેતી કપાસ, ગળી અને તમાકુ જેવા રોકડિયા પાકોના ઉત્પાદનથી આર્થિક સદ્ધરતાનું સાધન બની હતી. ઉપરાંત વાહનવ્યવહાર અને બજારોની અનિશ્ચિતતાને કારણે અઢારમાં સૈકામાં ખેડૂત પોતાની જરૂરિયાતો પૂરતી જ પેદાશ લેતો.આ સમયે નાણાકીય લેવડદેવડ પણ મર્યાદિત હતી અને સાટા પદ્ધતિ દરેક સમાજોની જરૂરિયાતો માટે પૂરતી હતી. રાજ્યની કોઈ અસર ગ્રામ સમાજો ઉપર ભાગ્યે જ થતી. દા.ત. કોઈપણ કુટુંબ તેના વડાને નામે જમીન ધરાવતું, પરંતુ તેને વેચવાનો અધિકાર ન હતો. ગામલોકોની જમીનો જુદા જુદા સામુદાયિક નિયમનો હેઠળ હતી અને સૌને સામુદાયિક સેવાઓ પામવાનો અધિકાર હતો.*

*આ સમયે રાજ્ય તરફથી ગામડાનું મહેસૂલ એકઠું કરવા માટે રાજપૂતો, મઝમૂદારો, ગરાસદારો, નવાબો, દેસાઈઓ, અને કુમાવિસદારો હતા. કેટલાંક ધાર્મિક સંગઠનોને પણ મંદિરો અને બીજી ધાર્મિક સંસ્થાઓ માટે ગામડાઓ પાસેથી મહેસૂલ લેવાનો અધિકાર આપવામાં આવ્યો હતો. આ સિવાય દેસાઈ, બ્રાહ્મણ, પાટીદાર અને કાયસ્થ (લહીઆ) તથા મહારાષ્ટ્રના થોડા બ્રાહ્મણોને પણ ગુજરાતી સમાજમાં મહેસૂલ એકઠું કરવાનો અધિકાર આપવામાં આવેલ હતો.*

19*મી સદી પહેલાંના ગુજરાતનો ગ્રામ્ય સમાજ વિશે ટૂંકમાં કહી શકાય કે-*

- *ગ્રામ્યસમાજે સ્વીકારેલી પ્રણાલિકા મુજબ ખેડૂતને જમીન ધારણ કરવાનો હક હતો, પરંતુ તે જમીન વેચી, ગીરવે મૂકી કે બીજાના નામે ન કરી શકતો.*
- *ગામડાનો કારીગર વર્ગ લાંબા સમયથી ચાલી આવતી વ્યવહાર શ્રુખંલા મુજબ અમુક સેવા માટે ફરજો અને રિવાજોથી બંધાયેલો હતો. ખેડૂત જરૂર પડે ત્યારે તે કારીગર વર્ગની સેવા લેતો તેના બદલામાં તે અલાયદી ચૂકવણી કરતો.*
- *ગ્રામસમાજના વ્યવસાય પરંપરાગત હતા જે વ્યક્તિને પોતાના જન્મથી જ મળી જતા, પસંદગી કે ગુણવત્તાના આધારે મળતાં નહીં.*
- *ગ્રામસમાજોમાં વિવિધ આર્થિક સમૂહો વચ્ચે પરંપરા નિર્ણિત સંબંધો અને કાર્યની વહેંચણી પ્રાથમિક કક્ષાની હોવાથી ગ્રામ્ય અર્થકારણની આત્મનિર્ભરતા વૃદ્ધિ પામતી હતી.*
- *ગ્રામડાઓમાં ઉત્પાદન માત્ર ગ્રામસમાજના નિભાવ માટે જ થતું પેદાશનો અમુક ભાગ રાજ્યને કે મંદિરને આપવામાં આવતો*

*પરંતુ સમયાંતરે કુદરતી આપત્તિઓ, વસ્તીવધારો અને રાજ્યના આમંત્રણથી ગ્રામ્યસમાજો વિકસ્યા અને વિસ્તર્યા પણ આ ગતિશીલતા વધુ ને વધુ ગ્રામસમાજોના નિર્માણમાં પરિણમી, જેમાં પરંપરાગત આર્થિક સંબંધો જેમના તેમ ચાલુ રહ્યા અને બજાર કે નાણાકીય અર્થકારણ ઉપર આધારિત ઉત્પાદનની અટપટી પદ્ધતિઓ અપનાવતા સમાજોમાં તેમનું રૂપાંતર થયું નહીં.*

### 3.4.3 ગુજરાતની શહેરી અર્થવ્યવસ્થા

*ગુજરાત પ્રાચીનકાળથી વેપાર, ઉદ્યોગો તથા દરિયાકાંઠાના લીધે શહેરોનો પ્રદેશ રહ્યો છે. મિરાતે અહમદી અનુસાર અમદાવાદ પ્રાંતને 27 બંદરો અને 45 બારાઓનો લાભ મળ્યો હોવાની માહિતી મળે તે પરથી કહી શકાય કે આ સમયે ગુજરાતમાં શહેરી સંસ્કૃતિ વિકસી હતી.*

*આ સમયે ગુજરાતમાં જે ત્રણ પ્રકારના શહેરો વિકસ્યા હોવાની માહિતી મળે છે. જેવા કે ચાંપાનેર, પાટણ, સુરત, ખંભાત, ભાવનગર, જૂનાગઢ અને બીજા આવાં શહેરો સંખ્યાબંધ ઠાકોરોની ગાદીનાં સ્થળ કે કેટલાક રાજાઓ, સુલતાનો કે નવાબોની રાજધાનીનાં સ્થળો હતાં. બીજા પ્રકારનાં શહેરો આંતરિક વેપારનાં મહત્વનાં કેન્દ્રો હતાં જેવા કે વિરમગામ, ધોળકા, ધંધુકા, નડિયાદ અને મહેમદાવાદ આ પ્રકારનાં શહેરો હતાં. આ શહેરોમાંનાં ડાકોર, નડિયાદ, પાટણ અને સુરત પ્રાચીન કે મધ્યયુગીન સમયમાં ધાર્મિક કેન્દ્રો હતાં. ત્રીજા પ્રકારનાં શહેરો દરિયાકાંઠાનાં (બંદરો) હતાં, જે આંતરરાષ્ટ્રીય વ્યાપારના કેન્દ્રો હતા જેવા કે ખંભાત, સુરત, ભરૂચ, જંબુસર, ઘોઘા, ધોળકા, વેરાવળ, માંગરોળ.*

*ગુજરાતનાં શહેરો કસબા તરીકે ઓળખાતાં. 'કસબ' શબ્દનો અર્થ થાય છે 'કારીગરી'. આ હકીકત સૂચવે છે કે આ શહેરી કેન્દ્રોની આર્થિક પ્રવૃત્તિઓ હાથકારીગરીના ઉદ્યોગો*

ઉપર કેન્દ્રિત થયેલી હતી અને તેની સ્થાનિક તથા આંતરરાષ્ટ્રીય બજારો માંગ હતી. આ શહેરોમાં રાજાઓ, સમાજના ઉચ્ચ વર્ગો અને પરદેશનાં બજારોની જરૂરિયાતો માટે ઊંચા પ્રકારની ચીજવસ્તુઓ બનતી અને સામાન્ય લોકોની રોજિંદી જરૂરિયાત માટે ચીજ વસ્તુઓ બનતી.

ગુજરાતમાંથી ઉત્પાદિત થતા રેશમ, મશરૂ, સાટીન અને બાફ્ટા, મસલીન, ગળી, તલવારો, કટારીઓ, ઢાલો તથા અનેક સુતરાઉ કાપડની જાતોની માંગ ખૂબ રહેતી હતી. આ સર્વોપરિતા ઓગણીસમી સદીના બીજા દાયકાનાં શરૂઆતનાં વરસો સુધી રહી. આ ઉપરાતં હાથીદાંતની ચીજવસ્તુઓ, અકીક અને બીજા કિંમતી પથ્થરનાં ઘરેણાંઓ, રેશમ કે સોનેરી રૂપેરી જરીકામ વગેરે જેવી ચીજવસ્તુ પણ માંગ રહેતી. આ ચીજવસ્તુઓની માગ અને વેપારના કારણે ગુજરાતના અનેક પ્રદેશો શહેરોમાં પરિણમ્યા જેમ કે વહાણો બાંધવાનો ઉદ્યોગ ગુજરાતમાં વિક્સ્યો ડૉ. મજમુદાર માને છે કે સુરતમાં કાપડ ઉદ્યોગ ખૂબ વિક્સ્યો હતો પરંતુ સત્તરમા સૈકાનો અર્ધભાગ આવતાં સુધીમાં સુરત ખાતે આવેલ અંગ્રેજ કંપનીએ સફળતાપૂર્વક નાનાં વહાણો ભારતમાં જ બંધાવી લેવાની નીતિ અખત્યાર કરી. પરિણામે સુરતમાં જહાજ બાંધવાનો ઉદ્યોગ વિક્સ્યો હતો સમયાંતરે આ ઉદ્યોગ મુંબઈ ખાતે ફેરવતા આ ક્ષેત્રમાં પારસી સમાજે ખૂબ નામના મેળવી હતી. ટૂંકમાં જહાજ ઉદ્યોગના કારણે પહેલા સુરત અને પછી મુંબઈ જેવા વિકસિત શહેરો અસ્તિત્વમાં આવ્યા

આ ઉપરાંત ગુજરાતમાં શહેરોના વિકાસમાં વેપારીવર્ગ જેવા કે વાણિયા, હિન્દુ, જૈન, મુસલમાના અને પારસીઓનો મહત્તમ ફાળો રહેલો છે. વેપારી વર્ગે વહાણવટું અને વેપાર, ઝવેરાત, શરાફી વ્યવસાય, ધીરાણનો ધંધો તથા કાપડ ઉદ્યોગમાં ખૂબ પ્રગતિ કરી. ગુજરાતમાં વેપારી વર્ગના કારણે પણ શહેરોની પ્રગતિ થઈ જેમ કે અમદાવાદના નગરશેઠ શાંતિદાસ ઝવેરી અને સુરતના વીરજી વોરા જેવા વેપારીઓના કારણે આ બંને શહેરોનો વિકાસ ખૂબ થયો હતો.

### 3.4.4 મહાજન વ્યવસ્થા

19મી સદી પૂર્વે ગુજરાતની અર્થવ્યવસ્થામાં 'મહાજન' વેપારીઓનું મહત્વનુ સંગઠન હતું. આ સંસ્થામાં કોઈ એક જ વ્યવસાય કે વેપાર વિશાળ ક્ષેત્રે કરતા જુદી જુદી જ્ઞાતિઓના લોકોનો સમાવેશ થતો હતો. ગુજરાતમાં આ સમયે કાપડ, માટીના વાસણો, ઝર-ઝવેરાત તથા અન્ય વ્યવસાય કરતા લોકોના જુદા જુદા મંડળો (મહાજન) હતા. આ મહાજન પોતાના વ્યવસાયનું નિયમન કરતા. વ્યવસાયના વિકાસ માટે કાર્યો કરતા. મંડળના સભ્યને આર્થિક, સામાજિક તથા રાજકીય મદદ કરવાનું કાર્ય કરતા. સાથે સાથે કોઈ મંડળના નિયમનો ભંગ કરે તો તેને ચોક્કસ રકમનો દંડ કે નાત બહાર મૂકવાનું કાર્ય પણ કરતા. કોઈ પણ વ્યવસાયકાર મંડળ(મહાજન)ની પરવાનગી વગર વ્યવસાય બદલી શકતા ન હતા. આવું કૃત્ય પ્રાણધાતક હતું. મહાજનના વડાનું સ્થાન વારસાગત હતું.

### 3.4.5 નાણા સંસ્થાઓ

*અંગ્રેજોના આગમન પહેલા ગુજરાતમાં મહાજનોની સાથે સાથે નાણાક્ષેત્રે મોટી પેઢીઓ ઊભી થઈ હતી. આ પેઢીઓની ખ્યાતિ આંતરરાષ્ટ્રીય હતી. ગુજરાતમાં વેપાર ક્ષેત્રે માલ પુરો પાડવા, વેપારનો વિકાસ કરવા આવી પેઢીઓ (બેકિંગ) સંસ્થાઓ ઊભી થઈ હતી. શરૂઆતમાં આ પેઢીઓ કોઈ એક કુટુંબ દ્વારા ચલાવવામાં આવતી સમયાંતરે જ્ઞાતિ, મહાજન, નગરશેઠ દ્વારા પેઢીઓનું નિયમન થવા લાગ્યું. અંગ્રેજોના આગમન પહેલાં ગુજરાતમાં મુઘલ, મરાઠા અને દેશી રાજ્યોમાં જે તે રાજાના સિક્કાનું ચલણ હતું, પરંતુ વેપારમાં જ્યારે આ ચલણોની અનિશ્ચિતતા, ઊભી થઈ તેવા સમયે સ્થાનિક નાણા સંસ્થાઓએ મહત્વનો ભાગ ભજવ્યો. જેમ કે હૂંડી જેવું માધ્યમ આ સમયે વિનિમયનું મહત્વનું સાધન બન્યું. જેમ કે શામળ બેચર, અર્જુન નાથજી, હરિભક્તિ વલ્લભ, તાપીદાસ જેવા ખ્યાતનામ કુટુંબોની હૂંડી લોકો સ્વીકારતા હતા. સમયાંતરે ગુજરાતમાં નાણાંની લેવડદેવડ અમુક જ્ઞાતિના આગવા કાર્યક્ષેત્રો બની ગયા. આ નાણા સંસ્થાઓ વેપારનું નિયમન કરતી, કુટુંબોની અનામતો જમા રાખતી, ધાર્મિક સંસ્થાઓનું સોનુ અને અનામતો જમા રાખતી, રાજા અને રાજ્યોને નાણા ધીરતી, વિગ્રહ સમયે આવશ્યક નાણા પુરા પાડતી, વિદેશમાં આયાત થતા માલ માટે વીમા એજન્ટ વગેરે જેવા કાર્યો કરતી હતી.*

**(ગ) તમારી પ્રગતિ ચકાસો.**

**(A) નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. *ગુજરાતના ગ્રામ્ય સમાજમાં બીજો વર્ગ કોનો હતો ?*
2. *મહેસૂલ ઉઘરાવનાર રાજ્યનો સીધો પ્રતિનિધિ એકંદર કેટલું મહેસૂલ ઉઘરાવતો ?*
3. *'કસબ' શબ્દનો અર્થ શું થાય ?*
4. *વેપારીઓનું સંગઠન કયા નામે ઓળખાતું હતું ?*
5. *જહાજ ઉદ્યાગોમાં કયા સમાજે નામના મેળવી હતી ?*

(B) 19*મી સદીના પૂર્વાર્ધમાં ગુજરાતની આર્થિક સ્થિતિ અંગે ટૂંકમાં નોંધ લખો.*

## 3.5 સાંસ્કૃતિક સ્થિતિ

*ઈ.સ.*1758*માં અમદાવાદમાં મરાઠા સત્તાની સ્થાપના થતા ગુજરાતની રાજકીય પરિસ્થિતિમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું. આ સમય દરમિયાન મરાઠા સરદારો વચ્ચેના સત્તાના સંઘર્ષના કારણે ગુજરાતને વ્યવસ્થિત અને કાર્યદક્ષ વહીવટ આપી શક્યા નહી,*

*તેથી રાજ્યમાં અશાંતિ અને અવ્યવસ્થાનું સર્જન થયું, જેની અસર સ્થાપત્ય, શિલ્પ, ચિત્ર, નૃત્ય, નાટ્ય, સંગીત વગેરે લલિતકલાઓ ઉપર પડી. મુઘલ સામ્રાજ્યના પતનથી લલિતકલાઓને રાજ્યાશ્રય મળતો બંધ થયો અને મરાઠા કાલમાં લલિતકલા ક્ષેત્રે એટલો વિકાસ ન થયો પરંતુ જે સાંસ્કૃતિક પરિવર્તન આવ્યું તેમાં આપણે સૌ પ્રથમ આ સમયની સ્થાપત્યકલા વિશે ટૂંકમાં માહિતીએ.*

### 3.5.1 સ્થાપત્ય કળા

*આ સમયમાં નાગરિક અને ધાર્મિક પ્રકારનાં સ્થાપત્ય ક્ષેત્રોમાં કેટલીક ગણનાપાત્ર પ્રવૃત્તિ થયેલી જોઈ શકાય છે.*

### 3.5.2 નાગરિક સ્થાપત્ય

*આ સમય દરમિયાન વડોદરા, ભાવનગર, ખંભાત, સુરત, નડિયાદ, કડી, અમરેલી વગેરે શહેરોનો વિકાસ થયો હતો. મરાઠાઓ દ્વારા આ શહેરોમાં બાંધવામાં આવેલા નાગરિક સ્થાપત્યોમાં નગરો, રાજમહેલો, હવેલીઓ, બજારો, જાહેર મકાનો, તળાવો, રસ્તાઓ વગેરેનો સમાવેશ થાય છે. આ સમયે મકાનો ઈંટ, માટી અને ચૂનાના ચણતરથી બનતા. તેમાં બારી, દરવાજા, પાટડા, છજા, ઝરૂલા વગેરેમાં કાષ્ઠનો પ્રયોગ થતો. કાષ્ઠકામમાં પૂતળીઓ અને ફૂલવેલની ભાતોનું રૂપાંકન કરવામાં આવતું. નડિયામાં આવેલ 'કહાનદાસ પટેલની હવેલી', થામણાની 'દવેજીની હવેલી' તેના ઉદાહરણો છે.*

*આ સમયે પાટણમાં બંધાયેલી 'ત્રિકમ બારોટની વાવ', સોજિત્રામાં મોગરળ તળાવ, બેટ શંખોદ્ધારમાં પૂર્વ દિશામાં આવેલું 'દમાજી સરોવર' તથા સૂરતમાં બાંધવામાં આવેલ 'અલ્લાબાગ' નાગરિક સ્થાપત્યના ઉદાહરણો છે. મુઘલ સમયમાં ગુજરાતના શહેરોમાં રસ્તાઓનું બાંધકામ યોગ્ય હતું પરંતુ મરાઠા સમયમાં રસ્તાઓની વ્યવસ્થા યોગ્ય જણાતી નથી જેમ કે અમદાવાદમાં મરાઠા અમલદારો પૈકીના કેટલાક લાંચ લઈને રસ્તાઓ પર પણ મકાનો બાંધવાની છૂટ આપતા હોવાથી ઘણી જગ્યાએ લોકોએ મકાનો બાંધી રસ્તાઓ પર દબાણ કરેલું જેવા મળે છે. પરિણામે મુખ્ય રસ્તાઓ અને શેરીઓના રસ્તાઓ વચ્ચેનું અગાઉનું સમાયોજન વીંખાઈ ગયું. વળી, પૈસા પડાવવા માટે શ્રીમંત લોકો પર ગમે ત્યારે હુમલાની પરિસ્થિતિ પ્રવર્તતી હોવાથી ઘણી પોળમાં ઊંચા મજબૂત દરવાજા કરી એના પર ચોકીદાર રાખવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.*

### 3.5.3 ધાર્મિક સ્થાપત્ય

#### 3.5.3.1 *હિંદુ ધાર્મિક સ્થાપત્ય*

*આ સમયે અનેક નવાં મંદિર, કુંડ અને અન્ય ધાર્મિક બાંધકામ થયા તો તેની સાથે કેટલાંક જૂનાં જીર્ણોદ્ધાર પણ પામ્યાં. ઈંદોરનાં મહારાણી અહલ્યાબાઈ, પાટણ-વડોદરાના દમાજીરાવ ગાયકવાડ અને વડોદરાના ફત્તેસિંહરાવ ગાયકવાડ વગેરેએ કરાવેલાં બાંધકામ ગુજરાતના મંદિર-સ્થાપત્યમાં વિશિષ્ટ ભાત પાડે છે. મંદિરોની રચના પરત્વે એમણે*

દક્ષિણ ભારતનાં મંદિરોમાંથી મુખ્યત્વે બે તત્વ ગ્રહણ કર્યાં : (1) તલમાનમાં દેવના વાહન કે દાસ માટે અલગ મંડપ કરવો અને ઊર્ધ્વમાનમાં મંદિરના શિખરને પિરામિડનો ઘાટ આપવો. વડોદરા, ડાકોર, સારસા, પાટણ, અમદાવાદ વગેરે સ્થાનોએ આવેલાં મંદિર આ બાબતનાં સૂચક છે. આથી આ સમયના શિવાલયમાં નંદી-મંડપ, વિષ્ણુમંદિરમાં ગરુડ-મંડપ અને રામમંદિરમાં હનુમાન-મંડપ અલગ બાંધેલા જોવા મળે છે. મરાઠાઓએ બંધાવેલાં મંદિરો સિવાયનાં અન્ય મંદિરોમાં મુખ્યત્વે ગુજરાતમાં સોલંકીકાલથી સ્થાપિત થયેલી ઉત્તર ભારતીય નાગર શૈલી અનુસાર તલમાનમાં તારાકાર અને ઊર્ધ્વમાનમાં 'રેખાન્વિત' શિખર-પદ્ધતિ પ્રમાણે બનેલાં છે. શત્રુંજય, સુપેડી, જડેશ્વર, સુરત વગેરે સ્થળોએ આવેલાં મંદિર આ સ્વરૂપનાં છે. વૈષ્ણવ મંદિરોમાં શિખર બાંધવાની પ્રથા ન હોવાથી હોવાથી આ સમયમાં વૈષ્ણવ મંદિરો હવેલી સ્વરૂપે બંધાયાં હતાં.

સુરતમાં આવેલું બાલાજી મંદિર 19મી સદીના પહેલા દાયકામાં બંધાયેલું ભવ્ય મહામંદિર છે. ભરૂચનું ભૃગુ ભાસ્કરેશ્વર મંદિર, વડોદરાનું ખંડોબા, ગણપતિ અને યવતેશ્વર મંદિર, ડાકોરનું સુપ્રસિદ્ધ રણછોડરાય મંદિર, નડિયાદનું નારણદેવનું મંદિર, અમદાવાદમાં મરાઠાકાલમાં બંધાયેલી ગણેશબારીથી છેક વિઠ્ઠલ મંદિર સુધી રસ્તામાં આવતા પંચમુખી મહાદેવ, ગણપતિ મંદિર, હાટકેશ્વર મહાદેવનું મંદિર વગેરે આ સમયમાં બંધાયેલા હિન્દુ સ્થાપત્યોના ઉદાહરણો છે.

### 3.5.3.2 જૈન ધાર્મિક સ્થાપત્ય

આ કાળમાં સો જેટલાં નવાં જિનમંદિર બંધાયાં અને ઘણાં જીર્ણોદ્ધાર પામ્યાં. અમદાવાદમાં શેઠની પોળમાં આવેલું 'શીતલનાથ'નું અને વાઘણપોળમાં(છવેરીવાડ)માં આવેલું 'અજિતનાથ' અને 'શાંતિનાથ'નું દેરાસર, સોજિત્રાનું સમડી ચકલામાંનું 'મહાવીર સ્વામી'નું દેરાસર, અણસ્તુ (જિ. વડોદરા)નું 'પાર્શ્વનાથ'નું, ભરૂચમાંનું શ્રીમાળી પોળમાં આવેલું 'શંખેશ્વર પાર્શ્વનાથ'નું, સુરતમાં ગોપીપુરામાંનું 'મહાવીર મંદિર', પાલનપુરનું કમાલપુરામાંનું 'સંભવનાથ'નું, વલસાડમાં શેઠ ફળિયામાંનું 'મહાવીર સ્વામી'નું, દમણ (જિ. સુરત)માં વાણિયાવાડમાંનું 'આદિનાથ'નું, થરા (તા. થરાદ)નું બજારમાં આવેલું 'શાંતિનાથ'નું, ડભોડા (તા. ગાંધીનગર)નું વાણિયાવાસમાંનું 'અજિતનાથ'નું, ઈલોલ (તા. હિંમતનગર)માં બજારમાં આવેલાં 'કુંથુનાથ' તથા 'આદિનાથનાં', લાંઘણજ (તા. મહેસાણા)માં આવેલું 'શાંતિનાથ'નું, સમૌ (તા. વિજાપુર)નું બજારમાંનું 'પાર્શ્વનાથ'નું, વિજાપુરમાં સુથારવાડામાંનું 'આદિનાથ'નું અને ચોથિયા કોટમાંનું 'શાંતિનાથ'નું, લોદ્રા (તા.વિજાપુર) ગામનું 'અભિનંદનસ્વામી'નું, પેથાપુર (જિ. ગાંધીનગર)નું બજારમાં આવેલું 'સુવિધિનાથ'નું (બાવન જિનાલય), મોરબીમાં દરબારગઢ પાસેનું 'ધર્મનાથ'નું, ગોંડળમાં દેરા શેરીમાંનું 'ચંદ્રપ્રભસ્વામી'નું, જામનગરમાં લાલબાગ પાસે ડેલી ફળિયામાંનું 'ગોડી પાર્શ્વનાથ'નું (ઘર-દેરાસર), પાલિતાણામાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી પાસેનું 'આદિનાથ' અમરેલીની જૂની બજારમાં આવેલું 'સંભવનાથ'નું, વેરાવળના બહારના કોટનું 'ચિંતામણિ પાર્શ્વનાથ'નું, કચ્છમાં કૂંદરોડી (તા.મુંદ્રા)ના

*બજારમાંનું 'પાર્શ્વનાથ'નું (ઘર-દેરાસર), માંડવી (તા. માંડવી)નું પાટલા બજારમાંનું 'ધર્મનાથ'નું તેમજ આંબા બજારની વોરા શેરી પાસે આવેલું 'શાંતિનાથ'નું, તારંગાનું મૂળ દેરાસરની પાછળનું 'કુંથુનાથ'નું, શત્રુંજય પર ખરતરવસહી ટૂક પરનું શાહ 'હુકમચંદ ગંગાદાસ'નું મંદિર, પાંચ પાંડવોની ટૂક પરનું 'શાહ ખુશાલદાસ ડાહ્યાભાઈ'નું મંદિર આ સમયમાં બંધાયેલાં છે.*

3.5.3.3 *ઈસ્લામિક ધાર્મિક સ્થાપત્ય*

*આ સમયમાં મોટા ભાગની પ્રાચીન મસ્જિદો હતી ઉપરાંત કેટલીક નવી મસ્જિદો પણ બંધાઈ હતી પણ સ્થાપત્યની દષ્ટિએ જૂની મસ્જિદો જેવી ભવ્યતા તેમાં જોવા મળતી નથી. જોકે આમાં સુરતના દરિયા મહેલની બાજુમાં ઈ.સ.*1791*માં બંધાયેલી મસ્જિદ વિશિષ્ટ ભાત પાડે છે.*

*આ સમયે બંધાયેલાં દરગાહ અને રોજાઓ પૈકી સુરતની પીર મક્કીશાહની દરગાહ, કચ્છમાં પીર ગુલામઅલીની જગ્યામાં આવેલી દરગાહો, લખપતમાંની લખપતી પીરની અને પીર ઘોષની દરગાહો તથા ભૂજમાંનો જમાદાર ફતેદ મામદનો રોજો નોંધપાત્ર છે.*

3.5.3.4 *ખ્રિસ્તી ધાર્મિક સ્થાપત્ય*

*ખ્રિસ્તી ધર્મના સંપ્રદાયોનાં દેવળ આ સમયે બંધાયાના ત્રણ નોંધપાત્ર ઉલ્લેખ મળે છે. અંગ્રેજોએ સુરતનો કિલ્લો સર કર્યા પછી ત્યાં ઈ.સ.*1759*માં કૅથોલિક સંપ્રદાયના કાર્મેલાઈટ સંઘે નવું દેવળ બંધાવ્યું હતું. ફિરંગીઓનું રોમન કૅથોલિક દેવળ ઈ.સ.*1802*માં સુરતમાં બંધાયું હતું. આ દેવળ સોની ફળિયામાં આવેલું હતું. ભરૂચમાં ઈ.સ.*1814*માં 'અવર લેડી ઑફ હેલ્થ' નામનું દેવળ બંધાયું હતું.*

### 3.5.4 શિલ્પકલા

19*મી સદીની પૂર્વ સંધ્યાએ ગુજરાતની શિલ્પકલાનો વિકાસ મુઘલકાલીન શિલ્પકલાની અસરથી થયેલો જોવા મળે છે. આ સમયના શિલ્પ સ્થાપત્યમાં ગર્ભગૃહની દ્વારશાખ, પ્રવેશદ્વારના દ્વારપાળ, મંદિરની છતમાં મૂકવામાં આવતા સુરસુંદરીઓ, વાદ્યવારિણીએ વગેરે મુખ્ય છે. આ સમયના શિલ્પોનું કોતરકામ ખૂબ બારીક, ઊંડું, સ્વચ્છ અને રેખાની અવર્ણનીય કુમાશવાળું હતું. આ સમયના હિંદુ-જૈન પાષાણ શિલ્પ, હિંદુ-જૈન ધાતુ શિલ્પ અને હિંદુ-જૈન કાષ્ઠશિલ્પની માહિતી મેળવવી જોઈએ*

3.5.4.1 *હિંદુ-જૈન પાષાણ શિલ્પ*

*આ સમયની હિંદુ-જૈન પાષાણ શિલ્પમાં વડોદરાના શ્રી એન.એન.પટેલના સંગ્રહમાં સચવાયેલી 'પદ્માસનમાં બેઠેલા ગણેશ'ના રથના ખેંચતા બે તંદુરસ્ત ઉંદરનું શિલ્પ મનોહર છે. અમદાવાદના ભદ્રના કિલ્લાના વિસ્તારમાં આવેલ અનેક મંદિરમાં 'હનુમાન', 'રામ-સીતા' અને 'લક્ષ્મણ', 'શ્રીકૃષ્ણ', 'પંચમુખી શિવલિંગ'ના શિલ્પો મહત્વના છે.અમદાવાદના ભદ્રકાળી મંદિરની શ્યામ શિલાની 'ભદ્રકાળી માતાની મૂર્તિ',*

*'ઉમા-મહેશ'ની પ્રતિમાં (કરનાળી), બે પરિચારિકો સાથેનું 'વિષ્ણુનુ શિલ્પ'(પાટણ), 'શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથજી' પ્રતિમા(જૂનાગઢ) વગેરે આ સમયના અગ્રગણ્ય શિલ્પો છે. આ ઉપરાંત ગાયકવાડી ફોજ, વાઘેરોએ આપેલા બલિદાનોની ગાથા વાગોળતા અનેક પાળિયા સૌરાષ્ટ્ર અને કચ્છના ગામે ગામ જોવા મળે છે.*

3.5.4.2 *હિંદુ-જૈન ધાતુ શિલ્પ*

*સૂરતના ત્રિપુરાસુંદરી મંદિરમાં આવેલી મહિષાસુરમર્દિનીની સોળ ભુજાવાળી ધાતુપ્રતિમા, વડોદરા મ્યુઝીયમમાં સચવાયેલી 'પાર્વતી'ની પિત્તળની પ્રતિમા, 'યક્ષી-પદ્માવતી'ની પ્રતિમા, પાટણ વિસ્તારની 'માતા અને બાળક' તથા 'પનિહારી'ની શિલ્પકૃતિ પ્રતિમાંઓ આ સમયની ધાતુ શિલ્પના મહત્વના ઉદાહરણો છે. આ ઉપરાતં મંદિરો, દેરાસરો, હવેલીઓમાં સાંકળ સાથે લટકતા પશુપક્ષીના આકારના દીપક, કલાત્મક હીંચકાની સાંકળો, ધાતુના રમકડા વગેરે શિલ્પકૃતિ અને લોકકલાના નમૂનારૂપ છે.*

3.5.4.3 *હિંદુ-જૈન કાષ્ઠશિલ્પ*

*આ સમયના હિંદુ-જૈન કાષ્ઠશિલ્પમાં કચ્છના મ્યુઝિયમમાં સચવાયેલું સાત સૂંઢવાળા હાથી (ઐરાવત)નું શિલ્પ, વડોદરા મ્યુઝિયમમાં સચવાયેલું 'અંબિકા' અને તેની બંને બાજુ બેઠેલા અંગરક્ષકોનું શિલ્પ, અમદાવાદ 'સમેતશિખર'ની પોળમાં આવેલ પાર્શ્વનાથ મંદિરનો મંડપ, દિલ્લીના મ્યુઝિયમમાં સચવાયેલ મુઘલ કમાનવાળું સુંદર કોતરણીવાળું બારીનું ચોકઠું, મુંબઈ મ્યુઝિયમમાં સચવાયેલ વાજીંત્રો વગાળતા છ-છ સ્ત્રી પુરુષોના સુંદર શિલ્પ, આ સિવાય કાષ્ઠ કોતરણીથી અલંકૃત અને સમૃદ્ધ એવા મંદિરો, સભામંડપો, હવેલીઓ, મકાનો, ચબૂતરાઓ વગેરે હિંદુ-જૈન કાષ્ઠશિલ્પના મહત્વના ઉદાહરણો છે.*

### 3.5.5 લલિતકલાઓ

*આપણે આગળ જણાવ્યું તેમ ગુજરાતમાં મરાઠા શાસકાલ દરમિયાન રાજકીય સંઘર્ષ અને વહીવટી અવ્યવસ્થાના કારણે લલિતકલાઓ જેવી કે ચિત્રકલા, નૃત્યકલા, નાટ્યકલા અને સંગીતકલાનો જે વિકાસ મુઘલ સમયમાં થયો તે મરાઠા સમયમાં ઓછો થયેલો જોવા મળે છે. આપણે પહેલાં ચિત્રકલા વિશે માહિતી મેળવીએ.*

3.5.5.1 *ચિત્રકલા*

*આ સમયની ચિત્રકલામાં બે સ્વરૂપમાં જોવા મળે છેઃ પોથીચિત્રો અને ભીંતચિત્રો. પોથીચિત્રોમાં જૈન, વૈષ્ણવ, શૈવ અને શક્તિ સંપ્રદાયની અસર જોવા મળે છે. જેમાં ચિત્રના લૌકિક નમૂના શિષ્ટ અને લોકસાહિત્યની રચનાઓમાં નજરે પડે છે. ભીંતચત્રો મંદિરો, રાજમહેલો અને શ્રેષ્ઠીઓની હવેલીઓમાં આલેખાયેલાં જોવા મળે છે. પરંતુ એક વાત નોંધવા જેવી એ છે કે આ સમય દરમિયાન મળી આવેલા ચિત્રકલાના નમૂનાઓમાં કલાતત્વની ઊણપ જોવા મળે છે.*

આ સમયના પોથીચિત્રો ગુજરાત-સૌરાષ્ટ્રના જૈન ભંડારોની પોથીઓમાં, ખાનગી માલિકીના સંગ્રહોમાં તેમજ લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ અને શેઠ ભો.જે. વિદ્યાભવન, અમદાવાદમાં સચવાયેલા છે. આ સમયની જૈને 'કલ્પસૂત્ર'ની કાગળની ચિત્રપોથીમાં રાજસવારીના દશ્યમાં પુરુષ અને સ્ત્રી મરાઠી વેશભૂષામાં જોવા મળે છે. કેટલીક પ્રતોના હાંસિયામાં ફૂલવેલની આકૃતિઓ છે. 'સંગ્રહણીસૂત્ર'ની પોથીમાં દેવ-દેવીઓ, ગંધર્વો, સૂર્ય-ચંદ્ર, નદી, વૃક્ષોનું આલેખન છે. 'શ્રીપાલ રાસ'ની પોથીમાં વહાણનું ચિત્ર છે જે ગુજરાતના વહાણવટા પર પ્રકાશ ફેંકે છે.

આ સમયની જૈનતર પોથીની ચિત્રકલા વૈષ્ણવ, શૈવ અને શક્તિ તેમ સૌર સંપ્રદાયો દ્વારા વિકસેલી છે. લૌકિક વિષયોમાં 'રતિરહસ્ય'ની હસ્તપ્રતોમાં કામાસક્ત સ્ત્રી-પુરુષોનાં ચિત્રોનું આલેખન જોવા મળે છે. વૈષ્ણવ સંપ્રદાયના ચિત્રોમાં વિષ્ણુના 'દશાવતારના ચિત્ર', શૈવ સંપ્રદાયના ચિત્રોમાં 'શિવકવચ' અને 'છાયાપુરુષજ્ઞાન' મુખ્ય છે. જ્યારે શક્તિ સંપ્રદાયના ચિત્રોમાં 'દેવીભાગવત', 'ચંડીપાઠ માહાત્મય' મુખ્ય વિષય છે.

મરાઠા કાલમાં ભિત્તિચિત્રોનું આલેખન હિંદુ અને જૈન મંદિરોમાં તેમજ રાજવીઓના મહેલોમાં થયેલું જોવા મળે છે. આ સમયનું જૈન મંદિરોનું ભિત્તિચિત્ર-આલેખન વિશેષ કરીને અમદાવાદ અને સુરતમાં થયેલું જોવા મળે છે. સુરતમાં શાહપોરના પશ્ચિમ છેડા પર ચિંતામણિ પાર્શ્વનાથનું કલાત્મક દેરાસર તથા અમદાવાદનાં જૈન મંદિરોનું લાકડા પરનું કોતરકામ અને ચિત્રકામ નોંધનીય છે, જેમાં ઝવેરીવાડ, વાઘણપોળમાં આવેલ શ્રી અજિતનાથનું મંદિર મુખ્ય ગણાવી શકાય. સુરતના પાશ્વનાથ જૈનમંદિરના રંગમંડપમાં ભગવાન ઋષભદેવ, ભગવા નેમિનાથ તથા ભગવાન મહાવીર સ્વામીના જીવનપ્રસંગોના ચિત્રો જોવા મળે છે. જે આ સમયની ચિત્રકલાનો ઉત્કૃષ્ટ નમૂનો છે.

હિન્દુ મંદિરોના ભિત્તિચિત્રોમાં રામાયણ અને કૃષ્ણના પ્રસંગો આલેખાયેલા છે જ્યારે ભુજમાં આવેલ રાઓશ્રી લખપતજીનો 'આયના મહેલ' અને અંજારમાં આવેલ 'મૅકમર્ડોના બંગલા'ના ચિત્ર વિશેષ ઉલ્લેખપાત્ર છે.

મરાઠા સમયની ગુજરાતી ચિત્રકલા મુઘલ ચિત્રકલાની સરખામણીમાં કંઈક ઓછા નૂરવાળી જણાય છે. જૈન અને જૈનેતર પોથીઓમાં જે પુરુષ અને સ્ત્રીપાત્રોનું આલેખન કરવામાં આવ્યું છે તેમાં સપ્રમાણતા જોવા મળતી નથી. પોથીચિત્રો કરતાં જૈન મંદિરોનાં ભિત્તિચિત્ર કલા-કસબમાં વધુ સમૃદ્ધ છે એમ કહી શકાય. આ સમયમાં ગુજરાતની લઘુચિત્રકલાનો વિકાસ નહીંવત જોવા મળે છે, આમ છતાં જે કંઈ ચિત્રો પ્રાપ્ત છે તે ઉપરથી એ સમયની આર્થિક, સામાજિક, ધાર્મિક અને રાજકીય પરિસ્થિતિનો આપણને ખ્યાલ આવે છે.

3.5.5.2 સંગીતકલા

ગુજરાતમાં સંગીતકલાના વિકાસમાં વૈષ્ણવ, શક્તિ અને જૈન ધર્મએ મહત્વનો ફાળો આપ્યો છે. ગુજરાતના રાજવીઓએ ગાયકો, વાદકો અને નર્તકોને રાજ્યાશ્રય આપી આ

*કલાને પ્રોત્સાહન આપ્યું છે. મધ્યકાલમાં થયેલા નામી અનામી સંતો, સાધુઓ, ભરથરીઓ, કથાકારો, માણભટ્ટો અને ભજનિકોએ પણ સંગીતકલા દ્વારા સમાજને ચેતનવંતો રાખ્યો છે.*

*મુઘલકાલમાં ગુજરાતમાં જે કાગળની પોથીની ચિત્રકલાનો વિકાસ થયો તેનાં ચિત્રોમાં પણ ગાયકો, વાદકો અને નર્તકો જોવા મળે છે. આ સમયનાં મંદિરોમાં જે ભિત્તિચિત્ર આલેખવામાં આવ્યાં તેમાં પણ રાજસવારી, ઉત્સવ કે વરઘોડાનાં દશ્યોમાં અનેક વાદકો નર્તકો અને ગાયકોનું આલેખન કરેલું જોવા મળે છે. આ સમયની ચિત્રકલામાં સંગીતનાં જે વાદ્ય જોવા મળે છે તેમાં ભેરી, ભૂંગળ, મૃદંગ, પખવાજ, દર્દુરી, નગારું, ઢોલ, ઢોલકી, ખંજરી, મંજીરા, વીણા, તાર, શરણાઈ, વાંસળી, પાવો ઈત્યાદિનું આલેખન જોવા મળે છે.*

*મુઘલોની સત્તા નાશ પામતાં ગુજરાતમાં લલિતકલાઓનો વિકાસ રુંધાઈ ગયો. મરાઠા સરદારો સત્તાની સાઠમારીમાં કલાકારોને રાજ્યાશ્રય આપી પ્રોત્સાહન આપી શક્યા નહીં. આમ છતાં ગુજરાત-સૌરાષ્ટ્રમાં જે નાનાં નાનાં રાજ્ય હતાં તેમાં ગાયકો, વાદકો, નર્તકો અને ભાટ-ચારણોને રાજ્યાશ્રય આપી સંગીતકલાને પ્રોત્સાહન આપવાની પ્રથા ચાલુ રહી હતી. સત્તરમા સૈકામાં જામનગરના જામ છત્રસાલ રાજવીના આશ્રિત કવિ શ્રીકંઠે 'રસકૌમુદી' નામનો સંગીતનો ગ્રંથ લખ્યો હતો. આમ મરાઠાઓની સત્તા દરમિયાન રાજકીય અંધાધૂંધીના દિવસોમાં ધાર્મિક સંગીત એ પ્રજાના જીવનનું શ્રદ્ધાસ્થાન હતું અનેક માણભટ્ટો, કથાકારો, ભજનિકો અને રાવણહથ્થો લઈને ફરનારા ભરથરીઓ પોતાની કલા દ્વારા ગુજરાતની મૂંઝાયેલી પ્રજાનું ચૈતન્ય ટકાવી રાખતા હતા.*

3.5.5.3 *નૃત્યકલા*

*મરાઠા સમયમાં ગુજરાતમાં જે નૃત્ય-પ્રકાર પ્રચારમાં હતા તે પૈકી રાસ, ગરબો, ગરબી અને ભવાઈ મુખ્ય હતાં. રાસ અને ગરબોએ ગુજરાતના સમૂહનૃત્યની ભારતભરનાં પ્રાદેશિક સમૂહ-નૃત્યોમાં આગવી વિશેષતા છે. ઐતિહાસિક રીતે તપાસીએ તો 'રાસ'ની પરંપરા ગુજરાતના લોકજીવનમાં ગોપજીવન સાથે સંકળાયેલી છે અને એનો સંબંધ ભગવાન શ્રીકૃષ્ણ સાથે જોડવામાં આવેલો છે. રાસ એ ભક્તિ અને ભાવ સાથે અભિનયસહ મંડલાકારે રમાતી સંગીતમઢી મધુર રચના છે. 'રાસ' સાથે સંકળાયેલ ગુજરાતનું બીજું લોકપ્રિય સમૂહનૃત્ય તે 'ગરબો' છે. 'રાસ'ની જેમ જ 'ગરબા'નો સંબંધ પણ વૈષ્ણવ સંપ્રદાય સાથે જોડાયેલો જોવામાં આવ્યો છે. ગરબામાંથી ગરબીનો જન્મ થયો. ગુજરાતમાં ગરબી વૈષ્ણવ અને શક્તિ સંપ્રદાયનું પોષણ મેળવી વિકાસ પામી છે. મધ્યકાલીન ગુજરાતમાં થઈ ગયેલા અનેક કવિઓએ 'ગરબી'ની રચના કરી છે.*

*ગુજરાતના સમાજ-જીવનમાં 'ભવાઈ' માનભર્યું ગૌરવપૂર્ણ સ્થાન ધરાવતી હતી. ભવાઈ એ ગુજરાતના લોકનૃત્ય-નાટ્યનો સંગીતમઢ્યો ભાવવાહી ઉપ-રૂપક પ્રકાર છે. નાટ્ય અને નર્તનના આ ઉપરૂપકનો જો બારીકાઈથી અભ્યાસ કરવામાં આવે તો એમાં*

*નાટ્યશાસ્ત્રની ઘણી પરંપરાઓ જળવાયેલી જોવા મળશે. ગુજરાતનાં મંદિરોનાં શિલ્પોમાં કે લઘુચિત્રશૈલીની હસ્તપ્રતોમાં નૃત્યની જે અંગભંગીઓ જોવા મળે છે તેનો ભવાઈના નૃત્યની સાથે અંગભંગીઓનો અભ્યાસ કરવામાં આવે તો ગુજરાતની નૃત્યશૈલી વિશે ઘણું ઘણું જાણી શકાય. મરાઠા સમયમાં આમ ગુજરાતમાં રાસ, ગરબો, ગરબી અને ભવાઈ લોકનૃત્યનાં સ્વરૂપો તરીકે પ્રચારમાં હતાં. રાજકીય ઊથલપાથલ અને આર્થિક બરબાદીને કારણે ગુજરાતી પ્રજા જ્યારે ઘોર હતાશાનો અનુભવ કરતી હતી ત્યારે એનામાં ધાર્મિક ચૈતન્ય ટકાવી રાખવાનું સેવાકાર્ય આ લોકનૃત્યનાં સ્વરૂપોએ કર્યું છે.*

**(ઘ) તમારી પ્રગતિ ચકાસો.**

(A) *જોડકાં જોડો*

| **વિભાગ-અ** | **વિભાગ-બ** |
|---|---|
| (1) *'ત્રિકમ બારોટ'ની વાવ* | (A) *શ્રીકંઠ* |
| (2) *'રણછોડરાય મંદિર'* | (B) *પાટણ* |
| (3) *'પાર્વતી'ની પિત્તળની પ્રતિમા* | (C) *'સંગ્રહીણીસૂત્ર'* |
| (4) *વહાણનું ચિત્ર* | (D) *વડોદરા* |
| (5) *'રસકૌમુદી'* | (E) *ડાકોર* |

(B) 19*મી સદીના પૂર્વાર્ધમાં ગુજરાતની સાંસ્કૃતિક સ્થિતિ અંગે સમીક્ષા કરો.*

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

## 3.6 સારાંશ

19*મી સદીની પૂર્વે સંધ્યાએ ગુજરાતની સ્થિતિમાં રાજકીય વિખંડન, સામાજિક સ્તરીકરણ અને સાંસ્કૃતિક સ્થિરતાનો વિશિષ્ટ સંયોજન જોવા મળે છે. આ સમયની રાજકીય સત્તાઓ વિભાજિત હોવા છતાં રાજ્ય વહીવટ પદ્ધતિ, ન્યાય વ્યવસ્થા, મહેસૂલી વ્યવસ્થા સુવ્યવસ્થિત જોવા મળે છે. સામાજિક સ્થિતિમાં જ્ઞાતિઓ, જ્ઞાતિપંચો અને સંયુક્ત કુટુંબ વ્યવસ્થા પાયાના ઘટકો હોવાથી સમાજ વ્યવસ્થા સુદૃઢ જોવા મળે છે પરંતુ આ સમયે સ્થિતિઓની પરિસ્થિતિ પણ સમાજની અસમાનતા દર્શાવે છે. આર્થિક ક્ષેત્રે ગ્રામીણ સ્વાવલંબન અને શહેરી વેપારી વ્યવસ્થા વચ્ચેનું સંતુલન હતું, જેમાં મહાજનો અને નાણાકીય જેવી સંસ્થાઓએ અર્થવ્યવસ્થામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી. સાંસ્કૃતિક સ્થિતિમાં નાગરિક અને ધાર્મિક સ્થાપત્ય, શિલ્પકલા અને લલિતકલાઓ જેવી કે*

*ચિત્રકલા, સંગીતકલા અને નૃત્યકલા લોકનૃત્યો અને સંગીતકલાએ ગુજરાતની પ્રતિભા અને પ્રતિષ્ઠા જાળવી રાખી હતી. અંતે, અંગ્રેજી શાસનના આગમન સાથે આ સંસ્થાઓ અને પરંપરાઓમાં આમૂલ ફેરફારોની શરૂઆત થઈ, જે આધુનિક ગુજરાતના નિર્માણમાં નિર્ણાયક સાબિત થઈ.*

## 3.7 ચાવીરૂપ શબ્દો

1. **સરદેશમુખી**- *મરાઠાઓ દ્વારા ઉઘરાવાતો એક પ્રકારનો કર*
2. **સરકાર**- *મુઘલ-મરાઠાકાલીન પ્રાંતીય વહીવટી તંત્રનું એક એકમ*
3. **વજીફા** - *દેસાઈઓને ત્યાં ગીરો મૂકેલી ધર્માદા જમીન*
4. **કાઝી** - *મુઘલ-મરાઠા કાલીન ન્યાય ખાતાનો વડો*
5. **કાષ્ઠકામ**- *લાકડા પર કરવામાં આવતું કોતરણીકામ દસ્તાવેજ*
6. **રૉમન કૅથૉલિક** - *ખ્રિસ્તી ધર્મનો એક સંપ્રદાય*
7. **ભવાઈ** - *ગુજરાતનું લોકનાટ્ય*
8. **હૂંડી** - *વેપારમાં નાણાની આપ-લે માટે ચલાવવામાં આવતી શાહુકારી ચિઠ્ઠી*

## 3.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

**(ક) વિભાગ**

(A) (1) *ખોટું* (2 ) *ખરું* (3) *ખરું* (4) *ખોટું* (5) *ખરું*

(B) 1.2 *ના મુદ્દાને આધારે જવાબ લખો.*

**(ખ) વિભાગ**

(A) (1) *કુટુંબ* (2) *કારૂ* (3) *વિશા* (4) *કર્તા* (5) *'ગોરમા'*

(B) 1.3 *ના મુદ્દાને આધારે જવાબ લખો.*

**(ગ) વિભાગ**

(A) (1) *ગામચાકરો* (2) 1/4, 1/6 (3) *કારીગરી* (4) *મહાજન* (5) *પારસી*

(B) 1.4 *ના મુદ્દાને આધારે જવાબ લખો.*

*(ઘ) વિભાગ*

(A) (1 – B) (2 - E) (3 - D) (4 – A) (5 - C)

(B) 1.5*ના મુદ્દાને આધારે જવાબ લખો.*

## 3.9 બહુવૈકલ્પિક પ્રશ્નો

1. *અકબરે ગુજરાત જીત્યું તે સમયે કેટલી સરકારો હતી ?*

   (A) 6 (B) 7 (C) 8

2. *બ્રાહ્મણો ન્યાય માટે કઈ વસ્તુ પર ધર્મના સોગંધ લેતા હતાં ?*

   (A) *તલવાર* (B) *જનોઈ* (C) *ચોપડા*

3. *ગુજરાતી સમાજમાંથી કેટલા વર્ણોની માહિતી મળે છે ?*

   (A) 19 (B) 18 (C) 20

4. *દશા અને વિશા ઉપવિભાગો કયા સમુદાયમાં જોવા મળે છે ?*

   (A) *બ્રાહ્મણ* (B) *રાજપૂત* (C) *વણિક*

5. *દરેક જ્ઞાતિના ચોક્કસ નિયમો કઈ સંસ્થાએ બનાવ્યા હતા ?*

   (A) *જ્ઞાતિપંચ* (B) *કુટુંબ* (C) *મહાજન*

6. *અમદાવાદના વિકાસમાં કયા નગરશેઠનો ફાળો મહત્વનો છે?*

   (A) *વીરજી વૉરા* (B) *શાંતિદાસ ઝવેરી* (C) *શ્રીકંઠ*

7. *નીચેનામાંથી કયા કુટુંબની હૂંડી સ્વીકારવામાં આવતી?*

   (A) *હરિભક્તિ વલ્લભ* (B) *ત્રિકમ બારોટ* (C) *ધનજી શ્યામ*

8. *અવર લેડી ઓફ હેલ્થ નામનું દેવળ કયા શહેરમાં બંધાયું હતું ?*

   (A) *સુરત* (B) *અમદાવાદ* (C) *ભરૂચ*

9. *ભૂજમાં આવેલ આયના મહેલમાં કયા પ્રકારના ચિત્રો જોવા મળે છે ?*

   (A) *ભિતચિત્રો* (B) *પોથીચિત્રો* (C) *લઘુચિત્રો*

10. *ગુજરાતનું લોકનૃત્ય કયું છે ?*

    (A) *હુડો* (B) *ગરબો* (C) *ધમાલ નૃત્ય*

*જવાબ :* 1 - A, 2 - B, 3 - B, 4 - C, 5 - A, 6 - B, 7 – A, 8 - C, 9 - A, 10 - B

## 3.10 સ્વાધ્યાય

1. 19*મી સદીની પૂર્વ સંધ્યાની ગુજરાતની રાજકીય વ્યવસ્થા અંગે વિસ્તૃત નોંધ લખો.*
2. 19*મી સદીની પૂર્વ સંધ્યાએ ગુજરાતના સામાજિક અને આર્થિક જીવનનું મૂલ્યાંકન કરો.*
3. 19*મી સદીની પૂર્વ સંધ્યાએ ગુજરાતની સાંસ્કૃતિક સ્થિતિ અંગે માહિતી આપો.*

## 3.11 સંદર્ભો


1. *શાસ્ત્રી, હરિપ્રસાદ ગંગાશંકર, પરીખ, પ્રવિણચંદ્ર ચીમનલાલ, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ* - 7 *મરાઠાકાલ (ઈ.સ.*1785 *થી* 1818*) ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ,* 1981.
2. *શાસ્ત્રી, હરિપ્રસાદ ગંગાશંકર, પરીખ, પ્રવિણચંદ્ર ચીમનલાલ, ઉપરોક્ત ગ્રંથ* - 8, *બ્રિટિશકાળ (ઈ.સ.* 1914 *સુધીનો), ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ,* 1984.
3. *દેસાઈ, નીરા અ., ગુજરાતમાં ઓગણીસમી સદીમાં સામાજિક પરિવર્તન, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ,* 2012.
4. *દેસાઈ, ગુણવંતભાઈ જે., પશ્ચિમ ભારતમાં અંગ્રેજો - રાજકીય અને સામાજિક પરિપ્રેક્ષ્યમાં, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ,* 1988.
5. *રાજગોર, શિવપ્રસાદ, અર્વાચીન ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ,* 1998.

## એકમ : 4

## ગુજરાતમાં અંગ્રેજ શાસનની સ્થાપના પછી ગુજરાતમાં વહીવટી, આર્થિક અને શૈક્ષણિક ફેરફાર

:: રૂપરેખા ::

4.0 ઉદ્દેશ્યો

4.1 પ્રસ્તાવના

4.2 ગુજરાતમાં અંગ્રેજ શાસનની સ્થાપના પછી વહીવટી પરિવર્તન

4.2.1 વ્યવસ્થિત અને નિયમિત વહીવટીતંત્રની રચના

4.2.2 જમીન મહેસૂલ ખાતાનું વહીવટી માળખું

4.2.3 પોલીસ ખાતાનું વહીવટી માળખું

4.2.4 ન્યાયિક ખાતામાં સુધારા

4.2.5 ન્યાય, વહીવટ, નિયમો અને ભરત અંગે સમાનતા

4.2.6 વહીવટી વ્યવસ્થાથી ભારતીયોની વિચારધારામાં આવેલ પરિવર્તન

4.3 ગુજરાતમાં અંગ્રેજ શાસનની સ્થાપના પછી આર્થિક પરિવર્તન

4.3.1 ગ્રામીણ ક્ષેત્રે આર્થિક પરિવર્તન

4.3.1.1 જમીન મહેસૂલ પદ્ધતિ - રૈયતવારી પ્રથાની અસરો

4.3.1.2 ગ્રામીણ સમાજના સમૂહોમાં આવેલું પરિવર્તન

4.3.1.3 ગુજરાતની ગ્રામીણ આર્થિક વ્યવસ્થામાં પરિવર્તન

4.3.1.4 ખેત ઉત્પાદનના હેતુમાં પરિવર્તન

4.3.2. ગુજરાતની શહેરી આર્થિક વ્યવસ્થામાં પરિવર્તન

4.3.2.1 બુદ્ધિજીવી વર્ગ દ્વારા હસ્તઉદ્યોગની પડતી

4.3.2.2 વેપાર-ઉદ્યોગોમાં નવી ઉત્પાદન પદ્ધતિઓ

4.3.2.3 વેપારી સંગઠનો

4.4 ગુજરાતમાં અંગ્રેજ શાસનની સ્થાપના પછી શૈક્ષણિક પરિવર્તન

4.4.1 આધુનિક શિક્ષણની શરૂઆત અને અસરો

4.4.2 શિક્ષણનો બદલાયેલો અભિગમ

**4.4.3. શિક્ષણ વ્યવસ્થાનું બદલાયેલું સ્વરૂપ**

**4.4.3.1 અંગ્રેજી શૈક્ષણિક માળખું**

**4.4.3.2 નોકરશાહી શૈક્ષણિક માળખું**

**4.4.3.3 શૈક્ષણિક માળખામાં વિવિધતા**

**4.4.4 શિક્ષણ વ્યવસ્થાથી ગુજરાતી સમાજમાં આવેલું પરિવર્તન**

**4.5 સારાંશ**

**4.6 ચાવીરૂપ શબ્દો**

**4.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

**4.8 બહુવૈકલ્પિક પ્રશ્નો**

**4.9 સ્વાધ્યાય**

**4.10 સંદર્ભો**

## 4.0 ઉદ્દેશ્યો

*આ એકમના અભ્યાસ પછી તમે-*

- *ગુજરાતમાં અંગ્રેજી શાસનની સ્થાપના પછી આવેલા વહીવટી પરિવર્તન વિશે જાણી શકશો.*
- *ગુજરાતમાં અંગ્રેજ શાસનની સ્થાપના પછી આવેલા આર્થિક પરિવર્તન વિશે જ્ઞાન મેળવશો.*
- *ગુજરાતમાં અંગ્રેજી શિક્ષણના ઉદ્દભવ અને વિકાસ વિશે માહિતી મેળવશો.*

## 4.1 પ્રસ્તાવના

*બ્રિટિશ શાસન અંતર્ગત ગુજરાતના સામાજિક, આર્થિક અને રાજકીય જીવનમાં ઊંડા ફેરફારો આવ્યા, જેની અસરો આજે પણ દેખાય છે. વહીવટી, આર્થિક અને શૈક્ષણિક ક્ષેત્રે થયેલા આ પરિવર્તનો એક તરફ સુધારા અને આધુનિકતાના પાયારૂપ બન્યા, તો બીજી તરફ શોષણ અને અસમાનતાના સાધન પણ બન્યા. અંગ્રેજોએ ગુજરાતમાં કેન્દ્રીકૃત વહીવટી પદ્ધતિ, નવી આર્થિક નીતિઓ અને પાશ્ચાત્ય શિક્ષણપદ્ધતિ દાખલ કરી, જેનો ઉદ્દેશ સ્થાનિક સંસાધનો અને માનવશક્તિનો લાભ ઈંગ્લેન્ડને આપવાનો હતો.*

*વહીવટી સુધારાઓ દ્વારા ગુજરાતને જિલ્લાઓ અને તાલુકાઓમાં વિભાજિત કરવામાં આવ્યું, જેમાં નોકરશાહી, પોલીસ અને ન્યાયતંત્રને સુવ્યવસ્થિત બનાવવામાં આવ્યું.*

આર્થિક ક્ષેત્રે જમીન-મહેસૂલની નવી પદ્ધતિઓ, રેલવે અને ઔદ્યોગિકીકરણે પરંપરાગત અર્થતંત્રને બદલી નાખ્યું. શિક્ષણક્ષેત્રે અંગ્રેજી ભાષા અને પાશ્ચાત્ય વિજ્ઞાનના પ્રચારે એક શિક્ષિત મધ્યમ વર્ગ ઊભો કર્યો, જેમાંથી ભવિષ્યના રાષ્ટ્રવાદી નેતાઓ જન્મ્યા પરંતુ, આ બધા ફેરફારો સામાન્ય જનતા માટે વિષમતા અને શોષણ લઈ આવ્યા. આપણે સૌ પ્રથમ ગુજરાતમાં અંગ્રેજ સત્તાની સ્થાપના પછી આવેલા વહીવટી પરિવર્તન વિશે માહિતી મેળવીએ.

## 4.2 ગુજરાતમાં અંગ્રેજ શાસનની સ્થાપના પછી વહીવટી પરિવર્તન

અંગ્રેજ શાસનની સ્થાપના પછી ગુજરાતમાં વહીવટી પરિવર્તનો એક વ્યવસ્થિત અને સુચારુ પ્રક્રિયા હતી, જેનો ઉદ્દેશ સત્તાને કેન્દ્રિત કરવો, નિયંત્રણ વધારવો અને શોષણકારી વ્યવસ્થાને સ્થાપિત કરવાનો હતો. અંગ્રેજોએ ગુજરાતને મુંબઈ પ્રાંતના ઉત્તર વિભાગ તરીકે 5 જિલ્લાઓ (અમદાવાદ, ખેડા, સુરત, ભરૂચ, પંચમહાલ)માં વિભાજિત કર્યું. આ વહીવટી વિભાજનનો ઉદ્દેશ સત્તાને સ્થાનિક સ્તરે વિકેન્દ્રિત કરવાનો નહીં, પરંતુ કેન્દ્રીકૃત નિયંત્રણ સ્થાપિત કરવાનો હતો. વહીવટી માળખામાં સ્પષ્ટ શ્રેણી ક્રમ રચાયોઃ  જેમાં ટોચના અધિકારી તરીકે ગવર્નર અને તેના મદદનીશ કાઉન્સિલરો હતા. વહીવટી હેતુઓ માટે ઈલાકાનું તંત્ર, ડિવિઝન, જિલ્લા, તાલુકા અને ગામ જેવા વહીવટી ઘટકોમાં વહેંચાયું. આ ઘટકોના વડા અનુક્રમે કમિશનર (ડિવિઝન), કલેક્ટર (જિલ્લો), મામલતદાર (તાલુકો) અને પટેલ (ગામ) હતા.

આ વ્યવસ્થાના ત્રણ મુખ્ય સિદ્ધાંતો હતાઃ 1. કાયમી વહીવટીતંત્ર, જેમાં સરકાર બદલાય તો પણ કર્મચારીઓને વફાદારી શરતે જાળવવા; 2. સરકારી નીતિઓનું કાર્યદક્ષ અમલીકરણ; 3. અજમાયશી નિમણૂક પછી જ કાયમી ભરતી. મુઘલ અને નવાબી કાળના કર્મચારીઓને નવી સરકારમાં સમાવવામાં આવ્યા, પરંતુ તેમની વફાદારી અને કાર્યક્ષમતા ફરજિયાત બનાવાઈ. આ વ્યવસ્થાની ઝલક 1935ના ભારત સરકાર ઍક્ટમાં પણ જોઈ શકાય, જ્યારે કોંગ્રેસી સરકારોએ બ્રિટિશ વહીવટી માળખામાં જ કામ કર્યું. આ પરિવર્તનોને મુખ્યત્વે નીચેના ક્ષેત્રોમાં વર્ગીકૃત કરી શકાય છેઃ

### 4.2.1 વ્યવસ્થિત અને નિયમિત વહીવટીતંત્રની રચના

અંગ્રેજોને ભારતમાં ભારતીયો દ્વારા જ વહીવટ ચલાવવાનો હોવાથી તેમણે સ્વહિતમાં અને વહીવટી જવાબદારી ચોક્કસ બનાવવા માટે શરૂઆતથી જ નવા પ્રકારની શાસકીય વ્યવસ્થા શરૂ કરી. ગુજરાતના તેમના પ્રથમ પ્રદેશ સુરતમાં કંપનીએ બે કલેક્ટર નિમ્યા. (1) શહેરના કલેક્ટર અને જજ તરીકે ઍલેક્ઝાંડર રેમ્સે (2) પરગણાં માટે મહેસૂલી કલેક્ટર તરીકે એડવર્ડ ગૈલી. નવી સરકારે નવાબના કર્મચારીઓને નોકરીમાંથી મુક્ત કર્યા નહિ, પરંતુ જાહેર કર્યું કે અજમાયશી ધોરણે તેમને નવી સરકાર તરફ પૂર્ણ વફાદારી અને કાર્યદક્ષતા બતાવવાની શરતે, તો નોકરીમાં સમાવી લઈ કાયમી કરવાનું જણાવ્યું.

*એક આધુનિક વહીવટી માળખાંની રચના માટેના કેટલાક મજબૂત સિદ્ધાંતો ઊભા કર્યા, જેવાં કે*

(1) *કાયમી પાયા પર રચાયેલું વહીવટી- તંત્ર. સરકાર બદલાય તેની સાથે તેના વહીવટીતંત્રમાં સમાવિષ્ટ વ્યક્તિઓને તેઓ નવી સત્તાધારી સરકારને વફાદાર રહેવા પ્રતિબદ્ધ બંને એ શરતે, બદલવાની કોઈ આવશ્યક્તા નથી.*

(2) *સરકારી નીતિના કાર્યદક્ષ અમલીકરણનો સિદ્ધાંત. વહીવટી-તંત્રની પ્રાથમિક ફરજ સરકારની નીતિ અને આદેશોનું કાર્યદક્ષ રીતે પાલન કરવાની છે.*

(3) *અજમાયશી અને કાયમી નિમણૂકનો સિદ્ધાંત. કોઈ પણ કર્મચારીની કામગીરીને નિશ્ચિત સમય સુધી, ચકાસવી અને અજમાયશ કરવી અને તે સંતોષજન્ય લાગે પછી જ તેને કાયમી ધોરણે નિયુક્તિ આપવી; પરંતુ એક વાર કાયમી ધોરણે નિયુક્ત કર્યા બાદ ચોક્કસ છૂટા કરવાની પદ્ધતિમાં પસાર થયા વિના, તેને સરળતાથી છૂટાં કરી શકાય નહિ. અત્રે નોંધવું રસપ્રદ બનશે કે ઉપરોક્ત પ્રથમ બે સિદ્ધાંતોના અમલને કારણે જ ઈ.સ.*1935*ના હિન્દી -સરકારના ધારા હેઠળ રચાયેલી કોંગ્રેસી સરકારો એક પરદેશી સરકારના નિયંત્રણ હેઠળના વહીવટી માળખામાં રહી, પ્રાંતિક સ્વાયતતા હેઠળ કાર્યદક્ષ કામગીરી બજાવી શકી હતી.*

## 4.2.2 જમીન મહેસુલ ખાતાનું વહીવટી માળખું

*બ્રિટિશરો માટે જમીન મહેસૂલ એ મુખ્ય સાધન હતું. 'કલેક્ટર' જિલ્લામાં મહેસુલી અને સામાન્ય વહીવટનો વડો હતો. તાલુકા સ્તરે 'મામલતદાર' અને ગામમાં 'પટેલ'ની વ્યવસ્થા કરવામાં આવી. ઈ.સ.*1811*માં "માજી જરીફ" (જૂના સર્વે) પદ્ધતિ દ્વારા ભરૂચ જિલ્લામાં જમીનની ગુણવત્તા અને ઉત્પાદન શક્તિના આધારે મહેસુલ નક્કી કરવામાં આવ્યું. અંગ્રેજોએ નવાબને પદભ્રષ્ટ કરી સુરતનો કબજો લેતાંની સાથે જ મુઘલાઈ મોકાતની પરગણાઓમાં ઊઘરાણી કરવા માટે, કલેકટરની નિમણૂક કરી, પરંતુ મહેસૂલ ઊઘરાણીના વહીવટને વધારે તર્કસંગત બનાવવા માટે ઈ.સ.*1902*માં જિલ્લા કલેક્ટરની નિમણૂક કરી, રેગ્યુલેશન-*13 *તૈયાર કરી કલેક્ટરની ફરજો સ્પષ્ટ કરી આપી. તે સમયે પ્રવર્તતી જુદી જુદી મહેસૂલી પદ્ધતિઓની તપાસ કરી તેના નિષ્કર્ષ પર આધારિત ભરૂચ જિલ્લાનું વિગતવાર અને શાસ્ત્રીય સર્વેક્ષણ કરવામાં આવ્યું અને બે એક વર્ષના સમયગાળામાં તે પૂરું કરવામાં આવ્યું. આ સર્વેક્ષણ પદ્ધતિને ગુજરાતના બીજા જિલ્લાઓમાં અમલી બનાવવામાં આવી. આ સર્વેક્ષણને માજી જરીફ કે જૂનું સર્વેક્ષણ કહેવામાં આવ્યું, અને તેને પાછળથી નાબૂદ કરી મહેસૂલી આકારણી માટે વર્ગી કરણ અને મહેસૂલી સર્વેક્ષણની નવી પદ્ધતિ દાખલ કરી. આ નવી મહેસૂલ પદ્ધતિએ* 30 *વર્ષના લાંબા સમયગાળા માટે મહેસૂલી દરોની સ્થિરતાની ખાતરી આપી, અને તેથી રૈયત માટે કંઈક અંશે હિતકારી બન્યું.*

*તદુપરાંત એક વિશાળ સૂચિતાર્થ ધરાવતો બીજો સુધારો, ઈ.સ.*1814*માં ગ્રામ-વિસ્તારોમાં પગારદાર ગ્રામ હિસાબનીશ તલાટીઓની નિમણૂકથી કરવામાં આવ્યો, આ તલાટીઓ શોષણખોર જમીનદારો પાસેથી નહિ, પરંતુ સીધા રૈયત પાસેથી જ મહેસૂલ ઊઘરાણી કરી લેતા, આ કર્મચારીઓ ગામની આંકડાકીય અને નાણાકીય માહિતીનાં દફતર પણ રાખતા, આમ સરકાર અને ખેડૂતો વચ્ચેના એક વચેટિયો ઊઘરાણીદાર નીકળી ગયો, અને સરકાર હવે ખેડૂતના સીધા સંપર્કમાં આવી, અલબત્ત ખેડૂત પર પડતો મહેસૂલનો બોજો ઘટ્યો ન હતો. ઈ.સ.*1845 *થી તે વાસ્તવમાં વધવા લાગ્યો હતો પરંતુ આ નવી વ્યવસ્થાથી ત્રણ ચોક્કસ લાભો દૃષ્ટિગોચર થયેલા જણાયા :* (1) *રૈયતવારી પદ્ધતિની શરૂઆત અને તેથી જમીનમહેસલ અને ખેતીના પ્રશ્નો માટે પ્રજા અને સરકારને પ્રત્યક્ષ સંપર્ક* (2) *ખેડૂતોને મહેસૂલી જવાબદારીઓ વિશે લાંબા ગાળાના ધોરણે માહિતી આપતી મહેસૂલી વ્યવસ્થાની સ્થાપના, જેથી ખેડૂતની મહેસૂલી અનિશ્ચિતતાની ચિંતામાંથી મુક્તિ* (3) *નિયમિત રીતે જમીનના દફતર અને બીજી આંકડાકીય માહિતીઓની જાળવણી અને તે દ્વારા મહેસૂલી વહીવટને મજબૂત પાયા પર મૂકવાનું પગલું'.*

### 4.2.3 પોલીસ ખાતાનું વહીવટી માળખું

*અગ્રેજોએ મુઘલકાલીન "કોટવાલ" પદ્ધતિને બંધ કરી, પગારદાર પોલીસદળ ઊભું કર્યું. ખાતાનો વડો ઈમ્પિરિયલ પોલીસ સર્વિસનો સભ્ય "ડિસ્ટ્રીક્ટ સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ" રહેતો. બીજા સ્તરે ઈન્સ્પેક્ટરો, સબઈન્સ્પેક્ટરો રહેતા જિલ્લાના ઈન્સ્પેક્ટરો તાલુકાના બનેલ સર્કલની દેખરેખ રાખતા. તાલુકાના વડા સબ ઈન્સ્પેક્ટરો હતા. દરેક તાલુકાના વિસ્તારમાં પોલીસ થાણા અને ચીફ કૉન્સ્ટેબલની વ્યવસ્થા કરવામાં આવી.*

*પોલીસ ખાતું અંગ્રેજી રાજ્ય વહીવટની એક નવી વિશિષ્ટતા હતી. પોલીસને ગુનાઓની તપાસ, ધરપકડ અને હુલ્લડો રોકવાની સત્તા મળી, પરંતુ સજા કરવાનો અધિકાર નહોતો. "હેબિયસ કેપસ" સિદ્ધાંત અંતર્ગત, કોઈપણ ગિરફતારી પછી* 24 *કલાકમાં તહોમતદારને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવાની ફરજ લાદવામાં આવી, જેથી વ્યક્તિસ્વાતંત્ર્ય સુરક્ષિત થયું, પરંતુ પોલીસ દળમાં જાતિગત ભેદભાવ (રાજપૂતો, બ્રાહ્મણોને પ્રાધાન્ય) અને ભ્રષ્ટાચાર વ્યાપક હતો.*

### 4.2.4 ન્યાયિક ખાતામાં સુધારા

*ઈ.સ.*1800*માં અંગ્રેજોએ સુરતમાં ન્યાયિક ખાતામાં ન્યાયાધીશ અને મેજિસ્ટ્રેટના હોદ્દા પર એક જ વ્યક્તિની નિયુક્તિ કરીને કરી. આ વ્યવસ્થાને લીધે પોલીસ અને ન્યાયિક સત્તાઓ એક જ વ્યક્તિના હાથમાં કેન્દ્રિત થઈ હતી, સમયાંતરે અંગ્રેજોએ ઈ.સ.* 1805*માં ભરૂચમાં કોર્ટ ઓફ અપીલની સ્થાપના કરી અને સુરતમાંની ફોજદારી સેશન્સ કોર્ટ બંધ કરી, પરંતુ ઈ.સ.*1810*માં કોર્ટ ઓફ અપીલ અને ફોજદારી સેશન્સ કોર્ટ બંને પુનઃ સુરતમાં ખસેડવામાં આવી. સુરત કોર્ટનું અધિકારક્ષેત્ર તે સમયે સાલ્સેટ, સુરત,*

*ભરૂચ અને ખેડા જિલ્લા સુધી વિસ્તરેલું હતું. ઈ.સ.1818માં મેજિસ્ટ્રેટની સત્તાઓ જિલ્લા કલેક્ટરને આપવામાં આવી અને તેને કલેક્ટર ઉપરાંત જિલ્લા મેજિસ્ટ્રેટનું નામાભિધાન પણ આપવામાં આવ્યું. આમ છતાં છેક ઈ.સ.1846 સુધી ન્યાયાધીશ પોલિસ વડાની કામગીરી પણ બજાવતો રહ્યો. 1 જાન્યુઆરી, 1821ના રોજ સદર અદાલત હાઈકોર્ટને મુંબઈથી સુરત ખસેડવામાં આવી. ઉપરાંત ફોજદારી બાબતોની અપીલ પણ સુરતમાં સ્થપાયેલી સુંદર ફોજદારી અદાલતમાં હાથ ધરવાનું શરૂ શયું. 14 માર્ચ, 1821ના દિવસે આ બંને હાઈકોર્ટની પુનઃસ્થાપના મુંબઈમાં થઈ. સુરતમાં અપીલો સાંભળવા માટે 'સર્કીટ જજ'ની કોર્ટની સ્થાપના થઈ, પરંતુ તે પણ ઈ.સ.1830માં નાબૂદ કરવામાં આવી અને ત્યારથી મુંબઈમાં હાઈકોર્ટને 'સર્કીટ જજ' સુરત ખાતે અપીલોની સુનાવણી કરવા લાગ્યા.*

*અંગ્રેજોએ 'સ્મોલ કોઝ કોર્ટ' અને તાલુકા કક્ષાની અદાલતો પાયામાં અને ઉચ્ચ કક્ષાએ વડી અદાલતની રચના કરી સ્વતંત્ર ન્યાયકીય માળખું રચવાનો પ્રયાસ કર્યો. પ્રત્યેક અદાલતનું કાર્યક્ષેત્ર અને જુદા જુદા દરજ્જાના ન્યાયાધીશના કાર્યો પણ નિયત કરવામાં આવ્યાં. ઉપરાંત ઈ.સ.1827માં તેમણે દીવાની, ફોજદારી અને મહેસૂલી કાર્યક્ષેત્રનાં વિગતવાર ધારાધોરણો (રેગ્યુલેશન્સ) પણ તૈયાર કર્યા. ઉપરાંત જ્યુરી પદ્ધતિની પણ તેમણે શરૂ કરી. ન્યાયતંત્રના ક્ષેત્રમાં લીધેલાં ઉપર્યુક્ત તમામ પગલાં, એક કાર્યદક્ષ અને નિષ્પક્ષ ન્યાયતંત્ર અને 'કાયદાનું શાસન' સ્થાપવા માટે જરૂરી સામગ્રી પૂરી પાડી.*

### 4.2.5 ન્યાય, વહીવટી નિયમો અને ભરતી અંગે અસમાનતા

*અંગ્રેજોએ જે વહીવટી કાર્યપદ્ધતિઓ તેમજ સત્તા અને ફરજનાં અટપટાં વિભાજન દાખલ કર્યાં તેથી કામ કરવાની એવી અમલદારશાહી રીતરસમો ઊભી થઈ કે લોકો તેની સખ્તાઈથી કંટાળી ગયા ઝીણવટભરી દફતરી કાર્યરીતિઓ, લાંબીલચક, સંકુલ કાર્યપદ્ધતિઓ, કાયદા-કાનૂન અને નિયમોની આંટીઘૂંટીઓમાં પુષ્કળ નાણાં અને સમય વેડફાતાં હતાં. ન્યાય આવો ખર્ચાળ અને આંટીઘૂંટીવાળો બની જતાં ધીમે ધીમે તેની અસર એવી થઈ કે માત્ર પૈસાદાર લોકો જ રાહત માટે ન્યાયનો આશરો લેતા. ગરીબ, નિરક્ષર લોકો માટે કાયદો સમજવો મુશ્કેલ હતો કે તેનો આશરો લેવાનું પોસાય તેમ ન હતું. પૈસાદાર વેપારી વર્ગે અને ધીરધાર કરનારા શરાફોએ આ પરિસ્થિતિનો પૂરો લાભ લઈ સતત નાણાભીડમાં સબડતા ગરીબ ખેડૂતો અને કામદારો ઉપર પોતાની પકડ મજબૂત કરી. તેઓએ ખેડૂતોને કાયદાની જાળમાં ફસાવ્યા. ગરીબ લોકોને તેઓએ કરારોથી બાંધી દીધા; દસ્તાવેજો ઉપર સહીઓ કે અંગૂઠાની છાપો લીધી અને આમ એક નવા જ પ્રકારનાં ગુલામી ખતો લખાયાં.*

*નવા રાજકીય તંત્રની, બીજી એક નિર્બળતા ધીમે ધીમે બહાર આવવા માંડી. વહીવટી કર્મચારીઓ કોઈ પણ જાતની અનિયમિતતાઓ આચરે નહિ તે માટે રીતસરના નિયમો ઘડાયા હોવા છતાં તેવી અનિયમિતતાઓ થતી જ રહી. ઉપરી અધિકારીઓ હાથ નીચેના*

કર્મચારીઓ પાસેથી અને આખું સરકારી તંત્ર રૈયત પાસેથી જાતજાતની સેવાના રૂપે ભારે સગવડ અને ભેટ લેતા હતાં.

અંગ્રેજોએ વહીવટમાં ભરતીનો સિદ્ધાંત બદલ્યો તેમણે કરારબદ્ધ અને કરારબદ્ધ નહીં તેવા બે વિભાગો પાડ્યા. વહીવટના કર્મચારીઓને ત્રણ મુખ્ય કોટિક્રમમાં વહેંચ્યો. ધી ઈન્ડિયન સિવિલ સર્વિસની પરીક્ષા માત્ર યુરોપિયનો જ આપી શકતા, પરંતુ પાછળથી જ્યારે ભારતીયોને બેસવાની છૂટ મળી ત્યારે કલેક્ટર,અન્ય ઉચ્ચ હોદ્દા પર ભારતીયોની નિમણૂંક કરવામાં આવી. પ્રાંતીય અન્ય સેવાઓ માટે લાયકાતો નક્કી કરવામાં આવી. અંગ્રેજ શાસકોએ વર્ગ 1,2,3 અને ચોથા વર્ગની સેવા ઉભી કરી. ભારતીય મુલ્કી સેવા પ્રથમ વર્ગમાં ઠેરવાઈ જ્યારે પ્રાંતીય અને ગૌણ સેવા વર્ગ-2,3 અને 4માં વિભાજિત થઈ. ચોક્કસ તાલીમ અને ખાતાકીય પરીક્ષાઓ નક્કી કરવામાં આવી. આમ અંગ્રેજોએ ભરતીમાં દાખલ કરેલી વિશિષ્ટ પદ્ધતિ નાત, જાત અને ધર્મથી પર હતી.

**4.2.6 વહીવટી વ્યવસ્થાથી ભારતીયોની વિચારધારામાં પરિવર્તન**

- અંગ્રેજોની વહીવટી વ્યવસ્થાથી ધર્મ અને કાયદો-વ્યવસ્થા જુદા કરવા આવ્યા. પ્રાચીન અન મધ્યકાલીન ભારતમાં કાયદા પર ધર્મનો પ્રભાવ હતો પંરતુ અગ્રેજોએ ધર્મના નિયમો બાજુ પર મૂકીને કાયદાની સર્વોપરિતા સ્થાપી. ઈ.સ.1827માં 'મુંબઈ કોડ' તૈયાર કરાયો. ગવર્નર જનરલની કાઉન્સિલમાં લૉ મેમ્બરની જગ્યા ઉભી કરવામાં આવી. સમયાંતરે ધી ઈન્ડિયન પીનલ કોડ, ધી ક્રિમિનલ પ્રોસીજર કોડ જેવા નાગરિક બાબતોને લગતા કાયદા તૈયાર થયા. અંગ્રેજોએ ભારતીય સમાજમાં વ્યાપેલા દુષણો દૂર કરવા ઈ.સ.1829 સતીપ્રથા નાબૂદી, ઈ.સ.1850 ગુલામી પ્રથા, ઈ.સ.56 હિન્દુ વિધવા પુનઃલગ્ન જેવા કાયદા પસાર કરી સમાજ પર કાનૂનની સર્વોપરિતા સ્થાપી. 'કાયદા સામે સૌ સમાન'ના નવા સિદ્ધાતનું ઉદાહરણ મહારાજ લાયબેલ કેસ છે.
- અંગ્રેજોની વહીવટી વ્યસ્થાથી નવી કરવેરા પદ્ધતિઓ અમલમાં આવી, રૈયતવારી પ્રથા તેનું મોટુ ઉદાહરણ છે. અંગ્રેજોએ સ્ટેમ્પ ડ્યુટી, રજિસ્ટ્રેશન, મીઠાવેરો જેવા નવા વેરાઓ અમલી બનાવ્યા. અંગ્રેજોની કરવેરા પદ્ધતિથી ભારતીય પ્રજા શોષણનો ભોગ બની.
- નવી રાજકીય વ્યવસ્થાથી શિક્ષણમાં પ્રગતિ થઈ પરિણામે નવો બુદ્ધિજીવી વર્ગ અસ્તિત્વમાં આવ્યો. આ વર્ગે સામાજિક અને વહીવટી વ્યવસ્થામાં સુધારા માટે મહત્વનું યોગદાન આપ્યું. દા.ત. ગવર્નર જનરલ કાઉન્સિલ, બ્રિટિશ પાર્લામેન્ટમાં ભારતીયોને સ્થાન મળે તે માટે રજૂઆતો કરવામાં આવી. દલપતરામે 'હરખ હવે તુ હિન્દુસ્તાન' જેવા કાવ્યથી ભારતમાં બ્રિટિશ શાસનની અસરોની ધારદાર રજૂઆતો કરી. ભારતીયોએ પોતાના વર્તમાનપત્રો શરૂ કર્યા.
- અંગ્રેજોએ વહીવટીમાં ભેદભાવ અને રંગભેદની નીતિ અપવાની જેનો ભારતીયો ખુલ્લો વિરોધ કર્યો હતો. જેનું ઉદાહરણ ઈલ્બર્ટ બિલ છે.

- અંગ્રેજોએ ગુજરાતમાં કેન્દ્રીકૃત, નિયમ-આધારિત વહીવટીતંત્ર રચ્યું, જેનો આધાર કાગળિયાતી કાર્યપદ્ધતિ, નિયંત્રણ અને શોષણ પર હતો. આ પરિવર્તનોએ સામાજિક-આર્થિક જીવનમાં દ્વંદ્વ ઊભું કર્યું. એક તરફ કાયદાની સમાનતાની વાત થઈ, તો બીજી તરફ જાતિગત અસમાનતા અને આર્થિક શોષણ વધ્યાં. આ વ્યવસ્થાએ ગુજરાતને આધુનિકતા તરફ ધકેલ્યું, પરંતુ તેની કિંમત સામાન્ય જનતાએ ભોગવવી પડી. આમ, બ્રિટિશ વહીવટી પરિવર્તનો એક વિરોધાભાસી વારસો હતો, જેમાં સુધારા અને શોષણ સાથે સાથે વિકસ્યા.

**(ક) તમારી પ્રગતિ ચકાસો.**

(A) ખાલી જગ્યા પૂરો

1. અંગ્રેજોએ મુંબઈ પ્રાંતના ઉત્તર વિભાગને _________ જિલ્લાઓમાં વહેંચ્યો.
2. અંગ્રેજોએ સૌ પ્રથમ કલેક્ટરોની નિમણૂંક _________ કરી.
3. અંગ્રેજોએ મુઘલકાલીન _________ પદ્ધતિ બંધ કરી પોલીસદળ ઊભું કર્યું.
4. સતીપ્રથા નાબૂદીનો કાયદો ઈ.સ. _________ અમલમાં આવ્યો.
5. ઈલ્બર્ટ બિલ અંગ્રેજોની _________ નીતિનું ઉદાહરણ છે.

(B) અંગ્રેજોની વહીવટી વ્યવસ્થા વિશે મૂલ્યાંકન કરો.

______________________________________________________________
______________________________________________________________
______________________________________________________________
______________________________________________________________
______________________________________________________________
________________________________________________________

## 4.3 ગુજરાતમાં અંગ્રેજ શાસનની સ્થાપના પછી આર્થિક પરિવર્તન

અંગ્રેજોએ પશ્ચિમ ભારતમાં સત્તા હાંસલ કર્યા, પોતાના આર્થિક વિકાસ માટે કાયદો અને વ્યવસ્થાની સ્થાપના કરી. તેમણે જે ફેરફારો કર્યા તેની અસર ગુજરાતના અર્થતંત્ર ઉપર પડ્યા વગર રહી નહિ. અંગ્રેજોની રૈયતવારી પ્રથાને કારણે મહેસૂલી વ્યવસ્થામાં આમૂલ પરિવર્તન આવ્યું. સમગ્ર ભારતમાં એક સમાન ચલણપદ્ધતિ દાખલ થઈ, વેપારમાં જકાત વ્યવસ્થા નાબૂદ થઈ તાર ટપાલ, રેલવે અને છાપખાનાં જેવાં સાધનોની શરૂઆતથી ગુજરાતનો વેપાર આંતરરાષ્ટ્રીય સ્તરે વિકસ્યો. ગુજરાતમાંથી ઈંગ્લૅન્ડમાં કાચા માલની નિકાસ કરવાના તથા ત્યાંના મશીનોમાં તૈયાર થયેલા માલની ગુજરાતમાં આયાત કરવાના આશયથી બંદરોને જમીન-માર્ગો સાથે સાંકળવામાં આવ્યાં, આ તમામ બાબતોથી ગુજરાતના આર્થિક જીવનમાં મોટું પરિવર્તન આવ્યું. આપણે સૌ પ્રથમ ગ્રામીણ ગુજરાતમાં આવેલા આર્થિક પરિવર્તનની ચર્ચા કરીએ.

### 4.3.1 ગ્રામીણ ક્ષેત્રે આર્થિક પરિવર્તન

*ગુજરાતમાં અગ્રેજોએ મહેસૂલ ઉઘરાવવા માટે અમલ મૂકેલી રૈયતવારી પ્રથાથી મહેસૂલ હવે ચીજવસ્તુના બદલે રોકડમાં લેવાનું શરૂ થયું. વળી, આ પ્રથાથી જમીન એક બજારી વસ્તુ બની જેની લે-વેચ કરી શકાતી. આપણે એલિફિસ્ટને દાખલ કરેલી નવી જમીન મહેસૂલ પદ્ધતિ જે 'રૈયતવારી પ્રથા'ના નામે ઓળખાય છે તેને સમજીએ.*

4.3.1.1 *જમીન મહેસૂલ પદ્ધતિ - રૈયતવારી પ્રથાની અસરો*

*ગુજરાતમાં અંગ્રેજ શાસન આવ્યું તે પહેલાં ખંડણી ઉઘરાવનારાઓની એક વિશાળ અને અટપટી શ્રેણી ઊભી થઈ હતી. આ વર્ગના લોકોએ જુદા જુદા સંજોગોમાં જમીનો ઉપર હક્કો પ્રાપ્ત કર્યા હતા. જમીન ઉપર માલિકીહક્કો ધરાવતા ખાતેદારોની બે મુખ્ય શ્રેણીઓ ઊભી થઈ હતી. પહેલી શ્રેણી ઠાકોરો, તાલુકદારો, દેસાઈઓ અને બીજી શ્રેણી અગાઉના મહેસૂલ ઉઘરાવનારા અને ખંડણી ભેગી કરનારાઓની હતી. અગ્રેજોએ આ ખંડણી ઉઘરાવનારાઓને જમીનોના માલિક બનાવી દીધા. પરિણામે ગામડામાં વંશ પરંપરાગત ચાલી આવતા જમીનના હકો નાબૂદ થયા. ખાતેદારોની બીજી શ્રેણી ગ્રામસમાજના ખેડૂતવર્ગોમાંથી ઊભી કરવામાં આવી. ઠાકોરો, ગરાસદારો, તાલુકદારો, ભાગીદારો અને બીજાઓને 'રૈયત'માં ફેરવી નાખવાથી એટલે કે ગામની જે જમીનો ઉપર અગાઉ જેને માત્ર મહેસૂલ ઉઘરાવવાના જ હક્કો હતા તે જમીનોના તેઓને માલિક બનાવી નાખવાથી જમીન-ભોગવટાનાં વિવિધ સ્વરૂપો અસ્તિત્વમાં આવ્યાં. આ બધી જમાબંધીની પદ્ધતિઓનું એક લક્ષણ સામાન્ય હતું; અને તે એ કે અંગ્રેજોએ ગુજરાતમાં જમીનોને તેની ગુણવત્તાના આધારે 9 વર્ગોમાં વર્ગીકૃત કરી મહેસૂલ વસૂલ કરનારાઓને માલિકો બનાવી દેવાયા અને આમ ખેતીમાં ખેડ નહિ કરનારો જમીનમાલિકોનો વર્ગ ઊભો થયો. દરેક નક્કી કરેલ મહેસૂલ ચૂકવી ખેડવાની છૂટ આપવામા આવી. જેને ખેતીના કામકાજનું ભાગ્યે જ કંઈ જ્ઞાન હતું અને જેઓનો એક માત્ર રસ મહેસૂલ વસૂલાત પૂરતો જ હતો. આની ખેતપેદાશ ઉપર માઠી અસર થઈ. ગેરહાજર જમીનદારો પોતાની શક્તિ બહારનો ખર્ચ કરતા હતા અને નાણાં ધીરનારાઓના પંજામાં સપડાતા હતા અને ધીમે ધીમે જમીનો ખેતપેદાશો અને ગણોતિયાઓ આ શરાફોના કાબુ હેઠળ આવતા ગયા.*

*આમ અંગ્રેજોએ પૂર્વ ભારતમાં જે મહેસૂલ પદ્ધતિ અપનાવી હતી તેનાથી જુદા પ્રકારનો સિદ્ધાંત દાખલ કર્યો. જેને આધારે જુદા જુદા ખેડૂતોને વ્યક્તિગત રીતે મહેસૂલનાં ભરણાં માટે જવાબદાર બનાવ્યા અને જમીનની જાત પ્રમાણે મહેસૂલની રકમ નક્કી કરી. આ નવતર પ્રયોગે ગ્રામસમાજનું પરંપરાગત સામુદાયિક માળખું તોડી નાખ્યું. ખેડૂત પોતાને ભાગ આવેલી જમીન ગમે તેને વેચી, ગીરો મૂકી કે નામફેર કરી શકતો હતો. આથી ગામ બહારની કોઈ વ્યક્તિ જમીન મેળવી શકે નહિ એવો જે પરંપરાગત રિવાજ બિનઅસરકારક થઈ રહ્યો. તેનાથી સંયુક્ત કુટુંબ પણ છિન્નભિન્ન થવા લાગ્યું કારણ કે વ્યક્તિગત સભ્યો હવે વારસામાં પોતાને ભાગે આવેલ જમીનના નાણાં માંગી શકતા અને*

આમ સંયુક્ત કુટુંબના આર્થિક પાયામાં સુરંગ મૂકાઈ. તદુપરાંત જુદા જુદા સમાજો વચ્ચેના આંતરસંબંધોની પ્રણાલિકાને પણ અસર પહોંચી. જ્ઞાતિઓની માંહોમાંહેની પરાપૂર્વથી ચાલી આવતી ફરજોની અવગણના થતી ચાલી. પહેલાં જે દરેક જ્ઞાતિ અમુક ફરજ બજાવતી હતી અને અમુક સેવાઓ મેળવતી હતી કે ગામની પેદાશનો અમુક ભાગ પ્રાપ્ત કરતી હતી તે બધું બંધ થયું. ગ્રામસમાજનો વ્યક્તિગત ખેડૂતો ઉપરનો કાબૂ જતો રહ્યો કારણ કે મહેસૂલનું ભરણું આખા ગામની સામુદાયિક જવાબદારી રહી નહિ. હવે સરકારને મહેસૂલ ભરવાની જવાબદારી સીધી પ્રત્યેક ખેડૂતની થવાથી તેને નાણાંની જોગવાઈ કરવાની જરૂર પડી. આમ, જમીનનો તેનો હિસ્સો, અસ્કયામતો, પેદાશ અને તેની જાત સુદ્ધાં ધીમે ધીમે બહારના સમૂહો સાથે સંકળાતાં ગયાં જેને પ્રણાલિકાગત ગ્રામસમાજ પરત્વે કોઈ ફરજનાં બંધન ન હતાં. વધુમાં, પ્રત્યેક ખેડૂત વસૂલાતી અધિકારીઓના નવા વર્ગના સીધા સંપર્કમાં આવતો હોવાથી ગ્રામસમાજ સાથેના પરાપૂર્વના સ્નેહસંબંધો શિથિલ થયા અને જુદી જુદી જ્ઞાતિઓ વચ્ચેના સંબંધોમાં ઊથલપાથલ થઈ ગઈ. ખેડૂતને જમીનનો માલિક બનાવવાની પ્રક્રિયામાં શરત એ પણ હતી કે જ્યા સુધી ખેડૂત મહેસૂલ ભરી શકે ત્યાં સુધી માલિકી હકો ભોગવી શકે, જે વર્ષે પાક નિષ્ફળ જાય કે દુકાળ પડે ત્યારે ખેડૂતે શરાફ પાસેથી નાણા ઉછીના લઈ મહેસૂલ ભરવું પડતું હતું.

4.3.1.2 ગ્રામ્ય સમાજના સમૂહોમાં આવેલું પરિવર્તન

રૈયતવારી પ્રથાના કારણે સામાન્ય પ્રજા અને સરકારી મહેસૂલી અધિકારીઓ વચ્ચેના સીધો સંબંધો વિક્સ્યો તેથી ગ્રામ્ય સમાજના કેટલાક સમૂહોના સામાજિક દરજ્જા પરિવર્તન આવ્યું. નવી જમીન મહેસૂલ પદ્ધતિથી ગુજરાતમાં પરંપરાગત મહેસૂલ એકત્ર કરનારો વર્ગ જેવા કે ભાયાતો, ગરાસદારો, ઈનામદારો, દેસાઈઓ અને વતનદારોને દૂર કરી. મહેસૂલ અધિકારીઓ, તલાટીઓ, મામલતદારો અને ક્લેક્ટર જેવા નવા વર્ગનું મહત્વ વધારી દીધું. અંગ્રેજોએ જ્યાં ખેડૂતો પાસેથી મહેસૂલ સીધી રીતે ભેગું કરવાની પદ્ધતિ દાખલ કરી તે વિસ્તારોમાંથી પરંપરાગત મહેસૂલ ઉઘરાવતા સમુદાયોની સત્તા આંચકી લીધી. અને જ્યાં તેમને મહેસૂલ ઉઘરાવવાની સત્તા આપી ત્યાં તેઓ સામાન્ય નાગરિક ગણાવા લાગ્યા તેથી કરારનામાંનો ભંગ થતા તેમને કડક સજા પણ ભોગવવી પડતી હતી. વળી, ગુજરાતમાં અંગ્રેજોના આગમન પહેલાંના સમયમાં સરકારી મહેસૂલ માટે ભાટ અને ચારણો બાંયધરી અને ખોળાધરીઓ આપતા હતા પરંતુ નવી જમીન મહેસૂલ પદ્ધતિથી તેઓ પણ પોતાની સત્તા અને જીવનનિર્વાહનું સાધન ગુમાવી બેઠા.

નવી જમીન મહેસૂલ વ્યવસ્થાના કારણે વ્યક્તિનો દરજ્જો અને શિક્ષણની કક્ષા ઉપર વધારે ભાર મૂકાયો સરકારી નોકરીઓમાં પણ જન્મદત્ત આનુવંશિક દરજ્જા કરતાં લાયકાત-ખાસ કરીને શિક્ષણ અને કાર્યદક્ષતા વધારે મહત્વની બની. ગામના મુખીની સત્તાઓ પણ ઘટી ગઈ. તેઓની સત્તાને સ્પષ્ટ રીતે મર્યાદિત બનાવવામાં આવી, તેની

લેખિત વ્યાખ્યાઓમાં બાંધી અને અંગ્રેજ સરકારની પહેલાં પટેલો વગેરેને જે સત્તાઓ હતી તેની સરખામણીમાં ખૂબ જ ઘટાડી દેવામાં આવી.

ટૂંકમાં, નવી મહેસૂલી પદ્ધતિ દાખલ થવાથી પ્રાચીન ગ્રામસમાજમાં આર્થિક અને સામાજિક સંબંધો બદલાઈ ગયા, અમુક આર્થિક અને સામાજિક સમૂહો નબળા પડ્યા અને ગ્રામ-સમુદાયના આર્થિક, રાજકીય અને સામાજિક જીવન ઉપર સત્તા, અંકુશ અને મહત્તા પ્રાપ્ત કરવા આર્થિક અને સામાજિક સમૂહોની નવી શ્રેણીઓ ઊભી થવાના સંજોગો ઊભા થયા.

4.3.1.3 ગુજરાતની ગ્રામીણ આર્થિક વ્યવસ્થામાં પરિવર્તન

ગ્રામીણ ગુજરાતની આર્થિક વ્યવસ્થામાં મોટું પરિવર્તન એ આવ્યું કે જમીન લે-વેચ (બજાર)ની ચીજવસ્તુ બની ગઈ. આ ફેરફાર ખેત-વ્યવસાયમાં પડેલી જ્ઞાતિઓ -સાથે જમીનની માલિકીના પ્રાચીન કાળથી ચાલ્યા આવતા સંબંધ ઉપર પણ પડી. જમીનને વેચાણનું સાધન બની જવાથી ખેતી ન કરનારા વર્ગે ગ્રામીણ સમાજમાં પ્રવેશ કર્યો. જમીનનો માલિક બનનાર આ વર્ગ પરંપરાગત મહેસૂલ અને ખંડણી ઉઘરાવનારા કરતા જુદા પ્રકારનો હતો. પરંપરાગત મહેસૂલ ઉઘરાવનારો વર્ગ સમગ્ર ગામ પાસથે પેદાશના એક ભાગ જેટલું મહેસૂલ વસુલ કરતો તેમને પ્રત્યેક ખેડૂત સાથે સીધો સંબંધ ન હતો. વળી તેઓને ગ્રામસમાજની આંતરિક મિલકત-વ્યવસ્થા સાથે કોઈ સંબંધ ન હતો પણ વળી, આ વર્ગ ખંડણી કે મહેસૂલની ચીજવસ્તુમાં ઉઘરાવાતાં હોવાથી ખેતી કરતા વર્ગો કે ગ્રામસેવકોને અસામાન્ય સંજોગ સિવાય રોકડ નાણાંની જરૂર રહેતી નહીં. જમીનમાં નાણાં રોકનારે નવો વર્ગ ગ્રામસમાજના મિલકતના માળખાને ભેદી નાખવા કામયાબ નીવડ્યો. તેઓ જમીનના નવા માલિકો બન્યા અથવા તો ખેડૂતોની નાણાંની જરૂરિયાતો પૂરી પાડી બદલામાં જમીન કે તેના પરની પેદાશ ગીરો રાખી ધીરધાર કરનારા તરીકે ગ્રામસમાજમાં ઘૂસી ગયા.

અંગ્રેજોએ મહેસૂલની ઉઘરાણી રોકડમાં કરતા ખેડૂત વર્ગને પોતાની જમીનો શરાફ કે વેપારી પાસે ગીરવે મૂકી નાણાં ઉછીના લેવાની ફરજ પડી. જમીનદારોની નવી ભૂમિકા, ભજવતા તાલુકદારો અને ગરાસિયાઓએ પણ તેમજ કર્યું. આ વર્ગો વળી નાણાપ્રધાન શહેરી અર્થકારણમાં વધારે ને વધારે તણાતા ગયા. મોજશોખની વસ્તુઆના વધતા જતા વપરાશ માટે વધુ ને વધુ નાણાંની જરૂર પડવા લાગી. પોતાની જમીનની જામીનગીરી ઉપર પણ તેઓએ નાણાં મેળવ્યા. આમ, ખેડૂત વર્ગની જમીન ખૂબ ઝડપથી વેચાણ, ગીરો અને પરાઈ થવાની પ્રક્રિયા વધી જેથી જે વર્ગ ખેતી કરતો ન હતો તેવા પૈસાદાર વર્ગ જમીનના માલિકો બન્યા અને ગ્રામીણ વિસ્તારમાં મોટો ફેરફાર થયો.

ગુજરાતના જિલ્લાઓમાં જમીનોના હાથબદલાએ ભયંકર રૂપ લીધું. ગેઝેટિયરમાં જણાવ્યું છે તેમ જમીનનો હાથ બદલો ત્રણ રીતે થાય છે : (અ) ખેડૂતો જમીન છોડી દે કે જમીન મહેસૂલ ભરી ન શકવાને કારણે સરકાર તેને વેચી નાખે (બ) દીવાની અદાલતોના

*ફરમાન મુજબ જમીન વેચાય (ક) સ્વૈચ્છિક વેચાણ કે ગીરો મૂકીને જમીન હાથબદલો પામે. આમ, ગુજરાતમાં જમીન ખેતી કરતા લોકો પાસેથી ખેતી કરનાર લોકોના હાથમાં અને સામંતશાહી જમીનદારોના હાથમાંથી શરાફો અને વેપારીઓના વર્ગોમાં જઈ રહી હતી.*

4.3.1.4 *ખેત ઉત્પાદનના હેતુમાં પરિવર્તન*

*અંગ્રેજોના આગમન બાદ આર્થિક નીતિમાં મોટો ફેરફાર એ આવ્યો કે ખેતી જીવન નિર્વાહને બદલે ખેત ઉત્પાદન બજાર અને નફા માટે થવા લાગ્યું. અંગ્રેજોના આગમન બાદ કપાસની માંગ વધતા કપાસની ખેતી અનાજના બદલે થવા લાગી. સમયાંતરે ઈંગ્લેન્ડની મિલોને જરૂરી એવા રોકડીયા પાકોનું વાવેતર વધ્યું જેની સામે અનાજનું ઉત્પાદન ઘટતા ભૂખમરો અને ગરીબીની પરિસ્થિતિ ઊભી થઈ.*

*અંગ્રેજોની આર્થિક નીતિએ ગામડાના પરંપરાગત વ્યવસાયોને મોટો ફટકો માર્યો. જેમ કે ખેતીવાડીના સાધનો બનાવતા સુથાર-લુહાર વર્ગને ખેડૂત અનાજ આપી તેના બદલામાં તેમની સેવા મેળવતો પરંતુ અંગ્રેજોની આર્થિક નીતિના કારણે યંત્રોના કારણે સુથાર અને લુહાર જેવા પરંપરાગત વ્યવસાય ધરાવતા વર્ગની સ્થિતિ કફોડી બની.*

### 4.3.2 ગુજરાતની શહેરી આર્થિક વ્યવસ્થામાં પરિવર્તન

*ગુજરાતમાં અંગ્રેજી શાસનની સ્થાપના પછી શહેરી ગુજરાતની આર્થિક વ્યવસ્થામાં મોટું પરિવર્તન આવ્યું. ભારતના પરંપરાગત મુંબઈ જેવા શહેરો રાજકીય, વેપારી અને સાંસ્કૃતિક કેન્દ્ર તરીકે વિકસ્યા જ્યારે એક સમયના મહત્વના બંદર એવા ભરૂચનો વિકાસ રૂંધાયો. ગુજરાતી વેપારી જ્ઞાતિઓ જેવી કે પારસી, વાણિયા, વોરા વગેરેએ પોતાના ઔદ્યોગિક સાહસો દ્વારા નામના મેળવી. સમયાંતરે ગુજરાતના નવી વહીવટી અને આર્થિક સાંકળોથી નવાં શહેરો ગ્રામીણ વિસ્તારો સાથે સંકળાયેલાં હતાં અને ગામડાંમાંથી કાચો માલ અને અનાજ શહેરોમાં આવતાં હતાં. મુંબઈ, અમદાવાદ, સુરત, ભરૂચ, વિરમગામ, નડિયાદ અને કેટલાંક બીજાં શહેરોમાં આધુનિક કારખાનાં, કપાસ લોઢવાનાં જિનો, સંયુક્ત ભંડોળની મંડળીઓ, બૅંકિંગ સંસ્થાઓ, અદ્યતન શિક્ષણ સંસ્થાઓ અને છાપખાના તેમજ આધુનિક વહીવટી સંગઠનો ઊભાં થયાં. આધુનિક બુદ્ધિજીવી વર્ગ પણ શહેરોમાં જ ઊભો થયો અને પોતાની અનેકવિધ પ્રવૃત્તિઓ પણ શહેરોમાંથી શરૂ કરી.*

4.3.2.1 *બુદ્ધિજીવી વર્ગ દ્વારા હસ્તઉદ્યોગોની પડતી*

*ગુજરાતમાં અંગ્રેજી શાસનની સ્થાપના બાદ શહેરોના હાથકારીગરીના ઉદ્યોગોને મોટો ફટકો પડ્યો. સામંતશાહી જમાનાના રાજા-મહારાજાઓ અને તેઓના હજૂરિયા નોકર-ચાકરો ભારતની મોજશોખની વસ્તુઓ જેવી કે સોના-રૂપા કે તાંબાની હાથકારીગરી માટે આકર્ષણ ધરાવતા હતા. અંગ્રેજોને હાથકારીગરીની કલાકૃતિઓનાં સૌંદર્ય અને કળાકૌશલ્યની કદર કરવાની શક્તિ હતી, પરંતુ ઉપયોગિતાની દૃષ્ટિએ તેઓના*

રોજબરોજના જીવનમાં આવી મોજશોખની વસ્તુઓને સ્થાન ન હતું. આથી સત્તાપલટા સાથે આવા માલની માગ અને બજાર ઘટી ગયાં. એ કથન ખૂબ જ સાચું છે 'બાદશાહ ત્યાં બજાર'.

હાથકારીગરીને માઠી અસર કરનારું બીજું પરિબળ નવા બુદ્ધિજીવી વર્ગને ગણી શકાય જે અંગ્રેજી કેળવણી અને પશ્ચિમની સંસ્કારિતાના પ્રભાવ હેઠળ હતો. ખરીદશક્તિ ધરાવતો આ નવો વર્ગ પાશ્ચાત્ય સંસ્કૃતિના સંપર્કે બક્ષેલાં નવાં મૂલ્યોને કારણે અને કંઈક અંશે નોકરી દરમ્યાન અમુક જ પ્રકારનો પોશાક પહેરવાની અપેક્ષા રખાતી હોવાને કારણે હાથકારીગરીની વસ્તુઓ ખરીદતો નહિ. નવો શિક્ષિત વર્ગ ધીમે ધીમે તેની જીવનપદ્ધતિ બદલી રહ્યો હતો તેથી સ્વદેશી વસ્તુઓની માંગ ઘટતી જતી હતી. શિક્ષિત બુદ્ધિજીવીઓ ટોપીથી માંડીને જોડાં સુધી કેવી રીતે પરદેશી માલથી ઢંકાતા જતા હતા તે હકીકત પ્રત્યે નવલરામ અને બીજા ગુજરાતી લેખકોએ અંગુલિનિર્દેશ કર્યો છે.

હાથકારીગરીના ઉદ્યોગનો મૃત્યુઘંટ વગાડનાર ચોથો મહત્વનો ફેરફાર ઔદ્યોગિક ઈંગ્લૅન્ડની સસ્તી અને વધારે સાફસૂથરી પેદાશોનું આક્રમણ હતો. ભારતીયો પોતાની પેદાશ પરદેશમાં વેચતા અને યંત્રો દ્વારા તૈયાર થયેલો માલ માંચેસ્ટરથી ખરીદતા. પરિણામ એ આવ્યું કે દેશના હાથકારીગરના કારીગરો પાસે ન તો ધંધો રહ્યો ન તો કશી આવક.

હાથકારીગરીના વળતાં પાણીનું પાંચમું કારણ ભારતમાં પણ કાપડની મિલોનાં કારખાનાંના વિકાસમાં જોઈ શકાય. પરદેશના કાપડ સાથે સ્થાનિક મિલોમાં બનતા કાપડે પણ બજાર સર કરી લીધાં અને અત્યાર સુધી હાથવણાટના અને બીજી હાથકારીગરીના ઉદ્યોગોએ તૈયાર કરેલા માલ માટે જે બજાર અસ્તિત્વમાં હતું તેનો પણ અંત આવ્યો. યંત્રોથી ચાલતી શાળોએ કાપડની નવી નવી જાતો દાખલ કરી વધારે ઝડપી અને સસ્તી ઉત્પાદનપદ્ધતિ દ્વારા હાથવણાટના કાપડનો સંપૂર્ણ ખાતમો બોલાવ્યો, કારણ કે એક બાજુથી ગુજરાતની મિલો સસ્તા ભાવનું ખરબચડું કાપડ તૈયાર કરવા લાગી અને બીજી બાજુ ગ્રેટબ્રિટનથી ઝીણું અને સુંવાળું કાપડ આવવા લાગ્યું હતું. આ બંને વચ્ચે હાથશાળનો ઉદ્યોગ ભીંસાઈ મર્યો. રંગાટકામના ઉદ્યોગને કાપડ ઉદ્યોગ સાથે સંબંધ હોય છે.

### 4.3.2.2 વેપાર અને ઉદ્યોગોમાં નવી ઉત્પાદન પદ્ધતિઓ

અંગ્રેજ શાસકોએ ભારતમાં વિશાળ પાયા ઉપર નાણાકીય અર્થકારણ દાખલ કર્યું. વધુમાં, જમીન મહેસૂલ રોકડમાં ભરવાનો સિદ્ધાંત દાખલ કરીને તેઓએ ગામડાંની અર્થવ્યવસ્થામાં વિશાળતર નાણાકીય લેવડદેવડ ઊભી કરી. આ પ્રક્રિયાને પરિણામે ગ્રામ્ય મોરચે ખેતપેદાશોનું વ્યાપારીકરણ થવા માંડ્યું. આથી ઓગણીસમી સદીમાં રોકડિયા પાક તરીકે કપાસનું મહત્ત્વ વધતું જતું હતું તે આપણે જોઈ ગયા છીએ. હાથવણાટના કાપડનો ઘટતો જતો ઉપયોગ અને બ્રિટનની નવી ઊભી થયેલી કાપડ મિલોની જરૂરિયાતોને કારણે

*કાચા રૂની માગ વધતી ચાલી. ઉપરાંત માંચેસ્ટરના કારખાનાંઓમાં નિયત ધોરણની ગુણવત્તાવાળું ખાસ પ્રકારનું રૂ જોઈતું હતું. વધુમાં ગામડાંમાંથી દેશના અમુક શહેરોમાં, ત્યાંથી મુંબઈ અને છેવટે ઈંગ્લેન્ડ પહોંચતું કરવા અનેક આધુનિક સંસ્થાઓ જેવી કે કપાસ લોઢવાનાં જિન, ગાંસડીઓ બાંધવાનાં કારખાનાં, રૂની ગાંસડીઓના રક્ષણ અને વીમો અને પછી યોગ્ય રીતે ઈંગ્લેન્ડ ખાતે નિકાસ વગેરે માટે આનુષાંગિક પ્રવૃત્તિઓ ઊભી થઈ. આ સમય દરમ્યાન કપાસ સાફ કરી રૂની ગાંસડીઓ બાંધવાનું કામ જે હાથે કરવામાં આવતું હતું તેને બદલે યંત્રશક્તથી થવા લાગ્યું. રેલવે લાઈન નંખાયા પછી કપાસ લોઢવાનાં જિનો અને યંત્રોથી રૂ દબાવી ગાંસડીઓ બાંધવાનાં કારખાનાં ખૂબ જ વધ્યા.*

*એક રોકડિયા પાકની જાત અને જથ્થો સુધારવા સરકારે પ્રયત્નો કર્યા તે હકીકત જે નવા પ્રકારનો વેપારી વર્ગ તેનો નિર્દેશ કરે છે. આ ઉપરાંત કાચું રૂ જ્યાં પેદા થતું હોય ત્યાંથી તેના અંતિમ ઉત્પાદન સ્થાને પહોંચાડવા સુધીની પ્રક્રિયાઓમાં વિવિધ સંસ્થાઓની જે શૃંખલા રચાઈ રહી તેને પણ નિર્દેશ કરે છે. જે રૂ બ્રિટિશ ઉદ્યોગ માટે યોગ્ય ન હતું તેવા હલકા પ્રકારની જાતોનું રૂ ગુજરાતની કાપડ મિલોમાં વપરાતું થયું એ ઘટના રૂના વેપારમાં એક બીજો સૂચક બનાવ કહેવાય. કેટલાક શ્રીમંત વેપારીઓ અને બુદ્ધિજીવીઓએ જોયું કે સુતરાઉ કાપડની મિલો સ્થાપવા પૂરતા પ્રમાણમાં રૂ તેમજ નાણાંનો પુરવઠો મળી રહે તેમ છે અને ગુજરાતમાં આ નવી આર્થિક પ્રવૃત્તિઓ શરૂ કરી શકાય તેમ છે તેથી તે દિશામાં તેઓ સક્રિય બન્યા. ઈ.સ.1861માં ગુજરાતની પહેલી કાપડ મિલ એક ભારતીય માલિકી નીચે 'શાહપુર મિલ'ના નામે શરૂ થઈ.*

*આમ 19મી સદીના મધ્યભાગમાં ઔદ્યોગિક વિકાસમાં એક નવું પગલું મંડાયું. ગુજરાતના આર્થિક જીવનમાં આની દૂરગામી અસરો પડી.*

1. *ઉત્પાદનની નવી પદ્ધતિએ કારખાનાં ચલાવવા જરૂરી મૂડી એકાદ સાહસવીર ઊભી કરી શકે નહિ તેટલી મોટી હોવાથી ઘણી નાણાં પૂરાં પાડતી સંસ્થાઓ ઊભી થઈ.*

2. *કારખાનાંના માલિકો અને વેતનદાર કામદારો વચ્ચે કરારો ઉપર આધારિત નવા સંબંધોની વ્યવસ્થા ઊભી થઈ.*

3. *ઉત્પાદનની આ નવી પદ્ધતિએ મુખ્ય ઉદ્યોગને પૂરક એવા ગૌણ ઉદ્યોગો ઊભા કર્યા અને આમ ઉદ્યોગીકરણની પ્રક્રિયાને વેગ મળ્યો. દા.ત. કાપડ ઉદ્યોગમાં મિલોની પડોશમાં જ રંગાટકામનાં કારખાનાં નંખાયાં.*

4. *વધુમાં, દેશી ઔદ્યોગિક વિકાસને પરિણામે ભારતીય અને બ્રિટિશ હિતો વચ્ચેના સંબંધો અંગે સમસ્યાઓ સર્જાઈ. ગુજરાતના કાપડ ઉદ્યોગની સંખ્યા દેખાડતો પરિશિષ્ટ માંહેનો કોઠો જોતાં જણાશે કે તેના મોટા ભાગના તો માત્ર સૂતર અને જાડું કાપડ બનાવતા હતા. ઝીણા કાપડનું ઉત્પાદન તો બ્રિટિશ કારખાનાંઓનો એકહથ્થુ ઈજારો હતો.દેશનાં કારખાનાંઓએ ઉત્પાદન શરૂ કરતાં નવી આર્થિક માગણીઓ*

જેવી કે સ્વદેશી, ભારતીય ઉદ્યોગોને રક્ષણ, પરદેશી માલનો બહિષ્કાર વગેરે ઊભી થઈ.

5. ઉદ્યોગીકરણની સામાજિક અસર એ થઈ કે સમાજમાં શ્રીમંત ઉદ્યોગપતિઓનો એક નવો વર્ગ મહત્ત્વ પ્રાપ્ત કરતો ગયો. આપણે જોયું તેમ અંગ્રેજી શાસન પહેલાંના ગુજરાતમાં મહાજનો પોતાના સભ્યો જેમાં તાલીમાર્થીઓ અને કારીગરોનો સમાવેશ થતો હતો, તેમનાં સમગ્ર જીવનનું નિયમન કરતા હતા. જ્યારે હવે કારખાના પદ્ધતિમાં રોજી આપનાર શેઠ-માલિકો, કામદારો અને રાજ્ય વચ્ચે એક નવા પ્રકારના સંબંધો ઉપસ્થિત થયા. ગુજરાતના આર્થિક જીવનમાં કર્મચારી અને માલિક વચ્ચેના સંબંધમાં કરારનો નવો સિદ્ધાંત દાખલ થયો, આથી કર્મચારીની વ્યક્તિમત્તાને લક્ષ્યમાં રાખવાની નવી પરિસ્થિતિ શરૂ થઈ.

ગુજરાતમાં આર્થિક અને સામાજિક સંબંધોમાં આ સિદ્ધાંતની દૂરગામી અસર થઈ. તેમાંથી મજૂરીને લગતા કાયદાઓ ઘડાયા અને કામના કલાકો, કામની પરિસ્થિતિ અને શરતો, રોજગારીમાં પક્ષપાત વગેરે અંગે ઔદ્યોગિક તાણાતાણીના અનેક પ્રવાહો જન્મ્યા.

4.3.2.3 વેપારી સંગઠનો

19મી સદીમાં જોકે 'પેઢીઓ' જેવાં વ્યક્તિગત કે કુટુંબગત વેપારી સંગઠનો વેપારક્ષેત્રે આગળ પડતો ભાગ ભજવતાં રહ્યાં તો પણ ધીમે ધીમે અનેક વ્યક્તિઓએ ફાળો આપી ઊભી કરેલ મૂડી અને મર્યાદિત જવાબદારીઓ ઉપર આધારિત સંયુક્ત ભંડોળવાળી મંડળીઓ જેવાં વેપારી અને ઔદ્યોગિક સંગઠનો ઊભાં થતાં ગયાં.

ગુજરાતી વેપારી કે ઉદ્યોગપતિએ પરદેશનાં વેપારી સંગઠનોએ સંયુક્ત ભંડોળોનાં સાહસોના ફાયદાઓ જોઈ સંયુક્ત ભંડોળવાળી મંડળીઓ માટે સાનુકૂળ વાતાવરણ સર્જ્યું હતું. 19મી સદીના ગુજરાતના બુદ્ધિજીવીઓ ઈ.સ.1851થી આવાં સંગઠનો માટે તૈયાર હતા. તેથી તો કવિ નર્મદના 'મંડળી થવાથી થતા લાભ' નામના નિબંધમાં વેપારી સંગઠનોનો પણ સમાવેશ થતો હતો. 19મા સૈકા પહેલાં તો વિશાળ અને નાના પાયાના વેપારની રીતરસમ ભાગ્યે જ જુદી જુદી જાતની રહેતી. મોટા વેપારીઓ અનેક પ્રકારની વેપારી ચીજવસ્તુઓનો વેપાર કરતા અને નાના વેપારીઓ પણ તેમજ કરતા; એકમાત્ર તફાવત એ હતો કે પ્રવૃત્તિઓનું ફલક નાનું મોટું રહેતું. સંયુક્ત ભંડોળની મંડળીઓ આવ્યા પછી મોટાં મૂડીરોકાણો ઉપર વેપાર કરતા મોટા વેપારીઓ અને પોતાની મર્યાદિત મૂડીથી નાના પાયા ઉપર વેપાર કરતા નાના વેપારીઓ વચ્ચે તફાવત ઊભો થયો. તે જ પ્રમાણે જોકે અંગ્રેજ શાસન પહેલાં પણ બેંકિંગ વ્યવસ્થા ઠીક ઠીક પ્રમાણમાં વિકસી હતી, પણ સ્વતંત્ર વ્યવસાય તરીકે નહીં. વેપારીઓ અને શરાફો એક જ ઘટક તરીકે કામ કરતા હતા. વધુમાં નાણાકીય સંસ્થાનું એકમ કુટુંબ હતું.

*આમ 19મી સદીના ગુજરાતમાં આર્થિક પ્રવૃત્તિનાં નવાં સ્વરૂપો ઉપસ્થિત થવા માંડયા. આ સ્વરૂપોનું મુખ્ય લક્ષણ એ હતું કે વિશિષ્ટ કાર્યક્ષેત્રો માટે વિશિષ્ટ વ્યવસ્થા ઊભી થતી હતી અને વિવિધ કાર્યો એક જ વ્યક્તિ કરે તેવી પ્રથા ધીમે ધીમે બંધ પડી.*

*અંગ્રેજ શાસન પહેલાંના ગુજરાતમાં, અર્થવ્યવસ્થાનો પાયો વસ્તુવિનિમય પદ્ધતિ ઉપર ઊભો હતો. 19મા સૈકામાં, નાણાંનો ઉપયોગ મહેસૂલ, પગારો, રોજિંદા વેતન અને વેપારી વ્યવહારોમાં થતો હતો. આ વલણને પરિણામે કાગળનાં નાણાંનું ચલણ વધતું ગયું. આમ, આર્થિક સંગઠનોનાં નવાં રૂપો વિકાસ પામ્યાં તે સાથે કાગળનાં નાણાંનું ચલણ પણ વધતું ગયું તે હકીકત 19મી સદીમાં ગુજરાતના આર્થિક જીવનમાં વધતી જતી જટિલતાનું દ્યોતક છે.*

*આમ, આર્થિક પરિવર્તનની દૃષ્ટિએ ગુજરાતના ઈતિહાસમાં બ્રિટિશ કાલ અભૂતપૂર્વ હતો. ગુજરાત પહેલી જ વાર એક એવા દેશના શાસન નીચે આવ્યો કે જે ઔદ્યોગિક ક્રાંતિના પ્રાથમિક તબક્કામાંથી પસાર થઈ ચૂક્યો હતો. બ્રિટિશ શાસને કેટલાંક પ્રગતિશીલ પરિબળ વિકસાવ્યાં. વાહન-વ્યવહાર અને સંદેશા-વ્યવહારને એના આધુનિક સ્વરૂપમાં મૂકનાર તથા ગુજરાતનાં ગામડાંઓ અને શહેરોને આર્થિક દૃષ્ટિએ સાંકળનાર (વિશાળ દૃષ્ટિએ હિંદના અન્ય વિસ્તારો સાથે પણ) બ્રિટિશ રાજ્ય હતું.*

**(ક) (ખ) તમારી પ્રગતિ ચકાસો.**

**(A) નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો**

1. *અંગ્રેજોની મહાલવારી પ્રથાની ગુજરાતની આર્થિક વ્યવસ્થામાં આમૂલ પરિવર્તન આવ્યું.*
2. *અંગ્રેજોએ ગુજરાતની જમીનો ગુણવત્તાના આધારે 9 વર્ગોમાં વિભાજિત કરી.*
3. *અંગ્રેજોના આગમન બાદ રોકડિયા પાકોનું ઉત્પાદન વધ્યું.*
4. *હાથકારીગરીના ઉદ્યોગને ગ્રામીણ વર્ગ દ્વારા માઠી અસર થઈ હતી.*
5. *ગુજરાતમાં પહેલી કાપડની મિલ શાહપુર મિલ હતી.*

(B) *ગુજરાતમાં અગ્રેજી શાસનના કારણે ગ્રામીણ આર્થિક વ્યવસ્થામાં આવેલ પરિવર્તનની ચર્ચા કરો.*

## 4.4 ગુજરાતમાં અંગ્રેજ શાસનની સ્થાપના પછી શૈક્ષણિક પરિવર્તન

*અંગ્રેજોએ ભારતમાં જે વહીવટી વ્યવસ્થા અને અર્થવ્યવસ્થાનો પાયો નાંખ્યો. તેના સંચાલન માટે નવા મૂલ્યો, નવી તાલીમ, નવા અભિગમ અને નવા સાધનોથી સજ્જ લોકોની જરૂર પડી. તેથી અંગ્રેજોએ ભારતીયોને પશ્ચિમી ઢબની કેળવણી માટે અંગ્રેજી શિક્ષણ પર ભાર મૂક્યો. ઈ.સ.1840માં લોર્ડ મૅકોલેએ યુરોપિય સાહિત્ય અને વિજ્ઞાનનો ભારતના લોકોમાં પ્રસાર કરવા શિક્ષણનું માધ્યમ અંગ્રેજી રાખવાની જાહેરાત કરી. ભારતમાં સંસ્કૃત મહાવિદ્યાલયો, મદરેસાઓ તથા ખ્રિસ્તી મિશનરી દ્વારા સ્થાપિત શિક્ષણની સંસ્થાઓમાં શિક્ષણનો પ્રારંભ થયો. ભારતમાં અંગ્રેજી શિક્ષણના પ્રસાર અને પ્રચારના કારણે ભારતમાં નવજાગૃતિના મંડાણ થવાની શરૂઆત થઈ.*

### 4.4.1 આધુનિક શિક્ષણની શરૂઆત અને અસરો

*પાશ્ચાત્ય ઉદારમતવાદી અને ઉપયોગિતાવાદી વિચારસરણી ધરાવતા સમૂહે ઈ.સ.1813 થી 1843 વચ્ચે પશ્ચિમી ઢબની કેળવણી ભારતમાં અપનાવવાના પ્રયત્નો કર્યા. ઈ.સ.1835માં વિલિયમ બેંટિકે ભારતીયોને અંગ્રેજી માધ્યમથી સાહિત્ય અને વિજ્ઞાનનું જ્ઞાન આપવા માટે સમિતિની રચના કરી. ઈ.સ. 1840માં લોર્ડ મૅકોલેએ ભારતમાં આધુનિક શિક્ષણનો પાયો નાંખ્યો. પરિણામે દેશભરમાં અંગ્રેજી શિક્ષણ આપતી શાળાઓ શરૂ થઈ. ઈ.સ.1857માં કલકત્તા, મુંબઈ અને મદ્રાસમાં સૌ પ્રથમ ત્રણ યુનિવર્સિટીઓ સ્થપાઈ. તેની સાથે સાથે આખા દેશમાં કોલેજોની શરૂઆત થઈ. ઈ.સ. 1857ના સ્વાતંત્ર્ય સંગ્રામ બાદ રાણી વિક્ટોરિયાના જાહેરનામાથી ભારતમાં શિક્ષણનો પ્રચાર ઝડપથી થવા માંડયો. શાળા કોલેજોની સંખ્યા વધી, જો કે ઉચ્ચ શિક્ષણના પ્રસાર સાથે પ્રાથમિક શિક્ષણનો પ્રસાર જોઈએ તેટલા પ્રમાણમાં થયો નહીં. સરકારે વહીવટમાં કાર્ય કરી શકે તેવા સરકારી બાબુઓ તૈયાર કરવા માટે વિશેષ ધ્યાન ઉચ્ચ શિક્ષણમાં આપ્યું.*

### 4.4.2 શિક્ષણનો બદલાયેલો અભિગમ

*અંગ્રેજોએ પ્રાથમિક શિક્ષણના વિકાસ માટે માટે ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા સ્થાપિત શાળાઓને અનુદાન આપવાની શરૂઆત કરી. તેની સાથે આ સંસ્થાઓએ પ્રાથમિક કક્ષાએ અંગ્રેજી અને દેશી ભાષામાં શિક્ષણની શરૂઆત પણ કરી. અંગ્રેજી તેમજ દેશી વિષયોમાં તાલીમ પામેલા શિક્ષિતોનો સમુદાય ઊભો કર્યો. અંગ્રેજાઓએ એક બાજુ ધર્મ નિરપેક્ષ, બિનસાંપ્રદાયિક શિક્ષણ વ્યવસ્થાનું નિર્માણ કર્યું તો, પરંતુ મિશનરીઓએ પોતાની સંસ્થાઓમાં ધાર્મિક શિક્ષણ આપવાનું શરૂ કર્યું. બ્રિટિશ વહીવટીતંત્રએ તરત જ ધાર્મિક ઝોકવાળી મિશનરી શૈક્ષણિક સંસ્થાઓને સરકારી કેળવણી ખાતા નીચે લાવી કેળવણી ખાતાએ નક્કી કરેલા અભ્યાસક્રમો જ શાળામાં શીખવવા પર ભાર મૂક્યો. આમ કરીને બ્રિટિશરોએ જે તે સમયે જ ભારતમાં આધુનિક શિક્ષણપદ્ધતિમાં બિનસાંપ્રદાયિકતાનો પાયો નાખ્યો.*

આમ, ભારતમાં આધુનિક શિક્ષણ શાસકવર્ગમાં પૌર્વાત્યો, પાશ્ચાત્યો અને મિશનરીઓના ત્રણ મુખ્ય વિચારપ્રવાહો વચ્ચેના સંગમ તેમજ સંઘર્ષના પરિણામસ્વરૂપ હતું. તેઓ ત્રણ મુખ્ય મુદ્દાઓ ઉપર સંમતિ ધરાવતા હતા : (1) અંગ્રેજ શાસન બરાબર હતું અને તેને મજબૂત બનાવવાનું હતું; (2) રાજવહીવટ માટે દેશી લોકોની જરૂર હતી; (3) અંગ્રેજોની સભ્યતા અને સંસ્કૃતિ "દેશીઓ"ની સંસ્કૃતિ કરતાં ચડિયાતાં હતાં.

અંગ્રેજ શિક્ષણ પદ્ધતિમાં એક બાબત નોંધવા જેવી એ છે કે આ સમયે ભારતમાં શિક્ષણના માધ્યમ માટે બે સ્પષ્ટ અભિગમ જોવા મળ્યા હતા. પહેલો અભિગમ પશ્ચિમ ભારતમાં એલ્ફિન્સ્ટને અને દક્ષિણ ભારતમાં મન્ટોએ સ્થાનિક ભાષામાં શિક્ષણ આપવા માટે અપનાવ્યો અને બીજો અભિગમ બંગાળામાં વિલિયમ બેંટિકે શરૂ કરેલ અને મેકોલોએ અંતિમ સ્વરૂપ આપેલો અંગ્રેજી ભાષામાં શિક્ષણ આપવાનો અભિગમ. એલ્ફિન્સ્ટન અને મન્ટોએ અપનાવેલ અભિગમમાં જે તે પ્રદેશની સ્થાનિક ભાષાઓના માધ્યમ દ્વારા શિક્ષણ આપવાનું હતું અને અંગ્રેજીને ગૌણ ભાષા તરીકે સ્થાન આપવાનું હતું. વળી ઉદ્દેશ એ હતો કે માતૃભાષાઓ દ્વારા જ પશ્ચિમના વિચારો, મૂલ્યો અને સંસ્થાકીય સિદ્ધાંતો દ્વારા લોકોનું પશ્ચિમીકરણ સિદ્ધ કરવાનું હતું, જેથી બધા જ સ્તરના લોકોની સભાનતામાં ક્રાન્તિકારક ફેરફાર લાવી શકાય. જો કે ભાષાના માધ્યમના વિવાદમાં અંગ્રેજીની તરફેણ કરનાર વિજય પામ્યા અને માધ્યમિક તેમજ ઉચ્ચ શિક્ષણના માધ્યમ તરીકે અંગ્રેજીનો સ્વીકાર થયો. આ અભિગમના પાયામાં શિક્ષણ અને સંસ્કારસિંચનનો 'ઉપરથી નીચે તરફ વહેણ (downward firaion) વહેતાં કરવાનો સિદ્ધાંત રહેલો છે.

એલ્ફિસ્ટને ગુજરાતમાં માતૃભાષામાં તળપદુ ગુજરાતી શિક્ષણ વિકસાવવા ગુજરાતી નિશાળો તથા ગુજરાતી શિક્ષકોને તાલીમ આપવાનું શરૂ કર્યું. પરંતુ પશ્ચિમ ભારતમાં છેવટે અંગ્રેજી શિક્ષણનો વિજય થયો.ગુજરાતમાં ઈ.સ.1882માં નિમાયેલા હંટર કમિશને કરેલી ભલામણ અનુસાર શિક્ષણમાં 'મુક્ત વ્યવહારની નીતિ' અખત્યાર કરી હતી.

આધુનિક શિક્ષણે શિક્ષિત વર્ગમાં એવી ઉત્કંઠા જગાવી કે યુરોપિય પ્રજાએ કેવી રીતે ઘણા ટૂંકા ગાળામાં ખૂબ પ્રગતિ સાધી! દેશના બૌદ્ધિકોના મનમાં સતત આ વિચારો ચાલ્યા કરતા. સરકારી નોકરીઓની તકો વધી રહી હતી તેથી એક નવો "મધ્યમ વર્ગ" ઊભો થઈ રહ્યો હતો. બ્રિટિશરોમાં પણ એક એવો વર્ગ ઊભો થઈ રહ્યો હતો જે ભારતીય મધ્યમ વર્ગ અને બ્રિટિશ સરકારી વર્ગ એમ બંને પક્ષે સંબંધ ધરાવતો. ન્યાયાધીશો, વકીલો, મિશનરીઓ, વિલિયમ જોન્સ જેવા સંસ્કૃતના પંડિત, વિલિયમ કેરે જેવા મિશનરીઓ, ડેવિડ હેર જેવા તાર્કિકો અને ભારતના બુદ્ધિજીવીઓ વચ્ચે વિચારોનું આદાનપ્રદાન ચાલતું. પરિણામે ભારતમાં રાષ્ટ્રીય જાગૃતિનું વાતાવરણ રચાયું. અંગ્રેજી ભણીને ભારતીયો સરકારી નોકરીઓમાં તેમની ફરજો કુશળતાપૂર્વક અદા કરે એ આધુનિક શિક્ષણ પાછળ બ્રિટિશરોનો હેતુ હતો પરંતુ અંગ્રેજી શિક્ષણે ન માત્ર કુશળ અધિકારીઓનો જ તૈયાર કર્યા પરંતુ રાષ્ટ્રીય જાગૃતિના જ્યોર્તિધરો પણ તૈયાર કર્યા.

### 4.4.3 શિક્ષણ વ્યવસ્થાનું બદલાયેલું સ્વરૂપ

*મુંબઈના ગવર્નર એલ્ફિસ્ટને માતૃભાષામાં શિક્ષણના પ્રસાર માટે 'નેટિવ સ્કૂલ' અને 'સ્કૂલ બુક કમિટિ'ની રચના કરી જેનો ઉદ્દેશ્ય પ્રાદેશિક ભાષામાં શિક્ષણના પુસ્તકો તૈયાર કરવા, નૈતિક શિક્ષણ આપવું, લાયકાતવાળા શિક્ષકો તૈયાર કરવાનો હતો. આ સંસ્થા ઈ.સ.1827માં 'ધી બોમ્બે નેટિવ એજ્યુકેશન સોસાયટી' તરીકે ઓળખાઈ. આ સોસાયટીએ છ ગુજરાતી યુવાનોને શિક્ષકની તાલીમ આપી જુદા જુદા જિલ્લાઓમાં સરકારી પ્રાથમિક શાળાઓ શરૂ કરવાની યોજના ઘડી. રણછોડલાલ ઝવેરી જેને ઍજ્યુકેશનલ ઈન્સ્પેક્ટર કર્ટિસે ગુજરાતમાં કેળવણીના પિતા કહ્યા છે તેમણે આ સોસાયટી દ્વારા માતૃભાષામાં શિક્ષણ માટે અનેક પ્રયત્નો કર્યા હતા. મુંબઈ પ્રાંતમાં દેશી કેળવણીનું જે કાર્ય આ સમયે થયું તેની કેટલીક માહિતી મેળવીએ*

4.4.3.1 *અંગ્રેજી શૈક્ષણિક માળખું*

*19મી સદીમાં શૈક્ષણિક માળખાના પાયામાં સાત ધોરણ સુધીનું શિક્ષણ આપતી પ્રાથમિક નિશાળો હતી, જેમણે દેશી શિક્ષણ વર્નાક્યુલર ફાઈનલ પૂરું કર્યું હોય તેમને સરકારી ખાતાઓમાં ચોથા વર્ગના દરજ્જાની નોકરી માટે લાયક ગણવામાં આવતા. તેમ છતાં, 'ઊંચેથી નીચે' જવાના સિદ્ધાંતની અસર નીચે સરકારે પ્રાથમિક શાળાઓમાંથી ઍંગ્લો-વર્નાક્યુલર માધ્યમિક શાળાઓ શરૂ કરી, જેમાં પ્રાથમિક કક્ષા પછીનાં ત્રણ વર્ષો માટે અંગ્રેજી એક વિષય તરીકે દાખલ કર્યું અને પછીથી હાઈસ્કૂલમાં ચાર વર્ષ સુધી વિદ્યાર્થીઓ અંગ્રેજીને એક વિષય તરીકે નહિ, પરંતુ બીજા બધા વિષયો પણ અંગ્રેજી ભાષામાં શીખી મેટ્રિક્યુલેશનનો અભ્યાસક્રમ પૂરો કરતા. મેટ્રિક્યુલેશન પછી વિદ્યાર્થી યુનિવર્સિટીમાં પ્રવેશ માટે પાત્ર થતો. આમ છેવટે ગુજરાતનું શૈક્ષણિક માળખું આ મુજબ રચાયું હતું. પ્રાથમિક શાળાઓ, ઍંગ્લો- વર્નાક્યુલર મિડલ સ્કૂલો, હાઈસ્કૂલો, કૉલેજો અને છેલ્લે અનુસ્નાતક વિદ્યાપીઠનું શિક્ષણ.*

4.4.3.2 *નોકરશાહી શૈક્ષણિક માળખું*

*અંગ્રેજોએ દાખલ કરેલ નવી શિક્ષણવ્યવસ્થાનું પ્રથમ સૂચક લક્ષણ એ હતું કે તેનું ઉત્તરોત્તર ક્રમમાં સંકલન કરવામાં આવ્યું હતું. સંકલનનો આ ઉત્તરોત્તર ક્રમ 19મી સદીમાં વિકસ્યો અને એ નોંધવા જેવું છે કે તે આઝાદી સુધી ચાલુ રહ્યો એટલું જ નહિ, પણ યદ્યપિ શૈક્ષણિક સોપાનશ્રેણી* (hierarchiladder) *ના પાયામાં ચાલુ રહ્યો છે.*

*ઈ.સ.1854 પછી સરકારે ખાનગી શાળાઓને અનુદાન આપવાની પ્રથા દાખલ કરી. આ નીતિથી એક બાજુ ખાનગી શાળાઓની સ્થાપનાને પ્રોત્સાહન મળ્યું તો બીજી બાજુ સરકારે તેને પોતાના અંકુશ નીચે લાવી કારણ કે અમુક શરતોનું પાલન થાય તો જ અનુદાન મળી શકે. જો પોતાના વિદ્યાર્થીઓને કૉલેજોમાં પ્રવેશ અપાવવો હોય કે સરકારી નોકરીઓ માટે પાત્ર ઠેરવવા હોય તો ખાનગી શાળાઓએ અમુક નક્કી કરેલા અભ્યાસક્રમો પ્રમાણે જ શિક્ષણ આપવાનું હતું. આ જ રીતે, જૂની દેશી નિશાળો (જે જૂની*

ધાર્મિક પ્રણાલિકાઓ પ્રમાણે શિક્ષણ આપતી હતી)ને પણ વિકસવા ઉત્તેજન અપાયું. આ શાળાઓ સરકારી નિયમો મુજબ ઓછામાં ઓછું બિનસાંપ્રદાયિક શિક્ષણ દાખલ કરે તો અનુદાનને પાત્ર ગણાતી.

ગુજરાતમાં આધુનિક શિક્ષણના પ્રણેતાઓ ખ્રિસ્તી મિશનરીઓ હતા. જેમણે મુંબઈમાં સૌપ્રથમ ઈ.સ.1718માં આધુનિક શિક્ષણ સંસ્થા રેવરંડ રિચાર્ડ કોબેએ શરૂ કરી હતી. ત્યારબાદ, ધી અમેરિકન મિશન, ધી ચર્ચ મિશનરી સોસાયટી, ધી સ્કોટિશ મિશનરી સોસાયટી વગેરે દ્વારા છોકરા તેમજ છોકરીઓ માટે શાળાઓ શરૂ કરી. 19મી સદીના ઉત્તરાર્ધમાં જુદાં જુદાં શહેરોમાં લોકલ બોર્ડ અને સુધરાઈઓ શરૂ થવા સાથે અને હંટર કમિશનના અહેવાલને પરિણામે શિક્ષણ પ્રત્યે સરકારી નીતિ બદલાવાથી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓએ શાળાઓ શરૂ કરી.

ઈ.સ.1840 સુધી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સંચાલન નેટિવ ઍજ્યુકેશન સોસાયટી કે સરકારી અમલદાર, આગેવાન ખાનગી વ્યક્તિ કે મિશનરીઓ મારફત કરવામાં આવતું. ઈ.સ.1840થી 1855 સુધી સરકાર શિક્ષણ પ્રવૃત્તિઓનું નિયંત્રણ બોર્ડ ઑફ ઍજ્યુકેશન દ્વારા કરતી હતી. ઈ.સ 1855થી શિક્ષણના વિકાસ અને નિયમન માટે ડાયરેક્ટર ઑફ ઍજ્યુકેશન અને દરેક જિલ્લાની શાળાઓની મુલાકાત લેનારાઓ (visitors) અને શિક્ષણ નિરીક્ષકોએ આ કાર્ય સોંપવામાં આવ્યું. આ સમયે સરકાર આધુનિક શિક્ષણનો પ્રસારવા માટે જુદા જુદા અભિગમોના પ્રયોગો કરતી હતી.

જેમ કે મોહનલાલ ઝવેરી જેઓ પ્રખ્યાત કેળવણીકાર રણછોડલાલના પુત્ર અને વિદ્વાન ન્યાયમૂર્તિ કૃષ્ણલાલ ઝવેરીના પિતા હતા. તેમણે અનુભવ્યું હતું કે શિક્ષણની સંસ્થાઓનો વિકાસ કરવા માટે અધિકારીઓ (visitors) અને નિરીક્ષકો કેવી પ્રતિકૂળ પરિસ્થિતિ સામે ઝઝૂમી રહ્યા હતા. સ્થાનિક લોકોને સમજાવી, નવી શાળાઓ શરૂ કરવા માટે પ્રયત્નશીલ હતા, ગામના અથવા તાલુકાના પાંચ-છ આગેવાનો પાસેથી બાંયધરી મેળવી કે શિક્ષકોના અડધા પગારની વ્યવસ્થા તેઓ કરશે, જોકે આ ઘણું મુશ્કેલ હતું. ઉપરી અધિકારીઓ સતત પૂછ્યા કરતા કે શાળાઓની સંખ્યામાં કેમ ઝડપથી વધારો થતો નથી ? હવે આ પરિસ્થિતિમાં વિઝિટરોની દશા બહુ જ કફોડી થતી. આમ છતાં નિરીક્ષકો એને વિઝિટરોની સતત દેખભાળથી ગુજરાતમાં શિક્ષણનો પ્રસાર વધ્યો.

કેળવણી ખાતાના વિકાસની સાથે તેની અધિકારી શ્રેણીનો પણ વિકાસ થયો. સમયાંતરે આ અધિકારીઓ તરીકે ભારતીયોની નિમણુંકો થવા લાગી, ભારતીયો ડેપ્યુટી ઍજ્યુકેશનલ ઈન્સ્પેક્ટર, મદદનીશ ડેપ્યુટી એજ્યુકેશન ઈન્સ્પેક્ટર અને હાઈસ્કૂલો તથા પ્રાથમિક શાળાઓના આચાર્ય તરીકે નિમાવા લાગ્યા. સરકાર દ્વારા શૈક્ષણિક સંસ્થાઓનાં વહીવટ, નિયમન, નિરીક્ષણ અને વિકાસ માટે જે તે ઈલાકાનું કેળવણી ખાતું સીધી કે આડકતરી રીતે જવાબદાર બનાવવામાં આવ્યું.

*આમ, 19મી સદીમાં, ગુજરાતની શિક્ષણપદ્ધતિ બે પ્રકારનાં ઉત્તરોત્તર ક્રમનાં નોકરશાહી માળખામાં પાંગરતી રહી હતી. એક તરફ પ્રાથમિક, એંગ્લો વર્નાક્યુલર, હાઈસ્કૂલો, કૉલેજો અને વિશ્વવિદ્યાલય સુધીનો વિસ્તાર અને બીજી તરફ કેળવણી ખાતામાં વિકાસ પામેલ નોકરીઓનો ચઢતો-ઊતરતો ક્રમ આમાં સમાયેલાં હતાં. કાર્યો અને જવાબદારીઓની વહેંચણી, સ્પષ્ટ નિયમો વગેરે દ્વારા નાનામાં નાનો પ્રાથમિક શિક્ષક પણ કેળવણી ખાતાના વડા સાથે સંકળાયેલ હતો અને આમ એકબીજા સાથે સંકળાયેલ સંકુલ વ્યવસ્થાતંત્ર દ્વારા ગુજરાતમાં આધુનિક શિક્ષણ સક્ષમ બન્યું.*

4.4.3.3 *શૈક્ષણિક માળખામાં વિવિધતા*

*ગુજરાતમાં પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ સાથે સાથે કાયદો, તબીબી, વાણિજ્ય, કૃષિ, ઔદ્યોગિક જ્ઞાન માટે પણ શિક્ષણ સંસ્થાઓ ઊભી થઈ મુંબઈમાં જમશેદજી જીજીભાઈ 'સ્કૂલ ઓફ આર્ટ' કલાના શિક્ષણના પ્રોત્સાહન માટે સ્થપાઈ તો નેટિવ એજ્યુકેશન સોસાયટીએ એન્જિનિયરિંગનું શિક્ષણ આપવાની શરૂઆત કરી. ગુજરાતના ઉદ્યોગપતિ રણછોડલાલ છોટાલાલે મુંબઈમાં 'વિક્ટોરીયા જ્યુબીલી ઈન્સ્ટિટયૂટ'ની સ્થાપના કરી.*

### 4.4.4 અંગ્રેજી શિક્ષણ વ્યવસ્થાથી ગુજરાતી સમાજમાં આવેલું પરિવર્તન

- *આધુનિક શિક્ષણથી ગુજરાતમાં શિક્ષણ પર અમુક વર્ગનો ઈજારો હતો તેની જગ્યાએ સર્વ સમાજો માટે શિક્ષણના દ્વાર ખુલ્યા.*
- *આધુનિક શિક્ષણ વ્યવસ્થાએ સ્ત્રી શિક્ષણ અને સ્ત્રી કેળવણી પર વિશેષ ભાર મૂક્યો.*
- *ધર્મનિરપેક્ષ કેળવણીએ વહીવટ અને બીજી નોકરીઓમાં સંવેદનશીલ લોકસમુદાય તૈયાર કર્યો.*
- *આધુનિક શિક્ષણની અસર નીચે બુદ્ધિજીવીઓનો વર્ગ ઉભો થયો જેણે વર્ષોથી અંધશ્રદ્ધા, ધાર્મિક રીતિ રિવાજોમાં સબળતા સમાજોમાં સુધારાની જ્યોત જલાવી. નવલરામ ભારતમાં સમાજ સુધારાની ઈષ્ટદેવી 'આધુનિક અંગ્રેજી કેળવણી'ને ગણાવે છે. ગુજરાતમાં દુર્ગારામ, નર્મદ, દલપતરામ, મણિલાલ દ્વિવેદી, ગોવર્ધનરામ વગેરે સામાજિક અને ધાર્મિક સુધારાઓના પ્રવર્તકો બન્યા. આ બુદ્ધિજીવીઓએ પત્રકારત્વ અને સાહિત્ય ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપ્યું. દા.ત. ગુજરાતી સાહિત્યમાં 'નિબંધ' અને 'આત્મકથા'નું સ્વરૂપ નર્મદે વિકસાવ્યું, તો દલપતરામે 'પિંગળ' સાહિત્ય આલેખ્યું, નંદશંકરે ઐતિહાસિક નવલકથા તો ગોવર્ધનરામે શ્રેષ્ઠ સામાજિક નવલકથા આપી.*
- *ગુજરાતના બુદ્ધિજીવી વર્ગે અંગ્રેજોની આર્થિકનીતિના પરિણામોની જાહેરમાં ટીકા કરી હોવાના પણ ઉદાહરણ છે. દલપતરામે 'હુન્નરખાનની ચઢાઈ' કવિતામાં ભારતીય ઉદ્યોગોની સ્થાપના અંગે વાત કરેલી છે. સમાજને સ્પર્શતા*

*બાળલગ્ન, વિધવા વિવાહ, પરદેશગમન જેવા મુદ્દાઓને આવરીને પોતાના લેખો દ્વારા જાગૃતિ લાવવાનું કાર્ય કર્યું છે.*

**(ગ) તમારી પ્રગતિ ચકાસો.**

**(A) નીચેના પ્રશ્નોના જવાબ આપો.**

1. *ભારતમાં આધુનિક શિક્ષણનો પાયો કોણે નાંખ્યો ?*
2. *'ધી બોમ્બે નેટીવ એજ્યુકેશન સોસાયટી'ની સ્થાપના કયા વર્ષમાં કરવામા આવી ?*
3. *મુંબઈમાં કલાના શિક્ષણ માટે કઈ સંસ્થાની સ્થાપના કરવામાં આવી ?*
4. *નર્મદે ગુજરાતી સાહિત્યમાં કયા સ્વરૂપને વિકસાવ્યું ?*
5. *'પિંગળસાહિત્ય'ની રચના કોણે કરી હતી ?*

(B) *ગુજરાતમાં અંગ્રેજી શાસનની સ્થાપના પછી શિક્ષણના વિકાસની માહિતી આપો.*

______________________________________________________________
______________________________________________________________
______________________________________________________________
______________________________________________________________
______________________________________________________________
______________________________________________________________

## 4.5 સારાંશ

*અંગ્રેજ શાસને ગુજરાતના વહીવટી, આર્થિક અને શૈક્ષણિક ક્ષેત્રે જે ફેરફારો કર્યા, તેને એક જટિલ અને વિરોધાભાસી વારસો છોડ્યો છે. વહીવટી ક્ષેત્રે કેન્દ્રીકરણ, નિયમ-આધારિત પ્રશાસન અને ન્યાયિક સુધારાઓથી આધુનિકતાની શરૂઆત થઈ, પરંતુ જાતિગત અસમાનતા, ભ્રષ્ટાચાર અને શોષણકારી મહેસૂલ પદ્ધતિઓએ ગ્રામીણ ગરીબોને દબાવ્યા. આર્થિક ક્ષેત્રે રેલવે, બંદરો અને ઔદ્યોગિકીકરણે વિકાસનો પાયો નાખ્યો, પરંતુ પરંપરાગત હસ્તઉદ્યોગોનો નાશ, ખેડૂતોની જમીન હરાજી અને ઋણજાળે સમાજને વિખેરી નાખ્યો. શૈક્ષણિક ક્ષેત્રે અંગ્રેજી ભાષા અને વિજ્ઞાનના પ્રસારે રાષ્ટ્રીય ચેતના જગાડી પરંતુ ગ્રામીણ વર્ગ અને પ્રાથમિક શિક્ષણની અવગણના થઈ.*

*આ ત્રણેય ક્ષેત્રોમાં બ્રિટિશ નીતિઓનો મુખ્ય ઉદ્દેશ સ્થાનિક સંસાધનો અને માનવશક્તિને શોષણ દ્વારા બ્રિટિશ સામ્રાજ્યને સમૃદ્ધ બનાવવાનો હતો. પરિણામે, ગુજરાતમાં એક તરફ નવા વર્ગો, આધુનિક સંસ્થાઓ અને બૌદ્ધિક ચળવળોનો ઉદય થયો, તો બીજી તરફ સામાજિક-આર્થિક વિખેરવણી અને રાષ્ટ્રીય અસંતોષ વધ્યો. આ ફેરફારોએ સ્વાતંત્ર્યોત્તર ગુજરાતના પુનર્નિર્માણ માટે આધાર તો રચ્યો, પરંતુ તેની કિંમત સામાન્ય જનતાએ ભોગવવી પડી. આમ, બ્રિટિશ શાસનની વિરાસત એક પડઘો પાડે છે, જ્યાં "સુધારા" અને "શોષણ" બંને સાથે સાથે વિકસ્યા.*

## 4.6 ચાવીરૂપ શબ્દો

1. **અજમાયશી** - *કામચલાઉ, હંગામી*
2. **ફોજદારી** - *કાયદાથી શિક્ષાપાત્ર ગુના સંબંધી - ક્રિમિનલ*
3. **દીવાની** - *એક પ્રકારની અદાલત લેણદેણ ગુના સબંધી અદાલત*
4. **શ્રેણી** - *એક જ પ્રકારનો ધંધો કરનારો સમૂહ*
5. **જામીનગીરી** - *જામીન (જવાબદાર) તરીકેની કબૂલાત*
6. **મિશનરી** - *ખ્રિસ્તી ધર્મોપદેશક/મિશનવાળો માણસ*
7. **નોકરશાહી** - *નોકરોની કુલ સત્તાવાળું રાજતંત્ર*

## 4.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

*(ક) વિભાગ*

(A) (1) *પાંચ* (2) *સુરત* (3) *કોટવાલ* (4) *ઈ.સ.*1829
(5) *રંગભેદની નીતિ*

(B) 1.2*ના મુદ્દાને આધારે જવાબ લખો.*

*(ખ) વિભાગ*

(A) (1) *ખોટું* (2 ) *ખરું* (3) *ખરું* (4) *ખોટું* (5) *ખરું*

(B) 1.3 *ના મુદ્દાને આધારે જવાબ લખો.*

*(ગ) વિભાગ*

(A) (1) *લોર્ડ મેકોલે* (2) *ઈ.સ.*1827 (3) *મુંબઈ* (4) *નિબંધ* (5) *દલપતરામ*

(B) 1.3 *ના મુદ્દાને આધારે જવાબ લખો.*

## 4.8 બહુવૈકલ્પિક પ્રશ્નો

1. *અંગ્રેજોએ કલેક્ટરની ફરજો કયા રેગ્યુલેશનના આધારે તૈયાર કરી ?*

   (A) 13 (B) 14 (C) 19

2. *અંગ્રેજોઓ વહીવટી કર્મચારીઓને કેટલા વર્ગમાં વિભાજિત કર્યા ?*

   (A) *પાંચ* (B) *ચાર* (C) *ત્રણ*

3. *બ્રિટીશરોએ મુંબઈ કોડ કયા વર્ષે તૈયાર કર્યો ?*

   (A) *ઈ.સ.*1828 (B) *ઈ.સ.*1829 (C) *ઈ.સ.*1827

4. ઈ.સ.1829માં અંગ્રેજોએ કયો કાયદો અમલી બનાવ્યો ?

(A) સતીપ્રથા નાબૂદી (B) બાળલગ્ન પ્રથા (C) વિધવાપુર્નલગ્ન

5. કયા ગર્વનરે ગુજરાતમાં રૈયતવારી પ્રથા અમલમાં મૂકી ?

(A) હોપ (B) કિર્ટસન (C) એલફિસ્ટન

6. અંગ્રેજોની આર્થિક નીતિના કારણે પશ્ચિમ ભારતના કયા શહેરનો વિકાસ સમૃદ્ધ બન્યો ?

(A) મુંબઈ (B) કલકત્તા (C) મદ્રાસ

7. નીચેનામાથી કયા વર્ગ દ્વારા હાથકારીગરીના ઉદ્યોગોનું પતન થયું ?

(A) ગ્રામીણ વર્ગ (B) બુદ્ધિજીવી વર્ગ (C) ખેડૂત વર્ગ

8. એલફિસ્ટને ગુજરાતમાં કયા શિક્ષણના પ્રસાર માટે પ્રયત્નો કર્યા ?

(A) અંગ્રેજી શિક્ષણ (B) માતૃભાષામાં શિક્ષણ (C) ટેકનિકલ શિક્ષણ

9. વિક્ટોરિયા જ્યુબિલી ઈન્સ્ટિટ્યૂટની સ્થાપના કોણે કરી ?

(A) રણછોડલાલ છોટાલાલ (B) દાદાભાઈ નવરોજી (C) ગોવર્ધનરામ

10. નીચેનામાંથી કયા સમાજસુધારક ગુજરાતના છે ?

(A) રાજારામમોહન રોય (B) જ્યોતિબા ફૂલે (C) દલપતરામ

જવાબ : 1 - A, 2 - B, 3 - C, 4 - A, 5 - C, 6 - A, 7 - B, 8 - B, 9 - A, 10 - C

## 4.9 સ્વાધ્યાય

1. ગુજરાતમાં અંગ્રેજી શાસનની સ્થપાનાથી વહીવટી ક્ષેત્રે આવેલા પરિવર્તન વિશે માહિતી આપો.

______________________________
______________________________
______________________________
______________________________
______________________________

2. ગુજરાતમાં અંગ્રેજી શાસનની સ્થાપનાથી આર્થિક ક્ષેત્રે આવેલા પરિવર્તનની સમીક્ષા કરો.

______________________________
______________________________
______________________________
______________________________
______________________________

3. *ગુજરાતમાં અંગ્રેજી શિક્ષણના વિકાસ અને કેળવણીથી આવેલા પરિવર્તનની ચર્ચા કરો.*

________________________________________________
________________________________________________
________________________________________________
________________________________________________
____________________________________________

## 4.10 સંદર્ભો


1. *શાસ્ત્રી, હરિપ્રસાદ ગંગાશંકર, પરીખ, પ્રવિણચંદ્ર ચીમનલાલ, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ* - 8, *બ્રિટિશકાળ (ઈ. સ.* 1914 *સુધીનો), ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ,* 1984.
2. *દેસાઈ, નીરા અ., ગુજરાતમાં ઓગણીસમી સદીમાં સામાજિક પરિવર્તન, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ,* 2012.
3. *દેસાઈ, ગુણવંતભાઈ જે., પશ્ચિમ ભારતમાં અંગ્રેજો - રાજકીય અને સામાજિક પરિપ્રેક્ષ્યમાં, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ,* 1988.
4. *મુનશી, વાસંતી, ગુજરાતમાં જાગૃતિની લહેરો - નવચેતનાથી સ્વાતંત્ર્યસિદ્ધિ, પ્રકાશન વિભાગ, માહિતી અને પ્રસારણ વિભાગ, નવી દિલ્હી,* 2000.
5. *રાજગોર, શિવપ્રસાદ, અર્વાચીન ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ,* 1998.
6. *પરીખ, આર. જી., ભારતનો ઈતિહાસ* 1818 - 1885, *યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ,* 2011.

**એકમ : 5** **સામાજિક પરિવર્તનમાં માનવધર્મ સભા (ઈ.સ 1844) અને ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની ભૂમિકા**

**:: રૂપરેખા ::**

**5.0 ઉદ્દેશ્યો**

**5.1 પ્રસ્તાવના**

**5.2 માનવધર્મ સભા (ઈ.સ 1844)**

**5.2.1 સંસ્થાનો ઉદેશ્ય**

**5.2.2 માનવ ધર્મ સભાનું સભ્યપદ અને કાર્યવાહી**

**5.2.3 માનવ ધર્મ સભાનું સમાજ સુધારણામાં પ્રદાન**

**5.2.4 માનવ ધર્મ સભાનો અસ્ત**

**5.2.5 સમાયન**

**5.3 ગુજરાત વર્નાક્યુલર સોસાયટી**

**5.3.1 સ્થાપના**

**5.3.2 ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનું સ્વરૂપ અને ધ્યેય**

**5.3.3 પ્રવૃત્તિઓ**

**5.3.4 સમાપન**

**5.4 ચાવીરૂપ શબ્દો**

**5.5 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

**5.6 બહુવૈકલ્પિક પ્રશ્નો**

**5.7 સ્વાધ્યાય**

**5.8 સંદર્ભો**

## 5.0 ઉદ્દેશ્યો

- *ગુજરાતના સામાજિક પરિવર્તન પરિબળોને જાણી શકશે.*
- *સ્વાતંત્ર્ય પ્રાપ્તિમા ગુજરાતની ભૂમિકાને સમજે.*

- ગુજરાતના સામાજિક પરિવર્તનમા માનવધર્મ સભા અને ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની ભૂમિકા ઓળખે.

## 5.1 પ્રસ્તાવના

*નવા યુગના પ્રેરક બળો તરીકે પાશ્ચાત્ય વિજ્ઞાન, સાહિત્ય, કેળવણી, ઈતિહાસ અને સંસ્કૃતિનો ફાળો મહત્ત્વનો હતો. ગામઠી શાળાઓમાં અપાતી ચીલાચાલુ કેળવણીને બદલે નવી શાળાઓ ખોલાઈ અને વિજ્ઞાન અને ભૂગોળના શિક્ષણે સામાન્ય પ્રજાની આંખ ખોલી. તાર, ટપાલ અને રસ્તાઓની સગવડ વધતાં અંતર ઓછું થયું. ખ્રિસ્તી મિશનરીઓના ધર્માન્તરના પ્રયાસોએ આંતરખોજ કરવા અને કુરૂઢિ સામે લડવાની પ્રેરણા આપી. જિજ્ઞાસાવૃત્તિ વિકસી અને વિજ્ઞાનની નવી શોધો જેવી, કે કાંતણયંત્રો, વરાળયંત્રો, આગગાડી વગેરેએ ઔદ્યોગિક ક્રાંતિને જન્મ આપ્યો. પ્રવાસનો શોખ વધતાં અને વાહનવ્યવહારની સરળતા થતાં લોકોની આંખ આગળના અંધારા ઉલેચાયાં. ભારતની શ્રેષ્ઠતામાં રાચતાં અને નવું ન જોવાની ટેવવાળા કૂપમંડૂકોના જગતમાં ફફડાટ પેઠો અને નવી દૃષ્ટિ લોકોને લાધી. તેને પરિણામે એક પ્રકારની વિવેક પરિક્ષણ શક્તિ પ્રાપ્ત થઈ, જેથી સારાં નરસાં કે સત્ય અસત્યનો નિર્ણય કરવાની શક્તિ પ્રાપ્ત થઈ. પૂર્વેના શાસ્ત્રોનાં પ્રમાણોને આધારે સત્ય મનાતી બાબતોને સંશયથી જોવાની અને તેમાંથી બુદ્ધિની કસોટીએ ચડાવીને જ દરેક માન્યતાને સ્વીકારવાની શરૂઆત થઈ. 'બાબા વાક્ય પ્રમાણે'નો યુગ અસ્ત થયો. ગુજરાતમાં પેશ્વાઈ સત્તા બંધ પડી અને કંપની સરકાર સર્વાધિકારી થઈ. આની સાથોસાથ પશ્ચિમના સાહિત્યની અસરને કારણે ગુજરાતી સાહિત્યમાં ભક્તિયુગનો અંત આવ્યો. દલપતરામે નવી કવિતા આપી. વર્નાક્યુલર સોસાયટી અને પુસ્તકાલયો શરૂ થતાં જ્ઞાન પ્રચારનાં સાધનો વધ્યાં અને પત્રકારત્વની શરૂઆત થઈ. આમ નવા યુગનો આરંભ થયો. ઔદ્યોગિક ક્રાંતિ અને સુધારાના યુગનો આરંભ થયો. સુધારાના વિધેયકો તરીકે સરકારી નોકરો, ધર્મગુરૂઓ અને લોકનાયકોએ કિંમતી ફરજ બજાવી હતી. ગુજરાતમાં કન્યાને દૂધપીતી કરવાની, સતી થવાની, ગુલામીની વગેરે સામાજિક કુરૂઢિઓ દૂર કરવા અંગ્રેજ અમલદારો અને રાજવીઓએ ફરજ અદા કરી હતી. ધર્મ અને સદાચારના સડા અંગે સહજાનંદ સ્વામી જેવા ધર્મગુરુ તથા દુર્ગારામ મહેતાજી, દાદોબા, દલપતરામ, નર્મદા શંકર જેવા સુધારકોએ પહેલ કરી હતી. આ સુધારકોએ બાળલગ્ન, વિધવાલગ્ન, અસ્પૃશ્યતા, કન્યા કેળવણી વગેરે બાબતો માટે ઝૂંબેશ ઉઠાવી હતી. સુધારાનાં કેન્દ્રો મુંબઈ, સુરત અને અમદાવાદ અગ્રસ્થાને હતાં.*

## 5.2 માનવધર્મ સભા (ઈ.સ 1844)

*19મી સદી દરમિયાન ભારતમાં પાશ્ચાત્ય સંસર્ગથી ઉદ્દઘાટીત થયેલા નવીન શૈક્ષણિક અને સાંસ્કૃતિક માળખાના અંતર્ગત પશ્ચિમ હિંદમાં અને ખાસ કરીને ગુજરાતમાં નવજાગરણ અભિયાનનો વેગીલો પવન ફૂંકાયો, જેનું ઉદ્‌ગમ સ્થાન મુંબઈની "એલ્ફિન્સ્ટન્ટ ઈન્સ્ટિટ્યુટ" હતી. આ સંસ્થાએ ગુજરાતને દુર્ગારામ મહેતાજી, કરસનદાસ મૂળજી, કવિ*

*નર્મદ, મહિપતરામ રૂપરામ વગેરે જેવા સુધારકોની ભેટ આપી, તેટલું જ નહિ પરંતુ એલફિસ્ટન્ટના કેળવણીકારો જેવાં કે, બાળગંગાધાર શાસ્ત્રી, જામ્બેકર, દાદાભાઈ નવરોજી, પેટાર્ન, રીલ્ડ વગેરેએ ઉપરોક્ત સુધારકોને અસરકારક સુધારણા પ્રવૃત્તિ હાથ ધરવા માટેનું બહુમૂલ્ય માર્ગદર્શન પણ આપ્યું અને આવા સુધારાવાદી વિદ્યાર્થીઓને "સામાન્ય સંબંધોના સ્વરૂપોનું પરીક્ષણ કરવાનો અનુરોધ કર્યો અને તે માટે સુધારક મંડળોની સ્થાપના પર ભાર મૂક્યો. જેના અંતર્ગત એલફિસ્ટન્ટના અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ આ ઈન્સ્ટિટ્યુટના વિદ્યાર્થીઓએ ઈ.સ. 1848માં "સ્ટુડન્ટ લિટરરી એન્ડ સાયન્ટીફીક સોસાયટી" નામની મંડળીની સ્થાપના કરી. જેના ફળસ્વરૂપ સમાજ સુધારણાની અસરકારક જેહાદ જગાવવા માટે પશ્ચિમ ભારત અને તેમાં પણ ખાસ કરીને ગુજરાતમાં સુધારકમંડળીઓ સ્થાપનાની શરૂઆત થઈ. "માનવ ધર્મ સભા" એ 19મા સૈકાના ગુજરાતની સામાજિક-ધાર્મિક પરિવર્તન અને સુધારણાની પ્રવૃત્તિ કરનાર પ્રથમ સંસ્થા હતી. તેની સ્થાપના સુરતના જાણીતા સમાજ સુધારક 'દુર્ગારામ મંચચ્છારામ' દવે એ જૂન, 1844માં કરી તેનો મુખ્ય આશય પ્રચલિત ધાર્મિક વહેમો તથા સામાજિક દૂષણો સામે ઝૂંબેશ ચલાવીને ધાર્મિક અને સામાજિક સુધારણા કરવાનો હતો. "માનવધર્મ સભા"ની પ્રથમ બેઠક 22 જૂન,1844ના રોજ મળી હતી જેમાં દુર્ગારામે આ સંસ્થાના મુખ્ય ઉદ્દેશ્યોની ઘોષણા કરી હતી. જે નીચે મુજબના હતા.*

### 5.2.1 સંસ્થાનો ઉદ્દેશ્ય

*આ સંસ્થાનો મુખ્ય આશય સમાજમાં પ્રચલિત ધાર્મિક વહેમો તથા સામાજિક દૂષણો સામે ઝૂંબેશ ચલાવીને ધાર્મિક અને સામાજિક સુધારણા કરવાનો હતો. આ ઉપરાંત દુર્ગારામે આ સંસ્થાના માર્ગદર્શક એવા "સાત સિદ્ધાંતો"ની પણ ઘોષણા કરી હતી. જે નીચે મુજબ છે.*

- **આ સંસ્થાના સિદ્ધાંતો**

1. *ઈશ્વર એક જ છે અને તે જગતનો સર્જક છે. તેથી તેની જ આરાધના કરવી જોઈએ.*
2. *માનવમાત્ર સમાન છે અને તેમની વચ્ચે કોઈ પ્રકારના ભેદભાવ હોવા જોઈએ નહિ.*
3. *માનવધર્મ તે મોટામાં મોટો ધર્મ છે, જે સર્વે ધર્મોને સમાન રીતે લાગુ પડે છે.*
4. *માણસનું મહત્ત્વ તેની જ્ઞાતિ કે જન્મ પ્રમાણે નહિ, પરંતુ તેના ગુણો પ્રમાણે થવું જોઈએ.*
5. *માણસનું મૂલ્ય તેની વિવેકબુદ્ધિને આધારિત છે.*
6. *પ્રત્યેક કાર્ય માટે ઈશ્વરની કૃપાદષ્ટિ મેળવવી.*
7. *પ્રત્યેકને પવિત્રતા અને સદાચારનું મહત્ત્વ સમજાવું જોઈએ.*

*સભામાં હાજર રહેલ દિનમણિશંકર સિવાયના તમામ સભ્યોએ આ સિદ્ધાંતો પાળવા અને તેમનો અમલ કરવાના શપથ લીધા.*

## 5.2.2 માનવધર્મ સભાનું સભ્યપદ અને કાર્યવાહી

*માનવધર્મ સભાનું સભ્યપદ વર્ગ કે જ્ઞાતિભેદ વગર સૌ કોઈને માટે ખુલ્લું હતું. તેના સભ્યો તરીકે ગુજરાતી, મરાઠી, પારસી, ખ્રિસ્તી વગેરે ઉપરાંત આગાહુસેન જેવા મુસ્લિમો પણ હતા. (માનવ ધર્મસભામા 30 થી 40 સભ્યો હતા.) સભાની બેઠક દર અઠવાડિયે, શનિવારના રોજ મળતી, જેમાં સામાજિક જીવન વ્યવહારના તમામ સવાલોની ખુલ્લેઆમ ચર્ચા થતી. ઈશ્વર, જીવ, આત્મા, એકેશ્વરવાદ, આત્મકલ્યાણ, પાપ, મૂર્તિપૂજા, મૃત્યુ પછીની દશા, પુનર્જન્મ, મૃત્યુ, ગુરુ, શ્રાદ્ધ, જોશગૃહ, મુરત, જન્મપત્રિકા, હજાર પ્રકારના વહેમો અને રૂઢિઓ, રીતિરિવાજો, આચાર અને વિચારો જેવા વિષયો ઉપર માનવધર્મ સભાની બેઠકોમાં દિવસોના દિવસો અને મહિનાઓના મહિનાઓ સુધી મહેતાજી ચર્ચાઓ કરતા. ક્યારેક બેઠકમાં સવાલો અને જવાબો પણ ઉઠતા, ઉગ્ર ચર્ચાઓ થતી અને વાતાવરણ ગરમ પણ થતું. આમ છતાં મહેતાજી ભય, વ્યગ્રતા કે રાગદ્વેષ વિના બુદ્ધિપ્રધાન અને સંતોષકારક જવાબો આપી શ્રોતાઓના મન જીતી લેતા. માનવધર્મ સભાની દુર્ગારામ દ્વારા ચાલતી આ પ્રવૃત્તિ "સોક્રેટીસની પ્રશ્નપદ્ધતિ જેવી હતી." માનવ ધર્મ સભાની આ પ્રવૃત્તિના ફળસ્વરૂપ સુધારા સંબંધી પ્રબળ લોકમત જાગૃત થયો. જેણે આગળ જતાં સુધારાની જ્યોત પ્રજવલિત કરી.*

## 5.2.3 માનવધર્મ સભાનું સમાજ સુધારણામાં પ્રદાન

1. *"માનવધર્મ સભા"ની ધર્મસુધારણા સંબંધી પ્રવૃત્તિઓ*

- *ધર્મસુધારણાની પ્રવૃત્તિઓ આરંભતા પૂર્વે માનવધર્મ સભાના આગેવાન એવા દુર્ગારામ અને દાદોબાએ સૌપ્રથમ હિંદુ ધર્મગ્રંથો, બાઈબલ, ઉપનિષદો વગેરેનો ઊંડો અભ્યાસ કર્યો. ઉપનિષદોના અભ્યાસ દ્વારા બંને સુધારકોને હિંદુ ધર્મ તથા સમાજના મૂળભૂત સ્વરૂપનું જ્ઞાન થયું અને તેના આધારે તેઓએ માનવ ધર્મ સભાના આશ્રયે પોતાની સુધારક પ્રવૃત્તિઓ આરંભી.*
- *જેમાં સૌ પ્રથમ દુર્ગારામ તથા સભાના અન્ય સભ્યોએ લોકોને અવળે માર્ગે દોરતાં અને પોતાને ઈશ્વરનાં અવતાર તરીકે ઓળખાવતાં, સાધુઓની સખત ટીકા કરી, દુર્ગારામ પોતે બ્રાહ્મણ હોવા છતાં બ્રાહ્મણોના ઉચ્ચપણાનો તેમણે ઈન્કાર કર્યો અને જણાવ્યું કે, આ સ્વાર્થી બ્રાહ્મણો પેટ ભરવાના પ્રપંચને કારણે સભાથી વેગળા શાસ્ત્રો રચીને પ્રજાને છેતરે છે.*
- *ધર્મના નામે વિધિ, મંત્રતંત્રની જાળ પાથરી અજ્ઞાન લોકોને ઠગે છે. તીર્થયાત્રાના નામે લોકોને લૂંટે છે. તેવા ખુલ્લેઆમ વિધાનો કરી બ્રાહ્મણોના પાખંડો ખુલ્લા પાડયાં તથા આવા બ્રાહ્મણોને માનવધર્મ સભા દ્વારા 'કળીયુગના બ્રાહ્મણો' કહી ઉતારી પાડવામાં આવ્યા. દુર્ગારામે લોકોને સમજાવ્યું કે સાચો ધર્મ યાત્રાસ્થાનોની યાત્રા કરવામાં નથી પરંતુ મન, વાણી અને વર્તનની પવિત્રતામાં છે.*

* આ ઉપરાંત 'માનવધર્મ સભા' એ ખ્રિસ્તી પાદરીઓની ધર્માંતરની પ્રવૃત્તિઓનો પણ પ્રતિકાર કર્યો અને હિંદુ ધર્મના દૂષણોથી ત્રસ્ત જનસમુદાયને હિંદુ ધર્મ તથા સમાજનું સાચું સ્વરૂપ સમજાવ્યું અને તેમને વિધર્મી થતાં અટકાવ્યાં.
* માનવધર્મ સભા દ્વારા જ્ઞાતિભેદ, વર્ગભેદ, અસ્પૃશ્યતા, ઊંચનીચના ભેદભાવ વગેરેનો પણ વ્યાપક વિરોધ કરવામાં આવ્યો હતો. જેની પ્રથમ પ્રતિતિ માનવ ધર્મસભાના સભ્યપદ દ્વારા સ્પષ્ટ થાય છે. દા. ત. માનવધર્મ સભામાં ઉપરોક્ત કોઈપણ જાતના ભેદભાવ વિના માણસ માત્રને સભ્યપદ પ્રાપ્ત થતું હતું. જેની વિસ્તૃત માહિતી "માનવધર્મ સભાનું સભ્યપદ અને કાર્યવાહી"ના મુદ્દામાં આપવામાં આવેલ છે. ઉપરાંત, માનવધર્મ સભા દ્વારા ઊંચનીચના ભેદભાવ અને અસ્પૃશ્યતાનો પણ ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો.
* અસ્પૃશ્યતાનો વિરોધ દર્શાવવા 6 જાન્યુઆરીના રોજ માનવધર્મ સભાની બેઠકમાં દુર્ગારામે અસ્પૃશ્યતા અંગેના વિચારો સફળતાપૂર્વક રજૂ કર્યા હતા. તેમણે જણાવ્યું કે "કોઈપણ માણસ જન્મથી હિન નથી તેના કર્મને આધીન તે ઉચ્ચ કે નીચ બને છે." વિશેષમાં તેમણે ઉમેર્યું કે "ભંગીનું કર્મ અપવિત્ર હોય ત્યારે તેને ન અડકવું પરંતુ તે કર્મથી રહીને સ્વચ્છ થાય ત્યારે તેને અડકવાની કોઈ ચિંતા રાખવી નહિ."
* આ ઉપરાંત માનવધર્મ સભાએ જ્ઞાતિઓને પરસ્પરના ભોજન વ્યંજનો અપનાવવાની અને નીચલી જ્ઞાતિઓની વ્યક્તિઓ સાથે ભોજન લેવાની પણ હિમાયત કરી હતી. જેનો દાખલો બેસાડવા દુર્ગારામ, માસ્તર દાદોબા અને તેમના મતના અન્ય માનવધર્મ સભાના સભ્યોએ ભઠિયારની દુકાનેથી રોટલો મંગાવી સાથે મળીને ખાધો હતો." તેવી સ્પષ્ટ નોંધ મહિપતરામ રચિત "દુર્ગારામ ચરિત" માં પ્રાપ્ત થાય છે.

2. માનવધર્મ સભા દ્વારા પરમહંસ વૃત્તિનો પ્રચાર

પરમહંસ વૃત્તિ એટલે 'અસત્યમાંથી સત્યને તારવવાની તથા ધર્મનું સાચું સ્વરૂપ સમજવાની સૂઝ.' આ માટે માનવધર્મ સભાએ સર્વધર્મ સમભાવનો પ્રચાર કર્યો તથા દરેક ધર્મના સારા તત્ત્વો અપનાવવાનો અને ધાર્મિક દૂષણો ડામવાનો લોકોને અનુરોધ કર્યો પરંતુ સાથે સાથે આ નીતિ દ્વારા એક ધર્મના બીજા ધર્મ પરના આક્રમણનો વિરોધ દર્શાવવામાં આવ્યો હતો. જેના અન્વયે "મોન્ટગોમરી નામના એક પાદરીના પ્રભાવથી નરસવાનજી નામનો એક પારસી વિદ્યાર્થી જેણે ખ્રિસ્તી ધર્મ અંગીકાર કર્યો તેને દુર્ગારામે ભારે પ્રયત્નોપૂર્વક 20 દિવસ બાદ સ્વ ધર્મમાં પાછો આણ્યો હતો.

3. વહેમો, અંધશ્રદ્ધા અને જાદુમંત્ર સામે પડકાર

આ સમયગાળાના સમાજ પર જાદુમંતર, વહેમ, અંધશ્રદ્ધા, દોરાધાગા, ભૂવાભોપાળા, ભૂત-પ્રેત વગેરેનું આગવું વર્ચસ્વ હતું, જેને તોડવા માટે માનવધર્મ સભાએ ભારે જહેમત ઉઠાવી હતી. અભણ, ગરીબ અને અજ્ઞાન પ્રજાને લૂંટતા ભૂવાઓ, જાદુગરો, ઢોંગી

*સાધુઓ વગેરેને જાહેરમાં ખુલ્લા પાડવા માનવધર્મ સભાના અન્વયે જાહેર સભાઓ યોજવામાં આવી. જેમાં 2 થી 3 હજાર લોકો ઉપસ્થિત રહેતા. દુર્ગારામ મહેતા આવી સભામાં આગળ આવી જાદુમંતર તથા ભૂત-પ્રેતના અસ્તિત્વને જાહેરમાં સાબિત કરવા પડકાર ફેંકતા પરંતુ કોઈપણ જાદુગર કે ભૂવા આવી સભામાં પોતાની વિદ્યા બતાવવા આગળ આવતા નહિં. જેના પરિણામ સ્વરૂપ ધીરેધીરે લોકોમાંથી ભૂત-પ્રેત, જાદુ, મેલીવિદ્યા, અંધશ્રદ્ધા, વહેમો વગેરે પરનો વિશ્વાસ ઘટવા લાગ્યો. અહીં એ પણ નોંધનીય છે કે આવી એક સભામાં જાદુગરો અને ભૂવાઓના એક મોટા ટોળાંએ દુર્ગારામ પર હુમલો પણ કર્યો હતો. (જોકે દુર્ગારામ બચી ગયા હતા) પરંતુ સુરતમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની સમસ્યા સર્જાઈ હતી.*

4. *માનવધર્મ સભાની શિક્ષણ પ્રસાર પ્રવૃત્તિઓ*

*દુર્ગારામના અન્વયે માનવધર્મ સભાએ શિક્ષણ ક્ષેત્રે પણ નોંધપાત્ર કામગીરી બજાવી હતી. જેમાં ઈ.સ.* 1851*માં દુર્ગારામે ફાર્બસને સુરતમાં 'એન્ડ્રૂઝ પુસ્તકાલય' સ્થાપવામાં મહત્ત્વપૂર્ણ સહાય કરી હતી. જે હાલમાં સુરતનું અગ્રગણ્ય પુસ્તકાલય ગણાય છે. આ ઉપરાંત માનવ ધર્મ સભા અને દુર્ગારામના કન્યા કેળવણી અંગેના પ્રયાસોને લીધે* 1852*માં સુરતમાં પ્રથમ કન્યાશાળાની સ્થાપના થઈ હતી.*

### 5.2.4 માનવ ધર્મ સભાનો અસ્ત

*માનવધર્મ સભાના બે મુખ્ય આગેવાનો દાદોબાની બદલી ઈ.સ.*1846 *માં મુંબઈમાં થઈ. દુર્ગારામ મહેતાની બદલી ઈ.સ.* 1852*માં રાજકોટમાં થઈ તે સાથે માનવ ધર્મ સભાનું કામકાજ બંધ થયું.*

### 5.2.5 સમાયન

*માનવધર્મ સભાએ પોતાના જીવનકાળ દરમિયાન વહેમો, અજ્ઞાનતા, અંધશ્રદ્ધા વગેરે દૂર કરવામાં કિંમતી ફાળો આપ્યો. તેણે તર્કશુદ્ધ વિચારસરણીના વિકાસ તથા ધર્મનું સાચું સ્વરૂપ લોકોને સમજાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. આ સાથે અહીં એ પણ નોંધવું ઘટે કે માનવધર્મ સભાની પ્રવૃત્તિઓ ગુજરાતના થોડા શહેરો પૂરતી મર્યાદિત રહી હતી. ગ્રામ્ય વિસ્તારમાં તેની કોઈ જ અસરો ન હતી.*

**(ક) તમારી પ્રગતિ ચકાસો.**

**1. નીચેની ખાલી જગ્યા પૂરો.**

1. *માનવ ધર્મ સભાની સ્થાપના ઈ. સ ____________ થઈ.*
2. *સુરતમાં પ્રથમ કન્યાશાળાની સ્થાપના ઈ.સ. ____________ થઈ.*
3. *માનવ ધર્મ સભા ____________ સિદ્ધાંતો પર આધારિત હતી.*

2. *માનવ ધર્મ સભા વિશે નોંધ લખો.*

______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________

## 5.3 ગુજરાત વર્નાક્યુલર સોસાયટી

### 5.3.1 સ્થાપના

*ગુજરાતમાં બ્રિટિશ શાસને કરેલા રાજકીય, વહીવટી, આર્થિક, સામાજિક તથા શૈક્ષણિક ફેરફારો અને પાશ્ચાત્ય શિક્ષણના ફેલાવાને લીધે 19મી સદીમાં નવા મધ્યમવર્ગ (બહુધા ઉદ્યોગપતિઓ તથા વેપારીઓ) તથા શિક્ષિત વર્ગોનો ઉદય થયો. તેઓએ વ્યક્તિગત રીતે એ સંસ્થાઓ દ્વારા સામાજિક અનિષ્ટો સામે ઝૂંબેશ ચલાવીને સામાજિક સુધારણાની તથા પાશ્ચાત્ય શિક્ષણના પ્રસરણની પ્રવૃત્તિઓ કરી.*

*સમાજ સુધારણાની પ્રવૃત્તિઓના સાથોસાથ શૈક્ષણિક પ્રવૃત્તિઓનો પણ વિસ્તાર થયો તથા આ માટે કેટલીક જાણીતી શિક્ષણ સંસ્થાઓ પણ સ્થપાઈ. જેમાં ડિસેમ્બર, 1848માં અમદાવાદમાં સ્થપાયેલી 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી' સૌથી જાણીતી સંસ્થા હતી. તેણે અમદાવાદમાં તેમજ ગુજરાતમાં વિશેષતઃ શિક્ષણના ક્ષેત્રે તથા મર્યાદિત રીતે સમાજ સુધારાના ક્ષેત્રે ખૂબ કિંમતી પ્રદાન કર્યું.*

### 5.3.2 ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનું સ્વરૂપ અને ધ્યેય

*અમદાવાદમાં ઈ.સ. 1846માં મદદનીશ ન્યાયાધીશ તરીકે નિયુક્ત થયેલ એલેક્ઝાન્ડર કીનલોક ફાર્બસ (ઈ.સ. 1821-65)ને ગુજરાતી ભાષા અને સાહિત્યમાં ઊંડો રસ હતો. ફાર્બસે કવિ દલપતરામ (ઈ.સ. 1820-98) પાસેથી ગુજરાતી ભાષા શીખી લીધી તથા ગુજરાતની સંસ્કૃતિ અને સાહિત્ય ક્ષેત્રે જાણકારી મેળવી લીધા પછીથી બંને વચ્ચેની મૈત્રી દૃઢ બની. એ. કે. ફાર્બસે કવિ દલપતરામની સહાયથી અમદાવાદમાં (ડિસેમ્બર) ઈ.સ. 1848માં ગુજરાત વર્નાક્યુલર - સોસાયટીની સ્થાપના કરી. તેનું મુખ્ય ધ્યેય પાશ્ચાત્ય શિક્ષણનો ફેલાવો કરવાનું તથા ગુજરાતી ભાષા અને સાહિત્યને ઉત્તેજન આપવાનું હતું. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ સ્થાપેલી શિક્ષણ સંસ્થાઓ તથા તેણે સામાજિક સુધારણાની કરેલી પ્રવૃત્તિઓથી ટૂંક સમયમાં જ નવા વિચારો ફેલાવવાનું તથા સમાજ પરિવર્તન માટેનું તે વાહક બની. શરૂઆતમાં સંસ્થાની પ્રથમ કાર્યવાહક સમિતિના બધા સભ્યો અંગ્રેજ અધિકારીઓ હતા. મુંબઈ ઈલાકાના ગવર્નર લોર્ડ ફોકલેન્ડે તેના આશ્રયદાતા હતા. જ્યારે ફાર્બસ માનદ મંત્રી અને અમદાવાદના કલેક્ટર ફોસેટ તેના સભ્ય હતા.*

### 5.3.3 પ્રવૃત્તિઓ

1. *ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનું મુખ્ય ધ્યેય ગુજરાતી ભાષા અને ગુજરાતી સાહિત્યને ઉત્તેજન આપવાનું હતું. આથી તેણે અંગ્રેજી ભાષાના પ્રમાણભૂત પુસ્તકોનું ગુજરાતીમાં ભાષાંતર કરાવવાનું તથા ગુજરાતીમાં પ્રમાણભૂત પુસ્તકો લખાવવાનું અને છપાવવાનું આયોજન કર્યું. આ માટે સંસ્થાએ એક ગુજરાતી સામાયિક પ્રકાશિત કરવાનો નિર્ણય લીધો. કવિ દલપતરામે (ઈ.સ.*1820-98*) ગુજરાતી વર્નાક્યુલર સોસાયટીના સહમંત્રીપદ સાથે 'બુદ્ધિપ્રકાશ'ના તંત્રી તરીકે લાંબો સમય (ઈ.સ.*1855-97*) સેવાઓ આપી. સંસ્થાએ ગુજરાતી શિક્ષણ આપતી શાળાઓની સ્થાપના ગુજરાતી પુસ્તકોનાં પ્રકાશન, ગુજરાતી પુસ્તકોના ખરીદ તેમજ વેચાણ, ગુજરાતીમાં સારી ગુણવત્તાવાળાંના પુસ્તકોના લેખન માટે પુરસ્કાર, પુરાણી ઉપયોગી હસ્તપ્રતોની ખરીદી તથા જાળવણી, ગુજરાતમાં શિક્ષણ અને સાહિત્યને ક્ષેત્રે શ્રેષ્ઠ નામના મેળવનાર તથા શ્રેષ્ઠ સેવા બજાવનાર સ્મારકો માટેની ગોઠવણ, વિદ્યાર્થીઓ માટે પુસ્તકાલયો અને વાંચનાલયોની સ્થાપના જેવી વિવિધ પ્રવૃત્તિઓથી શિક્ષણ તથા સાહિત્યના ક્ષેત્રે ગુજરાતની દૃષ્ટાંતરૂપ સેવા બજાવી.*

2. *શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં કન્યાશાળાઓની સ્થાપના કરવામાં આવી. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ કન્યા કેળવણીના ક્ષેત્રે ઘણું નોંધપાત્ર કાર્ય કર્યું. કરુણાશંકર દયાશંકર મહેતાજીની સહશિક્ષણ આપતી જાણીતી ગુજરાતી શાળાનું સંચાલન સોસાયટીએ ઈ.સ.* 1849*થી પોતાના હસ્તક લીધું. નગરશેઠ હઠીસીંગ કેસરીસીંગની વિધવા પત્ની હરકુંવર શેઠાણીના દાનથી સંસ્થાએ ઈ.સ.* 1850*માં એક કન્યાશાળા શરૂ કરી. શેઠ મગનભાઈ કરમચંદના દાનથી ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ એક બીજી કન્યાશાળાની ઈ.સ.* 1851*માં સ્થાપના કરી, જે હાલમાં પણ અમદાવાદ મગનભાઈ કરમચંદ કન્યાશાળા તરીકે જાણીતી છે. કવિ દલપતરામની સમજાવટથી વર્નાક્યુલર સોસાયટીએ પુસ્તકાલય માટે નવું મકાન બાંધવા નગરશેઠ હીમાભાઈએ મોટી રકમનું દાન કર્યું. આથી સોસાયટી દ્વારા સંચાલિત 'હીમાભાઈ ઈન્સ્ટિટયુટ' નામે જાણીતું બનેલું પુસ્તકાલય અસ્તિત્વમાં આવ્યું. (ઈ.સ.* 1857*)*

3. *બુદ્ધિપ્રકાશનું નવા વિચારો ફેલાવવામાં પ્રદાન : અમદાવાદમાં બુદ્ધિપ્રકાશ મંડળી દ્વારા ઈ.સ.* 1850 *થી શરૂ કરાયેલ "બુદ્ધિ પ્રકાશ" સામયિક વર્નાક્યુલર સોસાયટીએ ઈ.સ.* 1854 *થી પોતાના હસ્તક લીધું. કવિ દલપતરામના તંત્રીપદ હેઠળ (ઈ.સ.* 1855-97*) "બુદ્ધિ-પ્રકાશ" માસિકે ગુજરાતના શિક્ષિત લોકોને નવા રાજકીય, આર્થિક, સામાજિક તથા શૈક્ષણિક પ્રવાહો પ્રત્યે જાગૃત કરવામાં કિંમતી ફાળો આપ્યો. દલપતરામના તંત્રીપદે બુદ્ધિપ્રકાશના ગ્રાહકોની સંખ્યા* 600 *માંથી* 1200 *કરતાં વધારે પહોંચી. બુદ્ધિપ્રકાશમાં પ્રસિદ્ધ થતાં લેખો સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ઈતિહાસ, શિક્ષણ, સાહિત્ય, વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન તથા પ્રચલિત-*8 *સામાજિક સંમસ્યાઓને આવરી લેતા હતા.*

4. ભારતના અન્ય પ્રદેશોની સુધારક-પ્રવૃત્તિઓને લગતાં અહેવાલો પણ પ્રકાશિત કરાતા. તે સમયના ગુજરાત તેમજ મહારાષ્ટ્રના જાણીતા સમાજસુધારકો મગનલાલ વખતચંદ, મહિપતરામ રૂપરામ, મનસુખરામ ત્રિપાઠી, ભોળાનાથ સારાભાઈ, હરગોવિંદદાસ કાંટાવાળા, ગોપાલ હરી દેશમુખ વગેરે અવારનવાર "બુદ્ધિપ્રકાશ" માં લેખો લખતાં. આથી ગુજરાતમાં સમાજ સુધારાની પ્રવૃત્તિઓને સારું એવું ઉત્તેજન મળ્યું. આમ છતાં "બુદ્ધિપ્રકાશ'માં પ્રસિદ્ધ થતાં કવિ દલપતરામનાં કાવ્યો અને લેખો સમાજ સુધારણામાં સૌથી મહત્ત્વનો ફાળો આપ્યો. "બુદ્ધિપ્રકાશ"ની નકલો ગુજરાતના લગભગ તમામ મોટા શહેરો ઉપરાંત મુંબઈ, ગ્વાલિયર, જોધપુર, કરાંચી, હૈદરાબાદ (સિંધ), કલકત્તા તથા લંડનમાં વેચાતી.

5. પુસ્તકાલયોની સ્થાપના : ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ ગુજરાતના જુદા જુદા કસબાઓમાં સ્થપાયેલા પુસ્તકાલયોને સમૃદ્ધ કરવાની યોજના પણ હાથ ધરી હતી. આ પુસ્તકાલયમાં સસ્તી કિંમતે પુસ્તકો વહેંચવામાં આવતા હતા. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની પ્રવૃત્તિને લીધે ગુજરાત, કાઠિયાવાડ તેમજ કચ્છનાં કેટલાંક રાજ્યો અને તેના દિવાન આજીવન સભ્ય બન્યા હતા. ઈ.સ. 1871માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ 49 જેટલા આજીવન સભ્યો હતા. તેમાં 13 અંગ્રેજ અધિકારીઓનો પણ સમાવેશ થતો હતો. ઈ.સ. 1855માં કુલ 689 સભ્યોમાંથી 356 જેટલી મહિલા સભ્ય હતી. મહિલા સભ્યની વાર્ષિક ફી રૂ. 25 હતી. જ્યારે પુરુષની સભ્ય ફી રૂ. 50 હતી. જેના ઉપક્રમે વિવિધ વિષયો ઉપર ઈનામી વકતૃત્વ હરીફાઈ રાખવામાં આવતી. તેના વિષયોમાં સ્ત્રી કેળવણીની જરૂરિયાત, બાળઉછેર અને બાળકેળવણી, નિરાંતના સમયનો ઉપયોગ, દર્દીઓની સારવાર, કુટુંબ પર ભણેલી અને અભણ સ્ત્રીઓની અસર, બાળલગ્નના અનિષ્ટ, મહિલાઓને ઉચ્ચ શિક્ષણની જરૂરિયાત, સ્ત્રીઓમાં પ્રવર્તમાન વહેમો, મૃત્યુ પછી શોક વ્યક્ત કરવાનો રિવાજ અને તેના માઠાં પરિણામો, તેને નિવારવાના ઉપાયો વગેરે પર વકતૃત્વ હરીફાઈ કરવામાં આવતી. ઈ.સ. 1899માં 500 જેટલાં આ સોસાયટીના આજીવન સભ્યો બન્યા હતા. 17 અંગ્રેજ અધિકારીઓ, 33 દેશી રાજકર્તાઓ, 463 પુરુષો તથા 37 મહિલાઓનો સમાવેશ થતો હતો. મુંબઈનો ગવર્નર લોર્ડ ઓકલેન્ડ, ત્યારબાદ લોર્ડ એલ્ફિસ્ટન્ટ, લોર્ડ રાકે જેવા પણ આ સોસાયટીના આજીવન સભ્ય હતા.

6. વિદ્યાભ્યાસ મંડળી : સામાજિક સુધારણાને લગતી પ્રવૃત્તિમાં ગુજરાત વર્નાક્યુલર સોસાયટી સુધારાને લગતા પુસ્તકો પ્રગટ કરવા તથા બુદ્ધિપ્રકાશ જેવા સામયિક લાવવા સિવાય સીધી રીતે સંકળાયેલ ન હતી, પરંતુ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીથી ઈ.સ. 1851માં શરૂ થયેલ વિદ્યાભ્યાસક મંડળીમાં થતી ચર્ચાઓમાં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના સભ્ય સામેલ થતાં અને તેને પ્રોત્સાહન આપવા વિદ્યાભ્યાસક મંડળ શરૂ કરવામાં અમદાવાદની અંગ્રેજી શાળાના શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓએ આગળ પડતો ભાગ લીધો હતો. તેમાં ભોગીલાલ પ્રાણવલ્લભદાસનો ફાળો મહત્ત્વનો હતો. શરૂઆતથી ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ આ પ્રવૃત્તિને પ્રોત્સાહન આપ્યું. વિદ્યાભ્યાસક મંડળીના

ઉપક્રમે વિદ્યાર્થીઓ દ્વારા નિબંધો તૈયાર કરવામાં આવતા. તે ઉપરાંત સામાજિક પ્રશ્નો પર પણ ચર્ચા થતી. જેમાં અમદાવાદનાં ઘણાં નાગરિકો ભાગ લેતાં. જો કે મુંબઈની બુદ્ધિવર્ધક સભાના બંધારણની જેમ વિદ્યાભ્યાસક મંડળીના નિયમો મુજબ રાજકીય તેમજ ધાર્મિક ભાવના પર ચર્ચા કરી શકાતી ન હતી. દર 15 દિવસે શનિવારે સાંજે અગાઉથી નક્કી કરેલ વિષય પર વિદ્યાભ્યાસક મંડળીમાં નિબંધવાંચન થતું કે ચર્ચા થતી. જો કોઈ સભ્ય મંડળના મંત્રીને જાણ કર્યા સિવાય સતત ત્રણ બેઠકમાં ગેરહાજર રહે, તો તેનું સભ્યપદ નાબૂદ કરવામાં આવતું. સભ્ય ન હોય તેવી વ્યક્તિને પણ ચર્ચામાં ભાગ લેવા કે વ્યાખ્યાન આપવા આમંત્રણ આપવામાં આવતું. સામાન્ય રીતે વિદ્યાભ્યાસક મંડળી ચર્ચાસભામાં સરેરાશ 108 જેટલી વ્યક્તિઓ હાજર રહેતી. આમ, વિદ્યાભ્યાસક મંડળી ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની શૈક્ષણિક સામાજિક તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની પૂરક બની રહી. અગાઉ ઉલ્લેખ કરવામાં આવ્યો તે રીતે દલપતરામ ડાહ્યાભાઈ, મહિપતરામ રૂપરામ, ભોળાનાથ સારાભાઈ, રણછોડલાલ ઉદયરામ, હરગોવિંદલાલ કાંટાવાલા, લાભશંકર ઉમિયાશંકર, સત્યેન્દ્રનાથ ટાગોર, ગોપાલહરિ દેશમુખ જેવા ઘણાં સુધારકો ગુજરાત વર્નાક્યુલર સોસાયટી સાથે સંકળાયેલા હતા અને સાથે સાથે વિદ્યાભ્યાસ મંડળીની ચર્ચા સાથે સંકળાયેલા હતા. આમ, ગુજરાતમાં નવા વિચારો, શિક્ષણ, સાહિત્ય, તેમજ સંસ્કારના બહોળા ફેલાવા માટે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ફાળો મહત્ત્વનો ગણાયો છે.

### 5.3.4 સમાપન

પોતાના 50 વર્ષના (ઈ.સ. 1850-1899) પ્રવૃત્તિઓના સમય દરમિયાન ગુજરાત વર્નાક્યુલર - સોસાયટીએ શિક્ષણ તેમજ સમાજ સુધારાને ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કર્યું. માત્ર સામાન્ય નાગરિકો જ નહિ પરંતુ અધિકારીઓ, દિવાનો, રાજાઓ, ગવર્નરો વગેરે પણ તેમના સભ્યો હતા. ઈ.સ. 1899માં તેઓ 550 - આજીવન સભ્યોમાંથી 17 અંગ્રેજ અધિકારીઓ, 33 રાજવીઓ, 31 સ્ત્રીઓ તથા બાકીના 403 પુરુષો હતા. આમ, ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો શિક્ષણ તેમજ સમાજ સુધારણાનો વ્યાપ મોટો હતો. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ અર્ધી સદી સુધી ગુજરાતમાં કરેલી શિક્ષણ અને સામાજિક સુધારણાની પ્રવૃત્તિઓમાં ગુજરાતના નામાંકિત શિક્ષણશાસ્ત્રીઓ તથા સુધારકોના ઉદયમાં પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે કિંમતી ફાળો આપ્યો. આમ, ગુજરાતમાં નવા વિચારોના શિક્ષણ તેમજ સંસ્કારના બહોળા ફેલાવા માટે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ફાળો ખૂબ જ મહત્ત્વનો છે.

**(ખ) તમારી પ્રગતિ ચકાસો.**

**1. નીચેની ખાલી જગ્યા પૂરો.**

1. "બુદ્ધિ પ્રકાશ" સામયિક વર્નાક્યુલર સોસાયટીએ ઈ.સ ____________ પોતાના હસ્તક લીધું.

2. *વિદ્યાભ્યાસક મંડળી ચર્ચાસભામાં સરેરાશ ____________ જેટલી વ્યક્તિઓ હાજર રહેતી.*
3. *અમદાવાદમાં ઈ.સ.* 1846*માં મદદનીશ ન્યાયાધીશ તરીકે____________ નિમણૂક થઈ.*

2. *ગુજરાત વર્નાક્યુલર સોસાયટી વિશે નોંધ લખો.*

______________________________________________________________
______________________________________________________________
______________________________________________________________
______________________________________________________________
______________________________________________________________

## 5.4 ચાવીરૂપ શબ્દો

1. **લવાદી –** *મધ્યસ્થી, તકરારની પતવણીકાર, દલાલ*
2. **વોરંટ –** *અખત્યારપત્ર, ધરપકડ કરવાનો સરકારી પરવાનો*
3. **ખુમારી –** *ગર્વ, પ્રતિષ્ઠા,*
4. **મહેસૂલ**- *કર, ટેક્ષ*
5. **મંડળી**- *સમાન ધ્યેયોનું માટે લોકોનું સંગઠન*

## 5.5 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

*(ક)* (1) (1) 1844 (2) 1852 (3) 5

(2) *તમામ મુદ્દાને આધારે તમારો જવાબ લખો.*

*(ખ)* (1) (1) 1854 (2) 108 (3) *એલેકઝાન્ડર કીનલોક ફાર્બસ*

(2) *તમામ મુદ્દાને આધારે તમારો જવાબ લખો.*

## 5.6 બહુવૈકલ્પિક પ્રશ્નો

1. *ગુજરાતમાં નવજાગરણ અભિયાનનો વેગીલો પવન કયા શહેરથી ફૂંકાયો ?*

   (A) *ગુજરાત* (B) *મુંબઈ* (C) *મહારાષ્ટ્ર* (D) *દિલ્હી*

2. *"સ્ટુડન્ટ લિટરરી એન્ડ સાયન્ટીફીક સોસાયટી"નામની મંડળીની સ્થાપના ક્યારે થઈ ?*

   (A) 1848 (B) 1860 (C) 1850 (D) 1855

3. *"દુર્ગારામ ચરિત" કોણે લખ્યું ?*

   (A) *મહિતપતરામ* (B) *દાદોબા* (C) *એલેકઝાન્ડર કીનલોક ફાર્બસ* (D) *એકપણ નહિ*

4. *ગુજરાત વર્નાક્યુલર સોસાયટી સભા કયા વારે ભરાતી હતી ?*

   (A) *સોમવાર* (B) *શનિવાર* (C) *બુધવાર* (D) *મંગળવારે*

5. *ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ કયું સામાયિક પ્રકાશિત કર્યું ?*

   (A) *ચાંચલ* (B) *બુદ્ધિપ્રકાશ* (C) *એકાધિમુખ* (D)*એકપણ નહિ.*

6. *બુદ્ધિપ્રકાશ સામાયિકના પ્રથમ તંત્રીપદ કોને આપવામાં આવ્યું ?*

   (A) *દલપતરામ* (B) *ફાર્બસ* (C) *નવલરામ* (D) *નર્મદ*

*જવાબો :* (1- B), ( 2- A), (3- A), (4- B), (5- B ), (6- A)

## 5.7 સ્વાધ્યાય

1. *ગુજરાતમાં વર્નાક્યુલર સોસાયટીના યોગદાન વિશે નોંધ લખો.*
2. *ગુજરાતના સામાજિક સુધારકોમા એલેકઝાન્ડર કીનલોક ફાર્બસનું પ્રદાન આલેખો.*
3. *માનવધર્મ સભા વિશે નોંધ લખો.*

## 5.8 સંદર્ભો


1. *પરીખ, રસિકલાલ. શાસ્ત્રી, હરિપ્રસાદ. ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ-9, બ્રિટિશકાલ (ઈ.સ* 1915 *થી* 1960*), ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,* 1987
2. *વ્યાસ, રંજની, ગુજરાતની અસ્મિતા, અક્ષર પ્રકાશન, પાંચમી આવૃત્તિ, અમદાવાદ,* 2012
3. *દેસાઈ, નીરા અ., ગુજરાતમાં ઓગણીસમી સદીમાં સામાજિક પરિવર્તન, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ચોથી આવૃત્તિ,* 2015
4. *રાજગોર, શિવપ્રસાદ, અર્વાચીન ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, પાંચમી આવૃત્તિ,* 2017

**એકમ : 6** **19મી સદીના કેટલાંક પ્રતિનિધિ સમાજ સુધારકો**

**:: રૂપરેખા ::**


**6.0 ઉદ્દેશ્યો**

**6.1 પ્રસ્તાવના**

**6.2 દુર્ગારામ મહેતા (1809 - 1876)**

**6.2.1 સામાન્ય પરિચય**

**6.2.2 સમાજ સુધારણાની પ્રવૃત્તિઓ**

**6.3 નર્મદ (1833 - 1886 )**

**6.3.1 સામાન્ય પરિચય**

**6.3.2 સમાજ સુધારણાની પ્રવૃત્તિઓ**

**6.4 દલપતરામ (1820-1898)**

**6.4.1 સામાન્ય પરિચય**

**6.4.2 સમાજ સુધારણાની પ્રવૃત્તિઓ**

**6.5 કરસનદાસ મૂળજી (1832-1871)**

**6.5.1 સામાન્ય પરિચય**

**6.5.2 સમાજ સુધારણાની પ્રવૃત્તિઓ**

**6.6 મહિપતરામ નીલકંઠ (1829 - 1891)**

**6.6.1 સામાન્ય પરિચય**

**6.6.2 સમાજ સુધારણાની પ્રવૃત્તિઓ**

**6.7 સારાંશ**

**6.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

**6.9 બહુવૈકલ્પિક પ્રશ્નો**

**6.10 સ્વાધ્યાય**

**6.11 સંદર્ભો**

## 6.0 ઉદ્દેશ્યો

- *19મી સદીના પ્રતિનિધિ સમાજ સુધારકોનો પરિચય મેળવી શકશો.*
- *19મી સદીના પ્રતિનિધિ સમાજ સુધારકોની સમાજ સુધાર પ્રવૃત્તિઓ વિશે જાણશો.*
- *19મી સદીમાં પ્રવર્તમાન સામાજિક કુરીતિઓ અને તેના નિરાકરણ માટેના પગલાં અંગે માહિતી પ્રાપ્ત કરશો.*
- *તત્કાલીન સાહિત્ય સર્જન અને તેની સમાજ પર અસર અંગે જાણશો.*

## 6.1 પ્રસ્તાવના

*ભારતીય સમાજમાં ધાર્મિક સંબંધોને સામાજિક સંબંધોથી તદ્દન અલગ પાડી શકાય એમ નથી. ભારતીય સાંસ્કૃતિક પ્રણાલી મુજબ જીવનને એના અખિલ સ્વરૂપમાં સેવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. વળી સામાજિક સંબંધોના પાયામાં ધર્મના શાસનનો સ્વીકાર કરવામાં આવતો હતો. પરિણામે સમય જતાં સામાજિક સંબંધોમાં જ અનિષ્ટ પેદા થતાં ગયાં. એની પાછળ ધર્મ વિશેની સંકુચિત અને ઘણી વાર વિકૃત દૃષ્ટિ પણ કામ કરતી હતી. ધર્મને નામે જે કંઈ અનિષ્ટ પેદા થયાં તેની અસર સામાજિક સંબંધો પર પણ પડી, તેથી ધર્મસુધારકોએ ધાર્મિક અનિષ્ટોની સાથે સાથે સામાજિક અનિષ્ટો દૂર કરવાનો પણ પ્રયાસ કર્યો. એવા પ્રતિનિધિ સમાજ સુધારકોમાં દુર્ગારામ મહેતા, નર્મદ, દલપતરામ, કરસનદાસ મૂળજી અને મહિપતરામ નીલકંઠ જેવા સમાજ સુધારકોના જીવન કવન તથા સમાજ સુધારણામાં તેમનું યોગદાન તપાસીએ.*

## 6.2 દુર્ગારામ મહેતા (1809 - 1876)

*દુર્ગારામ મહેતાની ગણના ગુજરાતના આદ્ય સમાજ સુધારકમાં થાય છે. સુધારક અંગેની જનસામાન્ય માન્યતા એટલે સમાજની કુપ્રથાનો વિરોધ કરનાર. દુર્ગારામ મહેતાએ આટલું તો કર્યું તે ઉપરાંત ભૂત-પ્રેત અને ચમત્કારોની માન્યતા સામે પણ અભિયાન ચલાવ્યું. સુરતની સર્વ પ્રથમ સરકારી શાળાના તે શિક્ષક અને સુધારક કવિ નર્મદના પણ તે ગુરુ હતા.*

### 6.2.1 સામાન્ય પરિચય

*દુર્ગારામ મહેતાનો જન્મ ઈ.સ. 1809માં સુરત ખાતે થયેલો. તેઓ ગુજરાતમાં સમાજ સુધારાના આદ્ય પ્રવર્તક તથા સુધારકોમાં અગ્રેસર હતા. તેમના પિતા મંછારામ મહેતા જકાત ઉઘરાવવાનો ઈજારો રાખતા. તેઓ વડનગરા નાગર જ્ઞાતિના બ્રાહ્મણ હતા. તેમણે પ્રાથમિક શિક્ષણ સુરતમાં લીધું અને તે પછી મુંબઈમાં નેટિવ એજ્યુકેશન સોસાયટીમાં તાલીમ લઈને ત્યાંથી પાછા ફરી 1826માં સુરતમાં તેઓ શિક્ષક બન્યા. મુંબઈના વસવાટ દરમિયાન તેમના ઉપર પોતાના સમયના સુધારક વિચારોની અસર પડી હતી. પોતાના સમયના સફળ શિક્ષક અને સારા વિદ્વાન તરીકેની પ્રતિષ્ઠા તેમણે મેળવી હતી. સમાજ*

*સુધારાની પ્રેરણા રણછોડદાસ ગિરધરભાઈ ઝવેરી પાસેથી તેમને મળી હતી. તેઓ મેલી વિદ્યા તથા જંતરમંતરના કટ્ટર વિરોધી હતા. વિધવા વિવાહની તરફેણમાં તેમણે અનેક ભાષણો કર્યાં. તેમણે 22 જૂન, 1844ના રોજ સુરતમાં 'માનવ ધર્મ સભા' નામની સંસ્થા સ્થાપી અને સમાજમાં પ્રવર્તતી કુરૂઢિઓને તોડવા વાસ્તે 'પુસ્તકપ્રચારક મંડળી' સ્થાપીને સમાજમાં નૂતન વિચારોનો ફેલાવો કર્યો હતો.*

*તેમણે શાળાના શિક્ષક તરીકે ઘણાં વર્ષો પર્યન્ત સમાજની સેવા કરી હતી. સમગ્ર ગુજરાતમાં સુધારક તરીકેની પ્રતિષ્ઠા તેમણે પ્રાપ્ત કરી હતી. તેમણે ગુજરાતની પ્રજાને અંધશ્રદ્ધા તથા અજ્ઞાનની સ્થિતિમાંથી જાગ્રત કર્યું. તેમણે સંસ્કૃતનો અભ્યાસ કર્યો હોવાથી તેઓ ઉપનિષદો, ભગવદગીતા તથા પુરાણો વિશે સારી પેઠે જાણતા હતા. દુર્ગારામે અંગ્રેજી શિક્ષણ નહોતું લીધું, છતાં ધર્મ વિષેના તેમના ક્રાંતિકારી વિચારોથી સુરતની અંગ્રેજી શાળાના હેડમાસ્તર દાદોબા પાંડુરંગ ઘણા પ્રભાવિત થયા હતા.*

*1940માં દુર્ગારામને મુંબઈ સરકાર દ્વારા ભૂગોળ, ખગોળ, ગણિત અને ભૂમિતિના વધુ અભ્યાસ માટે બોલાવવામાં આવ્યા હતા. દુર્ગારામે આ બધા વિષયોનો મહેનતપૂર્વક અભ્યાસ કર્યો. પ્રથમ ક્રમે આવ્યા અને રૂા.300નું ઈનામ પણ પ્રાપ્ત થયું. ભૂગોળ અને ખગોળનું જ્ઞાન પુરાણોથી જુદું પડતું હતું. પુરાણકથા વિશે વિદ્યાર્થીઓને ભણાવવામાં સંકોચ અનુભવતા હતા. તેથી પુરાણપંથીઓનો રોષ વહોરીને પણ વિદ્યાર્થીઓને જે ભણાવવું જોઈએ તે જ ભણાવતા. જે બદલ તેમને સુરતના 'પ્રથમ નાસ્તિક'નું બિરુદ પામવા મળ્યું હતું.*

### 6.2.2 સમાજ સુધારણાની પ્રવૃત્તિઓ

*'વિધવા વિવાહ'ના પક્ષમાં અભિયાન*

*તેમના 'વિધવા વિવાહ'ના અભિયાન સામે લોકોમાં પ્રચંડ રોષ જોવા મળ્યો. કારણ કે ફરજિયાત વૈધવ્યની પ્રથા તો એ વખતે ઘરે ઘરે હતી. તેની સામેનો દુર્ગારામે વિરોધ ચાલુ રાખ્યો. દુર્ગારામનું માનવું હતું કે વ્યભિચાર, ગર્ભપાત, આત્મહત્યા આ બધાં પાપોનું મૂળ ફરજિયાત વૈધવ્ય જ છે. તેના કરતાં નાતરું કરવું અને સુખેથી મોજ કરીને છોકરાં જીવતા રાખવા એ ઘણું જ સારું છે.*

*વિધવા વિવાહ માટેની દુર્ગારામની આ ચળવળ જોઈ મથુરી નામની એક જુવાન વિધવાએ તેમને કહેલું કે, 'હું તમને પરણવા તૈયાર છું.' દુર્ગારામે પણ આ બાબતે સંમતિ બતાત પરંતુ નાતને આ વાતની ખબર પડતા આ લગ્ન અટકાવવા તેમણે આકાશ-પાતાળ એક કર્યા ને એમાં એમને સફળતા મળી પણ ખરી. ત્યાર પછી દુર્ગારામને જીવણરામ મંછારામ ગોરની અભેગવરી નામની પુત્રી સાથે પરણાવી દેવામાં આવ્યા. સાસુ-સસરાએ શરત કરી હતી કે અમારી દીકરીને પરણ્યા પછી તમારે વિધવા વિવાહની ચળવળ બંધ કરી દેવી પરંતુ આવી શરત દુર્ગારામે માન્ય રાખી નહિ.*

*પ્રથમ પત્નીની તિથિએ દુર્ગારામે જમણવાર ન રાખ્યો. એને કારણે નાતમાં ખૂબ જ વિરોધ થયો ને તે વગોવાયા. દુર્ગારામનો એક જ જવાબ હતો કે 'મરણ પાછળ જમનારા લોહીના ખડેલા કોળિયા ભરે છે.'*

**'પુસ્તક પ્રસારક મંડળી' ની સ્થાપના**

1842*માં દુર્ગારામ, દાદોબા પાંડુરંગ, દીનમણિશંકર શાસ્ત્રી, દલપતરામ ભગુભાઈ અને દામોદરદાસ જેવા સુધારકોએ મળીને 'પુસ્તક પ્રસારક મંડળી' સ્થાપી. સુરતમાં શિલાછાપ છાપખાનું શરૂ કરવાનું શ્રેય આ મંડળીને જાય છે. મંડળીએ પોતાના કેટલાક ઉદ્દેશો નક્કી કર્યા, જે આ મુજબ હતા.*

1. *હજારો દેવદેવી નહિ, પણ એક જ દેવ.*
2. *હજારો જાતિ નહિ, પણ મનુષ્ય માત્ર એક જ જાતિ.*
3. *મનુષ્યમાત્રનો એક જ ધર્મ, માનવધર્મ.*
4. *ઉત્તમ-અધમનો આધાર કુળ પરથી નહિ, પણ ગુણ પરથી કરવો. વિવેકને અનુસરીને કર્મ કરવાં.*

**માનવ ધર્મ સભાની સ્થાપના**

1844*માં માનવ ધર્મ સભાની સ્થાપના કરવામાં આવી. એ સમયે સુધારક એટલે નાસ્તિક અને ધર્મભ્રષ્ટ. ક્યાંક તો એવી માન્યતા પ્રવર્તતી કે સુધારાવાળાઓ હિન્દુઓને વટલાવીને ખ્રિસ્તી બનાવવા માગે છે.*

*માનવ ધર્મ સભા એ સુધારાવાદીઓ અને બુદ્ધિજીવીઓની સભા હતી. તેઓ અઠવાડિયે-પંદર દિવસે એક વાર મળતા અને વિવિધ વિષયોની ચર્ચા કરતા. સાંપ્રત સમયમાં પ્રવર્તી રહેલા ફરજિયાત વૈધવ્ય, અસ્પૃશ્યતા, જ્ઞાતિભેદ, શુકન- અપશુકન વગેરે કુરિવાજો સામે લડવા માટે ભૂમિકા ઘડાતી. જો કે એ સમયે ધર્મ સાથે જોડાયેલી આ માન્યતાઓનો વિરોધ કરવો એટલે સમાજનો ખોફ વહોરવા સમાન હતું.*

6 *જુલાઈ,* 1844*ના દિવસે દુર્ગારામે માનવ ધર્મ સભાની બેઠકમાં ભાષણ આપતા કહ્યું કે 'આ જગતમાં જે લોકોએ આચાર્યના વેશ લઈને પાખંડ ધર્મો ચલાવેલા છે, સારા માણસોના વિચારોને ઊલટા-સૂલટા કરીને તથા શાસ્ત્રીઓને પોતાને ઘેર ચાકરીમાં રાખી વેદ-ઉપનિષદના અર્થઘટનો વ્યાકરણના બળથી ફેરવીને પોતાનું મહાત્મ્ય તથા પોતાના અને પોતાના વંશના લોકોના ભરણપોષણને અર્થે ફેરફાર કરાવેલા છે તેવા પોતે તથા પોતાના વંશને પૂજાવનારા જે જે ગુરુઓ છે તથા થયા છે તે સર્વે ઠગ છે એમ જાણજો. એ ઠગની સામે તમે પરમહંસ થાઓ... સાચું જ્ઞાન સંતાડી રાખવું એ કાંઈ સદ્-વિચાર નથી.'*

1844*માં સુરતના લોકોએ અંગ્રેજો સમક્ષ મીઠાના કરનો વિરોધ કરેલો. રોષે ભરાયેલા લોકોએ અંગ્રેજોના કિલ્લા પર પથ્થરમારો કરેલો. તેને કારણે અંગ્રેજો આખી રાત કિલ્લામાં*

પુરાઈ રહેલા. આખરે અંગ્રેજોએ મીઠા પર લેવાતો કર નાબૂદ કરવો પડેલો. આ લડતમાં માનવ ધર્મ સભાના સભ્યોએ મહત્ત્વની ભૂમિકા ભજવેલી.

ત્યાર પછી દુર્ગારામે ભૂત-પ્રેતની માન્યતા સામે જેહાદ ચલાવી. એ વખતે "ભૂત-પ્રેતના ડરથી અનેક લોકો લૂંટાતા. જાદુના ખેલ કરનારાઓ ચમત્કાર બતાવીને સ્ત્રીઓનાં ઘરેણાં ઠગી જતા. દુર્ગારામે તેમને નિશાન બનાવ્યા. ત્યારે કોઈ જાદુગર સામે મેદાને ચડવું એ જીવને જોખમમાં મૂકવા જેવું કાર્ય ગણાતું.

સુરત શહેર મધ્યે નાણાવટ નવલસા કોઠાના માળમાં માનવધર્મ નામે 23 નવેમ્બર, 1844ના રોજ એક સભા મળી. આ સભાના બેસનારાઓએ એવું ઠેરવ્યું છે કે જો કોઈ જાદુગર અથવા મંત્રશાસ્ત્રી આ સભામાં આવીને સર્વેનો નિશ્ચય થાય એવી રીતે ઉપર લખેલી જાદુની વાતમાંથી કંઈ પણ પ્રથમ ખરું ખરી કરી આપશે તો તેને રૂા. 20 ઈનામ આપવામાં આવશે. આની એક સભા જાદુના પ્રયોગો કરવા બોલાવી જેમાં વજો ભૂવો અને દુર્ગારામ વચ્ચે થયેલી જાહેર સભામાં જાદુતોણાનો પ્રયોગો કરાવી ભૂવાને જૂઠો સાબિત કર્યો હતો.

દુર્ગારામની ચળવળને સારી એવી સફળતા મળી. સુરત શહેરના અનેક લોકોએ આ બનાવ પછી જાદુગરોના આપેલા દોરા-ધાગા ને ચિઠ્ઠીઓ ફાડી-તોડીને ફેંકી દીધા. ભૂવા અને દુર્ગારામ વિવાદથી દુર્ગારામ સુરતમાં જ નહિ, એ વખતના મુંબઈ રાજ્યમાં સુધારક તરીકે પ્રસિદ્ધિ પામ્યા હતા. તેમની રોજનીશીને આધારે મહિપતરામ નીલકંઠે ‘મહેતાજી દુર્ગારામ મંછારામનું ચરિત્ર’ એ નામે તેમનું જીવનચરિત્ર લખેલ છે. તેમની આ રોજનીશીને આમ તો આત્મકથાનું કાચું સ્વરૂપ જ કહી શકાય. આમ ગુજરાતીમાં અભાનપણે પહેલી આત્મકથા લખવાનું શ્રેય દુર્ગારામ મહેતાને જાય છે. આવા પ્રતિષ્ઠિત સુધારક દુર્ગારામ મહેતાનું અવસાન ઈ.સ.1876માં થયું.

ઈ. સ. 1846માં દાદોબા પાંડુરગની બદલી મુંબઈ ખાતે થઈ અને ત્યારબાદ 1850માં દુર્ગારામની બદલી રાજકોટ થઈ. તેથી માનવધર્મ સભાની પ્રવૃત્તિ વધુ ચાલી શકી નહિ. 1860માં નિવૃત્ત થઈને તેઓ સૂરત પાછા ફર્યા. તેઓ દર અઠવાડિયે ‘ગુજરાતમિત્ર’ અખબારમાં વિવિધ વિષયો પર લેખો લખતા હતા. તેમણે પોતે વિધુર થયા બાદ કોઈ વિધવા સાથે નહિ, પરંતુ એક કુમારિકા સાથે લગ્ન કર્યાં હતાં. તે પછી વિધવા વિવાહનો પ્રચાર તેમણે બંધ કર્યો હતો. આ કાર્યની તેમના સમર્થક, પ્રશંસક અને ચરિત્રલેખક મહિપતરામે પણ ટીકા કરી હતી. તેમણે બંધિયાર હિંદુ સમાજમાં સમાજ સુધારાના નૂતન વિચારો ફેલાવ્યા.

(ક) **તમારી પ્રગતિ ચકાસો.**

**(A) નિમ્ન લિખિત ખાલી જગ્યા પૂરો.**

1. *દુર્ગારામ મહેતાનો જન્મ ઈ.સ.* 1809*માં* ____________ *ખાતે થયેલો.*
2. 1844*માં માનવ ધર્મ સભાના સભ્યોએ* ____________ *ના વિરોધમાં મહત્ત્વની ભૂમિકા ભજવેલી.*
3. ___________ *એ 'મહેતાજી દુર્ગારામ મંછારામનું ચરિત્ર' એ નામે તેમનું જીવનચરિત્ર લખેલ છે.*
4. *દુર્ગારામ મહેતા દર અઠવાડિયે* ____________ *અખબારમાં વિવિધ વિષયો પર લેખો લખતા હતા.*
5. ____________ *માં માનવ ધર્મ સભાની સ્થાપના થઈ હતી.*

**(B) દુર્ગારામ મહેતાની સમાજ ઉત્થાનની પ્રવૃત્તિઓ ટૂંકમાં આલેખો.**

## 6.3 નર્મદ (1833 - 1886 )

*જ્યારે સમગ્ર હિંદમાં* 19*મી સદીમાં પશ્ચિમી સંસ્કૃતિનો પવન ફૂંકાયો અને નવા સુધારાની શરૂઆત થઈ, ત્યારે નર્મદ પશ્ચિમી કેળવણીનું અનુકરણ કરવામાં અગ્રેસર હતાં.* 19*મી સદીના ગુજરાતના સમાજ સુધારક તરીકે તે સુધારાના પયંગબર બનીને મોખરે ઊભા હતા. સતત પચ્ચીસ વર્ષ સુધી સુધારા માટે લડત કરતા રહ્યા હતા.*

### 6.3.1 સામાન્ય પરિચય

*સમાજના કુરિવાજો અને રૂઢિઓ સામે વિદ્રોહ કરનાર નર્મદનો જન્મ* 24 *ઓગસ્ટ,* 1833*ના રોજ સુરત ખાતે વૈદિક નાગર બ્રાહ્મણ પરિવારમાં થયેલો. તેમના પિતા લાલશંકર દવે લહિયા હતા. મુંબઈની સદર અદાલતમાં માસિક* 15 *રૂપિયા પગારે નોકરી કરતા હતા. સુરતમાં નર્મદ એ વખતના પ્રખર સમાજસુધારક દુર્ગારામ મહેતાની શાળામાં દાખલ થયા. અહીં નર્મદની અંદર એક સુધારક તરીકેનાં બીજ રોપાયાં એમ કહી શકાય.* 1844*માં નાનીગૌરી સાથે લગ્ન બાદ* 1845*માં અંગ્રેજી શાળામાં પ્રવેશ મળવ્યો.*

1850*માં મુંબઈની એલ્ફિન્સ્ટન ઈન્સ્ટિટ્યૂટમાં દાખલ થયા. કૉલેજનો અભ્યાસ અધૂરો મૂક્યો.* 1852*માં રાંદેર ગામની શાળામાં શિક્ષક.* 1853*માં પત્નીનું અવસાન.* 1854*માં પુનઃ મુંબઈ જઈ અભ્યાસમાં ચિત્ત પરોવવા પ્રયાસ કર્યો. કવિતા પ્રત્યે આકર્ષણ. વડર્ઝવર્થની પ્રકૃતિ કવિતાનો પ્રભાવ. ત્રેવીસમી વર્ષગાંઠથી કાવ્યલેખનની શરૂઆત.* 1856*માં કૉલેજનો અભ્યાસ અધૂરો છોડી ડાહીગૌરી સાથે લગ્ન કર્યું.* 1858*ની* 23,

*નવેમ્બરે નર્મદે શિક્ષકની નોકરી છોડી હંમેશ માટે નોકરી ન કરવાની અને કલમને ખોળે રહીને જીવવાની પ્રતિજ્ઞા લીધી. અનેક સંકટો વચ્ચે ઝઝૂમી નર્મદે સાહિત્યોપાસના અને સમાજ સુધારા પાછળ જીવન સમર્પિત કર્યું. 1864માં 'ડાંડિયો' પખવાડિકનો પ્રારંભ કર્યો. સુધારા વિશેનો ભ્રમ ભાંગતાં ઉત્તરવયે નર્મદનું વિચાર પરિવર્તન થયું. આર્યધર્મ અને સંસ્કૃતિના પુનરુત્થાનને તેણે સ્વધર્મ માન્યો. 1876માં કવિએ મુંબઈ જઈ નાટકો લખવાનું કામ શરૂ કર્યું. 1882માં પ્રતિજ્ઞા છોડી ગોકળદાસ તેજપાળના ધર્માદા ખાતામાં મંત્રી તરીકે નોકરી કમને સ્વીકારી. કાઠિયાવાડ ગૅઝેટિયરના ભાષાંતરનું કામ સ્વીકાર્યું. આઠ મહિનાની માંદગી બાદ 53 વર્ષની વયે અવસાન પામ્યા.*

### 6.3.2 સમાજ સુધારણાની પ્રવૃત્તિઓ

*19 મી સદી પહેલાંના સમાજમાં સુરતમાં બાળલગ્ન, સતીપ્રથા, અસ્પૃશ્યતા, વિદેશ ગમન(સમુદ્ર મંથન) પર પ્રતિબંધ, વિધવા પુનઃલગ્ન પર પ્રતિબંધ, વહેમ અને અંધશ્રદ્ધા, દહેજના દૂષણને કારણે બાળકીને દૂધ પીતી કરવાનો રિવાજ વગેરે જેવા કુરિવાજો પ્રચલિત હતા. આ કુરિવાજોને હંમેશાની માટે તિલાંજલિ આપવા નર્મદે પોતાની કલમ ચલાવી.*

*કવિ નર્મદે વલ્લભ-સંપ્રદાયના મુંબઈમાંનાં ધર્મગુરુઓનાં અનિષ્ટોને અનુલક્ષીને 'ગુરુ અને સ્ત્રી', 'વિષયી ગુરૂ વિશે', 'ગુરુસત્તા' વિશે જેવા કેટલાક લેખ લખ્યા. 6 ઑગસ્ટ, 1860માં એમણે સુરતના વૈષ્ણવ મહારાજ ગોસ્વામી જદુનાથજીને પણ વિધવા વિવાહ અને હિંદુશાસ્ત્રો ઈશ્વરપ્રણીત છે એ વિશે પડકાર્યા. મહિપતરામ રૂપરામ ઈંગ્લૅન્ડથી આવ્યા પછી નાગર જ્ઞાતિએ એમને નાત બહાર મૂક્યા તે વખતે નર્મદે મહિપતરામ ને ટેકો આપ્યો હતો. નર્મદે ગુજરાતમાં પુનઃવિવાહ શરૂ કરવા 1851માં 'બુદ્ધિવર્ધક સભા' (સંસ્થા) અને 'જ્ઞાનસાગર' નામના સામાયિકની નિડર તંત્રી તરીકે કામગીરી બજાવી. તેઓ 1851 થી 1854 ના સમયગાળા દરમ્યાન સુરત રહ્યા તે સમયે 'સ્વદેશી હિતેચ્છુ' મંડળી સ્થાપી. તેમણે 7 જુલાઈ, 1860 માં શિક્ષકની નોકરી છોડી તત્વશોધક સભાની સ્થાપના મુંબઈમાં કરી. તેમણે ભ્રષ્ટાચારને ખુલ્લો પાડવા તેમજ દંભ અને જૂઠાણાંને કાયમી માટે તિલાંજલિ આપવા સપ્ટેમ્બર 1864 માં 'દાંડિયો' પાક્ષિક દ્વારા કલમ ચલાવી સમાજ સુધારા ક્ષેત્રે મહત્વની કામગીરી બજાવી. જેની અસર સમાજ સુધારા પર વિશેષ પડી. નર્મદ પોતાના વકતવ્ય, કાવ્યો, લખાણો, તથા સભાઓ ભરી સમાજ સુધારા ઉપરાંત લોકોમાં સ્વદેશાભિમાનની ભાવના જાગૃત કરી. સુરતના નાગર બ્રાહ્મણ શ્રીમાન સિંહાચાર્ય ભારતીય સંસ્કૃતિના પ્રખર પુરસ્કર્તા હતા. તેમણે સુરતમાં શરૂ કરેલ વનિતા વિશ્રામમાં શારિરીક, બૌદ્ધિક તથા આધ્યાત્મિક કેળવણીના નિશ્ચિત કરેલા મોટા ભાગના નિયમો આ આશ્રમમાં પળાતા-નૃસિહાચાર્ય સ્ત્રી કેળવણી તથા સ્ત્રી ઉન્નતિને ખાસ મહત્વ આપેલ. તેમણે શરૂ કરેલ "શ્રેયસ સાધક અધિકારી મંડળ" માં હિન્દુઓ ઉપરાંત જૈન, બોદ્ધ, મુસ્લિમ, પારસી, ખ્રિસ્તી વગેરે પણ જોડાયા. નર્મદે પણ આ સંસ્થામાં જોડાઈ પ્રશંસનીય કામગીરી બજાવી જેના કારણે ભારતીય એકતા અને 'સર્વ ધર્મ સમભાવ'ની ભાવના વધુ પ્રબળ બનાવી.*

**બાળલગ્ન**

*19 મી સદી દરમ્યાન મરાઠાઓના આક્રમણોને કારણે ગુજરાતમાં બાળલગ્નનું પ્રમાણ ફુલ્યું-ફાલ્યું હતું. સમાજમાં કન્યાના લગ્ન દશ-બાર વર્ષની કાચી ઉંમરે જ કરી નાખવામાં આવતું. જેને કારણે બાળ મૃત્યુ અને વિધવાનું પ્રમાણ વધતુ જોવા મળ્યું. આ બદીને નાબૂદ કરવા નર્મદ જેવા ઉત્કૃષ્ઠ સમાજ સુધારકે સામાયિકો અને સભાઓમાં ભાષણો દ્વારા ઉત્કૃષ્ઠ કામગીરી બજાવી.*

**વિધવા પુનઃલગ્ન**

*ગુજરાતમાં વિધવા પુનઃલગ્નની શરૂઆત વણિકોએ કરી અને 1868 માં 'વિધવા પુનઃલગ્ન મંડળ'ની સ્થાપના અમદાવાદમાં કરવામાં આવી હતી. ઈ.સ. 1856 માં બ્રિટિશ સરકારે (કેનિંગે) પુનઃલગ્નનો કાયદો પસાર કર્યો. નર્મદે ઈ.સ. 1869-70 માં નર્મદગૌરી નામની વિધવા સાથે પત્ની હોવા છતાં ત્રીજીવાર લગ્ન કરી વિધવા પુનઃલગ્નની શરૂઆત કરી. (આ અગાઉ 1860 માં પ્રથમ દિવાળી નામે બ્રાહ્મણી વિધવાનું ગણપત નામે બ્રાહ્મણ સાથે પુનઃલગ્ન કરાવ્યું હતું.) સમાજમાં મોટી ઉથલપાથલ મચાવી દીધી. ત્યારબાદ કરશનદાસ મૂળજીને 'વિધવા વિવાહ' ઉપર નિબંધ લખવા બદલ ઘર છોડવું પડયું હતું.*

**અન્ય સુધારા**

*આ સિવાય નર્મદે સ્ત્રી કેળવણી, સ્વદેશાભિમાન અને વૈધવ્ય ચિત્ર ઉપર સભાઓમાં ભાષણો કર્યા હતાં. લોકો વહેમ અને અંધશ્રદ્ધાના શિકાર ન બને તે માટે (1864) માં 'હિંદુઓની પડતી' નામે પુસ્તક લખી લોકોને સાવધ કર્યા હતા. આમ, નર્મદ આપણો આદ્યયુગ પુરુષ થઈ ગયો. અર્વાચીન યુગની સાહિત્ય કે સામાજિક એવી કોઈપણ પ્રવૃત્તિ બાકી નહીં હોય કે જેનાં મંડાણ નર્મદે ન કર્યા હોય. 26 ફેબ્રુઆરી, 1886ના રોજ સુધારક અને કવિ નર્મદ અવસાન પામ્યા હતા.*

**(ખ) તમારી પ્રગતિ ચકાસો.**

**(A) નીચેના વિધાનો ખરાં (✓) કે ખોટાં (X) છે, તે તપાસો.**

1. *નર્મદનો જન્મ વૈદિક નાગર બ્રાહ્મણ પરિવારમાં થયેલો.*
2. *1874માં 'ડાંડિયો' પખવાડિકનો પ્રારંભ થયો હતો.*
3. *નર્મદે 1851માં 'બુદ્ધિવર્ધક સભા' (સંસ્થા) અને 'જ્ઞાનસાગર' નામના સામાયિકની તંત્રી તરીકે કામગીરી બજાવી હતી.*
4. *1868 માં 'વિધવા પુનઃલગ્ન મંડળ'ની સ્થાપના સુરતમાં કરવામાં આવી હતી.*
5. *નર્મદે વિધવા પત્ની હોવા છતાં ત્રીજીવાર વિધવા સાથે લગ્ન કર્યા હતા.*

**(B) નર્મદની સમાજ સુધારા પ્રવૃત્તિઓ ટૂંકમાં વર્ણવો.**

______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________

## 6.4 દલપતરામ (1820-1898)

*સામાજિક પ્રશ્નો અને એમાંથી ઉદ્દ્ભવતી સંવેદનાઓ પારખીને એની ચિકિત્સા કરવાનું કામ સર્જક કરે છે. સાચો સર્જક સમાજનો સાચો મિત્ર હોય છે જે એનાં માત્ર ગુણગાન ગાતો નથી એની નબળાઈ તરફ આંગળી પણ ચીંધે છે. એવા જ સર્જક અને સમાજસુધારક કવિ દલપતરામ પોતાના સાહિત્યમાં સમાજઘડતર માટે મુખરતાથી પ્રયત્ન કર્યો છે. એ સમયની સામાજિક બદીઓને દૂર કરવામાં આ સર્જકો યત્નશીલ રહ્યાં છે.*

### 6.4.1 સામાન્ય પરિચય

*કવિ દલપતરામ ડાહ્યાભાઈનો જન્મ વતન સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણમાં થયો હતો. પ્રાથમિક કેળવણી ત્યાંની ગામઠી શાળામાં લીધી. પિતા પાસે કુળ-પરંપરા પ્રમાણે વેદ શીખવાનો પ્રારંભ કર્યો પરંતુ પિતાના ક્રોધી સ્વભાવને લીધે શીખી ન શક્યા. ચૌદ વર્ષની ઉંમરે ભૂમાનંદ સ્વામીથી પ્રભાવિત બની સ્વામિનારાયણ સંપ્રદાય અંગીકાર કર્યો. પછી દેવાનંદ સ્વામી પાસે પરંપરાપ્રાપ્ત કાવ્યરીતિનું શિક્ષણ લીધું. ચોવીસ વર્ષની ઉંમરે અમદાવાદના સ્વામિનારાયણ મંદિરમાં સંસ્કૃતના વિશેષ અભ્યાસ માટે આવ્યા. તે દરમિયાન ભોળનાથ સારાભાઈ સાથે પરિચય થયો. 1848માં ભોળાનાથની ભલામણથી અમદાવાદના આસિસ્ટન્ટ જજ ઍલેક્ઝાંડર કિન્લૉક ફૉર્બસનું નિમંત્રણ મળ્યું એટલે વઢવાણથી અમદાવાદ આવ્યા અને ગુજરાતી ભાષા અને સાહિત્ય શીખવવા માટે ફૉર્બસના શિક્ષક બન્યા. ફૉર્બસ સાથેનો આ મેળાપ ઘનિષ્ઠ મૈત્રીમાં પરિણમ્યો. પાંચેક વર્ષ ફૉર્બસ સાથે ગુજરાતનાં વિવિધ રાજ્યોમાં 'રાસમાળા'ની સામગ્રી ભેગી કરવા માટે પર્યટન કર્યું તેમ જ શિક્ષણ અને નવજાગૃતિ સારુ ફૉર્બસે આદરેલા પુરુષાર્થમાં સહભાગી બન્યા. 1854માં ફૉર્બસ ઈંગ્લૅન્ડ ગયા ત્યારે એમની ભલામણથી સાદરામાં સરકારી નોકરી સ્વીકારી, પરંતુ 1855માં સરકારી નોકરી છોડી અમદાવાદ પાછા આવી ગુજરાત વર્નાક્યુલર સોસાયટી અને 'બુદ્ધિપ્રકાશ' માસિકની જવાબદારી સંભાળી. 1858માં 'હોપ વાચનમાળા' ની પુસ્તિકાઓ તૈયાર કરવામાં સરકારને મદદ કરી. 1879માં આંખની વ્યાધિને લીધે વર્નાક્યુલર સોસાયટીમાંથી નિવૃત્તિ લીધી. અમદાવાદમાં 1998 માં અવસાન પામ્યા.*

### 6.4.2 સમાજ સુધારણાની પ્રવૃત્તિઓ

*કવિ દલપતરામ શાંત અને વિવેકી સુધારક હતા. 'સજ્જનો સંભળાવજો રે ધીરે ધીરે સુધારાનો સાર'એ એમના 'વેનચરિત્ર'માંની પંક્તિ એમની સુધારાની ભાવનાને મૂર્ત કરે છે. પ્રજામાંથી પ્રચલિત વહેમ અને કુરૂઢિઓ દૂર કરવા ભૂત, જ્ઞાતિ, બાળવિવાહ, પુનર્વિવાહ વગેરે ઉપર નિબંધો લખી નવા યુગને દૃષ્ટિ આપી એમણે પોતાનાં કવિતા અને નિબંધોમાં બાળલગ્નની હાંસી ઉડાવી. મરણ પાછળ થતા વરાની ટીકા કરી. સ્ત્રીઓ પરનાં બંધનોની ઝાટકણી કાઢી પરદેશગમન કરવા પ્રજાને અનુરોધ કર્યો. કન્યા-કેળવણી માટે હઠીસિંગનાં પત્ની હરકોર શેઠાણીના નામથી તેમજ શેઠ મગનભાઈ કરમચંદના નામથી ઈ.સ.* 1850*માં કન્યાશાળાઓ શરૂ કરાવી હતી.*

*ગુજરાત વર્નાક્યુલર સોસાયટી દ્વારા સામાજિક તથા ધાર્મિક દૂષણો દૂર કરવા માટે ઈનારી નિબંધ યોજના પણ શરૂ કરવામાં આવી હતી. કવિ દલપતરામે આવી યોજના હેઠળ કેટલાંક લેખો અને કવિતા લખ્યાં, ઉપરાંત 'સત્યપ્રકાશ'ના તંત્રી અને સુધારક કરસનદાસ મૂળજી દ્વારા 'ગુરુ-શિષ્ય ધર્મ' પર ઈનામી નિબંધ સ્પર્ધામાં ભાગ લઈને દલપતરામે ઈનામ પ્રાપ્ત કર્યું. એમણે વિધવા વિવાહની તરફેણમાં લેખો તથા કાવ્યો લખ્યાં. એમનું 'વેનચરિત્ર' કાવ્ય 'સુધારાના પુરાણ' તરીકે પ્રખ્યાત થયું.*

*ફૉર્બસની પ્રેરણાએ અને ઈનામી સ્પર્ધાઓમાં ભાગ લેવાની વૃત્તિથી એમણે 'ભૂતનિબંધ'* (1848), *'જ્ઞાતિનિબંધ'* (1851), *'પુનર્વિવાહપ્રબંધ'* (1852), *'શહેરસુધરાઈનો નિબંધ'* (1858), *'પરદેશગમન વિશેનો નિબંધ' વગેરે સુધારાલક્ષી નિબંધો પણ લખ્યા છે. 'ભૂતનિબંધ' દ્વારા તેમણે પ્રજામાં પડેલાં વહેમોનું ખંડન કરીને તેને વૈજ્ઞાનિક દૃષ્ટિ આપવાનો પ્રયત્ન કર્યો છે. આ નિબંધ દ્વારા ભૂતનો ડર સમાજમાં ઘટ્યો હશે એ સમજી શકાય છે. 'જ્ઞાતિનિબંધ' દ્વારા એમણે જ્ઞાતિસંસ્થાના લાભ-ગેરલાભ બતાવ્યા છે. 'બાલવિવાહનિબંધ'માં એમણે બાળલગ્નની નિંદા કરી અને 'દૈવજ્ઞદર્પણ' માં જ્યોતિષને જૂઠું ગણાવી જોશીઓ ધુતારા છે તે સ્થાપવાનો પ્રયત્ન થયો છે. "લક્ષ્મી" નાટક અનીતિથી ધન એકઠું ન કરવું એવો બોધ આપે છે. "મિથ્યાભિમાન" અભિમાન ન કરવાનો અને કન્યાવિક્રય જેવી બદીમાંથી મુક્ત થવાનો બોધ આપતા નાટકોમાં પણ સમાજઘડતરનો ઉદ્દેશ છે.*

*આમ, દલપતરામે સાહિત્યિક રચનાઓ દ્વારા સમાજની કુરીતિઓ જેવી કે, બાળલગ્ન પતિબંધ તથા વિધવા વિવાહની હિમાયત કરીને સ્ત્રીઓની દયનીય સામાજિક સ્થિતિ વિશે અવાજ ઉઠાવ્યો હતો.*

(ગ) **તમારી પ્રગતિ ચકાસો.**

**(A) નિમ્નલિખિત પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. *કવિ દલપતરામ ડાહ્યાભાઈ ક્યાંના વતની હતા ?*

2. 1858*માં દલપતરામે કઈ પુસ્તિકાઓ તૈયાર કરવામાં સરકારને મદદ કરેલી ?*

3. *દલપતરામનું કયું કાવ્ય 'સુધારાના પુરાણ' તરીકે પ્રખ્યાત થયું?*

4. *કઈ કૃતિ દ્વારા દલપતરામે પ્રજામાં પડેલાં વહેમોનું ખંડન કરીને તેને વૈજ્ઞાનિક દૃષ્ટિ આપવાનો પ્રયત્ન કર્યો હતો ?*

5. *દલપતરામનું કયું નાટક કન્યાવિક્રય જેવી બદીમાંથી મુક્ત થવાનો બોધ આપે છે ?*

(B) *દલપતરામની સમાજ સુધાર પ્રવૃત્તિઓ વિશે ટૂંકમાં જણાવો.*

## 6.5 કરસનદાસ મૂળજી (1832-1871)

*નવા દૃષ્ટિકોણથી દુર્ગારામ મહેતાજીના રસ્તે ધર્મસુધારણા આંદોલનમાં આગળ પડતો ભાગ લેવામાં નાગર બ્રાહ્મણ નર્મદાશંકર લાલશંકર (ઈ.સ.* 1833-1886*) અને કપોળ વાણિયા કરસનદાસ મૂળજી (ઈ.સ.* 1832-1871*)નો ફાળો મહત્ત્વનો રહ્યો હતો. બંને સુધારક મુંબઈની એલ્ફિન્સ્ટન ઈન્સ્ટિટ્યૂટના વિદ્યાર્થી હતા અને નવાં મૂલ્યોથી ખૂબ પ્રભાવિત થયા હતા. એમણે હિંદુ સમાજમાં ધાર્મિક ક્ષેત્રે ફેલાયેલાં દૂષણો પર પ્રહાર કરતા લેખ લખ્યા અને આંદોલન ચલાવ્યું. તેઓ મુંબઈની 'બુદ્ધિવર્ધક સભા' સાથે ગાઢ રીતે*

*સંકળાયેલા હતા. નીતિમત્તાને ધોરણે માનવમૂલ્યોની પ્રતિષ્ઠા કરવી એ એમના ધર્મસુધારાના આંદોલનનો કેન્દ્ર-સૂર હતો.*

### 6.5.1 સામાન્ય પરિચય

*તેમનો જન્મ 25 જુલાઈ, 1832ના રોજ મુંબઈ ખાતે એક કપોળ વ્યાપારી કુટુંબમાં થયો હતો. તેમનું કુટુંબ મૂળ સૌરાષ્ટ્રનું વતની હતું. કરસનદાસે માધ્યમિક કક્ષા સુધી અભ્યાસ કર્યો હતો. તેમના કુટુંબમાંથી તેમને વિધવા પુનઃલગ્ન વિશેના તેમના વિચારોના કારણે બહિષ્કૃત કરવામાં આવ્યા હતા. તેઓ સ્થાનિક શાળામાં શિક્ષક બન્યા અને 1855માં 'સત્યપ્રકાશ' નામનું ગુજરાતી સાપ્તાહિક શરૂ કર્યું હતું. તેમણે થોડો સમય 'સ્ત્રીબોધ' નામનું વર્તમાનપત્ર ચલાવ્યું હતું. 1863માં કપાસના વેપાર સંબંધે ઈંગ્લેન્ડની નિષ્ફળ મુલાકાતથી પાછા ફર્યા બાદ તેમને જ્ઞાતિ બહાર કરવામાં આવ્યા હતા. 1867માં તેમણે બીજી વાર ઈંગ્લેન્ડનો પ્રવાસ કર્યો હતો. 1874માં તેમને કાઠિયાવાડના સંચાલક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. 28 ઓગસ્ટ, 1875ના રોજ તેમનું અવસાન થયું હતું.*

### 6.5.2 સમાજ સુધારાની પ્રવૃત્તિઓ

*નીડર સુધારક કરસનદાસ મૂળજીએ ધાર્મિક ક્ષેત્રે ફેલાયેલી બદીઓને દૂર કરવા ઝૂંબેશ ચલાવી. વિદ્યાર્થીકાળમાં કરસનદાસે વિધવા વિવાહની તરફેણમાં નિબંધ લખ્યો અને એ માટે એમને ઘરમાંથી હાંકી કાઢવામાં આવ્યા. કરસનદાસે 'રાસ્ત ગોફતાર' અને બીજાં ચોપાનિયાંઓમાં સુધારા અંગે લેખ લખ્યા અને ઈ. સ. 1855માં એમણે 'સત્યપ્રકાશ' નામનું પોતાનું ચોપાનિયું શરૂ કર્યું. 'સત્યપ્રકાશ'માં સામાજિક તેમજ ધાર્મિક વિષયોને લગતા લેખ લખ્યા એવા લેખોમાં એમણે મુંબઈના વૈષ્ણવ મહારાજોના એમના અનુયાયીઓ પરના જુલમ વિશે આક્રોશ વ્યક્ત કર્યો. કરસનદાસ વલ્લભ-સંપ્રદાયના મહારાજોના કૃષ્ણના અવતાર હોવાના દાવાને અને એમની વ્યભિચારની 'લીલા'ને છતી કરી. આ વખતે એક વૈષ્ણવ મહારાજે અદાલતમાં પોતાના બચાવ માટે વૈષ્ણવો પાસેથી બળજબરીથી ફંડ ઊભું કરવા અને વૈષ્ણવ અનુયાયીઓને એમની વિરુદ્ધ કોઈ પણ સંજોગોમાં અદાલતમાં દાવો ન માંડવા, જુબાની ન આપવા તેમજ અખબારો કે ચોપાનિયાંમાં એમની વિરુદ્ધ લેખ ન લખવા અંગે એક આદેશ બહાર પાડ્યો. કરસનદાસે આ આદેશને 'ગુલામી ખત' તરીકે ગણાવીને એ સામે આંદોલન ચલાવ્યું તથા લેખ લખ્યા અને સાથે સાથે સાચી સલાહ પણ આપી પરંતુ મહારાજોના વિકૃત માનસને એ યોગ્ય ન લાગ્યું.*

*કરસનદાસે વૈષ્ણવ મહારાજો વિરુદ્ધ ચલાવેલા આંદોલનથી મહારાજની પ્રતિષ્ઠા એમના સમાજમાં ઝાંખી પડી. આ સંજોગોમાં ઈ.સ. 1860માં સુરતના વૈષ્ણવ મંદિરના વડા ગોસ્વામી જદુનાથજી મહારાજ મુંબઈ આવ્યા. એમણે સુધારકોને નાસ્તિક ગણાવવાના પ્રયાસરૂપે 'સ્વધર્મવર્ધક અને સંશયચ્છેદક' નામનું માસિક શરૂ કર્યું. ઉપરાંત એમણે 'વિષ્ણુ પંથ' અને 'ચાબૂક'માં પણ સુધારકો વિરુદ્ધ લેખ લખ્યા. કરસનદાસે 'સત્યપ્રકાશ'ના*

(21મી ઑક્ટોબર, 1860) અંકમાં વળતા જવાબ-રૂપે લખેલા લેખમાં વલ્લભસંપ્રદાય અને એના એવા મહારાજોની ઝાટકણી કાઢી અને મહારાજોના એમના સ્ત્રી-અનુયાયીઓ સાથેના તદ્દન વિકૃત પ્રકારના સંબંધોનો ઉલ્લેખ કર્યો, સાથે સાથે એ મહારાજોને સન્માર્ગે જીવન ગાળવાની વિનંતી પણ કરી. કરસનદાસે આ લેખમાં જદુનાથજીના નામનો પણ ઉલ્લેખ કર્યો હતો, એનું પરિણામ એ આવ્યું કે મે, 1861માં જદુનાથજીએ મુંબઈની સુપ્રીમ કોર્ટમાં કરસનદાસ સામે બદનક્ષીનો દાવો માંડ્યો. 25મી જાન્યુ. 1862 ને દિવસે શરૂ થયેલા અને 40 દિવસ સુધી ચાલેલા આ પ્રખ્યાત 'મહારાજ લાયબલ કેસ'માં મુંબઈના વૈષ્ણવ મહારાજો અને જદુનાથજીનું ખાનગી વિકૃત ચારિત્ર્ય વધારે ખુલ્લું પડ્યું. સુધારકો અને રૂઢિચુસ્તો વચ્ચેના ગજગ્રાહની અહીં ચરમ સીમા હતી. સુધારકોની તરફેણમાં એ વખતે આગળ આવનાર વ્યક્તિઓ બહુ ઓછી હતી. કરસનદાસની તરફેણમાં જુબાની આપનારાઓમાં ડૉ. જોન વિલ્સન, મથુરાદાસ લવજી, ગોકુળદાસ તેજપાળ, ડૉ. ભાઉદાજી, ડૉ. ધીરજરામ દલપતરામ, વિશ્વનાથ નારાયણ મંડળીક, કવિ નર્મદ, ઝવેરીલાલ ઉમિયાશંકર વગેરેનો સમાવેશ થતો હતો. અદાલતનો ચુકાદો કરસનદાસની તરફેણમાં આવ્યો. ન્યાયાધીશ સર જૉસેફ આર્નોલ્ડે એના ચુકાદામાં એ સમયના વલ્લભસંપ્રદાય જેવા સંપ્રદાયોમાં પોષાતાં અનીતિનાં ધામોની સખત ટીકા કરી અને સુધારકોની પ્રશંસા કરી. હિંદનાં એ વખતનાં મુખ્ય અખબારોએ કરસનદાસને હિંદના એક અગ્રગણ્ય સુધારક તરીકે નવાજ્યા. સિલોનથી લઈને કલકત્તા સુધીના વિસ્તારનાં 21 જેટલાં અંગ્રેજી અખબારોએ કોર્ટના ચુકાદાને પ્રગટ કર્યો. પ્રાદેશિક ભાષામાં પ્રગટ થતાં અખબારોએ પણ કરસનદાસની નીડરતાની પ્રશંસા કરી. ડૉ. જોન વિલ્સને કરસનદાસના માનમાં જાહેરસભા યોજી. ખોજા કોમના સુધારકોએ પણ કરસનદાસને માનપત્ર આપ્યું, પરંતુ મુંબઈના વૈષ્ણવ સમાજમાં કરસનદાસની ખૂબ ટીકા કરવામાં આવી. કપોળ જ્ઞાતિના લોકો તો સંપૂર્ણ રીતે કરસનદાસ-વિરોધી બની ગયા પરંતુ બીજી બાજુ મુંબઈ તેમજ ગુજરાતના સુધારકો કરસનદાસના વિજયનો ફાયદો ઉઠાવી ન શક્યા. ડૉ. ભાઉ દાજી, શેઠ લક્ષ્મીદાસ ખીમજી, ઠક્કર મથુરાદાસ લવજી અને કવિ નર્મદ જેવા સુધારકોએ કોર્ટમાં કરસનદાસને ટેકો આપ્યો હોવા છતાં ચુકાદા પછી જાહેરમાં તેઓ કરસનદાસની પ્રશંસા કરવા પણ તૈયાર ન હતા. મુંબઈની 'બુદ્ધિવર્ધક સભા' પણ મૌન રહી.

કરસનદાસે ઈ. સ. 1863માં તેમજ ઈ. સ. 1867માં એમ બે વખત ઈંગ્લૅન્ડની મુલાકાત લીધી. ઈ. સ. 1867ના અંતમાં એ રાજકોટમાં કાઠિયાવાડ પોલિટિકલ એજન્ટના મદદનીશ તરીકે નિમાયા. અહીં એમણે સૌરાષ્ટ્રના એ સમયના સુધારક મણિશંકર કીકાણી (ઈ.સ. 1822-1884) દ્વારા શરૂ થયેલ 'વિદ્યાગુણપ્રકાશક સભા'માં સક્રિય ભાગ લીધો. એપ્રિલ, 1870માં એમની બદલી લીંબડી થઈ. એમણે મુંબઈ જઈને પોતાના મિત્ર માધવદાસ રુગનાથદાસનું લગ્ન ધનકોર નામની શિક્ષિત વિધવા સાથે કરાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

**(ઘ) તમારી પ્રગતિ ચકાસો.**

**(A) નિમ્નલિખિત વિધાન ખરા (✓) છે કે ખોટા (×) ? તપાસો.**

1. *કરસનદાસે* 1855*માં 'સત્યપ્રકાશ' નામનું ગુજરાતી સાપ્તાહિક શરૂ કર્યું હતું.*
2. *ઈ. સ.* 1885*માં કરસનદાસે 'સત્યપ્રકાશ' નામનું પોતાનું ચોપાનિયું શરૂ કર્યું હતું.*
3. 1861*માં જદુનાથજીએ મુંબઈની સુપ્રીમ કોર્ટમાં કરસનદાસ સામે બદનક્ષીનો દાવો માંડ્યો હતો.*
4. *કરસનદાસે ચાર વખત ઈંગ્લૅન્ડની મુલાકાત લીધી હતી.*
5. *ઈ. સ.* 1867*ના અંતમાં કરસનદાસ રાજકોટમાં કાઠિયાવાડ પોલિટિકલ એજન્ટના મદદનીશ તરીકે નિમાયા.*

(B) *કરસનદાસ મૂળજીએ કરેલ સમાજ સુધારણાના કાર્યો ટૂંકમાં જણાવો.*

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

## 6.6 મહિપતરામ નીલકંઠ (1829 - 1891)

*મહિપતરામ એક સર્જક તરીકે તો મહત્વના છે જ, પણ સાથે-સાથે કેળવણીકાર એમાંય સ્ત્રી કેળવણીકાર અને સંશોધક તરીકે પણ ખૂબ મહત્વ ધરાવે છે. તેમની પાસેથી મળતાં જીવનચરિત્રો, નવલકથાઓ, 'ભવાઈ સંગ્રહ' અને અન્ય કેળવણી વિષયક ગ્રંથો આજે પણ એટલાં ઉપયોગી છે. એક વ્યક્તિ તરીકે, સર્જક તરીકે અને એક સુધારક તરીકે મહિપતરામ ના કાર્યો ખૂબ મહત્ત્વનાં છે.*

### 6.6.1 સામાન્ય પરિચય

*નીલકંઠ મહિપતરામ રૂપરામ કેળવણીકાર, સુધારક, નવલકથાકાર અને ચરિત્રકાર પણ હતા. સુરતની ગામઠી શાળામાં પ્રાથમિક શિક્ષણ મેળવી ત્યાંની સરકારી અંગ્રેજી શાળામાં અભ્યાસ કર્યો અને ત્યાં જ* 1851*માં મદદનીશ શિક્ષક તરીકે જોડાયા. એ પછી* 1852*માં ઍલ્ફિન્સ્ટન ઈન્સ્ટિટ્યૂટ, મુંબઈના હાઈસ્કૂલ વિભાગમાં દાખલ થયા અને* 1854*માં ત્યાં શિક્ષક નિમાયા.* 1857*માં અમદાવાદની માધ્યમિક શાળાના મુખ્ય શિક્ષક ને પછી નિરીક્ષક રહ્યા હતા.* 1859*માં 'હોપ વાચનમાળા' સમિતિના સભ્ય તરીકે પસંદગી પામેલા એમને ટ્રેનિંગ કૉલેજોના અનુભવ લેવા સરકારે* 1860*માં ઈંગ્લેન્ડ મોકલ્યા. પરત આવીને* 1861*થી નિવૃત્તિપર્યંત અમદાવાદની પ્રે.ર. ટ્રેનિંગ કૉલેજના આચાર્ય રહ્યા.* 1850*માં 'પરહેજગાર' નામના પત્રનું સંપાદન કરી ચૂકેલ એમણે* 1862 *થી કેટલાંક વર્ષો સુધી 'ગુજરાત શાળાપત્ર'ના સંપાદક તરીકે રહી મહત્વની કામગીરી બજાવેલી.* 1885*માં*

*એમને સી.આઈ.ઈ.નો સરકારી ઈલકાબ મળેલો. ''પ્રાર્થના-સમાજ'' અને 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી' જેવી અનેક સંસ્થાઓમાં મંત્રી ને પ્રમુખ તરીકે તેમ જ સક્રિય કાર્યકર તરીકે તથા અમદાવાદ મ્યુનિસિપાલિટીના કમિશનર અને ચૅરમૅન તરીકે પણ એમણે સેવાઓ આપી હતી. અમદાવાદમાં 1891માં અવસાન પામ્યા હતા.*

## 6.6.2 સમાજ સુધારાની પ્રવૃત્તિઓ

*મહિપતરામ નાનપણથી સાહિત્યનો જીવ હતા. 'સત્યપ્રકાશ', 'રાસ્ત ગોફ્તાર', 'બુદ્ધિવર્ધક' વગેરે સામયિકોમાં તેમણે સુધારાવિષયક લેખો લખવા માંડ્યા. આ લેખોએ તેમને જબરી પ્રસિદ્ધિ અપાવી. સુધારક તરીકે તેમની ગણના થવા માંડી. અંગ્રેજસરકારે તેમને રાવસાહેબનો ઈલ્કાબ આપ્યો.*

*અંગ્રેજ સરકારે તેમને ઈંગ્લેન્ડની શાળાઓનો અભ્યાસ કરવા ઈંગ્લેન્ડ મોકલવાનો નિર્ણય કર્યો. એ વખતે હિન્દુસમાજમાં એવી અંધશ્રદ્ધા પ્રવર્તતી હતી કે વિદેશ જવું એ ધર્મ વિરુદ્ધનું કૃત્ય છે. ભારત સિવાયના દેશો એ મ્લેચ્છોના દેશો છે. ત્યાંથી પાછો આવનાર ભારતીય ધર્મભ્રષ્ટ થઈને આવે છે. આથી તેને વટલાયેલો ગણવામાં આવતો. સમાજ દ્વારા તેનો બહિષ્કાર કરવામાં આવતો. આ બીકે વિદેશ જવા ઈચ્છતા કેટલાય ભારતીયોએ તેનો વિચાર માંડી વાળવો પડતો.*

*મે, 1859માં મહિપતરામ સુરત આવી, મિત્રો નર્મદ, નંદશંકર મહેતા, ભોળાનાથ સારાભાઈ, દુર્ગારામ મહેતા વગેરેને મળ્યા, મિત્રોએ તેમને હિંમત આપી. મહિપતરામ ના વિદેશગમનના સમાચાર 'સમશેર બહાદુર' નામની પત્રિકામાં છપાયા. તેનાથી મહિપતરામ ની વિલાયત જવાની ચર્ચા સમગ્ર ગુજરાતમાં થવા માંડી. પછી નાગરોએ મહિપતરામ ના વિલાયતગમનનો વિરોષ કરતો એક ખરડો તૈયાર કર્યો ને તેમાં જ્ઞાતિજનોની સહી લેવા માંડી પરંતુ નર્મદ જેવા મહિપતરામ ના સુધારકમિત્રોએ તેમાં સહી કરવાની ના પાડી દીધી.*

*મહિપતરામે સુરતના 'જ્ઞાનદીપક' સામયિકના તંત્રીને લેખો લખી મોકલ્યા ને પોતાની પત્રિકામાં એ છાપવા વિનંતી કરી. જે મુજબ 'જ્ઞાનદીપક'માં એ બધું છાપવામાં આવ્યું.*

*તેર મહીના પછી મહિપતરામ સ્વદેશ પાછા ફર્યા. નાગરી નાત મહિપતરામ નો બહિષ્કાર કર્યો. આ બહિષ્કાર એટલે ? તેમને રહેવા માટે કોઈ ઘર ભાડે આપે નહિ, તેમને ત્યાં કોઈ નોકર તરીકે રહે નહિ. તે સગાવહાલાને ત્યાં જઈ શકે નહિ. તેમની સાથે કન્યાવ્યવહાર થઈ શકે નહિ. નાતના જમણવારમાં પણ તે આવી ન શકે. કોઈ જો તેમને જમાડે તો નાત તેનો પણ બહિષ્કાર કરે. મહિપતરામ ના સુધારક મિત્ર દુર્ગારામ મહેતાએ તેમને પોતાને ત્યાં જમાડયા તો નાતે દુર્ગારામને પણ નાતબહાર મૂક્યા હતા. મહિપતરામ ને રહેવાની તકલીફ ઊભી થઈ ત્યારે મિત્ર ભોળાનાથ સારાભાઈએ તેમને પોતાનું વધારાનું એક ઘર ખાલી પડ્યું હતું તે આપ્યું. આ પ્રકારના વ્યવહારથી મહિપતરામ દુઃખી દુઃખી થઈ ગયા. પ્રાયશ્ચિત્ત કર્યા બાદ સાત વર્ષે મહિપતરામ ને નાતમાં પુનઃ પ્રવેશ થયો.*

મુંબઈ ખાતે 'પ્રાર્થના-સમાજ'ની સ્થાપના થઈ. તેના ગુજરાત પ્રાંતનું કાર્ય મહિપતરામે સંભાળ્યું. 'પરહેજગાર' પત્રના તંત્રી પણ બન્યા. સમાજ સુધારણાની શરૂઆત મહિપતરામે પોતાના ઘેરથી જ કરેલી. તેમને ત્યાં પુત્રવધૂઓ માટે કોઈ બંધન નહોતું. તેઓ ગાડીમાં ફરી શકતી અને મેળાવડામાં પણ જઈ શકતી. નોકરીમાંથી નિવૃત્ત થઈને 'પ્રાર્થના-સમાજ' અને સમાજ સુધારાનું કામ કરવાની એમની ઘણી ઈચ્છા હતી. આ માટે તેમણે નિવૃત્ત થવાની અરજી પણ કરી દીધી હતી પરંતુ તેનો જવાબ આવે એ પહેલાં, મે, 1891માં તેમનું આકસ્મિક અવસાન થયું.

આ પૂર્વે જણાવ્યું છે તે પ્રમાણે મહિપતરામ નીલકંઠને પરદેશગમન માટે સહન કરવું પડયું હતું. એ સમયે સુરતમાં ચાલતી 'પરહેજગાર મંડળી'ના સભ્યપદે રહીને કએમ એ કેફી પીણાં, બાળલગ્ન, ફટાણાં અને વિધવાના દેશ ઉતારવાની વિરુદ્ધ ભાષણો નથી, એમને મહારાષ્ટ્રમાં સ્થપાયેલા 'વિધવા વિવાહ ઉત્તેજક મંડળ'ના 'સત્યાર્થ પ્રકાશનો મહારા શ્રી ભોળાના સામના કાર્યવાહક, અમદાવાદની મગનભાઈ કરમચંદ શાળાના મણી મા સર 'શ્રી ભોળાનાથ સારાભાઈ લિટરરી ઈન્સ્ટિટ્ટયૂટ ફૉર વીમેન'ના મંત્રી વગેરે સ્થાને રહી હો હા સુધારાની વિવિધ પ્રવૃત્તિઓ આદરી હતી. તદુપરાંત 'અંજુમને ઈસ્લામ' નામની મુસ્લિમ સંસ્થા, જ્યુબિલી હૉસ્પિટલ, પ્રાણીદયા મંડળી, હિંદુ સંસારસુધારા સમાજ, વિધવા વિવાહ સભા એમ વિવિધ સંસ્થાઓના પ્રમુખપદેથી ગુજરાતમાં સમાજ-સુધારાની ચળવળને વેગ આપ્યો હતો. એમના અવસાન બાદ અમદાવાદમાં એમના સ્મરણાર્થે 'મહિપતરામ રૂપરામ અનાથાશ્રમ' નામની સંસ્થા સ્થાપવામાં આવી. આ સંસ્થા આજે અમદાવાદમાં રાયપુર દરવાજા બહાર પોતાના મકાનમાં સામાજિક ક્ષેત્રે ઉત્તમ સેવાઓ આપી રહી છે.

મહિપતરામ ની સમાજ સુધારણાની જ્યોત તેમના ત્રીજા અને સૌથી નાના પુત્ર રમણભાઈએ જલતી રાખી. પિતાના મિત્ર લાભશંકર ઉમિયાશંકરની પ્રેરણાથી તે સમાજ સુધારણાની પ્રવૃત્તિમાં જોડાયેલા. ગુજરાતમાં પ્રાર્થનાસમાજ અને ગુજરાત વિદ્યાસભાનું તેમણે કુશળ સંચાલન કરેલું. રમણભાઈએ અનેક પુસ્તકો લખ્યા છે. જેમાં 'રાઈનો પર્વત' અને 'ભદ્રંભદ્રં' પ્રસિદ્ધ છે. 'ભદ્રંભદ્ર' નવલકથા દ્વારા તેમણે સમાજના ભદ્ર વર્ગની રૂઢિઓ ઉપર માર્મિક પ્રહારો કર્યા છે. રમણભાઈ સ્ત્રીશિક્ષણના હિમાયતી હતા. તેમણે પત્ની વિદ્યાગૌરીને મેટ્રિકની પરીક્ષા અપાવી. બી.એ.ની પદવી મેળવનારાં ગુજરાતનાં એ પ્રથમ મહિલા બની રહ્યાં. વિદ્યાગૌરી પણ પતિ સાથે સમાજસુધારની પ્રવૃત્તિમાં જોડાયાં. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાં સક્રિય બન્યાં. 1932માં અખિલ હિન્દ મહિલા પરિષદના પ્રમુખ પણ બનેલાં. રમણભાઈ-વિદ્યાગૌરીના પુત્રી તે વિનોદિની નીલકંઠ. તે પણ સુધારાવાદી હતાં.

(ચ) **તમારી પ્રગતિ ચકાસો .**

**(A) નિમ્નલિખિત પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. *મહિપતરામ ને 1885માં કયો સરકારી ઈલકાબ મળેલો ?*
2. *મહિપતરામ ની વિલાયત જવાની ચર્ચા કઈ પત્રિકાએ સમગ્ર ગુજરાતમાં ફેલાવી હતી?*
3. *મહિપતરામે સુરતના કયા સામયિકના તંત્રીને લેખો લખી મોકલ્યા ને પોતાની પત્રિકામાં એ છાપવા વિનંતી કરી હતી ?*
4. *મહિપતરામ કઈ મુસ્લિમ સંસ્થા પ્રમુખપદે રહ્યા હતા ?*
5. *મહિપતરામ ના કઈ સંસ્થા સ્થાપવામાં આવી હતી, જે આજે પણ કાર્યરત છે ?*

(B) *મહિપતરામ નીલકંઠની સમાજ સુધારણા પ્રવૃત્તિઓ ટૂંકમાં જણાવો.*

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

## 6.7 સારાંશ

*ગુજરાતમાં અંગ્રેજી શાસનનો વિકાસ થતાં પશ્ચિમની નવી કેળવણીનો પ્રારંભ થયો. ધીરે ધીરે એનો પ્રચાર વધતાં પ્રજામાં અજ્ઞાન, આળસ, વહેમ જેવા દોષોને દૂર કરવાની કેટલીક તમન્ના જાગી. નવી કેળવણીથી લોકોમાં બાળલગ્ન, પરદેશગમન, પ્રાચીનકાળથી ચાલ્યા આવતા લૌકિક આચાર-વિચારો વગેરે જોવાની અને ચકાસવાની દૃષ્ટિ આવી. પ્રજામાં સ્ત્રી-સન્માન અને સ્વતંત્ર્ય-ભાવનાનો વિકાસ થયો. તેથી ઘણા જુવાનો જ્ઞાતિનાં બંધન તોડીને સુધારો કરવા થનગની રહ્યા હતા. આમ ઓગણીસમી સદી દરમ્યાન અનેક ઉમદા અને શાંત સમાજ-સુધારોએ નિબંધો, ભાષણો, કાવ્યો દ્વારા સમાજને જાગૃત કર્યો, 'ધર્મસભા', 'પ્રાર્થના સમાજ, 'મધનિષેધ મંડળ' જેવી સંસ્થાઓ સ્થાપીને સમાજમાંથી કુરિવાજોરૂપી રાક્ષસોને હઠાવી ગુજરાતનું સમાજ-જીવન ઉજ્જવળ બનાવ્યું.*

## 6.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

*(ક)* (A) 1. *સુરત* 2. *મીઠાના કરના* 3. *મહિપતરામ નીલકંઠ*

4. *ગુજરાતમિત્ર* 5. 1844

(B) 1.2 *ના મુદ્દાઓને આધારે જવાબ લખો.*

(ખ) (A) 1 - ✓, 2 - ×, 3 - ✓, 4 - ×, 5 - ✓

(B) 1.3 ના મુદ્દાઓને આધારે જવાબ લખો.

(ગ) (A) 1. સુરેન્દ્રનગર જિલ્લાના (વઢવાણ) 2. હોપ વાચનમાળા
3. વેનચરિત્ર 4. ભૂતનિબંધ 5. મિથ્યાભિમાન

(B) 1.4 ના મુદ્દાઓને આધારે જવાબ લખો.

(ઘ) (A) 1 - ખરું 2 - ખોટું 3 - ખરું 4 - ખોટું 5 - ખરું

(B) 1.5 ના મુદ્દાઓને આધારે જવાબ લખો.

(ચ) (A) 1. સી.આઈ.ઈ.નો 2. સમશેર બહાદુર 3. જ્ઞાનદીપક
4. અંજુમને ઈસ્લામ 5. મહિપતરામ રૂપરામ અનાથાશ્રમ

(B) 1.6 ના મુદ્દાઓને આધારે જવાબ લખો.

## 6.9 બહુવૈકલ્પિક પ્રશ્નો

1. દુર્ગારામ મહેતાને સમાજ સુધારાની પ્રેરણા કોની પાસેથી મળી હતી ?
   (A) રણછોડદાસ ગિરધરભાઈ ઝવેરી (B) નીલકંઠ મહિપતરામ રૂપરામ
   (C) સ્વામી શ્રધ્ધાનંદ (D) કરસનદાસ મૂળજી
2. નિમ્નલિખિત કયા સુધારકનું નામ 'પુસ્તક પ્રસારક મંડળી' સાથે સંબંધિત નથી ?
   (A) દીનમણિશંકર શાસ્ત્રી (B) લાભશંકર ઉમિયાશંકર
   (C) દાદોબા પાંડુરંગ (D) દામોદરદાસ
3. નિમ્નલિખિત કયા સુધારકે 'સ્વદેશી હિતેચ્છું' મંડળી સ્થાપી હતી ?
   (A) દલપતરામ (B) રમણભાઈ નીલકંઠ
   (C) વિનોદિની નીલકંઠ (D) નર્મદ
4. લોકો વહેમ અને અંધશ્રદ્ધાના શિકાર ન બને તે માટે નર્મદે ક્યું પુસ્તક લખ્યું હતું ?
   (A) વિધવા વિવાહ (B) સંશયચ્છેદક
   (C) હિંદુઓની પડતી (D) જ્ઞાનસાગર
5. દલપતરામનું 'વેનચરિત્ર' કાવ્ય શેની તરફેણ કરે છે ?
   (A) ધાર્મિક અંધશ્રધ્ધા નિવારણ (B) વિધવા વિવાહ
   (C) પરદેશ ગમન (D) અસ્પૃશ્યતા નિવારણ

6. *નિમ્નલિખિત કયા ગ્રંથમાં દલપતરામ જ્યોતિષને જૂઠું ગણાવી જોત્શીઓ ધુતારા છે તે સ્થાપવાનો પ્રયત્ન કરે છે ?*

(A) *દૈવજ્ઞદર્પણ* (B) *મિથ્યાભિમાન*

(C) *ભૂતનિબંધ* (D) *રાસમાળા*

7. *નિમ્નલિખિત કયા સુધારક 'મહારાજ લાયબલ કેસ' સાથે સંબંધિત હતા ?*

(A) *મણિશંકર કીકાણી* (B) *કરશનદાસ મૂળજી*

(C) *રવિશંકર મહારાજ* (D) *નીલકંઠ મહિપતરામ*

8. *જદુનાથજીએ મુંબઈની સુપ્રીમ કોર્ટમાં કરસનદાસ સામે બદનક્ષીનો દાવો માંડ્યો હતો. નિમ્નલિખિત કયા સુધારકે કરસનદાસને કોર્ટમાં ટેકો આપ્યો ન હતો ?*

(A) *ડૉ. ભાઉ દાજી* (B) *લક્ષ્મીદાસ ખીમજી*

(C) *મથુરાદાસ લવજી* (D) *દાદોબા પાંડુરંગ*

9. *નિમ્નલિખિત કયા સુધારકે અમદાવાદ મ્યુનિસિપાલિટીના કમિશનર અને ચૅરમૅન તરીકે પણ સેવાઓ આપી હતી ?*

(A) *કરશનદાસ મૂળજી* (B) *મણિશંકર કીકાણી*

(C) *નીલકંઠ મહિપતરામ* (D) *લાભશંકર ઉમિયાશંકર*

10. *નિમ્નલિખિત કયા સુધારકને 'વિધવા વિવાહ' ઉપર નિબંધ લખવા બદલ ઘર છોડવું પડયું હતું ?*

(A) *મહિપતરામ નીલકંઠ* (B) *દીનમણિશંકર શાસ્ત્રી*

(C) *કરશનદાસ મૂળજી* (D) *રણછોડદાસ ઝવેરી*

*જવાબ :* 1 - A, 2 - B, 3 - D, 4 - C, 5 - B, 6 - A, 7 - B, 8 - D, 9 - C, 10 - C

## 6.10 સ્વાધ્યાય

1. *દુર્ગારામ મહેતાના સમાજ ઉત્થાનના કાર્યોનું આલેખન કરો.*
2. *નર્મદ અને દલપતરામના સાહિત્ય સર્જન દ્વારા થયેલ સમાજ સુધારની પ્રવૃત્તિઓનું મૂલ્યાંકન કરો.*
3. *એક પ્રતિનિધિ સમાજ સુધારક તરીકે કરસનદાસ મૂળજીના કાર્યો આલેખો.*
4. *મહિપતરામ નીલકંઠની સમાજ સુધારણા પ્રવૃત્તિઓ અંગે વિસ્તૃત નોંધ લખો.*

## 6.11 સંદર્ભો

1. *શાસ્ત્રી, હરિપ્રસાદ ગંગાશંકર, પરીખ, પ્રવિણચંદ્ર ચીમનલાલ, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ* - 8, *બ્રિટિશકાળ (ઈ. સ.* 1914 *સુધીનો), ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ,* 1984.
2. *રાજગોર, શિવપ્રસાદ, અર્વાચીન ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ,* 1998.
3. *પટેલ, જિતેન્દ્ર, આપણા સમાજસુધારકો, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ,* 2012.
4. *મુનશી, વાસંતી, ગુજરાતમાં જાગૃતિની લહેરો - નવચેતનાથી સ્વાતંત્ર્યસિદ્ધિ, પ્રકાશન વિભાગ, માહિતી અને પ્રસારણ વિભાગ, નવી દિલ્હી,* 2000.
5. *દેસાઈ, નીરા અ., ગુજરાતમાં ઓગણીસમી સદીમાં સામાજિક પરિવર્તન, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ,* 2012.

# એકમ : 7 સામાજિક મુદ્દાઓને લગતા 3 જલદ કેસ સ્ટડીઝ

**:: રૂપરેખા ::**


**7.0** ઉદ્દેશ્યો

**7.1** પ્રાસ્તાવિક

**7.2** મહારાજ બદનક્ષીનો કેસ : (ઈ. સ. 1861)

- **7.2.1** મહારાજ લાયબલ કેસનું તાત્કાલિક કારણ
- **7.2.2** પ્રત્યાઘાત અને મુકદમો
- **7.2.3** ચુકાદો
- **7.2.4** સમાજ પરની અસરો

**7.3** વિધવા પુનર્લગ્ન ચળવળ

- **7.3.1** વિધવાની સમસ્યાઓ
- **7.3.2** અનિષ્ટ રિવાજો વિરુદ્ધ ઝૂંબેશ
- **7.3.3** કાયદા પસાર કરાવવા થયેલા પ્રયત્નો

**7.4** વય સંમતિ બિલની ઉંમર - 1891

- **7.4.1** બાળલગ્ન
- **7.4.2** બાળહત્યા
- **7.4.3** ફૂલમણિ દાસીનો કિસ્સો
- **7.4.4** સંમતિની ઉંમર અધિનિયમ, 1891

**7.5** સારાંશ

**7.6** તમારી પ્રગતિ ચકાસોના જવાબ

**7.7** બહુવૈકલ્પિક પ્રશ્નો

**7.8** સ્વાધ્યાય

**7.9** સંદર્ભો

## 7.0 ઉદ્દેશ્યો

- *મહારાજ લાયબલ કેસ અને તેની અસરો તથા તત્કાલિન ધાર્મિક સમસ્યાઓ જાણશો.*
- *વિધવા પુનર્લગ્ન ચળવળ તથા તેમાં સમાજ સુધારકોની ભૂમિકાને સમજશો.*
- *તત્કાલીન સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ તથા બાળલગ્ન, બાળહત્યા વગેરે અનિષ્ટો વિરુદ્ધ કરાયેલ સુધારા અંગે માહિતી પ્રાપ્ત કરશો.*

## 7.1 પ્રાસ્તાવિક

*ભારતીય સમાજમાં ધાર્મિક સંબંધોને સામાજિક સંબંધોથી તદ્દન અલગ પાડી શકાય એમ નથી. ભારતીય સાંસ્કૃતિક પ્રણાલી મુજબ જીવનને એના અખિલ સ્વરૂપમાં જોવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. વળી સામાજિક સંબંધોના પાયામાં ધર્મના શાસનનો સ્વીકાર કરવામાં આવતો હતો. પરિણામે સમય જતાં સામાજિક સંબંધોમાં જ અનિષ્ટ પેદા થતાં ગયાં. એની પાછળ ધર્મ વિશેની સંકુચિત અને ઘણી વાર વિકૃત દૃષ્ટિ પણ કામ કરતી હતી. ધર્મને નામે જે કંઈ અનિષ્ટ પેદા થયાં તેની અસર સામાજિક સંબંધો પર પણ પડી, તેથી ધર્મસુધારકોએ ધાર્મિક અનિષ્ટોની સાથે સાથે સામાજિક અનિષ્ટો દૂર કરવાનો પણ પ્રયાસ કર્યો. આવા જ જ્વલંત સામાજિક મુદ્દાઓને લગતા ત્રણેક કેસ સ્ટડીઝ અહીં કરવામાં આવ્યા છે.*

## 7.2 મહારાજ બદનક્ષીનો કેસ : (ઈ. સ. 1862)

*તત્કાલીન સમયે 19 મી સદીમાં ગુજરાતમાં ધર્મને નામે ઘણાં અનિષ્ટ ફેલાયાં હતાં. કોઈ કોઈ સંપ્રદાયમાં ધર્મને નામે અનીતિ પણ ક્યાંક ક્યાંક ચાલતી હતી. જુદા જુદા ધર્મ સંપ્રદાયો કે પંથોના વેરાગીઓ લોકોમાં ત્રાસ ફેલાવતા હતા. ભૂત-પ્રેતના વહેમ ઉપરાંત દેવ દેવીઓને ભોગ આપવા માટે જીવ-હિંસા કરવામાં આવતી. ધર્મ ગુરુઓ લોકોની અંધશ્રદ્ધાનો લાભ લઈ તેમની પાસેથી અઢળક નાણાં મેળવતા અને તેમની સ્ત્રીઓ સાથે વ્યભિચાર પણ કરતા. આવા સમાજને દિશા ચીંધનાર કરસનદાસ મૂળજીની સમાજ સુધારણાની એક પહેલ આ પ્રમાણે હતી.*

*વલ્લભ સંપ્રદાયમાં પ્રવેશેલાં અનિષ્ટોમાંથી સર્જાયેલો અભૂતપૂર્વ બદનક્ષીનો મુકદ્દમો. આ સંપ્રદાયના ગુરુઓ તેમના અનુયાયીઓનાં વહેમ તથા અંધશ્રદ્ધાનો લાભ લઈ તેમની પાસેથી અઢળક નાણાં મેળવતા અને તેમની સ્ત્રીઓ સાથે વ્યભિચાર પણ કરતા. આ રીત સત્તરમા સૈકાથી ચાલી આવતી અને ઓગણીસમા સૈકામાં ચાલુ રહી હતી. કરસનદાસ મૂળજી (1832–1871) વલ્લભ સંપ્રદાય પાળતા કુટુંબમાં જન્મેલાં સમાજ-સુધારક અને મુંબઈ બુદ્ધિવર્ધક હિંદુ સભાના સક્રિય કાર્યકર હતા. તેઓ ધર્માચાર્યોની અનીતિના ભારે વિરોધી હતા. તેઓ 'સત્યપ્રકાશ' નામનું સામયિક ચલાવતા હતા. તેમાં તેમણે વલ્લભ સંપ્રદાયના ધર્મગુરુઓને ઉઘાડા પાડવા માંડ્યા. તેમણે તેમના લેખો 'ગુલામી ખત',*

*'મહારાજોનો જુલમ', 'મહારાજોના મંદિરમાં ઝાપટનો માર', 'મહારાજના મંદિરમાં અનીતિ', 'મહારાજોનો લોભ', 'વાણિયા મહાજનની હાલત', 'મહારાજોના લાગા' વગેરે શીર્ષકોથી પ્રસિદ્ધ કર્યા. ઉપર દર્શાવેલા લેખોમાં તેમણે સખત આક્રોશ વ્યક્ત કર્યો. 'મહારાજોનો જુલમ' નામના લેખમાં કરસનદાસે લખ્યું :*

*'............છેલબટાઉ જુવાન ચીમનજી મહારાજે જુલમનો એક નવો રસ્તો થોડાએક દિવસ થયાં શોધી કાઢ્યો છે. એ મહારાજ........... એક મહેલ બંધાવવા ધારે છે. એ બંધાવવાનો ખર્ચ પેદા કરવાનો એ મહારાજે એક સહેલો ઉપાય શોધી કાઢ્યો છે............. ગયા રવિવારે એ મહારાજે પોતાને ત્યાં આવેલા વૈષ્ણવોને બંદીવાનની પેઠે બેસાડી રાખ્યા હતા. આમ બેસાડવાનો સબબ એટલો જ કે પેલા ગરીબ વૈષ્ણવોને ડૂબાડીને પોતાને વાસ્તે મહેલ બંધાવવા સારું ઊભી કરેલી ટીપમાં નાણું ભરાવવું. તેઓએ મહારાજોને મનગમતી રકમ ભરવાને આનાકાની કરી તેથી મહારાજે આખો દહાડો તેઓને ભૂખ્યા-તરસ્યા બેસાડી રાખ્યા અને જ્યાં સુધી માંગેલી રકમ ન ભરી ત્યાં સુધી તેઓને ઊઠવા દીધા નહિ'૫૫. શું જુલમની વાત ! ! વાંચનાર ભાઈઓ, તમારી દોલત આવી રીતે લૂંટી લેવામાં આવે તો તેથી તમને ક્રોધ નહિ ચડે ? અફસોસ ! અફસોસ ! ...'*

*આવાં તીખાં લખાણો વૈષ્ણવ મહારાજો જીરવી ન શક્યા. તેથી તેમણે કરસનદાસની કપોળ જ્ઞાતિના પંચ સાથે ગુપ્ત મસલતો કરીને તેમને નાત બહાર કરાવ્યા. આવા સંજોગોમાં સૂરતની ગાદીના મહારાજ જદુનાથજી બ્રિજરત્નજી* 1860*માં મુંબઈ ગયા. તેમણે કવિ નર્મદ અને કરસનદાસ સહિત બધા સુધારકોને નાસ્તિક જાહેર કર્યા. તેમાંથી વૈમનસ્ય પેદા થયું.*

### 7.2.1 મહારાજ લાયબલ કેસનું તાત્કાલિક કારણ

*કરસનદાસે* 21 *ઑક્ટોબર,* 1860*ના રોજ સત્યપ્રકાશમાં ધારદાર ઈતિહાસપ્રસિદ્ધ લેખ* 'The Primitive Religion of the Hindus and the Present Heterodox Opinion' *(હિન્દુનો અસલ ધરમ અને હાલના પાખંડી મતો) લખ્યો. આ લેખમાં તેમણે મહારાજોની પાપલીલાઓ જાહેર કરી. આ લેખ છપાયાનો તરત પડઘો ના પડયો. સાત મહિના પછી મહારાજે સુધારાવાદીઓ અને મૂળજીને પડકાર ફેંકયો. આ લખાણ પાછું ખેંચી લો. સુધારાવાદીઓએ મચક ન આપી. તેથી જદુનાથજીએ કરસનદાસ સામે રૂ. પચાસ હજારનો બદનક્ષીનો દાવો માંડ્યો. તે 'મહારાજ લાયબલ કેસ' તરીકે જાણીતો થયો. તેમાંથી 'ભાટિયા કાસ્પિરસી કેસ'* 1861*માં થયો. મહારાજોએ તેમના ભાટિયા અનુયાયીઓ ઉપર એવું દબાણ લાદ્યું હતું કે જે કોઈ ભાટિયા સ્ત્રી કે પુરુષ મહારાજો વિરુદ્ધ જુબાની આપશે તેને ન્યાત બહાર કરવામાં આવશે. આથી કરસનદાસે મહારાજો સામે અદાલતમાં ફરિયાદ કરી કે તેમણે જ્ઞાતિપંચ દ્વારા પુરાવાઓ દબાવવાની અને ન્યાયમાં રુકાવટ લાવવાની રમત કરી હતી. આ કેસનો ચુકાદો* 12 *ડિસેમ્બર,* 1861*ના રોજ બ્રિટિશ ન્યાયાધીશ સર જોસેફ આર્નોલ્ડે આપ્યો. તેમાં મહારાજો અને તેમના ભાટિયા અનુયાયીઓને ગુનેગાર ઠરાવીને દંડ કર્યો.*

### 7.2.2 પ્રત્યાઘાત અને મુકદમો

*મહારાજ લાયબલ કેસ 25 જાન્યુઆરી, 1862ના રોજ શરૂ થયો. આ કેસ દરમિયાન કરસનદાસ ઉપર તેમના દુશ્મનોએ હુમલા કર્યા હતા. કેસ ચાલે ત્યારે અદાલતમાં ખૂબ ભીડ જામતી. મુંબઈ ઈલાકાનાં લગભગ બધાં અખબારો તેના સમાચાર પ્રગટ કરતાં. મહારાજો કેવી રીતે વ્યભિચાર કરતા તેની વિગતો જાહેર થઈ. ભાટિયા અને વાણિયા જ્ઞાતિના તેમના સેવકો તેમના પગની રજકણ ચાટતા, પાણીથી ખરડાયેલા તેમના ધોતિયાને નિચોવીને પાણી પી જતા, તેમનું છાંડેલું અન્ન આરોગતા, તેમનાં ચાવેલાં પાનસોપારી ખાતા, આતુરતાપૂર્વક તેમના કુટુંબની કન્યાઓ અને સ્ત્રીઓ સંભોગ માટે તેમને સોંપતા. તે તમામ વિગતો પુરાવા સાથે અદાલતમાં પ્રકાશમાં આવી. એક સાક્ષીની જુબાની અનુસાર, 'રાસમંડળી' તરીકે જાણીતી બનેલી મહારાજો અને સ્ત્રીઓ વચ્ચેની રતિક્રીડાનાં દર્શન કરવા માટે તો ભાવિકોએ મોટી રકમ આપવી પડતી. આ અંગે કરસનદાસે 'સત્યપ્રકાશ'માં તેમનો પ્રકોપ અને વેદના ઠાલવ્યાં હતાં. મહારાજો તેમની અનુયાયી સ્ત્રીઓ સાથે વ્યભિચાર કરતા તેનો પુરાવો પણ અદાલતમાં રજૂ થયો. મુંબઈના બે જાણીતા ડૉક્ટરો ભાઉ દાજી અને ધીરજરામ દલપતરામે એવી જુબાની આપી કે જદુનાથજી મહારાજ પરમિયા(સિફિલિસ)ના રોગથી પીડાતા હતા. વ્યભિચાર ઉપરાંત તેઓ તેમના હજારો અનુયાયીઓ પાસેથી 'લાગા'ના સ્વરૂપમાં ધન પડાવી લેતા અને મંદિરોને તેમની અંગત મિલકત ગણતા હતા. મહારાજ લાયબલ કેસ વખતે તેમણે મંદિરો બંધ કરી દઈને અનેક લોકોને સંતાપ્યા હતા.*

*સુધારકો અને રૂઢિચુસ્તો વચ્ચેના ગજગ્રાહની અહીં ચરમ સીમા હતી. સુધારકોની તરફેણમાં એ વખતે આગળ આવનાર વ્યક્તિઓ બહુ ઓછી હતી. કરસનદાસની તરફેણમાં જુબાની આપનારાઓમાં ડૉ. જોન વિલ્સન, મથુરાદાસ લવજી, ગોકુળદાસ તેજપાળ, ડૉ. ભાઉદાજી, ડૉ. ધીરજરામ દલપતરામ, વિશ્વનાથ નારાયણ મંડળી, કવિ નર્મદ, ઝવેરીલાલ ઉમિયાશંકર વગેરેનો સમાવેશ થતો હતો.*

### 7.2.3 ચુકાદો

*અદાલતનો ચુકાદો કરસનદાસની તરફેણમાં આવ્યો. ન્યાયાધીશ સર જૉસેફ આર્નોલ્ડે મેના ચુકાદામાં એ સમયના વલ્લભસંપ્રદાય જેવા સંપ્રદાયોમાં પોષાતાં અનીતિનાં ધામોની સખત ટીકા કરી અને સુધારકોની પ્રશંસા કરી. આ કેસનો ચુકાદો 22 એપ્રિલ 1862ના રોજ આપવામાં આવ્યો. તેમાં કરસનદાસ નિર્દોષ સાબિત થયા. આ કેસ લડવામાં તેમને રૂ. 13,000/-નો ખર્ચ થયો હતો. અદાલતે જદુનાથજી પાસેથી તેમને રૂા. 11,500/- અપાવ્યા.*

*હિંદનાં એ વખતનાં મુખ્ય અખબારોએ કરસનદાસને હિંદના એક અગ્રગણ્ય સુધારક તરીકે નવાજ્યા સિલોનથી લઈને કલકત્તા સુધીના વિસ્તારનાં 21 જેટલાં અંગ્રેજી અખબારોએ કોર્ટના ચુકાદાને પ્રગટ કર્યો. પ્રાદેશિક ભાષામાં પ્રગટ થતાં અખબારોએ પણ*

*કરસનદાસની નીડરતાની પ્રશંસા કરી. ડૉ. જોન વિલ્સને કરસનદાસના માનમાં જાહેરસભા યોજી. ખોજા કોમના સુધારકોએ પણ કરસનદાસને માનપત્ર આપ્યું, પરંતુ મુંબઈના વૈષ્ણવ સમાજમાં કરસનદાસની ખૂબ ટીકા કરવામાં આવી. કપોળ જ્ઞાતિના લોકો તો સંપૂર્ણ રીતે કરસનદાસ-વિરોધી બની ગયા, પરંતુ બીજી બાજુ મુંબઈ તેમજ ગુજરાતના સુધારકો કરસનદાસના વિજયનો ફાયદો ઉઠાવી ન શક્યા. ડૉ. ભાઉ દાજી, શેઠ લક્ષ્મીદાસ બીમજી, ઠક્કર મથુરાદાસ લવજી અને કવિ નર્મદ જેવા સુધારકોએ કોર્ટમાં કરસનદાસને ટેકો આપ્યો હોવા છતાં ચુકાદા પછી જાહેરમાં તેઓ કરસનદાસની પ્રશંસા કરવા પણ તૈયાર ન હતા. મુંબઈની 'બુદ્ધિવર્ધક સભા' પણ મૌન જ રહી.*

### 7.2.4 સમાજ પરની અસરો

*આ કેસે મુંબઈ ઈલાકાના લોકોમાં નવજાગૃતિ આણવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. કેસ ચાલતો હતો તે દરમિયાન જદુનાથજી મહારાજે કૉર્ટને એવી અરજી કરી હતી કે તેઓ લાખો લોકોના ધાર્મિક અને આધ્યાત્મિક વડા હોઈ તેમને અદાલતમાં જુબાની આપવા માટે ફરજ પાડવામાં ન આવે પરંતુ ન્યાયાધીશે ઓગણીસમા સૈકાના મધ્યભાગમાં ધર્મગુરુની વિશિષ્ટાધિકારોની આવી માગણીને ઉવેખી, તે એક અભૂતપૂર્વ ઘટના હતી. આ કેસે એવું પ્રતિપાદિત કર્યું કે જે નીતિમત્તાની વિરુદ્ધ હોય તે ધાર્મિક રીતે સ્વીકારી શકાય નહિ. આ કેસે નવાં બૌદ્ધિક મૂલ્યોનું સર્જન કરીને સમાજ-સુધારકોમાં પરિવર્તન માટેની નૂતન આશા જાગ્રત કરી. અંગ્રેજી છાપાઓમાં કરસનદાસને 'ઇન્ડિયન લ્યુથર' (16મી સદીના ખ્રિસ્તી સમાજસુધારક માર્ટિન લ્યુથરના નામ પરથી) તરીકે ટાંકવામાં આવ્યા હતા.*

**(ક) તમારી પ્રગતિ ચકાસો.**

**(A) નિમ્નલિખિત ખાલી જગ્યા પૂરો.**

1. *વૈષ્ણવ મહારાજ ____________ એ કરસનદાસ મૂળજી સામે બદનક્ષીનો દાવો કર્યો હતો.*
2. *કરસનદાસના ____________ લેખ પ્રસિદ્ધ થયાના સાત મહિના પછી મહારાજે સુધારાવાદીઓ અને મૂળજીને પડકાર ફેંક્યો હતો.*
3. *કરસનદાસે ____________ સામયિકમાં ધર્માચાર્યોની અનીતિના ભારે વિરોધી લેખો લખ્યા હતા.*
4. *'મહારાજ લાયબલ કેસ' નો ચુકાદો આપનાર ન્યાયાધીશ ____________ હતા.*
5. *'મહારાજ લાયબલ કેસ' નો ચુકાદો ____________ ના રોજ આપવામાં આવ્યો હતો.*

(B) *'મહારાજ લાયબલ કેસ' ના પ્રત્યાઘાતો અને તેની સમાજ પર અસર અંગે ટૂંકમાં જણાવો.*

______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________

## 7.3 વિધવા પુનર્લગ્ન ચળવળ

*હિંદુ સ્ત્રીઓની દયાજનક અને લાચાર પરિસ્થિતિમાં ઉત્તરોત્તર સુધારણા કરવામાં આવેલા કાયદાઓમાં વિધવા પુનર્લગ્નનો કાયદો એ દિશામાં એક બીજ સીમાચિહ્ન છે. હિંદુ સમાજમાં પ્રચલિત બાળલગ્નોની પ્રથાને કારણે બાળ વિધવાઓનું પ્રમાણ ખૂબ વધી જવા પામ્યું હતું. હિંદુ કાયદાઓ અને હિંદુ શાસ્ત્રોએ અમુક ચોક્કસ સંજોગોમાં વિધવાઓને પુનર્લગ્ન કરવાની છૂટ આપી છે. ખાસ કરીને જેનો પતિ ગુમ થયો હોય, મૃત્યુ પામ્યો હોય, સંન્યાસ લીધો હોય કે જ્ઞાતિ બહાર મૂકાયો હોય તેવી નિઃસંતાન વિધવાને બીજો પતિ કરવાની (પુનર્લગ્ન) છૂટ આપવામાં આવી છે. બીજા લગ્નથી થતાં સંતાનોને કાયદેસરના વારસ તરીકે પણ માન્ય કરવામાં આવ્યાં છે પરંતુ આ કાયદો અને રિવાજ ચાલુ રહી શક્યો નહીં અને ખાસ કરીને ઉચ્ચ હિંદુ વર્ગોમાં વિધવાના પુનર્લગ્ન પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો હતો.*

### 7.3.1 વિધવાની સમસ્યાઓ

*વિધવાઓ સાથે સંકળાયેલી સમસ્યાઓ બે જાતની હતી. એકનો સંબંધ સતી થવાના ચાલ સાથે હતો અને બીજાનો સંબંધ સમાજમાં વિધવાના દુઃખદ અને પરાધીન સ્થાન, જેમાં આજીવન વૈધવ્યનો પણ સમાવેશ થાય છે તેની જોડે હતો. બંગાળમાં રાજા રામમોહનરાય અને બીજાઓના આંદોલનને પરિણામે 1829માં પસાર થયેલો 'સતી' અંગેનો અધિનિયમ ગુજરાતમાં પણ લાગુ પાડવામાં આવ્યો હતો. ભારતના બીજા પ્રદેશોની સરખામણીમાં સતી થવાની પ્રથા ગુજરાતમાં ભાગ્યે જ જોવા મળતી હતી, તેથી આ નિયમનું મહત્ત્વ અહીં ભાગ્યે જ સમજાતું હતું. કાયદો પસાર થયા પછી 'સતી' થવાના કિસ્સા ભાગ્યે જ નોંધાયા છે.*

*વિધવા પુનર્લગ્નનો નિષેધ ઊંચી નાતોમાં ખાસ કરીને જોવા મળતો હતો. મોટા ભાગના સમાજસુધારકો ઉચ્ચ જ્ઞાતિઓના હોવાથી તેઓને આ સમસ્યા ઘણી જ તીવ્ર લાગતી હતી અને આ વિષય ઉપર 19મી સદીમાં મોટી ચર્ચા શરૂ થઈ. ઘણા સમાજચિંતકો વિધવાઓની અને ખાસ કરીને બાળવિધવાઓની મુસીબતોથી અતિશય સંક્ષોભ અનુભવતા હતા. દુર્ગારામ મહેતાજી પોતે વિધુર થયા હતા, વિધુરના જીવનની વ્યથા અનુભવતા હતા અને*

*વિધવાઓની વધારે દારુણ દુર્દશા પ્રત્યે ઘણી જ સંવેદના અનુભવતા હોવાથી તેમણે વિધવાઓના પુનર્લગ્નના અધિકાર માટે બહુ જ સક્રિય ઝૂંબેશ ચલાવી. વિધવા-પુનર્લગ્ન સામે સમાજનો પ્રત્યાઘાત ઊંચી જ્ઞાતિઓમાં એટલો બધો ઊંડો અને જડસું હતો કે જે મંચ ઉપરથી તેની હિમાયત કરવામાં આવતી હતી તે જગા પણ દૂષિત મનાતી હતી. વિધવા-પુનર્લગ્નના પક્ષે દુર્ગારામ ભાષણો આપતાં તે સભાખંડ અને મંચ 'અપવિત્ર' થયેલાં સનાતનીઓ તેનું માર્જન કરતા. પ્રખ્યાત સમાજસુધારક કરસનદાસ મૂળજીને કુટુંબના વડાઓએ ઘરબહાર કાઢી મુક્યા હતા. કેમકે મુંબઈની જ્ઞાનપ્રસારક મંડળીઓ યોજેલ આ વિષય ઉપરની નિબંધ હરીફાઈ માટે તેઓ નિબંધ લખી રહ્યા હતા.*

*ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર અને બંગાળના બીજા સુધારકોના પ્રયત્નોને પરિણામે વિધવા-પુનર્લગ્નને નડતા અવરોધો દૂર કરવા 1856માં એક કાયદો પસાર કરવામાં આવ્યો. આ કાનૂની મુક્તિ મળવા છતાં, વિધવા-પુનર્લગ્નને સમાજે એક ઘણી જ ધૃણાસ્પદ બાબત લેખવાનું ચાલુ જ રાખ્યું. ગુજરાતમાં વિધવાની દશા ઘણી જ કઠિન હતી. તેને અપશુકનિયાળ ગણવામાં આવતી. તેને માથું મૂંડાવી નાખવું પડતું અને અમુક રંગના જ અને અમુક રીતે જ કપડાં પહેરવાં પડતાં. આખાયે સંયુક્ત કુટુંબ માટે સખ્ત કામકાજ કરવા પડતાં. આવા સંજોગોમાં, ઘણી બાળવિધવાઓને કાં તો આખી જિંદગી અપમાનિત રહીને કાઢવી પડતી કે જીવન સહ્ય બનાવવા શંકાસ્પદ માર્ગોનો આશરો લેવો પડતો. ઘણીયે વાર કુટુંબના પુરુષવર્ગની જાતીય વાસનાઓના ભોગ પણ થવું પડતું. સમાજસુધારકોએ આ અનિષ્ટો ખુલ્લાં પાડવા પ્રયત્નો કર્યા હતા. મણિલાલ નભુભાઈ અને ગોવર્ધનરામ જેવા પૌર્વાત્ય સંસ્કૃતિના પ્રશંસકો વિધવા-પુનર્લગ્નના પક્ષે ન હતા. જોકે વિધવાઓ માટે વધારે સારું વલણ સમાજે અખત્યાર કરવું જોઈએ તેવી વકીલાત તેઓ કરતા હતા.*

*શ્રીકેળવણી અને બાળલગ્નની બાબતોની જેમ આ અનિષ્ટનો પ્રતિકાર કરવા માટે પણ સુધારકોએ ત્રણ રીતો અપનાવી હતી : વાસ્તવિકતા ખુલ્લી કરવી, કાયદાઓ પસાર કરાવવા અને ખરાબ રિવાજોનો સભાનપણે પ્રતિકાર કરવો-છોકરીઓને વહેલી ન પરણાવવી, વિધવાઓનાં લગ્ન કરાવવાં વગેરે. હવે આપણે 19મી સદીના ગુજરાતમાં આ બધા મોરચે શા શા પ્રયત્નો કરવામાં આવ્યા હતા તેનું સર્વેક્ષણ કરીશું.*

## 7.3.2 અનિષ્ટ રિવાજો વિરુદ્ધ ઝૂંબેશ

*પાશ્ચાત્ય શિક્ષણ અને બુદ્ધિવાદી ચેતનાથી આ સામાજિક દૂષણની સામે ભારે અણગમો પેદા થવા પામ્યો. સુધારક સંસ્થાઓમાં બ્રાહ્મસમાજ જેવી સંસ્થાઓએ વિધવા પુનર્લગ્નની પ્રથાને પ્રચલિત કરવાની શરૂઆત કરી, જેનો પ્રભાવ અને પ્રત્યઘાત રૂઢિચુસ્ત હિંદુ સમાજ પર ભારે પડયો. બીજી બાજુ પશ્ચિમ ભારતમાં અને ખાસ કરીને મુંબઈમાં 'પ્રાર્થના-સમાજ'ના અગ્રણી મહાદેવ ગોવિંદ રાનડે તેમજ આર્યસમાજના સ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતીએ વિધવા પુનર્લગ્નનું સમર્થન કર્યું અને તેને પ્રચલિત બનાવવા માટે પ્રયાસો*

કર્યા. વિધવાપુનર્લગ્ન પરનો અંકુશ દૂર કરવા કલકત્તાનાં વર્તમાનપત્રોએ વિધવાના પ્રશ્નને હિલચાલ શરૂ કરી. તેથી સુધારા ચળવળ 1840માં શરૂ થઈ. આ પ્રશ્નમાં મુંબઈ સરકારે ઘણું મહત્ત્વ આપ્યું. આ સમયે ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે આ પ્રશ્નને લઈ કેટલાક વિધવાપુનર્લગ્ન કરી દાખલા બેસાડયા. વિદ્યાસાગરનું ઈ.સ. 1853 માં વિધવા વિવાહનું પુસ્તક પ્રગટ થતા, આખા બંગાળામાં ખળભળાટ મચી ગયો હતો.

ગુજરાતમાં દલપતરામથી માંડીને બધા ગુજરાતી લેખકોએ આ સમસ્યાની રજૂઆત જુદાં જુદાં સાહિત્યસ્વરૂપો, જેવાં કે કવિતા, નિબંધ, નાટક અને નવલકથા દ્વારા કરી છે. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, જ્ઞાનપ્રસાર મંડળી અને બુદ્ધિવર્ધક સભા જેવો સંગઠનોએ આ સમસ્યાઓની છણાવટ માટે વ્યાખ્યાનો, ચર્ચાઓ તેમજ નિબંધ હરીફાઈઓ યોજી હતી. આ વિષય ઉપર પુસ્તકો પ્રકાશિત કરવાનું કાર્ય પણ શરૂ થયું હતું. વિધવા-પુનર્લગ્ન ઉપરના ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરના પુસ્તકનું ગુજરાતીમાં ભાષાંતર થયું હતું. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ વિધવા-પુનર્લગ્નનો વિરોધ કરતા વર્ગ ઉપર એક માર્મિક કૃતિ પણ પ્રગટ કરી હતી.

સમાજસુધારકોએ વિધવા-પુનર્લગ્નની સમસ્યા ઉપર જાહેરમાં વાદવિવાદ કરવા સનાતનીઓને ખુલ્લા પડકાર ફેંક્યા હતા. આવા વિષય પરની ખુલ્લી ચર્ચાઓ વખતે પરિસ્થિતિ ગંભીર બની જવાની શક્યતા રહેતી હતી. શાસ્ત્રીઓ, પંડિતો, સ્વામીઓ, તાલીમ પામેલા વાક્પટુ તર્કશાસ્ત્રીઓ જે બધાં જ શાસ્ત્રોમાં પારંગત હતા અને ચર્ચાના વહેણને દક્ષતાપૂર્વક અપ્રસ્તુત બાબતોમાં વાળી દેવાની એવી ચતુરાઈ ધરાવતા હતા કે જેથી સુધારકો હારી ગયા જેવો ભાસ થાય અને પ્રસ્તુત મુદ્દા બાજુએ તારવી લોકોની ધાર્મિક લાગણી દુભવવામાં આવે છે એવો ભ્રમ ઊભો થઈ શકે. 1860ના ઓગસ્ટની 15મી તારીખે કવિ નર્મદ વૈષ્ણવોના આચાર્ય જદુનાથજી મહારાજ સાથે વિધવા-પુનર્લગ્નના વિષય ઉપર જાહેર ચર્ચામાં ઊતર્યા. ચર્ચાના સ્થળે કવિ નર્મદ સાથે ઉત્તરપ્રદેશના એક માત્ર પહેલવાન મિત્ર હાજર રહ્યા હતા. જદુનાથ મહારાજે ચતુરાઈથી ચર્ચા બીજે માર્ગે વાળી લીધી તોપણ આ પ્રસંગે પ્રચંડ ખળભળાટ જગાડ્યો. તેવી રીતે, 1870માં આ જ વિષય ઉપર એક મોટી ચર્ચા મુંબઈમાં યોજાઈ, જેમાં પક્ષકારો તરીકે બનારસ અને કલકત્તાથી ખાસ આમંત્રિત સનાતની બ્રાહ્મણો એક બાજુ હતા અને પ્રતિપક્ષે સમાજસુધારક વિષ્ણુ પાંડુરંગ શાસ્ત્રી અને તેમની મદદમાં ન્યાયાધીશ મહાદેવ ગોવિન્દ રાનડે હતા.

### 7.3.3 કાયદા પસાર કરાવવા થયેલા પ્રયત્નો

'સતી પ્રતિબંધક કાયદા' સાથે જ બીજો કાયદો ઓનરેબલ મિસ્ટર જેમ્સની સહાયતાથી 'વિધવા વિવાહ વિધેયક' કાયદો તા. 26 મી જુલાઈ 1856 ના રોજ પસાર કરવામાં આવ્યો, જેનાથી વિધવાઓને ફરી પરણવાની પરવાનગી મળી અને તેઓનાં બાળકો કાયદેસર ગણાયાં. વિધવાઓને નવજીવન બક્ષતો આ અગત્યનો કાયદો હતો. એ સાચું છે

*કે જ્ઞાતિપ્રથાની સ્થિતિચુસ્તતા અને ધાર્મિક નિષેધોને કારણે આ કાયદાએ પરવાનગી આપેલ છતાં આચાર કે વ્યવહાર મોટા પાયા ઉપર અપનાવાયો ન હતો. તેમ છતાં, તેનું મહત્ત્વ એ હકીકતમાં રહેલું છે કે સરકારી કાયદો પ્રવર્તમાન રિવાજો અને ધાર્મિક ધોરણોના ખુલ્લા વિરોધમાં બહાર પડ્યો હતો.*

**વિધવા-પુનર્લગ્ન ઉપરના નિષેધનો પ્રતિકાર કરવા સંગઠિત પ્રયાસો**

*કાયદાનું પીઠબળ મળ્યું હોવાં છતાં હિંદુ વિધવાઓના પુનર્લગ્નમાં કોઈ ખાસ પ્રગતિ થઈ શકી નહીં . બંગાળમાં પંડિત ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે અને મુંબઈમાં મહારાષ્ટ્રમાં વિષ્ણુ પંડિત શાસ્ત્રીએ આ કાયદાનો વ્યાપક પ્રચાર કર્યો.* 1866*માં મુંબઈમાં 'વિધવા પુનર્લગ્ન મંડળ' ની પણ સ્થાપના કરવામાં આવી છતાં પણ આ કાયદા પછી પણ વિધવાઓના પુનર્લગ્નોમાં બહુ મોટો વધારો ન થઈ શક્યો. હિંદુ વિધવાઓની સ્થિતિમાં સુધારો લાવવા માટે બીજા કેટલાક નામાંકિત મહાનુભવોએ સ્તુત્ય પ્રયાસો કર્યા હતા. મહર્ષિ ડી. કે. કર્વેએ* 1896*માં પૂનામાં વિધવાશ્રમની સ્થાપના કરી હતી અને સમાજમાં દાખલો બેસે એ માટે પોતાની પ્રથમ પત્નીના મૃત્યુ પછી* 1899*માં તેમણે વિધવા સ્ત્રી સાથે લગ્ન કર્યા હતાં. આ ઉપરાંત મુંબઈમાં ફૂલે જોતિબા સુરતના કરસનદાસ મૂળજી અને મદ્રાસમાં વૈરસાલિંગમ પાન્તલું એ વિધવાઓના ઉત્કર્ષ માટે નોંધપાત્ર પ્રયાસો કર્યા હતા.*

*આ ક્ષેત્રે ત્રણ જાતના પ્રયાસો કરવામાં આવ્યા હતા :* (1) *વિધવા-પુનર્લગ્નની કાયદેસરની સ્વીકૃતિની સમાજમાં વકીલાત કરવી;* (2) *વિધવા વિવાહને પ્રોત્સાહન આપવું; અને* (3) *આવાં લગ્ન કરનારાઓને રૂઢિચુસ્તો અને પ્રત્યાઘાતી તત્ત્વો હેરાન ન કરે તે જોવું.*

(1) *'પરમહંસ સભા' અને 'બુદ્ધિવર્ધક સભા' જેવાં જુદાં જુદાં સંગઠનો જેમ અમદાવાદમાં* 1868*માં 'વિધવા-પુનર્લગ્ન મંડળ' સ્થાપવામાં આવ્યું. આ મંડળ* 20*મી સદી સુધી પણ ચાલ્યું અને અનેક વિધવાઓના પુનર્લગ્નને ઉત્તેજન આપતું રહ્યું.* 1930*ના તેના અહેવાલમાં જણાવાયું છે કે તે મંડળના આશ્રયે,* 179 *વિધવાઓના પુનર્લગ્નો અમદાવાદમાં કરવામાં આવ્યાં હતાં.*

(2) *સૌપ્રથમ* 1860*માં મુંબઈમાં ઉચ્ચ વર્ગની વિધવાનાં પુનર્લગ્ન થવાનું નોંધાયું છે, જેમાં કરસનદાસ અને નર્મદાશંકરે એક બ્રાહ્મણને એક વિધવા સાથે લગ્ન કરવા સમજાવ્યો અને મદદ પણ કરી. પરમહંસ સભા અને બુદ્ધિવર્ધક સભાના સભ્યોએ આ લગ્નમાં સક્રિય ભાગ લીધો. તેમ છતાં, વિધવા-પુનર્લગ્નનો પહેલામાં પહેલો પ્રેક્ષણીય દાખલો જેને લીધે ગુજરાતમાં સામાજિક ઊહાપોહ મચી ગયો અને પછીના વિધવા વિવાહો માટે કંઈક અનુકૂળ વાતાવરણ સર્જાયું તે તો* 1871*ની* 2*જી તારીખે મુંબઈમાં કરસનદાસ મૂળજીની મદદથી થયેલું વિધવા-પુનર્લગ્ન હતું.*

1888*માં, ઈંગ્લેન્ડની પ્રખ્યાત સામાજિક અને શૈક્ષણિક સુધારક મિસ મૅનિંગને સન્માનવા મુંબઈમાં વિધવા-પુનર્લગ્ન સભાખંડમાં મેળાવડો યોજવામાં આવ્યો હતો. આ સભામાં સંખ્યાબંધ ફરી પરણેલી વિધવાઓ અને તેમના પતિદેવોની મિસ મેનિંગને ઓળખાણ*

*આપવામાં આવી હતી. આ પ્રસંગે મિ. કાબરાજીએ પોતાના પ્રવચનમાં આ દંપતીઓને લગ્ન પહેલાં અને પછી કેવા કેવા સંઘર્ષો, કસોટીઓ અને મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો તેનું વર્ણન કર્યું હતું. એમનું આ પ્રવચન મુંબઈ ઈલાકામાં ખાસ કરીને મુંબઈ અને ગુજરાતમાં વિધવા-પુનર્લગ્નોની વધતી જતી સંખ્યા વિષે મૂલ્યવાન સામગ્રી પૂરી પાડે છે. તેમણે પોતાના પ્રવચનમાં કહ્યું કે માધવદાસનાં લગ્ન પછી ગુજરાતી હિંદુઓમાં* 21 *વિધવા-પુનર્લગ્નો થયાં હતાં અને પાંચથી છ લગ્નો તો નોંધાયા વિનાનાં રહ્યાં છે તેવી રીતે મહારાષ્ટ્રિયન હિંદુઓમાં* 21 *વિધવા વિવાહો થયા હતા. એવું જણાયું છે કે વિધવા વિવાહમાં ગુજરાતના વાણિયાઓ અગ્રેસર રહ્યા છે જ્યારે મહારાષ્ટ્રમાં બ્રાહ્મણો મોખરે રહ્યા છે.*

(3) *પુનર્લગ્ન કરનાર દંપતીઓને અને તેઓના મિત્રોને કનડગતમાંથી બચાવવા હિંમતભર્યા પગલાં જરૂરી હતા. પોલીસ રક્ષણ, કાયદાની અદાલતનું શરણું, સતામણી ભોગવતાં દંપતીઓ અને લોકોને બચાવી લેવાના ખાસ ઉપાયો. આર્થિક અને બીજા પ્રકારના બહિષ્કારોથી થતું નુકસાન ઘટાડવાના પ્રયત્નો, આ અને આવાં બીજા પગલાં અપનાવવાં પડતાં હતાં. વાસ્તવમાં, તે દિવસોમાં પ્રત્યેક વિધવા વિવાહ ભારે કઠિનાઈઓ સામે વીરતાભર્યા પ્રતિકારની ગાથા સમો સિદ્ધ થતો હતો.*

*જોકે આ સંઘર્ષ ગુજરાતમાં માત્ર ઉપલી નાતોમાં થતો હતો, તો પણ તેનું મહત્વ ઘણું જ વિસ્તૃત હતું. વિધવા વિવાહનું સમર્થન પરંપરાગત સામાજિક અને ધાર્મિક રીત રિવાજોને બદલે તાર્કિક માનવીય સિદ્ધાંતના ટેકામાં હતું.*

*આમ,* 20*મી સદીમાં જેમ જેમ સ્ત્રી શિક્ષણનો ફેલાવો થતો ગયો તેમ તેમ સ્ત્રીઓમાં જાગૃતિ આવવા લાગી અને સ્ત્રીઓની સમસ્યાઓને ઉકેલવા સામાજિક સંસ્થાઓમાં પણ વધારો થયો. તેમની પ્રવૃત્તિઓ વધારે વેગીલી અને જોશીલી બનવા લાગી, પરિણામે વિધવા પુનર્લગ્નની પ્રથા ધીમે ધીમે પ્રચલિત થવા લાગી. બીજા કેટલાક અનિષ્ટો કે જેની નાબૂદી માટે* 19*મા સૈકામાં સામાજિક સુધારકોને પ્રયત્ન કરવો પડ્યો હતો. જેવાં કે મરણ પ્રસંગે જાહેરમાં છાતી ફૂટી ધંધેદારી 'મોકાણિયા'નો રિવાજ, વિધવાઓનાં માથાં મૂંડવાની ચાલ, વિધવાઓને અપશુકનિયાળ ગણવી અને વૈષ્ણવ આચાર્યોને પ્રથમ રાત્રિનો અધિકાર વગેરે.*

**(ખ) તમારી પ્રગતિ ચકાસો.**

(A) *નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.*

1. કોના પ્રયત્ન થકી 1829માં 'સતીપ્રથા' અંગેનો અધિનિયમ પસાર થયેલો ?

2. વિધવા-પુનર્લગ્નને લાગતો કાયદો પસાર કરાવવામાં ક્યા બંગાળી સુધારક મોખરે રહ્યા હતા ?

3. 'વિધવા વિવાહ વિધેયક' કાયદો ક્યારે પસાર કરવામાં આવ્યો હતો ?

4. 1866માં ક્યા 'વિધવા પુનર્લગ્ન મંડળ' ની પણ સ્થાપના કરવામાં આવી હતી ?

5. કોના દ્વારા 1896માં પૂનામાં વિધવાશ્રમની સ્થાપના કરાઈ હતી ?

(B) 19મી સદીમાં સ્થપાયેલ વિધવા વિવાહને સમર્થન આપતી વિવિધ સંસ્થા/મંડળોની પ્રવૃત્તિઓ ટૂંકમાં જણાવો.

## 7.4 વય સંમતિ બિલની ઉંમર - 1891

1891માં ભારતમાં બ્રિટિશ સરકાર દ્વારા પસાર કરાયેલ સંમતિની ઉંમરના કાયદામાં પરિણીત અને અપરિણીત બંને મહિલાઓની સંમતિની ઉંમર દસથી વધારીને બાર કરવામાં આવી હતી. આ કાયદાએ સમકાલીન ભારતીય સમાજમાં ભારે હોબાળો મચાવ્યો હતો. બંગાળમાં આ કાયદાનો વિરોધ કથિત રીતે સૌથી ઉગ્ર અને આક્રમક હતો. બંગાળી બુદ્ધિજીવીઓ, જે અત્યાર સુધી સુધારાના ચેમ્પિયન હતા, પુનરુત્થાનવાદી હિંદુ રાષ્ટ્રવાદની વિચારધારાથી પ્રભાવિત આ કૃત્યથી નારાજ હતા. હિંદુ પુનરુત્થાનવાદી રાષ્ટ્રવાદ, એક સાંસ્કૃતિક અને વૈચારિક ચળવળ જે 1880ના દાયકામાં બંગાળમાં ઉભરી

*આવી હતી, માનવામાં આવે છે કે 1891માં સંમતિની ઉંમરના કાયદા સામેના પ્રત્યાઘાત સાથે તેની પરાકાષ્ઠાએ પહોંચી હતી. આ ચળવળના મશાલ વાહકોએ હિંદુ પરંપરા અને સંસ્કૃતિ પર ગર્વ લીધો અને આ બાબતોમાં સંસ્થાનવાદી હસ્તક્ષેપનો વિરોધ કર્યો.*

### 7.4.1 બાળલગ્ન

*19મી સદીના ગુજરાતમાં જોકે બાળલગ્નનું પ્રમાણ ઘટયું ન હોવા છતાં એનાં અનિષ્ટો વિશે એક નવી સભાનતા આવતી હતી, અને આ પ્રથા સામે ઝૂંબેશ ઉઠાવવાની તત્પરતા પણ આ જ સદીમાં પ્રબળ થતી જોઈ શકાય છે. નોંધપાત્ર હકીકત એ છે કે સુધારાવાદીઓ તેમજ પુનરુત્થાનવાદીઓએ આ પ્રથા સામે મોટો સંગ્રામ માંડ્યો. તેઓએ આ રિવાજની વિષમ અસરો જેવી કે કેળવણીમાં અંતરાય, માંદલાં બાળકો, કજોડાં લગ્નો, છોકરીઓના આરોગ્ય ઉપર હાનિકારક અસરો, બાળ-વૈધવ્ય અને નાણાકીય બોજ વગેરે તરફ ધ્યાન દોર્યું. બાળલગ્નનો ચાલ એટલો બધો પ્રચલિત હતો કે તે સમયના લગભગ બધા જ અગ્રણીઓ પોતે જ ઘણી નાની ઉંમરે પરણ્યા હતા. તેમની પત્નીઓ તો વળી એથીયે નાની હતી.*

*સુધારકોએ આ અનિષ્ટ ખુલ્લું પાડવા કાવ્યો, નાટકો અને નિબંધો લખ્યાં હતાં. સામાજિક સુધારક મંડળોએ આ સમસ્યા ઉપર નિબંધ હરીફાઈઓ અને ચર્ચાઓ યોજ્યાં હતાં. વળી પરંપરાગત વિરોધનો પ્રતિકાર કરવા 'બુદ્ધિપ્રકાશ' જેવાં સામયિકોએ શાસ્ત્રોનો આધાર લઈ બતાવ્યું કે તેમાં પણ કન્યાની સંમતિ વિના લગ્ન ન થઈ શકે તેવું વિધાન છે. તેઓએ ઘોષણા કરી કે કન્યા 10 વર્ષની ન થાય ત્યાં સુધી અને વર 15 વર્ષનો ન થાય ત્યાં સુધી લગ્ન માટે પરિપક્વ ગણી શકાય નહિ.*

*આ અનિષ્ટને નાબૂદ કરવા 1871માં 'બાળલગ્ન નિષેધક મંડળી' સ્થાપીને એક નક્કર પ્રયત્ન કરવામાં આવ્યો. તેના સભ્યોએ પોતાનાં સંતાનોને 16 વર્ષની ઉંમર થતાં સુધી નહીં પરણાવવાનો અને વર તથા કન્યા વચ્ચે ઓછામાં ઓછો પાંચ વર્ષનો તફાવત જાળવવાનો નિશ્ચય કર્યો. એવો દાવો કરવામાં આવે છે કે આ મંડળીના 300 સભ્યો હતા. તેણે 'બાળલગ્ન નિષેધક પત્રિકા' નામનું સામયિક પણ પ્રકાશિત કરવું શરૂ કર્યું. આ મંડળના સભ્યોએ મંડળીના નિયમો ચુસ્ત રીતે પાળવા વીરતાપૂર્વક પ્રયત્નો કર્યા, પરંતુ એ કાર્ય તે સમય માટે ઘણું જ મુશ્કેલ હતું. દીકરીઓ 11 કે 12 વર્ષની થાય ત્યાં સુધી અવિવાહિત રાખવાનું તે દિવસોમાં ઘણું દુષ્કર હતું. નવલરામના ઉદાહરણમાં આ હકીકત સચોટ રીતે સ્પષ્ટ થાય છે. એક સક્રિય સભ્ય તરીકે નવલરામ પોતાની દીકરીને 10 વર્ષની થતાં સુધી પરણાવી શક્યા નહીં અને તે ઉંમર પછી યોગ્ય વર શોધી કાઢવાનું તેમને માટે એટલું બધું મુશ્કેલ બન્યું કે એક તબક્કે એમણે એવી દરખાસ્ત કરી, 'મારી ખાતરી થઈ છે કે હાલ આપણા દેશની રીતભાત જોઈ છોકરીનો વિવાહ તો પાંચેક વર્ષની હોય ત્યાંથી જ કરી મૂકવો અને લગ્ન મોડું કરવું એ ડહાપણભરેલું છે.*

### 7.4.2 બાળહત્યા

*તે સમયમાં એવી પ્રબળ માન્યતા હતી કે સ્ત્રીના મોક્ષ માટે લગ્ન એ અત્યંત આવશ્યક છે; અને જો એમ ન થઈ શકે તો એનું મૃત્યુ થાય એ બહેતર છે. આથી જ જાડેજા રજપૂતો અને કણબીઓ જેવી કેટલીક ગુજરાતની જ્ઞાતિઓમાં બાળકીઓને દૂધપીતી કરવાનો રિવાજ પ્રચલિત હતો. આ બંને નાતોમાં સ્ત્રીઓ અને પુરુષોની સંખ્યામાં રહેલા મોટા તફાવત તરફ સરકારનું ધ્યાન ગયું અને આથી આવી અમાનુષી પ્રથાની જાણ થઈ. સરકારને ખબર પડી કે આ અનિષ્ટ કંઈ અમદાવાદ પૂરતું જ સીમિત ન હતું પરંતુ, ચરોતરનાં શહેરોમાં પણ વિસ્તૃત પ્રમાણમાં પ્રવર્તમાન હતું. આ પ્રથા ભરૂચ અને સૌરાષ્ટ્ર વિસ્તારની કેટલીક રજપૂત કોમોમાં પણ જણાતી હતી.*

*મુંબઈ સરકારના રાજકીય ખાતાના 1854ના પુસ્તક 72માં નોંધાયું છે તેમ સાંતલપુર અને ચાર્ચુતના જાડેજા ઠાકોરોએ મેજર જે. આર. કેલી જે તે વખતે પાલનપુરનાં પોલિટિકલ સુપ્રિન્ટેન્ડન્ટ હતાં, તેમની સાથે કરાર કર્યો હતો કે તેઓ પોતપોતાની ઠકરાતોમાં બાળકીઓની હત્યા થવા દેશે નહિ. એવી કબૂલાત આપવામાં આવી હતી કે આ જિલ્લામાં દીકરીનો જન્મ નોંધાવવો પડશે. વળી જો કોઈ જાડેજા કન્યા મરણ પામે તો તેની ખબર સરકારી કારકુનને આપવાના રહેશે. કારકુન મરણના કારણની પૂરી તપાસ કરશે અને તેની કચેરીના દફતરે યોગ્ય નોંધ દાખલ કરશે. બાળકી મરણ પામે તો તેનું મૃત શરીર ગામની જુદી જુદી નાતોના ચાર ખૂબ જ સંભવિત ગૃહસ્થોને દેખાડવું પડશે અને મરણનું કારણ શક્ય તેટલું શોધી કાઢી તપાસનીશીમાં લખવું પડશે અને તે અહેવાલ સરકારી કારકુનને મોકલી આપવો પડશે. આ બધી વિધિ કર્યા પછી જ મૃતશરીરના અંતિમ સંસ્કાર થઈ શકશે. વધુમાં કોઈ પણ જાડેજા કન્યા માંદી પડે તો તેના મંદવાડનું કારણ અને પ્રકાર સરકારી સત્તાવાળાઓને તુરત જ જણાવવાં પડશે અને તેની સરકારી દફતરે નોંધ રહેશે. છેવટે, કોઈ પણ બાળકીના મરણનો પ્રસંગ બને ત્યારે જો સરકારી કારકુનને જાણ કર્યા સિવાય કે મરણનું કારણ નક્કી કરવા પંચ બોલાવ્યા સિવાય તેના અંતિમ સંસ્કાર કરી નાખવામાં આવશે તો કરારભંગના દોષિત પક્ષને સરકાર યોગ્ય લાગે તે સજા ફરમાવી શકશે.*

*બાળકીઓને દૂધપીતી કરવાનું કારણ દીકરીઓના લગ્નમાં થતો અત્યંત ભારે ખર્ચ પણ હતો. પ્રયત્નો કરવા છતાં, જાડેજા, રજપૂતો, કડવા તેમજ લેવા કણબીઓમાં બાળકીઓને દૂધપીતી કરવાનો ચીલો ચાલુ રહ્યો. અમદાવાદના કાર્યકારી કલેક્ટર અને ન્યાયાધીશ મિ. બોરોડેલે 1870ના કાયદા નં. 8ની કેટલીક જોગવાઈઓ કડવા કણબીઓમાં બાળકીઓની હત્યાઓ અટકાવવા લાગુ પાડવા વિનંતી કરી હતી, કારણ કે કબૂલાતો અપાયા છતાં લગ્નના ધૂમ ખર્ચા ઓછા થયા ન હતા. 1871માં ગુજરાતના ગેઝેટિયરમાં જણાવાયું છે કે કાયદો કડવા તેમજ લેવા એમ બેઉ જાતના કણબીઓને લાગુ પાડવામાં આવ્યો હતો, પરંતુ 1887 સુધીમાં કડવાઓને આ કાયદાના અમલથી તદ્દન બાકાત રાખવામાં આવ્યા હતા, જ્યારે લેવા કણબીઓની બાબતમાં એવું નક્કી કરવામાં આવ્યું કે તેઓએ પોતાનાં સંતાનોનાં જન્મ-મરણની નોંધ કરાવવી.*

1844 પછી બાળહત્યા વિરુદ્ધ જાહેર મત ઊભો કરવા પ્રયત્નો પણ કરવામાં આવ્યા હતા. અંગ્રેજ શાસકોએ કચ્છ અને કાઠિયાવાડના રજપૂતોમાં દીકરીઓને દૂધપીતી કરી દેવાની પ્રથા ઉપર નિબંધો મંગાવ્યા હતા અને શ્રેષ્ઠ નિબંધ માટે ઈનામ જાહેર કર્યું હતું. પ્રખ્યાત સમાજસુધારક ડૉ. ભાઉદાજીને ઈનામ આપવામાં આવ્યું હતું. બ્રાહ્મણ-વાણિયામાં બાળહત્યાની પ્રથા નહિ હોવાથી આપણને જોવા મળે છે કે ગુજરાતના ઘણા સમાજસુધારકોએ આ ચર્ચા ઉપર ઓછું ધ્યાન આપ્યું હતું.

### 7.4.3 ફૂલમણિ દાસીનો કિસ્સો

આ સમય દરમ્યાન સમાજ સુધારાના આંદોલન ઉપર દૂરોગામી અસરો પહોંચાડતો એક ઘણો જ મહત્ત્વનો બનાવ બન્યો. 1890માં બંગાળામાં ફૂલમણિ દાસી નામની એક 11 વર્ષની બાળાને તેના પતિએ લગ્નનો હક્ક ભોગવવા માટે ફરજ પાડી. આના પરિણામે છોકરીનું મૃત્યુ નીપજ્યું તેથી જબરો ઊહાપોહ થયો. અદાલત સુધી વાત પહોંચી તોપણ કંઈ વળ્યું નહિ, કારણ કે પીનલ કોડ પ્રમાણે લગ્નની વયમર્યાદા 10ની નક્કી થયેલ હોવાથી પતિ સામે કોઈ પગલાં લઈ શકાયાં નહિ.

આથી સમાજસુધારકોએ છોકરીની સંમતિસૂચક વયમર્યાદા વધારવા અવાજ ઉઠાવ્યો. બેહરામજી મલબારી નામના પારસી સમાજસુધારકે કાયદાને સુધારવા સરકારને ફરજ પાડવા જાહેર મત ઊભો કરવા મહત્ત્વનો ભાગ ભજવ્યો. તેમણે પોતાની પ્રખ્યાત નોંધ 'બાળલગ્ન અને ફરજિયાત વૈધવ્ય' તૈયાર કરી, જે બ્રિટિશ પાર્લામેન્ટમાં રજૂ કરવામાં આવી. કવિ નરસિંહરાવ દિવેટિયાએ 'ફૂલમણિ દાસીનો શાપ' આ વખતે કાવ્યબદ્ધ કર્યું. અહીં નિર્દેશ કરવો રહ્યો કે અખિલ ભારતીય નેતા બાળગંગાધર તિલક, મણિલાલ નભુભાઈ, ઈચ્છારામ સૂર્યરામ દેસાઈ અને બીજા પોર્વાત્યવાદીઓ આ ઘટનાને સામાજિક બાબતો ગણતા હતા તેથી તેમાં સરકારની દખલગીરી જોઈએ નહિ તેવો તેમણે પ્રચાર કર્યો. તેઓ ધારાઓ પડીને સુધારા લાવવાના મતના ન હતા. મુંબઈમાં લગભગ 500 માણસોની સભામાં ઠરાવ પસાર કરવામાં આવ્યો કે સામાજિક બાબતોમાં ભારતીયોને સરકારી મદદની જરૂર નથી. આ સમયે મણિલાલ નભુભાઈએ અનેક લેખો લખી ભારપૂર્વક જણાવ્યું કે લગ્ન એક ધાર્મિક વિધિ છે અને આથી જે સરકારે ધર્મનિરપેક્ષતાની નીતિ જાહેર કરી છે તેણે હિંદુ લગ્નના રિવાજોમાં માથું મારવું જોઈએ નહિ. તેમ છતાં સંમતિ વય વધારવા અંગેના આંદોલનને પરિણામે એક નવો કાયદો, 1891નો સંમતિની વયનો કાયદો પસાર કરવામાં આવ્યો, જેમાં સંમતિસૂચક વય 10 વર્ષથી વધારીને 12 વર્ષની કરવામાં આવી.

### 7.4.4 સંમતિની ઉંમર અધિનિયમ, 1891

કાયદાકીય સુધાર કરવાનો પ્રથમ પ્રયત્ન 'નેટિવ મેરેજ એક્ટ' (1872) દ્વારા લગ્ન સુધારણા તરફના પ્રથમ પ્રયાસો બાળ લગ્નના મજબૂત વિરોધ તરીકે શરૂ થયા. સામાજિક સુધારકોના દબાણ હેઠળ, બાળ લગ્ન પર પ્રતિબંધ મૂકવા માટે વર્ષ 1872માં મૂળ લગ્ન

*કાયદો પસાર કરવામાં આવ્યો હતો. આ કાયદામાં, 14 વર્ષથી ઓછી ઉંમરની છોકરીઓના લગ્ન પર પ્રતિબંધ હતો.*

*પારસી સમાજ સુધારક વી.એમ. મલબારીના પ્રયાસોના પરિણામે, લગ્ન વય અંગેનો દ્વિતીય સુધાર કાયદો 'સંમતિની ઉંમર અધિનિયમ',* 1891 *દ્વારા લગ્નમાં કે અપરિણીત તમામ છોકરીઓ માટે જાતીય સંભોગ માટે સંમતિની ઉંમર વધારીને દસથી બાર વર્ષ કરી હતી. આ અધિનિયમ ભારતીય દંડ સંહિતા અને ફોજદારી કાર્યવાહીની સંહિતા, કલમ* 375, *("બળાત્કારની") માં સુધારો હતો અને* 9 *જાન્યુઆરી* 1891*ના રોજ એક બિલ તરીકે રજૂ કરવામાં આવ્યો હતો. કલકત્તામાં ભારતના ગવર્નર-જનરલની લેજિસ્લેટિવ કાઉન્સિલમાં સર એન્ડ્રૂ સ્કોબલ દ્વારા તે જ દિવસે તેના પર ચર્ચા કરવામાં આવી હતી અને કાઉન્સિલના સભ્ય સર રોમેશ ચુંદર મિત્તરે (બંગાળના) દ્વારા વિરોધ કર્યો હતો કારણ કે તે રૂઢિચુસ્ત હિંદુ કોડમાં દખલ કરે છે, પરંતુ કાઉન્સિલના સભ્ય રાવ બહાદુર કૃષ્ણજી અને લક્ષ્મણ નુલકરે (બોમ્બેથી) તેને સમર્થન આપ્યું હતું. કાઉન્સિલના પ્રમુખ ગવર્નર-જનરલ અને વાઈસરોય લોર્ડ લેન્સડાઉન હતા.*

*આમ, બાળહત્યા, બાળલગ્ન, સંભોગની સમસ્યાઓ એકબીજા સાથે સંકળાયેલી છે. આપણે જોયું કે આ અનિષ્ટોની તીવ્રતા ઘટાડવા શાં શાં પગલાં લેવામાં આવ્યા હતાં. તેમ છતાં, એ પણ લક્ષમાં લેવું રહ્યું કે સ્ત્રીઓ માટે લગ્નની વય* 15 *વર્ષથી વધારે ઠરાવવાના આંદોલનને આ સમયગાળામાં લોકમતનો ટેકો સાંપડયો ન હતો અને* 15 *વર્ષ પહેલાં છોકરીઓને પરણાવી દેવાનું આખાએ ઓગણીસમા સૈકા દરમિયાન ચાલુ રહ્યું હતું. નવા ધારાઓ ઘડવાની ઝૂંબેશને આ સદીના ત્રીજા દાયકામો જોર મળ્યું અને સમાજ સુધારક હર વિલાસ શારદાના અથાક પ્રયાસોને કારણે, 'શારદા એક્ટ' વર્ષ* 1930*માં પસાર કરવામાં આવ્યો. આ કાયદા દ્વારા,* 18 *વર્ષથી ઓછી ઉંમરના છોકરા અને* 14 *વર્ષથી ઓછી ઉંમરની છોકરીના લગ્ન ગેરકાયદેસર જાહેર કરવામાં આવ્યા હતા. આ પછી 'બાળ લગ્ન પ્રતિબંધ (સુધારો) અધિનિયમ' દ્વારા બાળકની લગ્નની ઉંમર* 18 *વર્ષથી* 21 *વર્ષ અને છોકરીઓની ઉંમર* 14 *વર્ષથી* 18 *વર્ષ સુધી વધારી હતી. અધિનિયમ બાળલગ્નમાં સંડોવાયેલા લોકો સામે સજાની જોગવાઈ પણ કરે છે.*

### (ગ) **તમારી પ્રગતિ ચકાસો.**

(A) *નીચેના વિધાનો ખરાં (✓) છે, કે ખોટાં (×) ? તે તપાસો.*

1. *એક સાંસ્કૃતિક અને વૈચારિક ચળવળ* 1880*ના દાયકામાં બંગાળમાં ઉભરી આવી હતી.*

2. *બાળલગ્ન જેવા અનિષ્ટને નાબૂદ કરવા* 1871*માં 'બાળલગ્ન નિષેધક મંડળી' સ્થાપાઈ હતી.*
3. *બાળકીઓને દૂધપીતી કરવાનું એક કારણ દીકરીઓના લગ્નમાં થતો અત્યંત ભારે ખર્ચ હતો.*
4. *બાળ લગ્નના મજબૂત વિરોધ માટે પ્રથમ કાયદાકીય સુધાર* 1872*માં પસાર કરાયેલ કાયદો 'નેટિવ મેરેજ એક્ટ' હતો.*
5. *લગ્ન વય અંગેનો સુધાર કાયદો 'સંમતિની ઉંમર અધિનિયમ',* 1881 *માં પસાર કરવામાં આવ્યો હતો.*

(B) 1890*માં બંગાળામાં બનેલ ફૂલમણિ દાસીના બનાવ અંગે ચર્ચા કરો.*

______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________

## 7.5 સારાંશ

*તત્કાલીન યુરોપિયન મહિલા યાત્રીઓએ પોતાના વૃત્તાંતોમાં ભારતીય સંસ્કૃતિનું નબળામાં નબળું પાસું સ્ત્રીઓનો 'સામાજિક દરજ્જો' એ મુદ્દો લઈ પ્રહારો કર્યા હતા.* 1927*માં કેથેરિન મેયો*-(Catherin Mayo) *નામની અમેરિકન સુધારાવાદી સ્ત્રીએ ભારતની મુસાફરીના અનુભવો* 'Moher India' *પુસ્તકમાં નોંધ્યા. ભારતીય નારીની અવદશા ઉપર પ્રકાશ પાડ્યો. બાળલગ્નો, બાળવયે માતૃત્વ, પડદાપ્રથા, વેશ્યાઓ વગેરેની ટીકાત્મક છણાવટ કરી. ઈલિનોર રથબોન* (Elenor Ruthbon) *નામની બ્રિટિશ સ્ત્રીએ* 1930*માં તેમના પુસ્તક* 'Child Marriage : The Indian Minoaur' *માં લખે છે કે, "ભારતીયો સ્વરાજ માટે લાયક નથી. કારણ સ્ત્રીઓની ગુલામ દશા છે. તેનું સ્થાન સમાજમાં ગૌણ છે. તેને ઊતરતી, હલકી, બુદ્ધિહીન માની અન્યાય અને અત્યાચારનો ભોગ બનાવાય છે." આમ, આપણે તત્કાલીન સ્ત્રીઓના સામાજિક દરજ્જા તથા તેમની સમસ્યાના હલ સ્વરૂપે કરવામાં આવેલ સમાજ સુધરકોની પ્રવૃત્તિ તથા તેમના સામાજિક આંદોલનો થકી જે અધિનિયમ પારીત થયા, તેનાથી સ્ત્રીઓના સામાજિક પરિવર્તન અંગે વિસ્તૃત જાણકારી મેળવી.*

## 7.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

*(ક)* (A) 1. *જદુનાથજી મહારાજ*

2. The Primitive Religion of the Hindus and the Present Heterodox Opinion

3. સત્યપ્રકાશ 4. સર જૉસેફ આર્નોલ્ડ 5. 22 એપ્રિલ 1862

(B) 1.2 ના મુદ્દાઓને આધારે જવાબ લખો.

(ખ) (A) 1. રાજા રામમોહનરાય 2. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર

3. 26 મી જુલાઈ 1856 4. મુંબઈમાં 5. મહર્ષિ ડી. કે. કર્વે

(B) 1.3 ના મુદ્દાઓને આધારે જવાબ લખો.

(ગ) (A) 1 - ખરું 2 - ખરું 3 - ખરું 4 - ખરું 5 - ખોટું

(B) 1.4 ના મુદ્દાઓને આધારે જવાબ લખો.

## 7.7 બહુવૈકલ્પિક પ્રશ્નો

1. 'મહારાજ લાયબલ કેસ' નિમ્ન લિખિત સાથે સંબંધિત નથી.

   (A) ધાર્મિક અંધશ્રદ્ધા અને વહેમ બાબતે

   (B) મહારાજોનું સ્ત્રીઓ સાથે વ્યભિચાર કરવા બાબતે

   (C) અનુયાયીઓ પાસેથી અઢળક નાણાં પડાવવા બાબતે

   (D) મહારાજો દ્વારા વલ્લભ પંથનું સખ્ત પાલન કરાવવા બાબતે

2. નિમ્નલિખિત કયો લેખ કરસનદાસ મૂળજી દ્વારા લખાયેલ વૈષ્ણવ મહારાજા સાથે સંબંધિત નથી.

   (A) મહારાજોનો જુલમ (B) મહારાજોનો લોભ

   (C) મહારાજોનું અતીત (D) મહારાજોના લાગા

3. મહારાજે બદનક્ષીનો કેસ કર્યો ત્યારે કરશનદાસને કોર્ટમાં કોણે ટેકો આપ્યો ન હતો ?

   (A) મથુરાદાસ લવજી (B) લક્ષ્મીદાસ બીમજી

   (C) દુર્ગારામ મહેતાજી (D) ડૉ. ભાઉ દાજી

4. 'આ લેખ છપાયાનો તરત પડઘો ના પડયો. સાત મહિના પછી પડ્યો' આ વાક્ય નિમ્નલિખિત કયા લેખનો નિર્દેશ કરે છે ?

   (A) મહારાજોના મંદિરમાં ઝાપટનો માર

   (B) વાણિયા મહાજનની હાલત

   (C) હિન્દુનો અસલ ધરમ અને હાલના પાખંડી મતો

   (D) મહારાજના મંદિરમાં અનીતિ

5. વિધવા-પુનર્લગ્નને નડતા અવરોધો દૂર કરતો એક કાયદો ક્યારે પસાર કરવામાં આવ્યો હતો ?

   (A) 1852 (B) 1854

(C) 1856 (D) 1858

6. નિમ્નલિખિત પૌર્વાત્ય સંસ્કૃતિના પ્રશંસકો વિધવા-પુનર્લગ્નના પક્ષે ન હતા.

(A) મણિલાલ નભુભાઈ અને ગોવર્ધનરામ

(B) ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર અને વિષ્ણુ પંડિત શાસ્ત્રી

(C) મહર્ષિ ડી. કે. કર્વે અને વૈરસાલિંગમ પાન્તલું

(D) જોતિબા ફૂલે અને કરસનદાસ મૂળજી

7. કઈ સંસ્થા દ્વારા વિધવાઓના પુનર્લગ્નને ઉત્તેજન આપતા, 1930ના તેના અહેવાલમાં મુજબ 179 વિધવાઓના પુનર્લગ્નો અમદાવાદમાં કરવામાં આવ્યાં હતાં ?

(A) પરમહંસ સભા (B) વિધવા-પુનર્લગ્ન મંડળ

(C) વિધવાશ્રમ (D) બુદ્ધિવર્ધક સભા

8. નિમ્નલિખિત કયા સામયિકે શાસ્ત્રોને આધારે સાબિત કરી બતાવ્યું હતું કે, કન્યાની સંમતિ વિના લગ્ન ન થઈ શકે છે.

(A) સોમપ્રકાશ (B) સત્યપ્રકાશ

(C) રાફ્તગોફ્તાર (D) બુદ્ધિપ્રકાશ

9. 'બાળલગ્ન અને ફરજિયાત વૈધવ્ય' - પ્રખ્યાત નોંધ કોની સાથે સંબંધિત છે.

(A) નરસિંહરાવ દિવેટિયા (B) બેહરામજી મલબારી

(C) મણિલાલ નભુભાઈ (D) ઈચ્છારામ સૂર્યરામ દેસાઈ

10. બાળ લગ્ન પ્રતિબંધ અંગે સૌપ્રથમ કરવામાં આવેલ કાયદાકીય સુધાર છે.

(A) નેટિવ મેરેજ એક્ટ (B) સંમતિની ઉંમર એક્ટ

(C) શારદા એક્ટ (D) બાળ લગ્ન પ્રતિબંધ (સુધારો) એક્ટ

જવાબ : 1 - D, 2 - C, 3 - C, 4 - C, 5 - C, 6. A, 7 - B, 8 - D, 9 - B, 10 - A

## 7.8 સ્વાધ્યાય

1. 'મહારાજ લાયબલ કેસ' માં કરસનદાસ મૂળજીની ભૂમિકા આલેખો.
2. વિધવા-પુનર્લગ્ન ચળવળમાં વિવિધ સમાજ સુધારકોની કામગીરીનું મૂલ્યાંકન કરો.
3. 'સંમતિની ઉંમર અધિનિયમ', 1891ના સંદર્ભે ફૂલમણિ દાસીના બનાવનું મહત્વ સમજાવો.

## 7.9 સંદર્ભો

1. શેઠ, સુરેશભાઈ ચી., ભારતમાં સામાજિક અને ધાર્મિક ચળવળો, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, 1999.
2. શાસ્ત્રી, હરિપ્રસાદ ગંગાશંકર, પરીખ, પ્રવિણચંદ્ર ચીમનલાલ, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ - 8, બ્રિટિશકાળ (ઈ. સ. 1914 સુધીનો), ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ, 1984.
3. રાજગોર, શિવપ્રસાદ, અર્વાચીન ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, 1998.
4. દેસાઈ, નીરા અ., ગુજરાતમાં ઓગણીસમી સદીમાં સામાજિક પરિવર્તન, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, 2012.
5. મહેતા, શિરીન, ગુજરાતમાં નારીચેતના, દર્શક ઈતિહાસ નિધિ, અમદાવાદ, 2009.
6. મુનશી, વાસંતી, ગુજરાતમાં જાગૃતિની લહેરો - નવચેતનાથી સ્વાતંત્ર્યસિદ્ધિ, પ્રકાશન વિભાગ, માહિતી અને પ્રસારણ વિભાગ, નવી દિલ્હી, 2000.
7. https://guja®aivishwakosh.org/મહારાજ લાયબલ કેસ, 08/12/2023

# એકમ : 8 ગુજરાતની દેશી રિયાસતોમાં સમાજ સુધારણાની પ્રવૃત્તિઓ

:: રૂપરેખા ::


**8.0** ઉદ્દેશો

**8.1** પ્રાસ્તાવિક

**8.2** જૂનાગઢ

**8.2.1** લગ્ન વ્યવસ્થામાં પરિવર્તનના પ્રયત્નો

**8.2.2** અસ્પૃશ્યતા નિવારણ

**8.2.3** પરદેશગમન

**8.2.4** ધાર્મિક સહિષ્ણુતાને ઉત્તેજન

**8.2.5** વર્તમાનપત્રો અને સામયિકો દ્વારા જાગૃતિ

**8.3** પોરબંદર

**8.3.1** શિક્ષણને ઉત્તેજન

**8.3.2** બાળલગ્નો પ્રતિબંધ

**8.3.3** સામાજિક દૂષણો દૂર કરવાના પ્રયત્ન

**8.3.4** મેર વૈમનસ્ય દૂર કરવાના પ્રયાસો

**8.3.5** હરિજન વિકાસ પ્રવૃત્તિઓ

**8.3.6** અન્ય સામાજિક સમસ્યાઓને દૂર કરવાના પ્રયાસો

**8.4** ગોંડલ

**8.4.1** શિક્ષણને ઉત્તેજન

**8.4.2** સ્ત્રીઓના દરજ્જામાં પરિવર્તન

**8.4.3** ઓઝલ – પડદાનો રિવાજ નાબૂદ

**8.4.4** સ્ત્રી શિક્ષણને ઉત્તેજન

**8.4.5** બાળ હત્યા નાબૂદ

**8.4.6** બાળ લગ્નપ્રથા નાબૂદ

**8.4.7 વેઠપ્રથા નાબૂદ**

**8.4.8 વ્યસન નાબૂદી**

**8.4.9 બાલાશ્રમની શરૂઆત**

**8.4.10 હરિજન ઉદ્ધાર પ્રવૃત્તિ**

**8.4.11 દેહાંત દંડ ઉપર પ્રતિબંધ**

**8.5 વઢવાણ**

**8.5.1 અસ્પૃશ્યતા નિવારણના પ્રયત્નો**

**8.5.2 અસ્પૃશ્યતા નિવારણ માટે ફૂલચંદભાઈએ રચેલા ગીતો**

**8.5.3 હિંદુ-મુસ્લિમ એકતાના પ્રયત્નો**

**8.5.4 દારૂનું વ્યસન અને દારૂ નિષેધ પ્રવૃત્તિ**

**8.5.5 સ્ત્રીઓની સ્થિતિમાં પરિવર્તન**

**8.5.6 અન્ય સમાજ સુધારણા પ્રવૃત્તિ**

**8.6 ભાવનગર**

**8.6.1 શિક્ષણને ઉત્તેજન**

**8.6.2 કન્યા કેળવણી અને સ્ત્રી ઉત્કર્ષના કાર્યો**

**8.6.3 વ્યસન નાબૂદી**

**8.6.4 લગ્ન વ્યવસ્થામાં પરિવર્તન**

**8.6.5 કુપ્રથાઓની નાબૂદી**

**8.6.6 અંત્યજોદ્ધાર પ્રવૃત્તિને વેગ**

**8.7 વડોદરા**

**8.7.1 શિક્ષણ પ્રવૃત્તિ**

**8.7.2 આરોગ્યને સંરક્ષણ**

**8.7.3 અંત્યજોદ્ધારની પ્રવૃત્તિ**

**8.7.4 સામાજિક સમાનતાના પ્રયાસો**

**8.7.5 રાજ્યના કેટલાક સમાજ સુધારણાના કાયદાઓ (નિબંધ)**

**8.8 નિષ્કર્ષ**

**8.9 તમારી પ્રગતિ ચકાસો**

**8.10 ચાવીરૂપ શબ્દો**

## 8.0 ઉદ્દેશો

1. *વિદ્યાર્થીઓ ગુજરાતના દેશી રાજ્યોમાં પ્રવર્તતી સામાજિક સ્થિતિથી વાકેફ થશે.*
2. *દેશી રાજ્યોનાં સાશકો દ્વારા કરાયેલા સામાજિક ઉત્થાનના કાર્યોની માહિતી મેળવશે.*
3. *દેશી રાજ્યોની વિવિધ જ્ઞાતિઓ અને જાતિઓ વચ્ચેનાં તત્કાલીન સામાજિક વ્યવહારોનું જ્ઞાન મળશે.*
4. *સામાજિક સુધાર થવાથી લોકોમાં આવેલી જાગૃતતા અને તેમના વિકાસની જાણકારી મેળવશે.*

## 8.1 પ્રાસ્તાવિક

*ઓગણીસમી સદી એ ભારતના ઈતિહાસમાં મહત્ત્વની અને સામાજિક સુધારાની સદી ગણવામાં આવે છે. આ સદીએ જ ગુજરાતને આધુનિક યુગમાં પ્રવેશ કરાવ્યો. વિશ્વ સંસ્કૃતિઓનો સંપર્ક, અંગ્રેજી અમલદારો અને સરકારના કાર્યો, ખ્રિસ્તી મિશનરીઓના પ્રયાસો, પાશ્ચાત્ય સાહિત્ય અને વિજ્ઞાનનો અભ્યાસ, અંગ્રેજી કેળવણી, આર્થિક ક્ષેત્રે નવા પગરણ, ઉદારમતવાદના વિચારોની અસર વગેરે પરિબળોને પરિણામે ભારતમાં અને ખાસ કરીને ગુજરાતમાં પણ નવજાગૃતિનાં મંડાણ થયાં. બીજી મહત્ત્વની ઘટના એ બની કે ઈ.સ.* 1820-22 *માં રાજકોટમાં બ્રિટિશ કોઠીની સ્થાપના અને ઈ.સ.* 1870 *માં રાજકોટમાં રાજકુમાર કૉલેજની સ્થાપના થતાં સૌરાષ્ટનાં લોકો અને રાજકુમારો, રાજાઓ સૌરાષ્ટ્ર બહારના પ્રદેશો અને સંસ્કૃતિ, કાયદા, રૂઢિઓ અને વિશ્વના પ્રવાહથી વાકેફ થયા અને ગુજરાતમાં રાજકીય, સામાજિક, આથિક, ધાર્મિક ક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તનો થયા અને ધીરે ધીરે લોકોની સ્થિતિ વધુ સગવડતાવાળી અને સુધારાવાળી બનવા લાગી. આની સાથે સાથે સુધારણાની ચળવળના પ્રણેતા મિ.જે.પી. વિલોબી, સહજાનંદ સ્વામી, મણિશંકર કીકાણી વગેરે પણ હતા. સમાજના વિવિધ વર્ગોની પરિસ્થિતિ અને રીત-રિવાજો વગેરેને જાણવાથી સમાજ કઈ સ્થિતિએ છે અને કેવા પરિણામો ભોગવી રહ્યો હતો, તે જાણી શકાય છે. આથી દરેક રાજ્યના સમાજનો અભ્યાસ કરી તેના પ્રશ્નો અને ઉકેલ માટે રાજ્ય કે સમાજે કરેલા પ્રયત્નોને જાણીશું.*

## 8.2 જૂનાગઢ

*જૂનાગઢ રાજ્ય સૌરાષ્ટ્રના રાજ્યોમાંનું સૌથી મોટું અને સમૃદ્ધ રાજ્ય હતું. ઈ.સ.* 1748 *થી* 1947 *સુધી જૂનાગઢ ઉપર બાબીવંશના શાસકોએ સત્તા ચલાવી હતી. આ દરમ્યાન જૂનાગઢ રાજ્યની સામાજિક સ્થિતિ કેવી હતી ? અને તેમાં કેવા પ્રશ્નો ઉપસ્થિત થયા હતા ? તથા રાજ્યએ તેના નિવારણ માટે કેવા પગલાં લીધા હતા તેની વિગતે ચર્ચા અત્રે કરીશું.*

### 8.2.1 લગ્ન વ્યવસ્થામાં પરિવર્તનના પ્રયત્નો

*આ સમયગાળા દરમ્યાન જૂનાગઢ રાજયમાં હિંદુઓમાં ધાર્મિક શાસ્ત્રોક્ત વિધિથી લગ્નો યોજાતા. મોટેભાગે હિંદુઓ એક પત્ની રાખતા પણ પુત્રની ખોટે બીજા લગ્નો કરતા હતા. જ્યારે મુસ્લિમોમાં બહુપત્નીત્વનો રિવાજ હતો પણ સામાન્ય મુસ્લિમ મોટેભાગે એક પત્ની જ કરતો પરંતુ રાજ પરિવારોમાં ઉલટું હતું, નવાબ મહાબતખાન બીજાને* 6 *અને નવાબ બહારદૂરખાન ત્રીજાને* 5 *અને નવાબ રસુલખાનને* 3 *અને નવાબ મહાબતખાન ત્રીજાને* 98 *બેગમો હતી. કન્યાના લગ્ન* 9 *થી* 12 *વર્ષની વયે કરાવવામાં આવતા પણ લગ્ન વય માટે કોઈ કાયદો હતો નહિ. ઉચ્ચ જ્ઞાતિમાં પુનઃલગ્નો થતાં નહિ, આંતરધર્મ અને આંતરજ્ઞાતિ લગ્નો ખૂબજ ઓછાં થતાં હતાં. પરંતુ ઉદાહરણ રૂપ દ્વારકાદાસ ત્રિવેદીએ ખ્રિસ્તી ધર્મની ડૉ. રોઝમેરી સાથે લગ્ન કર્યા હતાં. જૂનાગઢના મણિશંકર કીકાણીએ પુર્નલગ્ન બાબતે "સૌરાષ્ટ્ર દર્પણ"માં લેખો લખ્યા હતા. શ્રી કીકાણી કન્યા કેળવણીના સમર્થક અને બાળલગ્ન પ્રથાના વિરોધી હતા અને વિધવા પુર્નલગ્નની તરફેણ કરતા ન હતા. તેમ છતાં સૌરાષ્ટ્રમાં પ્રથમ વિધવા વિવાહ ઈ.સ.* 1873*માં થયા પછી ઈ.સ.* 1881-82*માં વિધવા વિવાહના બનાવો કુતિયાણા, ધોરાજી, જામનગર, રાજકોટ, કુંડલા વગેરે જગ્યાએ બન્યા હતા. લગ્ન વ્યવસ્થામાં કે તેના રીત રિવાજોમાં રાજ્ય કોઈ હસ્તક્ષેપ કરતું નહિ કે આ બાબતે સુધારણા કરવા પણ કોઈ પગલાં લેતું માલૂમ પડ્યું નથી. રાજ્યના કર્મચારીઓની વિધવાઓ અન્ય નિરાધાર વિધવાઓ કે અપંગોને રાજ્ય પરવરીશ (ખાધા ખોરાકી) આપતું હતું.* 1944- 45*માં આવા નિરાધારોની સંખ્યા* 9973*ની હતી.*

### 8.2.2 અસ્પૃશ્યતા નિવારણ

*જૂનાગઢ રાજ્યમાં છેક ઈ.સ.* 1942 *સુધી અસ્પૃશ્યો માટે કોઈ સગવડતા માટેનાં પગલાંઓ લેવાયા ન હતા. અસ્પૃશ્યોનાં ઘર ગામના છેવાડે રહેતા અને તેઓ સ્કૂલમાં પણ દાખલ થઈ શકતા નહિ. આવા સમયે ઈ.સ.* 1942*માં અખિલ હિંદ હરિજન સેવક સંઘે હરિજન બાળકોને શાળામાં દાખલ કરવા નવાબ મહાબતખાન ત્રીજાને અરજી કરી ત્યારે નવાબે જવાબ આપ્યો કે હિંદુ જનતાનો અભિપ્રાય જાણીને નિર્ણય કરવામાં આવશે. પછી એ અભિપ્રાય માટે નવાબે "દસ્તુર અમલ સરકારમાં જાહેરાત આપી અભિપ્રાય જણાવવા કહેવાયું હતું." પછી હરિજન બાળકોને ઈ.સ.* 1943*થી રાજ્યની શાળાઓમાં*

પ્રવેશ અપાતો હતો પણ સવર્ણ બાળકોથી તેમને દૂર બેસાડવામાં આવતા હતા. નવાબી સરકારે અસ્પૃશ્યોમાં શિક્ષણ વધે તે માટે શાળામાં કોઈપણ પ્રકારની ફી લેવામાં આવતી નહિ. આ સિવાય અસ્પૃશ્યોને મકાનો બાંધવા 50% ઓછા દરે જમીનો આપવામાં આવતી હતી.

### 8.2.3 પરદેશગમન

હિંદુ સમાજ યુગોથી જૂની માન્યતાઓ અને રૂઢિઓને વળગી રહેલો હતો. ઋષિમુનિઓએ શાસ્ત્રોમાં અમુક સગવડતાઓ ખાતર પરદેશગમન ઉપર પ્રતિબંધો મૂક્યા હતા. તેથી પરદેશગમનને પાપ અને વટલાયેલા માનવામાં આવતા હતા. તેમ છતાં ગાંધીજીથી માંડીને અનેક યુવાનો આ પ્રતિબંધોને તરછોડીને પરદેશ ગયા જ હતા. જ્યારે જૂનાગઢમાં હોસ્પિટલ સ્થપાઈ ત્યારે તેમાં જે ડૉક્ટરો હતા તેની પાસે કોઈ પરદેશગમન કરેલા હોવાથી દવા લેવા આવતા નહિ અને તેમને દવા લેવા માટે પ્રલોભનો આપવા પડતા હતા.

### 8.2.4 ધાર્મિક સહિષ્ણુતાને ઉત્તેજન

જૂનાગઢ રાજ્ય મુસ્લિમ રાજ્ય હોવા છતાં તે હિંદુધર્મના પ્રત્યેક તહેવાર ઉજવતું અને દિવાળીની રાત્રે ચોપડા પૂજન થતું અને લક્ષ્મી પૂજન કરવામાં આવતું. દશેરાના દિવસે જૂનાગઢ શહેર ફરતી દૂધની ધારાવાડી આપવામાં આવતી તેનો બધો જ ખર્ચ રાજ્ય સરકાર ભોગવતી હતી. એ બાબત જૂનાગઢ રાજ્યની સહિષ્ણુતાનો પૂરાવો છે. બળેવના દિવસે સમુદ્ર પૂજન થતું અને તેમાં પણ રાજ્યનો જવાબદાર માણસ હાજર રહેતો. એજ રીતે મુસ્લિમોનો તહેવાર, ઈદ, મહોરમ પણ ધામધૂમ પૂર્વક ઉજવાતા હતા.

જૂનાગઢ રાજ્ય તહેવારોની ઉજવણીમાં કોઈને જરાઈ દખલગીરી કરતું નહિ પરંતુ કોઈ વિશિષ્ટ સંજોગોમાં રાજ્ય આ તહેવારો ઉજવાશે નહિ તેવી જાહેરાતો કરતું હતું. દા.ત. 1920માં અતિવૃષ્ટિને કારણે રમજાન ઈદનો તહેવાર રાજ્યમાં ઉજવાશે નહિ તેવી જાહેરાત કરવામાં આવી હતી. એવી જ રીતે ઈ.સ. 1945માં શિવરાત્રીનો મેળો અનાજની તંગીને લીધે અને ઈ.સ.1949માં શીતળાના ઉપદ્રવને કારણે શિવરાત્રીનો મેળો નહિ ભરાવાની જાહેરાત રાજ્યએ કરી હતી. આ રાજ્યમાં હિંદુ-મુસ્લિમો સંપથી તહેવારો ઉજવતા માત્ર એકલદોકલ બનાવ બંને કોમો વચ્ચે સંઘર્ષમાં નીવડયો હતો. દાતારના ઉર્ષ કે ભવનાથના મેળામાં જે રસોડાઓ ખોલવામાં આવતા તે અનાજ, ઘીની સામગ્રી ઉપર રાજ્ય આયાત જકાત લેતું નહિ.

### 8.2.5 વર્તમાનપત્રો અને સામયિકો દ્વારા જાગૃતિ

જૂનાગઢ રાજ્યમાંથી કોઈપણ વર્તમાનપત્ર ઈ.સ.1947 સુધીમાં બહાર પડતું નહિ પંરતુ ગોંડલ રાજ્યની જેમ બહારથી આવતા કોઈપણ વર્તમાનપત્રને રાજ્યમાં પ્રવેશ ઉપર પ્રતિબંધ ન હતો. રાજ્યે ઈ.સ.1867 થી "દસ્તુરલ અમલ સરકાર" નામનું ગેઝેટ બહાર

*પાડવાની શરૂઆત કરી હતી અને તે નિયમિત ચાલતું હતું. આ સિવાય જૂનાગઢમાંથી ઈ.સ.1895માં 'સૌરાષ્ટ્ર દર્પણ' નામનું માસિક શરૂ કરેલુ જેની ચાર હજાર જેટલી નકલોનો ફેલાવો હતો. આ સિવાય પણ માસિકો શરૂ થયા હતા. જેમાં ઈ.સ.1881માં ત્રિકમરાય માંકડે 'ન્યાતપ્રકાશ' અને મથુરાદાસ વસાવડાએ 'વેદાંત પ્રકાશ' શરૂ કર્યું. ઈ.સ.1889માં 'મધમાળ' અને 'જ્ઞાનદીપક' નામના માસિકો, મનોરંજન મણિમાળ, લિટરરી લેબર ઓફ લવ, વિશ્વમંગલ, અરૂણ, શારદા, મુજાહિંદ વગેરે ચાલતા હતા પરંતુ જે લાંબો સમય ચાલ્યા નહોતા.*

## 8.3 પોરબંદર

*પોરબંદરમાં સામાજિક સુધારણા માટે બ્રિટિશ શાસન તેમજ અંગ્રેજી શિક્ષણની અસર અને પોરબંદરના રાજવીઓની જહેમતનું પરિણામ સામાજિક પરિવર્તનના સ્વરૂપમાં બહાર આવ્યું હતું. તંદુરસ્ત અને સ્વસ્થ સમાજના નિર્માણ માટે આરોગ્યલક્ષી કામગીરી તેમજ દુષ્કાળગ્રસ્ત સમાજને બહાર લાવવાના સમયોચિત પ્રયત્નો થયા હતા.*

### 8.3.1 શિક્ષણને ઉત્તેજન

*પોરબંદર રાજ્ય એ પોરબંદર શહેર અને રાજયના અન્ય વિસ્તારોમાં પ્રાથમિક શાળાઓ દ્વારા ભાઈઓ અને બહેનોને શિક્ષણ આપવામાં આવતું હતું. તેમાં દરેક બાળક શિક્ષણ પ્રાપ્ત કરે તેવા પ્રયાસો કરવામાં આવતા હતા. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણમાં કન્યાઓ માટે તેમજ સામાન્ય વર્ગ માટે ફી લીધા સિવાય શિક્ષણ સુલભ બનાવ્યું હતું. પોરબંદરમાં કન્યા કેળવણી પ્રત્યે વૈજ્ઞાનિક દ્દષ્ટિએ નવો ઉષાકાળ પ્રગટયો હતો. જેના કારણે સ્ત્રી શિક્ષણ અને કેળવણીમાં વૈજ્ઞાનિક શિક્ષણ પદ્ધતિ સાથે રાષ્ટ્રીય અસ્મિતા અને ઐતિહાસિક દ્દષ્ટિકોણ અપનાવી કન્યાઓના જીવનઘડતર માટે શિક્ષણને વેગવંતુ બનાવવામાં આવ્યું હતું. રાજયએ કન્યાઓના શિક્ષણની સાથે પ્રાચીન સંસ્કૃતિ અને અર્વાચીન સંસ્કૃતિનો સમન્વય કર્યો હતો.*

*ઈ.સ. 1925-29 દરમ્યાન પોરબંદર રાજ્યમાં કુલ 1595 કન્યાઓ શિક્ષણ લેતી હતી. જેમાં 784 કન્યાઓ રાજ્ય સંચાલિત સહશિક્ષણ આપતી શાળાઓમાં શિક્ષણ લેતી હતી. 287 કન્યાઓ રાજ્યની કન્યા શાળાઓમાં શિક્ષણ લેતી હતી અને 524 કન્યાઓ ખાનગી શાળાઓમાં અભ્યાસ કરતી હતી. પશ્ચિમી કેળવણીનાં કારણે કેટલાય સામાજિક અનિષ્ટોનો નાશ થયો હતો.આવી કેળવણી દેશી અને પશ્ચિમી ઢબે આપવાનો પ્રાદુર્ભાવ પોરબંદર રાજ્યમાં થયો હતો. ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં દરબારી નિશાળ મદરેસા હતા*

### 8.3.2 બાળલગ્નો પ્રતિબંધ

*પોરબંદરમાં દરેક સમાજમાં નાની ઉંમરના બાળકોના લગ્નો કરવામાં આવતા હતા. જે બાળ લગ્નોથી સમાજમાં અનેક સમસ્યાઓ સર્જાતી. બાળ લગ્નોના પરિણામે બાળ*

*વિધવાના પ્રશ્નો ઊભા થતા હતા. કન્યાઓનું જીવન અત્યંત દુખદ પીડાદાયક બની જતું તેથી સ્ત્રીઓની સ્થિતિ દિન- પ્રતિદિન કથળતી જતી હતી. એટલે રાણા નટવરસિંહજીએ ઈ.સ.*1930*માં બાળલગ્ન પ્રતિબંધક ધારો અમલમાં મૂકયો હતો.*

### 8.3.3 સામાજિક દૂષણો દૂર કરવાના પ્રયત્ન

*પોરબંદર રાજ્યએ સમાજનું નૈતિક સ્તર ઊંચુ લાવવાના આશયથી રાજ્યમાં તા.*9-01-1899*થી સટ્ટા, જુગાર ઉપર પ્રતિબંધ મૂકયો હતો. સટ્ટા, જુગાર સામે કડક કાયદો બનાવ્યો હતો. તેના ભંગ બદલ* 06 *માસની સજાની જોગવાઈ હતી. રાજ્યમાં બાળકોના આરોગ્યની જાળવણી માટે કોઈ વ્યવસ્થા ન હતી. આથી રાજ્યમાં ધુમ્રપાન કરનારાઓમાં બાળકોનો પણ સમાવેશ થતો હતો. આવા સંજોગોમાં બાળ આરોગ્યની તકેદારી રાખવા તથા ભવિષ્યના યુવાધનને યોગ્ય માર્ગે વાળવાના આશયથી ઈ.સ.*1861*માં* 16 *વર્ષથી નીચેના બાળકોને ધુમ્રપાન કરવા પર પ્રતિબંધ મૂકાયો હતો.*

### 8.3.4 મેર વૈમનસ્ય દૂર કરવાના પ્રયાસો

*રાજ્યમાં મેર જ્ઞાતિઓમાં અંદરો-અંદર અવાર-નવાર ઝઘડાઓ થતા હતા. આ ઝઘડાઓ મોટા ભાગે હિંસક સ્વરૂપમાં થતા. આથી રાજ્યનું વાતાવરણ દૂષિત બનતું જતું હતું. આવી પરિસ્થિતિમાં રાજ્યમાં અને ખાસ તો સમાજમાં શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે મેર સેટલમેન્ટ ઓફિસર નીમી અને કોર્ટની જેમ કાર્ય કરવા સત્તા આપવામાં આવી હતી. આ પ્રદેશમાં રહેતી વિશિષ્ટ રીત-રિવાજો ધરાવતી મેર જ્ઞાતિએ ઈ.સ.*1941*માં જ્ઞાતિના સુધારા કરી રાજ્યને ઠરાવ અમલ માટે મોકલેલ જેમાં પ્રથમ દીકરા વખતે વાડ કરવી, સોપારીની લાણ બંધ કરવી, મરનાર પાછળ શીરાનું જમણ બંધ કરવું, છોકરાઓને ચા ન આપવી, આણા વખતે મર્યાદિત વ્યક્તિને લાવવી, વહુ - દીકરીઓને શાક-બકાલું કે દૂધ વેચવા જવા દેવી નહીં (ખાસ કેસ સિવાય) વગેરે સુધારા દાખલ કર્યા હતા. આ ઉપરાંત મેર જ્ઞાતિની સમસ્યાઓ રાજ્યને પહોંચે તે માટે તેની વફાદારીની ભાવનાની કદર કરી તા.*27-6-1939*ના હુકમની દરબાર ભરાય ત્યારે સિંહાસનની ડાબી બાજુએ બે મેર પ્રતિનિધિઓને બેસાડવાની શરૂઆત કરવામાં આવી હતી.*

### 8.3.5 હરિજન વિકાસ પ્રવૃત્તિઓ

*પોરબંદર રાજ્યએ સામાજિક અસમાનતા દૂર કરવા માટે અને સમાજના કચડાયેલા વર્ગને ઊંચે લાવવા માટેનાં પ્રયત્નો કર્યા હતા. રાજવીઓએ જ્ઞાતિના ભેદભાવ વિના અસ્પૃશ્ય જાતિઓની સાથે સમાજના અન્ય લોકોને સહકારપૂર્વક વર્તન કરવાની શીખ આપી હતી. વણકરને વણાટ કામમાં જોડવા તથા ગ્રામ્ય વિસ્તારમાં હાથ વણાટનું કાપડ પહેરાય એવા હેતુથી તા.*16-8-39*થી રાજ્યમાં ખાસ "હરિજન હિતવર્ધક" નામનું ખાતું ખોલવામાં આવ્યું હતું. મેર જ્ઞાતિઓએ ઠરાવ કરીને હાથ વણાટનું જ કાપડ પહેરવાનું નક્કી કર્યું હતું.*

### 8.3.6 અન્ય સામાજિક સમસ્યાઓને દૂર કરવાના પ્રયાસો

*પોરબંદર રાજ્યમાં અવાર-નવાર કોમી લાગણીઓ ઉશ્કેરાઈ જતી હોવાથી હિંદુ-મુસ્લિમ સમાજને અને રાજ્યની સામાજિક પરિસ્થિતિ ઘણી વખત તંગ બની જતી હોવાથી નુકસાન થતું. આથી રાજ્ય તા.15-7-1917થી બો.પો. એક્ટ કલમ–49ની રૂએ રાજ્યમાં અમુક પ્રતિબંધક પગલાં લીધા જેમાં જણાવાયું કે કોઈપણ વ્યક્તિને જાહેરમાં હથિયાર લઈને ફરવું નહીં, ધાર્મિક લાગણીને દુભાય તેવી કે ઉશ્કેરાય તેવી વસ્તુઓ જાહેરમાં લાવવી નહી કે તે કામ જાહેરમાં કરવા નહીં. તેવી રીતે ધાર્મિક ભાષણો વગેરે પર અંકુશ મૂકવામાં આવ્યો હતો.*

## 8.4 ગોંડલ

*બ્રિટિશ શાસનના પરોક્ષ પ્રભાવને કારણે સામાજિક ચેતનામાં સુધારાવાદી અભિગમ જોવા મળે છે. ખાસ કરીને રાજાશાહી હોવાથી રાજાનાં શિક્ષણ, વ્યાપક દૃષ્ટિકોણ અને આધુનિક વિચારોની અસર પોતાના રાજ્યમાં પડતી જોવા મળે છે. ગોંડલ રાજ્યના રાજા ભગવતસિંહજી અગ્ર પંક્તિમાં સ્થાન ધરાવે છે. તેમના શાસનકાળ દરમ્યાન સામાજિકક્ષેત્રે ખૂબજ કિંમતી સુધારાઓ થયા હતા. ભગવતસિંહજીએ ઉપલા વર્ણથી માંડીને નીચલા વર્ણ સુધી શૈક્ષણિક સુધારણાઓ માટે પગલાંઓ લીધા હતા. તેના પરિણામે સમગ્ર સમાજમાં આધુનિકીકરણનો પવન ફૂંકાયો અને સુધારણાઓની સાથે સાથે સામજિક પરિવર્તનો પણ આવ્યા હતા.*

### 8.4.1 શિક્ષણને ઉત્તેજન

*ભગવતસિંહજીએ ઉપલા વર્ણથી માંડીને નીચલા વર્ણ સુધી શૈક્ષણિક સુધારણાઓ માટે પગલાંઓ લીધા હતા. જેમકે ફરજિયાત કેળવણી, ગામડે ગામડે શાળાઓ અને તેના પરિણામે સમગ્ર સમાજમાં આધુનિકીકરણનો પવન ફૂંકાયો હતો સુધારણાઓની સાથે સાથે સામજિક પરિવર્તનો પણ આવ્યા હતા. શિક્ષણની નવી પદ્ધતિએ પણ જ્ઞાતિપ્રથાને અસર કરી હતી. કેળવણીના દ્વાર બધાને માટે ખુલ્લાં મૂક્યા હતા. નવો બુદ્ધિજીવી વર્ગ જે ઉદારમતવાદી તત્વજ્ઞાનના વાતાવરણમાં ઉછર્યો હતો. તે જ્ઞાતિપંથના અમુક પાસાંને પડકારવા લાગ્યો અને જ્ઞાતિ બંધારણમાં સૂધારા સૂચવવા લાગ્યો. પહેલાં માત્ર બ્રાહ્મણોને જ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ય હતું હવે નવી પરિસ્થિતિમાં વાણિયા અને કાયસ્થો પણ વિશ્વવિદ્યાલયનું શિક્ષણ લેતા થયા હતા.*

### 8.4.2 સ્ત્રીઓના દરજ્જામાં પરિવર્તન

*સમાજમાં સ્ત્રીઓનું સ્થાન એ કોઈપણ સમાજ કેટલો પ્રગતિશીલ છે તેનો માપદંડ છે. પરંપરાગત મૂલ્યો ધરાવતા સમાજમાં સ્ત્રીઓની દશા બહુ સારી ન હતી. સ્ત્રીઓ સંબંધી કુરિવાજ દૂષણો બધેજ વ્યાપક હતા. અનેકવિધ રૂઢિબંધનો અને કુપ્રથાઓને કારણે સ્ત્રીઓનો વિકાસ રૂંધાયેલો હતો. તેના પરિવર્તનની શરૂઆત ભગવતસિંહજીના પ્રયત્નોથી*

*થઈ હતી. તેમાં નોંધપાત્ર કદમ હતું. ઘૂંઘટપ્રથાનો ત્યાગ, સ્ત્રી શિક્ષણને ઉત્તેજન, બાળહત્યા નાબૂદી, વેઠપ્રથા નાબૂદ કરવાના પ્રયત્નો ગણાવી શકાય, આમ સ્ત્રીઓના સામાજિક દરજ્જાના વિકાસમાં રાજ્ય દ્વારા પ્રયાસો કરવામાં આવ્યા હતા.*

### 8.4.3 ઓઝલ – પડદાનો રિવાજ નાબૂદ

*ગુજરાતમાં લાંબા સમયના મુસ્લિમ શાસનને પરિણામે હિંદુઓમાં પણ કેટલીક જ્ઞાતિઓમાં પડદાપ્રથા આવી હતી. ગ્રામ્ય વિસ્તારોમાં શિક્ષણનો વિકાસ ઓછો હોવાને કારણે ઘૂંઘટ પ્રથાની ચુસ્તતા વધારે જોવા મળતી હતી. 20મી સદી દરમ્યાન રાજયના પ્રયત્નને કારણે રાજપૂતોમાં રહેલી પડદાપ્રથા નહિવત બની ગઈ હતી. પડદાપ્રથા રિવાજની ભગવતસિંહજી સખત ટીકા કરતાં હતા.તેઓ માનતા કે કેળવણી સુધારાની ચાવી છે. તેઓ સ્ત્રી કેળવણીને ખૂબ જ અગ્રતા આપતા હતા.*

### 8.4.4 સ્ત્રી શિક્ષણને ઉત્તેજન

*ગુજરાત અને કાઠિયાવાડ કન્યા કેળવણીના ક્ષેત્રે શરૂઆત કરી, ત્યારે ગોંડલ રાજયએ તેની પ્રજાને કન્યા કેળવણી માટેની વિશાળ સગવડ પૂરી પાડી હતી. એટલું જ નહિ કાઠિયાવાડના રાજવંશો કન્યા કેળવણી પ્રત્યે ઉદાસ હતા. ત્યારે ગોંડલના મહારાજા ભગવતસિંહજીએ રાજકુમારીઓને પડદા તથા ઘૂંઘટની પ્રથામાંથી મુક્ત કરીને બ્રિટનની શિક્ષણ સંસ્થાઓમાં દાખલ કરી હતી. ગોંડલમાં કન્યાઓને અંગ્રેજી શિક્ષણ આપવા માટે ઈ.સ. 1903માં હાઈસ્કૂલ શરૂ કરી હતી. જે સમગ્ર કાઠિયાવાડમાં અંગ્રેજી શિક્ષણ આપનાર પ્રથમ શાળા હતી. જે મોંઘીબા ગર્લ્સ હાઈસ્કૂલ નામ પ્રસિદ્ધ બની હતી. આ શાળામાં શિક્ષણ મેળવીને 1912માં મેટ્રીકની પરીક્ષા આપનાર પ્રથમ વિદ્યાર્થિની કુ. મણિબેન ભીમજીભાઈ વાણિયા હતા. સ્ત્રીઓની ઉન્નતિ કરવાના ઉદાર વિચારથી પ્રેરાઈને ઈ.સ. 1919માં મહારાજા ભગવતસિંહજીએ કન્યાઓને મફત અને ફરજિયાત કેળવણી પોતાના રાજ્યમાં કરી. આમ સમગ્ર ભારતમાં મફત અને ફરજિયાત કન્યા કેળવણીની પહેલ કરનાર મહારાજા ભગવતસિંહજી હતા. વિદ્યાર્થિનીઓને અભ્યાસમાં પ્રોત્સાહન આપવા ઈનામો અને શિષ્યવૃત્તિઓ આપવામાં આવતી હતી. મેટ્રીકયુલેશનની પરીક્ષા પાસ કરનાર રાજ્યની દરેક બાળાને મહારાજા ભગવતસિંહ તરફથી રૂા.500નું 'ભગવતસિંહજી પારિતોષિક' આપવામાં આવતું હતું. ઉપરાંત 'લીલાબા શિષ્યવૃત્તિ' જેનો લાભ કૉલેજમાં અભ્યાસ કરતી ગોંડલની ગમે તેટલી કન્યાઓ લઈ શકતી હતી. ઉચ્ચ શિક્ષણમાં સ્ત્રીઓને આકર્ષવા માટે જે સ્ત્રી સ્નાતક થાય તેને રાજ્ય તરફથી રૂા.1000નું ઈનામ આપવામાં આવતું હતું. મહારાજાએ ગોંડલના ગામડાઓમાં સહશિક્ષણ પ્રથા દાખલ કરી જે ઘણી સફળ નીવડી હતી.*

### 8.4.5 બાળ હત્યા નાબૂદી

*19મી સદીમાં ગુજરાતની કેટલીક જાતિઓમાં દીકરીઓને દૂધપીતી કરવાનો ચાલ પ્રચલિત હતો. ખાસ કરીને કાઠિયાવાડના જાડેજા રાજાઓમાં મોટા દહેજને કારણે તથા*

*લાયક પાત્ર મળવાની મુશ્કેલીને કારણે દીકરી જન્મે કે તુરત જ દૂધપીતી કરવામાં આવતી હતી. કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ કર્નલ એલેકઝાંડર વોકરની પ્રેરણાથી જાડેજાઓમાં દીકરીને દૂધપીતી કરવાની ચાલને અટકાવવામાં દેવાજીભાઈએ પહેલ કરી હતી. ત્યારબાદ ભગવતસિંહજીએ પોતાના રાજ્ય અમલ દરમ્યાન એક ખાસ ખાતું ખોલી દીકરીને દૂધપીતી કરી બાળ હત્યાનો કરવાનો દુષ્ટ અને જંગલી રિવાજ ગોંડલ સંસ્થાનમાં સદંતર નાબૂદ કર્યો હતો.*

### 8.4.6 બાળ લગ્નપ્રથા નાબૂદી

*બાળલગ્નને પરિણામે બાળ વિધવાના પ્રશ્નો ઉપસ્થિત થતા અને તેના લીધે કન્યાનું જીવન અત્યંત કરૂણામય હતું. ભગવતસિંહજી બાળલગ્નના રિવાજના કટ્ટર વિરોધી હતા. તે બાળલગ્નના રિવાજનો વિરોધ કરતાં કહેતા કે કન્યાઓ લગ્નનો અર્થ બરાબર સમજતી તેટલી ઉંમરે પહોંચ્યા પછી જ તેના લગ્ન થવા જોઈએ." તેમણે બાળલગ્ન પ્રથા નાબૂદ કરી હતી.*

### 8.4.7 વેઠપ્રથા નાબૂદી

19*મી સદીના મધ્યકાલીન ગોંડલ રાજ્યમાં વેઠપ્રથા ઈ.સ.*1893-94 *ભગવતસિંહજીના રાજ્ય અમલ દરમ્યાન નાબૂદ કરવામાં આવી હતી. છતાં કોઈ કોઈ કિસ્સાઓમાં ખેડૂતોને માઈલનો અમુક દર આપી ગાડાઓ લેવામાં આવતા હતા.*

### 8.4.8 વ્યસન નાબૂદી

*સમાજમાં વ્યસનોનું જોર ખૂબ હતું, જેમાં અફીણ ખાસ પ્રચલિત હતું. ભગવતસિંહજીના શાસનકાળ દરમ્યાન ગોંડલ રાજ્યમાં અફિણના વ્યસન ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.* 1893-94*ના વર્ષમાં રાજ્યના નોકરિયાત વર્ગમાં થતા અફીણના ઉપયોગ પર અંકુશ મેળવવા માટે પગલાઓ લેવામાં આવેલા હતાં. સમાજને દારૂના દૂષણથી દૂર રાખવા ગોંડલ રાજ્યએ દારૂ અને આલ્કોહોલિક પીણાંઓ ઉપર પ્રતિબંધ મૂક્યો હતો. સમાજ જીવનની નીતિમત્તા ટકાવવા દારૂબંધીની સાથે જુગારને પણ ગોંડલ રાજ્યે ગુનો ગણ્યો હતો. જુગાર રમતા નોકરિયાતને રાજ્યની નોકરીમાંથી બરતરફ કરવામાં આવતા હતા. ગોંડલ રાજ્યની પ્રજાને દારૂ અને જુગાર દ્વારા આર્થિક રીતે બેહાલ થતી રોકવા રાજ્યે અસરકારક પગલાંઓ લીધાં હતાં.*

### 8.4.9 બાલાશ્રમની શરૂઆત

*ઈ.સ.*1903*માં નિરાધાર અનાથ બાળકોનાં ભરણપોષણ, રક્ષણ અને કેળવણી માટે મહારાજા ભગવતસિંહજીએ બાલાશ્રમની સ્થાપના કરી હતી. તેમાં ધર્મ જ્ઞાતિ કે સ્થળના ભેદભાવ વિના અનાથ બાળકોને પૂરે પૂરી સગવડ આપી ઉછેરની જવાબદારી સંભાળી જેમાં કેળવણી તથા હુન્નર ઉદ્યોગોનું શિક્ષણ આપી વિદ્યાર્થીઓને સરળતાથી જીવન નિર્વાહ ચલાવવા માટે શક્તિમાન બનાવવામાં આવતા હતા. અનાથ અને અપંગો માટેની*

*સંસ્થાના હજારો રૂપિયાના વાર્ષિક ખર્ચે નિભાવતા એ જમાનામાં તેમણે હાથવણાટનો અસલી ઉદ્યોગ અનાથોના આશ્રમમાં દાખલ કર્યો હતો.*

### 8.4.10 હરિજન ઉદ્ધાર પ્રવૃત્તિ

*ભગવતસિંહજીએ સામાજિક અસમાનતા દૂર કરવા માટે સમાજના કચડાયેલા દલિત વર્ગને સમાજના સ્તર ઉપર ઉંચે લાવવા માટે પ્રયત્ન કર્યા. તેમણે હરિજન કલ્યાણ પ્રવૃત્તિ દ્વારા છૂત-અછૂતના ભેદભાવને દૂર કરવા પ્રયત્ન કર્યા હતા. તેઓએ જ્ઞાતિના ભેદભાવ વિના હરિજનોની સાથે સમાજનાં અન્ય લોકોને સહકારપૂર્ણ વર્તન કરવાની શીખ આપી હતી. આમ હરિજનોને પણ સામાન્ય લોકોની જેમ ગણવા માટેનું પગલું રાજ્ય તરફથી લેવામાં આવ્યું હતું તેમ છતાં છૂત-અછૂતના ભેદભાવો દૂર ન હતા થયા. આ પ્રવૃત્તિના એક ભાગ રૂપે તેમણે ઈ.સ. 1888માં રાજ્યના ખર્ચે દલિતના ઉત્કર્ષ માટે રૂા.1700ના ખર્ચે એક 'અત્યંજ ગૃહ' બંધાવ્યું હતું. તેમાં નિરાધાર, ત્યકતા કે અસહાય સ્ત્રીને આશ્રય આપવામાં આવતો હતો. અને તેના રક્ષણ માટેની પૂરતી જવાબદારી લેવામાં આવતી હતી.*

### 8.4.11 દેહાંત દંડ ઉપર પ્રતિબંધ

*ભગવતસિંહજીએ પોતાના રાજ્યાભિષેકના સમયથી જ દેહાંત દંડની શિક્ષા રદ કરી હતી. તેમના રાજ્ય અમલ દરમ્યાન તેઓએ કાયદો કે વ્યવસ્થાના નામે એકપણ મનુષ્યનો વધ કર્યા વિના ગોંડલમાં સુખ, શાંતિ અને વ્યવસ્થા સ્થાપ્યા હતા. આ ઉપરાંત અવાર-નવાર કેદીઓની સજા માફ કરી હતી. તેમણે દીકરીને દૂધપીતી કરવા જેવા જંગલી અને ઘાતકી કુરિવાજ ઉપર પ્રતિબંધ મૂક્યો હતો. તેમણે સ્ત્રી શિક્ષણને ઉત્તેજન આપી સમાજમાં સ્ત્રીઓના સ્થાનમાં પરિવર્તન કર્યું હતું, બાળલગ્ન પ્રથા નાબૂદી, વેઠપ્રથાની નાબૂદી, અનાથ બાળકો માટે બાલાશ્રમની સ્થાપના, જેવા સમાજ સુધારણાના પગલાં હાથ ધરી સામાજિક સમસ્યાઓના ઉકેલના પ્રયાસો હાથ ધર્યા હતા. જેમાં ગોંડલ રાજ્ય સફળતાના પંથે આગળ વધ્યું તેમ કહી શકાય.*

*સુવર્ણ મહોત્સવ પ્રસંગે જામસાહેબે જણાવ્યું હતું કે, "સમગ્ર કાઠિયાવાડમાં મહારાજા ભગવતસિંહનું સ્થાન અનોખું છે. તેઓએ પ્રતિવર્ષ પ્રજા કલ્યાણ માટે સુધારણાની જે વિવિધ પ્રવૃત્તિઓ કરી છે તે જોતાં કહી શકાય છે કે ગોંડલ જેવું રાજ્ય રાજસ્થાની હિંદમાં કે બ્રિટિશ હિંદમાં પણ શોધ્યું મળે એમ નથી. તેઓના કારોબારી સિદ્ધાંત અને ધોરણ ખૂબજ ઊંચી કક્ષાના છે. બધી જ બાબતની જાગૃતિમાં ગોંડલે એક નમૂનેદાર રાજ્ય તરીકે કીર્તિ મેળવી છે."*

## 8.5 વઢવાણ

*સમગ્ર ભારતમાં 18મી સદી દરમ્યાન અનેક સામાજિક સમસ્યાઓ હતી, પરંતુ આ સદી દરમ્યાન તેની સુધારણા માટે કોઈ પ્રયત્ન થયા ન હતા, પરંતુ 19મી સદી દરમ્યાન*

*ભારતમાં સુધારાવાદી પ્રવૃત્તિ થઈ હતી. પરંતુ દેશી રાજ્યો સુધી તે પ્રવૃત્તિ વિસ્તરી ન હતી. 20મી સદીના ઉશાઃકાલે આ સમાજ સુધારણા પ્રવૃત્તિ સમગ્ર ભારતભરમાં ચાલી હતી. તેની સ્વાભાવિક અસર ગુજરાત પર પણ પડી હતી. અને તેની અસર ઝીલીને કાઠિયાવાડ અને સૌરાષ્ટ્રનાં દેશી રાજ્યોમાં પણ સમાજ-સુધારણા પ્રવૃત્તિ જોરશોરથી ચાલી હતી. તેમાં વઢવાણમાં ચાલેલી સામાજિક સમસ્યાઓની સુધારણા પ્રવૃતિ આ મુજબ હતી.*

### 8.5.1 અસ્પૃશ્યતા નિવારણના પ્રયત્નો

*સુરેન્દ્રનગર-વઢવાણ કેમ્પમાં વિવિધ જ્ઞાતિની પ્રજા વસવાટ કરતી હતી. તેમાં હિંદુ પ્રજા મુખ્ય જ્ઞાતિઓની પણ અનેક પેટા જ્ઞાતિઓ હતી. બધી જ જ્ઞાતિઓમાં અંત્યજોની સ્થિતિ અત્યંત દયાજનક હતી. આ અંત્યજોની સ્થિતિ સુધારવા માટેની પ્રવૃત્તિ કરવા ગાંધીજીએ અનેક સમાજ સુધારકોએ સૂચન કર્યાં હતાં. તેમના સૂચવેલા માર્ગ પ્રમાણે વઢવાણમાં પણ શ્રી ફૂલચંદભાઈ શાહે અથાગ પ્રયત્નો કર્યા હતા. શ્રી ફૂલચંદભાઈએ વઢવાણમાં બાળાશ્રમ અને રાષ્ટ્રીયશાળા શરૂ કરી હતી. એ દરમ્યાન ઈ.સ.1922માં ગાંધી જયંતિના પ્રસંગ નિમિત્તે ફૂલચંદભાઈએ હરિજન બાળકોને ભોજન આપવાનું નક્કી કર્યું, તે સમયે શિયાણીની પોળ બહાર હરિજન બાળકો માટે શાળા ચાલતી હતી. તે શાળામાં ભોજન ગોઠવવામાં આવ્યું હતું. આ ભોજનકાર્ય તો શાંતિથી પૂર્ણ થયું તેને શહેરમાં વિરોધીઓએ વિકૃત સ્વરૂપ આપવામાં આવ્યું અને તેઓના માટે લોકોને ઉશ્કેરતા એવા ઉચ્ચારણો કરવામાં આવ્યા કે, "વાણિયાઓએ હરિજન લોકો સાથે ખાધું વઢવાણનો સત્યાનાશ થશે." તે વાતોથી ફૂલચંદભાઈએ શરૂ કરેલી રાષ્ટ્રીયશાળા પર માઠી અસર થઈ, અને જેના કારણે શાળામાં ભણતાં સવર્ણ બાળકોને ઉઠાડી લીધાં, શાળામાંથી વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી અને સારા શિક્ષકો શાળા છોડી ચાલ્યા ગયા પરંતુ આ બાબતથી મૂંઝાયા વિના રાષ્ટ્રીયશાળાનું નવું જ બંધારણ ઘડયું અને હરિજનોને પણ રાષ્ટ્રીયશાળામાં દાખલ કરવાની જોગવાઈ કરવામાં આવી. પરંતુ શાળાના સંચાલકોને શાળામાં હરિજન બાળકોને દાખલ ન કરવા અંગેની ઉજળિયાત વિદ્યાર્થીઓના વાલીઓએ નોટિસ આપી. છતાં ફૂલચંદભાઈ પોતાના નિર્ણયમાં અડગ રહ્યા હતા અને શાળામાં અંત્યજ બાળકોને દાખલ કર્યા તેથી શાળામાં ખળભળાટ મચી ગયો અને શાળામાંથી વાલીઓએ પોતાના છોકરાઓને ઉઠાવી લીધા. પરિણામે રાષ્ટ્રીયશાળાની સ્થાપના સમયે વિદ્યાર્થીઓની સંખ્યા 330ની હતી તે ઘટીને માત્ર 23ની થઈ હતી અને શિક્ષકોએ પણ રાજીનામા આપી દીધા.*

*આમ, સૌરાષ્ટ્રની આશાસ્પદ, નામાંકિત અને ઉન્નતિની ટોચ પર પહોંચેલી શિક્ષણ સંસ્થા "વઢવાણની રાષ્ટ્રીયશાળા"નું અસ્પૃશ્યતા નિવારણના પ્રશ્ન માટે બલિદાન લેવાયું હતું. ત્યારબાદ ફૂલચંદભાઈને વઢવાણની રૂઢિચુસ્ત પ્રજાના રોષના કારણે શાળાનું સ્થાન ફેરવી ભોગાવો નદીનાં કાંઠે લાવવી પડી હતી. ફૂલચંદભાઈની અસ્પૃશ્યતા નિવારણની પ્રવૃત્તિમાં તેઓને શ્રી શિવાનંદજીનો પૂરતો સહકાર મળ્યો હતો. શિવાનંદજી વૈષ્ણવ હતા, જેથી ચુસ્ત વૈષ્ણવોએ તેમનો પણ ઉગ્ર વિરોધ કર્યો હતો. વઢવાણના સવર્ણો કોઈપણ બહાને અસ્પૃશ્યતા નિવારણની પ્રવૃત્તિમાં નડતરરૂપ બનવા ઈચ્છતા હતા. એ અરસામાં*

એક મહત્ત્વનો બનાવ બન્યો. વાત એમ બની કે વઢવાણની ભોગાવો નદીમાં ચોમાસા સિવાય પાણી રહેતું નહિ. વીરડા કરી લોકો પાણી મેળવતા, અંત્યજો પણ વીરડા તૈયાર કરતા. તે સમયે અંત્યજોના વીરડા લોકોને અસહ્ય લાગ્યા અને તે વાત ત્યાં સુધી પહોંચી કે મ્યુનિસિપલ કમિટિએ બહુમતીથી અંત્યજોના વીરડા પૂરી દેવાનો ઠરાવ કર્યો. આ અન્યાય સામે વર્તમાનપત્રોમાં પણ ઉહાપોહ થયો. અંતે સમજાવટથી સમાધાન થયું અને અસ્પૃશ્યોના વીરડા ચાલુ રહી શક્યા હતા.

### 8.5.2 અસ્પૃશ્યતા નિવારણ માટે ફૂલચંદભાઈએ રચેલા ગીતો

અસ્પૃશ્યતા નિવારણ માટે શ્રી ફૂલચંદભાઈએ કેટલાક ગીતો પણ રચ્યાં હતા. તેની પંક્તિઓ આ પ્રમાણે હતી :

"નથી ઊંચા નીચા કોઈ માનવી રે;

સૌ એક જ પ્રભુના બાળ, લાતોને ગાળો હવે ખાવી નથી,

નથી સહેવા બુરા અપમાન રે, હરિજન જાગ્યા જાગ્યા રે..."

આમ શ્રી ફૂલચંદભાઈએ જીવનપર્યંત હરિજનોની સેવા કરી હતી અને સમાજનો સખત વિરોધ હોવા છતાં પણ પોતે અસ્પૃશ્યતા નિવારણની પ્રવૃત્તિ કરી સમાજ સુધારણા પ્રવૃત્તિમાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું.

### 8.5.3 હિંદુ-મુસ્લિમ એકતાના પ્રયત્નો

જ્ઞાતિ વ્યવસ્થાથી થોડું આગળ વિચારીએ તો ધર્મની બાબતમાં પણ ભિન્નતા પ્રવર્તતી હતી. આ બંને કોમ એક સાથે રહી સુમેળથી રહે તે માટે સમગ્ર ભારતભરમાં ગાંધીજીએ પ્રયત્નો કર્યા છે. હિંદુ-મુસ્લિમ એકતા માટે ગુજરાત અને સૌરાષ્ટ્રે પણ પ્રયત્નો કર્યા હતા. હિંદુ-મુસ્લિમ વૈમનસ્ય ઊભું થાય તેવો એક બનાવ વઢવાણમાં બન્યો હતો. હોળીનાં તહેવારમાં કેટલાક રજપૂતોએ મહાજનની ચઢામણીથી મસ્જિદ પાસે વાજા વગાડવાનું નક્કી કરવામાં આવ્યું. આથી મુસ્લિમો ઉશ્કેરાઈ જાય અને તોફાનો થાય તેવો ભય ઉભો થયો. તે વાતની જાણ શ્રી ફૂલચંદભાઈને થતાં તેઓ પોતાની મંડળી સાથે મસ્જિદ પાસે પહોંચી ગયા તે વખતે તે સ્થળે હાજર રહેલા મહાજનના આગેવાનોને આવી પ્રવૃત્તિ ન કરવા સમજાવ્યા હતા પરંતુ ફૂલચંદભાઈને રાજપૂતોએ અપમાનિત કર્યા છતાં ફૂલચંદભાઈ પોતાના ધ્યેય માટે મક્કમ રહ્યા હતા, અને તેમણે જાહેર કર્યું કે, "જ્યાં સુધી વિખેરાશો નહિ." ત્યારબાદ મોડી રાત સુધી પોતાના સાથીદારો સાથે તેઓ ત્યાં જ રોકાયા હતા. છેવટે ત્યાં પોલીસ આવી અને લોકો વિખેરાઈ ગયા હતા. આમ, ફૂલચંદભાઈના પ્રયત્નોથી હિંદુ-મુસ્લિમ વૈમનસ્ય ઊભું કરવાનો કેટલાક લોકોનો પ્રયત્ન નિષ્ફળ ગયા હતા અને ત્યાર પછી જ ફૂલચંદભાઈ પોતાના સાથીઓ સાથે પાછા ફર્યા હતા. આમ વઢવાણમાં હિંદુ-મુસ્લિમ વૈમનસ્ય ઊભું કરવાનો જે પ્રયત્ન થયો હતો તેને દૂર કરવાના પ્રયત્નો થયા હતા અને તે કાર્યમાં ત્યાંના સત્યાગ્રહીઓ સફળ થયા હતા.

### 8.5.4 દારૂનું વ્યસન અને દારૂ નિષેધ પ્રવૃત્તિ

*અંગ્રેજોના પ્રમાણમાં રાજદરબારોની અસરને લીધે શહેરમાં દારૂ પીવાતો હતો. પરંતુ ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું શાસન કાયમ થતાં દારૂની બદ્દી ભયંકર રીતે વધવા લાગી હતી. જે ગામમાં મંદિર ન હોય, ધર્મશાળા ન હોય, દવાની દુકાનો ન હોય ત્યાં પણ દારૂ ભાંગ, ગાંજો કે ચરસની દુકાનો તો અવશ્ય હોય જ. આમ ભારતમાં દારૂનો પ્રચાર ખૂબ જ હતો. દારૂના દૂષણને દૂર કરવા, દારૂબંધીની પ્રવૃત્તિ વ્યાપક બનાવવા માટે અમદાવાદમાં 'મદ્યનિષેધ મંડળ' સ્થપાયું હતું. વઢવાણમાં દારૂબંધીની પ્રવૃત્તિ ફૂલચંદભાઈએ ખૂબ સારી રીતે ચલાવી હતી. વઢવાણમાં ચાલતા દારૂના પીઠાં બંધ કરાવવા માટે ફૂલચંદભાઈએ ગામના આગેવાનોને સાથે લઈને વઢવાણનાં ઠાકોર સાહેબ જોરાવરસિંહજી પાસે રજૂઆત કરી હતી અને દારૂની પ્રવૃત્તિ પર પ્રતિબંધ લાદવા માટે રાજ્યને મનાઈ હુકમ કાઢવા નમ્ર સૂચન કર્યું હતું અને સ્ત્રીઓ પણ હિંમતભેર દારૂના પીઠા પર જઈને પિકેટિંગ કરતી હતી. અને વઢવાણના યુવાનોએ મોતીચોકમાં સભા ભરી જાહેર કરવામાં આવ્યું કે, 13 ઓક્ટોબર, 1930 પહેલાં રાજ્ય તરફથી દારૂબંધીનું ચોક્કસ ફરમાન બહાર નહિ પડે તો યુવાનો સત્યાગ્રહ કરશે, પરંતુ આ બનાવથી રાજ્યનું વાતાવરણ ગરમ થયું અને ઠાકોર જોરાવરસિંહજીએ સલાહકારો અને દિવાનની સલાહ લીધી. અંતે યુવાનોની મક્કમતા સામે ઠાકોર જોરાવરસિંહજીએ નમતું આપી ફૂલચંદભાઈ અને શહેરના આગેવાનોને ગેઝેટમાં દારૂબંધીનું ફરમાન પાડી દેશે તેવું વચન આપ્યું. આમ વઢવાણમાં દારૂબંધી કરવી પડી હતી અને વઢવાણના સત્યાગ્રહીઓ પોતાના ધ્યેય સિદ્ધ કરવામાં સફળ થયા હતા.*

### 8.5.5 સ્ત્રીઓની સ્થિતિમાં પરિવર્તન

*વીસમી સદીમાં સ્ત્રીઓની સ્થિતિમાં ઘરની ચાર દીવાલો છોડી રાષ્ટ્રીય ચળવળનાં રચનાત્મક કાર્યક્રમો જેવી કે અસ્પૃશ્યતા નિવારણ, દારૂબંધી, જુગારબંધી, વ્યસનોનો ત્યાગ વગેરે પ્રવૃતિમાં ભાગ લેતી હતી. "આ દરેક પ્રવૃત્તિમાં વઢવાણની સ્ત્રીઓ પણ આગળ આવી હતી. દારૂ નિષેધ પ્રવૃત્તિમાં વઢવાણની સ્ત્રીઓ પીઠા પર પીકેટીંગ કરવા જતાં જેમાં ફૂલચંદભાઈના ધર્મપત્ની શારદાબેન શાહ પણ જોડાયા હતા." આમ, વઢવાણની સ્ત્રીઓએ સમાજના દૂષણોને દૂર કરવા માટે હર્ષભેર ભાગ લીધો હતો. આ ઉપરાંત સ્ત્રીની નીતિમત્તા સાથે સંકળાયેલો બીજો મહત્ત્વનો પ્રશ્ન હતો ગેરકાયદેસર બાળકનો, સ્ત્રીઓનો, વ્યક્તિ તરીકે સ્વીકાર. અનાથ બાળક અને અપરિણત માતાને સામાજિક ન્યાય આપવા માટે સંસ્થાકીય જોગવાઈ કરવી જરૂરી હતી." પરિણામે સમગ્ર ગુજરાતમાં જુદા જુદા શહેરોમાં 'વિકાસ ગૃહો'ની સ્થાપના થઈ હતી અને 1945માં 'વિકાસ વિદ્યાલય વઢવાણ'ની સ્થાપના થઈ હતી. આમ વઢવાણમાં સ્ત્રીઓ સમાજ સુધારણા પ્રવૃત્તિમાં આગળ આવી હતી અને સમાજ જાગૃતિના પરિણામે વિકાસ વિદ્યાલયની પણ સ્થાપના થઈ.*

### 8.5.6 અન્ય સમાજ સુધારણા પ્રવૃત્તિ

*હોળીના તહેવારમાં ફાગ ખેલવા પર પ્રતિબંધ*

*વઢવાણમાં અનેક સમાજ સુધારણા પ્રવૃત્તિ ચાલી હતી, સાથે અન્ય સમાજ સુધારણા પ્રવૃત્તિ પણ થઈ હતી. જેમ કે હોળીના તહેવાર પર લોકો અપશબ્દો બોલતા હતા, ફાગ ખેલતા હતા. આ બદી સામે ફૂલચંદભાઈએ ઝૂંબેશ ઉપાડી હતી. વઢવાણ શહેરમાં 'ફાગ' બોલવા ઉપરાંત નગ્ન પૂતળાં બનાવી જાહેર ચોકમાં મૂકવામાં આવતાં હતાં. આથી સ્ત્રીઓ ઘરની બહાર નીકળી શકતી નહિ. આવા ખરાબ રિવાજનો વિરોધ કરવા માટે ફૂલચંદભાઈએ શહેરના સમજદાર લોકોને મળી ચર્ચા વિચારણા કરી અને રાજ્યએ લોકમત લઈને જાહેરમાં નગ્ન પૂતળાં મૂકવાની અને ફાગ બોલવાની મનાઈ ફરમાવવામાં આવી હતી." આમ ફૂલચંદભાઈએ આ દૂષણ સામે પણ અલખ જગાવી હતી. જન્માષ્ટમીના તહેવાર દરમ્યાન મેળામાં વઢવાણની આસપાસ ભરાતા- મેળાઓમાં અઠંગ જુગારીઓ દૂરદૂરથી આવતા હતા. શ્રી ફૂલચંદભાઈએ આ દૂષણ સામે પણ અલખ જગાવી હતી. જુગારીઓના પાટલે-પાટલે ફરીને તેઓને જુગાર ન રમવા સમજાવ્યા હતા. પરિણામે જુગારીઓની ગાળો અને અપમાન સહન કરવા પડયા હતા. આખરે રાજ્યે મેળામાં જુગાર રમવા પર પ્રતિબંધ જાહેર કર્યો હતો. એજ રીતે આઝાદ મેદાનમાં બિલિયર્ડનો જુગાર રમાતો તે પણ ફૂલચંદભાઈએ બંધ કરાવ્યો હતો. આ ઉપરાંત સટ્ટા બજારમાં સટ્ટા સામે પણ ફૂલચંદભઈએ મોરચો માંડયો હતો. પરિણામે સટ્ટા બજાર પર પણ અંકુશ આવ્યો હતો.*

*ટૂંકમાં વઢવાણ શહેરમાં પ્રવર્તતતા દૂષણો નાબૂદ કરીને શહેરને તંદુરસ્ત બનવવામાં સત્યાગ્રહી શ્રી ફૂલચંદભાઈ શાહ અને વઢવાણની પ્રજાનો નોંધપાત્ર ફાળો રહ્યો હતો. ટૂંકમાં 19મી અને 20મી સદી દરમ્યાન જે દૂષણો અને સમસ્યા હતી તે દૂર કરવા વઢવાણ રાજ્યમાં સમાજ સુધારણા પ્રવૃતિ હૃદયપૂર્વક ઉપાડીને સમાજ સુધારાનું કાર્ય કરવામાં આવ્યું હતું અને સમાજ સુધારકોએ પ્રજાના હૃદયમાં સ્થાન મેળવ્યું હતું.*

## 8.6 ભાવનગર

*19મી અને 20મી સદી દરમ્યાન સમગ્ર અન્ય રજવાડાની જેમ ભાવનગરમાં પણ સામાજિક સુધારણાની પ્રવૃત્તિઓ થઈ હતી જેની વિગતે ચર્ચા કરીશું.*

### 8.6.1 શિક્ષણને ઉત્તેજન

*ભાવનગર રાજ્યમાં પાશ્ચાત્ય કેળવણી અને કન્યા કેળવણીનો પ્રારંભ ગગા ઓઝાના સમયથી શરૂ થયો હતો. ત્યારબાદ ભાવનગર રાજ્યમાં કેળવણીનો વિકાસ સતત થતો રહ્યો છે. તેમના સમયમાં ભાવનગર શહેરમાં 12 જેટલી નિશાળો અને આખા રાજ્યમાં કુલ 100 જેટલી નિશાળો શરૂ કરવામાં આવી. કેટલાક મહત્ત્વના કેળવણી વિષયક સુધારાઓ નીચે પ્રમાણે છે.*

*1. ઈ.સ. 1852માં ભાવનગરનાં સહુ પ્રથમ એક પ્રાથમિક શાળા શરૂ થઈ. ત્યારથી ભાવનગર રાજ્યમાં આધુનિક શિક્ષણનાં પગરણ મંડાયાં હતાં એમ કહી શકાય.*

*2. ભાવનગરમાં પ્રથમ અંગ્રેજી શાળાની સ્થાપના કરવામાં આવી હતી.*

*3. ભાવનગર રાજ્યના મહુવા, કુંડલા, બોટાદ, તળાજા વગેરે મહાલોમાં પણ નિશાળો શરૂ કરવામાં આવી હતી. ઈ.સ. 1871માં આ મહાલોની નિશાળોને "સેકન્ડ ગ્રેડ વર્નાક્યુલર સ્કૂલ" ની કક્ષાએ મૂકવામાં આવી હતી.*

*4. ઈ.સ. 1872માં ભાવનગરમાં "આલ્ફ્રેડ હાઈસ્કુલ" (હાલની શાંતિલાલ શાહ હાઈસ્કૂલ)ની સ્થાપના થતાં કેળવણીના વિકાસને સવિશેષ વેગ મળ્યો જેમાં શ્રી જમશેદજી ઉનવાલાની આચાર્ય તરીકે નિમણૂક કરવામાં આવી હતી.*

*5. ખેડૂતોનાં બાળકોને પણ કેળવણી મળી રહે તે માટે ઇ.સ. 1879માં ખાસ પરિપત્ર બહાર પાડીને તેમને આર્થિક સહાય આપવાની જાહેરાત રાજ્ય દ્વારા કરી હતી.*

*6. ભાવનગરમાં કન્યા કેળવણીનો પણ પ્રારંભ થયો હતો.*

*20મી સદીના પહેલા દશકામાં શ્રીમન્ન નથુરામ શર્માની પ્રેરણા અને દોરવણીથી ભાવનગર શહેરમાં દક્ષિણામૂર્તિની સંસ્થા શરૂ થઈ અને ત્યારબાદ બાલમંદિરો, પ્રાથમિક શાળાઓ, હાઈસ્કૂલો, અધ્યાપન મંદિરો, ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓની સ્થાપના થઈ. મહારાજા કૃષ્ણકુમારસિંહજીના સમયમાં ઈ.સ.1931-32માં - વાઘાવાડી રોડ ઉપર શામળદાસ કૉલેજનું નવું અને વિશાળ મકાન બંધાયું.*

*ભાવનગરની દક્ષિણામૂર્તિ સંસ્થા બંધ થતાં નાનાભાઈ ભટ્ટ સોનગઢ પાસે આંબલા ગામમાં ગયા અને ગાંધીજીની ગ્રામકેળવણીના વિચારને અમલમાં મૂકવા માટે તેમણે આંબલામાં એક બુનિયાદી શાળા શરૂ કરી. આ પ્રયાસમાં મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ નાનાભાઈને આંબલા સંસ્થા શરૂ કરવા માટે જમીન અને રોકડ રકમનું અનુદાન કર્યું. નાનાભાઈ ભટ્ટે આંબલામાં શરૂ કરેલી બુનિયાદીશાળાના પગલે પગલે અન્ય ગામડાઓમાં પણ બુનિયાદી શિક્ષણ સંસ્થાઓની સ્થાપના થવા લાગી. ઈ.સ. 1955માં સણોસરામાં લોકભારતીનો પ્રારંભ થયો અને ઈ.સ. 1978માં ભાવનગર યુનિવર્સિટીની સ્થાપના થતાં ભાવનગર રાજ્યનું કેળવણી વિકાસનું એક સ્વપ્ન પૂરું થયું.*

### 8.6.2 કન્યા કેળવણી અને સ્ત્રી ઉત્કર્ષના કાર્યો

*તે સમયના સમાજમાં કન્યા કેળવણી અંગે રૂઢિગત અને પ્રચલિત માન્યતા જાણવા જેવી છે. લોકોના મનમાં એવી દૃઢ માન્યતા હતી કે "દીકરીઓને જો નિશાળમાં ભણવા માટે મોકલવામાં આવે તો તેઓ લગ્ન પછી તરત વિધવા બને." આ પ્રકારની માન્યતા અને વહેમ દૂર કરવા માટે ગગા ઓઝાએ ઈ.સ. 1857માં ભાવનગરમાં એક કન્યાશાળા શરૂ કરી. તેમણે પોતાની બે પુત્રીઓનાં નામ કન્યાશાળામાં નોંધાવ્યાં અને પોતાના સગા-સંબંધીઓના કુટુંબોમાંથી બીજી 8 કન્યાઓનાં નામો પણ નોંધાયાં. આમ લગભગ 25*

*કન્યાઓની સંખ્યાથી ભાવનગર રાજ્યમાં સૌ પ્રથમ કન્યાશાળાની શરૂઆત થઈ. આ રીતે ભાવનગર રાજ્યમાં કન્યા કેળવણીની શરૂઆત થઈ હતી. ભવિષ્યમાં આગળ ઉપર માજીરાજ કન્યાશાળા, મહિલા વિદ્યાલય ઓફ મહિલા કૉલેજ જેવી માત્ર બહેનોની શિક્ષણ સંસ્થાઓની સ્થાપના થઈ. "ગુજરાત હિંદુ સ્ત્રી મંડળ" ની શરૂઆત મહારાજા ભાવસિંહજી બીજા અને તેમનાં પત્ની મહારાણી નંદકુંવરબાએ સ્ત્રીઓમાં આધુનિક્તા અને ભારતીય જીવનના મૂલ્યોનો સમન્વય સાધવા માટે સ્ત્રીઓના કલ્યાણ માટે કેટલાંક કાર્યો કર્યાં હતા." ઈ.સ. 1913-14માં ભાવનગરમાં "ગુજરાત હિંદુ સ્ત્રી મંડળ"ની શાખા ખોલવામાં આવી. આ મંડળ દ્વારા પ્રૌઢ અને નિરક્ષર બહેનોને અક્ષરજ્ઞાન, સ્ત્રીઉદ્યોગ, પુસ્તકાલય, ઉત્સવો અને મેળાવડા વગેરે પ્રવૃત્તિઓ શરૂ થતાં સ્ત્રી સમાજમાં ચેતના અને જાગૃતિ આવ્યાં. ઈ.સ.1914-15માં ભાવનગરમાં શરૂ થયેલી "રેડક્રોસ"ની વિવિધ પ્રવૃત્તિઓમાં તેમણે રસ દાખવ્યો. તેમના પ્રોત્સાહનથી "ગોપનાથ મેટરનીટી હોસ્પિટલ" "નંદકુંવરબા ઓર્ફનેજ" "સ્ત્રી આરોગ્ય સંસ્થા" જેવી સંસ્થાઓની સ્થાપના થઈ. આ ઉપરાંત રાજપૂત સ્ત્રી-સમાજ રૂઢિઓ કુરિવાજો, વહેમો અને અંધશ્રદ્ધા જેવા દૂષણોમાંથી મુક્ત થાય તેમજ રાજપૂત કન્યાઓ કેળવણીનાં મૂલ્યો ધરાવતી થાય, એ જ્ઞાન પ્રાપ્ત કરે આવા હેતુસર "શ્રી નંદકુંવરબા રાજપૂત કુમારિકા ઝનાના બોર્ડિંગ વિદ્યાલય"ની સ્થાપના કરવામાં આવી હતી. શહેરની મધ્યમાં રાજપૂત જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે "શ્રી મનહરકુંવરબા રાજપૂત વિદ્યાલય"ની પણ સ્થાપના કરવામાં આવી.*

### 8.6.3 વ્યસન નાબૂદી

*મહારાજા ભાવસિંહજી ઉત્તમ ચારિત્ર્યવાન હોવાથી ચોરી કરનાર, દારૂ પીનાર અને વ્યભિચાર સેવનાર ઉપર ખૂબજ આકરા પગલાં લેતા. આ પ્રકારનો ગુનો કરનારને શિક્ષા કરવામાં તેઓ અચકાતા નહીં, પછી તે ગમે તેવો ચમરબંધી હોય. ઈ.સ. 1918માં વિશ્વયુદ્ધ બંધ થતાં ભાવોમાં મંદી આવવા લાગી. તેજીના વર્ષોમાં લોકોએ જે મોજશોખ અને વ્યસનો વધાર્યા હતા, તે ભારે પડયા. સાદું અને કરકસરવાળું જીવનધોરણ ગુમાવ્યું હતું તે ફરી યાદ આવ્યું. આમ છતાં મહારાજા ભાવસિંહજીએ રાજ્યની આવકના ભોગે દારૂનો ઈજારો આપવાનો બંધ કર્યો અને દારૂની આયાત તથા વપરાશ સદંતર બંધ કર્યો.*

### 8.6.4 લગ્ન વ્યવસ્થામાં પરિવર્તન

*સામાજિક પ્રસંગો જેવા કે, લગ્નાદિ પ્રસંગોએ મોટા જમણવારો થતા હતા. જમણવારોમાં પુષ્કળ ઘી વપરાતું તેથી ઘીના ભાવ ઊંચા જતા, ગરીબ લોકો ઘી ખાઈ શકતા નહીં આથી મહારાજા ભાવસિંહજીએ આ પ્રકારના જમણવારો પર પ્રતિબંધ ફરમાવ્યો હતો. કૃષ્ણકુમાર સિંહજીના સમયમાં સ્ત્રી સન્માનની ભાવના ચારેબાજુ ફેલાઈ હતી. સ્ત્રીઓની સમાન ભાગીદારીનો સિદ્ધાંત સ્વીકારાવા લાગ્યો. ભાવનગર રાજ્યમાં બાળલગ્નો તથા વૃદ્ધલગ્ન અટકાવવા આવાં લગ્નો પર પ્રતિબંધ મૂક્યો.*

### 8.6.5 કુપ્રથાઓની નાબૂદી

*રાજા, તાલુકદાર અને ગરાસિયા અધિકારીઓ પોતાની પાસે હંમેશા તલવાર રાખતા, જે વર્ષો જૂની પ્રથા હતી તે બંધ થઈ. ઈ.સ. 1954-55માં ભાવનગર શહેરમાં શરૂ થયેલ 'રેડક્રોસ'ની વિવિધ પ્રવૃત્તિઓમાં મહારાણી નંદકુંવરબાએ નિષ્ઠાપૂર્વક રસ દાખવ્યો હતો. સાતમને દિવસે ટાઢું ખાવાની પ્રથા સામે જેહાદ અને લોકજાગૃતિ કેળવવામાં તેમનો ફાળો મહત્ત્વનો હતો. ભાવનગર રાજ્યમાં સ્ત્રીઓને ઘૂંઘટ કે પડદાપ્રથાથી છુટકારો મળે તેવા પ્રયાસો કર્યા હતા. કૃષ્ણકુમાર સિંહજીના સમયમાં પારંપરિક જ્ઞાતિ સંસ્થાઓનું જોર ઓછું થયું. નાગાબાવાઓ અને ઢોંગી સાધુઓ તરફની લોકોની શ્રદ્ધા ઘટી ગઈ. કુલીનતાના ઓઠા નીચે સાસુ-નણંદના જુલ્મો હવે ઓસરવા લાગ્યા. મરણ પાછળના જમણવારો 'પ્રેતભોજન' બંધ કરાવવાના સારા પ્રયત્નો થયા. સાંઢ આંકવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. વાછરડાની ખસ્સી કરાવવામાં જે પાપ માનવામાં આવતું તે ગેરસમજ દૂર થઈ, ખેતીને ફાયદાકારક આ રીત ગ્રહણ કરવામાં આવી.*

### 8.6.6 અંત્યજોદ્ધાર પ્રવૃત્તિને વેગ

*ભાવનગરના સમાજમાં તે વખતે છૂઆછૂતની પ્રબળ ભાવના સનાતનીઓમાં પ્રવર્તતી હતી. પરંતુ અમૃતલાલ ઠક્કર અને બળવંતરાય મહેતાની સક્રિય આગેવાની નીચે અંત્યજોદ્ધાર પ્રવૃત્તિને વેગ મળ્યો. હરિજનોની કેળવણી અને ઉત્કર્ષ માટે ઈ.સ. 1924માં હરિજન આશ્રમની સ્થાપના થઈ હતી. કૃષ્ણકુમાર સિંહજીના સમયમાં હરિજન સ્પર્શની પ્રબળ હિમાયત થઈ જેનાથી અગાઉ જેવી અસ્પૃશ્યતાની ભાવના ધીરે ધીરે દૂર થવા લાગી. ભાવનગર રાજ્યે હરિજનો માટે ગામેગામ કૂવા બંધાવી આપ્યા. ભાવનગર અને વરતેજની હરિજનશાળાને આથી ખૂબ ઉત્તેજન મળ્યું. આ રીતે પ્રજાનું ઘડતર થયું. તે સાથે અજ્ઞાન લોકો, અશિક્ષિત સ્ત્રીઓ અને નાદાન બાળકોના મન પર ઊંધી અસર પણ થઈ. વિવેક અને મર્યાદાનો લોપ થતો જોવાયો. સ્વતંત્રતાને નામે સ્વછંદતા જોવા મળી. ટૂંકમાં 19મી અને 20મી સદી દરમ્યાન જે દૂષણો અને સમસ્યા હતી તે દૂર કરવા ભાવનગર રાજ્યમાં સમાજ સુધારણા પ્રવૃતિ હૃદયપૂર્વક ઉપાડીને સમાજ સુધારાનું કાર્ય કરવામાં આવ્યું હતું અને સમાજ સુધારકોએ પ્રજાના હૃદયમાં સ્થાન મેળવ્યું હતું.*

## 8.7 વડોદરા

*સયાજીરાવ ત્રીજા ઈ.સ. 1875માં ગાદીએ બેઠા પછી વડોદરામાં નવા યુગની શરૂઆત થઈ હતી. આ કાર્યમાં સયાજીરાવના દીવાનો સર ટી. માધવરાવ, આર. સી. દત્ત, મનુભાઈ નંદશંકર, વી. ટી. કૃષ્ણમાચારી તથા બી. એલ. મિત્રનો મહત્ત્વનો ફાળો હતો. વડોદરા રાજ્યમાં આ દરમ્યાન મહત્ત્વપૂર્ણ સામાજિક સુધારણા પ્રવૃત્તિઓ ચાલી. આ દરમ્યાન શિક્ષણને ઉત્તેજન અને અનેક સામાજિક સુધારા પણ કરાયા હતા અને જ્ઞાતિનો ત્રાસ નિવારાયો હતો. જેની વિગતે ચર્ચા કરીશું.*

### 8.7.1 શિક્ષણ પ્રવૃત્તિ

*વડોદરા રાજ્યમાં નવી ઢબના શિક્ષણનો પ્રારંભ 1871માં થયો હતો. સયાજીરાવ ગાયકવાડ ગાદી એ આવ્યા તે જ વર્ષે શાળા ખાતું સ્થાપવામાં આવ્યું હતું. ત્યારથી કેળવણીનો વિકાસ અને પ્રજાની વ્યવસ્થિત અને વિસ્તૃત કેળવણીની વિવિધ યોજનાઓ શરૂ થઈ હતી. 16 માર્ચ, 1893ના દિવસે રાજ્ય પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત ફરમાવતો કાયદો અમલમાં મૂક્યો હતો. 1907 સુધીમાં પ્રાથમિક શિક્ષણ આખા રાજ્યમાં કાયદા સ્વરૂપે મફત અને ફરજિયાત કરાયું હતું. શિક્ષિકાઓ તૈયાર કરવા માટે સ્ત્રી શિક્ષણ પદ્ધતિ પાઠશાળા (ટ્રેનિંગ કોલેજ ફોર વુમન) - 1882માં અને પુરુષો માટેની પાઠશાળા 1885માં સ્થપાઈ હતી*

*પછાત કોમોના શિક્ષણ માટે અમરેલી, સોનગઢ, વ્યારા, વાંકલ, અનાવલ, પાટણ, ઓખા અને વડોદરામાં વસ્તીગૃહો સ્થાપ્યા હતા. શાળામાં ભણતા અંત્યજ બાળકોને શિષ્યવૃત્તિ પણ આપવામાં આવતી. સરકારી સંસ્થાઓમાં આ કોમના વિદ્યાર્થીઓને પ્રથમ પસંદગી અપાતી. વડોદરા રાજ્યમાં તેમને ખાસ શિષ્યવૃત્તિ પણ મળતી હતી અને બધા જ વિદ્યાર્થીઓની ફી માફ કરવામાં આવતી હતી. અંત્યજ શાળાઓના નિરીક્ષણ માટે એક મદદનીશ શાળા અધિકારી નિમવામાં આવતા હતા. પ્રાથમિક શિક્ષણ ફરજિયાત અને મફત કરીને શિક્ષણના સાર્વત્રિકીકરણની શરૂઆત કરી હતી. માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ વધ્યું હતું. કલાભવનની સ્થાપનાથી ટેકનિકલ શિક્ષણની શરૂઆત થઈ હતી. પુસ્તકાલય-પ્રવૃત્તિએ મોતીભાઈ અમીનના નેતૃત્વ નીચે વિશાળ વટવૃક્ષનું સ્વરૂપ ધારણ કર્યું હતું. આમ, વડોદરા રાજ્ય પ્રાથમિક ઉપરાંત માધ્યમિક, ઉચ્ચ, ધંધાદારી, કલાત્મક અને ધાર્મિક શિક્ષણ પ્રત્યે રાજ્યની પ્રવૃત્તિ અને નીતિ ઉદાર હતી. વડોદરા કૉલેજને મુંબઈ યુનિવર્સિટીએ 1881માં માન્યતા આપી, તેથી શિક્ષણનો ઝડપી વિકાસ થયો હતો.*

### 8.7.2 આરોગ્યને સંરક્ષણ

*વડોદરા રાજ્યમાં ઠેર ઠેર દવાખાનાઓ ખોલવામાં આવ્યા હતા. પ્રજાના સ્વાસ્થ્યનું સંપૂર્ણ ધ્યાન રાખવામાં આવતું હતું. વડોદરા રાજ્યમાં 1902 થી આરોગ્ય સંરક્ષણનો નિયમ પ્રવર્તતો હતો તેનો હેતુ પ્રજાના આરોગ્યનું રક્ષણ કરવાનું અને તે અંગે સરકારી નોકરો માટે વર્તનના ધોરણ ઠરાવવાનો હતો.*

### 8.7.3 અંત્યજોદ્ધારની પ્રવૃત્તિ

*અંત્યજોની ઉન્નતિનો પ્રશ્ન ઉકેલવા વડોદરા રાજ્ય ઘણા લાંબા સમયથી પ્રયાસો કરતું રહેલું. અંતે અંત્યજો ઉદ્ધારની પ્રવૃત્તિમાં વડોદરા રાજ્ય કરેલી પહેલ અને પ્રગતિ માટે તે માત્ર હિન્દુસ્તાનમાં નહીં પરંતુ સંસારમાં વિખ્યાત હતું. આ દિશામાં પ્રવૃત્તિ કરવાની શરૂઆત સયાજીરાવ ગાયકવાડે કરી હતી. આ પુણ્ય પ્રવૃત્તિમાં તેમને બહુ જ રસ હતો. 1883માં રાજ્યમાં બે શાળાઓ અંત્યજો માટે સ્થાપવામાં આવેલી હતી. જે મફત શિક્ષણ*

*આપતી હતી. 1891-92 માં છાત્રાલયો પણ મફત શરૂ કર્યા હતા. 1906-07માં પ્રાથમિક શિક્ષણ ફરજિયાત અને મફત થતા અંત્યજ વર્ગની શાળાઓમાં સંખ્યામાં વધારો થયો હતો. 1911-12માં વડોદરા મધ્યવર્તી પુસ્તકાલયમાં અંત્યજ વર્ગના લોકોને વર્તમાન પત્રો અને ચોપડીઓ વાંચવા માટે જાહેર રીતે છૂટ આપવામાં આવી હતી. ડૉ. આંબેડકર, પી.જી. પરમાર, એમ.જી. પરમાર અને રા. લેઉઆને પણ ઉચ્ચ શિક્ષણ લેવા શ્રીમંત સરકારે ઈંગ્લેન્ડ મોકલ્યા હતા. સુવર્ણ વિદ્યાર્થીઓ સાથે સાથે અંત્યજ બાળકોને ભણવા મૂકવાનું ચાલુ કર્યું હતું.*

### 8.7.4 સામાજિક સમાનતાના પ્રયાસો

*1931માં મહારાજા સાહેબના એક ફરમાન અનુસાર, કુવા તળાવમાંથી પાણી લેતી કહેવાતી ઉચ્ચ કોમોએ અંત્યજોને પાણી લેતા રોકવા નહીં અને અંત્યજો પાણી લે એ માટે તેમનો ખાસ વાંધો હોય તો તે લોકોએ અંત્યજોને માટે પીવાના પાણી વગેરેની સગવડનો ખર્ચ પોતાને માથે લેવો અને ચોરાઓમાં તો અંત્યજોને આવવા જ દેવા, એવું ફરમાન જાહેર કરીને સમાનતાનો પ્રયાસ કરેલો. 1930માં મહારાજાની આજ્ઞા મુજબ, પ્રાંત પંચાયતમાં નિમાતા સભ્યોમાં એક સભ્ય તો અસ્પૃશ્ય વર્ગમાંથી હોવો જ જોઈએ અને અન્ય સભ્યોની જેમ જ અસ્પૃશ્ય સભ્ય સાથે વર્તન કરવું. રાજ્યની સુધાર સભામાં પણ અસ્પૃશ્ય સભ્યો હતા. વડોદરા શહેર સુધરાઈમાં અસ્પૃશ્ય કોમના નોકરો માટે પ્રોવિડન્ટ ફંડની યોજના કરવામાં આવી હતી. અન્યની જેમ અસ્પૃશ્ય નોકરોને પણ રજા ઉપર જવાની સગવડ આપવામાં આવી હતી. 1938ની એક આજ્ઞા પત્રિકા અનુસાર સરકારના અગર સ્થાનિક સંસ્થાઓના જાહેર મકાનોમાં અંત્યજો ઉચ્ચ વર્ગના હિન્દુઓની માફક આવી શકશે અને સરકારી કુવા, તળાવ વગેરેનો ઉચ્ચ વર્ગના હિંદુઓ જેટલો જ વાપરવાનો તેમને હક છે. આ હક ઉચ્ચ વર્ગ છીનવે તો રાજ્ય તેને દૂર કરવા પગલાં લેશે. 1932ની આજ્ઞાપત્રિકા અનુસાર, 1932થી બધા જ સરકારી દેવાલયોમાં દર્શન અને પૂજા અર્થે અંત્યજો માટે ખુલ્લા મૂકવામાં આવ્યા હતા. ઘણા વર્ષો ઉપર થયેલા એવા એક હુકમનું આ હુકમ પુનરાવર્તન હતું.*

*અંત્યજ વર્ગની મુશ્કેલીઓ તથા તેમના ઉપર લગાવેલ પ્રતિબંધો દૂર કરવા માટે 1939માં સામાજિક અસમર્થતા નિવારણ નિબંધ નામે ખાસ મુદ્દો નિબંધ અમલમાં આવ્યો હતો. અંત્યજ વર્ગના લેણદારો માટે અદાલતો ફરી કામ ચલાવી શકે, લેણદેણ શરૂ થયું ત્યારથી થયેલા હિસાબો તપાસી શકે, તેમના લેણદેણમાં ગેરકાયદે કે ગેરવ્યાજબી લાભ લીધો હોય તો, એ લાભ રાજ્યના દીવાની કાયદાના અનુસાર દંડની સજા થતી. આમ, રાજ્યમાં જ્ઞાતિ ત્રાસ નિવારણ નિબંધ દાખલ કરવામાં આવતા તેમાં એક એવો સુધારો દાખલ કર્યો હતો કે અસ્પૃશ્યતાના રિવાજને આ કાયદા અન્વયે સજાને પાત્ર થતો રિવાજ ગણવો, તેમ જાહેર કર્યું હતું.*

### 8.7.5 રાજ્યના કેટલાક સમાજ સુધારણાના કાયદાઓ (નિબંધ)

*વડોદરા રાજ્યએ સામાજિક અસમાનતા દૂર કરવા તથા સમાજની ઉન્નતિ માટે નીચે જણાવેલ કેટલાક કાયદાઓ અમલમાં મૂક્યા હતા. જે આ પ્રમાણે છે :*

1. *હિન્દુ નિયમો*
    - 1.1 *હિન્દુ વિધવા વિવાહ કાયદો* - 1901
    - 1.2 *હિન્દુ લગ્ન નિબંધ* - 1905
    - 1.3 *હિન્દુ વડીલોપાર્જિત કર્જ નિયમન નિબંધ* - 1907
    - 1.4 *હિન્દુ દત્તક નિબંધ* - 1910
    - 1.5 *હિન્દુ વારસા નિબંધ* - 1910
    - 1.6 *હિન્દુ માબાપ અને પુત્ર નિબંધ* - 1910
    - 1.7 *હિન્દુ મિલકત વ્યવસ્થા નિબંધ* - 1920
    - 1.8 *હિન્દુ લગ્ન વિચ્છેદ નિબંધ* - 1931
2. *ધાર્મિક સ્વતંત્રતા નિબંધ* - 1901
3. *બાળ લગ્ન પ્રતિબંધક નિયમ* - 1904
4. *જાહેર સંસ્થા નિબંધ* - 1905
5. *લોકોપકાર મંડળ નિબંધ* - 1909
6. *ફરજિયાત કેળવણી નિબંધ* - 1910
7. *હિન્દુ પુરોહિત નિબંધ* - 1905
8. *ઐહિક લગ્ન નિબંધ* - 1932
9. *સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ* - 1933
10. *જ્ઞાતિત્રાસ નિવારણ નિબંધ :* 1933
11. *સામાજિક અસમર્થતા નિવારણ નિબંધ* - 1939

*આમ, વડોદરા રાજ્યએ શિક્ષણ તેમજ પ્રજાના આરોગ્યનું રક્ષણ કરવાને લઈને પણ કાયદાઓ ઘડ્યા હતા. તેમજ સામાજિક અસમાનતા નિવારવા માટેના પણ કેટલાક કાયદાઓ બનાવ્યા હતા. આવી રીતે સમાજમાં ચાલી આવતી વર્ષો જૂની અસ્પૃશ્યતાની પ્રથાને દૂર કરવાના પ્રયાસો પણ રાજ્યએ કર્યા હતા.*

## 8.8 નિષ્કર્ષ

*બ્રિટિશ શાસનના પરોક્ષ પ્રભાવને કારણે સામાજિક ચેતનામાં સુધારાવાદી અભિગમ જોવા મળે છે. ખાસ કરીને રાજાશાહી હોવાથી રાજા પોતાના શિક્ષણ, વ્યાપક દષ્ટિકોણ અને આધુનિક વિચારોની અસર પોતાના રાજ્યમાં પડતી જોવા મળે છે. આ સમયમાં ગુજરાતના ઘણાં રાજાઓ રાજકુમાર કૉલેજમાંથી પાશ્ચાત્ય શિક્ષણ મેળવીને તૈયાર થાય અને તેઓ પોત-પોતાના રાજ્યમાં વિવિધ સુધારાઓ માટે પ્રયત્નો કરે તેવા કાર્યો કર્યા હતા. તેમાં શિક્ષણને ઉત્તેજન, સ્ત્રીઓની સ્થિતિમાં પરિવર્તન, સામાજિક સમાનતાના પ્રયત્નો તથા હરિજન ઉત્થાનની પ્રવૃત્તિઓ વગેરે સમાજ સુધારણા પ્રવૃત્તિઓ વિવિધ રાજ્યો દ્વારા કરવામાં આવી હતી.*

## 8.9 તમારી પ્રગતિ ચકાસો

**ખાલી જગ્યા પૂરો.**

1. *ઈ.સ.* ____________ *માં રાજકોટમાં બ્રિટિશ કોઠીની સ્થાપના થઈ હતી.*

2. *ઈ.સ.* ____________ *માં રાજકોટમાં રાજકુમાર કૉલેજની સ્થાપના થઈ હતી.*

3. *ઈ.સ.* 1748 *થી* 1947 *સુધી જૂનાગઢ ઉપર* ____________ *વંશના શાસકોએ સત્તા ચલાવી હતી.*

4. *જૂનાગઢનાં* ____________ *એ એક ખ્રિસ્તી ધર્મની ડૉ. રોઝમેરી સાથે આંતર ધર્મ લગ્ન કર્યાં હતાં.*

5. *સૌરાષ્ટ્રમાં પ્રથમ વિધવા વિવાહ ઈ.સ.* ____________ *માં થયા હતા.*

*જવાબો :* (1) 1820-22 (2) 1870 (3) *બાબીવંશ* (4) *દ્વારકાદાસ ત્રિવેદીએ* (5) 1873

**ખરાં ખોટાં**

1. *જૂનાગઢ સ્ટેટના સાશક મહાબતખાન ત્રીજાએ અસ્પૃસ્યતા નિવારણના પ્રયત્નો કર્યા હતા ?*
2. *પોરબંદર સ્ટેટના રાણા નટવરસિંહજીએ ઈ.સ.*1930*માં બાળલગ્ન પ્રતિબંધક ધારો અમલમાં મૂક્યો હતો.*
3. *વણકરને વણાટ કામમાં જોડવા તથા ગ્રામ્ય વિસ્તારમાં હાથ વણાટનું કાપડ પહેરાય એવા હેતુથી તા.* 16-8- 39*થી પોરબંદર રાજ્યમાં ખાસ "હરિજન હિતવર્ધક" નામનું ખાતું ખોલવામાં આવ્યું હતું.*
4. *વઢવાણ રાજ્યએ  જાહેરમાં નગ્ન પૂતળાં મૂકવાની અને ફાગ બોલવાની મનાઈ ફરમાવી હતી.*

5. *ગોંડલમાં કન્યાઓને અંગ્રેજી શિક્ષણ આપવા માટે ઈ.સ.* 1903*માં હાઈસ્કૂલ શરૂ કરી હતી. જે સમગ્ર કાઠિયાવાડમાં અંગ્રેજી શિક્ષણ આપનાર પ્રથમ શાળા હતી. જે મોંઘીબા ગર્લ્સ હાઈસ્કૂલ નામે પ્રસિદ્ધ બની હતી.*

*જવાબો* (1) *સાચું* (2) *સાચું* (3) *સાચું* (4) *સાચું* (5) *સાચું*

## 8.10 ચાવીરૂપ શબ્દો

1. *સ્ટેટ – ભારતની આઝાદી ઈ.સ.* 1947 *પૂર્વે ભારતના સ્થાનિક રાજાઓના રાજ્યને સ્ટેટ કહે છે.*
2. *વિધવા પુનર્વિવાહ – કોઈ સ્ત્રીનો પતિ મૃત્યુ પામે તેને વિધવા કહે છે અને તેના ફરીથી લગ્ન કરાવવામાં તેને વિધવાપુનર્વિવાહ કહે છે.*
3. *દલિતોદ્ધાર – હિંદુ સમાજમાં હજારો વર્ષો સુંધી કોઈ એક ચોક્કસ સમાજને અમાનવીય યાતનાઓ આપવામાં આવી અને માનવીય લાભો/સુવિધાઓ/હક્કોથી વંચિત રાખવામાં આવેલ સમાજને દલિત કહે છે તેમના ઉદ્ધારને દલિતોદ્ધાર કહેવામાં આવે છે.*

## 8.11 સંદર્ભો


1. *ડૉ. માણેક, કલ્પા એ., ભારતના દેશી રાજ્યોમાં સમાજ અને અર્થતંત્ર* (1858-1947), *પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ,* 2015
2. *ડૉ. જાની એસ.વી., ''સૌરાષ્ટ્રનો ઈતિહાસ'', દર્શક ઈતિહાસ નિધિ, અમદાવાદ-* 2003
3. *ડૉ. કોરાટ પી.જી (સંપાદક) "પશ્ચિમ ભારતના દેશી રાજ્યોમાં શહેરીકરણ અને આધુનિકરણ"* (1858–1947)-2001
4. *શાસ્ત્રી હરિપ્રસાદ, પ્ર.ચિ. પરીખ, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિ ઈતિહાસ, ભાગ-*8*, અમદાવાદ,* 1987
5. *ડૉ. દેસાઈ નીરા "ગુજરાતમાં* 19*મી સદીમાં સામાજિક પરિવર્તન" અમદાવાદ,* 1983
6. *દેસાઈ શંભુપ્રસાદ હરપ્રસાદ - "સૌરાષ્ટ્રનો ઈતિહાસ" પ્રવિણ પ્રકાશન રાજકોટ.* 1990, *કોરાટ, પી.જી., જાની, એસ.વી., ભાલ, જે.ડી., (સંપા.) ભાવનગર રાજ્યનો ઈતિહાસ, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ,* 1995
7. *જાની, ડૉ. એસ.વી., ઈતિહાસની આરસીમાં સૌરાષ્ટ્ર, રાજકોટ,* 2004
8. *ગૌતમ, રમેશનાથ ર., વડોદરા રાજ્યની સામાજિક સેવાઓ, વડોદરા રાજ્ય,* 1941

## એકમ : 9

## સમાજ સુધારણા સંસ્થાઓ : 'પ્રાર્થના-સમાજ' અને આર્ય સમાજ - ભોલાનાથ સારાભાઈ અને સ્વામી દયાનંદ સરસ્વતી અને તેમની પ્રવૃત્તિઓ

:: રૂપરેખા ::


**9.0** ઉદ્દેશ્યો

**9.1** પ્રાસ્તાવિક

**9.2** 'પ્રાર્થના-સમાજ'

- **9.2.1** 'પ્રાર્થના-સમાજ'ની સ્થાપના
- **9.2.2** 'પ્રાર્થના-સમાજ'ના ઉદ્દેશ્યો
- **9.2.3** 'પ્રાર્થના-સમાજ'ની પ્રવૃત્તિઓ
- **9.2.4** ગુજરાતમાં 'પ્રાર્થના-સમાજ'ની સ્થાપના
- **9.2.5** ગુજરાતમાં 'પ્રાર્થના-સમાજ' અને ભોલાનાથ સારાભાઈ

**9.3** આર્યસમાજ

- **9.3.1** આર્યસમાજની સ્થાપના
- **9.3.2** આર્યસમાજના સિદ્ધાંતો
- **9.3.3** આર્યસમાજની પ્રવૃત્તિઓ
- **9.3.4** આર્યસમાજ અને દયાનંદ સરસ્વતી

**9.4** સારાંશ

**9.5** તમારી પ્રગતિ ચકાસોના જવાબ

**9.6** બહુવૈકલ્પિક પ્રશ્નો

**9.7** સ્વાધ્યાય

**9.8** સંદર્ભો

## 9.0 ઉદ્દેશ્યો

- *તત્કાલીન ધર્મ અને સમાજનું સ્વરૂપ સમજશો.*
- *પ્રાર્થના સમાજ અને ભોલાનાથ સારાભાઈની સમાજ સુધારણા પ્રવૃત્તિઓ અંગે જાણશો.*
- *આર્ય સમાજ અને દયાનંદ સરસ્વતીની સમાજ ઉત્થાનની પ્રવૃત્તિઓ અંગે માહિતી મેળવશો.*

## 9.1 પ્રાસ્તાવિક

*દેશમાં કેટલાક સુધારકો, સંતો, વિદ્વાનોએ હિંદુ ધર્મના દૂષણો શોધવાનું અને ખૂબીઓને પ્રકાશમાં લાવવાનું કામ કરીને હિંદુ ધર્મને ફરીથી ચેતનવંતો બનાવવાની ઝુંબેશ આદરી અને લોકોમાં આત્મવિશ્વાસ જગાડવાના પ્રયાસો શરૂ કર્યા. સાથેસાથે હિંદુ ધર્મનો સંદેશ પશ્ચિમના લોકો સમક્ષ સબળ રીતે રજૂ કરીને જગતના ધર્મો વચ્ચે માનવંતુ સ્થાન અપાવવાનું કાર્ય પણ આ અગ્રણીઓએ કર્યું. આ જે ગતિવિધિ ચાલી તે બે તબક્કામાં ચાલી.*

1. *ઈ.સ.* 1750 *થી ઈ.સ.* 1885 *સુધારા આંદોલનોનો યુગ*
2. *ઈ.સ.* 1885 *થી ઈ.સ.* 1950 *નવજાગરણનો યુગ*

*હિંદુ ધર્મમાં સુધારણાનું જે મોજું આવ્યું તેમાં 'બ્રહ્મો-સમાજ', 'પ્રાર્થના-સમાજ', આર્ય સમાજ, રામકૃષ્ણ મિશન, સ્વામી નારાયણ સંપ્રદાય મુખ્ય હતા. આ બધી વિચારધારાઓએ પોતપોતાની રીતે હિંદુ ધર્મને તેનું મૂળ સ્વરૂપ પાછું આપવાના પ્રયાસો કર્યા. સમાજ ઉપર તેની વધતી - ઓછી અસરો પડી પરંતુ દરેક વિચારધારાનું વર્ચસ્વ પાછું ઓછું પણ થતું ગયું. કારણ ધર્મમાં કોઈ સુધારા દાખલ નહિ કરવાના વિચારોવાળો વર્ગ ઘણો મોટો અને વગદાર હતો. આવાં ઘર્ષણોથી પણ લોકોમાં જાગૃતિ આવતી ગઈ, સામાજિક સુધારાઓની જરૂરિયાત તો અવશ્ય સ્વીકારાઈ. નવ જાગૃતિ માતૃ ધર્મ પૂરતી મર્યાદિત ન રહેતાં એણે તો ધીરેધીરે કરીને જીવનમાં તમામ ક્ષેત્રોને આવરી લીધાં. સાહિત્ય, કળા, વિજ્ઞાન, શિક્ષણ, રાજકારણ, સમાજ જીવન એમ બધાય ક્ષેત્રોમાં નવી સ્ફુરણા, નવા ઉન્મેષો, નવી રચનાઓ, નવા વિચારો આકાર લેવા માંડયા.*

## 9.2 'પ્રાર્થના-સમાજ'

*'બ્રહ્મો-સમાજ'ની બંગાળમાં સ્થાપના બાદ તેના વિચારોનો પ્રસાર થતા મુંબઈમાં 'પ્રાર્થના-સમાજ'ની સ્થાપના કરવામાં આવી હતી. તેઓ માનતા કે સમાજ સુધારણા કરવા માટે ધાર્મિક સુધારા અનિવાર્ય છે. તેથી તેમને ધાર્મિક અંધશ્રદ્ધા, વહેમો, વગેરેને લઈને સામાજિક પરિવર્તનની દિશામાં કામ કરવાની શરૂઆત કરી.*

ઈશ્વર ભક્તિ અને સામાજિક સુધારણા એ 'પ્રાર્થના-સમાજ'ના બે મુખ્ય આદર્શો હતા. આ સંસ્થાએ કોઈ નવી વિચારસરણી ઉપજાવી નહિ કે સાહિત્યસર્જન ન કર્યું કે બહુ મિશનરી પ્રવૃત્તિ પણ ચલાવી નહિ. સંસ્થા વિશે રાનડેએ લખ્યું હતું કે 'પ્રાર્થના-સમાજ' ઈશ્વરની એકતા વિશે સચોટ માન્યતા ધરાવે છે પણ સાથે સાથે તે હિંદુધર્મમાં પ્રવર્તમાન દૂષણોનો ખાસ વિરોધ કરે છે. તેમણે સમાજના વિસ્તૃત હેતુ અને તર્ક પર આધારિત માન્યતાને નક્કી કરવા પ્રયાસ કર્યો. ('પ્રાર્થના-સમાજ'ના અનુયાયીઓ પોતાને કોઈ નવા ધર્મ કે સંપ્રદાયના અનુયાયીઓ તરીકે કદી માનતા ન હતા. તેઓ હિંદુ સમુદાયની બહાર છે અથવા સમકક્ષ છે એમ પણ માનતા ન હતા પરંતુ 'પ્રાર્થના-સમાજ' એ નાના એવા શિક્ષિત વર્ગની પણ અલ્પ સંખ્યા સુધી પહોંચી શકયો હતો. ધર્મની કક્ષાએ તે લોકોને ખાસ સ્પર્શી શકયો નહિ. છતાં પણ હિંદુ સમાજમાં સામાજિક સુધારા આણવામાં અને એ બાબતે લોકોને જાગૃત કરવામાં સફળ રહ્યો હતો. આમ 'પ્રાર્થના-સમાજ'ની સ્થાપના તથા તેની સમાજ ઉત્થાનની પ્રવૃત્તિઓ અંગે સવિશેષ જાણીએ.

### 9.2.1 'પ્રાર્થના-સમાજ'ની સ્થાપના

બંગાળના 'બ્રહ્મો-સમાજ' ના ફણગા રૂપે મુંબઈમાં 'પ્રાર્થના-સમાજ'ની સ્થાપના થઈ. 'બ્રહ્મો-સમાજ'ના તે વખતના નેતા કેશવચંદ્ર સેને 1864માં મુંબઈની મુલાકાત લીધી ત્યારે મુંબઈના લોકો સમક્ષ તેમણે ઉત્તેજક પ્રવચનો કર્યા હતાં. હિંદુ ધર્મમાં રૂઢ થઈ ગયેલી જ્ઞાતિપ્રથા અને તેને કારણે ઊંચનીચની ભાવના, બાળલગ્નોને પરિણામે બાળ વિધવાઓનો પ્રશ્ન, અંધશ્રદ્ધા, વહેમો, ધર્મની વધારે પડતી વિધિઓ, અનેક દેવદેવતા વગેરે સામે કેશવચંદ્ર સેને વિરોધ દર્શાવી તેમાં સુધારા લાવવા માટે કટિબદ્ધ થવાની હાકલ લોકોને કરી હતી. આ પ્રવચનોની અસર નીચે કેટલાક લોકોએ ભેગા થઈને 'પ્રાર્થના-સમાજ'ની સ્થાપના કરી. 1870માં આર. જી. ભાંડારકર (1837-1925) અને ન્યાયમૂર્તિ એમ. જી. રાનો (1842-1901) આ સંસ્થામાં જોડાયા અને તેમાં શક્તિ સિંચન કર્યું. એન. જી. ચંદાવરકર (1855-1923) પણ તેના અગ્રગણ્ય નેતા હતા. સહુથી પહેલી સભા 1867ના માર્ચ મહિનામાં ડૉ. આત્મારામ પાંડુરંગને ઘેર મળી હતી. તેમાં 'પ્રાર્થના-સમાજ'નાં ધ્યેયો, કાર્યપદ્ધતિ ઈત્યાદિ વિષે નિર્ણયો લેવાયા અને એક વ્યવસ્થાપન સમિતિ નિમાયી. આમ 'પ્રાર્થના-સમાજ' મુંબઈમાં શરૂ થયો. ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડે 'પ્રાર્થના-સમાજ'ના સ્તંભ સમાન હતા. સામાજિક સુધારણાની ઝૂંબેશો ચલાવવામાં તેઓ અગ્રણી હતા.

મહાદેવ ગોવિંદ રાનડે ઈતિહાસ, અર્થશાસ્ત્ર, શિક્ષણ જેવા ક્ષેત્રોમાં ઘણું જ્ઞાન ધરાવતા. ભારતીય રાષ્ટ્રીય મહાસભા ઈ.સ. 1885માં સ્થપાઈ તેના સ્થાપકોમાંના એક રાનડે પણ હતા. પ્રખર બુદ્ધિશાળી હોવાની સાથે તેઓ ખૂબ જ ધાર્મિક પણ હતા. એમની વિવિધ ક્ષેત્રોની પ્રવૃત્તિઓ, તેમનો દેશપ્રેમ, સમાજને સુધારવાની તેમની ધગશ અને ભારતના ઉજ્જવળ ભાવિ માટેની તેમની શ્રદ્ધા રાજા રામમોહનરાયની યાદ અપાવે તેવાં હતાં.

### 9.2.2 'પ્રાર્થના-સમાજ'ના ઉદ્દેશ્યો

*'પ્રાર્થના-સમાજે' પોતાના ચાર મુખ્ય ધ્યેય નક્કી કર્યા હતા :*

1. *જ્ઞાતિવિહીન સમાજનો આદર્શ*
2. *વિધવા પુનર્લગ્નને માન્યતા*
3. *સ્ત્રી શિક્ષણને પ્રોત્સાહન*
4. *બાળલગ્નની નાબૂદી*

*તે ઉપરાંત 'પ્રાર્થના-સમાજ'ના લોકોએ એમ પણ નક્કી કર્યું કે સામાજિક સુધારણાનો આધાર ધર્મસુધારણા રાખવો કારણ હિંદુ ધર્મમાં સુધારા થશે તો જ સમાજ સુધારણાનું કાર્ય સરળ થશે. સામાજિક રીત રિવાજોનાં મૂળિયાં ધર્મ સુધી પહોંચતા હતાં એટલે હિંદુ ધર્મમાં પ્રવેશી ગયેલી ખોટી માન્યતાઓનું જ ખંડન કરવું જરૂરી છે. એક ઈશ્વરની આરાધના એ જ મુખ્ય બાબત છે એમ માનતા 'પ્રાર્થના-સમાજ'ના સભ્યોએ પ્રાર્થનાઓ અને આરાધના દર અઠવાડિયે ભેગા મળીને યોજવાનું વિચાર્યું હતું. બ્રહ્મોસમાજે જે ભૂલો કરી હતી તે ઉપરથી દાખલો લઈને 'પ્રાર્થના-સમાજ' એવી બાબતોથી દૂર જ રહ્યો. તેણે સમાજ-સુધારાની જોરદાર ઝૂંબેશો ઉપાડી છતાં ધર્મની બાબતમાં પોતાના કોઈ ચોક્કસ સિદ્ધાંતો બહાર પાડયા નહિ. હિંદુ ધર્મથી જુદો પડીને તે ઉફરો ચાલ્યો નહિ. 'બ્રહ્મો-સમાજ'નું જ એક સ્વરૂપ કે શાખા તે છે એવું તેણે કયારેય માન્યું નહિ.*

*રાનડેએ મુંબઈ ઈલાકાના લોકોને એક વાત સ્પષ્ટ કરી કે 'પ્રાર્થના-સમાજ' મહારાષ્ટ્રના સંતોની જ વિચારધારા ચાલુ રાખવા માગે છે. સંત તુકારામ, જ્ઞાનદેવ, એકનાથ, નામદેવ, રામદાસ તેમનાં પદો અંગે અભંગો દ્વારા જે વાત કહી ગયા તે જ વાત 'પ્રાર્થના-સમાજ' દોહરાવે છે. આ સંતો રાનડેના મતે ધર્મ સુધારકો જ હતા. આ સંતોએ પણ તેમના સમયમાં ધાર્મિક વિધિ વિધાનોવાળા જડ થઈ ગયેલા ધર્મ સામે વિરોધ નોંધાવ્યો હતો, જ્ઞાતિપ્રથાનો વિરોધ કર્યો હતો, સ્ત્રીઓની અવદશા પ્રત્યે જાગૃત હતા, ઈશ્વર અને વ્યક્તિની વચ્ચે કોઈ ધર્માચાર્યોની જરૂર નથી એમ કહેનારા તેઓ જ હતા. આ સંતોએ ઈશ્વરની શુદ્ધ ભક્તિ ઉપર ભાર મૂકીને લોકોને તે માર્ગે વાળવાની મહત્ત્વની કામગીરી કરી હતી, એ ભક્તિમાર્ગને લોકોએ અપનાવી લીધો હતો.*

### 9.2.3 'પ્રાર્થના-સમાજ'ની પ્રવૃત્તિઓ

*'પ્રાર્થના-સમાજ'ની અથવા તેના સભ્યોની મોટામાં મોટી સેવા પશ્ચિમ ભારતમાં સામાજિક સુધારણા ચલાવવાની હતી. જ્ઞાતિપ્રથા નાબૂદ કરવા, વિધવા પુનર્લગ્ન દાખલ કરવા, સ્ત્રીશિક્ષણને ઉત્તેજન આપવા તથા પડદા પદ્ધતિ અને બાળલગ્ન નાબૂદ કરવા પર આ સંસ્થાએ ખાસ ભાર આપ્યો. 'પ્રાર્થના-સમાજે' આભડછેટ અને જ્ઞાતિપ્રથાનો વિરોધ કર્યો અને હિન્દુ સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ સુધારવા ઘણું કાર્ય કર્યું. તેના આદર્શોને અનુરૂપ 'ધી ડીપ્રેસ્ડ ક્લાસિસ મિશન', 'સોશ્યલ સર્વિસ લીગ' અને 'ડેક્કન એજ્યુકેશન*

*સોસાયટી' જેવી સંસ્થાઓ શરૂ કરવામાં આવી. આ સંસ્થાઓએ સામાજિક તથા શૈક્ષણિક ક્ષેત્રોમાં નોંધપાત્ર સુધારાકાર્ય કર્યું. મદ્રાસ પ્રાંતમાં પણ બ્રહ્મસમાજની વિચારધારા ફેલાવો પામી. પરિણામે ત્યાં ઘણાં કેન્દ્રો શરૂ થયાં હતાં. તેમાં* 29*માંથી* 18*નાં નામ 'પ્રાર્થના-સમાજ' હતાં.*

*મહાદેવ ગોવિંદ રાનડેના વિચારોની ઘેરી અસરો મહારાષ્ટ્ર-ગુજરાતના લોકો ઉપર ઊંડી પડી. ધાર્મિક વિચારોની સાથેસાથે તેઓએ સમાજ-સુધારણાની જે પ્રવૃત્તિ કરી તેનાથી લોકોમાં જાગૃતિ આવી. ગુજરાતમાં 'પ્રાર્થના-સમાજ'ની પ્રવૃત્તિ અમદાવાદમાં* 1871*માં શરૂ કરવામાં ભોળાનાથ સારાભાઈની સાથે મહિપતરામ રૂપરામ, લાલશંકર ઉમિયાશંકર 'પ્રાર્થના-સમાજ'ની અને સમાજ સુધારાની પ્રવૃત્તિઓમાં અગ્રેસર હતા, આ ત્રણે સમાજના જીવનબળ સમા હતા.*

*ગુજરાતમાં ધર્મસુધારણા, સમાજ સુધારણાનાં અનેક કાર્યો, ઝૂંબેશો આ ત્રિપુટી દ્વારા ચલાવવામાં આવ્યાં હતાં. તેમની સાથે રણછોડલાલ છોટાલાલ, અંબાલાલ સાકરલાલ હતા, કવિ, પંડિત, વિવેચક એવા નવલરામ હતા. ઈ.સ.* 1860*માં મહિપતરામને વિદેશ જવાનું થયું. પાછા આવ્યા ત્યારે તેમને જ્ઞાત બહાર મૂકવામાં આવ્યા કારણ કે તે સમયે પરદેશગમનનો નિષેધ પ્રવર્તતો હતો. મહિપતરામને પ્રાયશ્ચિત કરવું પડ્યું અને તે પછી જ જ્ઞાતિમાં પાછા સામેલ થઈ શક્યા. આ ઉદાહરણ તે સમયના સમાજનો સચોટ ખ્યાલ આપે છે.*

*'બ્રહ્મો-સમાજ'ની જેમ 'પ્રાર્થના-સમાજ'-પણ નાના એવા શિક્ષિત વર્ગની પણ અલ્પ સંખ્યા સુધી પહોંચી શક્યો હતો છતાં હિંદુ સમાજમાં સામાજિક સુધારા આણવામાં અને એ બાબતે લોકોને જાગૃત કરવામાં સફળ રહ્યો. ધર્મની કક્ષાએ તે લોકોને ખાસ સ્પર્શી શકયો નહિ અને ધીરેધીરે તેનું અસ્તિત્વ ભૂંસાઈ ગયું.*

### 9.2.4 ગુજરાતમાં 'પ્રાર્થના-સમાજ'ની સ્થાપના

*ગુજરાતમાં પાશ્ચાત્ય દૃષ્ટિકોણથી ધર્મશુદ્ધિનું આંદોલન ચલાવવામાં ભોળાનાથ સારાભાઈ (ઈ.સ.* 1822-1886*)નું સ્થાન પણ વિશિષ્ટ રહ્યું છે. ભોળાનાથે બ્રિટિશ તંત્ર હેઠળ ફર્સ્ટ ક્લાસ સબૉર્ડિનેટ જજ તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું હતું. સામાજિક તેમજ ધાર્મિક સુધારાની પ્રવૃત્તિ અંગે એ પૂર્વમાં કલકત્તાથી પશ્ચિમમાં મુલતાન અને કર્મચા સુધીના તેમજ ઉત્તરમાં દિલ્હી-આગ્રાથી લઈને દક્ષિણમાં મદ્રાસ સુધીના વિસ્તારીની અગ્રગણ્ય વ્યક્તિઓના સંપર્કમાં આવ્યા હતા. રૂઢિચુસ્ત નાગર કુટુંબમાં એમનો ઉછેર થયેલો હોવા છતાં ઈ.સ.* 1858-59*થી એમના ધર્મ-સંબંધી વિચારોમાં પરિવર્તન આવ્યું અને મૂર્તિપૂજા તેમજ બાહ્ય કર્મકાંડ તરફ એમને અણગમો પેદા થયો. ઈ. સ.* 1855*માં ડૉ. બ્લેરનાં વ્યાખ્યાનની અસર એમના ઉપર ઊંડી પડી હતી. ઈ. સ.* 1858-59 *દરમ્યાન એમણે અમદાવાદમાં 'ધર્મસભા' નામનું મંડળ શરૂ કર્યું. આ પ્રવૃત્તિમાં એમને ગુજરાતમાં પ્રથમ કાપડ મિલ શરૂ કરનાર અને સુધારક એવા રણછોડલાલ છોટાલાલનો પણ સહકાર મળ્યો. ઈ.સ.*

*1870માં 'ધર્મસભા'નું નામ 'ભક્તિસભા' રાખવામાં આવ્યું અને એમણે કેટલાંક જૂનાં-નવાં ભક્તિ-પદોનો સંગ્રહ પ્રગટ કર્યો, જોકે ભોળાનાથને 'ધર્મસભા'માં વ્યક્ત થતા વિચારો જુનવાણી લાગ્યા હતા. ધર્મને વહેમ તથા કર્મકાંડથી મુક્ત રાખવાના એમના વિચારમંથનને પરિણામે એમણે કલકત્તાના બ્રહ્મસમાજ તરફથી પ્રગટ થતાં પુસ્તક વાંચ્યાં. એમણે ઈ.સ. 1869માં મુંબઈમાં આત્મારામ પાંડુરંગને ઘેર પ્રાર્થનાસભામાં હાજરી આપી હતી. આમ ભોળાનાથે બંગાળ તથા મુંબઈના ધર્મસુધારકોના પ્રત્યક્ષ અથવા પરોક્ષ સંપર્કને પરિણામે અમદાવાદમાં 17મી ડિસેમ્બર, 1871 ને દિવસે પ્રાર્થનાસમાજ ની સ્થાપના કરી.*

*અમદાવાદ 'પ્રાર્થના-સમાજ'ની સ્થાપનામાં એમને રણછોડલાલ છોટાલાલ તથ મહિપતરામ  રૂપરામ જેવા સુધારકોનો પણ સાથ મળ્યો. કલકત્તાના બ્રહ્મસમાજ કરતા અમદાવાદનો 'પ્રાર્થના-સમાજ' એ રીતે જુદો પડતો હતો કે એ જ્ઞાતિ-જાતિનાં બંધન તોડવા માગતો ન હતો. 'પ્રાર્થના-સમાજ'ના કાર્યક્રમમાં દર રવિવારે પ્રાર્થના તથા સ્તોત્ર વંચાતા કે ગવાતાં. પાછળથી એમાં ઉપદેશનો અંશ પણ દાખલ કરવામાં આવ્યો ઈ.સ. 1872ના ડિસેમ્બરમાં કલકત્તા બ્રહ્મસમાજના બાબુ પ્રતાપચંદ્ર મજૂમદારે અમદાવાદ 'પ્રાર્થના-સમાજ'ની મુલાકાત લીધી. ઈ.સ. 1876ના મે મહિનામાં 'પ્રાર્થના-સમાજ'નું સ્વતંત્ર મકાન પણ તૈયાર થયું.*

### 9.2.5 ગુજરાતમાં 'પ્રાર્થના-સમાજ' અને ભોલાનાથ સારાભાઈ

*ઈ.સ. 1876માં મહર્ષિ દેવેન્દ્રનાથ ટાગોરના દ્વિતીય પુત્ર સત્યેન્દ્રનાથ ટાગોર અમદાવાદમાં જિલ્લા ન્યાયાધીશ તરીકે નિયુક્ત થયા. ભોળાનાથ અને સત્યેન્દ્રનાથ વચ્ચે મૈત્રીસંબંધ બંધાયો પરિણામે, 'પ્રાર્થના-સમાજ'ની પ્રવૃત્તિને વેગ મળ્યો. જાન્યુઆરી, 1877માં ભોળાનાથ કલકત્તા ગયા ત્યાં એમણે આદિ 'બ્રહ્મો-સમાજ' તેમજ ભારતવર્ષીય 'બ્રહ્મો-સમાજ'ના કાર્યક્રમમાં હાજરી આપી. એ રીતે એ મહર્ષિ દેવેન્દ્રનાથ ટાગોર ઉપરાંત કેશવચંદ્ર સેન અને શિવનાથ શાસ્ત્રીના સીધા સંપર્કમાં આવ્યા હતા. કલકત્તાથી આવ્યા પછી ભોળાનાથે અમદાવાદ 'પ્રાર્થના-સમાજ'માં કેટલાક ફેરફાર કર્યા. અમદાવાદ 'પ્રાર્થના-સમાજ'ના ઘણા સભ્ય હજી મૂર્તિપૂજામાં માનતા હતા તેથી ભોળાનાથે મહિપતરામ  રૂપરામ (ઈ.સ. 1830-1891) તથા લાલશંકર ઉમિયાશંકર (ઈ.સ. 1845-1912) જેવા સહકાર્યકરોની મદદથી 'પ્રાર્થના-સમાજ'માં જોડાયેલા સભ્યો માટે પ્રતિજ્ઞાપત્ર તૈયાર કર્યું, જેમાં નાત-જાતનાં બંધન અને મૂર્તિપૂજાના નિષેધ પર ભાર મૂકવામાં આવ્યો હતો, પરંતુ આ પ્રકારનું બંધન જાહેરમાં સ્વીકારવા ઘણા સભ્ય તૈયાર ન હોવાથી પ્રાર્થના- સમાજની પ્રવૃત્તિ પર એની અસર પહોંચી. ભોળાનાથે સુરત, ખેડા, પેટલાદ, માતર, ભરૂચ વગેરે સ્થળોએ પ્રાર્થનાસમાજની શાખાઓ સ્થાપી હતી અને વખતોવખત આ શાખાઓમાં ઉપદેશ આપતા.*

જાન્યુઆરી, 1886માં પંજાબથી બ્રહ્મવાદી સત્યાનંદ અગ્નિહોત્રી અમદાવાદ આવ્યા તે વખતે ભોળાનાથને મળ્યા હતા. એ જ અરસામાં મહર્ષિ દેવેન્દ્રનાથ ટાગોરે પણ અમદાવાદની મુલાકાત લીધી અને પ્રાર્થનાસમાજની સભામાં વ્યાખ્યાન આપ્યું. આ અગાઉ (માર્ચ, 1879) ભોળાનાથ મુંબઈમાં થિયોસૉફિકલ સોસાયટીનાં સ્થાપક મેડમ બ્લેવેલ્સ્કી તથા કર્નલ ઑલ્કોટને મળ્યા હતા, પરંતુ બંને તરફનું ભોળાનાથનું વલણ ટીકાત્મક રહ્યું હતું, કારણ કે ભોળાનાથના મંતવ્ય મુજબ એમણે કહેલી ચમત્કારોની વાતો પોકળ હતી.

ડિસેમ્બર, 1874માં મહર્ષિ દયાનંદ સરસ્વતી અમદાવાદમાં આવ્યા હતા. અહીં એમણે ઘણાં વ્યાખ્યાન આપ્યાં અને ધર્મસંબંધી વાદવિવાદ પણ કર્યો. દયાનંદ ભોળાનાથને પણ મળ્યા હતા. એમના વિચારો અને 'પ્રાર્થના-સમાજ' વચ્ચે કેટલીક બાબતો અંગે સામ્ય હોવાથી દયાનંદે ભોળાનાથને 'પ્રાર્થના-સમાજ'નું નામ બદલાવીને આર્યસમાજ રાખવા સૂચન કર્યું. ભોળાનાથે એનો સ્વીકાર ન કર્યો તેથી દયાનંદે અમદાવાદમાં અલગ આર્યસમાજ સ્થાપ્યો, પરંતુ આર્યસમાજનું કામ વધારે ન ચાલ્યું.

ભોળાનાથનું અવસાન થયું (ઈ.સ. 1886) ત્યાં સુધી એ અમદાવાદ 'પ્રાર્થના-સમાજ'ના પ્રમુખ રહ્યા. ત્યાર પછી પ્રાર્થનાસમાજની જવાબદારી મહિપતરામ રૂપરામ પર આવી. એમણે 'જ્ઞાનસુધા' નામનું ચોપાનિયું શરૂ કર્યું, જે શરૂઆતમાં સાપ્તાહિક અને પાછળથી માસિક બન્યું. અગાઉ ઉલ્લેખ થયો છે તે રીતે 'પ્રાર્થના-સમાજ'ની પ્રવૃત્તિમાં લાલશંકર ઉમિયાશંકર, સત્યેન્દ્રનાથ ટાગોર, રણછોડલાલ છોટાલાલ વગેરે પણ સામેલ હતા. રણછોડલાલ થોડા સમય માટે 'પ્રાર્થના-સમાજ'ના ઉપપ્રમુખ તરીકે પણ રહ્યા હતા પરંતુ એ મૂર્તિપૂજાની તરફેણમાં હોવાથી એમણે 'પ્રાર્થના-સમાજ'ની પ્રવૃત્તિમાં રસ ઓછો કરી નાખ્યો. આ ઉપરાંત અમદાવાદમાં ઈ.સ. 1863થી 1865 સુધી અને ફરી વાર ઈ. સ. 1868થી 1877 સુધી સ્મૉલ કોઝ કોર્ટમાં ન્યાયાધીશ તરીકે રહેલા પ્રખ્યાત સુધારક ગોપાલ હરિ દેશમુખ (ઈ.સ. 1823- 1892) પણ 'પ્રાર્થના-સમાજ'ના ઉપપ્રમુખ તરીકે રહ્યા હતા.

શ્રીમન્નસિંહાચાર્ય પણ આર્યધર્મના હિમાયતી હતા. સુરતના 'પ્રાર્થના-સમાજ'ના આચાર્ય તરીકે એમણે 'પ્રાર્થના-સમાજ'માં આર્યધર્મ પર વિશેષ ભાર મૂક્યો હતો. હિંદના લોકોને નિસ્તેજ બનાવતી અને કૃત્રિમ સુધારાને ઉત્તેજન આપતી નવી કેળવણી અને સુધારાની પ્રવૃત્તિની એમણે ટીકા કરી અને આર્યધર્મની પ્રણાલીને પુષ્ટિ આપવા માટે પ્રાચીન શિક્ષણપ્રથાને અનુમોદન આપ્યું. એમણે પોતાના વિચાર 'મહાકાલ' નામના માસિક દ્વારા વ્યક્ત કર્યા. વડોદરામાં સ્થાપેલા 'શ્રેય સાધક અધિકારી વર્ગ જેવા મંડળ દ્વારા એમણે ત્યાગની ભાવનાને અનુલક્ષીને સાંસારિક પ્રવૃત્તિ કરવા પર ભાર મૂક્યો 103 'શ્રેયઃસાધક અધિકારીવર્ગ' ફક્ત હિંદુઓ પૂરતો મર્યાદિત ન હતો, એમાં જૈન, બૌદ્ધ, પારસી, ખ્રિસ્તી તથા મુસ્લિમોને પણ આવકારવામાં આવ્યા હતા. નૃસિંહાચાર્યના જીવનકાલ દરમ્યાન

અને એમના મૃત્યુ પછી એમની પ્રવૃત્તિ ચલાવવામાં એમના સાથી-શિષ્ય છોટાલાલ જીવણલાલ માસ્તર (ઈ.સ. 1862- 1912)નો ફાળો મહત્ત્વનો હતો.

20મી સદીની શરૂઆતમાં અમદાવાદના 'પ્રાર્થના-સમાજ'નું સંચાલન વિખ્યાત સુધારક મહિપતરામ રૂપરામના પુત્ર રમભાઈ નીલકંઠે ગુજરાતમાં સુધારાવાદીઓની પ્રણાલી ચાલુ રાખી. રમણભાઈએ નવા સંરક્ષણવાદીઓની આકરી ટીકા કરી. એમની દૃષ્ટિએ સંસ્કૃતિના કહેવાતા આ રક્ષકો મિથ્યાદેશાભિમાનમાં રાચનારા હતા. મણિલાલ અને રમણભાઈ વચ્ચે સુધારા અંગેના દૃષ્ટિભેદને લીધે વિવાદ પેદા થયો. ઈ.સ. 1888 પછી મણિલાલે એમના 'સુદર્શન'માં અને રમણભાઈએ 'જ્ઞાનસુધા'માં આ અંગે લેખો લખ્યા. 'જ્ઞાનસુધા' (ઑગસ્ટ અને ઑક્ટોબર, 1895)માં રમણભાઈએ 'સનાતન હિંદુધર્મ' પર લેખ લખ્યા તેમાં એમણે પ્રણાલીવાદીઓ દ્વારા રજૂ કરવામાં આવેલા હિંદુધર્મના સ્વરૂપ અંગેની દલીલોને પડકારી. એમના મંતવ્ય મુજબ હિંદુધર્મના સ્વરૂપમાં વખતોવખત પરિવર્તન આવ્યાં હતાં. ધર્મશાસ્ત્રોમાં પણ આત્મવિરોધી વિધાન કરવામાં આવ્યાં હોવાથી સનાતન હિંદુધર્મ એના મૂળ સ્વરૂપમાં રહી શક્યો જ ન હતો. એ સંજોગોમાં, રમણભાઈની દૃષ્ટિએ, લોકોએ ધર્મનાં બાહ્ય સ્વરૂપોને દૂર કરીને નૈતિકતા, સદાચાર અને ભક્તિને અનુસરવું જોઈએ.

અગાઉ ઉલ્લેખ કરવામાં આવ્યો તેમ ગુજરાતમાં 'પ્રાર્થના-સમાજ'ની પ્રવૃત્તિ અમદાવાદ ઉપરાંત ખેડા, માતર, પેટલાદ, ભરૂચ, સુરત, વડોદરા, સોજિત્રા, અંકલેશ્વર વગેરે સ્થળોએ મર્યાદિત પ્રમાણમાં ફેલાઈ હતી. 20મી સદીની શરૂઆતમાં મહિપતરામ (મૃત્યુ ઈ.સ. 1891)ના પુત્ર અને સુધારક રમણભાઈ નીલકંઠ આ પ્રવૃતિના સૂત્રધાર હતા. બંગાળના બ્રહ્મસમાજની જેમ ગુજરાતમાં 'પ્રાર્થના-સમાજ'ને એક અલગ ધર્મ તરીકે સ્વીકારવામાં આવ્યો ન હતો, એમ છતાં ઈ. સ. 1911ના વસ્તીપત્રક મુજબ બ્રહ્મવિભાગ હેઠળ ગુજરાતમાં 'પ્રાર્થના-સમાજ'ના 13 જેટલા સભ્યોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

**(ક) તમારી પ્રગતિ ચકાસો.**

(A) નિમ્નલિખિત ખાલી જગ્યા પૂરો.

1. ____________ માં 'પ્રાર્થના-સમાજ'ની સ્થાપના કરવામાં આવી હતી.
2. સહુથી પહેલી સભા 1867 માં ____________ ને ઘેર મળી હતી.
3. ____________ ના વિચારોની ઘેરી અસરો મહારાષ્ટ્ર-ગુજરાતના લોકો ઉપર ઊંડી પડી હતી.
4. ઈ. સ. 1870માં 'ધર્મસભા'નું નામ ____________ રાખવામાં આવ્યું હતું.
5. ભોળાનાથ સારાભાઈનાં મૈત્રી ____________ એ અમદાવાદમાં જિલ્લા ન્યાયાધીશ તરીકે નિયુક્ત થયા.

**(B) નીચે આપેલ વાક્ય સાચાં (✓) છે કે ખોટાં (×) ? તપાસો.**

1. *ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડે 'પ્રાર્થના-સમાજ'ના સ્તંભ સમાન હતા.*
2. *'પ્રાર્થના-સમાજે' પોતાના ચાર મુખ્ય ધ્યેય નક્કી કર્યા હતા.*
3. *અમદાવાદમાં 17મી ડિસેમ્બર, 1875 ના દિવસે પ્રાર્થનાસમાજની સ્થાપના કરી હતી.*
4. *'પ્રાર્થના-સમાજ'માં જોડાયેલા સભ્યો માટેના પ્રતિજ્ઞાપત્રમાં નાત-જાતનાં બંધન અને મૂર્તિપૂજાના નિષેધ પર ભાર મૂકવામાં આવ્યો હતો.*
5. *ભોળાનાથ મુંબઈમાં થિયોસૉફિકલ સોસાયટીનાં સ્થાપક મેડમ બ્લેવેત્સ્કી તથા કર્નલ ઑલ્કોટને મળ્યા હતા.*

**(C) 'પ્રાર્થના-સમાજ'ની સમાજ સુધારણા પ્રવૃત્તિઓ વિશે ટૂંકમાં જણાવો.**

## 9.3 આર્યસમાજ

*આર્યસમાજ એ વેદોની સર્વોપરિતામાં અતૂટ શ્રદ્ધા રાખતો એક અર્વાચીન ધર્મપંથ જે પાશ્ચાત્ય ધર્મ અને સંસ્કૃતિનાં ભારતનાં ધર્મ અને સંસ્કૃતિ પર થતાં આક્રમણ સામે ભારતમાં જગાડવામાં આવેલ એક સુધારાવાદી આંદોલન તરીકે પણ તેને ઓળખવામાં આવે છે. આર્યસમાજની સ્થાપના મુખ્યતઃ ખ્રિસ્તી ધર્મના પ્રચારકો ભારતમાં ધર્માન્તરની ઝૂંબેશ ચલાવતા હતા. તેની વિરુદ્ધ સંગઠિત રીતે મુકાબલો કરી ભારતનો મૂળ વૈદિક ધર્મ તથા પ્રાચીન ભારતીય જીવનપ્રણાલી ટકાવી રાખવા તેનાં પ્રયાસો મહત્વપૂર્ણ રહ્યાં હતાં.*

*સ્વામી દયાનંદનો મુખ્ય આદર્શ ધાર્મિક, સામાજિક અને રાષ્ટ્રીય દૃષ્ટિએ ભારતની એકતા સાધવાનો હતો. તમામ લોકો માટે આર્યધર્મ સામાન્ય બની રહે, સમાજ વર્ગવિહીન અને જ્ઞાતિવિહીન બને અને પોતાનો દેશ પરદેશી શાસનમાંથી મુક્ત બને તેવી તેમની દૃષ્ટિ હતી. તેમણે વેદગ્રંથોમાં હિંદુધર્મના મૂળભૂત બીજનું દર્શન કર્યું. "વેદ તરફ પાછા વળો" એ તેમનો મુદ્રાલેખ બન્યો. આમ, આપણે આર્યસમાજની સ્થાપના અને સ્વામી દયાનંદ સરસ્વતીએ કરેલા ધર્મ સુધાર અંગે જોઈશું*

### 9.3.1 આર્યસમાજની સ્થાપના

*સૌરાષ્ટ્રના ટંકારા ગામે જન્મેલ સ્વામી દયાનંદ સરસ્વતી (1824-83) દ્વારા 1875માં મુંબઈ ખાતે તેની સ્થાપના કરવામાં આવી હતી. ઓગણીસમી સદીમાં ઈંગ્લૅંડે ભારત પર*

*રાજકીય વર્ચસ્વ જમાવ્યું. તેના પગલે પગલે પશ્ચિમ તરફથી ભારત પર ધાર્મિક અને સાંસ્કૃતિક આક્રમણ શરૂ થયું. આ આક્રમણ મુખ્યત્વે ખ્રિસ્તી ધર્મ, અંગ્રેજી ભાષા અને પાશ્ચાત્ય ઢબની શિક્ષણપ્રણાલીના માધ્યમ દ્વારા કરવામાં આવતું હતું. એ વખતે હિંદુ ધર્મની સ્થિતિ રૂઢિગ્રસ્ત અને જડ હતી. ભારતના જુદા જુદા પ્રદેશોમાં ફેલાયેલા મિશનરીઓ તેનાં છિદ્રો ભારતના લોકો સમક્ષ ખુલ્લાં કરતા હતા. તેની અસર અંગ્રેજી શિક્ષણપ્રથામાં ઊછરેલા નવા 'શિક્ષિત' વર્ગ પર ઝડપથી થઈ રહી હતી. તે સિવાયના લોકોને અને ખાસ કરીને ગરીબ વર્ગના લોકોને જુદા જુદા પ્રકારનાં પ્રલોભનો આપીને ખ્રિસ્તી ધર્મના પ્રચારકો ભારતમાં ધર્માન્તરની ઝૂંબેશ ચલાવતા હતા. ભારતમાં ખ્રિસ્તીઓના આગમન પહેલાં પણ દેશ પર આવાં આક્રમણો થયાં હતાં ખરાં, છતાં તેનો સામનો કરવા માટે કે તેને ટાળવા માટે સામૂહિક અને સંગઠિત સ્તર પર કોઈ વ્યવસ્થિત પ્રયાસ થયા ન હતા. ખ્રિસ્તીઓના સાંસ્કૃતિક આક્રમણ સામે સંગઠિત રીતે મુકાબલો કરી ભારતનો મૂળ વૈદિક ધર્મ તથા પ્રાચીન ભારતીય જીવનપ્રણાલી ટકાવી રાખવા, દેશની પ્રજામાં પોતાની સંસ્કૃતિ પ્રત્યે સભાનતા જાગ્રત કરવા તથા દેશમાં નિર્ભેળ રાષ્ટ્રવાદનો પાયો નાખવાના ઐતિહાસિક કાર્યમાં આર્યસમાજ મોખરે રહ્યો છે.*

### 9.3.2 આર્યસમાજના સિદ્ધાંતો

*સનાતન વૈદિક ધર્મના સિદ્ધાંતોથી હિંદુ ધર્મ વિચલિત થયેલો હોવાથી તેમાં જે ક્રમશઃ વિકૃતિઓ દાખલ થઈ તે દૂર કરી સનાતન ધર્મની પુનઃસ્થાપના કરવી એ આર્યસમાજનો વિધિમંત્ર હતો. આર્યસમાજના દસ મહત્વના સિદ્ધાંતો છે :*

1. *પરમેશ્વર એ જ જ્ઞાનનું ઉદ્ગમબિંદુ છે અને વસ્તુઓના આદિકારણનો સ્રોત પણ તે જ છે.*
2. *ઈશ્વર સચ્ચિદાનંદ-સ્વરૂપ, અનાદિ, અનંત, નિરાકાર, નિષ્કલંક, સર્વશક્તિમાન, સર્વસાક્ષી, પરમન્યાયી, દયાળુ, સમગ્ર વિશ્વનો નિર્માતા, શાસક અને પાલક છે અને તેથી તેની ભક્તિ કરવી.*
3. *વેદ એ જ અંતિમ સત્ય છે, સમગ્ર સાચા જ્ઞાનનો ઉદગમ વેદમાંથી જ થયેલો છે; તેથી તેનું અધ્યયન અને મનન કરવું એ પ્રત્યેક આર્યનું કર્તવ્ય છે. જે વેદને પ્રમાણ માને તે જ આર્ય કહેવાય.*
4. *દરેકે સત્યનો સ્વીકાર કરી ધર્મનું પાલન, આચરણ કરવું.*
5. *માનવજાતિના આધિભૌતિક, આધ્યાત્મિક, સામાજિક ઇત્યાદિ કલ્યાણ માટે દરેકે સતત પ્રયત્ન કરવો.*
6. *દરેકે એકબીજા સાથે પ્રેમ અને ન્યાયસંગત વ્યવહાર કરવા.*
7. *દરેકે જ્ઞાનના પ્રચાર અને પ્રસારમાં સક્રિય ફાળો આપવો.*
8. *અન્યના ઉત્કર્ષમાં જ પોતાનો ઉત્કર્ષ છે એમ માનવું.*
9. *દરેક માનવી મતસ્વાતંત્ર્યનો અધિકારી છે.*

10. *આર્યધર્મમાં નિષ્ઠા રાખનાર દરેકે પરસ્પરના મતભેદ ભૂલી જઈ એકબીજા સાથે સમાન વ્યવહાર કરવો.*

*આર્યસમાજના સિદ્ધાંતો અને માન્યતાઓનો એક ચોક્કસ મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો હતો અને 28 નિયમો ઘડી કઢાયા હતા. મુંબઈમાં 1875માં આર્યસમાજની સ્થાપના થઈ તે પછી ઈ.સ. 1877માં લાહોરમાં તેના નિયમોને માત્ર દસ નિયમોમાં સમાવી લેવામાં આવ્યા. આર્યસમાજના સભ્ય થતી વખતે દરેક વ્યક્તિએ આ દસ નિયમોનું પાલન કરવાની પ્રતિજ્ઞા લેવાની હોય છે. તેમાં આઠ નિયમોની નીતિમત્તાને આધારિત સર્વસામાન્ય જેવા છે. જેની સામે કોઈને કશો વિરોધ હોઈ શકે નહિ. બાકીના બે નિયમો આર્યસમાજના વિશિષ્ટ કહી શકાય કે જેથી તે બીજી બધી માન્યતાઓથી જુદો પડે છે. :1: આર્યસમાજ એક જ ઈશ્વરમાં માને છે અને તેથી ઈશ્વર સિવાય કોઈની ભક્તિ થઈ શકે નહિ. :2: વેદો જ સાચા જ્ઞાનનો સંગ્રહ છે માટે દરેક આર્યસમાજીએ તેમને વાંચવા એ તેમની ફરજ છે અને વાંચીને બીજાઓને તે સમજાવવા એ પણ આર્યસમાજીઓનું કામ છે. આમ જોઈએ તો માત્ર આ છેલ્લો નિયમ જ આર્યસમાજની વિશિષ્ટતા કહી શકાય કારણ એક ઈશ્વરમાં જ માનવાની અને તેને ભજવાની વાત તો ઘણા ધર્મોએ કરી છે અને હિંદુ ધર્મમાં ઘણા પંથોએ કરી જ છે.*

*આર્યસમાજની પોતાના અનુયાયીઓને હાકલ છે કે દરેકે રોજ પંચમહાયજ્ઞ કરવા. તેમાં બ્રહ્મયજ્ઞ, દેવયજ્ઞ, પિતૃયજ્ઞ, અતિથિયજ્ઞ અને બલિયજ્ઞનો સમાવેશ થાય છે.*

### 9.3.3 આર્યસમાજની પ્રવૃત્તિઓ

*આર્યસમાજ જાતિભેદ કે જન્મસિદ્ધ જ્ઞાતિભેદ અને અસ્પૃશ્યતાને સ્વીકારતો નથી. દરેકના ગુણકર્મ દ્વારા તેનો વર્ણ નક્કી થાય તેમાં તેની આસ્થા છે. તેવી જ રીતે મૂર્તિપૂજા, અંધશ્રદ્ધા, અવતારવાદ, વ્રત, તીર્થસ્થાનો, પૌરાણિક અનુષ્ઠાન વગેરેમાં તેને શ્રદ્ધા નથી. આર્યસમાજે તેની સ્થાપના સાથે જ સમાજ સુધારાનું બીડું ઉઠાવ્યું હતું અને વિધવા વિવાહ તથા અસ્પૃશ્યોદ્ધાર જેવા કાર્યક્રમો હાથ ધર્યા હતા; એટલું જ નહિ, પરંતુ સ્ત્રીકેળવણી, આંતરજાતીય લગ્નપ્રથા, શારીરિક શિક્ષણ તથા ધર્માંતર કરી અન્ય ધર્મમાં જતા રહેલા મૂળ હિંદુ ધર્મના અનુયાયીઓને પાછા હિંદુ ધર્મમાં લેવા માટેના શુદ્ધિપ્રયોગ હાથ ધર્યા હતા. 1921માં મલબારમાં મુસલમાનોએ બંડ કર્યું અને હજારો અન્ય ધર્મીઓને બળપૂર્વક મુસલમાન બનાવ્યા હતા. આર્યસમાજે આ રીતે ધર્માંતરનો ભોગ બનેલા હજારો લોકોને ફરી હિંદુ ધર્મમાં પ્રસ્થાપિત કર્યા હતા.*

*આર્યસમાજની સૌથી વધુ નોંધપાત્ર સેવાઓ સામાજિક-સુધારણા અને શિક્ષણનો ફેલાવો કરવામાં રહેલી છે. અસ્પૃશ્યતા, સ્ત્રીશિક્ષણ, જ્ઞાતિબંધનો શિથિલ કરાવવાં, પુનર્લગ્નને ઉત્તેજન આપવું, બાળલગ્ન અટકાવવાં, દુષ્કાળરાહત જેવાં ક્ષેત્રોમાં તેની સેવાઓ ગણનાપાત્ર છે. 1886માં લાહોરમાં સ્થપાયેલ "દયાનંદ ઍંગ્લો- વેદિક સ્કૂલ" જે ટૂંક સમયમાં કૉલેજમાં ફેરવાઈ ગઈ તે અન્ય સ્થળોએ આર્યસમાજ દ્વારા સ્થપાયેલી શિક્ષણ*

*સંસ્થાઓ માટે નમૂનારૂપ બની. દેશમાં જુદી જુદી જગ્યાએ "દયાનંદ એંગ્લો-વેદિક" નામે ઓળખાયેલી શિક્ષણ સંસ્થાઓએ આધુનિક અને પૌરાણિક અભ્યાસ વચ્ચે સમન્વય સાધવાના પ્રયાસો કર્યા. આર્યસમાજનું સનાતની જૂથ એમ માનતું હતું કે સ્વામી દયાનંદના વિચારો પ્રમાણે આ સંસ્થાઓના અભ્યાસક્રમો નથી. તેથી એ જૂથે 1902માં હરદ્વારમાં ગુરૂકુળ પાઠશાળાની સ્થાપના કરી. પાઠશાળાનો હેતુ જીવનમાં વેદ પ્રમાણેનો આદર્શ ફેલાવવાનો હતો.*

*પશ્ચિમ તથા ઉત્તર ભારતમાં આર્યસમાજને સવિશેષ ટેકો સાંપડ્યો હતો. ત્યાં તેણે ગુરૂકુળ, મહાવિદ્યાલયો, માધ્યમિક શાળાઓ, અનાથાલયો, વિધવાશ્રમ વગેરેની સ્થાપના કરી હતી. હરદ્વાર પાસે તેના નેજા હેઠળ ગુરૂકુળ કાંગડી વિશ્વવિદ્યાલયની સ્થાપના પણ કરવામાં આવી. ભારત બહાર પણ આ સંસ્થાએ પ્રવૃત્તિ વિસ્તારી હતી. તેમાં મ્યાનમાર (બ્રહ્મદેશ), થાઈલૅન્ડ, મલેશિયા (મલાયા), ત્રિનિદાદ તથા આફ્રિકાના કેટલાક પ્રદેશોમાં તેણે કરેલ પ્રવૃત્તિ વિશેષ ઉલ્લેખનીય રહી છે.*

*ભારતના લોકોમાં પોતાના ભૂતકાળ વિશે ગૌરવ, આત્મવિશ્વાસ અને શ્રદ્ધા પ્રેરીને આર્યસમાજે રાષ્ટ્રીય શિક્ષણ દ્વારા રાષ્ટ્રવાદની જડ મજબૂત કરવામાં નોંધપાત્ર ફાળો આપ્યો છે.*

*સંસ્થાના સ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતી (મૂળ નામ મૂળશંકર કરસનજી ત્રિવેદી) ઉપરાંત તેના કેટલાક અગ્રણી નેતાઓમાં સ્વામી શ્રદ્ધાનંદ* (1856-1926) *નો ઉલ્લેખ નોંધપાત્ર ગણાય. લાલા લજપતરાય પણ આર્યસમાજના અનુયાયી હતા.*

### 9.3.4 આર્યસમાજ અને દયાનંદ સરસ્વતી

*સૌરાષ્ટ્રના મોરબીમાં જન્મેલા દયાનંદ સરસ્વતીએ (મૂળશંકર) ઈ.સ.* 1875*માં આર્યસમાજની સ્થાપના કરી. આર્યસમાજની વિચારસરણી બ્રાહ્મોસમાજ કરતાં તદ્દન ઊંધી દિશામાં વહેતી હતી. વેદોને તેમાં અંતિમ સત્ય તરીકે ઓળખાવ્યા છે. દયાનંદ સરસ્વતી કર્મ અને પુનર્જન્મમાં માનતા હતા. ઉપનયન સંસ્કાર, હોમ હવન કરવાં જ જોઈએ તેમ માનતા હતા. પુરાતન, શુદ્ધ આર્ય સંસ્કૃતિમાં જે કાંઈ દૂષણો પેસી ગયાં હતાં તે બધાંના પણ તેઓ કટ્ટર વિરોધી હતા. દયાનંદ સરસ્વતી થોડાઘણા ભણેલા લોકોને ઉદ્દેશીને નહિ પરંતુ સામાન્ય જનોને ઉદ્દેશીને ધર્મની વાતો કરતા. આપણા ધર્મ વિષે અભ્યાસ અને ચિંતન કર્યા પછી તેમણે "સત્યપ્રકાશ" નામનો ગ્રંથ તૈયાર કર્યો હતો જેમાં તેમણે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. દયાનંદ માનતા હતા કે ચાર વેદો ઈશ્વરે પોતે કહેલા છે અને તેમાં કોઈ ભૂલ હોઈ શકે જ નહિ, કશું ખોટું હોઈ શકે જ નહિ. વ્યક્તિનો વર્ણ તેના ગુણ ઉપરથી નક્કી કરવો ઘટે, જન્મથી નહિ, યજ્ઞો કરવા જોઈએ જેથી વાતાવરણ વિશુદ્ધ બને એમ દયાનંદ માનતા.*

*ઈ. સ.* 1865*થી તેમના સેવામય જીવનની શરૂઆત થઈ. તેમણે ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને પંજાબમાં વધુ સમય રહીને તથા વખતોવખત બિહાર, મધ્યપ્રદેશ તથા મુંબઈના*

*પ્રવાસો કરીને વેદો પર આધારિત હિંદુ ધર્મ લોકોને સમજાવ્યો. તેઓ મૂર્તિપૂજાનો વિરોધ કરતા અને વેદોમાં તેને સમર્થન આપતા આધારો નથી એમ જણાવતા. આ અંગે તેમણે વિવિધ સ્થળોએ પ્રસિદ્ધ પંડિતો સાથે વિવાદો કરીને વિજય મેળવ્યો. પોતાના વિચારોનો પ્રચાર અને અમલ થાય તે માટે તેમણે ઈ. સ. 1875માં મુંબઈમાં આર્યસમાજની સ્થાપના કરી. પંજાબ, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન અને ત્યારના મુંબઈ ઈલાકામાં તેમણે આર્યસમાજની સો જેટલી શાખાઓ તથા કેટલેક સ્થળે સંસ્કૃત પાઠશાળાઓ સ્થાપી. તેઓ વેદોના પ્રખર વિદ્વાન હતા. વેદોમાં ન હોય એવા, પાછળથી ધર્મમાં પ્રવેશેલા ક્રિયાકાંડોના તેઓ વિરોધી હતા. તેમણે મૂર્તિપૂજા, અવતારવાદ, મૃત્યુ પછીના ક્રિયાકાંડ, બહુદેવવાદ અને બાળલગ્નનો વિરોધ કર્યો. વ્યક્તિની ફરજ તરીકે તેમણે સમાજસેવાને મહત્વ આપ્યું. સ્ત્રીઓ અને શૂદ્રો પણ ધર્મશાસ્ત્રો વાંચી શકે એમ જણાવ્યું. ભારતના ભવ્ય ભૂતકાલીન વારસાની લોકોને પ્રતીતિ કરાવી. તેમણે સ્ત્રીઓને સમાન દરજ્જો આપવાની તથા રાષ્ટ્રીય શિક્ષણની હિમાયત કરી. આર્યસમાજ તરફથી ધરતીકંપ, દુષ્કાળ કે રોગચાળા જેવી કુદરતી આપત્તિ વખતે માનવસેવાનાં કાર્યો કર્યાં. દયાનંદે 'સત્યાર્થપ્રકાશ' નામનો ગ્રંથ લખ્યો. તેમાં હિંદુઓને લગતી ધાર્મિક, સામાજિક અને રાજકીય બાબતો સમજાવવામાં આવી છે. આ ગ્રંથના ગુજરાતી સહિત ભારતની ઘણીખરી ભાષાઓ તથા અંગ્રેજી ભાષામાં અનુવાદો થયા છે. તેમણે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ પર ભાષ્યો સહિત સંસ્કૃત તથા હિન્દીમાં અનેક પુસ્તકો લખ્યાં. તેમાં સંસ્કૃત વ્યાકરણ, પ્રાર્થના, હિંદુઓના સોળ સંસ્કાર આદિનો સમાવેશ થાય છે. દયાનંદે ખ્રિસ્તી થયેલા હિન્દુઓનું શુદ્ધીકરણ કરી તેમને પોતાના ધર્મમાં પાછા લેવાની તથા અસ્પૃશ્યોના ઉદ્ધારની પ્રવૃત્તિ શરૂ કરી. તેઓ કુરિવાજોના વિરોધી હતા. તેમણે 'પરોપકારિણી સભા'ની સ્થાપના કરીને પોતાની બધી સંપત્તિ વેદોના પ્રચાર, વેદોના શિક્ષણ તથા નિર્ધનોને મદદ માટે તેને સોંપી દીધી. ઈ. સ.1883માં, દૂધમાં વિષ આપી દ્વેષગ્રસ્ત વિરોધીઓએ તેમની હત્યા કરી.*

*'બ્રહ્મો-સમાજ', 'પ્રાર્થના-સમાજ'ના નેતાઓ સાથે દયાનંદ સરસ્વતી સંપર્કમાં આવે નહિ એવું તો બને જ નહિ. આ બધાની વચ્ચે પરસ્પર વિચારોનું આદાનપ્રદાન અને વાદવિવાદ થતા જ રહેતા હતા, એકબીજાના વિચારોની પરસ્પર અસરો પણ ઉપજતી હતી. કેશવચંદ્ર સેનના કહેવાથી સ્વામી દયાનંદે સંસ્કૃત છોડીને હિંદીમાં પ્રવચનો કરવાનું શરૂ કર્યું. જેનાથી તેઓ મોટા જનસમૂહ સુધી પોતાની વાત પહોંચાડી શકયા.*

*આર્યસમાજ તે સમયની હિંદુ સામાજિક રૂઢિઓનો સખ્ત વિરોધ કરતો જ હતો. તે મૂર્તિપૂજાનો વિરોધ કરતો હતો, પ્રાણીઓનો બલિ ચઢાવવાનો પિતૃપૂજાનો વિરોધ કરતો હતો. બ્રાહ્મણોનું વર્ચસ્વ, જ્ઞાતિપ્રથા, અસ્પૃશ્યતા, બાળલગ્ન વગેરે પ્રચલિત રૂઢિઓનો આર્યસમાજ વિરોધ કરતો હતો. આર્યસમાજને મતે આ બધી રૂઢિઓ અને વિધિઓ વેદપ્રમાણિત ન હતી. વેદોનું સર્વોચ્ચ સ્થાન સ્વીકારતો એવો એક સાર્વત્રિક ધર્મ જેમાં ઊંચ-નીચના ભેદભાવ ન હોય તેને પ્રસારવાની આર્યસમાજની નેમ હતી. આર્યસમાજની આ વિચારધારાને કારણે હિંદુ સમાજમાં સુધારા અંગે વધારે સભાનતા પ્રગટી અને*

સુધારાઓ સ્વીકાર્ય બનવા લાગ્યા. આર્યસમાજની સ્થાપના મુંબઈમાં એક ગુજરાતીને હાથે થઈ પરંતુ તેની કર્મભૂમિ મોટે ભાગે પંજાબ રહ્યું. ગુજરાત અને મહારાષ્ટ્રમાં આર્યસમાજ પ્રવૃત્તિ ચાલતી રહી પરંતુ તેની સહુથી વધારે અસર પંજાબના લોકો ઉપર પડી.

ગુજરાતમાં ઈ.સ. 1874માં રાજકોટ મુકામે સ્વામી દયાનંદ સરસ્વતી આર્ય સમાજની વિચારધારા લોકો સમક્ષ રજુ કરી હતી બાદમાં રાજકોટ, જૂનાગઢ, ભાવનગર, જામનગર, વીરપુર, પોરબંદર વગેરે સ્થળોએ સ્વામીજીના અનુયાયી શંકરાનંદજીએ આર્ય સમાજની સ્થાપનામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. સમાજ સુધારણાના કાર્યો સાથે કન્યા કેળવણીને મહત્વ, આર્ય સમાજે સ્ત્રીઓની સ્થિતિ સુધારવામાં મહત્વની ભૂમીકા ભજવી હતી. જામનગરની સ્વામી દયાનંદ સરસ્વતી કન્યા વિધાલય, ભાવનગરની ડી.એ.વી. (દયાનંદ એંગલો વનોક્યુંલર) તથા પોરબંદરનું આર્ય કન્યા ગુરુકુળ આના જીવંત ઉદાહરણો છે. આ ઉપરાંત કુદરતી આફતો વખતે પણ સૌરાષ્ટ્રના જુદા-જુદા વિસ્તારની આર્યસમાજ સંસ્થાએ સક્રિય ભૂમિકા ભજવીને લોકો સુધી રાહત પહોંચાડવાનું કાર્ય કરેલ છે. સૌરાષ્ટ્રમાં 1930 પહેલા આર્યસમાજોને ઓછી સફળતા મળી હતી. જે 1930 પછી વધુ વિકસિત બન્યા હતા. સામાજિક રૂઢીચુસ્તતાના વિરોધરૂપે પણ સ્થાનિક નિમ્ન વર્ગના લોકો પણ આર્ય સમાજ સાથે જોડાયા હતા. આમ સૌરાષ્ટ્રમાં આઝાદી પહેલા સમાજ સુધારણાની ચળવળમાં તેમજ સ્ત્રીઓની સ્થિતિ સુધારવા માટે, તથા શિક્ષણ ક્ષેત્રે સક્રિય પણે આર્ય સમાજે ભૂમિકા ભજવી હતી અને આજે પણ આર્ય સમાજ તેમની પ્રવૃતિઓને આગળ ધપાવી રહ્યું છે.

દયાનંદ પોતે કદાચ એવા પ્રથમ ભારતીય હતા જેમણે 'સ્વદેશી' (Swadeshi) અને 'ભારત ભારતીયો માટે' (India for Indians) જેવાં હૃદયસ્પર્શી સૂત્રો આપ્યાં. મહાત્મા ગાંધીના રચનાત્મક કાર્યનો મૂળભૂત પાયો તેમણે તૈયાર કર્યો હતો એમ કહેવું અતિશયોક્તિભર્યું નહિ ગણાય.

દયાનંદ સરસ્વતીએ રાષ્ટ્રીય શિક્ષણ ઉપર ખૂબ ભાર મૂકયો હતો. તેઓ જયાં જતા ત્યાં સંસ્કૃત પાઠશાળાઓ ખોલવાનો અનુરોધ કરતા. શિક્ષણપ્રવૃત્તિ એ આર્યસમાજનું મોટું અંગ હતું. લાહોરની દયાનંદ એંગ્લો-વેદિક કોલેજ અને કાંગરીનું ગુરૂકુલ એ આર્યસમાજની શિક્ષણ પ્રવૃત્તિની સાખ પૂરતી મોટી સંસ્થાઓ છે. આર્યસમાજના ગુરુકુલો દેશના કેટલાંય ગામો, શહેરોમાં પથરાયેલાં હજી પણ છે.

વિધિની વક્રતાએ કટ્ટર હિંદુવાદી એવા આર્યસમાજનું મુખ્ય કેન્દ્ર લાહોર પાકિસ્તાનમાં ગયું અને આર્યસમાજને ખૂબખૂબ સહેવું પડયું. છતાં ભારતમાં કેટલેય સ્થળે આર્યસમાજની પ્રવૃત્તિઓ હજી ચાલતી રહી છે. આ ઉપરાંત આર્ય સમાજે દેશભરમાં અનેક રાજયો અને શહેરોના સમાજ સુધારણાની પ્રવૃતિઓ કરી હતી.

18મી સદીના અંત સાથે ભારતમાં રાજકીય ક્ષેત્રે જે અંધાધૂધી ફેલાયેલી હતી તેમજ પાશ્ચાત્ય લોકો એ ભારતીય પ્રજાને ગુલામીની જંજીરમાં જકડી લીધી હતી તેના જ

*પરિણામે ભારતીય સમાજ વ્યવસ્થાને પણ બહુ મોટા પ્રમાણમાં હાનિ પહોંચી હતી. 19મી સદીમાં ભારતીય રાજકીય તેમજ સામાજિક વ્યવસ્થામાં ફેલાયેલી અંધાધૂંધીને દૂર કરવા માટે સામાજિક ધાર્મિક સુધારણા ચળવળો શ્રીગણેશ થયા હતા. જેમાં અનેક સંસ્થાઓએ મહત્વની ભૂમિકા ભજવી હતી અને તેમાંની એક સંસ્થાઓ પૈકી આર્ય સમાજ તથા 'પ્રાર્થના-સમાજ'ની પ્રવૃત્તિઓ મોખરે હતી. અંગ્રેજો અને અન્ય યુરોપિયન જાતિઓએ ભારતીય પ્રજાને વિશ્વ સમક્ષ જંગલી અને અજ્ઞાની સાબિત કરવાના પ્રયાસો કર્યા હતા. આ પ્રયાસોને સ્વામી દયાનંદ સરસ્વતી તથા તેમના અનુયાયીએ નિષ્ફળ બનાવવા માટે તત્કાલીન ભારતીય સમાજને વેદોથી પરિચિત કરવાના પ્રયાસો શરૂ કર્યા હતા. સામાન્ય માણસો સુધી વેદોને પહોંચાડવા માટે વેદોનો હિન્દીમાં અનુવાદ કરવામાં આવ્યો હતો. પાશ્ચાત્ય વિચારસરણીની વૈદિક વિચાર ધારાનો પ્રચાર કરીને આર્ય સમાજે ભારત દેશમાં ઈસાઈ મિશનરીઓની વટોળ પ્રવૃતિઓને અટકાવવાના પ્રયાસો શરૂ કર્યા હતા. આ ઉપરાંત ધર્માંતર કરેલ લોકોને આર્ય સમાજે પુનઃ હિન્દુ ધર્મમાં પ્રવેશ આપીને સમાજના લોકોની અનન્ય સેવા કરી હતી.*

**(ખ) તમારી પ્રગતિ ચકાસો.**

**(A) નિમ્નલિખિત પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો.**

1. *સ્વામી દયાનંદ સરસ્વતીએ ક્યારે આર્યસમાજની સ્થાપના કરી હતી ?*
2. *હરદ્વાર પાસે આર્યસમાજના નેજા હેઠળ કઈ વિશ્વ વિદ્યાલયની સ્થાપના પણ કરવામાં આવી હતી ?*
3. *સ્વામી દયાનંદ સરસ્વતીએ કયો ગ્રંથ લખ્યો હતો.*
4. *આર્યસમાજના અનુયાયીઓને રોજ કરવાના પંચમહાયજ્ઞમાંના કયા કયા હતા ?*
5. *આર્યસમાજનું કયું મુખ્ય કેન્દ્ર પાકિસ્તાનમાં છે ?*

**(B) નીચે આપેલ વાક્ય સાચાં (✓) છે કે ખોટાં (×) ? તપાસો.**

1. *આર્યસમાજના દસ મહત્વના સિદ્ધાંતો છે.*
2. *ઈ.સ. 1877માં લાહોરમાં આર્યસમાજના નિયમોને માત્ર દસ નિયમોમાં સમાવી લેવામાં આવ્યા હતા.*
3. *સ્વામી દયાનંદ સરસ્વતીનું મૂળ નામ મૂળશંકર કરસનજી દ્વિવેદી હતું.*
4. *સામાજિક રૂઢીચુસ્તતાના વિરોધરૂપે પણ સ્થાનિક નિમ્ન વર્ગના લોકો પણ આર્ય સમાજ સાથે જોડાયા હતા.*
5. *આર્યસમાજે મૂર્તિપૂજા, અવતારવાદ, મૃત્યુ પછીના ક્રિયાકાંડ, બહુદેવવાદ અને બાળલગ્નનો વિરોધ કર્યો નહિ.*

**(C) સ્વામી દયાનંદ સરસ્વતીના સમાજ સુધારણા માટેના કાર્યો અંગે ટૂંકમાં જણાવો.**

______________________________________________

______________________________________________

______________________________________________

## 9.4 સારાંશ

*ઓગણસમી સદી દરમિયાન અને પછીના સમયમાં ભારતમાં ધાર્મિક અને સામાજિક ક્ષેત્રમાં તથા અન્ય વિવિધ ક્ષેત્રોમાં ધરખમ વિકાસ થયો. વિવિધ પાશ્ચાત્ય જ્ઞાનવિજ્ઞાનના સંપર્કના કારણે ભારતમાં તેની ઊંડી અસરો પડવાની શરૂ થઈ. ભારતે તેની મધ્યકાલીન અવસ્થામાંથી બહાર આવી આધુનિક યુગમાં પ્રવેશ કર્યો. એમ પણ કહી શકાય કે ભારતમાં પુનર્જાગૃતિ (રેનેસાં)નો આરંભ ઓગણીસમી સદીથી થયો. તેમાં વિવિધ ધાર્મિક અને સામાજિક સુધારણા સંસ્થાઓની સ્થાપના એ મુખ્ય પરિબળ રહ્યું હતું. 'બ્રહ્મો-સમાજ', 'પ્રાર્થના-સમાજ', આર્યસમાજ અને રામકૃષ્ણ મિશન જેવી સંસ્થાઓએ અગ્રણી તરીકે ભૂમિકા ભજવી છે. તેના દ્વારા લોકોએ ધાર્મિક અને સામાજિક પરિવર્તનની દિશામાં પ્રગતિ કરી. આમ, ઉપરોક્ત મુજબ આપણે 'પ્રાર્થના-સમાજ' અને આર્યસમાજની સમાજ ઉત્થાનની વિવિધ પ્રવૃત્તિઓનું મૂલ્યાંકન કર્યું.*

## 9.5 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

*(ક)* (A) 1. *મુંબઈ,* 2. *ડૉ. આત્મારામ પાંડુરંગ,* 3. *મહાદેવ ગોવિંદ રાનડે,* 4. *ભક્તિસભા,* 5. *સત્યેન્દ્રનાથ ટાગોર*

(B) 1 - *ખરું* 2 - *ખરું* 3 - *ખોટું* 4 - *ખરું* 5 - *ખરું.*

(C) 1.2 *ના મુદ્દાઓને આધારે જવાબ લખો.*

*(ખ)* (A) 1. 1875 2. *ગુરુકુળ કાંગડી વિશ્વવિદ્યાલય* 3. *સત્યાર્થપ્રકાશ* 4. *બ્રહ્મયજ્ઞ, દેવયજ્ઞ, પિતૃયજ્ઞ, અતિથિયજ્ઞ અને બલિયજ્ઞ* 5. *લાહોર*

(B) 1 - *ખરું* 2 - *ખરું* 3 -*ખોટું* 4 - *ખરું* 5 - *ખોટું*

(C) 1.3 *ના મુદ્દાઓને આધારે જવાબ લખો.*

## 1.6 બહુવૈકલ્પિક પ્રશ્નો

1. *'બ્રહ્મો-સમાજ'ના કયા નેતાએ મુંબઈમાં આપેલ પ્રવચનોના પરિણામે 'પ્રાર્થના-સમાજ'ની સ્થાપના કરવામાં આવી હતી.*

   A. *આત્મારામ પાંડુરંગ* B. *કેશવચંદ્ર સેન*

   C. *મહાદેવ ગોવિંદ રાનડે* D. *ભોળાનાથ સારાભાઈ*

2. *'પ્રાર્થના-સમાજે' પોતાના ચાર મુખ્ય ધ્યેય નક્કી કર્યા હતા. નિમ્નલિખિત કયો ઉદ્દેશ્ય ન હતો ?*

A. *જ્ઞાતિવિહીન સમાજનો આદર્શ* B. *વિધવા પુનર્લગ્નને માન્યતા*

C. *સ્ત્રી શિક્ષણને પ્રોત્સાહન* D. *બાળલગ્નને પ્રોત્સાહન*

3. *ભોળાનાથને 'પ્રાર્થના-સમાજ'નું નામ બદલાવીને આર્યસમાજ રાખવા કોણે સૂચવ્યું હતું ?*

A. *મહિપતરામ નીલકંઠ* B. *લાલશંકર ઉમિયાશંકર*

C. *મહર્ષિ દયાનંદ* D. *સત્યેન્દ્રનાથ ટાગોર*

4. *નિમ્નલિખિત કોણ 'પ્રાર્થના-સમાજ'ના ઉપપ્રમુખ તરીકે પણ રહ્યા હતા, જે મૂર્તિપૂજાની તરફેણમાં હતા.*

A. *રણછોડલાલ છોટાલાલ* B. *અંબાલાલ સાકરલાલ*

C. *નવલરામ* D. *ગોપાલ હરિ દેશમુખ*

5. *નિમ્નલિખિત કોણ 'પ્રાર્થના-સમાજ' સાથે જોડાયેલું ન હતું ?*

A. *શ્રીમન્નસિંહાચાર્ય* B. *રમભાઈ નીલકંઠ*

C. *બાબુ પ્રતાપચંદ્ર મજૂમદાર* D. *આત્મારામ પાંડુરંગ*

6. *આર્યસમાજના મહત્વના સિદ્ધાંતો સાથે સંબંધિત નથી.*

A. *દરેક માનવી મતસ્વાતંત્ર્યનો અધિકારી છે.*

B. *દરેકે સત્યનો સ્વીકાર કરી ધર્મનું પાલન, આચરણ કરવું.*

C. *પરમેશ્વર એ જ જ્ઞાનનું ઉદ્ગમબિંદુ છે.*

D. *પ્રાચીન જ્ઞાતિ આધારિત સમાજનું નિર્માણ કરવું.*

7. *નિમ્નલિખિત આર્યસમાજની માન્યતા સાથે સંબંધિત નથી.*

A. *અવતારવાદ અને પૌરાણિક અનુષ્ઠાન વગેરેમાં માને છે.*

B. *આર્યસમાજ એક જ ઈશ્વરમાં માને છે.*

C. *વેદો જ સાચા જ્ઞાનનો સંગ્રહ છે.*

D. *જન્મસિદ્ધ જ્ઞાતિભેદ અને અસ્પૃશ્યતાને સ્વીકારતો નથી.*

8. *નિમ્નલિખિત કયા રાષ્ટ્રીય નેતા આર્યસમાજના અનુયાયી હતા.*

A. *લાલા હરદયાલ* B. *લાલા લજપતરાય*

C. *સુભાષચંદ્ર બોઝ* D. *જવાહરલાલ નહેરુ*

9. *આર્યસમાજની મુખ્ય કર્મભૂમિ મોટે ભાગે કયા રાજ્યમાં રહી, જેના લીધે સહુથી વધારે અસર ત્યાંના લોકો ઉપર પડી હતી.*

A. *ગુજરાત* B. *મહારાષ્ટ્ર*

C. *ઉત્તરપ્રદેશ* D. *પંજાબ*

10. *નિમ્નલિખિત કોના કહેવાથી સ્વામી દયાનંદે સંસ્કૃત છોડીને હિંદીમાં પ્રવચનો કરવાનું શરૂ કર્યું. જેનાથી તેઓ મોટા જનસમૂહ સુધી પોતાની વાત પહોંચાડી શક્યા.*

A. *રાજારામ મોહનરાય* B. *સત્યેન્દ્રનાથ ટાગોર*

C. *કેશવચંદ્ર સેન* D. *મહર્ષિ દેવેન્દ્રનાથ ટાગોર*

*જવાબ :* 1 - B, 2 - D, 3 - C, 4 - A, 5 - C, 6 - D, 7 - A, 8 - B, 9 - D, 10 - C.

## 9.7 સ્વાધ્યાય

1. *'પ્રાર્થના-સમાજ' અને ભોલાભાથ સારાભાઈની સમાજ સુધારણા પ્રવૃત્તિઓ અંગે વિસ્તૃત નોંધ લખો.*
2. *આર્યસમાજ અને મહર્ષિ દયાનંદની સમાજ ઉત્થાનની પ્રવૃત્તિઓનું આલેખન કરો.*
3. *'પ્રાર્થના-સમાજ' અને આર્યસમાજની સમાજ ઉત્થાનની પ્રવૃત્તિઓનું મહત્વ સમજાવો.*

## 9.8 સંદર્ભો


1. *શાસ્ત્રી, હરિપ્રસાદ ગંગાશંકર, પરીખ, પ્રવિણચંદ્ર ચીમનલાલ, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ -* 8, *બ્રિટિશકાળ (ઈ. સ.* 1914 *સુધીનો), ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ,* 1984.
2. *મુનશી, વાસંતી, ગુજરાતમાં જાગૃતિની લહેરો - નવચેતનાથી સ્વાતંત્ર્યસિદ્ધિ, પ્રકાશન વિભાગ, માહિતી અને પ્રસારણ વિભાગ, નવી દિલ્હી,* 2000.
3. *પરીખ, આર. જી., ભારતનો ઈતિહાસ* 1818 - 1885, *યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ,* 2011.
4. *રાજગોર, શિવપ્રસાદ, અર્વાચીન ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ,* 1998.
5. *પટેલ, જિતેન્દ્ર, આપણા સમાજસુધારકો, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ,* 2012.
6. https://guja®aivishwakosh.org/*આર્યસમાજ, દયાનંદ સરસ્વતી*

એકમ - 10

# ગુજરાત સભા, 1884 અને લેડીઝ ક્લબ 1888 ની સમાજ સુધારણા પ્રવૃત્તિઓ

:: રૂપરેખા ::

**10.1 ગુજરાત સભા, 1884 ની સમાજ સુધારણા પ્રવૃત્તિઓ**

**10.1.1 ભૂમિકા**

**10.1.2 સ્થાપના અને સ્થાપક**

**10.1.3 સંસ્થાના ઉદ્દેશો**

**10.1.4 સંસ્થાના જાગૃત અને વિવિધ પ્રવૃત્તિઓ**

**10.1.5 સમાપન**

**10.1.6 તમારી પ્રગતિ ચકાસો**

**10.2 લેડીઝ ક્લબ, 1888ની સમાજ સુધારણા પ્રવૃત્તિઓ**

**10.2.1 પ્રાસ્તાવિક**

**10.2.2 સ્થાપના અને સ્થાપક (ડૉ. મૌતીબાઈ કાપડિયા)**

**10.2.3 લૅડીઝ ક્લબની વિવિધ પ્રવૃત્તિઓ**

i) ટેનિસની રમત માટે ટેનિસ કોર્ટ અને પુસ્તકો

(ii) પુસ્તકાલય ચવર્તમાનપત્રો (અંગ્રેજી-ગુજરાતી), સામયિકો અને પુસ્તકો

(iii) પિકનિકનું આયોજન

(iv) નાટકના શૉ અને સંગીતના કાર્યક્રમોનું આયોજન

(v) સામાજિક કલ્યાણની પ્રવૃત્તિઓ

(vi) સામાજિક સુધારણાની ચળવળ

(vii) અખિલ ભારતીય કક્ષાએ થતી સમાજ સુધારણાની પ્રવૃત્તિઓ સાથે સંકલન,

(viii) સ્ત્રી- સશક્તિકરણ માટેની પ્રવૃત્તિઓ

(ix) **શિક્ષિત તથા બુદ્ધિજીવી વર્ગનો સક્રિય સહકાર**

(X) ડૉ. મોતીબાઈ કાપડિયાના વ્યક્તિત્વની કેટલીક આગવી વિશિષ્ટતાઓને સંસ્થાને મળેલ લાભ

Xi)) સૌ ધર્મોની મહિલાઓ માટે ખૂલેલાં દ્વાર

**10.3 તમારી પ્રગતિ ચકાસો**

**10.4. સંદર્ભ અને વિશેષ વાંચન**

## 10.1 ગુજરાત સભા, 1884 ની સમાજ સુધારણા પ્રવૃત્તિઓ

### 10.1.1ભૂમિકા

*ઈ.સ.1757 ના. પ્લાસીના યુદ્ધથી ઇ. સ. 1857 ના પ્રથમ મહાસંગ્રામ (વિપ્લવ) સુધી બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું શાસન હતું. આ કંપનીના શાસકોએ હિન્દનું ભયંકર આર્થિક શોષણ કરી, ભારતને સફેદ રૂની પૂણી જેવું બનાવી દીધું હતું ! મુંબઈના 'ગેટ વે ઑફ ઈન્ડિયા'માં જે ગવર્નર જનરલ કે ગવર્નર હાથમાં નાનકડી શૂટકેસ લઈને ઊતરતો હતો અને 4 વર્ષની હોદ્દાની મુદત પૂરી થતાં ઈંગ્લેન્ડ પાછો ફરતો, ત્યારે અડધું વહાણ ભરીને -ભારતની ચીજવસ્તુઓ, કિંમતી ધાતુઓ અને સિક્કા લઈને પાછો ફરતો હતો. આ માત્ર ઊંચા હોદ્દા પૂરતો અપવાદ જ ન હતો; તમામ અગ્રેજ સરકારી અધિકારીઓ પણ હિંદુ-સ્તાનને લુંટવામાં બાકી રાખતા ન હતાં. અન્યાય,અનીતિ, અને નાના ગુન્હા માટે પણ ફાંસી પર હિંદીઓ લટકાવી દેવાની સજા જેવી અનેક બાબતો પ્રત્યે દાદાભાઈ નવરોજી સહિત અનેક શિક્ષિત અને સમજુ વિદ્વાનો, નેતાઓ અને ચિંતકોએ ભારતની પ્રજાને સભાન કરવાનો પ્રયાસ કર્યો હતો.*

*હિંદની પ્રજાને થઈ રહેલા ઘોર અન્યાય પરત્વે જાગૃત કરવાનું ખૂબ મુશ્કેલ હતું; કેમકે પાછલા ૧૨૫ થીયે વધુ વર્ષો સુધી પરતંત્ર રહીને, ભારતની પ્રજાના માનસ, ઉપર ગુલામીનો પડળો બાઝી ગયો હતા. તેને ઉખેળવા ઘણાં અઘરાં હતાં, છતાં ગુજરાતની પ્રજાને ઢંઢોળવાનું, સભાન કરવાનું કાર્ય ૧૯મી સદી દરમિયાન ગુજરાતના વિવિધ શહેરોમાં સ્થપાયેલી સામાજિક, ધાર્મિક, અને રાજકીય,સાહિત્યિક સંસ્થાઓ અને તેમના અગ્રણીઓ કર્યું હતું. જેમાંની એક સંસ્થા 'ગુજરાત સભા' હતી.*

### 10.1.2 સ્થાપના અને સ્થાપક

*ગુજરાત સભાની સ્થાપના અમદાવાદમાં ઈ.સ. 1984 માં થઈ હતી. રાજકીય ઉદ્દેશથી સ્થપાયેલી આ સંસ્થા ઘણી પ્રભાવક બની રહી હતી, કેમકે તેનો વ્યાપ શિક્ષિત વ્યક્તિઓમાં સવિશેષ રહ્યો હતો.*

*અમદાવાદમાં અગાઉ ઈ. સ. 1872માં" 'અમદાવાદ, એસોશિએશન' નામનું એક મંડળ ગુજરાતની પ્રજામાં રાજકીય જાગૃતિ માટે સ્થપાયું હતું; પરંતુ તેના સભ્યો જોઈએ તેટલા સક્રિય ન હોવાને કારણે ખાસ કોઈ કામગીરી બજાવી શક્યું નહોતું; આમ છતાં તેનું અસ્તિત્વ ઈ.સ. 1879 સુધી (સાત-આઠ વર્ષો સુધી) રહ્યું હતું. આ સંસ્થાએ અમદાવાદ અને મોટા પાયા પર રાજકીય જાગૃતિ જો લાવવી હોય, તો આવી કોઈક રાજકીય સંસ્થા હોયી જ જોઈએ આ બાબત ઉપર સવિશેષ ભાર મૂક્યો હુતી, એમ અવશ્ય કહી શકાય.*

### 10.1.3 સંસ્થાના ઉદ્દેશો

*ગુજરાત સભાની સ્થાપના રાજકીય ઉદ્દેશથી કરવામાં આવી હોવાથી, બ્રિટિશ સરકાર સમક્ષ ભારતની પ્રજાની સર્વસામાન્ય માગણીઓ રજૂ કરવાની ઉદ્દેશ મુખ્યત્વે હતો.*

### 10.1.4 સંસ્થાના જાગૃત અને વિવિધ પ્રવૃત્તિઓ

*'ગુજરાત સભા' ના સર્વ પ્રથમ મંત્રીશ્રી પારસી ગૃહસ્થ શ્રી એમ. પી. મોદી હતા, ત્યારબાદ શ્રી ગોવિંદરાવ અપ્પાજી પાટિલ બન્યા હતા.*

*આ સંસ્થામાં અમદાવાદના જાગૃત અને શિક્ષિત નાગરિકો જોડાયા હતાં. આ સભ્યોમાં અમદાવાદ શહેર ઉદ્યોગપતિઓ,વકીલો,વેપારીઓ અને કેળવણીકારો જોડાયા હતાં. તેમણે સૌએ આ સંસ્થાના વિકાસમાં અને અસરકારક ભૂમિકા ભજવવામાં મહત્વનો ફાળો આપ્યો હતો.*

*આ સંસ્થામાં જાણીતા વકીલ, સમાજસુધારક અને 'ભદ્રંભદ્ર' નવલકથા (હાસ્ય નવલકથા) ના લેખક-સાહિત્યકાર શ્રી રમણભાઈ નીલકંઠ તેમજ શ્રી રણછોડલાલ છોટાલાલ રેટીંયાવાળા (અમદાવાદમાં પ્રથમ સુતરાઉ કાપડની મિલ સ્થાપનાર) જેવા સજ્જનો જોડાઈને, સંસ્થાને ખૂબ સક્રિય બનાવી હતી.*

*ઈ.સ. 1884-1888 દરમિયાન 'ગુજરાત સભા' દ્વારા અમદાવાદની મ્યુનિસિપાલિટીમાં ચૂંટણી દ્વારા શિક્ષિત વર્ગનું પ્રતિનિધિત્વ જળવાય, તે માટે સહી ઝૂંબેશ કરાઈ હતી. ગુજરાત સભાના મોટાભાગના સભ્યો કોંગ્રેસ મવાળ જૂથના જ ટેકેદારો હતા.*

*રાજકીય પ્રવૃત્તિઓ ઉપરાંત 'ગુજરાત સભા'એ અમદાવાદના મિલમજૂરો માટે રાત્રિવર્ગો શરૂ કર્યા હતા. ઉપરાંત 'ગોખલે સોસાયટી' અને 'દાદાભાઈ નવરોજી' લાયબ્રેરી પણ ગુજરાત સભાના કાર્યકર્તાઓએ મળીને શરૂ કરી હતી.*

*'ગુજરાત સભા'ની પ્રવૃત્તિઓં હાલની 'ગુજરાત ક્લબ', ભદ્ર કૉર્ટ પાસે, અમદાવાદના મકાનમાં ચાલતી હતી, આ સભામાં સરદાર પટેલ અને ગાંધીજી પણ તેમાં જોડાયા હતા; તેથી તેનું મહત્વ ખુબ જ વધી ગયું.*

## 10.3 તમારી પ્રગતિ ચકાસો

❖ **નીચેના પ્રશ્નોના મુદ્દાસર અને સવિસ્તર ઉત્તરો લખોઃ**

1. *ગુજરાત -સભાની સ્થાપના કોણે અને કયા ઉદ્દેશથી કરવામાં આવી હતી? તેમાં કયા કયા અગ્રણીઓ જોડાયા હતા અને તેમણે પોતાનું શું પ્રદાન કર્યું હતું. તે આલેખો.*

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

2. *ગુજરાત સભાની સ્થાપના ક્યારે થઈ હતી ? એ સમયની ભારતની રાજકીય સ્થિતિની ભૂમિકા વર્ણવો.*

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

3. *ગુજરાત સભાની સ્થાપના કઈ સદીમાં અને કયારે થવા પામી હતી?*

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

❖ **<u>ખાલી જગ્યા પૂરોઃ</u>**

1. 19*મી સદીના નવમા દાયકામાં (અંતકાળે) ભારત ઉપર________ શાસન પ્રર્વતતું હતું.*
2. *'ગુજરાત સભા'ની સ્થાપના________ વર્ષમાં થઈ હતી.*
3. *'ગુજરાત સભા'ની સ્થાપના________ શહેરમાં થઈ હતી.*
4. *'ગુજરાત સભા' નું કાર્યાલય (ઑફિસ) ________ ના મકાનમાં આવેલું હતું.*
5. *'ગુજરાત સભા' પ્રથમ મંત્રી ________ હતાં.*
6. *'ગુજરાત સભા' ની સ્થાપના પૂર્વે ________ નામની સંસ્થા સ્થપાઈ હતી.*
7. *'ગુજરાત સભા'ના બીજા ક્રમે મંત્રીશ્રીનો હોદ્દો સંભાળનાર શ્રી ________ હતા.*
8. *'ગુજરાત સભા'મુખ્ય ઉદ્દેશ ________ વધુ હતો.*

9. 'ગુજરાત સભા'માં જોડાનાર અમદાવાદ શહેર ________ વર્ગ સવિશેષ અને મુખ્ય હતો.
10. 'ગુજરાત સભા'માં શ્રી________ અને શ્રી ________ ના જોડાવાથી એ સંસ્થા વધુ સક્રીય અને વેગવંતી બની.
11. 'ગુજરાત સભા'એ મિલ મજૂરોને પાયાનું શિક્ષણ આપવા માટે ________ વર્ગો શરૂ કર્યા હતા.

**તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

1. બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું
2. ઈ.સ.1884 ના
3. અમદાવાદ.
4. ગુજરાત ક્લબ, ભદ્ર કોર્ટ પાસે.
5. પારસી સદગૃહસ્થ શ્રી એમ. પી. મોદી
6. અમદાવાદ એસોસિયેશન, 1872
7. શ્રી ગોવિંદરાવ અપ્પાજી પાટિલ
8. રાજકીય જાગૃતિ
9. શિક્ષિત
10. શ્રી રમણભાઈ નીલકંઠ; શ્રી રણછોડલાલ છોટાલાલ રેંટીયાવાળા
11. રાત્રિવર્ગો

## 10.2 લેડીઝ ક્લબ, 1888ની સમાજ સુધારણા પ્રવૃત્તિઓ

### 10.2.1 પ્રાસ્તાવિક

*સામાજિક કુરિવાજો અને ધાર્મિક અંધશ્રદ્ધાઓને નાબૂદ કરવામાં જે સંસ્થાઓએ પ્રયાસો કર્યો હતા, તેમાં લેડીઝ કલબ (ગુજરાત લેડીસ ક્લબ)પણ એક હતી, એટલે તેનો અભ્યાસ પણ આવશ્યક છે.*

### 10.2.2 સ્થાપના અને સ્થાપક (ડૉ. મૌતીબાઈ કાપડિયા)

*લેંડીઝ કલબની સ્થાપના ઈ.સ. 1888 માં અમદાવાદના આસ્ટોડિયા રોડ પર આવેલા ખમાસા ગેટ પાસેના એક મકાનમાં થઈ હતી, તેથી અત્યારે પણ એ મકાન 'લેડીઝ ક્લબ' તરીકે ઓળખાય છે. તેની સ્થાપનાને (ઈ.સ. 2025-26 માં) આજે 187 વર્ષ પૂર્ણ થયેલ છે. આ સંસ્થાના સ્થાપક ગુજરાતના સર્વપ્રથમ મહિલા ડૉક્ટર મોતીબાઈ કાપડિયા હતા, જેઓ પારસી ખબર અનુસાર પારસી વ્યક્તિ હતા.*

### 10.2.3 લૅડીઝ ક્લબની વિવિધ પ્રવૃત્તિઓ

i) *ટેનિસની રમત માટે ટેનિસ કોર્ટ અને પુસ્તકો*

*ક્લબમાં એક ટેનિસ કોર્ટ હોવાથી, મહિલાઓ રોજ સાંજે ટેનિસ રમતી અને એ રમતમાં પ્રાવિણ્ય પણ મેંળવતી, વળી તેને માટે સ્પર્ધાઓ પણ યોજતી.*

(ii) *પુસ્તકાલય ચવર્તમાનપત્રો (અંગ્રેજી-ગુજરાતી), સામયિકો અને પુસ્તકો*

*ક્લબ એક પુસ્તકાલય પણ બનાવવામાં આવ્યુ હતું. જેથી જેને વાચનશોખ હોય તે વર્તમાનપત્રો, સામયિકો, વિવિધ વિષર્યો પરનાં પુસ્તક્ટનાં ઉપયોગ કરી, પોતાની જ્ઞાનવૃદ્ધિ કરી શકે.*

(iii) *પિકનિક્નું આયોજન*

*દર વર્ષે પિકનિક્નું આયોજન કરવામાં આવ્યું હતું.*

(iv) *નાટકના શૉ અને સંગીતના કાર્યક્રમોનું આયોજન*

*પ્રતિ વર્ષ નાટક-શો અને સંગીતના કાર્યકર્મોનું આયોજન કરવામાં આવતા હતા.*

* *લેંડીઝ ક્લબનું મકાન પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજ* (P.TC.ST) *ની સામે, આસ્ટોડિયા રોડ પર આવેલ*

*Source: (i) Times of India" (News paper) & wikipedia

(v*) સામાજિક કલ્યાણની પ્રવૃત્તિઓ*

*મોતીબાઈ કાપડિયાએ સામાજિક કલ્યાણની પ્રવૃતિઓમાં નેતૃત્વ પૂરું પાડ્યું હતું.*

(vi) *સામાજિક સુધારણાની ચળવળ*

*સ્ત્રીઓની આ ક્લબની કેટલીક પ્રવૃત્તિઓ ઐતિહાસિક રીતે નોધપાત્ર એટલા માટે બની રહી હતી કે સમગ્ર અમદાવાદ શહેરની સામાજિક સુધારણાની ચળવળ* (Social retorm movement) *ની આ સંસ્થા બની રહી હતી.*

(ivi) *અખિલ ભારતીય કક્ષાએ થતી સમાજ સુધારણાની પ્રવૃત્તિઓ સાથે સંકલન,*

*લેડીઝ ક્લબ દ્વારો જે પ્રવૃત્તિઓ થતી તે પૈકી સમાજ સુધારણાની પ્રવૃત્તિઓ તો અખિલ ભારતીય ધોરણે (કેન્દ્ર કક્ષાઓ) થતી પ્રવૃત્તિઓ સાથે જોડાયેલી હતી.*

(viii) *સ્ત્રી- સશક્તિકરણ માટેની પ્રવૃત્તિઓ*

*લેડીઝ ક્લબની સ્ત્રી-સશક્તિકરણ માટેની પ્રવૃત્તિઓ* (Activities regarding Women Empower-ment) *ની મર્યાદા એ હતી કે, તે માત્ર સમૃદ્ધ કુટુંબની તથા જાગૃત કુટુંબની*

મહિલાઓ (Ellite Class women) પૂરતી જ મર્યાદિત હતી. તે સામાન્ય અને મધ્યમ વર્ગની મહિલાઓના સશક્તિકરણ માટેની ન હતી, તે ખાસ નોંધવુ રહ્યું.

(ix) શિક્ષિત તથા બુદ્ધિજીવી વર્ગનો સક્રિય સહકાર

'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા વર્તમાનપત્રમાં પ્રગટ થયેલ લેખ અને સમાચારો અનુસાર ડૉ. મોતીબાઈ કાપડિયા અનેક સામાજિક સંસ્થાઓ સાથે 'નેટવર્ક' ની જેમ જોડાયેલાં હતાં અને સામાજિક રીતે તેઓ ખૂબ જ સક્રિય હતાં. તેથી સમાજના શિક્ષિત તથા બુદ્ધિજીવી વર્ગનો તેમને પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે સહકાર મળી રહેતો હતો, એ આ સંસ્થાનું જમા પાસું હતું.

(x) ડૉ. મોતીબાઈ કાપડિયાના વ્યક્તિત્વની કેટલીક આગવી વિશિષ્ટતાઓને સંસ્થાને મળેલ લાભ

ડૉ. મોતીબાઈ કાપડિયાનું વ્યક્તિત્વ જ નિરાળું હતું. તેમના વ્યકિતત્વની કેટલીક વિશિષ્ટતાઓ જેવી કે દ્રઢ નિર્ણયશક્તિ, પ્રામાણિકતા અને સામાજિક સંબંધો જાળવવાની આગવી કલાને કારણે તેઓ ક્લબના સૌ સભ્યોમાં ખૂબ પ્રિય થઈ પડેલો અને તેથી તેમનું નેતૃત્વ લેડીઝ ક્લબના સૌ સભ્યો દ્વારા સર્વસ્વીકૃત હતું.

)xi) સૌ ધર્મોની મહિલાઓ માટે ખૂલેલાં દ્વાર

ડૉ. મોતીબાઈ કાપડિયાએ લેડીઝ ક્લબને કોઈ એક જ ધર્મ, સંપ્રદાય, વર્ગ કે સમુદાયની રાખી ન હોતી, પરંતુ સર્વ ધર્મો, માન્યતાઓ, જ્ઞાતિઓ, એમ સૌન માટે ક્લબના દ્વાર ખૂલ્લા રાખ્યા હતાં અને એટલે જ આ ક્લબના સભ્યોમાં હિન્દુ, પારસી, ખ્રિસ્તી, યહુદી એમ સૌને માટે ક્લબના દ્વાર ખૂલ્લા રાખ્યા હતાં અને એટલે જ આ ક્લબના સભ્યોમાં હિન્દુ, પારસી, ખ્રિસ્તી, ચહુદી એમ સૌ ધર્મની મહિલા ઓનો સમાવેશ થતો હતો.

## 10.2.4 સમાપન

19મી સદીના ઉત્તરાર્ધમાં, સામાજિક સુધારણા, વિવિધ શિક્ષણેતર પ્રવૃત્તિઓ, નારી-ઉત્કર્ષ, વ્યક્તિત્વ વિકાસ, મનોરંજન, સ્ત્રી- સશક્તિકરણ, વૈચારિક અને બૌદ્ધિક (પરસ્પર સંપર્ક દ્વારા) વિકાસ ઈત્યાદિ ક્ષેત્રોમાં લેડીસ ક્લબ એક અગ્રણી સંસ્થા બની રહી હતી અને તેથી જ તેનું ઐતિહાસિક મહત્વ ખૂબ વધી જાય છે. અગાઉ દર્શાવ્યું છે, તેમ તેની કેટલીક મર્યાદાઓ(સામાન્ય અને મધ્યમવર્ગની અમદાવાદ શહેરની મહિલાઓને સામેલ ન કરી શકી.) હોવા છતાં, તેણે સ્ત્રીઓમાં જાગૃતિ લાવવાનું બહારના જગત સાથે સંપર્ક કેળવવાનું અને તે દ્વારા પોતાના વ્યક્તિત્વનો વિકાસ કરવાનું એ સઘળી ભૂમિકા ભજવવાનું નોંધપાત્ર કર્યું હતું, તેની નોંધ લેવી જ રહી.

'લેડીઝ ક્લબ'ની વિવિધ પ્રવૃત્તિઓથી આકર્ષાઈને બ્રિટિશ અધિકારીઓની પત્નીઓ, સત્યેન્દ્ર નાથ ટાગોર જેવા જાણીતા અગ્રણીઓની પત્નીઓ પણ આકલબની સભ્ય બની હતી, એ બાબત દર્શાવે છે કે, તે બહુઆયામી અને પ્રગતિશીલ કલબ હતી.

*19મી સદીનો સમાજ રૂઢિચુરત હતો અને તેથી તે સમયના નાટકોમાં સ્ત્રીઓ અભિનેત્રી તરીકે કાર્ય કરી શકતી નહોતી; તેથી પુરુષો મેકઅપ, વસ્ત્રપરિધાન અને કેશસજ્જા - વીગ વગેરે પહેરીને સ્ત્રીઓનાં પાત્રો ભજવતા હતા. દા.ત. જયશંકર ભોજક 'સુંદરી'. લેડીઝ કલબે નાટકોમાં અભિનેત્રી તરીકે કાર્ય કરવા પ્રોત્સાહિત કરી હતી, જે એક મોટું સામાજિક અને સાંસ્કૃતિક પ્રદાન હતું.*

*ડૉ. મોતીબાઈ કાપડિયા (ઈ. સ. 1867 -1930) એ ગુજરાતની સર્વપ્રથમ મહિલા ડૉક્ટર હતી. તેઓ*

*ગ્રાન્ટ મૅડિકલ કૉલેજમાંથી M.B. B. S. થયેલા પારસી મહિલા હતા. ડૉક્ટર બન્યા પછી અમદાવાદમાં કાળુપુરના રેલ્વે સ્ટેશનની સામે (હાલના રિલિફ રોડેના છેડે) આવેલી વિક્ટોરિયા જ્યુબિલિ હૉસ્પિરલમાં ડૉક્ટર અને વ્યવસ્થાપક સમિતિના અધ્યક્ષા તરીકે સેવાઓ આપી હતી. તેઓ ૬૪ વર્ષ સુધી સેવાકાર્યોમાં સતત કાર્યરત રહ્યા હતા.*

*તેમની સેવાકીય પ્રવૃત્તિઓ તથા પ્રગતિશીલ વિચારીને ધ્યાનમાં તત્કાલીન બ્રિટિશ સરકારી તેમને 'કૈસરે હિન્દ' નો ઈલ્કાબ અર્પણ કર્યો હતો. તેઓ શિક્ષણ, શિયેટર (નાટકો) તથા સામાજિક સુધારણાની પ્રવૃત્તિઓમાં અગ્રેસર મહિલા ડૉકટર હતા. તેમણે જ 'વડીઝ ક્લબ'નું સુપર સંચાલન અને સંવર્ધન કર્યું હતું. સાથે સાથે લેડીઝ ક્લબને અન્ય સામાજિક તથા શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડવાનું તથા ઉત્કર્ષ સાધવાનું યાદગાર કાર્યકર્યું હતું.*

## 10.3 તમારી પ્રગતિ ચકાસો

**પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નોના સવિસ્તર અને મુદ્દાસર ઉત્તરો લખોઃ**

1. *લેડીઝ કલબની સ્થાપના કયારે અને કોણે કરી હતી? એ કલબની સ્થાપના સમયે ગુજરાતના પ્રજાજીવનમાં અર્થાત્ સમાજ જીવનમાં કયા કયા કુરિવાજો અને દૂષણો પ્રવર્તતાં હતા, તે જણાવો.*

   ______________________________________________
   ______________________________________________
   ______________________________________________
   ______________________________________________
   ______________________________________________

2. *'લેડીઝ ક્લબની સ્થાપના ક્યાં અને કોના નેતૃત્વ નીચે થવા પામી હતી? એ ક્લબની વિવિધ સામાજિક અને અન્ય પ્રવૃત્તિઓનો અહેવાલ મુદ્દાસર આપો.*

   ______________________________________________
   ______________________________________________
   ______________________________________________
   ______________________________________________
   ______________________________________________

3. *ડૉ. મોતીબાઈ કાપડિયા ઉપર ટૂંક નોધ લખો.*

4. *"ડૉ. મોતીબાઈ અને ગુજરાત કલબ સંસ્થા એ એકબીજાના પર્યાય જ હતા?" આ વિધાન સદ્રષ્ટાંત સમજાવો.*

## ❖ બહુવૈકલ્પિક પ્રશ્નો

(1) *લેડીઝ ક્લબની સ્થાપના ક્યાં થઈ હતી?*

(A) મુંબઈ (B) સુરત (C) અમદાવાદ (D) જામનગર

(2) *લેડીઝ ક્લબથી સ્થાપના કોણે કરી હતી?*

(A) સરોજિની બેઠા નાયડુષી (B) ગંગાબહેન ચાનિક

(C) મિદુબહેન પિટ્ટીટે (D) ડૉ. મોતીબાઈ કાપડિયા

(3) લેડીઝ કલબની સ્થાપના કયા વર્ષ થવા પામી હતી?

(A) ઈ.સ. 1888 (B) ઈ.સ. 1886

(C) ઈ.સ. 1875 (D) ઈ.સ. 1876

(4) ગુજરાતના સમાજમાં કોની કરુણ સ્થિતિ પ્રવર્તતી હતી.

(A) ગરીબોની (B) વિધવાઓની (C) પછાત વર્ગોની (D) હરિજનો

(5) ગુજરાતના સમાજ જીવનનું કલંક કયું ગણાતું હતું?

(A) ફરજીયાત વૈધવ્ય પાલન (B) બાળલગ્નો (C) સતીપ્રથા (D) અસ્પૃશ્યતા

(6) ગુજરાતમાં સ્ત્રીઓનો સર્વાંગી વિકાસ શાથી રૂંધાયો હતો?

(A) ઘરકૂકડી બની જવાને કારહો

(B) કન્યા કેળવણીનો અભાવ અને પડદા(ઘૂંઘટ) પ્રથાને કારણે

(C) સામાજિક-ધાર્મિક ઉત્સવોમાં ભાગ લેવા પર પ્રતિબંધને કારણ

(D) કન્યા વિક્રય કારણે

(7) કેટલીક રાજપૂત પેટા જ્ઞાતિઓમાં કર્યું સામાજિક દૂષણ પ્રવર્તતું હતું?

(A) બાળલગ્નોનુ (B) વિવવાવિવાહુ પર પ્રતિબંધનું

(C) બાળકીને જન્મતાંની સાથેજ 'દૂધપીતી' કરીને મારી નાંખવાન

(D) બહુપત્ની ત્વનું

(8) ડૉ. મોતીબાઈ કાપડિયા કયા ધર્મના અનુયાયી(ફોલોઓ) હતાં?

(A) પારસી ધર્મની (B) જૈન ધર્મનાં (C) હિંદુ ધર્મના (D) ખ્રિસ્તી ધર્મમાં

(9) લેંડીઝ કલબની ઈમારત અમદાવાદમાં કયા આવેલી છે?

(A) રાયપુર દરવાજા બહાર (B) લાલ દરવાજા, ભદ્ર પાસે

(C) સરસપુર દરવાજાની અંદર (D) આસ્ટોડિયા રોડ પર ખમાસા ગેટ પાસે

(૧૦) મહિલાઓના બૌધ્ધિક વિકાસ માટે લેડીઝ ક્લબની ઈમારતમાં શી વ્યવસ્થા હતી?

(A) સભાખંડની (B) પુસ્તકાલયની

(C) ટેનિસ કોર્ટની (D) મનોરંજન કાર્યક્રમોના આયોજનની

ઉતરોઃ (c); 2(D); 3(A); 4(B); 5(D): 6(B); 7(C); 8 (A); 9(D);10(B) 1

### ❖ નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં જ ઉત્તર લખોઃ

1. *લેડીઝ ક્લબ કયા કયા ક્ષેત્રોમાં આગળ પડતી હતી?*
2. *લેડીઝ ક્લબમાં કઈ કઈ મહિલાઓ સભ્ય તરીકે જોડાઈ હતી?*
3. *ડૉ. મોતીબાઈ કાપડિયાને બ્રિટિશ સરકારે સન્માન રૂપે કયો ઈલ્કાબ આપ્યો હતો?*
4. *ડૉ. મોતીબાઈનાં જીવનકાળ કયા વર્ષથી કયા વર્ષ સધીનો હતો ? કુલ કેટલાં વર્ષનાં હતો?*
5. *ડૉ. મોતીબાઈ કાપડિયાનું નાટ્યક્ષેત્રે શું મહત્વનું અને પરિવર્તનકારી પ્રદાન હતું ?*

6. *અમદાવાદ શહેરની ઈલાઈટ ક્લાસની મહિલાઓમાં જાગૃતિ અને વિવિધ પ્રવૃત્તિઓમાં સહભાગી બનાવવાનું કાર્ય કોણે અને કઈ સંસ્થાએ કર્યું હતું?*
7. *ડૉ. મોતીબાઈ કાપડિયાએ કઈ હોસ્પિટલ માં ડૉક્ટર અને તેની મૅનેજમૅન્ટ (સંચાલક મંડળ)ના અધ્યક્ષા તરીકે સેવાઓ આપી હતી?*
8. *લેડીઝ કલબનું સુપર સંચાલન અને સંવર્ધન કોણે કર્યું હતું?*

**ઉત્તરોઃ**

**(૧) લેડીઝ ક્લબ સામાજિક સુધારણા, નારી-ઉત્કર્ષ, સ્ત્રી-સશક્તિકરણ, મનોરંજન, રમતગમત, બૌધિક અને વ્યક્તિત્વ વિકાસ ઈત્યાદિ ક્ષેત્રોમાં આગળ પડતી હતી.**

**(૨) લેડીઝ ક્લબમાં અંગ્રેજોના સરકારી અધિકારીઓની પત્ની ઓ, સત્યેન્દ્રનાથ ટાગોર જેવા જાણીતાં અગ્રણીઓની પત્ની ઓ, પારસી-ખ્રિસ્તી યહૂદી બાનુઓ વગેરે સભ્યો તરીકે જોડાઈ હતી,**

**(૩) ડૉ. મોતીબાઈ કાપડિયાને બ્રિટિશ સરકારે 'કેસરે હિન્દ' સન્માનપૂર્વક ઈલ્કાબ અર્પણ કર્યો હતો.**

**(૪) ડૉ. મોતીબાઈ કાપડિયાનો જન્મ ઈ.સ. ૧૮૬૭ માં થયો  હતો અને ઈ.સ. ૧૯૩૦ માં તેમનું અવસાન થયું હતું. આમ તેમનો જીવનકાળ ૬૪ વર્ષનો હતો.**

**(૫) ડૉ. મોતીબાઈ કાપડિયાએ નાટ્ય- અભિનય ક્ષેત્રે મહત્વનું પ્રદાન કર્યું હતું, કેમકે અત્યારસુધી સ્ત્રી-પાત્રો તેમાં પુરુષો જ ભજવતા હતા, આથી અભિનેત્રીઓ તરીકો સ્ત્રીઓ પણ ભૂમિકા અદા કરી શકે, તે માટે સ્ત્રીઓને પ્રોત્સાહિત કરી હતી. તે સમયના રૂઢિચુસ્ત ગુજરાતી સમાજને માટે આ એક ઐતિહાસિક અને સુધારાવાદી પગલું હતું.**

**(૬) અમદાવાદ શહેરની ઈલાઈટ ક્લાસની મહિતાઓમાં જાગૃતિ લાવવાનું અને ક્લબની વિવિધ પ્રવૃત્તિઓમાં સહભાગી બનાવવાનું મહત્વનું કાર્ય ડૉ. મોતીબાઈ કાપડિયાએ અને તેમણે જ ઈ. સ. ૧૮૮૮માં સ્થાપેલી 'લેડીઝ ક્લબ' નામની સંસ્થાએ કર્યું હતું.**

**(૭) ડૉ. મોતીબાઈ કાપડિયાએ અમદાવાદ શહેરમાં કાળુપુર ફેલવે સ્ટેશનની સામે આવેલી વિકટોરિયા જ્યુબિલી હોસ્પિટલમાં ડૉક્ટર તરીકે તેમજ સંગાલક-મંડળ (મેનેજમેન્ટ કમિટી) ના અધ્યક્ષપદે સેવાઓ આપી હતી.**

**(૮) લેંડીઝ કલબનું સુપેરે સંગાલન અને સંવર્ધન ડૉ. મોતીબાઈ કાપડિયાએ કર્યું હતું.**

## 10.4 સંદર્ભ અને વિશેષ વાંચન

_ગુજરાતી ભાષામાં ગ્રંથો_


- *દેસાઈ, નીરા : ગુજરાતમાં સામાજિક પરિવર્તન, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ*
- *ત્રિવેદી , નવલરામ જગન્નાથઃ " સમાજ સુધારાનું રેખાદર્શન", અમદાવાદ,*1934
- *જોટે,રત્નમણિરાવ ભીમરાવ : 'ગુજરાતનું પાટનગર અમદાવાદ, આદિત્ય પ્રેસ, અમદાવાદ,*1924
- *દવે, નર્મદાશંકર લાલશંકર; 'ગુજરાત સર્વસંગ્રહ, મુંબઈ,* 1887
- *દૈશવડેકર, કલ્યાણજી ગૌપાળજીઃ ' સ્ત્રી કેળવણી;મુંબઈ,*1896 *'સ્ત્રી અને જાહેરજીવન', અમદાવાદ* 1916
- *પટેલ, જીવાભાઈ રેવાભાઈઃ 'સ્ત્રીઓની પરાધીનતા, અમદાવાદ,* 1908 *(જે. એસ. મિલ લેખકના પુસ્તકનું ભાષાંતર,*1869)
- *પંડિત, દામોદર, 'પાખંડ ધર્મખંડન નાટક', ઉત્કૃષ્ટ મુદ્રણાલય,અમદાવાદ,* 1911
- *બુદ્ધિવર્ધક વ્યાખ્યાનમાળા, ફાર્બસ ગુજરાતી સભા, ભાગ*-1,2 *મુંબઈ,* 1934
- *મોતીલાલ ભવાનીદાસ નારણદાસ : 'ગુજરાતીઓ અને સંસારસુધારો', મુંબઈ,* 1918
- *મહેતા, કપિલરાય; 'અમદાવાદ સર્વસંગ્રહ, અમદાવાદ,* 1948
- *રઘુનાથ માધવદાસ : 'એક પુનર્વિવાહની કહાણી, મુંબઈ,* 1891
- *પારેખ, હીરાલાલ ત્રિભુવનદાસ : 'અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન,ભાગ-૧ ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ,* 1935
- *મગનલાલ વખતચંદઃ અમદાવાદનો ઈતિહાસ, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ પ્રથમ આવૃત્તિ,* 1851
- *નર્મદાશંકર, લાલશંકર (કવિ નર્મદ): મારી હકીકત (આત્મચરિત્ર), ગુજરાત પ્રિન્ટિંગ પ્રેસ,મુંબઈ,* 1933,*(નવી આવૃત્તિ)* 1966
- *સારાભાઈ, અનસૂયાબહેન : 'સ્ત્રીઓ અને તેમના રાજકીય અધિકારો' , અમદાવાદ,* 1918
- *શાહ મનુભાઈ બિ. : 'અર્વાચીન ભારતની સામાજિક અને ધાર્મિક સુધારણાની ચળવળનો ઈતિહાસ', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ,* 2023
- *યાજ્ઞિક, ગંગાબહેન પ્રાણશંકર : 'દ્વિ-સ્ત્રીયા નિષેધ', અમદાવાદ,* 1892
- *વાર્ષિક અહેવાલઃ વનિતા વિશ્રામ, અમદાવાદ,*1911-12
- *મહેતા, શિરીન મકરન્દભાઈ; ગુજરાતમાં નારીચેતના, ઐતિહાસિક*
- *મહેતા, શિરીન : 'સ્ત્રી-ઈતિહાસના સાંપ્રત પ્રવાહો'*

- દેસાઈ, ગોવિંદભાઈ હાથીભાઈ : કડી પ્રાંત', વડોદરા,1920-21
- શાહ, પુરુષોત્તમ સી. અને શાહ, ચંદ્રકાન્તભાઈ (સંપાદકો): 'ચરોતર સર્વસંગ્રહ' ભાગ-૧ અને ૨, નડીયાદ, 1954
- ગાંધી, ભોગીલાલ : 'ગુજરાત દર્શન, વડોદરા, 1960
- જોટે,રત્નમણિરાવ બી. : ' ખંભાતનો ઈતિહાસ', અમદાવાદ, 1935
- દેસાઈ, ગોવિંદભાઈ હાથીભાઈ: 'ગુજરાતની અર્વાચીન ઈતિહાસ, અમદાવાદ, 1918
- પટેલ, એદલજી બજોરજી: 'સુરતની તવારીખ, સુરત, 1890
- પરીખ, રામલાલ (સંપાદક): 'ગુજરાત એક પરિચય, ભાવનગર 1961
- મહેતા, ભાનુપ્રસાદ એન. : "મહિપતરામ ચરિત્ર', વડોદરા, 1930
- રાજગોર, શિવપ્રસાદઃ 'અર્વાચીન ગુજરાતની રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, અમદાવાદ,1974
- વાળંદ, નરોત્તમ : ' સંસ્કૃતિ અને ગુજરાત, ભરૂચ, 1949
- માર્શલ,રતન રૂસ્તમજી: " ગુજરાતી પત્રકારિત્વનો ઈતિહાસ, સુરત 1950
- રાજગોર, શિવપ્રસાદ : ગુજરાતનાં વહાણવટાનો ઈતિહાસ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, અમદાવાદ, 1946 અને 'ગુજરાતનો કેળવણીનો ઈતિહાસ', અમદાવાદ-1966
- શાસ્ત્રી, વૃજલાલ કાળીદાસ : 'વડૉદરા રાજ્યની પુસ્તકાલય પ્રવૃત્તિ, વડોદરા, ૧૯૨૭
- સાંડેસરા, ભોગીલાલ જે. : 'ઈતિહાસ અને સાહિત્ય, અમદાવાદ, 1966
- નીલકંઠ રમણભાઈ મહિપતરામ : ધર્મ અને સમાજ, ભાગ-1,અમદાવાદ, 1931
- શાસ્ત્રી, હરિપ્રસાદ જી. ; પરીખ, પ્રવીણચંદ્ર સી.: 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ', ગ્રંથ-૮ (બ્રિટિશ કાલ) ; ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, 1984.

<u>અંગ્રેજી ભાષામાં ગ્રંથો</u>

- Altekar, A. S.: 'The Position of Women in Hindu Civilization', Poona, 1942.
- Behram, Banaji Sorabji: "Changing status of Women of Orient, Bombay, 1918 (Page-1 to 16)
- Desai, Neera: Social Change in Gujarat, vora & Co., Bombay, 1978
- Dosabhai Hidalji: "History of Gujarat, Alone--dabad, 1894.
- Gandhi, M.K. Women and Social Injustice', Nav jivan Press, Almedabad, 1942.

- Gidumal, Dayaram: "The status of Women in India' and Handbook for Hindu Social Roformers", Fort Publishers, Bombay, 1889
- Kumar, Ravindra, ‘Westren India in 19th century", R. and K.Paul, London,1968
- Maharaja Sayajirao Gaikwad, Speeches and Addresses, 1877-1910; vol. 1, Cambridge University Press; 1927, Page-1-20).
- Munshi, K. M.: The Glory that was Gujaradesa", Bombay, 1944, Part-II.
- Perkin, Joan: Women and Marriage in 19th century", London, 1989.
- Roberts, E. A.; Women's place, an Oral History of Working class Women, 1890-1940, Oxford unt. Press, 1964

## એકમ : 11 કેટલાક અગ્રગણ્ય સમાજ સુધારકો ગોવર્ધનરામ ત્રિપાઠી અને મણિલાલ દ્વિવેદી

:: રૂપરેખા ::


**11.1.** ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી

**11.1.1.** પ્રાસ્તાવિક

**11.1.2.** ગોવર્ધનરામ : જન્મ અને શિક્ષણયાત્રા

**11.1.3.**લગ્ન અને દામ્પત્યજીવન

**11.1.4.** ગોવર્ધનરામની વિચારસરણીનું ઘડતર

**11.1.5.** ગોવર્ધનરામ ત્રિપાઠીની સમાજ સુધારાની પ્રવૃત્તિઓ

**11.1.6.** 'સરસ્વતીચંદ્ર' નવલકથાનું સર્જન અને સ્ત્રી-સન્માનની ભાવનાને મહત્વ

**11.1.7.** 'સરસ્વતીચંદ્ર' ની વિશિષ્ટતાઓ

**11.1.8.** ગોવર્ધનરામનું સમાજ સુધારણાના ક્ષેત્રે પ્રદાન

**11.1.9.** સમાપન

**11.2.** મણિલાલ નભુભાઈ દ્વિવેદી

**11.2.1.** પ્રાસ્તાવિક

**11.2.2.** જન્મ અને શિક્ષણયાત્રા

**11.2.3.**વ્યવસાય

**11.2.4.** બિમારી અને નિવૃત્તિ

**11.2.5.** આલેખન-પ્રવૃત્તિ અને વિચારધારા

**11.2.6.** સામાજિક સુધારણાની પ્રવૃત્તિમાં ફાળો

**11.2.7.** સામયિકો દ્વારા સમાજ સુધારણાની ઝૂંબેશ

**11.1.8.** સમાપન

**11.3** તમારી પ્રગતિ ચકાસો

## 11.1 ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી

### 11.1.1. પ્રાસ્તાવિક

*19 મી સદીમાં ભારતમાં બ્રિટિશ શાસન અને તેને લીધે ઉદ્દભવેલ પાશ્ચાત્ય શિક્ષણના પ્રભાવની અને પૂર્ણપણે પશ્ચિમીકરણની પ્રક્રિયાને લીધે ભારતમાં સામાજિક અને ધાર્મિક સુધારણાની પ્રવૃત્તિઓનો પ્રાદુર્ભાવ થયો, જેમાં બે વિચારસરણીઓ અસ્તિત્વમાઆવી હતી. (1) પાશ્ચાત્ય યુરોપિયન સુધારણાવાદી વિચારસરણી અને (2) પૌર્વાત્વિવાદી ભારતીય પરંપરાગત વિચારસરણી. આમાંથી પૌર્વાત્વિવાદી વિચારધારા, એ પાશ્ચાત્ય સુધારાવાદી વિચારધારા કરતાં જૂની અને પરંપરાગત હતી. ભારતભરમાં અંગ્રેજી શિક્ષણના વ્યાપક પ્રસારથી ઉત્પન્ન થયેલો નવો મધ્યમ વર્ગ પાશ્ચાત્ય સુધારાવાદી વિચારધારા અપનાવીને આગળ વધી રહ્યો હતો, તેના પ્રત્યાઘાત રૂપે તરીકે, ભારતીય સંસ્કૃતિનાં - મૂળતત્ત્વોને આધીન રહીને સુધારા દાખલ કરવાનો મત અસ્તિત્વમાં આવ્યો હતો.*

*આ બંન્ને વિચારધારાઓ આમ તો ઉત્તર - દક્ષિણ સમાન હતી. તેમજ એ બન્ને વચ્ચે આસમાન - જમીન જેટલો વિરોધાભાસ પણ પ્રવર્તતો હતો. બંને અલગ-અલગ વિચારધારાઓ માનનારાઓ (તેના અગ્રણીઓ અને સમાજસુધારકો સહિત) વચ્ચે ખૂબ જ વાદવિવાદ અને ઉગ્ર ચર્ચાઓ થતી હતી. સુધારાઓનો એ યુગ હતો. તેથી તે સંબંધી વાદવિવાદ અને મતમતાંતરોની શૃંખલા સતત-અવિરત ચાલી હતી.*

*પરંતુ, એ બન્નેના સારાં તત્ત્વો સ્વીકારીને એક નવી જ તૃતીય વિચારધારા વિકસી રહી હતી, અને તે હતી સમન્વયકારી સુધારાવાદી વિચારસરણી*

*ગુજરાતમાં આ સમન્વયકારી સુધારણાની પ્રવૃત્તિના અગ્રણી હતા, 'સરસ્વતી ચંદ્ર' નામની મહાનવલકથાના લેખક-સર્જક શ્રી ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી, જેઓ ગો.મા. ત્રિપાઠીના નામથી સુપ્રસિદ્ધ બનેલા.*

### 11.1.2. ગોવર્ધનરામ : જન્મ અને શિક્ષણયાત્રા

*ગોવર્ધનરામનો જન્મ ઈ.સ. 1855 માં નડિયાદમાં રૂઢિચુસ્ત નાગર બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. તેઓ બાલ્યાવસ્થાથી જ વૈષ્ણવ મહારાજની અસર તળે ધર્મચુસ્ત વાતાવરણમાં ઉછરેલા. તેમના કાકા અને સાહિત્યકાર શ્રી મનસુખરામ સૂર્યરામ ત્રિપાઠીના ઘનિષ્ઠ સંપર્કને કારણે તેમનું જીવન કેટલેક અંશે આધ્યાત્મિક ઢબે ઘડાયું હતું. તેમજ સાહિત્યમાં પણ (વાચન-લેખનમાં અભિરુચિ) રસ કેળવાયો હતો.*

*ગોવર્ધનરામે મુંબઈની ઍલ્ફિસ્ટન હાઈસ્કૂલ અને પછી ત્યાંની જ કૉલેજમાં અભ્યાસ કર્યો હતો; તેમજ મુંબઈ યુનિવર્સિટીમાંથી ઈ.સ. 1875 માં 20 વર્ષની વયે ગ્રેજ્યુએટ (સ્નાતક)ની પદવી મેળવી હતી. થોડાક સમય પછી, તેમણે ભાવનગરના રાજ્યના દીવાન શ્રી શામળદાસના અંગત મંત્રી તરીકે કાર્ય કર્યું હતું.*

### 11.1.3. લગ્ન અને દામ્પત્યજીવન

*ગોવર્ધનરામ ત્રિપાઠીની સગાઈ તેમના જન્મ પહેલાં જ નક્કી થઈ જવા પામી હતી. આમ છતાં તેમનું દામ્પત્ય જીવન ખૂબ સુખી અને સંતોષી હતું.*

### 11.1.4. ગોવર્ધનરામની વિચારસરણીનું ઘડતર

*ગોવર્ધનરામ અભ્યાસ માટે મુંબઈ રહ્યા, ત્યારે મુંબઈ પ્રાંત અંગ્રેજ ગવર્નર અને તેમના શાસન હેઠળ હોવાથી, ત્યાંનું વાતાવરણ પશ્ચિમી અર્થાત્ યુરોપિયન ઢબનું હતું. ઍલિફસ્ટન કૉલેજનું વાતાવરણ પણ પાશ્ચાત્ય સંસ્કૃતિના રંગે રંગાયેલું હતું, જેની અસર વિદ્યાર્થી ગોવર્ધનરામ પર પડેલી.*

*ગોવર્ધનરામ અભ્યાસ દરમિયાન અને તે પછી પણ પાશ્ચાત્ય વિચારકોની સાથે સાથે ભારતીય તત્ત્વજ્ઞાનનો ઊંડો અભ્યાસ કર્યો તથા તેનું વૈજ્ઞાનિક ઢબે અવલોકન કર્યું. આમ કરવા પાછળ,તેમના મતે હિંદુ સમાજના બંધારણનું (સ્વરૂપ/માળખાનું) વૈજ્ઞાનિક ઢબે અવલોકન કર્યા વગર, તેના સામાજિક રીત રિવાજોને સમજવા અઘરા છે તેમજ તેમાં ફેરફાર કરવો એ પણ જોખમભર્યું પગલું છે.*

*ગોવર્ધનરામે પ્રાચીન / પરંપરાગત સદીઓથી ચાલી આવતી સંયુક્ત કુંટુંબવ્યવસ્થા અને સમાજવ્યવસ્થાનો ઊંડો અભ્યાસ કર્યો તો બીજી તરફ બ્રિટિશ (પાશ્ચાત્ય) શાસનવ્યવસ્થાની અંદર રહેલી ઉદારતા તથા સ્વતંત્રતાનો પણ અભ્યાસ કર્યો, તો તેમને જાણવા મળ્યું કે, અંગેજી માધ્યમમાં શિક્ષણ પામી, ગ્રેજયુએટ થનાર વર્ગ પાશ્ચાત્ય – અર્વાચીન ઢબની મુક્ત (બંધનહીન, જવાબદારીઓ વગરની) તથા ભૌતિક સંસ્કૃતિના રંગે રંગાઈ રહ્યો છે; અને તેને પરિણામે હિંદુ સમાજ તથા સંયુક્ત કુંટુંબવ્યવસ્થા* (Joint Family System) *તૂટવા માંડી છે; અને તેને પરિણામે વિભક્ત કુટુંબોની પ્રથા અસ્તિત્વમાં આવી છે-આવવા લાગી છે; જે અટકાવવાની આવશ્યકતા છે. આમ છતાં, નવી વિકસતી જતી રાજકીય અને સામાજિક પરિસ્થિતિમાં હિંદુ ધર્મ અને સમાજની સદીઓથી ચાલી આવતી પુરાણી તથા જર્જરિત થઈ ગયેલી માન્યાતોમાં પરિવર્તન લાવવાનું પણ આવશ્યક જણાયું. આમ બંને બાબતો આવશ્યક હોવાથી, તેમને ખાત્રી થઈ ગઈ કે, પાશ્ચાત્ય સંસ્કૃતિના વ્યક્તિ- સ્વાતંત્ર્ય વિશેના ખ્યાલો અને ભારતીય સંસ્કૃતિના પ્રાણવાન મૂલ્યોના યોગ્ય રીતના સમન્વયથી જ નવા સમાજનું નિર્માણ થઈ શકે તેમ છે. આમ, તેમના સુધારાઓ અંગેના વિચારો અલગ હોવાથી, તેઓ અન્ય સુધારકોથી અલગ પડયા; જુદાં જ તરી આવ્યા.*

*ગોવર્ધનરામને વિવિધ જ્ઞાતિઓના બંધનો કઠતાં જરૂર હતાં ; તો બીજી તરફ ક્રૂર અને વ્યક્તિત્વને દબાવી –કચડાવી નાખનાર કુરિવાજોથી પણ અકળામણ અનુભવનારા એક સંવેદનશીલ સુધારક હતા. આચાર-વિચારના નિયમોનું પાલન એક બાબત છે;સામાજિક કુરિવાજોનું પાલન ફરજિયાતપણે કરાવવું, એ બીજી બાબત છે. સમાજના અગ્રગણીઓની માન્યતાઓ અને જ્ઞાતિપંચોના હોદ્દેદારો સામે બાથ ભીડી, ક્રાંતિકારી પગલાં ભરવાની*

*આહ્‌લેક જગાડવી, એ સામે પૂરે તરવા જેવી બાબત હતી! આથી ગોવર્ધનરામે જ્ઞાતિની કેટલીક મર્યાદાઓને જાળવી, ક્રૂર કુરિવાજોને દૂર કરવાના કે ભારે આર્થિક બોજો સર્જનાર સામાજિક રીત રિવાજોમાં ધીમે ધીમે અને ક્રમશઃ સુધારાઓ કરવાના, લાવવાના મતના હતા.*

*'ચૅરિટી શુડ બિગીન્સ ફ્રોમ હૉમ' એ ન્યાયે ગોવર્ધનરામે સુધારાઓની શરૂઆત પોતાના ઘરથી જ, પોતાના કુંટુંબથી જ કરવાનો નિશ્ચય કર્યો.*

### 11.1.5. ગોવર્ધનરામ ત્રિપાઠીની સમાજ સુધારાની નોંધપાત્ર પ્રવૃત્તિઓ

**(1)મૃત્યુ પછી રોવા- ફૂટવાનો રિવાજ :** *મૃત્યુ પછી, દરેક જ્ઞાતિમાં વત્તે ઓછે અંશે રોવા-ફૂટવાનો રિવાજ હોય છે. જે એક રીતે જોઈએ તો સાવ કૃત્રિમ અને દેખાડો કરવા પૂરતો હોય છે. આ રિવાજની જેણે પોતાનું સ્વજન ગુમાવ્યું હોય છે, તેના દુઃખ અને આઘાતમાં શાંત્વના આપવાની બાબતમાં કોઈ અસર પડતી નથી; ઊલટું ક્યારેક તો આ રિવાજ અન્ય જોનારા દર્શકોને માટે તો ફારસ કે નાટક રૂપ જ બની રહે છે ! ગોવર્ધનરામની દીર્ઘ દૃષ્ટિ આ બાબત જોઈ શકી હતી, તેથી તેમણે પોતાની માતા અને પુત્રીના કારમા અવસાન બાદ રોવા-ફૂટવાની રિવાજ બંધ કરાવ્યો હતો.*

*તેમણે આ પરંપરાગત સામાજિક રિવાજ બંધ કરી, સમાજ – સુધારાની દિશામાં અસરકારક અને પ્રેરક પગલું ભર્યું.*

**(2)બાળ લગ્નોની પ્રથાનો વિરોધઃ** *ગોવર્ધનરામ બાળલગ્નોની વિરુદ્ધમાં હતા. અણસમજ ઉંમરે, છોકરો કે છોકરી માઈનોર હોય તો પણ, તેમનાં લગ્ન કરી નાખવાનો સામાજિક રિવાજ અગાઉથી 19 મી સદી સુધી ચાલ્યો જ આવતો હતો. મોટા ભાગની જ્ઞાતિઓ તેમજ ચતુવર્ણવ્યવસ્થામાં પણ બાળલગ્નો કરવાનો રિવાજ પ્રચલિત હતો. મોટી ઉંમરે, બંનેની સમજ પરિપક્વ થતાં ખ્યાલ આવે છે, બંન્ને પાત્રોની વય, દેખાવ, ઊંચાઈ, વજન, ત્વચાનો રંગ, સમજશક્તિ, વિચારો, પ્રગતિશીલ અભિગમ વગેરે વિવિધ બાબતોમાં કેટકેટલો મોટો તફાવત હોય છે, તેનો ખ્યાલ મોટા થતાં આવે છે.! અને, કેવાં કજોડાં સર્જાયલાં છે?*

*આને પરિણામે, ગોવર્ધનરામ બાળલગ્નોની બિલકુલ વિરુદ્ધમાં જ હતા. આથી તેમણે પોતાનાં સંતાનોના લગ્ન સમયે, વર- કન્યા વચ્ચે 7 થી 8 વર્ષનો તફાવત રહ્યો હતો, તે ખાસ જોયું હતું. 14 થી 15 વર્ષની કન્યા માટે અને 20 વર્ષની આસપાસની વય છોકરા માટે લગ્નની ઉંમર આવકાર્ય ગણાતી હતી. આ આગવી વિચારસરણીનું પ્રતિબિંબ તેમણે પોતાની નવલકથા 'સરસ્વતીચંદ્ર'માં ઉત્કૃષ્ટ રીતે વ્યકત કરેલ છે.*

### 11.1.6. 'સરસ્વતીચંદ્ર' નવલકથાનું સર્જન અને સ્ત્રી-સન્માનની ભાવનાને મહત્વ

ગોવર્ધનરામ ત્રિપાઠીની એકમાત્ર નવલકથા 'સરસ્વતીચંદ્ર' કુલ ચાર ભાગોમાં વહેંચાયેલી છે. એની પ્રથમ ભાગ ઈ.સ. 1887માં પ્રસિદ્ધ થયો હતો અને ચોથો ભાગ ઈ.સ.1901 – માં પ્રસિદ્ધ થવા પામ્યો હતો. આમ, આખી નવલકથાપૂર્ણ રૂપે લખતાં અને પ્રસિદ્ધ થતાં લગભગ 15 વર્ષો લાગ્યાં હતાં.

ગોવર્ધનરામનો સમય 'પંડિત યુગ' ગણાતો હતો, અને સાંસ્કૃતિક સંદર્ભમાં 'સંક્રાન્તિકાળ' તરીકે ઓળખવામાં આવે છે. 'સરસ્વતીચંદ્ર' એ આ સંક્રાન્તિકાળની કૃતિ છે. પાશ્ચાત્ય અર્વાચીન સાંસ્કૃતિક મૂલ્યો, ધોરણો અને પરિવર્તનકારી બાબતો અપનાવવી કે પછી પરંપરાગત ભારતીય મૂલ્યો, ધોરણો અને સદીઓથી ચાલી આવતી જૂની-પુરાણી બાબતો (પૌવાર્ત્ય બાબતો) અપનાવવી એ જબરદસ્ત દ્વિધામાં રહેલા, કિંકર્તવ્યમૂઢ સમાજને માર્ગદર્શન કરાવવું એ આ મહાનવલ 'સરસ્વતીચંદ્ર' નો ઉદ્દેશ છે. આથી ગોવર્ધનરામની વૈચારિક દૃષ્ટિ સંસ્કૃતિઓના ત્રિવેણી સંગમ (પાશ્ચાત્ય,પૌવાર્ત્ય અને સમન્વયકારી સ્વરૂપો) અને સંઘર્ષથી પ્રભાવિત રાજ્ય, ગૃહ, ધર્મ, એમ સમાજ જીવનનાં સર્વ ક્ષેત્રોને વ્યાપક અને સૂક્ષ્મ રીતે આવરી લે છે અને એના ગ્રાહ્ય તેમજ ત્યાજ્ય અંશોનું વિવેકપૂર્વકની દૈષ્ટિથી દિશાસૂચન કરે છે.

'સરસ્વતીચંદ્ર' નવલકથાના પાત્રોનાં નામો 'યથા નામા, તથા ગુણાઃ' ને ધ્યાનમાં લઈને લેખકે પ્રયોજ્યાં છે. સરસ્વતીચંદ્ર મહા-નવલકથાનો નાયક (હીરો) છે અને કુમુદસુંદરી એ આ કથાવાર્તાની નાયિકા (હીરોઈન) છે. એ બંન્નેની પ્રેમકથા આ નવલકથામાં ગૂંથાયેલી છે. કથા જેમ જેમ આગળ ધપે છે તેમ તેમ પ્રમાદધન, કુમુદની બહેન કુસુમ વગેરે ઘણાં પાત્રો તેમાં ઉમેરાતાં જાય છે. પિતાના કટુવચનો સાંભળી, જે સરસ્વતીચંદ્ર પાશ્ચાત્ય શિક્ષણ પામેલો છે, તે પોતાનું વેવિશાળ જેની સાથે થયું છે, તે વાગ્દત્તા કુમુદસુંદરીના ભાવિ અંગે ચિંતિત બનીને, સરસ્વતીચંદ્ર પિતા પર પત્ર લખી ગૃહત્યાગ કરે છે. અને અજાણ્યા સ્થળે જતો રહે છે. કુમુદસુંદરીના પ્રેમ, નાજુક લાગણીશીલ કોમળ સ્વભાવનો વિચાર કર્યા વગર લેખક ગોવર્ધનરામે, સરસ્વતીચંદ્રને ગૃહત્યાગ કરાવ્યો, તે ગુજરાતના વાચકોને તે સમયે જરાયે પસંદ ન પડતાં, સેંકડો ટપાલો નડિયાદમાં વસતા ગોવર્ધનરામ ઉપર આવી હતી. માત્ર એક જ વાર નહિ, પણ દિવસમાં ત્રણ ત્રણવાર થેલો ભરીને ટપાલો ગોવર્ધનરામને ત્યાં ટપાલીને આપવા જવું પડતું હતું! આમ કુમુદની નાજુક અને સંવેદનશીલ લાગણીઓમાં વિચાર કર્યા વગર સરસ્વતીચંદ્રનો કરાયેલો ગૃહત્યાગ (ભગવાન બુદ્ધની જેમ) વાચકોને જરાયે પસંદ ન પડતાં,ઠપકો આપતા –"તમે સરસ્વતીચંદ્રને ગૃહત્યાગ કરાવ્યો જ કેમ ? બિચારી કુમુદ પર આ સમાચાર, સાંભળી શી વીતી હશે? તમને આવો અધિકાર આપ્યો જ કોણે? વગેરે વગેરે. આ વિધાનોની સત્યતામાં કદાચ અતિશયોક્તિ હોય, તો પણ આ નવલકથાનાં હપ્તે હપ્તે છપાતાં પ્રકરણોએ ગુજરાતી ઉચ્ચ, મધ્યમ અને નિમ્ન સમાજ પર કેવી જબરદસ્ત અસર અને પકડ જમાવી હતી, તે તો અચૂક દર્શાવે જ છે !! આ નવલકથાના પાત્રોની અને તેમની

*ગતિવિધિઓનું કેટલાયે યુવકો તથા યુવતીઓનું અનુકરણ પણ કરેલું, એવી ગંભીર અસર પડેલી !*

**11.1.7. 'સરસ્વતીચંદ્ર'નવલકથાની આંખે ઊડીને વળગે તેવી વિશિષ્ટતાઓ**

- *'સરસ્વતીચંદ્ર' નવલકાથાર્ની વાર્તાસૃષ્ટિનાં પાત્રોની શ્રેણી ખૂબ વિશાળ અને વૈવિધ્યપૂર્ણ છે. ગોવર્ધનરામે તેમની પાત્રસૃષ્ટિમાં સ્ત્રીઓ અને પુરુષો ભારતના લગભગ બધા જ સ્તરનાં અને બધા જ વર્ગોનાં (જ્ઞાતિઓનાં) પસંદ કર્યા છે. દા.ત. જમાલ અને મેરૂલા જેવાં છેક પ્રાકૃત (પછાત) વર્ગનાં છે; તો બુદ્ધિધન, સરસ્વતીચંદ્ર, વિદ્યાચતુર જેવાં શિષ્ટ- શિક્ષિત સમાજનાં પાત્રો છે. વિષ્ણુદાસ જેવા - અધ્યાત્મરંગી પુરુષપાત્રો છે તો અલકકિશોરી જેવી કામાતુર સ્ત્રી પાત્રો પણ છે. સ્ત્રી-પાત્રોનું વૈવિધ્ય પણ ખૂબ જ છે, દા. ત. કુમુદ, કુસુમ, ગુણસુંદરી, અલકનંદા, રૂપાળી, સૌભાગ્યદેવી, ચંદ્રાવલી વગેરે. ટૂંકમાં, કથાને ગતિશીલ બનાવવા તેમજ પ્રસંગોને અનુરૂપ એમનું વાસ્તવરંગ્યું અને આદર્શરંગ્યુ ચિત્રણ લેખકે કર્યું છે.*
- *કુમુદસુંદરીનું દારુણ મનોમંથન કરુણરસની પ્રભાવશાળી નિષ્પત્તિ કરે છે, તો બીજી તરફ કુમુદની કરુણ સ્થિતિને માટે જવાબદાર તથા સાક્ષી પણ બનેલ છે, તેનો અનુભવ કરનાર સરસ્વતીચંદ્ર પણ યાતનાને વરે છે!*
- *પ્રત્યેક પાત્રનું મનોવિશ્લેષણ નવલકથામાં સુંદર રીતે અંકિત થયેલું છે. અને આ બધાં જ પાત્રો સારાસારની વિવેકબુદ્ધિનો અદ્‌ભુત ઉપયોગ કરે છે.*
- *સંક્રાન્તિકાળની પરિસ્થિતિમાં દેશનો ઉદ્ધાર કરી શકે એવા નવયુવકની કલ્પનાને ગોવર્ધનરામે સરસ્વતીચંદ્રના પાત્રનું સર્જન કરીને (આખી નવલકથાનું નામ પણ એજ છેને!)સાકાર કરી છે.*
- *સરસ્વતીચંદ્ર તેની ચેતસિક પરિપક્વતા સાથે તે પાછો (ભારત ભ્રમણ કરીને) ફરે છે, એ ઘટના પણ કથાનો નોંધપાત્ર બનાવ બની રહે છે અને તેની 'કલ્યાણગ્રામ' ની યોજના એ જાણે તેની (વાસ્તવમાં લેખકની) ફળશ્રુતિ બની રહે છે.*
- *વિધવા કુમુદને બદલે તેની જ બહેન કુસુમની સાથે સરસ્વતીચંદ્રનાં લગ્ન પ્રયોજીને દામ્પત્યજીવનનો ઉચ્ચ આશય જોડયો છે. તે પણ એક સૂચક છે. વિધવા બનેલી અને પૂર્વ પ્રેયસી કુમુદ જોડે સરસ્વતીચંદ્રનું લગ્ન કરાવીને લેખકે ધાર્યું હોત તો વિધવા પુનર્લગ્નનો સુધારો કરીને, સમાજનાં માટે પ્રેરક અને અનુકરણીય દાખલો બેસાડી શક્યા હોત!*

**11.1.8. ગોવર્ધનરામનું સમાજ સુધારણાના ક્ષેત્રે પરોક્ષ પ્રદાન**

*'સરસ્વતીચંદ્ર' નવલકથાના સર્જન દ્વારા ગોવર્ધનરામ ત્રિપાઠીએ તત્કાલીન સમાજમાં પ્રવર્તમાન અનિષ્ટો, દ્વિધામય પરિસ્થિતિ,વિવિધ સામાજિક સમસ્યાઓ, સામાજિક – ધાર્મિક સુધારણાની અનિવાર્યતા, પ્રાચીન ભારતીય સંસ્કૃતિનાં મૂળતત્ત્વોની જાળવણી, પ્રાચીન ભારતીય સંસ્કૃતિના મૂળ આધારો વગેરે બાબતોને નવલકથાના વિવિધ પાત્રો અને તેમની વચ્ચેના સંવાદો દ્વારા વિષદ ચર્ચા કરી છે. આમ તેમણે વ્યાખ્યાનો,*

*ચર્ચાસભાઓ, પિકેટીંગ, પ્રયોગો વગેરે દ્વારા સીધી રીતે સામાજિક ક્રૂર રિવાજો પર પ્રહાર કરવાને બદલે, નવલકથાના પાત્રો સર્જીને, એ પાત્રોના મુખમાં, વર્તનમાં અને વિચારોમાં પોતાના સમાજ સુધારણાની પરોક્ષ રીતે જાણે ઝૂંબેશ ઉપાડી હતી ! આમ આડકતરી રીતે સમાજને એ કુરિવાજોને દૂર કરવા માટે તેમણે અંગૂલિનિર્દેશ કરીને, સમાજ સુધારણાની ઝૂંબેશમાં ઝૂકાવ્યું હતું. સાથે સાથે સમન્વયકારી દૃષ્ટિકોણને રજૂ કરી, સંઘર્ષ- વિહીન સમાજ સુધારાનું ભગીરથ કાર્ય તેમણે કર્યું હતું.*

*બીજી એક મહત્વની બાબત એ છે કે, જેટલી પ્રવચનોની અસર વ્યાપક શ્રોતાગણમાં કે એકઠી થયેલી માનવમેદની ઉપર પડે છે; કથા-કીર્તનની પડે છે. તેનાથી અનેક ઘણી અસર વાર્તાના પુસ્તકની પડે છે. એ હકીકત 'સરસ્વતીચંદ્ર' નવલકથાએ સાબિત કરી આપી હતી અને એ અસર વધુ પ્રગાઢ બનાવવા જ શ્રી ગોવિંદ સરૈયાએ (દિગ્દર્શક અને નિર્માતાએ) હિન્દી ભાષામાં, ઈ.સ* 1968*માં (લગભગ* 100 *વર્ષો પછી) 'સરસ્વતીચંદ્ર' ફિલ્મ પણ બનાવી હતી.*

*શ્રી ગોવર્ધનરામે તેમની નવલકથા 'સરસ્વતી ચંદ્ર' નવલકથા દ્વારા કેટલીક વિશિષ્ટ બાબતો અંગે હિમાયત કરી છે, જેનું અવલોકન કરવું, પણ સમાજ સુધારણાની દૃષ્ટિએ આવશ્યક છે.*

**(અ) સ્વધર્મ અને સદાચારના પાલનનો આગ્રહઃ**

*ગોવર્ધનરામ સ્વધર્મ અને સદાચારના પાલનના ભારે હિમાયતી હતા; તેથી સરસ્વતીચંદ્ર નવલકથાનાં પાત્રો પણ તેનું ચુસ્તપણે પાલન તથા આચરણ કરે, તેના પર સવિશેષ ભાર મૂક્યો છે.દા.ત. પાશ્ચાત્ય ઢબની યુનિવર્સિટીમાં શિક્ષણ પ્રાપ્ત કર્યું હોવાં છતાં, સરસ્વતીચંદ્રનું પાત્ર સદાચાર તથા સદવર્તનના પાલનનું આગ્રહી જ અંકિત કર્યું છે. સરસ્વતીચંદ્ર સોક્રેટીસ (ગ્રીક ફિલૉસૉફર અને એરિસ્ટોટલના ગુરુ) જેટલો જ સત્યનિષ્ઠ છે.તે વ્યક્તિ-સ્વાતંત્ર્ય અને પાશ્ચાત્ય સંસ્કારોને આગળ ધરી હિંદુધર્મ અને સમાજના પાયાનાં ધોરણોનો ભંગ કરવા કે ઉવેખવા માગતો નથી. સ્વહિત કે સ્વાર્થ તેના જીવનમાં મુખ્ય નથી, પરંતુ પરહિત અને પરમાર્થ એ મુખ્ય છે.*

**(બ) સ્ત્રી- સન્માન અને આદરની ભાવના :**

*ગોવર્ધનરામના મતે, 'કુટુંબ'* (Family) *એ સમાજ જીવનનું મુખ્ય અંગ કે એકમ છે, અને કૌટુમ્બિક સુખ તથા શાંતિના આધાર સમાજમાં સ્ત્રીનાં સ્થાન તથા દરજ્જા* (the place and Status in the Society) *ઉપર રહેલો છે આથી ગોવર્ધનરામ કુટુંબ કલ્યાણ* (Family Welfare) *સ્ત્રી શિક્ષણ* (Wermen - Education) *ઉચ્ચ તેમજ ગૃહવ્યવસ્થા* (Home Management) *સ્વચ્છતા, રસોઈકળા, બાળઉછેર, વડીલોની સેવાભાવના, કુટુંબના સભ્યો તરફ પ્રેમ-સ્નેહ અને કુટુંબના સભ્યોની જરૂરિયાતો તથા સગવડોની પૂર્તિ....ઈત્યાદિની તાલીમ ઉપર તેમણે વિશેષ ભાર મૂક્યો છે.*

*ગોવર્ધનરામના મતે, સ્ત્રીઓ શિક્ષિત થઈ વિદુષી બને,સમજશક્તિ વધારે, રસજ્ઞ બને, સુંદર દેખાવવાળી થાય, યોગ્યતાના પ્રમાણમાં કુટુંબનાં બંધનોમાંથી મુક્ત થાય,સ્વતંત્ર બને ત્યારે જ તે કુટુંબના સાચા કલ્યાણ માટે ઉત્સાહિત થાય, એ આ દર્શન ચરિતાર્થ કરી શકશે; કરશે. સ્ત્રી-સન્માનની ભાવના જાળવવી અને તેમાં વૃદ્ધિ કરવી તેમજ ગોવર્ધનરામે બાળલગ્નો અટકાવવાની સાથેસાથે કન્યા કેળવણીની વિશેષ હિમાયત કરી હતી. તેઓ માનતા હતા કે , "શિક્ષિત અને સંસ્કારી કન્યાનાં -લગ્ન અશિક્ષિત તથા અસંસ્કારી કુટુંબમાં જો થાય તેનું જીવન દોજખ જેવું અને દુ:ખદ બની જતાં, તેનું આખું કુટુંબ જોખમાય છે. અને એવાં કજોડાં લગ્નોમાંથી જ મારપીટ,બોલાચાલી, લડાઈ-ઝઘડા, સંઘર્ષો, મુશ્કેલીઓ, છૂટાછેડા વગેરે સામાજિક સમસ્યાઓ સર્જે છે. આવી સમસ્યાઓ ઉદ્દભવે જ નહિ, તે માટે આથી દરેક માતાપિતાએ કન્યા પુખ્તવયની થયા બાદ જ, તેની પૂર્ણ સંમતિથી જ તેના વિવાહ કરવા જોઈએ.*

**(ક) વિધવા વિવાહની તરફેણ નહિઃ**

*શ્રી ગોવર્ધનરામ વિધવા વિવાહની તરફેણમાં ન હોતા, તેવું 'સરસ્વતીચંદ્ર'નવલકથાનું વાર્તાસ્વરૂપ કહી જાય છે ; કેમકે નાની વયે વિધવા બનેલી અને અગાઉ જેની સાથે એક વાર વેવિશાળ થયેલા, તે કુમુદસુંદરી સાથે સરસ્વતીચંદ્રનું લગ્ન લેખક ત્રિપાઠી વાર્તામાં કરાવતા નથી; પરંતુ કુમુદની બહેન કુસુમ જોડે લગ્ન પ્રયોજે છે. ગોવર્ધનરામ વિધવા થયેલી સ્ત્રીનું પુનર્લગ્ન કરવામાં પાપ જુએ છે. આ એક અપવાદને બાદ કરતાં, તેઓ સ્ત્રીઓને સ્વમાની તથા સ્વતંત્ર બનાવવા તેમજ તેમને શિક્ષણ આપવાના જબરદસ્ત હિમાયતી હતાઃ*

**(ડ) ધર્મ, સંન્યાસ અને સંસ્કૃતિ વિશેના ગોવર્ધનરામના સુધારક ખ્યાલો :**

- *શ્રી ગોવર્ધનરામના મતે, ઈશ્વરપ્રાપ્તિ માટે સંસાર કે જગતના વ્યવહારોને છોડી દેવાની જરૂર નથી. ધર્મ એ સંસ્કૃતિના પાયો છે. અને ઈશ્વરની સાધના સંસારમાં રહીને પણ થઈ શકે છે.*
- *તેઓ જડ અને અપરિવર્તનીય ધાર્મિક માન્યતાઓના પણ વિરોધી હતા. બધું જ પૌર્વાત્ય શ્રેષ્ઠતમ છે, તેવું માનવની જરૂર નથી. પશ્ચિમી સંસ્કૃતિ, સાહિત્ય, ધર્મ,ઉદ્યોગો, વિજ્ઞાન, ટેક્નોલૉજી, વગેરેમાંથી ઘણું પણ બધું સમાજે અને દેશે શીખવાનું છે.*
- *તેઓ ભારતીય આધ્યાત્મિકતા અને પશ્ચિમના વિજ્ઞાનના સમન્વય દ્વારા દેશનો સમતોલ આર્થિક વિકાસ કરવાના મતના હતા. આધ્યાત્મિકવાદ અને ભૌતિકવાદના સમન્વયનો હેતુ સિદ્ધ કરવા 'સરસ્વતીચંદ્ર' નવલકથામાં ભારતીય ધર્મ તથા સંસ્કૃતિ અને પશ્ચિમના વિજ્ઞાન તથા ટેકનોલૉજીની પ્રશંસા કરી છે.*
- *માનવમાત્રની એકતા અને વિશ્વબંધુત્વની ભાવનાને તેઓ જગતના કલ્યાણ અર્થે આવશ્યક ગણે છે. આથી જ તેમણે પોતાની નવલકથામાં જનતાની ઉન્નતિ અને પ્રગતિ માટે 'કલ્યાણગ્રામ'ની યોજનાના અમલીકરણની બાબતને મહત્વ*

*આપ્યું છે; જે દ્વારા માનવજાત સુખ, શાંતિ મેળવીને પ્રગતિ અવશ્ય સાધી શકશે.*

**(ઈ) પૂર્વ અને પશ્ચિમની વિચારસરણીઓના સમન્વયની હિમાયતઃ**

*શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠીએ, સમન્વયકારી સંસ્કૃતિના આદર્શને મૂર્તિમંત કરવા, હિન્દુ ધર્મશાસ્ત્રો, પ્રાચીન અને અર્વાચીન ઐતિહાસિક ધર્મગ્રંથો, ભારતીય તત્ત્વજ્ઞાનને લગતા ભારત અને ભારત બહાર વિદેશોમાંથી પ્રસિદ્ધ થયેલા ગ્રંથો, જ્ઞાન માર્ગ-કર્મ માર્ગ-ભક્તિ માર્ગને લગતી કૃતિઓ વગેરેમાં તલસ્પર્શી અભ્યાસ ગોવર્ધનરામે કર્યો હતો.*

*શ્રી ગોવર્ધનરામે પોતાની નવલકથા 'સરવતીચંદ્ર'માં એવા મનુષ્ય, સમાજ અને રાષ્ટ્રનું ચિત્રણ કર્યું છે, કે જેમાં— માનવી અહમ્ /દંભ વગરનો હોય; સમાજ રૂઢિચુસ્ત ન હોય અને જગત આક્રમણખોરવૃત્તિ વગરનું હોય ! સર્વત્ર શાંતિ, સુખ ,સમાધાન અને સમન્વયને પ્રાધાન્ય હોય. સમગ્ર માનવજાતિમાં ઐક્ય અને વિશ્વબંધુત્વની ભાવનાનો આવિર્ભાવ થતો હોય.ગોવર્ધનરામે પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિઓના સુમેળ તથા સમન્વયને જ પ્રાધાન્ય આપ્યું છે. આમ, પૂર્વની ત્યાગ-ભાવના અને ઉદારતાની સાથે સાથે પશ્ચિમની વ્યક્તિસ્વાતંત્ર્યની ભાવના અને વૈજ્ઞાનિક અભિગમ* (Scientific approach) *ને પરંપરા અને આધુનિકતાના સમન્વયને ગોવર્ધનરામે પ્રાધાન્ય આપવાનો આગ્રહ કરીને, એક નવો જ ચીલો ચાતર્યો હતો, જેમાં સંઘર્ષને બિલકુલ સ્થાન નહોતું, તેમણે મૂડીવાદ અને સમાજવાદની પણ વિસ્તૃત ચર્ચા તેમની નવલકથામાં કરી છે.*

**(ફ) 'સરસ્વતીચંદ્ર' નવલકથાની વિચારધારાની ગુજરાતી સમાજ પર પડેલી અસરોઃ**

*'સરસ્વતીચંદ્ર' નવલકથાના પ્રકરણો છાપામાં જેમજેમ પ્રકરણો પ્રસિદ્ધ થતાં હતાં, તેમ તેમ વંચાતા હતા અને શિક્ષિત તથા સવિશેષ યુવા વર્ગમાં તેની ઘેરી અસર પડી હતી, એટલું જ નહિ પરંતુ ગુજરાતી સમાજમાં ભારે વંટોળ ઉત્પન્ન કર્યો હતો. દા.ત. તે સમયે, કૉલજોમાં અભ્યાસ કરતા યુવક-વિદ્યાર્થીઓએ સરસ્વતીચંદ્રની જીવનશૈલીથી પ્રભાવિત થઈ, લાગણીવશ બનીને, જીવન તરફ બેફિકરાઈ કેળવવાનો તો વળી કેટલાકે માતાપિતા પર ચિઠ્ઠી લખીને ગૃહત્યાગ કરવાનો પ્રયાસ કર્યો હતો! જેમ સરસ્વતીચંદ્રે તેની વાગ્દત્તા કુમુદને ગુમાવી, જાણે કોઈ મહાન ત્યાગ કર્યો હોય, તેવી જ અનુભૂતિ કેટલાક યુવકોએ પોતાના-જીવનમાં કરી હતી.*

*ગુજરાતી સમાજ પર આ નવલકથાની એટલી બધી ઘેરી અસર પડેલી કે, તે સમયે જન્મેલાં બાળકોના નામો પણ સરસ્વતીચંદ્ર, નવીનચંદ્ર, કુમુદ, કુસુમ રાખવાની ફૅશન થઈ ગઈ હતી.સાથે સાથે તે સમયે લખાતા લેખો, પુસ્તકો, વાર્તાઓ, વગેરેમાં તેમજ અપાતા પ્રવચનો/વ્યાખ્યાનો અને પત્રહવ્યવહારમાં પણ સરસ્વતીચંદ્રમાંથી અવતરણો (કૉટેશન્સ) મુક્ત રીતે વ્યક્ત થતાં હતાં. પત્ની કે પ્રેયસી પરના ખાનગી પત્રવ્યવહારમાં*

*પણ ' પ્રિય કુમુદ' કે "પ્રેમી/પતિ પરના પત્રોમા , 'પ્રિય ચંદ્ર' જેવાં સંબોધનોનો ઉપયોગ કરવાની પણ ફેશન શરૂ થઈ હતી.*

*ગોવર્ધનરામે ' પ્રેમલગ્ન'ની હિમાયત કરી છે. તેમના મતે પશ્ચિમના દેશોમાં પહેલાં પ્રેમ થાય છે અને પછી લગ્ન થાય છે. પરંતુ લગ્ન પછી પ્રેમનો લોપ (અંત) થાય છે. જ્યારે હિન્દુના સમાજમાં પ્રથમ લગ્ન થાય છે, અને પછી પ્રેમ કેળવાય છે અને એ લગ્નો આજીવન ટકે છે, આમ, બન્નેં વિચારસરણીઓ રજૂ કરી વાચકો પર પસંદગીનો નિર્ણય છોડી દીધો છે.*

**11.1.9. સમાપન**

*'સરસ્વતીચંદ્ર' નવલકથા દ્વારા ગોવર્ધનરામે 'સંયુક્ત કુંટુંબપ્રથા'* (Joint Family System) - *માં રહેલી ખામીઓ દૂર કરવાની હિમાયત કરીને, તેના દ્વારા 'હિન્દુ સમાજવાદ' નો આદર્શ સિદ્ધ કરવાનું બીડું ઝડપ્યું છે, પશ્ચિમી સમાજની વ્યક્તિ-વિકાસની બાબતોને પણ આવકારી છે. આમ, વ્યક્તિસ્વાતંત્ર્ય અને સંયુક્ત કુટુંબની ભાવના વચ્ચે સુમેળ કે સમન્વય સાધવા, શ્રી ગોવર્ધનરામે અપનાવેલો અભિગમ ખરેખર પ્રશંસનીય હતો. સાથે સાથે એ જમાનામાં (19મી સદીમાં) જ્યારે સમજમાં સ્ત્રીનું કોઈ સ્થાન કે દરજ્જો ન હતાં, ત્યારે અને 'છોકરીઓને પાશ્ચાત્ય/અંગ્રેજીનું શિક્ષણ અપાય તો, તે વંઠી જાય'ની માન્યતા ઘર કરી ગયેલી, એવા સમયે ગોવર્ધનરામે કન્યા કેળવણી ઉપર ભાર મૂકીને, એક રીતે તો "સ્ત્રી-સશક્તિકરણ' નો પરોક્ષ- રીતે પાયો નાખ્યો હતો, જેણે સમય જતાં ગુજરાતની સામાજિક સુધારણાની પ્રવૃત્તિમાં સિંહભાગ ભજવ્યો હતો, એમ વિના સંકોચે કહી શકાય.*

*ઈ.સ.* 1885 *માં* 28 *ડિસેમ્બરે ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસ* (Indian National Congress) *ની સ્થાપના થઈ તેના આગલા વર્ષે ઈ.સ.* 1884 *માં અમદાવાદમાં 'ગુજરાત સભા'ની સ્થાપના થયેલી. આ સંસ્થાની સ્થાપના કેવળ રાજકીય ઉદ્દેશવાળી હતી, કેમ કે તેનો ઉદ્દેશ અંગ્રેજ સરકાર સમક્ષ રાજકીય માંગણીઓ રજૂ કરવાનો હતો. જો કે તેની પૂર્વ ઈ. સ.*1872 *થી* 1879 *દરમિયાન આવી જ કામગીરીના હેતુપુરઃસર 'અમદાવાદ ઍસોસિએશન' નામની સંસ્થા પણ કાર્યરત હતી, પરંતુ તેના સભ્યો એટલા બધા જાગૃત અને સક્રિય ન હતા, તેથી તે બહુ કાંઈ લાંબી કામગીરી બજાવી શકી નહીં. ગુજરાત સભાના પ્રથમ મંત્રી પારસી ગૃહસ્થ શ્રી એમ.પી. મોદી હતા અને ત્યારબાદ શ્રી ગોવિંદ અપ્પાજી પાટીલ મંત્રી બન્યા હતા. આ સંસ્થાની સ્થાપનામાં અમદાવાદના ઉદ્યોગપતિઓ,વકીલો, વેપારીઓ,શિક્ષણવિદોનો ફાળો હતો. આ સંસ્થાના મુખ્ય કર્તાહર્તા જાણીતા સાહિત્યકાર શ્રી રમણભાઈ નીલકંઠ (ભદ્રંભદ્ર નવલકથાના લેખક ) અને અમદાવાદમાં સુતરાઉ કાપડની પ્રથમ મિલના સ્થાપક શ્રી રણછોડલાલ છોટાલાલા રેંટિયાવાળા હતા. આ સંસ્થાએ અમદાવાદના મિલમજૂરો માટે અભ્યાસના અર્ધરાત્રિ વર્ગો શરૂ કર્યા હતા. 'ગોખલે સોસાયટી'ની સ્થાપના અને દાદાભાઈ નવરોજી લાઈબ્રેરીની*

*શરૂઆત પણ તેમણે કરી હતી. આ સભામાં પાછળથી મહાત્મા ગાંધીજી અને સરદાર પટેલ પણ જોડાયા હતા. આસ્ટોડિયા રોડ ઉપર આવેલ લેડીઝ ક્લબના મકાનના પાછળના ભાગમાં તેનું કાર્યાલય આવેલું હતું.*

## 11.2 અગ્રણી સાહિત્યકાર, સમર્થ તત્ત્વજ્ઞ અને સમાજસુધારક : શ્રી મણિલાલ નભુભાઈ દ્વિવેદી

**શ્રી મણિલાલ નભુભાઈ દ્વિવેદી [ઈ.સ. 1858 થી ઈ.સ. 1898]**

### 11.2.1. પ્રાસ્તાવિક

*અગ્રણી સાહિત્યકાર, સંસ્કૃતના પ્રકાંડ પંડિત, સમર્થ તત્ત્વજ્ઞ અને તેજસ્વી વિદ્યાર્થી શ્રી મણિલાલ નભુભાઈ દ્વિવેદી એક આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત વિદ્વાન હતા. કૌટુમ્બિક અનુકૂળતાઓ અને આર્થિક મુશ્કેલીઓ વચ્ચે ખૂબ સંઘર્ષ વેઠી, એ જમાનામાં ઈતિહાસ, રાજનીતિશાસ્ત્ર* (History and Political Science) *વિષયો સાથે ગ્રેજ્યુએટ થનાર શ્રી મણિલાલ અભ્યાસનિષ્ઠ અને ભારે પરિશ્રમી વિદ્યાર્થી હતાં. આર્ય ધર્મ તથા ભારતીય સંસ્કૃતિ અને શિક્ષણના સંવર્ધન- સંરક્ષણનું વીર કવિ નર્મદે અધૂરું. મૂકેલું કાર્ય આગળ ધપાવનાર મણિલાલ મહાન વિભૂતિ હતા.*

### 11.2.2. જન્મ અને શિક્ષણયાત્રાઃ

*સ્શ્રી મણિલાલ દ્વિવેદીનો જન્મ 26સપ્ટેમ્બર, 1858ના રોજ નડિયાદ મુકામે થયો હતો. તેમના પિતાશ્રી નભુભાઈ દ્વિવેદી ગોરપદુંનો વ્યવસાય (મુહૂર્ત જોવા, લગ્નો કરાવવા, ઉત્તરક્રિયા કરાવવી, જન્માક્ષર જોવા ઈત્યાદિ કાર્યો)કરતા હતા. તેમની માતાનું નામ નિરધારા દેવી હતું.*

*શ્રી મણિભાઈએ પ્રાથમિક શિક્ષણ નડિયાદની ગામઠી પ્રાથમિક શાળામાં, શ્રી દયાશંકર પંડયા સાહેબ (શિક્ષકથી) પાસે મેળવ્યું હતુ ; અને ત્યાંથી તેમની શિક્ષણયાત્રા આરંભાઈ હતી. અંગ્રેજી માધ્યમમાં બીજા ધોરણમાં શિક્ષકશ્રી ઝવેરીલાલ લલ્લુભાઈનો પરિચય થયો. આથી તેમના માર્ગદર્શન હેઠળ અભ્યાસ કરી, પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયા, તેમની આવી ઉજ્જવળ સિદ્ધિ જોઈ, એ શાળાના હેડમાસ્તરે શ્રી મણિભાઈને ત્રીજું ધોરણ કુદાવીને, સીધા જ ચોથા ધોરણમાં મૂક્યા, પરંતુ એ પગલાંથી ખુશ થવાને બદલે નાખુશ થઈને હેડમાસ્તરને ત્રીજા ધોરણમા જ મૂકવાની વિનંતી કરી,તેથી તેઓ ત્રીજા ધોરણમાં જ રહ્યા.*

*જોકે પિતાશ્રીનો ધંધો સીઝન પૂરતો જ ચાલતો હોવાથી, ઘર ચલાવવાની ખૂબ મુશ્કેલી પડતી હતી, તેથી મણિભાઈને અભ્યાસ ત્યજી દેવા તેઓ ખૂબ આગ્રહ કરતા હતા, અને કશુંક પરચુરણ કામ કરીને "બે પૈસા કમાવવા" આગ્રહ કરતા હતા; આથી તેમના શિક્ષકો વચ્ચે પડયા, પરિણામે શ્રી મણિભાઈને મૅટ્રિક સુધી અભ્યાસ કરવાની પિતાશ્રીએ અનુમતી આપી. અલબત્ત, મણિભાઈને એ બાબત સમજાઈ ગઈ હતી કે, પોતાનું અભ્યાસની*

બાબતમાંજ ભાવિ અસ્થિર છે, તેવું લાગતાં, તેમણે સરકારી નોકરી માટે ઉપયોગી 'ફર્સ્ટ ક્લાસ પબ્લિક સર્વિસ સર્ટિફિકેટ'ની પરીક્ષા ઉત્તીર્ણ કરી લીધેલી.

ઈ.સ. 1875 માં 17 વર્ષની વયે, મૅટ્રિક (ધો.11ની) પરીક્ષા આપી, પરંતુ સંસ્કૃતના વિષયમાં પાસ થવા માટે જરૂરી ગુણ ન મળતાં, મૅટ્રિક્યુલેશનની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને મણિલાલ નિષ્ફળ ગયા. એ પછી આખું વર્ષ ઘરે રહીને (કેમ કે તે સમયે એક-બે વિષયો માટે આજની જેમ પૂરક પરીક્ષા લેવાતી ન હતી) બીજે જ વર્ષે (ઈ.સ.1976 માં) મેટ્રિકની પરીક્ષા ઉત્તીર્ણ કરી હતી; અને બોર્ડમાં તેઓ બીજે નંબરે પાસ થયા; અને તે જ વર્ષે શરૂ થયેલી યુનિવર્સિટીની માસિક રૂ.20/- ની સ્કૉલરશીપ તેમને મળી હતી. અને બીજી પણ કેટલીક છાત્રવૃત્તિઓ (છાત્રાલય/હૉસ્ટેલની અંદર રહીને અભ્યાસ કરવા માટે) તેમને મળી હતી. ઈ.સ. 1877 શરૂઆતમાં, પિતાશ્રીની અનુમતિ મળતાં, મુંબઈની ઍલ્ફિસ્ટન કૉલેજમાં દાખલ થયા. કૉલેજના છાત્રાલયમાં ત્રણ વર્ષ રહી, પોતાના અભ્યાસ માટેમાં જરૂરી તમામ પુસ્તકો (Reference books) લાયબ્રેરીમાંથી મેળવીને, દરરોજ લગભગ 14-14 કલાક વાંચીને પોતાની અલગ નોટ્સ બનાવતા હતા. તેમના ઉચ્ચ અભ્યાસ દરમિયાન ડૉ. આર.જી. ભાંડારકર અને અને પ્રિન્સિપાલ વર્ઝવર્થ એ બે પ્રાધ્યાપકોના અધ્યાપનની શૈલીની, તેમના ઊંડા જ્ઞાનની અને તેમના પ્રગતિશીલ વિચારોમાં સારી એવી અસર પડેલી, તેમનાં વ્યાખ્યાનોનો સારો એવો લાભ મણિભાઈને મળ્યો, પરિણામે તેમના પાશ્ચાત્ય જ્ઞાન અંગેની ક્ષિતિજો વિસ્તરી.

ઈ.સ.1879માં 21 વર્ષની વયે મુંબઈ યુનિવર્સિટીમાંથી B. A. (ઑનર્સ)ની પરીક્ષામાં બીજે નંબરે આવીને ઉત્તીર્ણ કરી; તેમજ ઈતિહાસ – રાજનીતિશાસ્ત્રમાં જેમ્સ ટેલર પારિતોષિક પણ મેળવ્યું, અને ઍલ્ફિસ્ટન કૉલેજે તેમના ઉજ્જવળ પરિણામની કદર કરી 'ફેલો' તરીકે નિમ્યા. પિતાશ્રી નભુભાઈની અનિચ્છાને કારણે તેઓ રેગ્યુલર સ્ટુડન્ટ તરીકે એમ.એ.નો અભ્યાસ કરી શકે તેમ ન હતા; પરંતુ તેમની અભ્યાસતૃષા એટલી બધી તીવ્ર હતી કે, ઈતિહાસ અને તત્ત્વજ્ઞાન (ફિલસૂફી) જેવા અઘરા વિષયોનું જ્ઞાન પ્રાપ્ત કરવા જે તે પ્રાધ્યાપકો પાસેથી (વિષયના સાંગોપાંગ અધ્યયન કરવા માટે) ગ્રંથોની યાદી મેળવી, પુસ્તકાલયોમાંથી ગ્રંથો મેળવી, ઊંડું અધ્યયન, પરિશીલન અને તેને આધારે લેખનકાર્ય કરવા માંડ્યું. સાથે સાથે સંસ્કૃત ભાષામાં લખાયેલા ધર્મશાસ્ત્રોમાં તથા નાટકોનો અભ્યાસ તો ચાલુ જ રાખ્યો.

**11.2.3. વ્યવસાય**

ઈ.સ. 1880માં,શ્રી મણિભાઈ દ્વિવેદી 22વર્ષની વયે પછીના વર્ષે નડિયાદની હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા. ઈ. સ. 1881ની એપ્રિલ માસમાં મુંબઈની સરકારી કન્યા શાળાઓના ડેપ્યુટી ઈન્સ્પેક્ટર તરીકે નિમાયા, જ્યાં 4 વર્ષ સુધી નિષ્ઠાવાન અધિકારી તરીકે બ્રિટિશ સરકારમાં કામગીરી બજાવી.

*ઈ.સ.* 1885 *માં ભાવનગરમાં નવી સ્થપાયેલી શામળદાસ કૉલેજમાં* संस्कृत *વિષયના અધ્યાપક તરીકે નિમાયા. તેમના સુપ્રસિદ્ધ વિદ્યાર્થીઓ તરીકે મોહનદાસ કરમચંદ ગાંધી અને પ્રોફેસર બળવંતરાય કલ્યાણરાય ઠાકોર તેમના વર્ગમાં ભણેલા.*

### 11.2.4 બિમારી અને નિવૃત્તિ

*ઈ. સ.* 1987 *માં(ત્રણેક વર્ષ બાદ) શ્રી મણિલાલ ત્રિવેદીને નાકમાં વ્રણ (ઘા) પડવાથી, અને તાળવાનો ભાગ તૂટી જવાથી, તેમને બોલવામાં મુશ્કેલી પડવા લાગી.આથી કૉલેજમાંથી નિવૃત્તિની વય પહેલાં જ એપ્રિલમાં તેમણે નિવૃત્તિ લઈ લીધી, અને હંમેશને માટે તેઓ નડિયાદ આવીને રહ્યા, ઈ.સ.* 1888.

### 11.2.5 લેખન-પ્રવૃત્તિ અને વિચારધારા

*નડિયાદ સ્થાયી થયા પછી, શ્રી મણિભાઈએ જીવ્યા ત્યાં સુધી એટલે કે સતત 5વર્ષ સુધી વાચન, લેખન અને ચિંતનમાં જ ગાળ્યાં. આ પાંચ વર્ષ તેમણે દરમિયાન નીચેનાં પુસ્તકોનું સર્જન કર્યું હતું.*

**(1)** *ઈ. સ.* 1882 : *'કાન્તા' નાટક*

**(2)** *ઈ.સ.*1893 : *હિન્દુઈઝમ' શોધપત્ર (રિસર્ચ આર્ટિકલ). 'અદ્વૈત' 'મોનિઝમ ઓર અદ્વૈતઝમ?, 'પુરાણ' 'જૈન ફિલોસોફી'*

**(3)** *ઈ.સ.* 1885 : *'સુદર્શન' અને 'પ્રિયવંદા' એમ બે મૅગેઝિનો શરૂ કર્યાં હતાં. (બન્ને નાટકો)*

**(4)** *ઈ.સ.* 1890 : *'કાન્તા, 'નૃસિંહાવત્તાર''સિદ્ધાંતસાર' 'રાજ્યોગ' 'પૂર્વદર્શન, 'પ્રાણવિનિમય' અને 'નારી પ્રતિષ્ઠા' જેવી નોંધપાત્ર કૃતિઓ રચી હતી.*

**(5)** *ઈ.સ.* 1891 : *'ગુલાબસિંહ, 'શ્રીમદ્ ભગવદગીતા' જેવી કૃતિઓ હપ્તે હપ્તે પ્રગટ થઈ હતી.*

**(6)** *ઈ. સ.*1893 *: અભેદોર્મિ' નામનો કાવ્યસંગ્રહ*

**(7)** *ઈ.સ.*1896 : *અવસાન પછી 'નૃસિંહાવતાર નાટક'*

**(8)** *ઈ.સ.*:1969 *'સુદર્શન ગદ્યાવલિ' નામનો નિબંધ (લેખ) સંગ્રહ પ્રસિદ્ધ કરાયો હતો.*

**(9)** *ઈ.સ.*:1948 *''મણિલાલની વિચારધારા અને 'બાલવિલાસ' વિદ્યાર્થિનીઓ માટે (લઘુ નિબંધસંગ્રહ)*

### 11.2.6 સામાજિક સુધારણાઓની પ્રવૃત્તિમાં મણિલાલ ફાળોઃ

*સાહિત્યકાર શ્રી મણિલાલ દ્વિવેદીની લેખનપ્રવૃત્તિ સંસ્કારલક્ષી હતી. કૉલેજમાં હતા, તે દરમિયાન તેમના મનમાં ' યુરોપિયન ઢબે સુધારાઓ, તેની પદ્ધતિ* (method), *ઈશ્વર, મોક્ષ ઈત્યાદિ અંગે વિવિધ તર્ક તેમના મનમાં જાગૃત થયા હતા. પાશ્ચાત્ય સુધારકોનાં, તત્ત્વચિંતકો (ફિલોસોફર્સ)ના, અન્ય વિષયોનાં પુસ્તકોના ઊંડા વાચનથી પણ તેમના*

મનનું સમાધાન થયું જ નહિ. આથી તેમણે ભારતીય ધર્મશાસ્ત્રો અને તત્ત્વજ્ઞાનન 'બ્રહ્મસૂત્ર, 'પંચદર્શી', 'શારીરિક' વગેરે વેદાન્તના ગ્રંથો વાંચ્યા; સાથે સાથે ઍલ્ફિસ્ટન કૉલેજના વિદ્વાન શાસ્ત્રી ભીમાચાર્ય ઝળકીકર પાસે ' સર્વ દર્શનસંગ્રહ' નો અભયાસ કર્યો. તેમના વાચન અને શાસ્ત્રીજીના માર્ગદર્શનને કારણે 'શાંકર વેદાન્ત' પર તેમની શ્રદ્ધા ઠરી.

આમ, પૂર્વ અને પશ્ચિમની – બન્નેની ફિલસૂફીના મુખ્ય ગ્રંથોનો ઊંડો અભ્યાસ કરીને, મુંબઈના 'ગુજરાતી સોશિયલ યુનિયન'માં વિધવા પુનર્લગ્ન, નારી-પ્રતિષ્ઠા વગેરે વિષયો ઉપર પોતાના નીડરપણે વિચારો રજૂ કર્યા. સાથે સાથે યુનિયન સંસ્થાના સભ્યો સમક્ષ 'મેસમેરિઝમ'ના પ્રયોગો કરીને તેમજ થિયોસોફિકલ સોસાયટીના સભ્યો સમક્ષ 'લૉજિક ઑફ કૉમન સેન્સ' વિષે વ્યાખ્યાનો આપીને, સ્ત્રી-કેળવણી વિશે 'રાસ્તગોફતાર' (તંત્રીઃ શ્રી દાદાભાઈ નવરોજી) માં મૅનેઝિનમાં લેખો લખીને સમાજ સુધારણાના ક્ષેત્રે જાગૃતિ લાવવાનું યાદગાર કાર્ય કર્યું. અને તેઓ પાશ્ચાત્ય વિદ્વાન એડવિન આર્નોલ્ડની પ્રશંસા મેળવી હતી. ઈ.સ. 1886 માં વિયેનામાં ભરાનારી 'ઓરિએન્ટલ કૉન્ફરન્સ' માં હાજરી (ઉપસ્થિત રહેવાનું) આપવાનું પણ નિમંત્રણ મળ્યું હતું. જોકે નાદુરસ્ત તાબિયતને કારણે તેઓ વિયેના (ઑસ્ટ્રિયા) જઈ નહોતા શક્યા.

ગુજરાતમાં ધર્મ અને સમાજ સુધારાને ઐતિહાસિક દૃષ્ટિએ અવલોકવાનું અને તેની તાત્વિક ચર્ચા કરવાનું કામ સૌ પ્રથમ મણિલાલ દ્વિવેદીએ કર્યું હતું. સ્વધર્મ એટલેકે પ્રાચીન આર્યભાવનાની શ્રેષ્ઠતા સાબિત કરીને લોકોનું ધર્માભિમુખ કરવાનો ઉદ્દેશ એમના મોટાભાગનાં લખાણોની પાછળ પ્રત્યક્ષ પરોક્ષ સ્વરૂપે રહેલો જોવા મળે છે. એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી કે, મણિલાલ દ્વિવેદીએ ગોવર્ધનરામ ત્રિપાઠી કે આનંદશંકર ધ્રુવની જેમ તટસ્થ દૃષ્ટા કે ન્યાયાધીશ ન બન્યા, પરંતુ આર્ય ધર્મભાવનાના વકીલ બન્યા અને તેને કારણે ધર્મ અને સમાજના ક્ષેત્રે અનેક ઉગ્ર વિવાદોનો સામનો તેમને કરવો પડયો હતો.

'દ્વૈતવાદી' શ્રી રમણભાઈ મહિપતરામ નીલકંઠ અને 'અદ્વૈતવાદી' મણિલાલ નભુભાઈ દ્વિવેદી વચ્ચે પોણા દાયકા સુધી 'જ્ઞાનસુધા'અને 'સુદર્શન' સામયિકોમાં લેખો દ્વારા વિવાદ ચાલેલો. ગુજરાતી ભાષામાં શ્રી રમણભાઈ 'ભદ્રંભદ્ર' જેવી હાસ્યપ્રધાન નવલકથા સર્જીને પરોક્ષ રીતે ભદ્રંભદ્રના પાત્ર દ્વારા તત્કાલીન સમાજની ત્રૂટિઓ, પરંપરાગત માન્યતાઓ, ધાર્મિક અંધશ્રદ્ધાઓ, જૂના-પુરાણા અને જર્જરિત સામાજિક રીત-રિવાજોની ઠીકઠીક મજાક અને ઠેકડી ઉડાવી છે ! દા. ત. ભદ્રંભદ્ર અંગ્રેજી ભાષાને મ્લેચ્છ (અને પરદેશી પણ) ભાષા સમજતા હોવાથી એક પણ અંગ્રેજી શબ્દ ભૂલેચૂકે પણ ન બોલવાની પ્રતિજ્ઞા કરે છે. અને તેથી તેઓ સામાન્ય બોલચાલની ભાષાઓમાં (નિરક્ષર અને ગામડાંઓના લોકો પણ બોલતા જ હોય) બોલાતા શબ્દો-, 'સ્ટેશન' માટે 'અગ્નિરથ વિરામસ્થાન', ટિકિટ' માટે 'મૂલ્યપત્રિકા, સિગ્નલ' માટે અગ્નિરથ ગમનાગમન લોહ-તામ્રપત્ર સૂચિકા' મુંબઈ માટે 'મોહમયી નગરી', જેવા શબ્દોનો પ્રયોગ કરી, હાસ્ય સાથે કટાક્ષ સર્જે છે !

### 11.2.7 સામયિકો દ્વારા સમાજ સુધારાની ઝૂંબેશ

*સાહિત્યકાર અને સમાજસુધારક શ્રી મણિલાલે તેમની સંસ્કારપ્રવૃત્તિના વહન માટે એક માસિક પત્ર 'પ્રિયંવદા' શરૂ કર્યું હતું. ઑગષ્ટ,* 1885 *માં* (ING *ની સ્થાપના પણ નહોતી થઈ, તે પૂર્વે) કન્યા કેળવણીના પ્રસારના શુભ ઉદ્દેશથી – શરૂ થયેલ પ્રિયંવદા' માસિકમાં તેમણે ઘણા વિદ્વત્તાપૂર્ણ લેખો લખ્યા હતા. ઈ. સ.* 1889 *માં શામળદાસ કૉલેજ, ભાવનગરમાંથી છૂટા થયા બાદ, શ્રી મણિલાલ નભુભાઈએ નડિયાદમાં સ્થાયી થયા બાદ, ઈ. સ.* 1890 *માં 'અધ્યાત્મ મંડળ'ની સ્થાપના કરી હતી; તેમજ પોતાના સામયિકનું નામ 'પ્રિયંવદા'ને બદલે 'સુદર્શન' નામ ઑક્ટોબરમાં રાખ્યું, એટલું જ નહિ પરંતુ તેમાં ધર્મ,ગૃહ,રાજય અને સાહિત્યનો ક્ષેત્રોને આવરી લેવાયાં, કેટલીક જ કૃતિઓને બાદ કરતાં, ગદ્ય અને પદ્યમાં લખાયેલી બાકીની, બધી જ કૃતિઓ 'સુદર્શન' સામયિકમાં ક્રમશ : હપ્તે હપ્તે છપાયેલી, દા.ત. 'ગુલાબસિંહ' અને 'શ્રીમદ્ ભગવદ્ગીતા' જેવી સળંગ તેમણે લખેલી કે વિવેચના કરેલી કૃતિઓ હપ્તે હપ્તે છપાયેલી- પ્રગટ થયેલી. એજ રીતે તેમનાં બધાં જ કાવ્યોનો સંગ્રહ 'અભેદોર્મિ'નામથી અને ગદ્ય લેખોનો સંચય 'સુદર્શન ગદ્યાવલિ'ના નામથી, તેમના મૃત્યુ પછી,* 11 *વર્ષ બાદ તેમના બે પ્રશંસક મિત્રો-હિંમતલાલ છોટાલાલ પંડ્યા અને પ્રાણશંકર ગૌરીશંકર જોશીએ પ્રખર વિદ્વાન અને ધર્મ-તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસી શ્રી આનંદશંકર ધ્રુવની સહાયથી,એક દેળદાર ગ્રંથ પ્રસિદ્ધ કર્યો હતો. આ ઉપરાંત શ્રી ધીરુભાઈ ઠાકરે (સંપાદકશ્રી, ગુજરાતી વિશ્વકોશ ગ્રંથશ્રેણી). શ્રી મણિલાલના પ્રતિનિધિરૂપ લેખોનું ચયન કરીને જે સંગ્રહ તૈયાર કરેલો, તે 'મણિલાલની વિચારધારા' એ શીર્ષકથી છે . ઈ.સ* 1948 *માં પ્રસિદ્ધ કર્યો હતો. તેમના કવિ મિત્ર શ્રી બાલાશંકર કંથારિયા તેમણે ગઝલો લખવાનો પણ સફળ પ્રયોગ કરેલો. આ તેમનાં ગીતો અને છંદોબદ્ધ કાવ્યો છે; અને આનંદકર છે.*

*તેમણે બે નાટકો –'કાન્તા' (ઈ.સ.* 1882) *અને 'નૃસિંહાવતાર' (ઈ.સ.* 1896) *મુંબઈની ગુજરાતી નાટક મંડળીએ 'કાન્તા' ઈ.સ.* 1889 *માં અને 'નૃસિંહાવતાર' નાટક ઈ. સ.* 1900 *ની આસપાસ ભજવાયેલું . આ બન્ને નાટકો સંપાદિત કરીને ઈ.સ* 1905 *માં શ્રી ધીરુભાઈ ઠાકરે પ્રસિદ્ધ કરાયેલાં. આ બધી બાબતોમાં, શ્રી મણિલાલ નિબંધલેખન માટે વધુ પ્રસિદ્ધ થયેલા છે. તેમના નિબંધોમાં તેમની વિદ્વત્તા, વિશાળ અનુભવ, સૂક્ષ્મ અવલોકનની સુટેવ અને સંસ્કૃત-ગુજરાતી બન્ને ભાષાઓ પરની પકડ સહજપણે તરી આવે છે. તેમના લખાણોમાં વિષયનું સુદ્રઢ મંથન તથા વિશદ નિરૂપણમાં જ્ઞાન સહજપણે સિદ્ધ છે, અને તેથી જ શ્રી મણિલાલને 'આદર્શ નિબંધકાર' તરીકે ઠેરવે છે. તેમના આત્મવૃત્તાંત* (Autobioegraphy) *માં ઈ.સ.* 1895 *સુધીના જીવનની સઘળી વિગતો નિરૂપી છે; જે ખરું જોતાં તો તેમના અંગત જીવનની એક કરુણ કથની છે. ગાંધીજીની જેમજ મણિલાલે પણ પોતાના જીવનના સારા-ખોટા બધાં પ્રસંગો તેમજ કરેલી ત્રૂટિઓ તેમજ અક્ષમ્ય ભૂલોને સત્યની એરણ ઉપર ચકાસીને યથાવત્ મુકેલ છે. સુરુચિનો ભંગ થવા દઈને પણ*

નિખાલસભાવે પોતાના દોષો તથા સ્ખલનોની સ્પષ્ટ વાત તેમણે જરા પણ સંકોચ વિના આલેખી છે. સત્ય હકીકતોના આલેખનની સાથે સાથે મણિલાલનું આત્મવૃત્તાંત એક લેખક, ચિંતક, પંડિત, સમાજસુધારક અને અધ્યાત્મપ્રેમી એક લોકશિક્ષક તરીકે ખ્યાતિ પામનાર તરીકે ઉજાગર કરાયું છે. ભયંકર વ્યાધિ (રોગ), કુસંગ અને અતૃપ્ત પ્રેમતૃષાને કારણે તેમની જીવનકથા જિંદગીભર ચલાવેલા યુદ્ધવીરની જેમ દારૂણ કથા છે. શ્રી મણિલાલના અવસાન પછી, 80 વર્ષે (ઇ.સ. 1979 માં) સંપાદિત થઈને, જ્યારે તેમની આત્મકથા (આત્મવૃત્તાંત') પ્રગટ થઈ, ત્યારે ગુજરાતી સાહિત્યમાં ભારે ઉહાપોહ (ટીકાઓનો વરસાદ વરસેલો!) થવા પામ્યો હતો.

શ્રી મણિલાલ દ્વિવેદી પાશ્ચાત્ય તથા ભારતીય તત્ત્વજ્ઞાનનો ઊંડો અભ્યાસ કર્યા બાદ, સુધારક તરીકેના તેમના વિચારો વિકસાવ્યા હતા, તેથી તેમને 'પરંપરાવાદી' કહેવા એ યોગ્ય નથી .શ્રી મણિલાલના સુધારક વિચારો વેદાન્તની દાન્તની ભૂમિકા પર ઘડાયેલા હતા, એટલે તેમના સુધારાઓની ભૂમિકા 'રાષ્ટ્રીય'' કહી શકાય.

શ્રી મણિલાલ 15 વર્ષની જ નાની વયે સમાજ સુધારાની શરૂઆત નડિયાદમાં 'પ્રાર્થના સમાજ' ની સ્થાપના કરીને કરેલી. આ સંસ્થા અમદાવાદમાં સ્થપાયેલા 'પ્રાર્થના-સમાજ'ના માળખાને અને કાર્યપદ્ધતિને આધારે રચાયેલી હતી, પરંતુ દુર્ભાગ્યે તેની પ્રવૃત્તિઓનો વિકાસ થઈ શક્યો નહિ. એજ રીતે ઈ.સ. 1882 માં મણિલાલ દ્વિવેદીએ 'થિયોસોફિકલ સોસાયટી' પ્રમુખ (સ્થાપક) કર્નલ આલ્કોટના સંપર્કમાં આવ્યા હતા અને એ સંસ્થાના સભ્ય પણ બનેલા. શ્રી મણિભાઈએ એ ત્યારબાદ ગુજરાત તથા સૌરાષ્ટ્રમાં આ સંસ્થાની કેટલીક શાખાઓ પણ સ્થપાઈ હતી. શ્રી મણિભાઈએ 'થિયોસોફી' પર કેટલાક લેખો લખ્યા હતા.

શ્રી મનસુખરામ ત્રિપાઠીના પ્રોત્સાહન અને આગ્રહથી નિષ્ક્રિય થઈ ગયેલી 'બુદ્ધિવર્ધક સભા'ને ઈ.સ. 1882 માં ફરી સક્રિય બનાવી હતી . મણિલાલે તેના મંત્રી તરીકે વિવિધ વિષયો વ્યાખ્યાનો આપ્યાં તેમજ ચર્ચાસભાઓ પણ યોજી હતી. શ્રી મણિલાલને કવિ નર્મદે પણ તેમની પ્રવૃત્તિમાં સાથ આપ્યો હતો.

આમ છતાં, સ્ત્રી-પુરુષ સમાનતા, વિધવા પુનર્વિવાહને ઉત્તેજન તથા જ્ઞાતિપ્રથાની નાબૂદીની રજૂઆત કરતા સમાજ-સુધારકો ભારતીય સંસ્કૃતિના મૂળ તત્ત્વોથી અજ્ઞાન હોવાનો શ્રી મણિલાલે આક્ષેપ કર્યો. વળી, તેઓ માનતા હતા કે,પાશ્ચાત્ય પદ્ધતિના સુધારકોનો મુખ્ય આશય લોકોને દુન્યવી સુખ તરફ વાળવાનો હતો. તેમના મતે પાશ્ચાત્ય પદ્ધતિના સુધારકોએ પ્રબોધેલી સામાજિક તથા ધાર્મિક સ્વતંત્રતા એ ખરેખર સ્વાધીનતા ન હતી, પરંતુ સ્વચ્છંદતા હતી. પ્રાચીન સમયથી ચાલ્યું આવતું હિન્દુ ધર્મ અને સમાજનું માળખું તોડવા તેઓ માગતા હતા, આથી તે પણ યોગ્ય ન હતું.

જો કે મણિલાલે કબુલ કર્યું હતું કે, પરંપરાગત હિન્દુ ધર્મ અને સમાજમાં લાંબો ગાળે કેટલીક વિકૃતિઓ તો આવી જ ગઈ છે. દા. ત. 'સતીપ્રથા', 'બાળલગ્ન પ્રથા, 'સ્ત્રીને

*શિક્ષણનો અધિકાર ન હોવો, અસ્પૃશ્યતા જેવી સામાજિક બદીઓ, પરદેશગમનથી પાપ થવું .ઈત્યાદિને સામાજિક વિકૃતિઓને સુધારવી હોય તો, તેને હિન્દુ ધર્મ) અને હિન્દુ સંસ્કૃતિના મૂળભૂત સિદ્ધાંતોનો આધાર લઈને સુધારવાના મતના હતા; પાશ્ચાત્ય પદ્ધતિએ પરિવર્તન કરવાના તેઓ વિરોધી હતા. આમ છતાં, ગુજરાતના તત્કાલીન સુધારકોએ પ્રચલિત સામાજિક અનિષ્ટો અને ધાર્મિક અંધશ્રદ્ધાઓ સામે જે ઝૂંબેશ ઉપાડી હતી, અને ગુજરાતભરમાં* 19 *મી સદી દરમિયાન જે વાતાવરણ ઊભું કર્યું હુંતું, તેની તો શ્રી મણિલાલ દ્વિવેદી પ્રશંસા કરી હતી, તેની નોંધ લેવી ઘટે.*

*એ સિવાય, 'પૂર્વ અને પશ્ચિમ' શીર્ષકથી બન્ને સંસ્કૃતિઓનો તુલનાત્મક અભ્યાસ કરતી એક આખી લેખમાળા શરૂ કરી હતી, અને તેમાં ભારતીય યુવાનો ઉપર પાશ્ચાત્ય શિક્ષણની જે વિપરીત અસરો પડી હતી, તે પરત્વે દુ:ખ વ્યક્ત કર્યું હતું.*

*શ્રી મણિભાઈ દ્વિવેદીની સ્પષ્ટ, માન્યતા હતી કે-*

- *ભારતીય સંયુક્ત કુટુંબની પ્રથા - સમાજવાદ અને સહકારના સિદ્ધાંત પર રચાયેલી હતી.*
- *પાશ્ચાત્ય સંસ્કૃતિ અનુસારની વિભક્ત કુટુંબ પ્રથા- વ્યક્તિવાદને ઉત્તેજન આપનારી હતી.*
- *પાશ્ચાત્ય પદ્ધતિની નવી શિક્ષણ પ્રથા.- વ્યક્તિવાદના અહમને પોષનારી, સમાજમાં બિનતંદુરસ્ત સ્પર્ધા અને અંધાધૂંધી ફેલાવનારી છે.*
- *ભારતીય સાંસ્કૃતિક પરંપરા- પાશ્ચાત્ય વૈયક્તિ સ્વતંત્રતાને બદલે સમગ્ર કુટુંબ, સમાજ અને દેશની એકતા ઉપર ભાર મૂક્યો હતો. પાશ્ચાત્ય શિક્ષણ, ભૌતિકવાદ, વ્યક્તિગત અહમવાદ, સ્વચ્છંદી ખ્યાલોને ઉત્તેજન આપ છે. જયારે ભારતીય સાંસ્કૃતિક પરંપરા અનુસારનું શિક્ષણ અધ્યાત્મવાદ અહામભાવી ભાવનાનું વિરોધી તથા એકતાનું પ્રેરક અને પોષક હતું.*

### 11.2.8 સમાપન

*શ્રી મણિલાલ નભુભાઈ દ્વિવેદીની વિચારસરણી પૌવાર્ત્ય ઢબની* (Oriented) *હતી. તેમના મતે આર્ય સંસ્કૃતિની ખાસ વિશિષ્ટતા એકતાના અભિગમને ઉજાગર કરે છે. આપણી 'પ્રાચીન સંસ્કૃતિ ક્યારેય માત્ર પોતાને માટે જ (સ્વકેન્દ્રી)/નહિ, પરંતુ બીજાને માટે – અન્ય સર્વેના કલ્યાણને માટે જ છે, અને એને ધ્યાનમાં રાખીને જીવન જીવવાનું હોય છે. સમયાંતરે આ મૂળભૂત અભિગમ આંતરિક કે બાહ્ય કારણોને લીધે વિસરાઈ ગયો, લુપ્ત થઈ ગયો અને તેને સ્થાને સ્વાર્થપરાયણાતા, સ્વકેન્દ્રી વિચારસરણી અને વધુ પડતી વ્યક્તિ-સ્વાતંત્ર્યની વિચારધારા આવી જતાં, ભારતીય સમાજ અનેકવિધ દૂષણો અને કુરિવાજોનો ભોગ બન્યો. પછી તે જડ જ્ઞાતિપ્રથા હોય અને તેને પરિણામે ઊંચનીચના ભેદભાવો હોય કે અસ્પૃશ્યતાનું સામાજિક કલંક હોય; 'સતી પ્રથા' હોય કે 'દેવદાસીની અથવા 'નગરવધૂ'ની બદી હોય, વહેમો હોય કે કુરિવાજો હોય (બાળલગ્નો,*

*નિરક્ષરતા, સ્ત્રીઓનું ખૂબ નીચું સ્થાન અને દરજ્જો, અતિશય ખર્ચાળ લગ્નો તથા મૃત્યુ પછીની ક્રિયાઓ વગેરે) એ સર્વને પાશ્ચાત્ય ઢબે હિન્દના સમાજમાં સુધારા કરનારાઓએ ભારતીય સંસ્કૃતિના મૂળભૂત મૂલ્યો અને સિદ્ધાંતો ઉપર કુઠારાઘાત કર્યો છે; તેમણે અયોગ્ય માર્ગો પસંદ કર્યા. પરિણામે તેઓ નિષ્ફળ ગયા હતા; તો બીજી તરફ "આધુનિકતા'ના જોરદાર પરિવર્તનના પવનને ન પારખનારા રૂઢિગત સુધારકો પણ સમાજમાં કોઈ પરિવર્તન લાવી શક્યા જ નહિ. વાસ્તવમાં સમતોલ સમન્વય આવશ્યક હતો.*

## 11.3 તમારી પ્રગતિ ચકાસો

*નોંધઃ* i)*નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.*

ii)*એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.*

**પ્રશ્ન -1 નીચેના પ્રશ્નોના સાવિસ્તર અને મુદ્દાસર સ્વાધ્યાય પ્રશ્નોના ઉત્તરો લખોઃ**

1. *ગોવર્ધનરામ ત્રિપાઠીનું શરૂઆતનું જીવન ટૂંકમાં આલેખી,તેમણે ગુજરાતી સાહિત્યમાં સર્જન કરેલી કૃતિઓની રૂપરેખા આપો.*

2. *'સરસ્વતીચંદ્ર' નવલકથામાં વિવિધ પાત્રો અને પ્રસંગો દ્વારા રજૂ થયેલ સમાજ સુધારણાનો અભિગમ વ્યક્ત કરો.*

3. *'સરસ્વતીચંદ્ર' નવલકથાનાં પાત્રો અને પ્રસંગોના નિરૂપણની ગુજરાતના સમાજ જીવન ઉપર પડેલા પ્રભાવનું આલેખન કરો.*

4. સમાજ સુધારણા (બાળલગ્ન નાબૂદી, વિધિવા પુનર્લગ્નને પ્રોત્સાહન,વગેરે)ના ક્ષેત્રે ગોવર્ધનરામ ત્રિપાઠીનું પ્રદાન વર્ણવો.

_______________
_______________
_______________
_______________
_______________

5. શ્રી મણિલાલ નભુભાઈ દ્વિવેદીનો શરૂઆતમાં જીવનનો સંક્ષિપ્તમાં જ પરિચય આપી, તેમના સાહિત્યસર્જન વિષે વિવરણાત્મક નોંધ લખો.

_______________
_______________
_______________
_______________
_______________

6. મણિલાલ નભુભાઈ દ્વિવેદીએ તેમની સાહિત્યિક કૃતિઓમાં સમાજ સુધારણાના ક્ષેત્રે આપેલ પર પ્રદાનને આલેખો.

_______________
_______________
_______________
_______________
_______________

❖ **બહુવૈકલ્પિક પ્રશ્નો**

**પ્રશ્ન -2 નીચે આપેલા દરેક પ્રશ્નની સાથે જે વિકલ્પો આપ્યા છે, તેમાંથી સાચો વિકલ્પ પસંદ કરી,ઉત્તર લખો :**

1. ગોવર્ધનરામ ત્રિપાઠીનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો?

   (A) બોરસદમાં, ઈ.સ. 1845માં (B) નડિયાદમાં, ઈસ. 1855 માં

   (C) ખંડામાં, ઈ.સ. 1840 માં (D) ચકલાસીમાં, ઈ. સ. 1857માં

2. ગોવર્ધનરામ ત્રિપાઠીએ ગ્રેજ્યુએટ થયા પછી કઈ નોકરી સ્વીકારેલી ?

   (A) ભાવનગરના દીવાનના અંગત મંત્રી તરીકે

   (B) નડિયાદની હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે

   (C) અંગ્રેજ સરકારમાં તલાટી તરીકે

   (D) ઍલ્ફિન્સ્ટન કૉલેજમાં સુપ્રિટેન્ડેન્ટ તરીકે

3. ગોવર્ધનરામે પોતાની માતા અને પુત્રીના કારમા આઘાતજનક અવસાન પાછળ ક્યા વર્ષોથી ચાલ્યો.આવતો કયો સામાજિક કુરિવાજ બંધ કરાવ્યો હતો.?

(A) સાથ તેડાવાનો (B) કાણ – મોકાણનો

(D) મરણ પાછળ ભોજન યોજવાનો (D રોવા-કૂટવાનો

4. ગોવર્ધનરામે લગ્ન સંબંધી ક્યા રિવાજનો સખત વિરોધ કર્યો હતો?

(A) છૂટા છેડાનો (B) લીવ ઈન રિલેશનનો

(C) બાળલગ્નોનો (D) ફરજિયાત વૈધવ્યપાલનનો

5. ગોવર્ધનરામે કઈ મહાનવલ લખી હતી ?

(A) કોકિલા (B) સરસ્વતીચંદ્ર

(C) જીગર અને અમી. (D) નવીનચંદ્ર

7. સરસ્વતીચંદ્ર નવલકથાનો પ્રથમ ભાગ ક્યારે પ્રસિદ્ધ થયેલો?

(A) ઈ.સ.1887 (B) ઈ.સ.1901

(C) ઈ.સ.1900 (D) ઈ.સ.1903

8. ગોવર્ધનરામ ત્રિપાઠીને 'સરસ્વતીચંદ્ર' (ચાર ભાગ) નવલકથા પૂરી કરતાં કેટલાં વર્ષ લાગ્યા હતાં?

(A) 7 વર્ષ (B) 10 વર્ષ (C) 15 વર્ષ (D) 22 વર્ષ

9. 'સરસ્વતીચંદ્ર' નવલકથા ક્યા બે પાત્રોની આસપાસ ગૂંથાઈ છે?

(A) પ્રમાદઘન અને અલકકિશોરી (B) સરસ્વતીચંદ્ર અને કુસુમ

(C) અનુજ અને અનુપમા (D) સરસ્વતીચંદ્ર અને કુમુદસુંદરી

10. ગોવર્ધનરામે સરસ્વતીચંદ્ર નવલકથામાં કઈ સામાજિક બાબત ઉપર ભાર મૂક્યો છે?

(A) વિધવા પુનર્લગ્નને ઉત્તેજન (B) સતી થવાના ક્રૂર રિવાજની

(C) ધાર્મિક અંધશ્રદ્ધાઓની નાબૂદી (D) વહેમોની નાબૂદી પર

11. 'સરસ્વતીચંદ્ર' નવલકથામાં ગોવર્ધનરામે કઈ બે સામા છેડાની સંસ્કૃતિઓમાં સમન્વયની કથા આલેખી છે..

(A) ઉત્તર – દક્ષિણ ભારતની (B) પૌર્વાત્ય અને પાશ્ચાત્ય.

(C) મૂડીવાદી/ ઔદ્યોગિક અને સમાજવાદી. (D) સમાજવાદી અને સામ્યવાદી

12. મણિલાલ નભુભાઈનો જન્મ કયાં અને કયારે થયો હતો?

(A) ઉમરેઠમાં, ઈ.સ. 1855માં (B) માતરમાં, ઈ.સ. 1853માં

(C) આણંદમાં, ઈ.સ. 1860માં (D) નડિયાદમાં, ઈ.સ.1858માં

13. મણિભાઈએ મુંબઈની કઈ કૉલેજમાં અભ્યાસ કર્યો હતો?

(A) ઍલ્ફિસ્ટન કૉલેજમાં (B) સિડનહામ કૉલેજમાં

(C) સોમૈયા કૉલેજમાં. (D) માટુંગા કૉલેજમાં

14. બી. એ. ની પરીક્ષા મણિલાલ મુંબઈ યુનિવર્સિટીમાંથી કયા વિષયો સાથે બીજા નંબરે આવીને ઉત્તીર્ણ કરી હતી?

(A) અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર (B) ગુજરાતી અને સંસ્કૃત.

(C) મનોવિજ્ઞાન અને ફિલોસોફી. (D) ઈતિહાસ અને રાજ્યશાસ્ત્ર

15. મણિભાઈની કઈ ઈચ્છા ન સંતોષાઈ? (અધુરી રહી હતી?)

(A) ગ્રેજ્યુએટ યુવતી સાથે લગ્ન કરવાની.

(B) કોઈ વિધવા યુવતી સાથે લગ્ન કરવાની.

(C) એમ.એ. ના રેગ્યુલર વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરવાની

(D) પરદેશ જઈ ઉચ્ચ અભ્યાસ કરવાની

16. મણિભાઈએ તેમની વ્યાવસાયિક કારકિર્દી શાનાથી કરી હતી.?

(A) કન્યાશાળાઓના ડેપ્યુટી ઈન્સ્પેક્ટર તરીકે, મુંબઈ,

(B) નડિયાદની હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે

(C) ભાવનગરની શામળદાસ કૉલેજમાં અધ્યાપક તરીકે.

(D) જૂનાગઢની ઈમ્પિરિયલ કૉલેજમાં અધ્યાપક તરીકે

17. ઈ. સ. 1987માં મણિભાઈએ શાની બીમારી આવી હતી ?

(A) નાકમાં વ્રણ પડવાથી તાળવાનો ભાગ તૂટી ગયેલો.

(B) ટાઈફૉઈડ થયેલો

(C)ન્યૂમોનિયા થયેલો

(D) પહેલા સ્ટેજનું કેન્સર થયેલું

18. 'સુદર્શન' અને 'પ્રિયંવદા' નામનાં બે સામયિકો કોણે શરૂ કર્યો હતો?

(A) ગોવર્ધનરામ. (B) નર્મદ

(C) મહિપતરામે. (D) મણિભાઈએ

19. ઈ.સ. 1891 માં મણિભાઈએ છાપાંઓમાં હપ્તે હપ્તે કઈ કૃતિ પ્રસિદ્ધ કરી હતી?

(A) સુદર્શન (B) પ્રિયંવદા

(C) ગુલાબસિંહ (D) નૃસિંહાવતાર

20. મણિભાઈએ કયા સામાજિક સુધારાઓ ઉપર પોતાના પ્રવચનો અને લખાણોમાં ભાર મૂક્યો હતો?

(A) વેહમો અને અંધશ્રદ્ધા (B) વિધવા પુનર્લગ્ન અને નારી પ્રતિષ્ઠા

(C) અસ્પૃશ્યતાની નાબૂદી (D) બાળ લગ્નોની નાબૂદી

21. મણિલાલે શામળદાસ કૉલેજ ભાવનગરમાંથી નિવૃત્ત થયા બાદ (નડિયાદમાં સ્થાયી થયા બાદ) કઈ સંસ્થાની સ્થાપના કરી હતી?

(A) *'અધ્યાત્મ મંડળની'* (B) *'ગુજરાતી સોશિયલ યુનિયન'ની*

(C) *'લોજિક ઑફ કૉમન સેન્સ'ની* (D) *'ઓરિએન્ટલ ઈન્સ્ટિટ્યુટની*

*ઉત્તરો:*

1-(B) 2-(A) 3-(D) 4-C) 5-(B) 6-(A) 7-(C) 8-(D) 9-(A)
10-B) 11-D) 12-A) 13-D) 14-C) 15-B) 16-A) 17-D) 18-C)
19-B) 20-A)

**એકમ : 12**

# ગુજરાતી સાહિત્યમાં પ્રતિબિંબિત સમાજ સુધારણાના આંદોલનો

:: રૂપરેખા ::


**12.1 પ્રાસ્તાવિક**

**12.2 ગુજરાતનું સમાજ જીવન પછાત (સ્થગિત ) હોવાનાં પરિબળો**

**12.3 સામાજિક સુધારણાના આંદોલનોનો આરંભ અને વિકાસ**

**12.3.1 સહજાનંદસ્વામી (ઈ. સ.1781 - 1830 ) નું આંદોલન**

**12.3.2 બ્રિટિશ કંપનીના શાસન દરમિયાનની સુધારવાદી સંસ્થાઓ**

**12.3.3 'માનવધર્મ સભા' ઈ. સ.1844 અને તેના અગ્રણીઓના પ્રયાસો દ્વારા સામાજિક સુધારણાનું આંદોલન.**

**12.3.4 'બુદ્ધિવર્ધક હિંદુ સભા' (ઈ. સ.૧૮૫૦) ના પ્રયાસો.**

**12.3.5 સમાજસુધારકો અને તેમનું આચરણ**

**12.3.6 'પ્રાર્થના-સમાજ', મુંબઈના પ્રયાસો**

**12.3.7 મહાત્મા ગાંધીજી અને તેમના સંનિષ્ઠ કાર્યકરોના પ્રયાસો**

**12.3.8 'હરિજન સેવક સંઘ'(ઈ. સ.૧૯૩૨) ની વિવિધ સુધારક પ્રવૃત્તિઓ અને ગાંધીજીનું નેતૃત્વ**

**12.3.9 આદિવાસીઓ અને નિમ્ન ગણાતી જાતિઓના ઉત્કર્ષ માટેના ઠક્કર બાપાના પ્રયાસો.**

**12.3.10 સ્ત્રી - સંસ્થાઓની સ્ત્રીઓને નીડર, સક્ષમ તથા સ્વાવલંબી બનાવવાના આંદોલનો (જ્યોતિ સંઘ વનિતા વિશ્રામ, વિકાસગૃહ, શિશુમંગલ, અખિલ હિન્દ મહિલા પરિષદ વગેરે )**

**12.4 સમાપન**

## 12.5 તમારી પ્રગતિ ચકાસો

## 12.1 પ્રાસ્તાવિક

*ભારત અને ગુજરાત માટે 19 મી સદીએ સમાજ અને ધર્મસુધારણાની સદી હતી,. કેમકે તેમની અગાઉની 17મી અને 18મી સદીએ અનેક પ્રકારની સામાજિક વિકૃતિઓ અને અનિષ્ટો ગુજરાતના સમાજમાં પ્રવર્તમાન હતાં. બાળલગ્નો, ફરજિયાત વૈવિધ્યપાલન 'સતી' થવાનો કુરિવાજ, વહેમો, ધાર્મિક અંધશ્રદ્ધા, ખોટી માન્યતાઓ વગેરેથી ગુજરાતી પ્રજાનો સમાજ અને હિન્દુ ધર્મ ખદબદતો હતો! મૂર્તિપૂજાનો અતિરેક, ધાર્મિક વિધિઓ અને અનુષ્ઠાનોનો અતિરેક, ધર્મને નામે બાવાઓ,ધુતારાઓ અને છેતરપિંડી કરનારાઓનું ચલણ પણ વધી ગયું હતું. આમ સામાજિક અને ધાર્મિક ગુજરાતનું પ્રજાજીવન મહદ્ અંશે પછાત, રૂઢિચુસ્ત અને જડ માળખામાં ફીટ થયેલું હતું*

## 12.2 ગુજરાતનું સમાજ જીવન પછાત (સ્થગિત ) હોવાનાં પરિબળો (Factors responsible for the backwardness of social life in Gujarat)

*ગુજરાતનું સમાજ જીવન પછાત અને રૂઢિચુસ્ત હોવા માટે કેટલાંક પરિબળો જવાબદાર હતા; જેમાંના કેટલાકનું અવલોકન અને ચર્ચા કરવી પ્રસ્તુત ગણાશે.*

**(અ) ધર્મની પકડ :** *ગુજરાતના જનજીવન ઉપર ધર્મની પકડ ખૂબ જ મજબૂત હતી. ધાર્મિક વિધિઓ, બાધાઓ,સુખડી – ચૂંદડી- છત્ર – શ્રીફળ – નૈવેદ્ય અને મંત્રતંત્ર, દોરા-ધાગા,માદળિયાં વગેરે ચડાવવાની માન્યતાઓ વગેરે તે સમયે સમાજ જીવનના મહત્વનાં અંગો બની ગયાં હતાં. એકલ દોકલ વ્યક્તિને થતા રોગો, સામૂહિક બીમારીઓ, કશીક જરૂરિયાત કે લાલસા, પોલિયો – ક્ષય-ટાઈફૉઈડ -ઓળી -અછબડા, પ્લેગ જેવી ગંભીર બીમારીઓ સમયે ડૉક્ટર્સ – વૈદ્યરાજની દવા-સારવાર કરાવવાને બદલે બાધા - આખડીઓ રાખવામાં આવતી હતી. આમ, ગુજરાતના સમાજ પર સદીઓથી ચાલી આવતી ધાર્મિક પકડ ખૂબ જ મજબૂત હતી. એ માન્યતાઓ અને વિચારધારાઓ સામાન્ય જનતાની એકેએક જ્ઞાતિ – જાતિમાં ઘર કરી ગયેલી; આથી તેને શિથિલ બનાવવી કે દૂર કરવી ખૂબ જ કપરી કે અઘરી બાબત હતી.*

**(બ) રૂઢિચુસ્ત પ્રજામાનસ :** *સમાજ જીવન પર ધર્મની પકડ ઉપરાંત પ્રગતિ વિકાસના પથ પર બીજું અવરોધક પરિબળ એ પ્રજાનું રૂઢિચુસ્ત માનસ હતું. ગુજરાતનો તે સમયનો સમાજ નવાવિચારો,નવા વૈજ્ઞાનિક સંશોધનો,પ્રગતિશીલ નૂતન વિચારધારાઓ સ્વીકારવા તૈયાર જ ન હતો.તેમનું માનસ રૂઢિચુસ્ત*

*વિચારધારાઓમાંથી બહાર આવવા તૈયાર જ ન હતો.તેમનું માનસ રૂઢિચુસ્ત વિચારધારાઓમાંથી બહાર આવવા તૈયાર જ ન હતું. તેઓ પોતાના વંશ પરંપરાગત અને સદીઓથી ચાલ્યા આવતા રીત-રિવાજોમાં અંશ માત્ર પણ પરિવર્તન લાવવા ઈચ્છતા ન હતા.જ્યારે 19 મી સદીના અધવચ્ચેથી ઔદ્યોગિકરણ (ભારતમાં ઔદ્યોગિક ક્રાંતિઃ 1950 - 1850) વિશ્વમાં ઝડપથી પ્રસરી ચૂક્યું હતું. અને તેની વિશ્વવ્યાપી રાજકીય (દા. ત. કિસાન – મજૂર પક્ષનું શાસન) આર્થિક (જથ્થાબંધ ઉત્પાદન અને વિશાળ નવા બજારો), સામાજિક (લગ્ન,કુટુંબ,જ્ઞાતિ,સમાજ વગેરેમાં આમૂલ ફેરફારો ) અને સાંસ્કૃતિક ક્ષેત્રે જબરદસ્ત પરિવર્તનોની અસર વર્તાતી હતી. ત્યારે તેને આત્મસાત્ કરવાના પ્રયાસો કરવાને બદલે, ગુજરાત (અને ભારતનો) તત્કાલિન સમાજ એક નાનકડા કોચલામાં પૂરાઈ જઈ, પુરાણા (અને કેટલાક તો સાવ ઘસાઈ જઈ જર્જરિત બની ગયેલા ) રીત રિવાજોને પકડીને બેસી ગયો હતો. તેમને તો સામાજિકસુધારણા તરફ જબરી સુગ હતી! આથી સમાજ સુધારણાનું કાર્ય ગુજરાતમાં ખૂબ જ કપરું હતું.*

(ક) **જ્ઞાતિઓ- પેટા જ્ઞાતિઓ- ગોળ વગેરેના નિયમોની ભારે પકડ :** *ગુજરાતનો સમગ્ર સમાજ જ્ઞાતિઓ, પેટા જ્ઞાતિઓ, ગોળ વગેરે અનેક વિભાગોમાં વહેંચાયેલો હતો. આ દરેક પેટા જ્ઞાતિઓના આગવા ' જ્ઞાતિ પંચો' હતા. તેમજ એ દરેક જ્ઞાતિ પંચોના આગવા નિયમો (કાયદાઓ) અને પેટા નિયમો હતા; અને તેને દરેક પાળવા ફરજિયાત હતા; ન પાળે તો પંચના અગ્રણી નેતાઓ (શેઠિયાઓ) દંડ કે સજા ફટકારતા હતા, છેલ્લી કડકમાં કડક સજા 'જ્ઞાતિબહાર' મૂકવાની પણ હતી .*

*દા. ત. ગોળ બહાર લગ્ન – સંબંધો કરવા એ ગુનો ગણાતો હતો ; સમુદ્ર દેવ ઉપર થઈને મુસાફરી કરી, પરદેશ જવું એ ગુનો ગણાતો હતો ; ફારગતિ (છૂટાછેડા) લીધેલ કે ભર યૌવનાવસ્થામાં (21,22, કે 23 માં વર્ષે) વિધવા બનેલ યુવતી છુપી રીતે કોઈનું ઘર માંડે ( હેલ ઉતારે કે પત્ની તરીકે રહે ) તો તે પણ ગુનો ગણાતો ; દાદા કે દાદી ના પિતા કે માતા / વડીલના મૃત્યુ પછી લાડુ સહિતનો ભોજન સમારંભ ન યોજે (બારમું કે તેરમું ન કરે ) તો તે પણ ગુનો ગણાતો આ અને આવા તો અનેક ચિત્રવિચિત્ર નિયમો જ્ઞાતિપંચોના હતા ! દરેક નવી પેઢીએ બાપ - દાદાના રિવાજોના કુવામાં ડૂબી મરવાનું હતું ; એટલું જ નહીં, પરંતુ આર્થિક સ્થિતિ નબળી હોય, તો પણ દેવું કરીને – કરજે નાણાં લઈને જ્ઞાતિ પંચના નિયમોનું ફરજિયાતપણે પાલન કરવાનું જ હતું અને જ્ઞાતિ – પંચો જે કોઈ દંડ કે ( અને) સજા ફટકારે તે મૂંગા મોઢે સહન કરવાની હતી ! આમ, જ્ઞાતિઓ, પેટા જ્ઞાતિઓ કે ગોળના કાયદાઓની ચુંગાલમાંથી કોઈ છટકી શકતું જ નહિ; આથી તે પણ પ્રગતિશીલ નવી સમાજ સુધારણાના માર્ગમાં રુંધનારા મોટાં પરિબળો હતાં.*

*આવી વિપરીત પરિસ્થિતિ કે સંજોગોમાં પણ ઓગણીસમી સદીના સુધારાનો પવન એટલો ઝડપથી અને જોશ ભારે ફૂંકાઈ રહ્યો હતો, કે તેની સામે જ્ઞાતિઓના રીત -*


*રિવાજો, જ્ઞાતિ પંચોના નિયમો અને ધાર્મિક વિકૃતિઓ તથા અનિષ્ટોની પકડ પણ ટકી શકી જ નહીં. નૂતન અને અર્વાચીન યુગની ઉષાનાં અજવાળાં પથરાવાની શરૂઆત થઈ જ ચૂકી હતી. સમાજ સુધારણાના પ્રયાસોને હવે કોઈ રોકી કે અવરોધી શકે તેમ ન હતા.*

## 12.3 સામાજિક સુધારણાના આંદોલનોનો આરંભ અને વિકાસ

*સમાન રાજ્યવ્યવસ્થા,સમાન કાયદો અને સમાન ન્યાય વ્યવસ્થાને કારણે બ્રિટિશ શાસનની અસર તેમજ અંગ્રેજી શિક્ષણના પ્રચાર-પ્રસારને કારણે 19 મી સદીના આરંભે ગુજરાતમાં સમાજ સુધારણાના આંદોલન માટે વાતાવરણ (તથા સંજોગો) ઠીક ઠીક પ્રમાણમાં તૈયાર થવા પામ્યું હતું. આથી ધીમે ધીમે જેમ જેમ 19મી સદીના દાયકાઓ એક પછી એક પસાર થતા ગયા તેમ તેમ ગુજરાતના સમાજ સુધારણાના આંદોલનને નવા નવા નેતાઓ તથા સંસ્થાઓ મળતી જ ગઈ અને તેમના સક્રિય તથા સઘન પ્રયાસોને પરિણામે એ આંદોલન વધુ વ્યાપક બનીને વિસ્તરતું જ ગયું હતું. તેમના પ્રયાસોને પરિણામે માત્ર રાજકીય જ નહીં પરંતુ સામાજિક અને ધાર્મિક જેવા માનવજીવનને ઊંડાણથી સ્પર્શતા ક્ષેત્રમાં ' નવચેતના' કે 'નવજાગૃતિ' ( રેનેસાં)ના યોગની પણ શરૂઆત થવા પામી હતી. કેમકે ભારતમાં બ્રિટિશ શાસન સ્થાપવાને કારણે કેટલાક નવા વૈચારિક પ્રવાહો સમાજ જીવનમાં દાખલ થયા દા.ત.,રાજકીય ક્ષેત્રે અન્યાયો – જુલ્મો – અત્યાચારોની સામે પ્રતિકારની પ્રબળ ભાવના તેમજ સ્વદેશ અભિમાનની જ્યોત પ્રગટી; તો ધાર્મિક ક્ષેત્રે ધર્મસહિષ્ણુતાનો આવિર્ભાવ થવા પામ્યો. સામાજિક ક્ષેત્રે ન્યાય અને કાયદાની સમાનતા જેવા ખયાલો પ્રબળ બનતા ગયા તેમજ જ્ઞાતિબંધનો શિથિલ બન્યાં.*

*અલબત્ત, 'ધર્મ' એ સમાજ જીવનનું ખૂબ મહત્વનું અને અભિન્ન અંગ હોય,ધાર્મિક ક્ષેત્રે સુધારા વિના સામાજિક સુધારણા શક્ય જ ન હતી અને તેથી જ ગુજરાતમાં ધાર્મિક અને સામાજિક સુધારાઓ એકબીજાને પ્રેરક અને પૂરક સાબિત થયા હતા. પ્રજાને જે વિવેકબુદ્ધિએ સમાજના કુરિવાજો તથા અનિષ્ટોને દૂર કરવા પ્રેરણા આપી હતી એ જ વિવેકબુદ્ધિ એ ધર્મમાં પણ પ્રવેશેલા વહેમો તથા દુરાચારોને જડતા દૂર કરવા સમાજને પ્રેરણા આપી હતી.*

### 12.3.1. સહજાનંદ સ્વામી ( ઈ. સ. 1781 1830) નું આંદોલન :




*19 મી સદીની શરૂઆતમાં સામાજિક સુધારણાનું આંદોલન શરૂ કરનાર શ્રી સહજાનંદસ્વામી સર્વ પ્રથમ હતા. તેઓ મૂળ અયોધ્યા પાસે આવેલા છપૈયા ગામના નિવાસી હતા.પરંતુ 20 વર્ષની યુવાનવયે, ઈ. સ. 1800 માં સૌરાષ્ટ્રમાં આવીને તેઓ*

*સ્થાયી થયેલા. તેમને શરૂ કરેલા નૈતિક ધોરણોને ઊંચે લઈ જવાના આંદોલનને પરિણામે સૌરાષ્ટ્રના અસંખ્ય કાઠી, ગરાસીયા કે બહારવટિયા જેવી કોમો ઉપરાંત મોચી,દરજી, સુથાર, લુહાર વગેરે કારીગર વર્ગના લોકો તથા સમાજના કચડાયેલા વર્ગો સંસ્કારી બન્યા હતા. ચોરી, લૂંટફાટ, હત્યા, ખૂન, છેતરપિંડી, અપ્રમાણિકતા, અનીતિ જેવા દૂષણોનો તેમને ત્યાગ કર્યો હતો અને સદાચાર પ્રધાન ધર્મ તરફ તેઓ વળ્યા હતા.*

*સહજાનંદ સ્વામી એ 'સતી' થવાનો ક્રૂર રિવાજ, બાળકીને દૂધ પીતી કરી,મારી નાખવાનો રિવાજ જેવા સામાજિક અનિષ્ટો તો નાબૂદ કર્યાં હતાં.*

**12.3.2. બ્રિટિશ કંપનીના શાસન દરમિયાનની સુધારવાદી સંસ્થાઓ**

*બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું ભારત ઉપર ઈ. સ.* 1757 *ના પ્લાસીના અને ઈ. સ.* 1762 *ના બકસરના યુદ્ધો પછી શાસન સ્થપાઈ ચુક્યું હતું. ભારતમાંથી જ ઓછા પગારવાળા કારકુનો મળી રહે,તે ઉદ્દેશથી, કંપનીના શાસકોએ ભારતમાં અંગ્રેજી માધ્યમની કેળવણી દાખલ કરી હતી; પરંતુ પરોક્ષ રીતે આ અંગ્રેજી શિક્ષણ એ તો 'ટોર્ચ લાઈટ' નું કાર્ય કર્યું. અંગ્રેજી શિક્ષણ પામેલો નવોદિત વર્ગ 'સ્વતંત્રતા'* ( liberty or freedom), *પરતંત્રતા અથવા ગુલામી* (slavery ) *વચ્ચેનો તફાવત સ્પષ્ટ રીતે સમજતો થયો. સારા- ખોટા વચ્ચેનો ભેદ પારખતો થયો; આનું સીધું પરિણામ એ આવ્યું કે,સામાજિક કુરિવાજો અને ધાર્મિક અંધશ્રદ્ધાઓ આપણી પ્રગતિના પથમાં કેવી રીતે અવરોધક બન્યાં છે, તેનો ખ્યાલ તેમને આવી જતાં, એ સંદર્ભે ગુજરાતના પ્રજાજીવનમાં પરિવર્તન લાવવાના પ્રયાસોમાં લાગી ગયો ; અને તેમની સાથે ગુજરાતના અગ્રણી સાહિત્યકારો, લેખકો, વિદ્વાનો અને વિચારકો જોડાઈ જતાં, સમાજ સુધારા માટેની એક સુદ્રઢ ભૂમિકા તૈયાર થઈ ગઈ.*

*આ ભૂમિકા પર નીચેની સમાજ સુધારાની સંસ્થાઓ સ્થપાઈ અને એ દરેકે નોંધપાત્ર કામગીરી બજાવી હતી.*

| સંસ્થાનું નામ | સ્થાપના વર્ષ | સ્થાપક /સ્થાપકો |
|---|---|---|
| *બોમ્બે નેટિવ ઍજ્યુકેશન સોસાયટી, મુંબઈ (અમદાવાદ, ભરૂચ,સુરત)* | *ઈ. સ.* 1814 | *આર્ચાડિકન બાર્ન્સ ; મદદ કરનાર શ્રી રણછોડલાલ ઝવેરી* |
| *નેટિવ ઍજ્યુકેશન સોસાયટી, ભરૂચ* | *ઈ. સ.* 1825 | - |
| *વનિતા આશ્રમ, સુરત* | *ઈ. સ.* 1907 | *શિવગૌરી (નાની બેન)ગજ્જર* (18711945- *અને બાજી ગૌરી મુન્શી* ((1926-1867 |
| *માનવધર્મ સભા, સુરત* | *ઈ. સ.* 1844 | *શ્રી દુર્ગારામ મહેતા ; દાદોબા* |

| | | |
|---|---|---|
| | | પાંડુરંગ |
| બુદ્ધિવર્ધક હિન્દુ સભા, મુંબઈ | ઈ. સ. 1851 | કવિ નર્મદ અને કરસનદાસ મૂળજી |
| હરિજન સેવક સંઘ,ભુજ | ઈ. સ. 1932 | મહાત્મા ગાંધી |
| ભીલ સેવા મંડળ, પંચમહાલ | ઈ. સ. 1922 | ઠક્કરબાપા ;ઈન્દુલાલ યાજ્ઞિક |
| જ્યોતિ સંઘ, અમદાવાદ | ઈ. સ. 1934 | શ્રીમતી મૂદુલા સારાભાઈ |
| ધિ ગુજરાત હિન્દુ સ્ત્રી મંડળ, મુંબઈ | ઈ. સ. 1903 7)સપ્ટેમ્બર) | શ્રી ભવાનીદાસ નારણદાસ મોતીવાલા અને શ્રી જમનાદાસ મોતીવાલા |
| વિકાસ ગૃહ, અમદાવાદ | ઈ. સ. 1938 | પુષ્પાબહેન મહેતા; મૂદુલા સારાભાઈ |
| શિશુ મંગલ, જુનાગઢ (ફાઉન્ડલિંગ હોમ) | ઈ. સ. 1935 | પુષ્પાબહેન મહેતા |
| 'સેવા', અમદાવાદ | ઈ. સ. 1972 | શ્રીમતી ઈલાબેન આર.ભટ્ટ |
| 'પ્રાર્થના-સમાજ', મુંબઈ | ઈ. સ. 1867 | શ્રી આત્મારામ પાંડુરંગ |
| 'પ્રાર્થના-સમાજ', અમદાવાદ | ઈ. સ. 1871 | મહિપતરામ |
| વનિતા વિશ્રામ, અમદાવાદ | ઈ. સ. 1936 | શ્રીમતી સુલોચનાબેન |
| મહિપતરામ રૂપરામ આશ્રમ, અમદાવાદ | ઈ. સ.1935 | અનસુયાબહેન સારાભાઈ |
| અખિલ હિન્દ મહિલા પરિષદ (AIWC) | ઈ. સ.1872 | ડૉ. એની બેસન્ટ, ડોર્શથી જીનરાજદાસ અને માર્ગરેટ કમીન્સ |
| ખેડા સ્ત્રી મંડળ | ઈ. સ.19 મી સદી | - |
| હળવદ સ્ત્રી સંસ્થા | ઈ. સ.19 મી સદી | - |
| કાલોલ -પંચમહાલ સ્ત્રી મંડળ | ઈ. સ.19 મી સદી | - |
| જેતપુર (પાવી) મહિલા મંડળ | ઈ. સ.19 મી સદી | - |
| વેરાવળ મહિલા મંડળ | ઈ. સ.19 મી સદી | - |

| | | |
|---|---|---|
| **અન્ય સ્ત્રી સંસ્થાઓ :** | | |
| *(અ ) ' અવાજ', અમદાવાદ (ભૂદરપુરા)* | *ઈ. સ.*1981 | *અમદાવાદ વુમન એક્શન ગ્રુપની ઈલા પાઠકે કરેલી સ્થાપના (સ્ત્રી હકો માટે)* |
| *(બ ) ' ચિનગારી', અમદાવાદ* | *ઈ. સ. -* | |
| *(ક ) ' ઉદ્ગાર', સુરત* | *ઈ. સ. -* | |
| *(ડ ) ' અસ્તિત્વ', વલસાડ* (NGO) | *ઈ. સ.* 1986 | *અસ્તિત્વ મહિલા ઉત્કર્ષ સંસ્થા* |
| *(ઈ ) ચેતના, નવા વાડજ,અમદાવાદ* | *ઈ. સ.* 1980 | *સેન્ટર ફૉર હેલ્થ ઍજ્યુ. ટ્રેઈનીંગ એન્ડ ન્યુટ્રીશન અવેરનેસ* (CHETNA) |
| *(ચ)અમવા* | *ઈ. સ.* 1991 | *મહેરુન્નિસા (અમદાવાદ, કલોલ, ધંધુકા)* |

### 12.3.3. 'માનવ ધર્મ સભા, સમાજસુધારક દુર્ગારામમહેતા અને તેના અગ્રણીઓનું સમાજ સુધારણાનું આંદોલન :

**(અ) સ્થાપના :** *ઈ. સ..* 1844 *ની* 22 *મી જૂને દુર્ગારામ મહેતા તથા તેમના સુધારાવાદી સાથીઓએ સુરતમાં ' માનવ ધર્મ સભા' ની સ્થાપના કરી હતી.*

**(બ) ઉદ્દેશો :** 1) *સત્યમ ધર્મનું સ્વરૂપ લોકો સમક્ષ પ્રગટ કરવાનું હતું* 2) *એકેશ્વરવાદના સિદ્ધાંતનો સ્વીકાર કરવો.* 3) *જ્ઞાતિ ભેદો દૂર કરવા* 4) *વિધવાઓના પુનર્લગ્નને ઉત્તેજન આપવું અને તે માટે સગવડો તથા સરક્ષણ પૂરું પાડવું છે.*5) *મૂર્તિપૂજા બંધ કરાવવાનો પ્રયાસ કરવો.* 6) *વહેમ, ભૂત, જાદુ, મેલી વિદ્યા વગેરેને નાબૂદ કરવા.* 7) *સમાજમાં પ્રર્વતતી ખોટી- ગેરરસ્તે દોરનારી માન્યતાઓને પ્રચાર - પ્રસાર દ્વારા દૂર કરવી.* 8) *બ્રાહ્મણોને તેમનો સાચો બ્રાહ્મણધર્મ જણાવવો અને મૂળભૂત ફરજો અદા કરવા માટે પ્રેરવા વગેરે.*

**(ક) કાર્યપદ્ધતિ :** *'માનવ ધર્મ સભા' પોતાના ઉદ્દેશોને પૂર્ણ કરવા સુરતમાં દર રવિવારે સભા યોજાતી અને તેમાં પ્રવચનો થતા તથા અગ્રણીઓ અને કાર્યકરો દ્વારા કરેલી કાર્યવાહીનો અહેવાલ અપાતો આગામી કાર્યક્રમોની સભામાં જાણ પણ કરાતી. દુર્ગારામ મહેતાએ વિધવાઓને ગુજરાતમાં સ્થિતિ સુધારવા પ્રચંડ*





જેહાદ જગાવી હતી. આને કારણે ગુજરાતના રૂઢિચુસ્ત વર્ગનો ખૂબ રોષ સહન કરવો પડ્યો હતો. જોકે દુર્ગારામ મહેતાએ પોતે કોઈ વિધવા સાથે લગ્ન કર્યું નહીં અને કુંવારી કન્યા સાથે લગ્ન કર્યું તેથી તેમનો સુધારાવાદીઓ સહિત સૌએ ખૂબ વિરોધ કર્યો તેથી દુર્ગારામને વિધવા પુનઃ લગ્નની ઝૂંબેશ પડતી મુકવી પડી. આમ છતાં માનવ ધર્મ સભા દ્વારા એના ઉદ્દેશો માટે ખૂબ સારી અને નોંધપાત્ર કામગીરી કરવા કારણે આ સંસ્થાનું ઐતિહાસિક મૂલ્ય સમાજ સુધારણાના ક્ષેત્રે સીમાસ્તંભ સમાન બની રહ્યું હતું.

(ડ) **અંત :** ઈ. સ. 1850 પછી, દુર્ગારામ એ સુરત છોડ્યું, તેથી માનવધર્મ સભાની મીટીંગ દર રવિવારે સાંજે મળતી બંધ થઈ ગઈ, તેથી તેની કામગીરી પણ અટકી પડી અને ધીરે-ધીરે એ સંસ્થા વિખરાઈ ગઈ.

(ઈ) **પુનર્જીવન :** ઈ. સ. 1850 પછી, થોડો સમય વીત્યા બાદ 'માનવધર્મ સભા'ને પુનર્જીવિત કરવાનું ભગીરથ કાર્ય ' ત્રણ નન્ના' એ કર્યું; જેમાં કવિ નર્મદાશંકર, નંદશંકર તુળજારામ મહેતા અને નવલરામનો સમાવેશ થતાં હતો.આથી માનવ ધર્મ સભા પુનઃ કાર્યરત થતા. કવિ નર્મદ લખે છે તેમ, આ સમયે 'સુધારાનો બોધકાળ' બની રહ્યો હતો.ત્રણ નન્ના સક્રિય અને સઘન પ્રયત્નોને પરિણામે ગુજરાતમાં


**કવિ નર્મદ**


**નંદશંકર મહેતા.**


**નવલરામ પંડ્યા**

સમાજ સુધારાનું કાર્ય વેગવતું બનેલું. એની નોંધ લેવી ઘટે.

### 12.3.4. બુદ્ધિવર્ધક હિંદુ સભાના સમાજ સુધારણાના ક્ષેત્રે પ્રયાસો :

ઈ. સ. 1850,1851 માં, મુંબઈ માં 'બુદ્ધિવર્ધક હિન્દુ સભા' સ્થપાઈ હતી અને તેના પ્રથમ દાયકામાં જ ઈ. સ. 1860 સુધીમાં આવી સંસ્થાએ સામાજિક સુધારણાના આંદોલનને ખૂબ વેગવંતુ બનાવ્યું. ઠેર ઠેર પ્રવચનો ગોઠવીને સામાજિક જાગૃતિનું એક સરસ વાતાવરણ સર્જ્યું. આ સભાની કેટલીક પ્રવૃત્તિઓ અવલોકવા જેવી હતી, જે ટૂંકમાં આ પ્રમાણે છે :

(અ) મુંબઈમાં એક કન્યાશાળા ( ગર્લ્સ સ્કૂલ ) શરૂ કરવામાં આવી હતી.

(બ) સંસ્થા તરફથી એક પ્રચાર પત્રિકા (માસિક,સામયિક) શરૂ કરાયું. જેમાં, સ્ત્રી કેળવણીની જરૂરિયાત,પરદેશગમન, દેશાભિમાન,વૈધિવ્યપાલનનું ચિત્ર, સામાજિક દૂષણો ઉપર લેખો છપાતા, તેમજ તેમાં કેટલાક ચર્ચાપત્રો પણ છપાતા.

(ક) 'બુદ્ધિવર્ધક હિંદુ સભા' ને આ પ્રચાર પત્રિકામાં વિવિધ સુધારક પ્રવૃત્તિઓના અહેવાલો ,વૃતાંતો છપાતા હતા; જેના વાચકો દૂર સુધી ફેલાયા. છેક સૌરાષ્ટ્ર અને કચ્છ સુધી આ પત્રિકા પહોંચતી, ગુજરાતના લોકો વિચારતા થયા; પરસ્પર ચર્ચા કરવા લાગ્યા તેમજ અલગ અલગ શહેરો, નગરમાં સ્થાનિક સ્તરે સમાજ સુધારણાની પ્રવૃત્તિ શરૂ થઈ ગઈ; આને પરિણામે ગુજરાતમાં એક વૈચારિક ક્રાંતિ ( Ideological revolution) શરૂ થઈ ; જે આ સંસ્થાનું સૌથી મોટું પ્રદાન હતું.

(ડ) આ સંસ્થા પ્રવૃત્તિઓમાંથી જ પ્રેરણા લઈ રાજકોટમાં શ્રી કરસનદાસ મૂળજી એ 'વિદ્યાગુણ પ્રકાશ' નામની ધર્મસભા શરૂ કરી અને તેની મારફતે સમાજ સુધારણાના આંદોલનને સૌરાષ્ટ્ર (કાઠિયાવાડ) માં વેગીલું બનાવ્યું.

(ઈ) આવી જ સમાજ સુધારાની પ્રવૃત્તિઓ સૌરાષ્ટ્રમાં જૂનાગઢ અને ભાવનગરમાં પણ શરૂ કરાઈ.

### 12.3.5. સમાજસુધારકો અને તેમનું આચરણ :

ઈ. સ. 1851થી ઈ. સ. 1861ના દાયકા દરમિયાન સામાજિક સુધારણાના આંદોલનને શ્રેણીબંધ નેતૃત્વ પૂરું પાડનાર વિભૂતિઓ મળી આવી, એ પણ એક સુયોગ જ હતો.આ દાયકામાં નેતૃત્વ પૂરૂં પાડનારા સુધારકો આ પ્રમાણે હતા :

1) કવિ નર્મદાશંકર (કવિ નર્મદ) (સુરત)

2) કરસનદાસ મૂળજી (રાજકોટ)

3) ગંગાદાસ કિશોરદાસ (મુંબઈ)

4) કરસનદાસ માધવદાસ (મુંબઈ )

5) ડો. ધીરજરામ (મુંબઈ)

6) મહિપતરામ રૂપરામ( અમદાવાદ)

7) કવિ દલપતરામ ડાહ્યાભાઈ (અમદાવાદ)

8) અન્ય સાહિત્યકારો જેમાં ગોવર્ધનરામ ત્રિપાઠી (નડિયાદ) આ ઉપરાંત વડોદરા,ભરૂચ,સુરત,ભાવનગર,જૂનાગઢ, વગેરે નગરોના સુધારકોનો સમાવેશ કરી શકાય.

ખાસ તો એ બાબત નોંધપાત્ર છે કે , ઈ.સ.1859 માં દલપતરામ મુંબઈ ગયા અને ત્યાંથી 'બુદ્ધિવર્ધક હિન્દુ સભા' ના આશરે 'ગુજરાતના હિન્દુઓની સ્થિતિ અને તેને સુધારવાના ઉપાયો' શીર્ષક એક નિબંધ પ્રકાશિત કર્યો. જેની ખૂબ ઘેરી અસર પડી; તેમજ સુધારણાના આંદોલનને વેગ મળ્યો આ જ સંસ્થાના ઉપક્રમે કવિ નર્મદે 'સ્ત્રી કેળવણી', 'વૈધવ્ય ચિત્ર', જેવા વિવિધ વિષય ઉપર વ્યાખ્યાનો આપી, મુંબઈને જાણે કે સુધારક પ્રવૃત્તિઓનું કેન્દ્ર જ બનાવી દીધું.

ઈ. સ. 1855 માં શરૂ કરાયેલ ' સત્યપ્રકાશ' માસિકમાં સમાજ સુધારાની પ્રવૃત્તિઓ વિશે નવી યુવાન પેઢીના લેખો છપાતા તેમજ તેમને લખવા માટે સુપ્રસિદ્ધ સાહિત્યકારો, લેખકો અને તંત્રીઓ પ્રોત્સાહન પૂરું પાડતા હતા; પરિણામે સમાજ સુધારણાનો એક નૂતન માહોલ જોવા મળતો હતો.

**1) કવિ નર્મદ :** નર્મદાશંકર, કરસનદાસ મૂળજીભાઈ અને મહિપતરામ આ ત્રણેએ સુધારા અંગેના સિદ્ધાંતો પોતાના આચરણમાં ઉતાર્યા હતા દા.ત. કવિ નર્મદે વિધવા પુનર્લગ્નની નવી પ્રથાને ટેકો આપવામાં માટે, એક વિધવાને પોતાના ઘરમાં આશ્રય આપ્યો હતો **.**તેમજ ઈ.સ.1859માં 36 વર્ષની ઉંમરે નર્મદાગૌરી નામની વિધવા સાથે લગ્ન પણ કર્યા હતા. તેમનું લેખન, કાવ્યસર્જન અને પ્રવચન એક ત્રણેમાં પ્રેમની ભાષા – શૈલી ક્રાંતિકારી સુધારક તરીકેની હતી. તેમણે બાવાઓ / જોગીઓ અને બ્રાહ્મણોની મૂર્તિપૂજા સામે મોરચો માંડ્યો હતો. આડંબર, દંભ, નિરક્ષરતા, આજ્ઞાનતા સામે તેમના લખાણોમાં કડક ટીકાત્મક અભિવ્યક્તિ જોવા મળતી હતી. 25 ફેબ્રુઆરી 1886 ના રોજ તેમનું અવસાન થયું હતું. કવિ નર્મદાશંકરનો જન્મ 24 ઓગસ્ટ 1833 ના રોજ સુરતમાં થયો હતો, એ જોતાં તેમણે 53વર્ષનું ટૂંકું આયુષ્ય ભોગવ્યું હતું.

ભારતના લોકો પરદેશગમન કરતા નથી અને તેથી તેમના જ્ઞાનમાં વૃદ્ધિ થતી નથી ; તેઓ વિશ્વના પલટાતા અદ્યતન પ્રવાહોના જ્ઞાનથી વંચિત રહી જાય છે ; એ બાબતના ઉપર કવિ નર્મદે ભાર મૂક્યો હતો. ધર્મને નામે વિવિધ પ્રતીકોની પૂજા કરવાની બાબતને જ ધર્માચરણ કરવાની બાબતનો પણ કવિ નર્મદે વિરોધ કર્યો હતો.

એ જ રીતે ગુજરાતની સ્ત્રીઓના નીચા સ્થાન,દરજ્જા અને દુર્દશા નિહાળીને તેમના શિક્ષણ ઉપર ભાર મૂક્યો કે જેથી તેઓ પોતાની સ્થિતિ સમજીને, જાગૃત થઈ શકે; તેમજ લાંબે ગાળે પગભર બની શકે. કવિ નર્મદે બાળલગ્ન પ્રથાનો વિરોધ કરી એ પ્રથા અટકાવવા માટે ઝૂંબેશ ચલાવી.

કવિ નર્મદે પોતાના ક્રાંતિકારી સુધારક વિચારોના પ્રચાર અને પ્રસાર માટે 'ડાંડિયો' નામનું પાક્ષિક શરૂ કર્યું હતું. આ સામયિક દ્વારા સમાજમાં પ્રવર્તમાન દંભ,અંધશ્રદ્ધા, વહેમોં, તદ્દન ખોટા-ખરાબ રિવાજોને ખુલ્લા પાડ્યા હતા.

*કવિ નર્મદે ઈ.સ.1858માં હંમેશને માટે નોકરી ન કરવાનો અને કલમને ખોળે*



*જીવન સમર્પિત કરીને જીવવાની પ્રતિજ્ઞા લીધી હતી. સમગ્ર સાહિત્યજગતમાં ભાગ્યે જ આવી કોઈ વ્યક્તિ સર્જક-વ્યકિત હોઈ શકે, પરંતુ ગુજરાતમાં આવી વ્યક્તિ હોય, તો તે આજે પણ ઐતિહાસિક ઘટના ગણાય.*

*'અર્વાચીનોમાં આદ્ય' ગણાતા કવિ નર્મદનો મધ્યકાલીન ધર્મપરાયણ સાહિત્યની સંસાર, સમાજ,ગરવી ગુજરાત, પ્રેમ-શોર્ય, પરાયણ સાહિત્ય રચવામાં પુરુષાર્થ નોંધવો ઘટે. ગુજરાતી સાહિત્યમાં વિવિધ સાહિત્ય સ્વરૂપો વિકસાવવામાં કવિ નર્મદે પહેલ કરી હતી. એક સર્જક તરીકે તેમની કેટલીક મર્યાદાઓ કદાચ હશે,તો પણ તેમણે એકલે હાથે કરેલાં નવપ્રસ્થાનો વિશે વિચાર કરીએ છીએ, ત્યારે આ મોટા ગજાના સાહિત્યકારની શક્તિનો સાચો પરિચય આપણને સુપેરે મળે છે.*

*'કવિ' તરીકે ખ્યાતના બનેલા નર્મદની કુલ ત્રણ દાયકાની સાહિત્યની લાંબી સફર દરમિયાન માત્ર 11 વર્ષ જેટલો સમય કવિતાસર્જન દ્વારા સાહિત્યમાં આપી શકયા હતા. આમ છતાં તાત્કાલિક સમયની મહત્વની ઐતિહાસિક ઘટનાઓ તથા વિચારધારાઓનું પ્રતિબિંબ તેમની કવિતામાં આબાદ રીતે ઝીલાયું છે.*

*સામાજિક સુધારણા, પ્રીતિ, મૈત્રી, સ્વદેશાભિમાન,પ્રેમ, શૌર્ય,સત્ય, ન્યાય, લાગણીઓ વગેરેનો તેમનો અભિગમ ઘણો ઊંચી કક્ષાનો હતો, એમાં કોઈ બે મત છે જ નહીં. કોઈ ભાષાના કવિના નામની આગળ, નર્મદ સિવાય 'વીર' વિશેષણ લાગ્યું નથી ; તેનું કારણ તેમનો જુસ્સો,લાગણી, પ્રેમ, શૌર્ય, દેશાભિમાન ઈત્યાદિ શબ્દોનો સૌપ્રથમ ગુજરાતી પદ્ય સાહિત્યમાં નર્મદે પ્રથમ વાર કર્યો હતો.તેમની કવિતામાં પ્રેમ, વેદના, નિર્ભિકતા, શૌર્ય અને વલોપાત પણ છે.તેમની શતાબ્દી પ્રસંગે (ઇસવીસન 1934 ) ઈ. સ. 1866 માં લખાયેલી આત્મકથા 'મારી હકીકતનું' પ્રકાશન થવા પામ્યું હતું,જેમાં તેમને નિખાલસતા પૂર્ણ દાદા - પિતાના વ્યક્તિચિત્રો, અંગત જીવનના પ્રસંગો,સુરતમાં લાગેલી પ્રચંડ આગ,જેવી મહત્વપૂર્ણ ઘટનાનેં સુપેરે આલેખવામાં આવેલી છે.*

'સુધારક યુગ'ના આ અગ્રણી સાહિત્યકાર નર્મદ 'સમયમૂર્તિ'તરીકે ઓળખવામાં આવે છે. સાહિત્યને સાધન બનાવી તેઓ સમાજમાં સુધારણા માટે એક પ્રચંડ વૈચારિક આંદોલન જગાવે છે અને એક 'યુગદૃષ્ટા' કે 'યુગપર્વતક' વ્યક્તિત્વને ઈ. સ. 1886માં ગુમાવ્યાનો આપણ ને રંજ પણ થાય છે.

ગોવર્ધનરામ ત્રિપાઠી પણ ધીકતી કમાણીવાળી વકીલાત છોડીને, જીવનભર શબ્દનું સાનિધ્ય સેવ્યું હતું. બીજી તરફ કવિ નર્મદે ઈ.સ. 1882 માં કમને પોતાની પ્રતિજ્ઞા ત્યજી દઈને ગોકુળદાસ તેજપાળના ધર્માદા ખાતામાં મંત્રી તરીકની નોકરી સ્વીકારી હતી; સાથે સાથે અનેક ગ્રંથો લખ્યા હતા. કવિ નર્મદની સાથે રહીને પરોક્ષ રીતે ગોવર્ધનરામ ત્રિપાઠીએ સમાજ સુધારણાનું કાર્ય કરેલું.


**(2) શ્રી કરસનદાસ મૂળજીઃ** પ્રખર સમાજસુધારક કરસનદાસ મૂળજીનો જન્મ 25 જુલાઈ 1832માં મુંબઈમાં થયો હતો. અને 28ઑગસ્ટ, 1871ના રોજ 39– 40 વર્ષે લીંબડીમાં અવસાન પામેલા. તે 19 મી સદીના ગુજરાતના પ્રખર સમાજ સુધારક નિર્ભિક પત્રકાર અને લેખક હતા. મુંબઈની બુદ્ધિવર્ધક હિન્દુ સભામાં તેમણે 'દેશાટન' વિશે નિબંધ લખી સમાજ સુધારણા અને શિક્ષણ ક્ષેત્રે પગરણ માંડ્યા હતા. તેનાથી તેમને સારી ખ્યાતિ મળેલી. તેઓ મુંબઈની ગોકુળદાસ તેજપાલ વિદ્યાલયમાં મુખ્ય શિક્ષક હતા અને ' રાસ્ત ગોફતાર' વર્તમાન પત્રમાં સમાજ સુધારા વિશે લેખો લખતા હતા.



ઈ. સ.1855 માં તેમણે 'સત્યપ્રકાશ' નામનું સામયિક શરૂ કરેલ. કરસનદાસે વૈષ્ણવ (હિન્દુ) ધર્મના વલ્લભ સંપ્રદાયના ધર્મગુરુઓના જુલ્મો અને દુરાચારો પર કડક પ્રહારો કરતા લેખો ' સત્યપ્રકાશ' લખ્યા હતા અને 'મહારાજ લાઈબલ કેસ' સહિત એ ગુરુઓના કુકર્મોને તેમણે ઉઘાડા પાડ્યા હતા; આ અંગેને કેસમાં કરસનદાસ કોર્ટમાં જીતેલા અને વલ્લભ સંપ્રદાયના મહારાજ હારી જતાં ઉઘાડા પડેલા !

*ઈ. સ. 1863માં તેમણે ઈંગ્લેન્ડનો પ્રવાસ ખેડેલો; તેથી 'પરદેશ-ગમનનું પાપ' કરવા બદલ તેમને જ્ઞાતિ બહાર મૂકવામાં આવેલા. ઈ.સ.1867 માં તેમણે બીજીવાર ઈંગ્લેન્ડનો પ્રવાસ કર્યો હતો. મુંબઈમાં પ્રાર્થના સમાજ અંગ્રેજ સરકારે તેમને 'રાજકોટ' માં 'પોલિટિકલ ખાતામાં આસિસ્ટન્ટ સુપ્રિટેન્ડન્ટ' તરીકે નીમ્યા હતા. ત્યાંથી તેમની લીંબડી રાજ્યમાં બદલી થયેલી. તેમણે 'નીતિવચન', 'કુટુંબમિત્ર', 'નિબંધમાળા'. 'ઈંગ્લેન્ડનો પ્રવાસ', 'વેદધર્મ' , મહારાજાનો ઈતિહાસ' વગેરે ગ્રંથો લખ્યા હતા અને કવિ નર્મદની સાથે રહીને સમાજ સુધારણાનું કાર્ય કરેલું.*

**3) મહિપતરામ રૂપરામ :** *મહિપતરામનો જન્મ ઈ.સ. ૧૮૨૯ માં ત્રીજી ડિસેમ્બરે, સુરતમાં વડનગરા બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. માત્ર દોઢ વર્ષની ઉંમરે માતાની છત્રછાયા ગુમાવી દેતાં, પિતાશ્રી રૂપરામ ઉમિયાશંકર મહેતાએ ઉછેરીને મહિપતરામને મોટા કરેલી, તેમનું લગ્ન ૬ વર્ષની વયે, ૫ વર્ષની પાર્વતી કન્યા સાથે થયું હતું! શાળાજીવન દરમિયાન સહાધ્યાયી કવિ નર્મદનો અને શિક્ષક (તથા સમાજસુધારક) દાદોબા પાંડુરંગનો ગાઢ પરિચય થયેલો. તેમની કારકિર્દી અને કામગીરી આ પ્રમાણે આલેખી શકાય.*




- *સુરતમાં વ્યસનોનું અનિષ્ટ ડામવા માટે, પારસી દ્વારા સ્થપાયેલી 'પરહેજગાર મંડળી'(ઈ. સ. 1845) ના મંત્રી તરીકે તથા 'પરહેજ' નગરપત્રના તંત્રી તરીકે કાર્ય કરી, સમાજસુધારક તરીકેની કારકિર્દી શરૂ કરેલી.*
- *'કવિ દલપતરામ અને ફાર્બસે જ સ્થપાયેલ 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી' ના સક્રિય સભ્ય બનીને સંસ્થાની શૈક્ષણિક તથા સુધારક પ્રવૃત્તિઓમાં રસ લીધો હતો.*
- *'બુદ્ધિવર્ધક હિન્દુ સભા', 'જ્ઞાનપ્રચારક મંડળી', 'સ્ટુડન્ટ લિટરરી એન્ડ સાયન્ટિફિક સોસાયટી' વગેરે દ્વારા તેમણે સુધારક પ્રવૃત્તિઓ હાથ કરી હતી.*

- ઈ. સ. 1860 માં અંગ્રેજ સરકાર તરફથી ઇંગ્લેન્ડની શાળાઓમાં ઉચ્ચ તાલીમ લેવા જવા માટે પસંદગી થતાં, જ્ઞાતિના સખત વિરોધ છતાં પરદેશગમન કર્યું હતું.
- મહિપતરામને કુલ ત્રણ વાર જ્ઞાતિ બહાર મૂકવામાં આવેલા,છતાં પ્રાયશ્ચિત કરતાં તેમને પુનઃ જ્ઞાતિમાં લેવામાં આવતા હતા, તેથી તાત્કાલિક સુધારકો તેમને 'તકવાદી સુધારક' હતા.
- ઈ. સ. 1869 માં અમદાવાદમાં રાયપુર વિસ્તારમાં શ્રી ભોળાનાથ સારાભાઈ દ્વારા,ગુજરાતના સમાજમાં પ્રવર્તતા ધાર્મિક દૂષણોને ડામવા માટે 'ધર્મસભા' નામની સંસ્થાની સ્થાપના કરવામાં આવેલી,અને સંસ્થાની પ્રવૃત્તિઓ કાર્યક્રમ તથા ઉદ્દેશોના પ્રચાર- પ્રસાર માટે 'ધર્મપ્રકાશ' નામની પત્રિકા પણ પ્રસિદ્ધ કરાતી હતી. આ સંસ્થા અને તેની તમામ પ્રવૃત્તિઓમાં મહિપતરામે અસરકારક ભૂમિકા ભજવી હતી.
- મહિપતરામની પ્રેરણા અને સક્રિય સહયોગથી ભોળાનાથ સારાભાઈએ 17 મી ઑગસ્ટ 1871ના રોજ અમદાવાદમાં 'પ્રાર્થના-સમાજ'ની સ્થાપના કરાવી હતી. આ સંસ્થાની તમામ સુધારાની પ્રવૃત્તિઓમાં મહિપતરામ રૂપરામ, ભોળાનાથ,બેચરદાસ લશ્કરી, રણછોડલાલ છોટાલાલ, (રેંટિયાવાળા )વગેરે એ નોંધપાત્ર પ્રદાન કર્યું હતું.
- 'પ્રાર્થના-સમાજ'ની વિવિધ પ્રવૃત્તિઓને અને આગામી કાર્યક્રમોની જાણકારી માટે સંસ્થા તરફથી 'જ્ઞાનસુધાર' નામનું (પહેલાં વાર્ષિક હતું )માસિક શરૂ કર્યું હતું. તેમાં મહિપતરામે સામાજિક ધાર્મિક સુધારાને લગતા ક્રાંતિકારી વિચારો વાળા લેખો લખ્યા હતા.
- મહિપતરામ 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી' દ્વારા ચાલતી 'વિધાભ્યાસ મંડળી' દ્વારા શ્રી શિક્ષણના વિકાસમાં મહત્વનું યોગદાન આપ્યું હતું.
- મહિપતરામે 'વિધવા વિવાહ ઉત્તેજક મંડળી', 'બાળલગ્ન નિષેધક મંડળી', સંસાર -સુધારક સમાજ ', જેવી વિવિધ સામાજિક સુધારક સંસ્થાઓ સાથે જોડાઈને સક્રિય ભૂમિકા ભજવી હતી.
- મહિપતરામે સ્ત્રી- શિક્ષણ માટે અમદાવાદમાં( મેરિ કાર્પેન્ટરના પ્રયાસથી) તાલીમ કૉલેજની સ્થાપના કરાઈ હતી,જે પાછળથી 'મહાલક્ષ્મી સ્ત્રી અધ્યાપન તાલીમ કૉલેજ' તરીકે પ્રસિદ્ધ બની હતી,જે અત્યારે પણ લોકમાન્ય તિલક બાગ (જૂનું નામઃ વિક્ટોરિયા ગાર્ડન )નજીક આવેલી છે.
- મહિપતરામે સરકારના કેળવણી ખાતામાં ભાષાંતરકાર તરીકે કાર્ય કરી,શિક્ષણના વિકાસ માટે પ્રમાણભૂત અંગ્રેજી ગ્રંથોનું ગુજરાતી ભાષામાં ભાષાંતર કર્યું હતું .

* *મહિપતરામે 'ઈંગ્લેન્ડની મુસાફરી', 'સાસુ વહુની લડાઈ', 'વનરાજ ચાવડો', 'પાર્વતીકુંવર', 'અધ્યાપન', 'દુર્ગારામ ચરિત્ર', જેવી સાહિત્યિક રચનાઓ કરીને યાદગાર પ્રદાન કર્યો હતો.*
* *મહિપતરામ મોટા ગજાના સમાજ સુધારક હોવા છતાં તેમની કેટલીક અંગત મર્યાદાઓ હતી ; આમ છતાં તેમણે શિક્ષણ, સામાજિક- ધાર્મિક સુધારણા, પત્રકારત્વ, અધ્યાપન જેવાં અનેકવિધ ક્ષેત્રે આપેલું પ્રદાન ચિરંજીવી રહેશે.*

**(4) પરીક્ષિતલાલ મજમુદાર (1901-1965) :**




*અસ્પૃશ્યતા નિવારણના ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનાર અને મહાત્મા ગાંધીજીના પાયાના કાર્યકર શ્રી પરીક્ષિતલાલ મજમુદારનો જન્મ પાલિતાણા નગરમાં (જિ. ભાવનગર) 8 મી જાન્યુઆરી, 1901 ના રોજ થયો હતો. તેઓ આદર્શ બ્રહ્મચારી અને નિષ્ઠાવાન સમાજસુધારક હતા. તેમણે સમાજમાં નિમ્ન ગણાતા હરિજન જ્ઞાતિની પેટાજ્ઞાતિ ભંગી સમાજની કરમુક્તિ અને તેમની સુધારણા માટે જીવનપર્યંત પ્રયાસો કર્યા હતા. પોસ્ટ ઑફિસમાંથી એ જ્ઞાતિના લોકોને પોસ્ટ કાર્ડ લાવી આપી, તે જે કહે તે સારી ભાષામાં વ્યવસ્થિત લખી આપવાની નાની શી સેવાથી માંડીને તેમણે હરિજનવાસમાં નિરક્ષર લોકોને સાક્ષર બનાવવા રાત્રિ વર્ગો ચલાવવા; બાળકોને સ્વચ્છતાના સંસ્કાર આપવા, 'અંત્યજ સેવા સમિતિ (સૌરાષ્ટ્ર) ને સર્વ પ્રકારની સાથે- સહકાર આપવાની પ્રવૃત્તિઓના કર્ણધાર હતાં. ભાવનગર, વરતેજ , જૂનાગઢ, માધવપુરા, વઢવાણ વગેરે શહેરોમાં' 'હરિજન આશ્રમો' અને હરિજન શાળાઓ તથા છાત્રાલયોની સ્થાપના કરવામાં; કચ્છમાં ઈ. સ. 1922-1930 દરમિયાન અસ્પૃશ્યતા- -નિવારણની ઉમદા કામગીરી કરવામાં ખૂબ મહત્વનો ફાળો આપ્યો. હતો. દાંડીકૂચના થતા આરંભથી ગાંધીજીએ પરીક્ષિતલાલને સાબરમતી આશ્રમ સોંપી દીધો હતો. પછી, સળંગ 84 વર્ષ સુધી તેને 'હરિજન આશ્રમ'માં બદલીને હરિજન બાળાઓની ત્યાં કન્યાશાળા શરૂ કરીને, શિક્ષણ આપવાનું અને તેમના ઉત્કર્ષનું ભગીરથ કાર્ય કર્યું હતું; એ પછી એ હરિજન આશ્રમમાં 'સ્ત્રી*

*અધ્યાપન મંદિર' શરૂ કર્યું. જેમાંથી 150 શિક્ષિકાઓ પી.ટી.સી. થઈને તૈયાર થઈ હતી અને સ્વાવલંબી તથા પગભર બની હતી.*

*આમ ,પાણી, આવાસ, શિક્ષણ, લઘુ ઉદ્યોગો, ઋણમુક્તિ વગેરેમાં સમાન તકો હરિજનોને અપાવવા પરીક્ષિતભાઈએ સક્રિય પ્રયાસ કર્યા હતા. આમ, તેઓ સાચા કર્મવીર હતા, આવા પ્રખર સમાજસુધારક 65 વર્ષની વયે ઈ.સ. 1965માં આપણી વચ્ચેથી વિદાય લીધેલી.*

**(5) જુગતરામ દવે : ( ઈ.સ. - 1888-1985)**

*સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર જિલ્લાના લખતર ગામમાં ઈસવીસન 1883 માં જન્મેલા જુગતરામ દવે એક લેખક પત્રકાર,લોકકવિ અને સ્વાતંત્ર્યસેનાની હતા. તેમનું મોટાભાગનું જીવન ગુજરાતના આદિવાસીઓની સેવામાં ગયું હતું. મેટ્રિક સુધીનો જ અભ્યાસ તેમણે કરેલો અને મેટ્રિક (ધોરણ 11) માં તેઓ સફળ થયા ન હતા. ઈસવીસન 1918 માં સાબરમતીની રાષ્ટ્રીય શાળામાં લગભગ 10 વર્ષ સુધી શિક્ષક તરીકે સેવા આપી. તેમણે નવજીવન સામાયિકની કામગીરી પણ સંભાળેલી.ઈસવીસન 1928 ના બારડોલી સત્યાગ્રહમાં ભાગ લેવા બદલ કારાવાસની સજા પણ ભોગવેલી.*



*બારડોલી પાસે આવેલા સરભણ ગામે ઈ.સ.1923માં ઉત્તમચંદ રાણા,છગનલાલ જોશી,નરહરી પરીખ અને ત્રિભુવનદાસ શાહની મદદથી આશ્રમ સ્થાપીને આદિવાસીઓના ઉત્થાનનું કાર્ય શ્રી દવેએ કર્યું હતું. તેમણે આ આશ્રમશાળામાં હળપતિ, આદિવાસીઓ અને દુબળાઓને અક્ષરજ્ઞાન - અંક જ્ઞાન આપીને શ્રી રવિશંકર મહારાજની ખેડા જિલ્લાનાં ગામોને સાક્ષર બનાવવાનું જેમ અભિયાન ચલાવ્યું હતું.તેવું જ અભિયાન તેમણે ચલાવ્યું હતું.સાથે સાથે તેમના હાથમાં રેંટિયો મૂકીને રોજ કાંતવાનું તથા કાપડ વણવાનું પણ શીખવ્યું, એટલું જ નહીં પરંતુ દારૂના પીઠા ચલાવનારાઓનો ખોફવોરીને પણ દારૂબંધીનો પ્રચાર કરતા હતા. સુરત*

જિલ્લાના મગર કૂઈ ગામમાં મળેલી આઠમી 'રાનીપરજ પરિષદ'નો અહેવાલ તારીખ 19- 2 -1935 ના રોજ પ્રસિદ્ધ કર્યો હતો. વેડછી આશ્રમ અને ગ્રામશાળા, વેડછી દ્વારા સુરત જિલ્લાના આદિવાસીઓનું જીવન ધોરણ ઊંચું લાવવાનો જુગતરામ દવેએ ભારે પુરુષાર્થ કરેલો.એ જ રીતે ડાંગ જિલ્લામાં પણ ઈસવીસન 1948થી આશ્રમ પ્રવૃત્તિ શરૂ કરેલી અને આહવામાં બુનિયાદી શિક્ષણ માટે અધ્યાપન મંદિરની સ્થાપના કરી હતી. તેમજ 'રાનીપરજ સેવા સંઘ' ઈ. સ.1949 માં અને વેડછીમાં : 'હળપતિ સંઘ' ઈ. સ. 1961માં સ્થાપ્યો હતો.ઈ.સ 1968માં વેડછીમાં 'ગાંધી વિદ્યાપીઠ'ની સ્થાપના કરી શિક્ષણ અને સમાજ સુધારણાનો યજ્ઞ આરંભ્યો હતો. આમ, તેઓ સમાજ સુધારણા (સવિશેષ આદિવાસી સમુદાયોમાં) આંદોલનના પ્રણેતા બન્યા હતા.

ગરીબ આદિવાસીઓ સુધી પહોંચવા માટે તેમણે જે સાહિત્ય સર્જન કર્યું હતું તે આ પ્રમાણે છે.


1. ચાલણ ગાડી (ઈ. સ. (1923
2. ચણી બોર (ઈ. સ. (1923
3. આંધળાનું ગાડું- નાટક (ઈ. સ. .(1927
4. ખેડૂતનો શિકારી – (ઈ. સ. ) .(1931નશાબંધી વિષયક નાટક )
5. ગ્રામ ભજન મંડળી ( ઈ. સ. (1938
6. ભારત સેવક ગોપાળ કૃષ્ણ ગોખલે (ઈ.સ.(1940
7. આશ્રમ કેળવણી (ઈ. સ. (1946
8. મારી જીવનકથા ( ઈ. સ. ( 1975

જુગતરામ દવે 96 વર્ષનું આયુષ્ય જાય લઈને આવેલા, તેથી ઈ. સ. 1971 થી 1978 દરમિયાન 'વટ વૃક્ષ' નામના માસિકના તંત્રી,સંપાદક તરીકે પણ કાર્ય કર્યું હતું. તેઓ 97 વર્ષની વયે 1985 માં અવસાન પામેલા.તેમનું સમગ્ર જીવન આદિવાસી સમુદાયોના ઉત્કર્ષ અને વિકાસને માટે સમર્પિત થયેલું હતું. આદિવાસીઓના સ્વમાની, સ્વાશ્રયી અને સશક્ત બનાવવામાં જુગતરામ દવેનું યોગદાન અત્યંત ગણનાપાત્ર અને યાદગાર છે.

**(6) શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક : (ઈ. સ. 1892-1984) :**

ગુજરાતના અલગ રાજ્ય માટે 'મહાગુજરાત ઝિંદાબાદ'નું આંદોલન કરીને તેની પ્રાપ્તિ સુધી( ઈ.સ. 1956- (1960સુધી સફળ નેતૃત્વ પૂરું પાડનાર કિસાનો અને મજદૂરોના પ્રશ્નોને વાચા આપનાર સતત કર્મનિષ્ઠ વ્યક્તિ એટલે શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક. અર્વાચીન ગુજરાતના જાહેર જીવનનો ગ્રાફ સતત ઉંચે લઈ જનાર ફાયર બ્રાન્ડ (ખૂબ જ જલદ ) નેતા એટલે શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક. તેઓ રાજકારણી સ્વાતંત્ર્યસેનાની, લેખક, પત્રકાર અને ગુજરાતના રાજકીય અને આર્થિક જીવનમાં જબરદસ્ત પરિવર્તન સર્જનાર એક

યાદગાર જલદ આવેગ અને આક્રોશ એટલે શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક. સદાય કાર્યરત અને સેવાભાવી વ્યક્તિત્વ એટલે પણ શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક. ગુજરાતના જાહેર જીવનમાં તેમના જેટલો લાંબો પટ અને ફલક ભાગ્યે જ કોઈ નેતાનો હશે.



ઈન્દુલાલ યાજ્ઞિકનો જન્મ 22 ફેબ્રુઆરી, 1892ના રોજ નડિયાદ જેવી સાક્ષરભૂમિમાં થયો હતો; અને સતત 81 દિવસો સુધી અમદાવાદની વી. એસ. હૉસ્પિટલમાં 'મૃત્યુ' સામે ઝઝૂમી, લગભગ 81 વર્ષનું આયુષ્ય ભોગવી, ઈ.સ. 1984 માં ચિર વિદાય લીધી, ત્યારે આખું અમદાવાદ શહેર હીબકે ચડ્યું હતું, જેનો આ લેખક પણ સાક્ષી છે.તેમના પિતાનું નામ ડૉ. કનેયાલાલ યાજ્ઞિક અને માતાનું નામ મણિગૌરી હતું.11 વર્ષની વયે પિતાશ્રીની છત્રછાયા ગુમાવી, છતાં આપબળે તેમણે બી.એ., એલએલ બી. સુધીનો અભ્યાસ પૂર્ણ કરી, સનદ લઈ વકીલાતનો વ્યવસાય શરૂ કરેલો અને તે ઈ.સ. 1913 થી 1915 સુધી કરેલો, પરંતુ 'હોમરૂલ આંદોલન' સમયે, તેઓ ગાંધીજીના સંપર્કમાં આવતાં, સ્વદેશપ્રેમ, ખાદી, સમાજસેવા અને સમાજ સુધારણા, સાદાઈ, વગેરેની વિચારધારાથી રંગાયેલા. 12 વર્ષની નાની વયે તેમનાં લગ્ન થઈ ગયેલાં.

સામાજિક સુધારણાના ક્ષેત્રે ઈન્દુચાચાની જીવન સફરના કેટલાક અંશો. પણ અવલોકવા જેવા છે.

જેમ મહાત્મા ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો' સુપ્રસિદ્ધ છે, તેમ શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકની આત્મકથા (તેમના જીવનના છેલ્લાં 12 વર્ષ સિવાયની) 5 ભાગોમાં પ્રસિદ્ધ થયેલી, 2,013 પૃષ્ઠોમાં આલેખાયેલી છે. જેની ગણના પણ શ્રેષ્ઠ આત્મકથામાં થાય છે.

- ઈન્દુચાચા સામ્યવાદી નહિ, પરંતુ સમાજવાદી હતા, અને તેથી જે તેઓ કૉંગ્રેસથી છૂટા પડીને આચાર્ય નરેન્દ્ર દેવ, સહજાનંદ સરસ્વતી, જયપ્રકાશ નારાયણ (જે.પી.), અશોક મહેતા અને અચ્યુત પટવર્ધન વગેરેની સાથે ઈ. સ. 1934 માં 'કૉંગ્રેસ સોશિયાલિસ્ટ પાર્ટી' નામની સંસ્થાની સ્થાપના કરેલી.
- ઈ.સ. 1986 માં બિહારમાં ઈન્દુલાલ યાજ્ઞિક ખેડૂતોના નેતા પ્રોફેસર રંગા અને સહજાનંદ સરસ્વતીની સાથે મળીને **'અખિલ હિન્દ કિસાન સભા'**ની સ્થાપના કરી હતી, અને તેની ગુજરાત શાખાના તેઓ પ્રમુખ બન્યા.

- *દાહોદની 'આદિવાસી ખેડૂત પરિષદ' સમયે અંગ્રેજ સરકારે તેમની ધરપકડ કરીને, કેસ ચલાવીને તેમની સુરત, ભરૂચ,ખેડા અને પંચમહાલ જિલ્લાઓમાં પ્રવેશની મનાઈ ફરમાવતાં, ઈન્દુચાચાએ તેમની* **પ્રવૃત્તિઓનું કેન્દ્ર મુંબઈ** *બનાવ્યું, પરંતુ જેલમાંથી છૂટ્યા બાદ તેઓ પુનઃ દલિતો, ખેડૂતો અને આદિવાસીઓની સ્થિતિ સુધારવાના ભગીરથ કાર્યમાં લાગી ગયા. શ્રી ડી એમ.પાંગરકર, શ્રી કમળાશંકર પંડયા અને વામનરાવ મુકાદમ જેવા નેતાઓની સાથે, મળીને જમીનદારી પ્રથા અને વેઠ પ્રથાને દૂર કરવા ઉગ્ર સંઘર્ષ કર્યો હતો, જેનો પડઘો ઈ.સ.* 1938*ની કૉંગ્રેસના હરિપુરા અધિવેશનમાં, શ્રી સુભાષચંદ્ર બોઝના પ્રમુખપદે પડ્યો હતો. આ અધિવેશનમાં ઈન્દુચાચાએ* 10,000 *હાળીઓ (ખેતરોમાં દૈનિક મજૂરી કરતા) અને આદિવાસીઓની અધિવેશનના મુખ્ય દરવાજેથી છેક સભામંડપ સુધીની અભૂતપૂર્વ રેલી* (Long March) *યોજીને 'આધી બટાઈ દૂર કરો, 'જમીનદારીપ્રથા નાબૂદ કરો' અને 'અમારે દયા નહિ, ન્યાય જોઈએ'નાં સૂત્રોથી આખું વાતાવરણ ગજવી દીધું હતું!*
- *ગુજરાતના આદિવાસી નેતા* **ઠક્કર બાપાની આદિવાસી કલ્યાણકારી પ્રવૃત્તિઓને** *નવી દિશામાં વેગ આપનાર ઈન્દુચાચા જ હતા.*
- *તેમની ચળવળો, આંદોલનો, સભાઓ, સરઘસો અને બુલંદ સૂત્રો પ્રચારના ગગનભેદી અવાજોને પરિણામે જ* 1 *મે* 1960 *ના રોજ* **મહાગુજરાતનું અલગ રાજ્ય** *થવા પામ્યું;* **જમીનસુધારાના કાયદાઓ પસાર કરાયા**, *'ન્યાય' અને 'સમાનતા' ના સિદ્ધાંતોનો સરકારોએ સ્વીકાર કરવો પડ્યો.*
- *ઈન્દુચાચા ગુજરાતનું અલગ થાય તે પહેલાંથી જ રાજકીય ક્ષેત્રે* **ગુજરાતના લાડીલા** *નેતા બન્યા હતા. તેઓજ 'મહાગુજરાત આંદોલન'ના અને જનતાના પ્રિય નેતા હતા. તેથી જે* **ચાર-ચાર વાર** *તેઓ અમદાવાદની બેઠક પરથી* **લોકસભામાં ચૂંટાયા હતા.**
- *ઈન્દુચાચા* **એક સારા લેખક અને પત્રકાર** *હતા. તેથી જ પાંચ ભાગમાં આલેખાયેલી તેમની ' આત્મકથા' ઉપરાંત તેમનાં પુસ્તકો અને પુસ્તિકાઓની સંખ્યા* 40 *જેટલી છે. 'માયા' નવલકથા, આઠ નાટકો. સ્ત્રી જીવનની* 6 *લઘુકથાઓ, ગાંધીજીની સાથેના સંસ્મરણો રજૂ કરતાં* 3 *પુસ્તકો વગેરે કૃતિઓ તેમના સાહિત્યસર્જનની પ્રતિભાનાં અજવાળાં પાથરે છે.*
- *ગાંધીજીએ 'તિલક ફંડ' માં* 1 *કરોડ રૂપિયા એકઠા કરવાનું જે એલાન આપ્યું હતું, તે આ ખાદીનો ઝભ્ભો- લેંઘો- ટોપી-ખભે લટકાવેલ ઝોળી અને દેશી ચંપલ પહેરનાર ફકીરે પૂર્ણ કર્યું હતું. !*
- *ખંત, ખમીર અને ખુમારીથી જીવનાર અને એ એ રીતે જ મૃત્યુ સામે પણ સંઘર્ષ કરનાર, ઈન્દુચાચા ગમે તેટલા ચમરબંધીને પણ (શ્રી મોરારજીભાઈ દેસાઈ અને જવાહરલાલ નેહરુ સહિત) નમતું ન જોખે તેવા સ્વમાની નેતા તથા સમાજસુધારક*

*હતાં. તેમના અવસાન સમયે કવિશ્રી ઉમાશંકર જોશીએ શ્રદ્ધાંજલિ આપતા કહ્યું હતું કે, 'શ્રી ઈન્દુચાચા* **'અમીર નગરીના ફકીર બાદશાહ'** *હતા.*

**(7) કવિ દલપતરામ ( ઈ.સ. 1820- 1898 ) :**

*કવિ દલપતરામ ડાહ્યાભાઈનો જન્મ 22મી જાન્યુઆરી, 1820ના રોજ શ્રીમાળી બ્રાહ્મણ જ્ઞાતિમાં થયો હતો. અને તેમનો ઉછેર સ્વામિનારાયણ સંપ્રદાયની વચ્ચે થયો હતો. તેમણે આંતરસૂઝથી ગુજરાતી ભાષા અને સાહિત્યનો અભ્યાસ કરીને જાણીતા કવિ અને સુધારક તરીકે તેમણે પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી હતી. અલબત્ત, તેમણે સંત દયાનંદસ્વામી પાસે 'કાવ્યશાસ્ત્ર' નો અભ્યાસ કર્યો હતો.*



*દલપતરામ અમદાવાદના પ્રખર સુધારકશ્રી ભોળાનાથ સારાભાઈના સંપર્કમાં આવતાં તેમના વ્યક્તિત્વમાં સમાજ –ધર્મ સુધારા પ્રવૃત્તિના મંડાણ મંડાયા હતાં; અને પરિપક્વ પણ બન્યા હતાં.*

*અમદાવાદમાં આસિસ્ટન્ટ જજ તરીકે અંગ્રેજ અલેકઝાંડર કિન્લોક ફૉર્બ્સ આવ્યા પછી, તેમને ગુજરાતી ભાષા શીખવી હતી. તેથી તેઓ ભોળાનાથ સારાભાઈને મળ્યા હતા, તો તેમણે એ માટે કવિ દલપતરામના નામની ભલામણ કરતાં, તેમને વઢવાણથી બોલાવવામાં આવ્યાં. કિન્લોક ફૉર્બ્સ અને દલપતરામ વચ્ચે મૈત્રીસંબંધ બંધાયો અને ફૉર્બ્સ સાહેબ તેમની પાસે ગુજરાતી ભાષા શીખ્યા. બંનેએ સાથે મળીને 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી' ની 26 ડિસેમ્બર,1848 ના રોજ સ્થાપના કરાઈ. આ સંસ્થાના ઉપક્રમે 'બુદ્ધિપ્રકાશ' સામયિકના તંત્રી તરીકે તેમજ સોસાયટીના સહાયક મંત્રી તરીકે પણ નિમણૂક થતાં, તેમણે સફળતાપૂર્વક ઈ.સ. 1855 થી 1879 સુધી એ કામગીરી બજાવી હતી.*


- **સામાજિક સુધારણાના ક્ષેત્રે પ્રદાન :** *ફૉર્બ્સ સાહેબની સુરત બદલી થતા દલપતરામ પણ સુરત તેમની સાથે જ ગયા.ત્યાં તેઓ જાણીતા સમાજસુધારક દુર્ગારામ મહેતાના પરિચયમાં આવતા તેમના વિચારોથી પ્રભાવિત થઈ.તેમની સુધારક-પ્રવૃત્તિને ઉત્તેજન આપવા ઠેર ઠેર વ્યાખ્યાનો આપ્યાં. જેમાં તેમણે સામાજિક અનિષ્ટો ચમત્કારો વહેમો અંધશ્રદ્ધા વગેરેને ફગાવી દેવા અનુરોધ કર્યો.*
- *ઈ.સ.1851 માં પોતાની સુપ્રસિદ્ધ કવિતા 'હુન્નર ખાન ચડાઈ' કાવ્ય સુરતની લાઈબ્રેરીમાં સર્વપ્રથમ વાંચી અને પછી તે છપાઈ, જેમાં તેમણે યાંત્રિક ઉદ્યોગોના આગમનથી હસ્તકલા કારીગરીના ઉદ્યોગો પડી ભાંગતાં ભારતમાં ગરીબી આવશે,તેનો ભય વ્યક્ત કરેલો હતો.*

- *'વેણચરિત્ર' કાવ્યમાં કવિ દલપતરામે હળવી અને રમુજી ભાષા-શૈલીનો ઉપયોગ કરી, 'બાળલગ્નોની નાબૂદી'અને 'વિધવા વિવાહ'ની હિમાયત તેમાં કરેલી હતી.ઈ.સ.***1898 માં તેઓ 78 વર્ષની વયે અવસાન** *પામેલા.આમ બાર વર્ષના ગાળામાં ગુજરાતી ભાષાની સમર્થ જોડી કવિ નર્મદ- દલપતની જોડી ગુજરાતે ગુમાવી હતી.*

**(8) શ્રી રવિશંકર મહારાજ( ઈ.સ. 1884- 1984 =100 વર્ષ ) :**

- **પ્રસ્તાવિક :**

*પ્રખર ગાંધીવાદી નેતા અને ગુજરાતના* **'મૂક સેવક'** *થી રવિશંકર મહારાજનું વ્યક્તિત્વ એટલે 'સેવાના ભેખધારી સજ્જન.' તેમનો આયુષ્યકાળ* 100 *વર્ષ, ચાર માસ અને છ દિવસનો દીર્ઘપર્યંતનો હતો.* 101*ના વર્ષમાં પ્રવેશેલા શ્રી રવિશંકર મહારાજને સાચા અર્થમાં* **'મુઠ્ઠી ઊંચેરા માનવી'** *તરીકે સાહિત્યકાર સ્વામી આનંદે બિરાદવ્યા હતા.*



- **જીવન જરમર :**

*ચંબલના ડાકુઓના જીવનમાં* **'માણસાઈના દીવા'** *પ્રગટાવનાર શ્રી રવિશંકર મહારાજનો જન્મ ખેડા જિલ્લાના માતર તાલુકાના રઢૂ ગામે તા.* 25 *ફેબ્રુઆરી* 1884 *ના રોજ ( તે દિવસે 'મહાશિવરાત્રિ' હતી) થયો હતો. તેમનું મૂળ વતન મહેમદાવાદ તાલુકાના સરસવાણી ગામ હતું. પિતાનું નામ શિવરામ હતું અને માતાશ્રીનું નામ નાથીબા હતું. પિતાશ્રી ગામડાની પ્રાથમિક શાળામાં શિક્ષક હતા અને સુટેવોના આગ્રહી હતા.માતુશ્રી ખૂબ જ મહેનતુ સંસ્કારી અને ધાર્મિક વૃત્તિવાળા હતા.*

*બાળપણથી જ રવિશંકર ખૂબ જ ખડતલ, નીડર અને સાહસિક હતા. સાથે સાથે દરેક કાર્ય ખૂબ જ ખંત અને ચીવટથી કરતા હોવાથી, તેમજ ભારે પરિશ્રમી હોવાથી તેઓ ઝડપથી આગળ વધ્યા હતાં. પરંતુ અભ્યાસમાં કેમ કરીને ચિત્ત ચોંટ્યું નહિ. માતાપિતાએ ઈ.સ.*1897 *માં* 13 *વર્ષની વયે સૂરજ નામની છોકરી સાથે તેમનાં લગ્ન*

*કરેલાં. 19 વર્ષની વયે પિતાની અને 23 વર્ષની વયે માતાની છત્રછાયા તેમણે ગુમાવેલી.*

- **સમાજસેવા અને સ્વાતંત્ર્યસંગ્રામમાં પ્રદાન :**

*પૂજ્ય રવિશંકર મહારાજે તેમનું સમગ્ર જીવન નાના-મોટા સેવા કાર્યોમાં સમર્પિત કરી દીધેલું. તેઓ પોતે જ કહેતા,* **"બીજાને માટે ઘસાઈને જ ઉજળા થઈએ, એમાં જીવનની સાર્થકતા છે."** *તેમનાં સેવાકાર્યોની ઝલક જોઈએ તો.*

*(ક) વિદેશી કાપડના બહિષ્કારના (અસહકારના) આંદોલનમાં ઝુકાવી જાહેર જીવનમાં તેમણે પ્રવેશ કરેલો.*

*(ખ) સુરત અને મહેમદાવાદમાં તેમણે ગાંધીજીના આદેશથી રાષ્ટ્રીય શાળાઓ ચલાવી હતી.*

*(ગ) 'લોકમાન્ય ટિળક ફંડમાં' 10 હજાર રૂપિયા એકઠા કર્યા અને ગાંધીજીને આપેલા.*

*(ઘ) 'હિન્દ સ્વરાજ' પુસ્તિકાનું ગામેગામ ફરીને વેચાણ કરેલું. પત્ની, પુત્રી અને પોતે 'અસહકારના આંદોલન'માં ધરપકડ થતાં કારાવાસ વેઠેલો.*

*(ચ ) પોતાની સઘળી જમીન 'ભૂદાન યજ્ઞ'માં વિનોબાજીને આપી દીધેલી.*

*(છ) 'બારડોલી સત્યાગ્રહ' (1928) માં સરદાર પટેલના જમણા હાથ બનીને કાર્ય કર્યું હતું. 1923 ના નાગપુરના 'ઝંડા સત્યાગ્રહમાં' ભાગ લઈ સાત માસની જેલ ભોગવી હતી. દાંડીકૂચ(1930) સમયે, આગળથી જે તે ગામ પહોંચી જઈ, સત્યાગ્રહીઓ માટે વ્યવસ્થા કરેલી. હરીપુરા કૉંગ્રેસ અધિવેશનમાં ફક્ત છ પૈસા (એક આના)માં જમવાનું આપેલું ; ઈ.સ.1941માં કલોલમાં ફાટી નીકળેલો કોલેરાના દર્દીઓની જીવનમાં જોખમે પણ સેવા કરેલી; અમદાવાદના 'કોમી રમખાણો' સમયે ભોગ બનનારાઓના મૃતદેહોનો નિકાલ કરવાનું કપરું કાર્ય બજાવેલું. ઈ.સ.1948 થી 1969 સુધી બનાસકાંઠાના ગામડાઓમાં પડેલા દુષ્કાળ સમયે રાહતકાર્યની કામગીરી બજાવેલી.ઓડીશામાં ફૂંકાયેલા પ્રચંડ વાવાઝોડા સમયે પીડિતોને મદદ કરેલી. અસંખ્ય નેત્ર-દંત યજ્ઞોની કામગીરી ગુજરાતમાં બજાવેલી ઈત્યાદિ ઘણી બધી બાબતો તેમની જીવન ઝરમરના યાદગાર સ્તંભો છે.*

*સરકારી બસ, ગાડી( ટ્રેનમાં) જ મુસાફરી કરીને કે પગપાળા ચાલીને તેમને સાવ સાદું અને સંયમી  જીવન જીવ્યા હતા. ગુજરાતનું અલગ રાજ્ય 1 મે, 1960 ના રોજ અસ્તિત્વમાં આવ્યું ત્યારે ગાંધી આશ્રમમાં ડો.જીવરાજ મહેતા વગેરેની ઉપસ્થિતિમાં દીપ પ્રગટાવીને પૂજ્ય રવિશંકર મહારાજના વરદ હસ્તે જ ઉદ્દ્ઘાટન કરાયું હતું .*

હરહંમેશ બીજાના ખપમાં (જરૂરિયાતમાં) પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરનાર પૂજ્ય રવિશંકર દાદા એ 1 લી જુલાઈ, 1984 ના રોજ 101 માં વર્ષે આપણી વચ્ચેથી અલવિદાય લીધી.ત્યારે વહાલથી ગામઠી ગુજરાતી ભાષા બોલનાર અને ખેડા જિલ્લાના ગામે ગામ ફરીથી દિવસ -રાત જોયા વગર પગે ચાલીને 'સાક્ષરતા અભિયાન' ચલાવનાર એક 'મૂક સેવક' આપણે સૌએ ગુમાવ્યાનો ભારે આઘાત અનુભવેલો.

**(9) શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ ત્રીજા (ઈ.સ. : (૧૯૩૯-૧૮૬૩**

- **જીવન જરમર :**



સયાજીરાવ ગાયકવાડ ત્રીજાનો જન્મ તા. 11 માર્ચ,1863 (સંવત ૧૯૧૯ ફાગણ વદ છઠ્ઠ) ના રોજ નાસિક પાસે આવેલા ખાનદેશના કડવાણા ગામે કાશીરાવ અને ઉમાબાઈના નાના પુત્રના તરીકે થયો હતો. રાજધાની વડોદરામાં રાજા ખંડેરાવ ગાયકવાડનું ઈ. સ. 1870 માં અવસાન થતાં તેમના નાના ભાઈ મલ્હારરાવ ગાદીએ આવ્યા હતા. પરંતુ તેના અયોગ્ય શાસનને કારણે મદ્રાસ )ચેન્નઈ) માં તેમને નજરકેદમાં રાખ્યા હતા અને ખંડેરાવની પત્ની રાણી જમનાબાઈને એકમાત્ર સંતાન તારાબાઈ હતી. આથી કડવાણામાં રહેતા પોતાના સંબંધીઓના પુત્રોમાંથી કોઈકને વારસદાર તરીકેની પસંદગી કરવા માટે મંજૂરી માગી. મહારાણી વિક્ટોરિયાએ એ મંજૂરી આપતાં ત્રણ પુત્રો- ગોપાળરાવ, સંપતરાવ અને આનંદરાવને બોલાવ્યા. જેમાંથી ગોપાળરાવની પસંદગી થતાં, તેમને સયાજીરાવ ત્રીજા (ગાયકવાડ )નામ આપી તા.27 મી મે 1875 ના રોજ વડોદરામાં રાજ્યભિષેક કરાયો હતો. જ્યારે તેમણે વડોદરાની રાજગાદી સંભાળી, ત્યારે તેઓ બાર વર્ષના અને નિરક્ષર હતા. આજથી તેમના શિક્ષણ, રાજ્યકાર્યભાર,સંસ્કારસિંચન ( સારી રીતભાત, સારી વર્તણૂક) વગેરેની વ્યવસ્થા કરવામાં આવી હતી.પાંચ વર્ષમાં તેમણે શિક્ષણ અને તાલીમ મેળવી, તા. 28 ડિસેમ્બર 1881 ના રોજ 18માં વર્ષે રાજ્યવહીવટ સંભાળી લીધેલો. અને 76 માં વર્ષે અવસાન પામ્યા, ત્યાં સુધી વડોદરા રાજ્યનું સુપેરે તથા ગુજરાતના ઈતિહાસમાં યાદગાર બને રીતે શાસન સાંભળ્યું હતું.

- **સામાજિક , ધાર્મિક અને શૈક્ષણિક ક્ષેત્રે સયાજીરાવે કરેલો પ્રદાન :**
- **સામાજિક ક્ષેત્રે સુધારણા—**

(1) ગુજરાતની વિવિધ જ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિઓ વચ્ચે રહેલી સામાજિક વિષમતા દૂર કરવાના પ્રયાસો કર્યા. તેમની વચ્ચે પરસ્પર રોટી (જમણવાર) અને બેટી (લગ્નસંબંધોના) વ્યવહારોને પ્રોત્સાહન આપ્યું.જેની પહેલ કરતાં રાજભવનમાં યોજાતા ભોજન સમારંભો તમામ જ્ઞાતિ - જાતિના લોકો માટે ખુલ્લા મૂકી દીધા.

(2) *અસ્પૃશ્યતા નિવારણ માટે તેમણે ઈ. સ.* 1891 *માં કાયદો કરી રાજ્યની નોકરીઓમાં અમુક બેઠકો હરિજનો માટે અનામત રાખવાની જોગવાઈ કરી; જેથી એ જ્ઞાતિમાં શિક્ષણ મેળવેલા તેજસ્વી અને લાયક વ્યક્તિઓને સરકારી નોકરીઓમાં તક મળે. આમ, તેમણે સમાનતાના પાયા પર સુદ્રઢ સમાજની રચના કરી.*

(3) *બાળલગ્નનો અને બાળકી હત્યા જેવી ક્રૂર સામાજિક કુપ્રથાઓને દૂર કરવા શ્રીમંત સયાજીરાવ ત્રીજાએ ઈ. સ.* 1904 *માં* **'બાળલગ્નો પર પ્રતિબંધ મુકતો કાયદો'** *પસાર કર્યો છે. જે અનુસાર છોકરાની ઉંમર* **16 કે તેથી વધુ કન્યાની ઉંમર 12 વર્ષ કે તેથી વધુ હોવી જ જોઈએ**,*તેમ કાયદાને કલમમાં નક્કી કરાયું. આથી જ આ કાયદાનો ભંગ કરનાર બંને પક્ષના માતા-પિતા, ગોર મહારાજ અને એ લગ્નમાં ભાગીદાર બનનારા સૌ કોઈને ગુનેગાર ગણાયા હતા.*

(4) **વિધવા વિવાહને ઉત્તેજન** *આપવા માટે વડોદરાના ગાયકવાડ રાજા સયાજીરાવે ઈ.* **સ. 1902 માં 'વિધવા વિવાહને લાગતો કાયદો'** *પસાર કરાવી,વિધવાઓને પુનઃલગ્ન માટે માર્ગ મોકલો થાય તે માટે ઉત્તેજન આપ્યું. જેને પરિણામે નાની વયની યુવતીઓને ફરજિયાત વૈધવ્યપાલનના અન્યાયના સામાજિક રિવાજમાંથી મુક્તિ સાંપડી.*

(5) *સ્ત્રીઓને વારસાહક માટે શ્રીમંત સયાજીરાવ ત્રીજાએ, જેના પતિનું અવસાન થયું હોય, તેવી તેમની વિધવા* **પત્ની ને પતિની મિલકતમાંથી વારસો મળી રહે, તે માટે ઈ. સ. 1913 માં તે અંગેનો કાયદો** *પસાર કરાવ્યો આને પરિણામે પહેલાં વિધવા બનેલ સ્ત્રી જે ઓશિયાળું અને સાસરિયાને પરાવલંબી થઈને જીવન જીવવું પડતું હતું, તે હવે સન્માનભરે જીવન જીવતી થઈ શકી.*

(6) **હિન્દુ લગ્ન અંગેનો કાયદો ( સિવિલ મેરેજ એક્ટ )** *શ્રીમંત સયાજીરાવે ઈ. સ.*1908 *માં પસાર કરાવી જો કોઈ પણ ઉંમરલાયક વ્યક્તિ તેમની જ્ઞાતિ કે પેટા જ્ઞાતિના રીત રિવાજ અનુસાર લગ્ન ન કરી શકે તેમ હોય (દા. ત.વડીલોનો વિરોધ હોય ગોળ કે પેટા જ્ઞાતિ બહાર વર અને કન્યા પરણવા માંગતા હોય વગેરે કારણોસર) તો* **કોર્ટમાં જઈ કરાર કરીને લગ્ન કરી શકે,** *તેવી કાયદામાં જોગવાઈ કરવામાં આવી હતી. ઉપરાંત એક જ ગોત્રમાં પણ યુવક- યુવતી લગ્ન કરી શકે,તેવી જોગવાઈ પણ એ કાયદામાં કરવામાં આવી હતી.*

(7) *ઉપરાંત ધાર્મિક અને સામાજિક વિધિઓ કરાવનાર બ્રાહ્મણો /પુરોહિતો વધુ પદ્ધતિસર તેમજ સારું જ્ઞાન મેળવી શકે તે માટેના શિક્ષણની વ્યવસ્થા પણ ગાયકવાડ રાજવીએ કરી હતી.*

(8) *ઈ. સ.* 1908 *ના* Civil Marriage Act *અનુસાર ત્રીજી એક જોગવાઈ એવી પણ કરવામાં આવી કે, પરણ્યા પછી,(લગ્ન કર્યા પછી) કોઈપણ પાત્રને પોતાનો મૂળ ધર્મ (જે જન્મથી પાળતા હતા તે) બદલવો ન પડે તેવી છૂટ આપતી જોગવાઈ માત્ર વડોદરા રાજ્ય પૂરતી આપી હતી.*

- **ધાર્મિક ક્ષેત્રે સુધારણાઃ**
- *શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ* **ત્રીજા પડદા પ્રથાના ભારે વિરોધી** *હતા; તેથી એ રિવાજને નાબૂદ કરવા સુધારાની શરૂઆત પોતાના ઘરથી જ તેમણે કરી હતી. ઈ. સ. 1913 માં મહારાણી ચીમનાબાઈ પોતે જ પડદા વગર રાજકુટુંબમાંથી બહાર જાહેરમાં ફરતા થયા હતા. આમ કેટલીક જ્ઞાતિઓના સમાજમાં ઉપર તેની અસર થતાં તેઓ* **(સ્ત્રીઓ) પડદા પ્રથાનો ત્યાગ** *કરી, બહાર જાહેરજીવનમાં ભાગ લેતી, થતાં વધુ સ્વમાની અને શક્તિશાળી બની.*
- *શ્રીમંત સયાજીરાવ ત્રીજાએ હિંદુ - મુસ્લિમ બંને કોમો વચ્ચે એકતા અને સંવાદિતા વધે તે હેતુથી તેમણે પોતે મુસ્લિમ ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કર્યો અને મુસ્લિમોમાં શિક્ષણ, નવા વિચારો,સુધારણા વગેરેનો વ્યાપ વધે તે હેતુથી* **મુસ્લિમ કૉલેજની તેમણે સ્થાપના** *કરી. આમ, ધાર્મિક સહિષ્ણુતાને તેમણે પ્રોત્સાહન આપ્યું હતું.*
- *શ્રીમંત સયાજીરાવે જે જ્ઞાતિ/પેટા જ્ઞાતિના સમાજો* **પરદેશગમન** *કરીને આવે,તેમને કે જ્ઞાતિપંચોના કાયદાઓનો ઉલ્લંઘન કરે, તેમને જ્ઞાતિ બહાર મૂકવાની પ્રથા હતી. તેને દૂર કરવા કાયદો કરાવી જ્ઞાતિની કોઈપણ વ્યક્તિને શિક્ષા રૂપે જ્ઞાતિ બહાર મૂકી ન શકાય.તેવી જોગવાઈ કરીને ક્રાંતિકારી પગલું ભર્યું હતું.*

*આમ,અત્યંત દીર્ઘદર્શી, વારંવાર પરદેશગમની કરી, ત્યાંના પ્રગતિશીલ સુધારાઓનો વડોદરા રાજ્યમાં અમલ કરી, તે સમયના દેશી રજવાડાઓમાં એક નમૂનેદાર રાજ્ય બનાવ્યું.*

**(10) અનસૂયાબહેન સારાભાઈ ( ઈ.સ. 1885 - 1972 ):**



*ગાંધી વિચારસરણી અનુસાર સમાજપરિવર્તનને ગમતું બનાવનાર ગાંધીજીના પાયાના કાર્યકર અનસૂયાબહેન સારાભાઈ અત્યંત શ્રીમંત પરિવારની પુત્રી અને વિખ્યાત મિલ માલિક, 'કેલિકો' મિલવાળા શ્રી અંબાલાલ સારાભાઈના બહેન થતાં હતાં. ગર્ભશ્રીમંત કુટુંબમાં ઉછેરેલા અનસૂયાબહેન તમામ સુખ - સગવડો અને જાહોજલાલીનો ત્યાગ કરી,*

ખાદી-વસ્ત્રો ધારણ કરી, પોતાનું સમગ્ર જીવન મિલમજૂરો, નીચલા સ્તરના અને પીડિત લોકોની સેવામાં સમર્પિત કરી દીધું હતું.

- **જીવન ઝરમર :**

અનસૂયાબહેનનો જન્મ અમદાવાદમાં ઈ.સ. 1885માં થયો હતો.નાની ઉંમરે લગ્ન થયા હોવાથી સૈદ્ધાંતિક શાળાકીય શિક્ષણ તેમને મળેલું નહીં. પરંતુ પોતાના નાનાભાઈ અંબાલાલને ઘરે શિક્ષકશ્રી શીખવવા આવતા હતા. તેમનાથી થોડે દૂર બેસીને, તેમની પાસેથી શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું.અનસૂયાબહેનને બાળપણથી વાંચન અને અભ્યાસનો ખૂબ જ શોખ હતો. તેથી અંબાલાલભાઈ તેમને પુસ્તકો લાવીને વાંચન માટે આપતા હતા. મોટા થયા પછી તેમને વિશેષ અભ્યાસ માટે ઈંગ્લેન્ડ જવાની ઈચ્છા ભાઈની આગળ રજૂ કરતાં તેમણે સંમતિ આપી અને આર્થિક મદદ પણ કરી. ઈંગ્લેન્ડમાં શ્રીમતી પેંક હર્સ્ટના સ્ત્રી – ઉત્થાનની આવશ્યકતાને લગતા વ્યાખ્યાઓને અનસૂયાબહેન પર ઊંડી અસર પડી અને તેથી તેમનામાં સ્ત્રી – સન્માનની અને મજૂરોની સેવા કરવાની ભાવના દ્રઢ થઈ ગઈ. પોતાનાથી નાની કાન્તાબહેનના અવસાનના સમાચાર સાંભળી, સ્વદેશ ભારત પાછા ફર્યા અને ત્યારબાદ સ્ત્રી -ઉત્થાન તથા મજૂર -પ્રવૃત્તિનાં કાર્યોમાં તેઓ જોડાઈ ગયા.

- **મજૂર બાળકોમાં સંસ્કાર સિચન અંગેનું પ્રદાન :**

અનસૂયાબહેને માર્ચ, 1914માં **દિલ્હી દરવાજા બહાર આવેલી અમરાપુરાની ચાલીમાં** જશોદાબહેન સાથે,મજૂરોના બાળકોને સ્નાન કરાવી,સ્વચ્છ કપડાં પહેરાવી. તેમને શિક્ષણ આપવા માટે સ્વખર્ચે પ્રાથમિક શાળા ખોલી. સાથે સાથે શાળામાં આવનારા સૌ બાળકોના **ભોજનની પણ વ્યવસ્થા** કરી.ફાજલ સમયમાં બાળકોએ પાસે આવેલી ફૂલછોડની વાડીમાં કામ કરવાનું હતું. પાછળથી એ શાળામાં અક્ષરજ્ઞાન -અંકજ્ઞાન મેળવવા પણ પ્રૌઢો પણ જોડાયા હતા. ચાલીના જ કેશવભાઈ વાઘેલાએ પણ તેમાં સેવા આપેલી. મજૂર- કલ્યાણની પ્રવૃત્તિઓનો વિસ્તાર થતાં, અનસૂયાબહેને 'મજૂર સુધાર મંડળ' સ્થાપના કરી હતી.

**સ્ત્રી- ઉત્થાનમાં પ્રદાન :**

મજૂર સ્ત્રીઓના ઉત્થાન માટે દિનબાઈ ટાવર (મીરજાપુર) રોડની 'શાંતિ સદન'માં એક મોટું મકાન ખરીદી શ્રી રમણિકભાઈ મોદી અને માર્થાબહેન ખ્રિસ્તીના સાથ સહકારથી એ મકાનમાં બહેનો માટે શિક્ષણ, સીવણ,ભરતગૂંથણકામ, રસોઈકલા,સ્વચ્છતા (આંતરિક અને બાહ્ય ) વગેરેનું જ્ઞાન અને તાલીમ આપવાની વ્યવસ્થા ઊભી કરી હતી. સાથે સાથે એક કન્યાશાળા પણ શરૂ કરી અને તેમાં અભ્યાસ માટે આવતી છોકરીઓ માટે (હૉસ્ટેલ)ની વ્યવસ્થા પણ ઊભી કરી. શાળાની બાળાઓ માટે શિક્ષણ ઉપરાંત મનોરંજન -કાર્યક્રમ,પ્રવાસ- પર્યટનો,ધાર્મિક અને રાષ્ટ્રીય કાર્યક્રમોની ઉજવણી,રમતગમત, રોગી - બીમારી- વૃદ્ધ લોકોની સેવા- ગૃહવ્યવસાયની તાલીમ અથાણાં- પાપડ-વડી -સિલાઈકામ

*વગેરે ; વૃદ્ધોને પણ સ્વાવલંબન તરફ લઈ જઈ, કમાણી કરી આપવી.... ઈત્યાદિ ઘણી પ્રવૃત્તિઓથી સંસ્થા ધમધમતી થઈ ગઈ.*

- **મિલ મજૂરોની 22 દિવસની હડતાલ અને અનસૂયાબહેનનું નેતૃત્વ :**

*ઈ. સ.* 1917 *માં અમદાવાદ વગેરે શહેરોમાં ભયંકર* **પ્લેગનો રોગ** *ફાટી નીકળતાં તમામ મિલમજૂરો ભયના માર્યા અમદાવાદ છોડીને ગામડાં તરફ સ્થળાંતર કરવા લાગ્યા. ત્યારે તેમને અટકાવવા મિલ માલિકોએ* 18 *ટકા વધારાનું 'પ્લેગ બોનસ' આપી અટકાવવાનો પ્રયાસ કર્યો ;પરંતુ તાણાવાળા (સ્પિનીંગ) વિભાગના* 500 *મજૂરોને એ બોનસ નહીં મળતાં, તેમનો અસંતોષ પ્રગટ્યો અને તેમણે* 25% *બોનસની માંગણી કરી,જેનો મિલ માલિકો એ અસ્વીકાર કરતાં હડતાળ પડી. જે* 22 *દિવસ ચાલી હતી અને ગાંધીજીના આશીર્વાદથી અનસૂયાબહેને એ હડતાલનું નેતૃત્વ સંભાળ્યું હતું. જ્યારે સામે પક્ષે મિલમાલિક મંડળના પ્રમુખ અને પોતાના જ નાનાભાઈ અંબાલાલ સારાભાઈ હતા. અનસૂયાબહેને મજૂરોના શાંત સરઘસો, દેખાવો કરી, રોષ પ્રગટ કર્યો. ગાંધીજીએ મિલમાલિક મંડળના નિર્ણય સામે ઉપવાસ શરૂ કર્યા. મજૂરોની મક્કમતા,એકતા, સંયમ, શક્તિ વગેરેને લીધે છેવટે મિલમાલિકોને નમવું પડ્યું અને શ્રી આનંદશંકર ધ્રુવની મધ્યસ્થીથી બંને પક્ષો વચ્ચે સમજૂતી થઈ તેમજ* 25% *પગાર વધારો મિલ માલિકોએ મંજૂર રાખ્યો.*

*એ પછી તો,* (1) *ઈ. સ.* 1920 *માં* **'મજૂર મહાજન સંઘ'** *( હાલ ભદ્ર- લાલ દરવાજા વિસ્તારમાં તેની ઈમારત છે) ની ગાંધીજીએ કરેલી સ્થાપના.* (2) *અનસૂયાબહેનની સાથે શંકરલાલ બેંકર, ગુલઝારીલાલ નંદા,ખંડુભાઈ દેસાઈ, શ્યામપ્રસાદ વસાવડા, ઈન્દુલાલ યાજ્ઞિક વગેરેએ કરેલી મજૂર કલ્યાણની વિવિધ પ્રવૃત્તિઓ,* (3) *મજૂર - માલિક વિવાદોના ઉકેલ માટે* **લવાદીપ્રથાનો સ્વીકાર** *અને પંચ પદ્ધતિ* (4) *ઘી કાંટા રોડ પર મજૂરો માટે* **હૉસ્પિટલની શરૂઆત** *અને અંબાલાલભાઈએ એ માટે દાન આપેલું (પાછળથી તે ઘી કાંટા રોડ જૂની સિવિલ હૉસ્પિટલ તરીકે ઓળખાઈ ) તથા ગાંધીજીએ તેનું ઉદ્દઘાટન કર્યું હતું.*

- **અંત્યજોના ઉદ્ધાર માટેની પ્રવૃત્તિઓ :**

*અનસૂયાબહેને મજૂર- પ્રવૃત્તિની સાથે સાથે અસ્પૃશ્યો કે અંત્યજોના ઉદ્ધાર માટે પણ વિશેષ જહેમત ઉઠાવી હતી.તેમણે એ વર્ગોના બાળકોના શિક્ષણ માટે સવિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. અમદાવાદમાં રાયપુર દરવાજા બહાર આવેલ શ્રી રમણભાઈ નીલકંઠ અને લાલશંકર ઉમિયાશંકર અસ્પૃશ્ય જ્ઞાતિના બાળકો માટે જે શાળા ચલાવતા હતા, તે શાળાને પોતાને હસ્તક લીધી અને તેમને રહેવા અને જમવાની આરોગ્યપ્રદ તથા સારું વાતાવરણ મળી રહે તે માટે એક છાત્રાલય (હૉસ્ટેલ) પણ શરૂ કર્યું હતું. આથી તેમના ચારિત્ર્યઘડતરને વેગ મળ્યો હતો. છાત્રાલય માટે શ્રી અંબાલાલ સારાભાઈએ તરતજ તેમને મિલકતમાંથી 'મગનભાઈની વાડીનું' નાનકડું મકાન પણ અનસૂયાબહેનને આપી દીધું હતું. અને તેના* **ગૃહપતિ તરીકે ગાંધીવાદી તથા સેવાભાવી શ્રી મુળદાસ** *વૈશ્યની*

*નિમણૂક કરી દેતાં,તેમની સેવાઓ સોંપડી. આ છાત્રાલય માટે શ્રી વૈશ્ય જાતે જઈને હરિજનોના માતા પિતાને સમજાવતા અને એ રીતે શાળા તથા છાત્રાલયનો વિકાસ કર્યો.શાળામાં અને છાત્રાલયમાં સવાર-સાંજ પ્રાર્થના,સફાઈ કાર્ય,શિક્ષણ,સ્વાધ્યાય દ્વારા વિદ્યાર્થીઓનું ઘડતર કરવામાં આવતું હતું.*

- **બાળલગ્ન પ્રથાનો વિરોધ :**

*અનસૂયાબહેન બાળલગ્ન પ્રથાને ગંભીર પ્રકારનું સામાજિક દૂષણ માનતા હોવાથી, મજૂરોમાં બાળલગ્નો અટકાવવા ખૂબ પ્રયાસો કર્યા હતા. બાળલગ્ન વિરોધી કાયદો હોવા છતાં, કેટલાંક અજ્ઞાની અને રૂઢિચુસ્ત માતાપિતા પોતાની કન્યાઓના,બાળપણમાં જ લગ્નો કરી નાખતા હતા. કન્યાગૃહની એક મણિ નામની સગીર વયની છોકરીનાં લગ્ન તેમના માતાપિતા કરી નાખવાની પેરવીમાં છે,તેની ખબર પડતાં, અનસૂયાબહેને જાતે માતાપિતાને સમજાવવા તેમના ઘરે ગયા, તો તેમણે જણાવ્યું, લગ્નની બધીજ તૈયારીઓ થઈ ગઈ છે અને હવે ના પાડીએ તો/વિલંબ કરીએ તો અમારી તો જ્ઞાતિમાં આબરૂના કાંકરા જ થઈ જાય; તેથી લગ્ન તો કરવાં જ પડશે. "આથી અનસૂયાબહેને કોર્ટમાંથી હુકમ લઈ આવીને,એ લગ્ન અટકાવ્યું હતું. કોર્ટના ડરથી-સજાના ડરથી મજૂરોમાં ત્યારબાદ બાળલગ્નો થતાં અટકી ગયાં હતાં.*

- **અવસાન**

*સમાજસુધારક અને શિક્ષણપ્રેમી અનસૂયાબહેનનું 87 વર્ષ ઈ. સ. 1972 માં અવસાન થતાં, એક પ્રખર અને નીડર મહિલા સુધારક આપણે ગુમાવ્યા હતા.*

**(1) પુષ્પાબહેન મહેતા (ઈ. સ. 1905 - 1988)**

**પ્રસ્તાવિક.**

*સ્ત્રીઓને સામાજિક ન્યાય અને આર્થિક વિકાસ માટે જીવનભર ઝઝૂમનાર પુષ્પાબહેન મહેતા નિઃ સ્વાર્થ સામાજિક સેવિકા, રાજકીય નેતા અને* **વિકાસગૃહના નિર્માત્રી** *હતા.*



● **જીવન ઝરમર**

*પુષ્પાબહેન મહેતાનો જન્મ સૌરાષ્ટ્રમાં ઈ. સ.* 1905 *માં થયો હતો અને* 83 *વર્ષ* 1986 *માં તેઓ અવસાન પામેલા. તેમના* **પિતાશ્રી હરરાય દેસાઈ ગીરના જંગલો પાસે આવેલા પ્રભાસપાટણમાં પોલીસ ખાતામાં ઉચ્ચ** *અધિકારી તરીકે પ્રદેશ ફરજ બજાવતા હતા અને તેઓ* **ઘોડેસવારી તથા બંદુકબાજીમાં નિષ્ણાત** *હોવાથી અનેક બહારવટિયાઓને પકડીને જેલમાં પૂરી દીધેલા. તેથી તેમની પુત્રી પુષ્પાબહેનમાં પણ નીડરતા, સાહસિકતા,બહાદુરી,ખડતલ શરીર અને સૌરાષ્ટ્રનું અસલ ખમીર જેવા ગુણોનો બાળપણથી જ તેમનામાં આવિર્ભાવ થવા પામ્યો હતો. તેમની* **માતા હેતુબા** *ધાર્મિક મનોવૃત્તિના હોવા છતાં, બંદૂક ચલાવી જાણતા હતા.આમ, પુષ્પાબહેનનું જીવન-ઘડતર ગીરના સાવજો ઉપરાંત માતા-પિતાના લાડપ્યાર વચ્ચે થયું હતું.*

*ઈ. સ.* 1923 *માં પુષ્પાબેનના પિતાશ્રીનું ઈ. સ.* 1929 *માં માતાશ્રીનું અને ઈ. સ.* 1931 *માં તેમના પતિ જનાર્દનરાય મહેતાનું અવસાન થતાં,* 26 *વર્ષની ભરયુવાન વયે વૈધવ્ય સહિત તેમના ઉપર છાપરી આઘાતો* **સહન કરવાના સંજોગો** *આવ્યા હતા. આમ છતાં તેમણે તેમની અભ્યાસયાત્રા અને જીવનયાત્રા નાસીપાસ થયા વગર અવિરતપણે ચાલુ રાખી હતી. ઈ. સ.* 1930 *માં મેટ્રિક ની પરીક્ષા ઈ.સ.*1934 *માં* SNDT *યુનિવર્સિટીમાંથી* B.A. *ની પરીક્ષા અને 'જ્યોતિ સંઘ' માં જોડાયા પછી* M. A. *પરીક્ષા પર ઉતીર્ણ કરીને આવશ્યક સજ્જતતા પ્રાપ્ત કરી લીધી હતી.*

*ઈ.સ.*1934 *માં અમદાવાદની દાણાપીઠમાં આવેલી મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલમાં શિક્ષિકા તરીકે જોડાયા હતા. એ જ વર્ષે અમદાવાદમાં 'જ્યોતિસંઘ' નામની બહેનોની સંસ્થા સ્થાપનાર* **મૃદુલાબહેન સારાભાઈને** *મળ્યા અને શાળાની નોકરી છોડીને જ્યોતિ સંઘમાં મંત્રી તરીકે જોડાઈ ગયા. ગાંધીયુગની આ બંને નારીઓ સ્વભાવે બંડખોર હતી. છતાં સમાજસેવા અને નારી ઉત્કર્ષની વિવિધ પ્રવૃત્તિઓ શિક્ષણ અને નિડરતાના પાઠ શીખવવામાં આગળ પડતી હતી. પુષ્પાબહેન 'જ્યોતિ સંઘ'માં આવતી (સંસારથી બળેલી, ઝળેલી, મારખાઈને અડધી થઈ ગયેલી,દારૂડિયા પતિના અપશબ્દો સહન કરેલી) સ્ત્રીઓને અંગ્રેજી, ગૃહ વિજ્ઞાન, સીવણ,અર્થશાસ્ત્ર,આરોગ્યવિજ્ઞાન વગેરે શીખવીને તેમને સક્ષમ અને પગભર/ સ્વાવલંબી બનાવવાની પૂરતી કોશિશ જ્યોતિ સંઘ દ્વારા કરવામાં આવતી હતી.*

*પુષ્પાબહેનની કેટલીયે વિદ્યાર્થિની બહેનો પાછળથી તેમનાં જૂનાં સંસ્મરણો વણોળતાં લખે છે કે, "અમારું આત્મબળ વધારીને વિકટમાં વિકટ પરિસ્થિતિમાંથી માર્ગ કાઢવાનું શીખવનાર તો પુષ્પાબહેન જ હતાં. ખુદ તેમનું દૃષ્ટાંત અમારી નજર સમક્ષ સતત રહેતું હતું." તો 'સેવા' સંસ્થાના પ્રણેતા અને સ્થાપક શ્રીમતી ઈલાબહેન આર. ભટ્ટ પણ તેમના વિશે લખે છે કે, ગુજરાત- સૌરાષ્ટ્રની હજારો બહેનોને પોતાની જેમ જ બંધ કરી, માથું ઉંચકતી થઈ, નીડર બનવા હિંમત આપી હતી. લગાતાર દશ દશકાઓ પગભર બનાવવા*

*પુષ્પાબહેન મહેતાએ જેહાદ જગાવી હતી અને સમાજસેવા તથા સામાજિક કુરિવાજોને નાબૂદ કરવા માટે એક બીજી પેઢી તૈયાર કરી હતી, જેનું પરિણામ આજે ગુજરાતની સ્ત્રીઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે નીડર બનીને નવી પેઢીની બહેનો આટલી ખુમારીથી હરીફરી અને બોલી શકે છે "!*

*'જ્યોતિસંઘ'ની કામગીરી દરમિયાન તેઓ શારદાબહેન મહેતા, લીલાવતી-બહેન દેસાઈ, ચારુમતીબહેન યોદ્ધા (અટક પ્રમાણે જ તેઓ હતા!), ઉદયપ્રભાબહેન મહેતા, પેરીન મિસ્ત્રી, ઝરીના કરીમભાઈ, શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક, ડૉ. સુમંત મહેતા, ભોગીલાલ ગાંધી, નાનાભાઈ ભટ્ટ અને દાદાસાહેબ માવળંકર જેવી પ્રગતિશીલ વિભૂતિઓના ગાઢ પરિચયમાં આવેલાં.*

- **વિકાસગૃહ, અમદાવાદની સ્થાપના અને વિકાસઃ**

*વૃદ્ધજનો સાથે પરણાવી દેવામાં આવતી યુવતીઓ તેમજ પતિદેવોનો નિરંતર સાંજ પડે દારૂ પીવા માટે પૈસા પડાવવા ત્રાસ આપતા પતિઓથી છુટકારો ઈચ્છતી પરિણિતાઓ 'જ્યોતિ સંઘ' માં જોડાવા માગતી હતી, પરંતુ નિવાસ અને ભોજનનો પ્રશ્ન મોટો હતો. આથી પુષ્પાબહેને આવી ત્રાસેલી કે તરછોડાયેલી સ્ત્રીઓ શિક્ષણ, તાલીમ, નિવાસ, ભોજન વગેરે તમામ સગવડો આપતી સંસ્થા મૃદુલાબહેનની મદદથી* **1લી મે, 1937 ના રોજ 'વિકાસગૃહ' નામની સંસ્થાની સૌરાષ્ટ્ર કો.ઓ.હા.સોસાયટીના 9 ઓરડાઓ, રસોડું અને આઉટહાઉસમાં શરૂઆત કરી હતી.** *આજે એ સંસ્થા પાલડીમાં, શારદાનગર સોસાયટીમાં વિશાળ એરિયામાં, વિવિધ ઈમારતોમાં વિભિન્ન પ્રવૃત્તિઓથી કાર્યરત છે. પ્રાથમિક-માધ્યમિક શાળા, ત્યક્તા-વિધવા- દુઃખી બહુમીમી નિવાસ, ફિઝિયોથેરાપી સેન્ટર, સાંસ્કૃતિક હૉલ વગેરે સગવડો વિદ્યમાન છે.*

*સ્ત્રીઓ ઉપર કરાતી મારઝૂડ , દ્વિપત્ની દ્વારા થતા અન્યાયો અને અપમાન, રખાત, શકમંદ મૃત્યુ, બળાત્કાર, લોહીનો વ્યાપાર જેવી જંગલી-અમાનુષી બાબતો સામે, સામી છાતીઓ પુષ્પાબહેને (પાછળથી ચારુમતી બહેને પણ) સંઘર્ષ કર્યો હતો. પુષ્પાબહેને અનેક પ્રસંગોએ સ્ત્રીઓનું અપહરણ કરીને ઉપાડી જનાર ગુંડા તત્વો પકડેલા અને તેમને લાકડીથી ફટકાર્યા હતા.*

*પુષ્પાબહેને જેટલી સ્ત્રી- સંસ્થાઓ સ્થાપીને, સ્ત્રીઓના ઉત્કર્ષ અને વિકાસ માટે કાર્ય કર્યું છે. એટલી સંસ્થાઓ સ્થાપીને કદાચ કાઈ મહિલાએ નહિ કર્યું હોય! માત્ર સંખ્યા જ મહત્વની નથી, પરંતુ તેને વિકસાવવી અને કુશળતાપૂર્વક આટલાં વર્ષો સુધી તે સંસ્થાઓ અવિરતપણે ચાલી રહી છે. તેની પાછળ સુદ્રઢ પાયો તેમનું સફળ મેનેજમેન્ટ પણ છે.*

- **વિવિધ સંસ્થાઓના પાયોનિયર રૂપે પુષ્પાબહેન મહેતા :**

*પુષ્પાબહેન મહેતાઓ નીચેની સંસ્થાઓ સ્થાપીને બાળકો તથા સ્ત્રીઓ- ઉત્થાન તથા વિકાસનું ભગીરથ કાર્ય કર્યું .*

(i) *ઈ. સ.* 1937 : *વિકાસગૃહ, અમદાવાદ*

(ii) *ઈ. સ* 1944 : *સ્ત્રી વિકાસગૃહ, હળવદ અને 'રેવાશંકર પંચોળી પ્રસૂતિગૃહ'*

(ii) *ઈ. સ* 1945 *: સ્ત્રી વિકાસગૃહ, વઢવાણ અને વિકાસ વિદ્યાલય*

(iv) *ઈ. સ* 1945 : *સ્ત્રી વિકાસગૃહ, રાજકોટ*

(૪) *ઈ. સ* 1948 : *સ્ત્રી વિકાસગૃહ, જૂનાગઢ અને શિશુમંડળ*

(vi) *ઈ. સ.* 1950 : *શ્રી કસ્તુરબા સ્ત્રી વિકાસગૃહ, જામનગર*

(vii) *ઈ. સ* 1950 : *સ્ત્રી વિકાસગૃહ, અમરેલી*

(viii) *ઈ. સ* 1952 : *મહિલા સંસ્થા અને બાળકેન્દ્ર બાલમંદિરમાં સ્ત્રી-અધ્યાપન મંદિર,પ્રભાસ પાટણ*

*ઉપર્યુક્ત સંસ્થાઓના સંચાલન અને વહીવટ માટે પુષ્પાબહેને શારદાબહેન મહેતા, અરુણાબહેન મજમુદાર, સુલોચનાબહેન નાણાવટી, વત્સલા દેસાઈ, હરિઈચ્છાબહેન વગેરેને મોકલેલા. પુષ્પાબહેને ગુજરાતના બૌદ્ધિકો, સમાજસુધારકો, કેળવણીકારો, પોલીસતંત્રના અધિકારીઓ, અદાલતો, વડીલો, શ્રીમંતો વગેરે સાથે સંપર્કો અને સંબંધો કેળવીને સઘળાં કાર્યો પાર પાડ્યાં હતા.*

- **અવસાનઃ**

*ઈ.સ.*1922 *માં જન્મેલી તેમની પુત્રી ડૉ. ઉષાબહેન* (M.D., *ગાયનેકોલોજી)નું માર્ચ,* 1987*માં અવસાન થતાં પહેલાં તેઓ ઈ.સ.* 1986 *માં પુષ્પાબહેન લકવાગ્રસ્ત બનેલાં. છતાં પુત્રીના અવસાનના સમાચારથી તેઓ ખૂબ આઘાત પામેલાં, અને તે પછી માંડ એકાદ વર્ષ જ પુષ્પાબહેન જીવ્યાં; અને* 2 *એપ્રિલ,* 1988*ના રોજ અવસાન પામ્યાં, અને 'જીવનની સંધ્યાએ' અંધકાર પાથરી તેઓ વિદાય થઈ ગયા.*

(VI) **'પ્રાર્થના-સમાજ', મુંબઈ ( સ્થાપના : 1867) ના સમાજ સુધારણાના પ્રયાસો :**

- **સ્થાપના :**

*'પ્રાર્થના-સમાજ'ની સ્થાપના મુંબઈમાં* **31મી માર્ચ, 1867ના રોજ** *થઈ હતી. તેના સ્થાપક* **ડૉ. આત્મારામ પાંડુરંગ આઠવલે** *હતા. બીજે વર્ષે આ સંસ્થામાં રામકૃષ્ણ ગોપાળ ભાંડારકર, મહાદેવ ગોવિંદ રાનડે, ચંદાવરકર વગેરે નેતાઓ જોડાતાં, આ સંસ્થાને નવું બળ મળ્યું હતું.*

**• અમદાવામાં શાખા અને તેની પ્રવૃત્તિઓઃ**

*''પ્રાર્થના-સમાજ''ની એક શાખા અમદાવાદમાં શ્રી ભોળાનાથ સારાભાઈ અને મહિપરામ રૂપરામ દ્વારા શરૂ કરાયેલી. તેના ઉપક્રમે વિધવા વિવાહને ઉત્તેજન, જ્ઞાતિભેદની નાબૂદી, બાળલગ્નોનો પ્રબળ વિરોધ વગેરે કાર્યક્રમો (સુધારક પ્રવૃત્તિઓ)ની સાથે સાથે એકેશ્વરવાદના સિદ્ધાંતની સમજૂતી પણ શ્રી રમણભાઈ નીલકંઠ આપતા હતા.*


આ 'પ્રાર્થના-સમાજ' જ્ઞાતિ જાતિના ભેદભાવને દૂર કરવામાં તથા સમાજની કુરૂઢિઓ નાબૂદ કરવાના ઉદ્દેશવાળી સંસ્થા હતી.

સનાતનની ધર્માવલંબીઓની રૂઢિચુસ્તતા ઉપર સબળપ્રહાર કરતી હાસ્યપ્રધાન નવલકથા 'ભદ્રંભદ્ર' રમણભાઈએ લખીને જે પરોક્ષ રીતે સમાજ સુધારણાની પ્રવૃત્તિને ઉત્તેજન આપ્યું હતું. દા.ત લોકોને ન સમજાય તેવી સંસ્કૃત પ્રચૂર ભાષા બોલનારા સનાતનધર્મીઓને સીધું તો કહેવાય નહિ, તેથી 'ભદ્રંભદ્ર' ના પાત્ર દ્વારા તેમણે તેમના પ્રહાર કરવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું. જેમ કે..

- ભદ્રંભદ્ર (રેલ્વે સ્ટેશનની ટિકિટ બારી પર જઈને); 'મને મોહમયી નગરીના અગ્નિરથ વિરામસ્થાન અર્થેની એક મૂલ્યપત્રિકા આપો.' (આ વાક્યમાં એક પણ અંગ્રેજી શબ્દ વપરાયો નથી, તે જુઓ વિચારો કે ભદ્રંભદ્ર' સ્ટેશનના બુકીંગ ક્લાર્કને શું કહેવા માગે છે ? 'મને મુંબઈ શહેર રેલવે સ્ટેશને જવા માટે એક ટિકિટ આપો.) 'પ્રાર્થના-સમાજ' દ્વારા સમાજ સુધારણા શરૂ કરાઈ અને તે માટે 'સુબોધ પત્રિકા' પ્રસિદ્ધ થતી હતી. **તા.17-12-1871 ના રોજ અમદાવાદ શાખા** અને તેપછી **અહમદનગર સતારામાં શાખા** શરૂ કરાઈ.

- **(vii)મહાત્મા ગાંધાજીની સમાજ સુધારણાના કેટલાક અંશો અને કાર્યકરોઃ**

2 ઑક્ટોબર, 1869 ના રોજ (રેંટિયા બારસ) પોરબંદર શહેરમાં શ્રી કરમચંદ (કબા



ગાંધી) અને પૂતળીબાઈના કુટુંબમાં જન્મેલા મોહનદાસ ગાંધી 30 જાન્યુઆરી, 1948ના રોજ ગોળી વાગતાં દિલ્હીમાં અવસાન પામેલા. તેમનો જીવનપટ લગભગ 80 વર્ષનો રહેલો, તેમના જીવનનો સૌથી મહત્વનો અને Tourning Point સમો બનાવ દક્ષિણ આફ્રિકામાં મોરિત્સબર્ગ (જોહાનિસબર્ગ જતાં) રેલવે સ્ટેશને બનેલો. ફર્સ્ટ ક્લાસની ટિકિટ તેમની પાસે હોવા છતાં, ગોરા અંગ્રેજોએ તેમનો સામાન પ્લેટફોર્મ પર ફેંકી દઈ, શિયાળાની તીવ્ર કડકડતી ઠંડીમાં તેમને ડબામાંથી ઉતારી મૂક્યા. આથી તેમને રંગભેદને દૂર કરવા અન્યાય સામે લડી લેવા પ્રતિજ્ઞાબદ્ધ થયેલા. દ. આફ્રિકામાં સત્યાગ્રહની લડત લડી રંગભેદની નીતિ દૂર કરવામાં તેઓ સફળ બન્યા.

ભારતમાં તેમની અંગ્રેજ સરકાર સામેની લડતનાં મંડાણ તો ઈ.સ. 1915 થી 1941 દરમિયાન મંડાયેલાં, પરંતુ બાળલગ્નોનો વિરોધ, કન્યા કેળવણીને ઉત્તેજન, દલિત-હરિજનોનો ઉદ્ધાર તથા હિન્દુ સમાજના કલંક સમાન 'અસ્પૃશ્યતા'ની નાબૂદી, ઉચ્ચ

*કક્ષાની રાષ્ટ્રભાવના (દેશપ્રેમ) તેમજ અન્યાયો સામે 'સત્યાગ્રહ'ના અમોઘ શસ્ત્ર દ્વારા છેવટ સુધી લડી લેવાની તૈયારી, સાદગી, હાથે કાંતેલી ખાદીના માત્ર બેજ વસ્ત્રો પહેરવાની સાદગી... ઈત્યાદિ ઘણી બધી બાબતો તેમના જીવનમાં નોંધપાત્ર છે. જીવનના ચાલકબળ તરીકે ગુજરાતના (અને ભારતના પણ) વિચારકોમાં તેમના શુદ્ધ આચરણ દ્વારા (મતલબ કે આચાર અને વિચારની એકતા) જો કોઈ જીવન જીવ્યું હોય તો તે ગાંધીજી જ હતા. આથી જ તેમણે કહેલું, "મારું જીવન અને મારું આચરણ એ જ મારો જીવન સંદેશ છે."*

*ગાંધીજીના હિંદમાં આગમન પછી તો સમયે જ્ઞાતિપ્રથાની પકડ અને બાળલગ્નની પ્રથા પ્રમાણમાં ઓછાં થઈ ગયાં હતાં. તેમની સાથે સમાજ સુધારાની પ્રવૃત્તિમાં ઠક્કરબાપા, પૂ.રવિશંકર મહારાજ,કાકાસાહેબ કાલેલકર,મહાદેવભાઈ દેસાઈ, પત્ની કસ્તૂરબા, અનસૂયાબહેન, મીઠુબહેન પિટ્ટીટ, વિદ્યાબહેન, શારદા બહેન મહેતા,દાદાસાહેબ માવળંકર, પરીક્ષિતલાલ મજમુદાર, જુગતરામ દવે, ઈન્દુલાલ યાજ્ઞિક,શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ, જવાહરલાલ નેહરુ, શ્રી સુભાષચંદ્ર બોઝ ઈત્યાદિ અનેક વિભૂતિઓ જોડાયેલી.*

*અત્યારસુધી સામાન્યતઃ ઘરકામ-ખેતીકામ-સંતાનોનો ઉછેર વગેરે કાર્યોમાં જ પ્રવૃત્ત રહેલી ગામડાંઓ તથા નગરોમાં રહેતી હજારો-લાખો* **સ્ત્રીઓને ઘરની ચાર દીવાલોમાંથી ગાંધીજીએ બહાર કાઢી, પ્રભાત ફેરીઓ, દારૂના પીઠાંઓ પર પિકેટીંગ, સભા-સરઘસો, પ્રવચનો, ઈજા પામેલ સત્યાગ્રહીઓની સેવા-શુશ્રૂષા, રેંટિયો કાંતવો, વગેરે નવા કાર્યોમાં સહભાગી બનાવતાં, તેમને માટે પણ જાહેરજીવનનાં બારણાં ખૂલી ગયાં.** *આને પરિણામે સ્ત્રીઓ હવે સબળ અને સશક્ત બની; જે એક સમાજ સુધારણાના ક્ષેત્રે જબરદસ્ત 'સામાજિક ક્રાંતિ' (*Social revolution*) સમાન બાબત બની રહી હતી.*

**(Viii) હરિજનોના ઉદ્ધાર માટેના ગાંધીજીના સક્રિય પ્રયાસો અને' હરિજન સેવક સંઘ,' :1932**

*હરિજનોના સામાજિક ઉદ્ધાર અને ઉત્થાન માટે ગાંધીજીએ ઈ.સ.* 1932 *માં "હરિજન સેવક સંઘ'ની સ્થાપના કરી હતી, તેના ઉદ્દેશોમાં તેમનું સ્વચ્છતા અને સ્વાસ્થ્યનું ધોરણ ઊંચું લાવવું, તેમના વ્યવસાયોમાં સુધારેલી વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ દાખલ કરવો, માંસાહાર છોડાવવો, માદક દ્રવ્યો અને કેફી પીણાં પણ ત્યજાવી દેવાં, અન્ય બાળકોની સાથે તેમનાં બાળકોને પણ શિક્ષણ આપવું તેમજ હરિજનોમાં પણ અંદરોઅંદરના ઊંચનીચના ભેદભાવો તથા અસ્પૃશ્યતા દૂર કરવી વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો હતો.*

*ગાંધીજીના મતાનુસાર, આ સંઘ 'સવર્ણ હિન્દુઓએ તેમની સાથેની અસ્પૃશ્યતા તથા અન્યાયો-શોષણ વગેરેની જે અત્યાર સુધી રીતો અપનાવી હતી, તેના પશ્ચાતાપના ભાગ*

*રૂપે અને તેમને માથે ચઢેલ ઋણ ચુકવવા/હરિજનો પ્રત્યેની ફરજ ચૂકવવા માટે 'હરિજન સેવક સંઘ' રચાયેલો હતો.*

*"હરિજન સેવક સંઘે'નીચેની પ્રવૃત્તિઓનો અમલ કર્યો હતો.*

*(અ) સાર્વજનિક મંદિરો, સરકારી શાળાઓ, જાહેર બાગ-બગીચા જેવાં સ્થળોએ હરિજનોના પ્રવેશ માટે સક્રિય પ્રયાસો કર્યા હતા.*

*(બ) ગામના સાર્વજનિક કૂવામાંથી પાણી ભરવા દેવું.*

*(ક) અન્ય જાહેર સગવડો સૌને સમાન રૂપે મળી રહે તેવા પ્રયત્નો કર્યાં, અને તે માટે જરૂરી પગલાં પણ ભર્યાં હતાં.*

*(ડ) હરિજનો પોતાના પગ ઉપર ઊભા રહીને સ્વાવલંબી (*Selfsuffcient*) બને તે , માટે તેમને સગવડો, સાધનો અને તકો પૂરી પાડવી.*

*(ઈ) પાછળથી (*14 *વર્ષ પછી, ઈ.સ.*1946*માં) હરિજનોને ગ્રામપંચાયતો, નગર - પાલિકાઓ, ધારાસભાઓ વગેરેમાં યોગ્ય પ્રતિનિધિત્ત્વ મળી, રહે તે માટે બ્રિટિશ સરકાર સમક્ષ આગ્રહપૂર્વક રજૂઆત કરી હતી.*

*(ઈ) આ સંસ્થાના ઉપક્રમે* 28 *છાત્રાલયો, પછાત વિસ્તારોમાં* 33 *શાળાઓ-બાલવાડીઓ, અને આશ્રમશાળાઓ શરૂ કરી હતી, જેથી નવી આવનાર પેઢી શિક્ષણ પામીને સક્ષમ બની શકે.*

*(ફ) આ સંસ્થાએ* 34 *હાઉસીંગ સોસાયટીઓ (કોલોનીઓ) અને* 12 *ખેડૂત સોસાયટીઓ તેમજ* 18 *ઔદ્યોગિક ગૃહો ઊભા કર્યાં હતાં.*

*(થ) ઈ. સ.* 1932*માં* **ભૂજ (કચ્છ)** *માં અલગ 'હરિજન સેવક સંઘ'ની સ્થાપના કરવામાં આવેલી, જેનાં મુખ્ય ઉદ્દેશ હરિજનોનો સર્વાંગી વિકાસ કરવાનો હતો.આથી એ સંસ્થાએ પછાત વર્ગોના બાળકોને શિક્ષણ આપવા માટે સગવડો પૂરી પાડી હતી. તેમજ માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ માટે નાણાકીય સહાય પૂરી પાડેલી, સાથે સાથે સમગ્ર કચ્છ વિસ્તારમાં બાલમંદિરો શરૂ કર્યાં હતા, સ્ત્રીઓ માટે વ્યાવસાયિક તાલીમ પૂરી પાડતી સંસ્થાઓ ઊભી કરી હતી અને પછાત વિદ્યાર્થીઓ માટે હૉસ્ટેલો ઊભી કરી હતી.*

**(Ix) આદિવાસીઓ અને નિમ્ન ગણાતી જાતિઓના ઉત્કર્ષ માટેના ઠક્કર બાપાના પ્રયાસો**

- *ઠક્કર બાપાએ શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકની સહાયથી ઈ.સ.*1922 *માં 'ભીલ સેવા મંડળ'ની સ્થાપના પંચમહાલ જેવા પછાત વિસ્તાઓ કરી હતી.*
- **'ભીલ સેવા મંડળ'** *સંસ્થા દ્વારા આદિવાસી જાતિઓના આર્થિક,સામાજિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક ક્ષેત્રોમાં ઝડપી પરિવર્તનો આવે તેવા પ્રયત્નો હાથ ધરાયા હતા.*

- *મંડળ દ્વારા સ્વચ્છતા, શિક્ષણ અને ઉદ્યમની પ્રવૃત્તિઓ હાથ ધરાઈ હતી.*
- *પંચમહાલના છોટાઉદેપુરના રંગપુર ગામમાં, ભિલોડાના મેઘરજ ગામમાં તથા વડોદરા વિસ્તારમાં 'પછાત સેવા મંડળ' જેવી સંસ્થાઓ પણ ક્રમશઃ કાર્યરત થઈ હતી, તેમની પ્રવૃત્તિઓને પરિણામે આદિવાસી સમાજામાં પરિણામે ઘણું પરિવર્તન આવ્યું હતું. આ સંસ્થાના ઉપક્રમે કેટલીક સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓ કાર્યરત હતી. જેમાં બાલવાડીઓ  આશ્રમશાળાઓ, છાત્રાલયો, રાત્રિશાળાઓ, મહિલા મંડળો વગેરે મુખ્ય ગણાવી શકાય.*
- *ભીલ સેવા મંડળે આદિવાસીઓમાં સહકારી ધોરણે ચાલતી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપ્યું  હતું. ઈ.સ.* 1939 *માં દાહોદ ખાતે સર્વ પ્રથમ* **આદિવાસી કન્યા આશ્રમની સ્થાપના** *કરી હતી. હાલ આ મંડળ દ્વારા* 17 *આશ્રમો,* 15 *આશ્રમશાળાઓ,* 5 *માધ્યમિક શાળાઓ,*1  *ઉચ્ચતર માધ્યમિક શાળા,* 1 *મહિલા અધ્યાપન મંદિર અને* 1 *આદિવાસી મહિલા તાલીમ કેન્દ્ર કાર્યરત છે. ઉપરાંત તે એક તબીબી સારવાર કેન્દ્ર પણ ચલાવે છે.*
- *વિદેશી શાસને સામાન્ય પ્રજાજનોમાં મદ્યપાનની કુટેવ પાડી. પરિણામે ગરીબ, મધ્યમ તથા નિમ્ન જાતિના કુટુંબો દારૂ પીવાની આદત કુટેવથી પાયમાલ થઈ રહ્યા હતા. આથી ગાંધીજીએ મહિલા કાર્યકર્તાઓને દારૂના પીઠાના દરવાજે પિકેટિંગ કરવા મોકલીને એ બદીને દૂર કરવા સક્રિય પ્રયાસ કર્યો.*

### (X) સ્ત્રી - સંસ્થાઓ અને તેમની સમાજ સુધારણાની તથા નારી ઉત્કર્ષની પ્રવૃત્તિઓ (આંદોલનો)

*ગુજરાત (અને ભારતીય) સમાજમાં સામાજિક અને ધાર્મિક સુધારણાના આંદોલનોમાં સ્થપાયેલી સ્ત્રી- સંસ્થાઓને ફાળો પણ ખૂબ નોંધપાત્ર છે. જેમાં મુખ્ય આ પ્રમાણે છે.*

| | | | |
|---|---|---|---|
| 1) | *અખિલ હિન્દ મહિલા પરિષદ* | *અમદાવાદ* | *ઈ. સ.*1872 |
| 2) | *જ્યોતિ સંઘ* | *અમદાવાદ* | *ઈ. સ.* 1934 |
| 3) | *વનિતા વિશ્રામ* | *ભાવનગર* | *ઈ. સ.* 1936 |
| 4) | *વિકાસગૃહ* | *અમદાવાદ* | *ઈ. સ.* 1936 |
| 5) | *શિશુ મંગલ* | *જૂનાગઢ* | *ઈ. સ.* 1938 |
| 1) | *મહિપતરામ રૂપરામ આશ્રમ* | *અમદાવાદ* | *ઈ. સ.* 1935 |

*સમાંજની દબાયેલી, કચડાયેલી, પતિગૃહેથી તરછોડાયેલી સ્ત્રીઓના ઉત્થાન અને ઉત્કર્ષ, રક્ષણ અને શિક્ષણ, તાલીમ અને વિકાસ પૂરાં પાડવામાં ઉપર દર્શાવેલી સ્ત્રી સંસ્થાઓનો ફાળો ખૂબજ નોંધપાત્ર છે. આ સંસ્થાઓ ઉપરાંત નાની મોટી બીજી દસેક મહિલા-સંસ્થાઓ (રાજકોટ, વઢવાણ, અમરેલી, ભૂજ, જામનગર, સુરત, ખેડા, હળવદ, કાલોલ (પંચમહાલ), જેતપુર, પ્રભાસપાટણ, સાસણગીર, દાહોદ, વગેરે) દ્વારા અનેકવિધ પ્રવૃત્તિઓ જેવી કે પુસ્તકાલયો, છાત્રાલયો, શાળાઓ, નારી-સંરક્ષણગૃહો ,*

*બાલવાડીઓ, રાત્રિવર્ગો, આશ્રમશાળાઓ, ઉદ્યોગગૃહો, માર્ગદર્શન કેન્દ્રો, સીવણ-ટાઈપરાઈટીંગ (હવે કમ્પ્યૂટર) વર્ગો, છાપખાનું (પ્રિન્ટીંગ પ્રેસ), દવાખાનાં ઈત્યાદિ દ્વારા નિરાધાર સ્ત્રીઓને ન માત્ર આશ્રય જ આપ્યો છે;પરંતુ તેમને એક નવું સુખમય અને સ્વાવલંબી જીવન આપ્યું છે અને તેને પરિણામે જ એક સબળ, સક્ષમ અને પોતાના પગભર ઉભી રહીને સ્ત્રી જીવન જીવી શકે છે તેને હવે ઓશિયાળું અને લાચાર જીવન જીવવાની જરૂર જરાયે રહી જ નથી.*

## 12.4 સમાપન

*સામાજિક સુધારણાનું કાર્ય સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પહેલાં અને સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી પણ સતત તથા અવિરતપણે ચાલુ રહ્યું છે. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી તો, સ્વતંત્ર અને પ્રજાસત્તાક ભારત સરકારે જ અનેકવિધ ક્ષેત્રોને સ્પર્શતા કાયદાઓ ઘડી, તમામ સામાજિક કુરૂઢિઓ, દૂષણો, વહેમો, ખોટી માન્યતાઓ અને અંધશ્રદ્ધાને નાબૂદ કરવામાં મહત્તમ સફળતા મેળવી છે, સાથે સાથે પ્રજામાં સભાનતા* (Awareness) *અને જાગૃતિ લાવવામાં નીચેના સામયિકોએ નોંધપાત્ર પ્રદાન કર્યું છે, જેમાં—*

| ક્રમ | સામયિક પત્રિકાનું નામ | સાલ અને પ્રકાશક |
|---|---|---|
| 1. | *હિન્દુ પેટ્રીઓટ (બંગાળ)* | *ઈ.સ.*1853 *: ગિરિશચંદ્ર ઘોષ* |
| 2. | *બોમ્બે ટાઈમ્સ (મુંબઈ)* | *ઈ.સ.*1838 *: રોબર્ટ નાઈટ, થોમસ બેનેટ* |
| 3. | *બંગદર્શન (કોલકાતા)* | *ઈ.સ.*1873 *: - બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય* |
| 4. | *ધિ હિન્દુ (ચેન્નઈ)* | *ઈ.સ.*1878 *: -જી.સુબ્રમનિયા ઐયર* |
| 5. | *ટ્રીબ્યુન (લાહોર)* | *ઈ.સ.*1881 *: - સરદાર દયાલસિંહ મજેઠિયા* |
| 6. | *રાસ્ત ગોફતાર (મુંબઈ)* | *ઈ.સ.*1851 *: શ્રી દાદાભાઈ નવરોજી* |
| 7. | *દર્પણ (મરાઠી)* | *ઈ.સ.*1832 *: શ્રી બાલાશાસ્ત્રી જાંભેકર* |
| 8. | *દિગ્દર્શન (મરાઠી)* | *ઈ.સ.*1840 *: શ્રી બાલાશાસ્ત્રી જાંભેકર* |
| 9. | *સ્ત્રીબોધ (ગુજરાતી)* | *ઈ.સ.*1857 *: કૈખુશરૂ નવરોજી કાબરાજી* |
| 10. | *સત્યપ્રકાશ (ગુજરાતી)* | *ઈ.સ.*1853 *: ગિરિશચંદ્ર ઘોષ* |

*જ્ઞાતિ-જાતિના ભેદભાવો હવે ગઈ ગુજરી વાત થઈ ગઈ છે; પરંતુ સદીઓથી સમાજના પીડિત, વંચિત અને શોષિત વર્ગની સ્થિતિ સુધારવા અર્થાત્ છેક પાયામાંથી પ્રજાનું ઉત્થાન કરવાના સક્રિય પ્રયાસો સ્વાતંત્ર્યોત્તર સમયમાં (ઈ.સ.* 1947 - 2023), *એટલે* 75 *વર્ષના ઈતિહાસમાં ભારતે અને ગુજરાત કાયદાઓ તથા સ્વતંત્ર-નિષ્પક્ષ ન્યાયતંત્ર દ્વારા વિકાસપથમાં ઘણી દીર્ઘ યાત્રા ખેડી છે અને તેના સારાં-શુભ પરિણામો પણ પ્રાપ્ત કર્યાં છે. તેમ છતાં હજુ ઘરેલુ હિંસાના, સ્ત્રીઓને કારણ વગર હેરાનગતિ કરવાના કે છૂટાછેડા આપી દેવાના, પ્રેમસંબંધો નહિ નિભાવવાના અનેક બનાવો ગુજરાતના કોઈક ખૂણે , ક્યાંક ને ક્યાંક બને છે, જેના સમાચારો વાંચતા-સાંભળતાં સંવેદનશીલ લોકો જબરદસ્ત*

*આઘાત અનુભવે છે. આમ છતાં નારી-સમાજમાં જબરદસ્ત જાગૃતિ લાવવામાં જ્યોતિસંઘ અ.હિં. મ.પ., વનિતા આશ્રમ, શિશુ મંગલ, વગેરે સંસ્થાઓમાં સામયિકો જેવાં કે 'અવાજ', 'ચિનગારી', 'સહિયર', 'ઉદ્દગાર','અસ્તિત્વ', 'અનસૂયા' 'સેતુ', 'લોકાયતન', 'જનપથ'જેવી સંસ્થાઓનો સ્ત્રી- ઉત્કર્ષ અને તેમના દરજ્જામાં વૃદ્ધિ લાવવામાં ખૂબ મોટો ફાળો આપ્યો છે તો ગુજરાતના તમામ વર્તમાનપત્રો,પત્રિકાઓ, સામયિકોનો ફાળો પણ ગણનાપાત્ર રહ્યો છે.*

## 12.5 તમારી પ્રગતિ ચકાસો

*નોંધ:* i) *નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.*

ii) *એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.*

❖ **નીચેના પ્રશ્નોના સવિસ્તાર અને મુદ્દાસર ઉત્તર લખો :**

1. 19 *મી સદીના આરંભ ગુજરાતના સમાજની સ્થિતિ ટૂંકમાં વર્ણવી, તેની પછાત સ્થિતિ માટેનાં વિવિધ કારણો ચર્ચો.*

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

2. 19 *મી સદી દરમિયાન, સામાજિક સુધારણાના આંદોલનમાં બ્રિટિશ શાસનના સમાન કાયદા, સમાન ન્યાય વ્યવસ્થા અને સમાન વહીવટીતંત્ર તેમજ અંગ્રેજી માધ્યમમાં શિક્ષણનો પ્રચાર-પ્રસારો ભજવેલા ભાગની ભૂમિકા સ્પષ્ટ કરો.*

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

3. *ગુજરાતના સમાજ-સુધારણાના આંદોલનમાં શ્રી સહજાનંદસ્વામીનું પ્રદાન ચર્ચો અને બ્રિટિશ કંપનીના શાસન દરમિયાનની વિવિધ સંસ્થાઓના ફાળાને ઐતિહાસિક રીતે મૂલવો.*

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

❖ **ટૂંક નોંધ લખોઃ**

1. *'માંનવધર્મ સભા': સ્થાપના, ઉદ્દેશો, નેતૃત્વ અને કામગીરી.*

2. *'બુદ્ધિવર્ધક હિન્દુ સભા': સ્થાપના અને તેનું સમાજ સુધારણા ક્ષેત્રે પ્રદાન*
3. *કવિ નર્મદ : સાહિત્ય સર્જન દ્વારા સામાજિક સુધારણામાં પ્રદાન*
4. *શ્રી કરસનદાસ મૂળજી અને 'સત્યપ્રકાશ' સામયિકનું સમાજ-ધર્મ સુધારણામાં યોગદાન*
5. *મહિપતરામ રૂપરામ અને સામાજિક સુધારણાના આંદોલનમાં પ્રદાન*
6. *શ્રી- ઈન્દુલાલ યાજ્ઞિકે ખેડૂતો અને આદિવાસી સમાજમાં સુધારણા માટે પૂરૂં પાડેલું નેતૃત્વ*

1. *ગુજરાતમાં અસ્પૃશ્યતા નિવારણના ક્ષેત્રે 'હરિજન સેવક સંઘ'નું પ્રદાન વર્ણવો.*

2. *આદિવાસીઓ અને નિમ્ન જાતિઓના ઉત્કર્ષમાં ઠક્કરબાપા, ઈન્દુલાલ યાજ્ઞિક અને અન્ય સુધારકોએ આપેલા પ્રદાનને આલેખો.*

3. *સામાજિક સુધારણાના આંદોલનમાં સ્ત્રી -સંસ્થાઓ દ્વારા કયા કયા ક્ષેત્રોમાં કઈ કઈ રીતે યોગદાન આપ્યું હતું તેનું મૂલ્યાંકન કરો.*

4. *ગુજરાતના સમાજમાં કયા દૂષણો, વહેમો, કુરિવાજો અને અંધશ્રદ્ધા પ્રવર્તતાં હતાં? તેને દૂર કરવા કઈ કઈ સંસ્થાઓ એ કેવી રીતે પ્રયાસો કરેલા તેનો અહેવાલ આપો.*

5. *સ્ત્રીઓને નીડર, સબળ, સક્ષમ અને સ્વાવલંબી બનાવવામાં 'જ્યોતિસંઘ' વનિતા વિશ્રામ અને વિકાસગૃહનું પ્રદાન દર્શાવો.*

❖ **નીચેના પ્રશ્નોના એક બે લીટીમાં ઉત્તર આપો**

1. *સામાજિક સુધારણાના માર્ગમાં સૌથી વધુ કયાં પરિબળો અવરોધક હતાં?*
2. *સામાજિક સુધારણાના ક્ષેત્રે પહેલ કરનાર કયા સંત હતા?*
3. *'માનવ ધર્મ સભા'ની સ્થાપના કયાં,કયારે અને કોણે કરી હતી?*
4. *'બુદ્ધિવર્ધક હિન્દુસભા'ની સ્થાપના કયાં અને કયારે કરવામાં આવી હતી?*
5. *'હરિજન સેવક સંઘ'ની સ્થાપના ક્યારે અને કોણે કરી હતી?*
6. *'ભીલ સેવા મંડળ'ની સ્થાપના કોણે અને શા માટે કરી હતી?*
7. *શ્રીમતી મૃદુલા સારાભાઈએ અમદાવાદમાં કઈ બે સંસ્થાઓ સ્થાપવામાં નેતૃત્વ પૂરું પાડ્યું હતું?*
8. *નારી- ઉત્કર્ષક /સ્ત્રી જાગૃતિ માટે ભાવનગરમાં કઈ સંસ્થા સ્થાપેલી?*
9. *'શિશુ મંગલ',' સેવા' અને' અવાજ' સંસ્થાઓની સ્થાપના કયા શહેરમાં થવા પામ્યા હતી?*
10. *કવિ નર્મદે સામાજિક સુધારણા અને સમાજ પરિવર્તન માટે કયું સામયિક શરૂ કર્યું હતું?*
11. *કવિ નર્મદે વિધવા વિવાહને ઉત્તેજન આપવા માટે કયું પગલું ભર્યું હતું?*
12. *'સત્યપ્રકાશ' નામનું સામયિક કોણે અને શા માટે શરૂ કર્યું હતું?*
13. *'પ્રાર્થના-સમાજ'ની સ્થાપના કોણે, કયાં અને ક્યારે કરેલી? એ સંસ્થાએ પોતાના વિચારોના પ્રસાર માટે ક્યું સામયિક શરૂ કર્યું હતું?*
14. *' ભદ્રંભદ્ર', ' સરસ્વતીચંદ્ર', સાસુ વહુની લડાઈ ' અને ' મારી હકીકત' ના લેખકો કોણ છે?*
15. *'અખિલ હિન્દ કિસાન સભા', 'આદિવાસી ખેડૂત પરિષદ' અને 'મહાગુજરાતની રચના' માટેના આંદોલનકારી નેતા કોણ હતા?*

**<u>ઉત્તરો :</u>**

1. *સામાજિક સુધારાના માર્ગમાં સૌથી વધુ અવરોધક પરિબળો ધર્મની પ્રજા ઉપર પકડ અને પ્રજાનું રૂઢિચુસ્ત માનસ તથા જ્ઞાતિઓ (પેટા જ્ઞાતિઓ સહિત) માં રહેલ ઊંચનીચના ભેદભાવો હતા.*
2. *સામાજિક સુધારણાના ક્ષેત્રે પહેલ કરનાર સંત સહજાનંદસ્વામી હતા. તેમણે સૌરાષ્ટ્રમાં કાઠી, ગરાસિયા અને બહારવટિયા જેવી કોમો ઉપરાંત સાધારણ સ્થિતિ ધરાવતી કારીગર (હસ્તકલા ધરાવનાર) વર્ગોને સંસ્કારી બનાવી અને તેમને સામાજિક દૂષણો માંથી મુક્ત કર્યા હતા.*
3. *'માનવધર્મ સભા' ની સ્થાપના ઈ.સ.* 1844 *માં, સુરતમાં પ્રખર સમાજસુધારક શ્રી દુર્ગારામ મહેતાએ કરી હતી.*
4. *'બુદ્ધિવર્ધક હિન્દુ સભા'ની સ્થાપના ઈ. સ.* 1850 *માં મુંબઈમાં કરવામાં આવી હતી.*

5. ‘ હરિજન સેવક સંઘ’ની સ્થાપના ભૂજમાં, મહાત્મા ગાંધીજીએ ઈ. સ. 1932 માં કરી હતી .

6. ‘ભીલ સેવા મંડળ’, પંચમહાલ (દાહોદ) ની સ્થાપના ઈ.સ. 1922માં ઠક્કરબાપાએ શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકના સહયોગમાં કરી હતી.

7. શ્રીમતી મૃદુલા સારાભાઈએ અમદાવાદ માં ઈ.સ. 1994 માં ‘જ્યોતિ સંઘ’ની અને ઈ. સ. 1988માં ‘વિકાસગૃહ’ની સ્થાપના પુષ્પાબહેન મહેતા સાથે કરી હતી.

8. નારી- ઉત્કર્ષ અને સ્ત્રી- જાગૃતિ માટે ભાવનગરમાં ‘વનિતા વિશ્રામ’નામની સંસ્થા ઈ. સ.1923 માં સ્થાપેલી.

9.

| **સંસ્થાનું નામ.** | **સ્થળ/ શહેર** |
|---|---|
| 1) ‘શિશુમંગલ’. | જૂનાગઢ |
| 2) ‘સેવા’. | અમદાવાદ (સ્વ. ઈલાબહેન ભટ્ટ) |
| 3) ‘ અવાજ’. | અમદાવાદ |

**10.** કવિ નર્મદે સામાજિક સુધારણા અને સમાજપરિવર્તન માટે ‘દાંડિયો’ સામયિક (મૅગેઝિન) શરૂ કર્યું હતું.

**11.** કવિ નર્મદે વિધવા- વિવાહને ઉત્તેજન આપવા માટે એક વિદ્વાને પોતાના ઘરમાં આશ્રય આપ્યો હતો તેમજ 36 વર્ષની ઉંમરે પોતે વિધુર બનતાં, નર્મદાગૌરી નામની એક વિધવા સાથે તેમણે લગ્ન પણ કરેલાં.

**12.** ‘સત્યપ્રકાશ’નામનું સામયિક કવિ દલપતરામે શરૂ કરેલું; જેમાં યુવાનોને સમાજ સુધારા વિશે લેખો લખવા માટે પ્રેરણા અને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવતું હતું.

**13.** ‘‘પ્રાર્થના-સમાજ’’ની સ્થાપના મુંબઈમાં, ઈ.સ.1867 માં ડૉ. આત્મારામ પાંડુરંગ દ્વારા કરવામાં આવી હતી.

**14.**

| **સાહિત્ય કૃતિનું.** | **નામ લેખક** |
|---|---|
| 1) ‘ભદ્રંભદ્ર’ | શ્રી રમણભાઈ નીલકંઠ |
| 2) ‘સરસ્વતીચંદ્ર’. | શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠી |
| 3) ‘સાસુ -વહુની લડાઈ. | શ્રી મહિપતરામ રૂપરામ |
| 4) મારી હકીકત | શ્રી નર્મદાશંકર (કવિ નર્મદ ) |

**15.** ‘અખિલ હિન્દ કિસાન સભા’ , ‘ આદિવાસી ખેડૂત પરિષદ’ અને ‘મહાગુજરાતના અલગ રાજ્યની રચના’ માટેના આંદોલનના નેતા શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક હતા.

| એકમ : 13 | ગુજરાતી પત્રકારિત્વ અને સમાજ સુધારણા |
|---|---|

:: રૂપરેખા ::

13.1. પ્રાસ્તાવિક

13.2. ગુજરાતી ભાષામાં વર્તમાનપત્રોની શરૂઆત

13.3. ભારતનો પ્રથમ વર્તમાનપત્ર 'બેંગાલ ગેજેટ' 1780 ( જેમ્સ ઓગસ્ટ હિકીને જેલમાં પૂરતાં પ્રકાશન બંધ અને 1893 સુધીમાં કલકતાથી પ્રસિદ્ધ થયેલાં બીજા 6 વર્તમાન પત્રો )

13.4. ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલા વર્તમાનપત્રો અને પત્રકારિત્વ

13.4.1 'મુંબઈ સમાચાર', ઈ.સ.1822(1 જુલાઈ ), ઈ.સ.1855 થી દૈનિક

13.4.2 'મુંબઈ વર્તમાન', 1830 અને જામે જમસેદ, 1831

13.4.3 'રાસ્ત ગોફતાર', ઈ. સ. 1851

13.4.4 'વર્તમાન ' ઈ. સ. ૧૮૪૯ અને 'બુદ્ધિપ્રકાશ ' 1850

13.4.5 'સાંજ વર્તમાન' પારસી અને 'પ્રજામિત્ર', ઈ. સ. 1902

13.4.6 'નવજીવન' ઈ. સ. 1919 અને 'યંગ ઇન્ડિયા'

13.4.7 'મુંબઈ ચાબૂક' ઈ.સ. 1830

13.4.8 'ખેડા વર્તમાન' ઈ. સ. 1851 સૌરાષ્ટ્ર ( અત્યારે ફલછાબ), 1921 અને જયહિન્દ 1948

13.4.9 'સત્ય પ્રકાશ' 1852 અને દાંડીઓ 1864

13.4.10 'ગુજરાતી (વર્તમાન)', ઇ.સ. 1880

13.4.11 'સૌરાષ્ટ્ર દર્પણ' ઈ. સ. 1864 મનોરંજક રત્નમાળ ઈ.સ. 1868 અને વિજ્ઞાનવિલાસ ઈ.સ. 1868

**13.4.12 'ગુજરાત શાળાપત્ર' ઈ.સ. 1862 ; પ્રિયવંદા. ઈ.સ. 1885 અને સુદર્શન ઈ. સ. 1890**

**13.5. ગુજરાતનાં વર્તમાનપત્રો સામયિકો અને તેમનું સમાજ સુધારણામાં પ્રદાન**

**13.6. સમાપન**

**13.7. તમારી પ્રગતિ ચકાસો**

---

## 13.1. પ્રાસ્તાવિક

---

*ભારતમાં અને ગુજરાતમાં પત્રકારત્વ અને મુદ્રણાલયનો ઈતિહાસ છે કે, 16મી સદીથી ચાલ્યો આવે છે, એટલે કે ખૂબ જૂનો છે ભારતમાં સૌપ્રથમ મુદ્રણાલય સ્થાપવાનો યશ પોર્ટુગીઝો ( ફિરંગીઓ ) ને ફાળે જાય છે. અલબત્ત, તેમણે ધાર્મિક પુસ્તકો (બાઈબલ વગેરે) છાપવા માટે ઈ. સ. 1550 માં ( ત્યારે દિલ્હીમાં મુઘલ શહેનશાહ અકબરનું શાસન હતું ). છાપખાનું* (Printing press) *શરૂ કર્યું હતું.*

*ખબર એટલે સમાચાર, જેના પરથી અરબી ભાષાનો શબ્દ 'અખબાર' બન્યો છે. સમાચારને 'બાતમી' અથવા 'સંદેશો' પણ કહી શકાય. પ્રચલિત અર્થમાં અખબાર એટલે છાપેલા સમાચાર અને તેનું પ્રકાશન. કાગળ ઉપર છાપેલા સમાચાર હોયાથી ગુજરાતી ભાષામાં તેને 'છાપું' પણ કહે છે. સમાચારોને વર્તમાન સમય સાથે સંબંધ હોવાથી તેને 'વર્તમાનપત્ર' પણ કહેવામાં આવે છે અંગ્રેજી ભાષામાં તેને* News-paper *કહે છે.* (N=North, E= East, W=West *અને* S=South) *ટૂંકમાં અખબાર કે વર્તમાનપત્રો એટલે સ્થાનિક, દેશ અને દુનિયાની અવનવી, નવાજૂની માહિતી, માર્ગદર્શન અને મનોરંજન તેમજ પ્રચાર-વ્યવસ્થા સહિતનું તે માટેનું અસરકારક માધ્યમ છે. અલબત્ત, મુદ્રણકળાની શોધ પછી જ વર્તમાનપત્રનો જન્મ થવા પામ્યો છે. 17મી સદીના બીજા દસકામાં સમાચાર છાપીને, વેચવાનો ઉદ્યોગ (કે ધંધો) શરૂ થયો હતો ; પરિણામે રાજાઓની આજ્ઞાના ઢંઢેરા, કાસદ કે સંદેશવાહકો દ્વારા સમાચારની આપ-લે વિસરાતી ગઈ.*

*વિશ્વમાં સૌ પ્રથમ ઈ. સ. 1622 માં ન્યુઝ પેપર 'વીકલી ન્યૂઝ'નામનું અઠવાડિક નેથાનીઅલ બટર નામના પત્રકાર સ્થાપ્યું/શરૂ કરેલું, જ્યારે ગ્રેટબ્રિટનનું સર્વ પ્રથમ દૈનિક 'ધિ ડેઈલી કુરાન્ટ ઈ.સ. 1702 માં શરૂ થયું હુંતું, જ્યારે અમેરિકાનું પથમ અખબાર 'પબ્લિક અકરન્સીઝ બોથ ફૉરીન એન્ડ ડોમેસ્ટિક ઇ.સ. 1690 માં બોસ્ટન શહેરમાંથી પ્રસિદ્ધ થયું હતું, ભારતમાં બ્રિટનથી આયાત કરેલા છાપખાનામાં જેમ્સ ઑગસ્ટસ હીકી નામના અંગ્રેજે બંગાળ પ્રાંતના વહીવટી કેન્દ્ર કલકત્તામાં ઈ.સ. 1780 માં 'બંગાલ*

*ગેઝટ' (અથવા કલકત્તા જનરલ અડ્વર્ટાઈઝર) નામનું અંગ્રેજી વર્તમાનપત્ર (ડેઈલી ન્યુઝ પેપર) શરૂ કર્યું હતું.*

## 13.2 ગુજરાતી ભાષામાં વર્તમાનપત્રની શરૂઆત

**જયારે ગુજરાતી ભાષામાં સૌ પ્રથમ અખબાર (વર્તમાનપત્ર) ફરદુનજી મર્ઝબાન નામના પારસી સદગુહસ્ત મુંબઈની અંગ્રેજ સરકારની પરવાનગી મેળવી, 1લી જુલાઈ, 1822 ના રોજ પ્રગટ કર્યું હતું;** *પરંતુ તે અઠવાડિક હતું, અને તેનાં પાનાં ૮ ઈંચ × ૧૨ ઈંચ કદનાં હતાં.બે કૉલમનું એક એવાં ચાર પાનાં હતાં, આ અઠવાડિકને સારો આવકાર મળવાને કારણે તેનો ફેલાવો છેક મુંબઈથી મધ્ય ગુજરાત (સુરત-નવસારી -વલસાડ -વડોદરા સુધી) થવા પામ્યો હતો. એ પારસી સદ્‌ગૃહસ્થ મર્ઝબાની એમના અઠવાડિકને તા.* 3 *જાન્યુઆરી,* 1832*ના રોજ* **'મુંબઈ સમાચાર ' નામના દૈનિકમાં** *ફેરવી નાખ્યું હતું. ગુજરાતી સદ્‌ગૃહસ્થને માલિકીનું અને સીસાના ટાઈપો સાથે, પોતાના પ્રિન્ટિંગ પ્રેસમાં છપાઈને પ્રગટ થનારું, એ* **સર્વપ્રથમ ગુજરાતી દૈનિક** *હતું. ત્યારબાદ 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી'(સ્થાપકોઃ ફાર્બસ અને, દલપતરામ) અમદાવાદમાંથી ઈ. સ.* 1849 *માં, 'વરતમાન નામનું અઠવાડિક* **)***અઠવાડિયું) અને ઈ.સ.* 1850 *માં* **'બુદ્ધિપ્રકાશ ' નામનું માસિક પણ** *શરૂ કરાયેલું.*

19 *મી સદી નાં આઠમા દાયકા સુધી ( ઈ. સ.* 1880 *સુધી ) માં મુંબઈ પ્રાતમાં ગુજરાતી છાપખાનાની સંખ્યા* 78*ની હતી અને ગુજરાતી વર્તમાનપત્રોની સંખ્યા* 94 *હતી.*

## 13.3 ભારતનું પ્રથમ વર્તમાનપત્ર : બંગાળ ગેજેટ ઈ. સ. 1780

*જેમ્સ ઑગસ્ટસ હીકી નામના અંગ્રેજ પત્રકારે ઈ.સ.* 1780 *માં કોલકાતામાંથી અંગ્રેજી ભાષામાં સેર્વપ્રથમ વર્તમાનપત્ર 'બેંગાલ ગેજેટ ' પ્રસિદ્ધ કર્યું કર્યું હતું. વૉરન હેસ્ટિંગ્સના શાસન દરમિયાન (ઈસ. –* 1772-1785*) દરમિયાન હીકીએ ઈસ્ટ ઈન્ડિયા કંપની સરકારની પરવાનગી લઈને, 'બેંગાલ ગૅજેટ' (અથવા કલકતા જનલ એડવર્ટાઈઝર) નામનું એક સાપ્તાહિક શરૂ કર્યું હતું; પરંતુ તે પોતેજ લખે છે કે, 'આ અઠવાડિક નો મુખ્ય ઉદ્દેશ કંપનીના ગેરવહીવટ તથા તેના સર્વોચ્ચ અધિકારીઓ ગવર્નર, જનરલ, વૉરન હેસ્ટિંગ્સ અને સર્વોચ્ચ અદાલતના ન્યાયધીશ સર ઈલીજા ઈમ્પના ખોટાં કામોને આ વર્તમાનપત્ર દ્વારા (લાંચ-રૂશવંતના)જાહેરમાં મૂકવાના પ્રયાસો કરતાં તેમજ તેમાં વ્યક્તિગત આપ લે તો પણ ઠીક ઠીક પ્રમાણમાં થઈ હતી, તેથી ગવર્નર જનરલ હેસ્ટિંગ્સ એ વર્તમાનપત્રોને અપાતી ટપાલ સંવાઓ બંધ કરી દીધી. તંત્રીશ્રી હીકીએ આ પગલાંને સરકારની આપખુદીનું તથા અખબારી અને વ્યક્તિગત સ્વાતંત્ર્યને રૂધનારું ગણાવી વિરોધ કર્યો. ગવર્નર જનરલો વધુ જલદ પગલું લઈ હીકી સામે કોર્ટમાં દાવો દાખલ કરી, ઈ.સ.* 1782 *માં તેને જેલમાં પૂરી દીધો! પરિણામે 'બેંગાલ ગેઝેટ' નું પ્રકાશન બંધ પડયું. હીકીનું વર્તમાનપત્ર 'બેંગાલ ગૅઝેટ્સ ઈ. સ.* 1782 *માં બધ પડયું. પરંતુ વર્તમાનપત્રોની*

*નીડરતા અને સ્વતંત્રતાની જ્યોત જે જગાવી હતી,તે બંધ ન થઈ, અને ઈ.સ.* 1893 *સુધીમાં (એક દસકામાં) તો કલકત્તામાં બીજા* 6 *વર્તમાનપત્રો શરૂ થવા પામ્યા હતા. આમ છતાં, અંગ્રેજ શાસકો ભારતને પોતાની મિલકત માનતા હોઈ તેના તમામ વર્ગોનું શોષણ કરવાનો તેઓ પોતાને અધિકાર માનતા હતા અને તેમની વિરુદ્ધમાં વર્તમાનપત્રોમાં લખનારને સજા કરતા, દા.ત. "ઈન્ડિયન વર્લ્ડ' ના તંત્રી વિલિયમ ડ્યુએન અને ટેલિગ્રાફના તંત્રી મેકેનલી નેનને એ બંન્ને અંગ્રેજ હોવા છતાં) સરકારની ટીકા કરવા બદલ દેશનિકાલ કરી, તેમનાં વર્તમાનપત્રો બંધ કરાવેલા.*

## 13.4 ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલ વર્તમાનપત્રો અને પત્રકારિત્વ

### 13.4.1. મુંબઈ સમાચાર 1822

*ઈસવીસન* 1812 *માં મુંબઈમાં ફરદુનજી મર્જબાન નામના પારસી સદગૃહસ્થે સર્વપ્રથમ ગુજરાતી મુદ્રણાલય ( પ્રિન્ટિંગ પ્રેસ) સ્થાપ્યું અને એ પ્રેસમાં છપાઈને સર્વપ્રથમ ગુજરાતી વર્તમાનપત્ર ( સાપ્તાહિક ) મુંબઈ (શ્રી મુંમબઈ ) સમાચાર ઈ. સ.* 1822, 1 *જુલાઈમાં પ્રગટ કરાયું ; જે ઈ. સ.* 1855 *થી દૈનિક બન્યું હતું. અનેક ઉતાર ચઢાવ આવ્યા છતાં આજ દિન સુધી* 187 *વર્ષથી તે અવિરત પણે છપાઈને દરરોજ પ્રસિદ્ધ થાય છે* 1830 *અને* 1831

### 13.4.2. મુંબઈ વર્તમાન અને જામે જમશેદ

*ઈ.સ.* 1830 *માં મુંબઈમાં નવરોજી દોરાબજી એ 'મુંબઈ વર્તમાન' નામે ગુજરાતી સાપ્તાહિક સાથે શરૂ કર્યું હતું અને એ પછીના જ વર્ષે ઈ. સ.* 1831 *માં પેસ્તનજી માણેકજી મોતીવાલા એ 'જામે જમશેદ'નામે ગુજરાતી સાપ્તાહિક શરૂ કર્યું હતું.*

### 13.4.3. રાસ્ત ગોફતાર, 1851

*ખુરશીદજી કામાની આર્થિક સહાયથી શ્રી દાદાભાઈ નવરોજી ઈ.સ.*1851 *માં 'રાસ્ત ગોફતાર'નામનું ગુજરાતી ભાષામાં પાક્ષિક શરૂ કર્યું તો બીજે જ વર્ષ ઈ. સ.* 1852 *માં શ્રી દાદાભાઈ કાવસજીએ 'એકબારે સોદાગર' નામનું ગુજરાતી ભાષામાં અઠવાડિયામાં ત્રણ દિવસ પ્રસિદ્ધ કરાતું વર્તમાનપત્ર શરૂ કર્યું હતું.*

*આમ ગુજરાતી પત્રકારિત્વના ઉદ્દભવ અને વિકાસનો યશ પારસી સાહસિકો અને પત્રકારોને ફાળે જાય છે.*

*મુંબઈ જ જાણેકે વર્તમાનપત્રોની પ્રસિદ્ધિનું મધ્યવર્તી કેન્દ્રબિન્દુ હોય તેમ* **'બોમ્બે ટાઈમ્સ'** *નામનુ ખૂબજ જાણીનું અખબાર શરૂ થયું. આ અખબાર અંગ્રેજી ભાષામાં શરૂ થયું હતું; જે સપ્ટેમ્બર,* 1861*થી* 'Times of India' *બન્યું હતું, જે* 163*વર્ષ પણ તે હજુ ચાલુ જ છે.શરૂઆતમાં, તેના તંત્રી તરીકે રોબર્ટ નાઈટ નામના સમતોલ, તટસ્થ, ઉદારમતવાદી. અને હિન્દના પ્રશ્નો પરત્વે સહાનુભૂતિ ધરાવનાર* **એક સારા અંગ્રેજ પત્રકાર** *હતા, આથી તેમના તંત્રીપદે -ટાઈમ્સ ઑફ એ ખૂબજ પ્રસિદ્ધિ મેળવી હતી. એ પછી છેક ઈ.સ.* 1875

*માં કોલકાતાથી* 'Statesman*' નામનું વર્તમાન શરૂ થયેલું , જેણે પણ સારી એવી નામના મેળવેલી જેના માલિક અને તંત્રી મુંબઈથી ટાઈમ્સ છોડીને આવેલા રૉબર્ટ નાઈટ (અવસાનઃ ઈ. સ.* (1890*રહ્યા હતા. લોકમાન્ય ટિળકે અંગ્રેજી સાપ્તાહિક* **'મરાઠા'** 2 *જાન્યુઆરી,* 1881 *માં* (**'કેસરી'***મરાઠી ભાષામાં દૈનિક* 4 *જાન્યુઆરીએ) અંગ્રેજી ભાષામાં સાપ્તાહિક શરૂ કર્યું હતું.*

### 13.4.4. વર્તમાન અને બુદ્ધિપ્રકાશ, 1849 અને 1850

*સર અલેક્ઝાન્ડર કિનલોક ફાર્બસ અને કવિ દલપતરામેં મળીને* 26 *ડિસેમ્બર,* 1848 *ના રોજ ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (હાલની 'ગુજરાત વિદ્યાસાયા)ની સ્થાપના થઈ હતી; અને એ સંસ્થાએ તા.* 2 *મે,* 1849 *ના રોજ 'વરતમાન' નામનું સાપ્તાહિક દર બુધવારે પ્રગટ થતું હતું; તેથી તેને લોકો* **'બુધવારિયું'** *પણ કહેતા હતા. માણેકચોકમાં એ છાપું શિક્ષિત વ્યક્તિ વાંચતી અને લોકોનાં ટોળાં ભેગાં થઈને સૌ સાંભળતા. તેમાં અમદાવાદ શહેર અથવા નગર અને તેની આસપાસના વિસ્તારોમાં બનતા તાજા સમાચારો છપાતા; એટલું જ નહિ પણ વિદ્વવાનોના સમાજ સુધારાના લેખો પણ તેમાં છપાતા હતા; અને ગુજરાતમાં* **સાચા અર્થમાં પત્રકારત્વનો પ્રારંભ** *થયો હતો.*

### 13.4.5. સાંજ વર્તમાન', 'પારસી' અને 'પ્રજામિત્ર, ઈ. સ. 1902

*મુંબઈમાં ઈ.સ.* 1902*માં 'સાંજ વર્તમાન' જે શરૂ થયું હતું, તે અગ્રગણ્ય વર્તમાનપત્ર બની ગયું; કેમકે તેમાં વધારે તાજા સમાચાર લોકોને મળતા હતા. આજ સમય દરમિયાન શ્રી રણછોડદાસ લોટવાળાએ 'પ્રજામિત્ર' અને 'પારસી' એમ બે ગુજરાતી વર્તમાનપત્રો પણ શરૂ કરાયેલાં, અને બીજા બે અંગ્રેજી વર્તમાનપત્રો શરૂ થતાં, તત્કાલીન પત્રકારત્વના ક્ષેત્રે નોધપાત્ર ફાળો આપ્યો હતો . આ વર્તમાનપત્રોએ ઍની બેસન્ટના 'હોમરૂલ આંદોલેન'નો અને ગાંધીજીની વિચારસરહીનો સારો એવો પ્રચાર-પ્રસાર કર્યો હતો.*

### 13.4.6. નવજીવન, 1919

*શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકે 'નવજીવન' શરૂ કરેલું; જેને ગાંધીજીએ સંભાળી લેતાં, તે હિન્દુસ્તાનનું અગ્રગણ્ય વર્તમાનપત્ર બની ગયું. ગાંધીજીએ તેને માસિક* (Monthly) *માં સાપ્તાહિક* (Weekly) *બનાવું હોતું. તેથી તેનું વેચાણ ખૂબ વધ્યું હતું,જેમકે તેની ગ્રાહક સંખ્યા જે*9,000 *હતી, તે વધીને* 20,000 *ની થઈ હતી. જો કે ગાંધીજીએ ઇ.સ.* 1932 *માં હરિજનબંધુ શરૂ કર્યું. એ સમયે તેના અગ્રણીઓ (ગાંધીજીના સહાયકો )તરીકે શ્રી મહાદેવભાઈ દેસાઈ, કાકા કાલેલકર, કિશોરલાલ મશરૂવાળા અને શ્રી નરહરિ પરીખ જેવા સંનિષ્ઠ કાર્યકરો હતા. ગાંધીજી એ અંગ્રેજી ભાષામાં શરૂ કરેલ* "Young India" *નો વેચાણ છે ઈ. સ.* 1919 *માં ફક્ત*1200 *નું હતું તે ઈ. સ.* 1920*માં વધીને* 45,000 *થઈ ગયું હતું, જેની નોંધ લેવી ઘટે.*

**13.4.7. મુંબઈ ચાબુક' (મુંમઈના ચાબુક), 1830**

*મુંબઈ સમાચારને ધાર્યા કરતા સારી એવી સફળતા અને વિશાળ વાંચકવર્ગ સાંપડતો, તેનાથી પ્રેરાઈને ઈ. સ.*1830 *માં* **'મુમઈના ચાબુક'**, *અને ઈ. સ..* 1832 *માં* **'જામે જમશેદ'***ને ઈ.સ.* 1851*માં દાદાભાઈ નવરોજીનું 'રાસ્ત ગોફતાર' જેવાં વર્તમાનપત્રો શરૂ થયાં હર્તા. આ બધાં પત્રો પારસીઓએ શરૂ કરેલાં હોઈ, તેમાં પારસી સમાજની સમસ્યાઓની ચર્ચા સવિશેષ જ થતી હતી.*

**13.4.8. 'ખેડા વર્તમાન', સૌરાષ્ટ્ર અને 'જય હિંદ (ઈ.સ. 1821 થી ઈ. સ . 1951)**

*શરૂઆતના દાયકાઓ* 20 *મી સદીની દરમિયાન અને પૂર્વે પણ કેટલાંક વર્તમાનપત્રો અને સામયિકો શરૂ થયાં. હતાં, જે આ પ્રમાણે છે.*

| | | |
|---|---|---|
| 1. | *ખેડા વર્તમાન, ઈ. સ.* 1851 | *સાપ્તાહિક,; ખેડા* |
| 2. | *સૌરાષ્ટ્ર (અત્યારે ફૂલછાબ ) ઈ.સ.* 1921 | *દૈનિક ; રાણપુર (૨ ઓક્ટૉબરે ગાંધીજયંતીના દિવસે )( સ્થાપક : શ્રી અમૃતલાલ શેઠ; રાણપુર )* |
| 3. | *જય હિન્દ'* 1948. | *દૈનિક ;રાજકોટ* |
| 4. | *'નૂતન સૌરાષ્ટ્ર',* 1948 | *દૈનિક ;રાજકોટ* |
| 5. | *ફૂલછાબ,* 1950. | *દૈનિક ;રાજકોટ (રાણપુર થી રાજકોટ દૈનિક લઈ જવાયેલું )* |

**13.4.9. સત્યપ્રકાશ, 1852 અને દાંડિયો, 1864**

*શ્રી કરસનદાસ મૂળજીએ ઈ.સ.* 1852*માં 'સત્યપ્રકાશ' સામયિક રશરૂ કરલે. તેના નામ પ્રમાણે જ સમાજમાં બનતી ખોટી અને સારી બાબતોને પ્રકાશમાં લાવવાનું કાર્ય આ સામયિક શરૂ કર્યું હતું. એટલે તેને સારો પ્રતિસાદ મળ્યો. અજ રીતે કવિ નર્મદે 'દાંડિયો' સામયિક ઈ.સ.* 1864*થી શરૂ કરેલી. સામાજિક કુરિવાજો અને વહેમો-અંધશ્રદ્ધા પ્રત્યે ઢોલ વગાડીને- દાંડિયો પીટીને લોકોને જગાડવાનું કાર્ય કરતો હતો.*

**13.4.10. ગુજરાતી વર્તમાનપત્ર, 1880**

*શ્રી ઈચ્છારામ દેસાઈના નેતૃત્વ હેઠળ ઈ.સ.* 1880 *માં ગુજરાતી વર્તમાનપત્રના પ્રારંભની સાથે એક નવા યુગની શરુઆત થઈ.તંત્રી તરીકે શ્રી દેસાઈએ રાજકીય પ્રશ્નો ઉપર પણ લેખોને પ્રસિદ્ધ કરવાનું શરૂ કર્યું. ગુજરાતી વર્તમાનપત્રનું સ્થાન એ જમાનામાં લોકમાન્ય ટિળકના 'કેસરી' જેવું જલદ અને ઉગ્ર હતું.*

### 13.4.11. સૌરાષ્ટ્ર દર્પણ, 1864, મનોરંજક રત્નમાળ 1868 અને વિજ્ઞાનવિલાસ, 1868

*શ્રી મણિશંકર કિકાણીએ ઈ. સ.* 1864 *માં સૌરાષ્ટ્ર દર્પણ નામનું વર્તમાનપત્ર શરૂ કર્યું હતું, જે સૌરાષ્ટ્રનું પ્રથમ વર્તમાનપત્ર ગણાય છે. તે જૂનાગઢથી પ્રસિદ્ધ થતું હતું અને સ્થાનિક ઉપરાંત સમગ્ર કાઠિયાવાડના સમાચારો તેમાં પ્રસિદ્ધ થતા હતા. એ પછી ચાર વર્ષ બાદ, ઈ. સ.* 1868*માં બીજાં બે વર્તમાનપત્રો એક ભાવનગરથી મિરઝા મુરાદઅલીએ મનોરંજક રત્નમાળ અને અને બીજું રાજકોટથી મણિશંકર કિકાણીથી પ્રેરણાર્થી 'વિજ્ઞાનવિલાસ' નામનો સામયિક શરૂ થયું હતું.*

*શ્રી મણિશંકર કિકાણીનો સુધારાવાદી દૃષ્ટિકોણ નર્મદ કે દુર્ગારામ જેવો ઉગ્ર અને આક્રમણ ન હતો; પરંતુ સંરક્ષણ ઢબનો હતો.*

### 13.4.12. ગુજરાત શાળાપત્ર, 1862; પ્રિયંવદા, 1885 અને સુદર્શન, 1890

*અમદાવાદમાંથી ઈ.સ.* 1862*માં 'ગુજરાત શાળાપત્ર' શરૂ કરાયેલું; પરંતુ ઈ. સ.* 1876 *ઈ.સ.* 1888 *સુધી નિબંધ- લેખક નવલરામે તેને રાજકોટ થી ચલાવ્યું હતું ઈ.સ.* 1885 *માં નિબંધલેખક શ્રી મણિલાલ નભુભાઈ દ્વિવેદીએ* **'પ્રિયંવદા'** *નામનું સામયિક ભાવનગર થી શરૂ કર્યું હતું. પાંચ વર્ષ બાદ, ઈ. સ.* 1890 *માં પ્રિયંવદાને નવતર સ્વરૂપ આપી* **'સુદર્શન'** *નામ આપી વિસ્તૃત ફલક પર મણિલાલભાઈએ તેને મૂક્યું હતું.*

## 13.5 ગુજરાતના વર્તમાનપત્રો સામાયિકોનું સમાજ સુધારણામાં પ્રદાન

*ભારતીય પત્રકારિત્વના ઉદભવ અને પ્રારંભિક વિકાસમાં રાજા રામમોહનરાયનાં ફાળો ખૂબ જ ગણનાપાત્ર હતો.* 19 *મી સદીમાં તેમનું સમાજસુધારણનું કાર્ય આ નૂતન જ્યોતિર્ધરે કર્યું હતું. તેમણે બંગાળી ભાષામાં* **'સંવાદ- કૌમુદી'** *નામના સાપ્તાહિકનો પ્રથમ અંક* 4 *ડિસેમ્બર,* 1821*ના રોજ પ્રસિદ્ધ કરેલો. તેના તંત્રીપદે ભવાનીચરણ બંદોપાધ્યાય હતા, પરંતુ સમગ્ર લેખન-પ્રકાશનનો આત્મા તો રાજા રામમોહનરાય જ હતા.*

*તેમણે આ સાપ્તાહિકને સામાજિક અને ધાર્મિક સુધારણાનું મુખપત્ર બનાવેલું. રામમોહનરાય 'સંવાદ કૌમુદીમાં 'સતીપ્રથા', બાળલગ્નો, વૈધવ્યનું ફરજિયાત પાલન જેવાં સામાજિક અનેક અનિષ્ટો અને ધાર્મિક વહેમો તથા બિનજરૂરી ક્રિયાકાંડો સામે આકરા પ્રહારો કરતા લેખો નીડર બનીને તેમણે લખેલા, અને એ રીતે તેઓ 'સુધારાના મશાલચી' બન્યા હતા. તેમના લેખો વાંચવાથી આખો હિન્દુ સમાજ ખળભળી ઊઠયો હતો ! રામમોહન રાયની ટીકા અને વિરોધ કરવા માટે* 5 *માર્ચે* 1822 *ના રોજ હિન્દુ સમાજના અગ્રણીઓએ* **'સમાચાર-ચંદ્રિકા' નામનું એક બંગાળી- સાપ્તાહિક પણ** *શરૂ કર્યું હતું. જેમાં રાજા રામમોહનરાયના સુધારક વિચારોની કડક ટીકાઓ કરતા લેખો લખાતા અને છપાતા હતા. તે સમયનો બંગાળી હિન્દુ સમાજ રૂઢિચુસ્ત હોવાથી , 'સંવાદ-કૌમુદી'ના ગ્રાહકો નિરંતર ઘટવા લાગ્યા, જેને પરિણામે ઈ.સ.* 1822*ના અંતે તો રાજા રામમોહન રાયને* **'સંવાદ કૌમુદી'** *સાપ્તાહિક બંધ કરવાની ફરજ પડી, જોકે તેમના*

*પ્રશંસકોએ તેને પુન :ચાલુ કરેલું અને ઈ. સ.* 1830 *માં તેને દ્વિ- સાપ્તહિક કરાયું હતું,છતાં પણ તે સામાજિક વિરોધ-વંટોળ સામે ન જ ટકી શક્યું, અને છેવટે બે વર્ષ બાદ ઈ.સ.* 1832 *માં બંધ પડ્યું.*

*ત્યારબાદ ગરીબ હિન્દુઓને ફરજિયાતપણે( લાભો- લાલચ કે ધાક -ધમકી આપીને ) ખ્રિસ્તી ધર્મમાં પરિવર્તન કરવાની વટાળ-પ્રવૃત્તિ સામે અવાજ ઉઠાવવા અને બંગાળમાંની ખ્રિસ્તી મિશનરીઓની આવી હીન પ્રવૃત્તિને ખુલ્લી પાડવા એક બીજું સામયિક રાજા રામમોહનરાયે* **'બ્રહ્મ- સેવાધી'** *પણ શરૂ કરેલું, પરંતુ તેના પણ* **ત્રણ જ અંકો પ્રસિદ્ધ થઈ શકેલા.** *તદુપરાંત, રાજા રામમોહન રાય, પત્રકારિત્વ ક્ષેત્રે પોતાની ગતિ અટકાવી નહોતી અને ફાસ્સી ભાષા, અંગ્રેજી ભાષા અને અને ઉર્દૂ ભાષા એ ત્રણ ભાષાઓમાં પ્રત્યક્ષ-પરોક્ષ રીતે વર્તમાનપત્રો શરૂ કરેલો, જેમાં 'મીરાત અલ અખબાર ' જામે જહાન નુમી. 'બંગાળ ગેજેટ'ના તંત્રી પદે રાજારામમોહન રાયે સ્થાપેલ 'આત્મીય સભા'ના સક્રિય સભ્ય શ્રી હરચંદ્રરાય હતા; અને તે સ્વદેશી ભાષામાં પ્રગટ થનારું હતું. (મે,* 1818*) તે સર્વ પ્રથમ વર્તમાનપત્ર હતું, પરંતુ તે માત્ર એક જ વર્ષ ટક્યું , અને હીકી (તેના સ્થાપક) ને જેલમાં પૂરવાથી બંધ પડી ગયેલું ! આ ભૂમિકા એટલા માટે રજૂ કરી છે કે, પત્રકારિત્વ અને વર્તમાનપત્રો - સામયિકોમાં માર્ગ સરળ નહોતો; તે અત્યંત મુશ્કેલીઓ, વિટંબણાઓ, સરકારનો હસ્તક્ષેપ, જાતજાતના વિરોધો (અખબારી સ્વાતંત્ર્ય વિરોધી) કાયદાઓ જેવાં ઘણાં પરિબળોનો સામનો કરવોમાં પડતો હતો. કોઈ પણ છાપું કે સામયિક ચલાવવું એ નદીના પૂરની સામે તરવા બરાબર છે, કેમકે તેને પૂરવી નાણાંકીય જોગવાઈઓ તેમજ ગ્રાહકસંખ્યા બન્નેની અનિવાર્યતા એ પાયાની બાબત છે. તદુપરાંત તત્કાલીન સરકારની કૃપાદષ્ટિ પણ તેટલી જ આવશ્યક છે.*

*જો કે આજકાલ તો જાહેરાતોની ધૂમ આવક પર જ કોઈપણ વર્તમાનપત્રના ભારે ખર્ચાઓને પહોંચી વળાય છે; એટલું જ નહીં, પરંતુ કેટલાંક તો સારો એવો નફો રળતાં છાપાં બની ગયાં છે, તેમ કહી શકાય.*

## 13.6 ગુજરાત પત્રકારિત્વ અને સમાજ - સુધારણાના આંદોલનમાં પ્રદાન

*અગાઉ આપણે જોઈ ગયા તેમ,ગુજરાતના હિન્દુ અને મુસ્લિમ સમાજ ઉપર ધર્મની પકડ સવિશેષ હતી. આથી ધાર્મિક બાબતોમાં સુધારણા કર્યા સિવાય અને ધર્મની પકડ શિથિલ કર્યા સિવાય સામાજિક સુધારણા શક્ય જ ન હતી, અને તે અંગેનું આંદોલન પણ કદાચ નિષ્ફળ નીવડવાનું; તો બીજી તરફ જ્ઞાતિપ્રથા (પેટા જ્ઞાતિઓ સહિત) તથા તે દરેકના અલગ અલગ પંચોના પોતના નિયમો/કાયદાઓમી જબરદસ્ત પકડ પણ દૂર કરવી, એટલી જ જરૂરી હતી. બીજી એક બાબત પણ એટલી જ સ્પષ્ટ હતી કે, કોઈપણ પ્રજાસમૂહમાં જ્યાં સુધી શિક્ષણનું પ્રમાણ વધે નહિ (સાક્ષરતાનું પ્રમાણ ઊંચું જાય નહિ) ત્યાં સુધી સભાનતા કે જાગૃતિ પણ આવે જ નહિ.વળી, સારાસારની (નીરક્ષીર તફાવતની) વિવેકબુદ્ધિ પણ કેળવાય જ નહિ, એ પણ એક સનાતન સત્ય બાબત હતી,*

*અને એ માટે શાળા-મહાશાળા- યુનિવર્સિટીઓ, શિક્ષકો-અધ્યાપકો અને ગ્રંથો - વર્તમાનપત્રો-સામયિકો વગેરેની તેમજા વિદ્વાનો-ચિંતકો-વિચારકો લેખકો,તંત્રીઓ કૉલમ રાઈટરો, -પત્રકારો વગેરેની પણ ખૂબ જ આવશ્યકતા હોય, તે તદ્દન સ્વાભાવિક બાબત હતી. સમાચારપત્રો એ સમાજની આરસી હોવાથી, તેનો ફેલાવો જેટલો વધુ પ્રમાણમાં થાય, તેટલી સમાજમાં જાગૃતિ વધે તથા સારા-નરસી બાબતો સમયાંતરે લોકો સમજતા થાય, તે પણ સાહજિક હતું. લોકો, પ્રવચનો/ભાષણો / વ્યાખ્યાનો/ પ્રચારતંત્રથી દોરવાઈ ન જાય અને જનસમાજને માટે શું હિતકર છે, શું હિતકર નથી, એ અંગેની સમજશક્તિની વૃદ્ધિ સમાચારપત્રો તથા સામયિકો જ કરી શકે, તે દીવા જેવી સ્પષ્ટ બાબત હોઈ, સમાજમાં તેની અનિવાર્યતા સ્વીકારાતી ગઈ.*

*દેશ, શહેર, નગર, ગામ, જ્ઞાતિ, સમાજમાં રહેતા સૌ કોઈ આબાલવૃદ્ધને એટલે કે નર અને નારીને સ્પર્શ એવા સમાચારો ઉપરાંત સામાજિક - ધાર્મિક સુધારણાને ગતિશીલ તથા વેગવંતુ બનાવી શકે, તે માટે સમાચારપત્રો અને સામયિકોએ ધીરેધીરે ટોર્ચ લાઈટનું શરૂઆતમાં કાર્ય કર્યું અને સમય જતાં પછી તો એવી પકડ જમાવી કે , ગામડામાં રહેતો છેક છેવાડાનો મજૂર, કામદાર, નાનો વેપારી, કારીગર પણ છાપું વાંચ્યા વગર ચેન ન અનુભવવા લાગ્યો, અને તેમના પરસ્પરના સંવાદોમાં પણ કેટલાક સંવાદો પરોક્ષ રીતે સામાજિક કે ધાર્મિક સુધારણા તરફ દોરી જતા જોવા મળતા હતા.*

*" અલ્યા તેં આજના છાપામાં વાંચ્યું પેલી પાર્વતી વિધવા યુવતીએ તેની જ જ્ઞાતિના સુરેશ સાથે લગ્ન કરી લીધું "*

*" હા, યાર! અને એમાં દુર્ગારામ મહેતા અને કવિ નર્મદાશંકરે પૂરી મદદ કરેલી. "*

*" અરે ઓ કાશીબા ! આજના આ છાપામાં એવા સમાચાર છપાયા છે. આપણી બાજુના ગામના તપોધન જોશીનો પુત્ર નિરંજનનું સોમવારે અકસ્માતમાં અવસાન થતાં, તેની સ્મશાનયાત્રામાં, તેની પાછળ તેની વિધવા બનેલી પદ્માને સમાજસુધારકો અને કેટલાક સગાં-સ્નેહીઓએ તે 'સતી' થતાં રોકી; માથે મુંડન ન કરવા દીધું! વાહ, કેવું પડે. હાં, કાશીબા ! સાચું કહું આ ઠીક જ કર્યું. બધે જ હવે આવું જ બને તો કેટલું સારું !'.*

**1) ' દાંડિયો ' અને સમાજ સુધારણા :**

*કવિ નર્મદે મુંબઈથી સુરત આવીને ઈ.સ.* 1851-52 *માં 'સ્વદેશહિતેચ્છુ'નામની સંસ્થાના ઉપક્રમે 'જ્ઞાનસાગર' નામનું ; સાપ્તાહિક શરૂ કરેલું, પરંતુ એ બરાબર ચાલ્યું નહિ, તેથી ઈ.સ.* 1864*માં 'દાંડિયો' પાક્ષિક શરૂ કર્યું હતું. ગાંઠનો (પોતાનો) ખર્ચ કરવો જ પડશે, તેમ છતાં 'સ્પેક્ટકટેર' જેવું લખાણ કહેડાવવું તો ખરું જ' એ નર્મદની પ્રતિજ્ઞા હતી.* **આથી નુકસાન વેઠીને પણ પાંચ વર્ષ સુધી 'દાંડિયો' સામયિક ચલાવ્યું.** *મનના પોચા અને ડરપોક જે ગુજરાતીઓ હોય, તેમનામાં દાંડિયો' પાક્ષિક દ્વારા નવો પ્રાણ, નવો જુસ્સો અને નવી. ચેતનાનો સંચાર કરવાનું કાર્ય કવિ નર્મદનું અનોખું એને અદ્વિતીય છે. એક પત્રકાર તરીકે કવિ નર્મદ ખરેખર વીર નર્મદ બને છે, અને પૂરી નિખાલસતા, સચ્ચાઈ,*

*નિર્ભયતા અને પૂરી ગંભીરતાપૂર્વક પત્રકારિત્વની ભૂમિકા તેમણે પૂરી પાડી હતી ; જેને પગલે અનેક વર્તમાનપત્રો તથા સામયિકો 'દાંડિયો ' પત્રને અનુસર્યા હતા.*

*વીર કવિ નર્મદે જ્યારે તેમના ઘરમાં એક વિધવાને આશ્રય આપ્યો, તેના સમાચાર વર્તમાનપત્રોમાં છપાયા, ત્યારે રૂઢિચુસ્ત લોકોએ તેમનો પ્રચંડ વિરોધ કર્યો, અને જ્યારે* 36 *મા વર્ષે નર્મદાગોરી નામની વિધવા સાથે તેમણે ઈ. સ.* 1869 *માં લગ્ન કર્યું; ત્યારે તો સમાજમાં જબરદસ્ત ઉહાપોહ થઈ જવા પામ્યો હતો. તો બીજી તરફ 'દાનનો પ્રવાહર પોતાના ઘરથી જ સર્વ પ્રથમ થઈ શકે', એ ન્યાયે વિધવા પુનર્લગ્નના સમર્થ વીર નર્મદ આચરણમાં પોતાના વિચારો અપનાવી, એક સુંદર દૃષ્ટાંત પૂરું પાડયું, જેની પ્રશંસા ઉદાર મનોવલણ ધરાવતાં ઘણાં વર્તમાનપત્રો અને સામયિકોએ કરી હતી.*

**2. ' સત્યાર્થપ્રકાશ ' અને સમાજ સુધારણા :**

*શ્રી કરસનદાસ મૂળજીએ ઈ. સ.* 1855 *માં જે સામયિક શરૂ કર્યું હતું, તેનું નામ 'સત્યાર્થ પ્રકાશ' હતું. શ્રી - કરસનદાસ મૂળજીએ વૈષ્ણવ ધર્મના વલ્લભ સંપ્રદાયના ગુરુઓના જુલ્મો અને દુરાચારો પર કડક પ્રહારો કરતા લેખો 'સત્યાર્થપ્રકાશ' માં લખ્યા અને તેમના કુકર્મો જાહેર કરવામાં આવતાં આખો સમાજ ખળભળી ઉઠયો હતો!*

*આ અંગે અદાલતમાં કેસ પણ ચાલેલો, જે સમાજસુધારણાના ઈતિહાસમાં* **'મહારાજ લાઈબલ કેસ'** *તરીકે જાણીતો બનેલો, અને એ કેસમાં 'સત્યાર્થપ્રકાશ'ના તંત્રી કરસનદાસ મૂળજી જીત્યા અને વલ્લભ સંપ્રદાયના મહારાજો ઉઘાડા પડ્યા. આ સમાચારપત્રે જાહેર જનતા સમક્ષ સત્ય હકીકતો રજૂ કરી તેથી તંત્રી દ્વારા કરસનદાસજીની નિર્ભિકતા સાબિત થઈ. સમાચારપત્રોના તંત્રીઓએ સત્ય હકીકતો પુરાવા રૂપે રજૂ કરી, સમાજમાં પ્રવર્તમાન ખોટી ધાર્મિક માન્યતાઓ અને તેનું સાવ મનમાન્યું અર્થઘટન, ધાર્મિક વહેમો અને અંધશ્રદ્ધાઓ, સામાજિક કુરિવાજો ઈત્યાદિને જાહેરમાં ખુલ્લા પાડતાં જરાપણ અચકાવવું ન જોઈએ. કેમકે, ન્યાયતંત્ર અને પ્રજાસમૂહ તમારી પડખે સહાયક બનીને ઊભાં રહે છે, માટે કોઈથીયે જરાપણ ડરવાની જરૂર નથી, એ બાબત રજૂ થતાં, વર્તમાનપત્રો અને પ્રકાશનક્ષેત્રે નવા આવનારા વર્તમાનપત્રોને નવું બળ તથા પ્રોત્સાહન મળ્યું. શ્રી* **કરસનદાસે 'સ્ત્રીબોધ' નામનું સામયિક** *શરૂ કરી, સ્ત્રી-સમસ્યાઓને પણ વાચા આપી હતી.*

**3. 'ગુજરાત મિત્ર' ;1860 :**

*ગુજરાતમાં સમાજ સુધારાના આદ્યપ્રવર્તક સુધારકોમાં અંગ્રેજ સર દુર્ગારામ મહેતા (ઈ.સ.* 1809 - 1876 ) *એ* 22 *જૂન* 1844 *ના રોજ સુરતમાં* **'માનવધર્મ સભા'***ની સ્થાપના કરી હતી.આ સંસ્થાને પોતાનું કોઈ વર્તમાનપત્ર હતું જ નહીં,પરંતુ સમાજમાં પ્રવર્તતી કુરૂઢિઓને તોડવા માટે* **'પુસ્તકપ્રચારક મંડળી' સ્થાપીને** *નૂતન વિચારોનો ફેલાવો કર્યો હતો.*

**દર શનિવારે સુરતમાં રાત્રે 8 વાગે નાણાવટમાં આવેલા મકાનમાં સભા મળતી,** *જેમાં એકેશ્વરવાદ , મૂર્તિપૂજા, મૃત્યુ પછીનું જીવન, વિધવા વિવાહ, બાળલગ્ન, વહેમો, જાદુ , શુકન-અપશુકન, સૂર્યગ્રહણ, ચંદ્રગ્રહણની અસરો , જ્યોતિષશાસ્ત્ર- હસ્તરેખાશાસ્ત્ર વગેરે વિવિધ ઉપર જાહેર વ્યાખ્યાનો યોજાતા અને વ્યાખ્યાન પછી પ્રશ્નોત્તરી, તથા ચર્ચા/વાદવિવાદ મૂાટે પણ સમય અપાતો. મૂર્તિપૂજા,જ્ઞાતિભેદ, મૃત્યુ પછીના જમણવાર, બાળલગ્ન, ફરજિયાત વૈધવ્યપાલન વગેરેની નાબૂદીમાં જેઓ માનતા હતા, તેઓ સક્રિયપણે ચર્ચાઓમાં ભાગ લેતા હતા. આ પુસ્તક-પ્રચારક મંડળીઓ અને દુર્ગારામનાં પ્રવચનોએ લોકજાગૃતિ તથા લોકશિક્ષણનું ખૂબ અસરકારક કાર્ય હતું કેમ કે તે સમયના ધર્મના આ કેટલાક લોકો આચાર્યોના સ્વાંગમાં પાખંડ ચલાવનારા તેમજ વેદો તથા ઉપનિષદોનું વિકૃત અર્થઘટન કરનારાઓની દુર્ગારામે પોતાનાં પ્રવચનો અને લેખોમાં ઉગ્ર ટીકા કરી હતી. 'અસ્પૃશ્યતા' અને ઊંચનીચના ભેદભાવો દૂર કરીને વાડાબંધીનો ત્યાગ કરવાનો આગ્રહ કર્યો હતો. દુર્ગારામે જાદુ, ભૂત, વહેમ, ચમત્કારો વગેરનો સખત વિરોધ કર્યો ; એટલું જ નહિ એ વિરોધનો જોરદાર પ્રચાર પણ કરલો. તેમણે જાહેર કરેલું કે, જે કોઈ જાદુગર પોતાની વિદ્યા સાચી પુરવાર કરે તો તેને ₹ 20. =00 નું ઈનામ આપવામાં આવશે. પરંતુ તેમની હાજરીમાં કોઈ જાદુગર પોતાની શકિત બતાવી શક્યો નહિ. આને પરિણામે લોકોમાં જાગૃતિ આવી અને વહેમો - ભૂતપ્રેત -ડાકણમાં લોકોનો વિશ્વાસ ઘટ્યો.*

*ઈ. સ. 1860 માં રાજકોટમાંથી નિશ્ચિંત થઈને દુર્ગારામ સુરત પાછા ફર્યા પછી, દર અઠવાડિયે 'ગુજરાત મિત્ર'માં જે વિવિધ લેખો લખતા હતા, તેમાં પણ સામાજિક કુરિવાજોની ટીકા કરતા અને એ લેખોમાં સામાજિક સુધારણા પ્રતિબિંબિત થતું હતું.*

## 13.7 સમાપન

*પત્રકારિત્વનો વ્યવસાય એ આમ તો ખાંડાની ધારે ચાલવા બરાબર છે. કેમ કે ધર્મ,ધાર્મિક સિદ્ધાંતો,આચારો, દેવ -દેવીઓ ઉપરાંત વહીવટીતંત્ર, ન્યાયતંત્ર,લશ્કરીતંત્ર,કાયદા - કાનૂન સાંસ્કૃતિક વિરાસતને લગતી બાબતો, સ્ત્રીઓ - દલિતો -આદિવાસીઓએ સર્વે વિષયો એટલા બધા નાજુક અને સંવેદનશીલ છે કે,તેને વિશે તંત્રીલેખમાં કે કોઈ કોલમમાં લખતી વખતે ખૂબ કાળજી અને વિવેકબુદ્ધિ રાખવી જોઈએ કે ન પૂછો ને વાત ! ક્યાં કશુંય અજુગતું, ખોટું અને ગેરરસ્તે દોરનારું લખાઈ ન જાય તેની વિશેષ કાળથી લેવી જ પડે.*

*સ્વતંત્ર્ય પ્રાપ્તિ પછી તો પ્રત્યેક ક્ષેત્રને સ્પર્શતા એટલા બધા કાયદા- કાનૂન, પ્રત્યેક ક્ષેત્રને લગતાં મંડળો ઍસોસિએશનનો, વ્યવસાયિક સંઘો થયા છે કે,પત્રકારે કોઈ પણ સમાચાર, લેખ કે લખાણ લખતી વખતે ભરાઈ જવું ન પડે; વિવાદમાં આવી જવું ન પડે, તેની ખાસ સાવધાની રાખવી જ પડે.*

*પત્રકારત્વનો વ્યવસાય નીડરતા, પ્રમાણિકતા,સત્ય હકીકતોનો આર્વિભાવ વગેરે પર નિર્ભર છે, એ વાત સાચી; પરંતુ તેના વ્યવસાયમાં પ્રત્યેક સોપાને સાવધાની , સભાનતા અને વિવેક અવશ્ય રાખવો પડે છે.*

*ગુજરાતી ભાષામાં* **આજે 40થી વધુ દૈનિકો પ્રસિદ્ધ થાય છે; ૧૭૫ થી વધુ સાપ્તાહિકો, 90 પાક્ષિકો, 20 થી વધુ માસિકો પ્રસિદ્ધ કે પ્રગટ** *થાય છે. ગુજરાતી ભાષાના દૈનિક વર્તમાનપત્રોમાં 'દિવ્ય ભાસ્કર', 'ગુજરાત સમાચાર', 'સંદેશ', 'જય હિન્દ', 'નવગુજરાત સમય', 'મુંબઈ સમાચાર', ફૂલછાબ', 'કચ્છમિત્ર ', 'સૌરાષ્ટ્ર સમાચાર', 'સમભાવ મેટ્રો, 'વેર્સ્ટન ટાઈમ્સ, 'અકિલા', 'જગતદર્પણ, 'મિડ ડે, 'ગુજરાત મિરર , 'સરદાર ગુર્જરી', ' નોબત ' 'આજકાલ ' 'સાંજ સમાચાર', 'જન્મભૂમિ', એમ કુલ ૨૨ જેટલા દૈનિક સમાચારપત્રો ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ છે.જેનાં નામો મળ્યા છે,તેનો ઉલ્લેખ અહીં મેં કર્યો છે.*

*જ્યારે ગુજરાતી ભાષામાં પ્રગટ થતા સામયિકો (મૅગેઝીનો ) જે સાપ્તાહિકો, પાક્ષિકો, માસિકો, દ્વિ- ત્રિમાસિકોની સંખ્યા પ્રમાણમાં ઘણી જ છે ;જેમાંના કેટલાક આ પ્રમાણે છે :*

| **સામયિકોનાં નામ** | **સામયિકોનાં નામ** | **સામયિકોનાં નામ** | **સામયિકોનાં નામ** |
|---|---|---|---|
| 1. *નવનીત-સમર્પણ* | 21. *ગુજરાત રિસર્ચ જર્નલ* | 41. *ચંપક* | 61. *નિસ્યંદન* |
| 2. *ઓળખ* | 22. *વિદ્યાપીઠ* | 42. *કૃષિપ્રભાત* | 62. *અસ્તિત્વ દર્શન* |
| 3. *સાધના (સાપ્તાહિક )* | 23. *બુદ્ધિપ્રકાશ* | 43. *મનપસંદ* | 63. *સંધિ* |
| 4.*કલ્યાણયાત્રા* | 24. *ચેતના* | 44. *પ્રબુદ્ધજીવન* | 64. *ઉહાપોહ* |
| 5. *અખંડ આનંદ* | *૨૫. દલિત ચેતના* | *૪૫. મગજમારી* | 65. *આનંદ ઉપવન* |
| 6. *ચિત્રલેખા* | 26. *ધબક* | 46. *ચંદન* | 66. *શબ્દસર* |
| 7. *અભિયાન* | 27. *દૂત* | 47. *ટાઈમપાસ* | 67. *લોકગુર્જરી* |
| 8. *ઈન્ડિયા ટુડે* | 28. *ગલાયશ્ચ* | 48. *પઝલ માસ્ટર* | 68. *પ્રત્યક્ષ* |
| 9. *કુમાર* | 29. *પરિવેશ* | 49. *ક્રોસ વર્લ્ડ* | 69. *અચલા* |
| 10. *નવચેતન* | 30. *જ્ઞાનસુધા* | 50. *ફાર્બસ સભા* | 70. *સમાજદીપ* |
| 11. *માનવ* | 31. *કવિલોક* | 51. *અતેદ્ર* | 71. *અર્થસંકલન* |
| 12. *આશીર્વાદ* | 32. *રુચિ* | 52. *સમીપે* | 72. *અક્ષરનાદ* |
| 13. *ભૂમિપુત્ર* | 33. *સફારી* | 53. *કિસ્મત* | 73. *સુવિચાર* |

| | | | |
|---|---|---|---|
| 14. નિરીક્ષક | 34. સત્યપ્રકાશ | 54. વિચાર વલોણું | 74.જ્ઞાનસુધા |
| 15. ઉદ્દેશ | 35. સ્ત્રીબોધ | 55. સમુદ્રગાર | 75.વીસમી સદી |
| 16. પરબ | 36. સુદર્શન | 56. શહિદે ગઝલ | 76.સરસ્વતી |
| 17. શબ્દસૃષ્ટિ | 37. ગુજરાત દર્પણ | 57. છલક | 77.દલિત ચેતના |
| 18. કવિતા | 38. કૃષિવિજ્ઞાન | 58. સાયબર સફર | 78.વસંત |
| 19. જનકલ્યાણ | 39. આરપાર | 59. મમતા | 79. ધબક |
| 20. સદવિચાર | 40. ગૃહશોભા | 60. સંઘર્ષ | 80. વિશ્વવિહાર |

આ બધાં જ વર્તમાનપત્રો અને સામયિકોએ સમાજ જીવનનું પ્રતિબિંબ અને પ્રજા જીવનના ધબકાર ઝીલે છે. વિવિધ પ્રવાહોને તે પ્રસિદ્ધ કે પ્રગટ કરે છે. સમાજની જીવન કે દેશની કે રાષ્ટ્રની વિભિન્ન ક્ષેત્રોને સ્પર્શતી વિવિધ સમસ્યાઓને તે વાંચા આપે છે.

સમાજ જીવનની શાર્પ અને દુર્ગુણોના સમાચારો/ પ્રકાશિત કરી, વર્તમાનપત્રો ઘણી મોટી સેવા બજાવે છે. સમય સમયે સામાજિક સમસ્યાઓનું સ્વરૂપ બદલાતું રહે છે. નવી જે સમસ્યાઓ ઉદ્દભવે છે, તેમાં ઘરેલુ હિંસાના બનાવો , 'લીવ ઈન રિલેશન ' ના બનાવો, લગ્નજીવનમાં ૧૦-૧૫ વર્ષ પણ બ્રેકઅપના પ્રશ્નો,મૃત્યુ પછીની ધાર્મિક ક્રિયાઓ અને જમણવારો ( બારમું, તેરમું, ભાણે બેસવાનું વગેરે) પાછળ થતાં અઢળક ખર્ચાઓ, વધતા જતા વૃદ્ધાશ્રમો, જાતીયવૃતિના અતિરેકથી જન્મતી વિવિધ ગંભીર સમસ્યાઓ, બળાત્કારો અને સ્ત્રીઓને મારી નાખવાના તેમજ ટુકડે ટુકડા કરી મૃતદેહોને દૂર જંગલોની ગીચ ઝાડીઓ, નદી- નાળાં- સરોવરો -સમુદ્રમાં ફેંકી દેવાના વધતા જતા બનાવો વગેરેનો સમાવેશ કરી શકાય. આ દરેક બાબતો પર એક એક અલગ પ્રકરણ લખાય, તેવી સમકાલીન ઐતિહાસિક સામગ્રી ભરપૂર ઉપલબ્ધ છે અને તે સામાજિક ઈતિહાસના સંશોધનના ટૉપિક્સ બની શકે તેમ છે.

ભારતમાં પત્રકારિત્વે બે સદી જેટલા સમયમાં સારો એવો વિકાસ સાધ્યો જ છે ; છતાં વિકસિત દેશોની સરખામણીમાં દર હજારે વસ્તીના દીઠ 100 દૈનિકપત્રોના ફેલાવવાના ' યુનેસ્કો ' (UNESCO) ના માપદંડની સામે **ભારતમાં દર હજારે ફક્ત આ આંક 13 નકલોનો જ છે!**

છતાં ભારતમાં પત્રકારત્વે ઘણું વૈવિધ્ય અને આકર્ષણ જન્માવ્યું છે અને વિજાણું માધ્યમોની મદદથી તેમજ ઑફસેટ પ્રિન્ટિંગ પ્રેસના ઉપયોગને કારણે હવે ગણતરીના કલાકોમાં હજારો નકલો છપાઈ શકે છે ; ફોલ્ડિંગ પણ આપોઆપ થઈ જાય છે અને આખા પાનામાં જેટલો ભાગ કલર ટેક્નિકમાં છાપવો હોય તેટલો હવે છાપી શકાય, તેવી ટેક્નિક વિકસી જ છે. આથી હવે વર્તમાનપત્રો અને સામાયિકો ફોર,ફાઈવ કલર્સ કલરમાં

છપાઈને પ્રગટ થતા હોય છે, તેથી તે ખુબ સુંદર આકર્ષક અને વાંચકનું મન મોહી તેવા હોય છે!

તો બીજી તરફ દૈનિક વર્તમાનપત્રો અને સામયિકો વચ્ચે તીવ્ર સ્પર્ધા પણ થતી જોવા મળે છે ; જાહેરાતો મેળવવા( સરકારી અને બિનસરકારી ) અને વધુ નકલોનું વેચાણ કરવા જાતજાતના માર્ગો નીતિ રીતિઓ અને શૈલીઓ અપનાવવામાં આવે છે. જોકે દરેક વર્તમાનપત્ર કે સામયિકોનો વાચકવર્ગ અલગ અલગ રસ - રુચિ ધરાવતો હોય ; દરેકે પોતાનું સ્થાન તથા અસ્તિત્વ જાળવી રાખ્યું છે ; અને આગકૂચ જારી રાખી છે,એ ખૂબ મોટી વાત પણ છે.વાચકોના રસ રુચિ તથા મનોરંજનનો ખ્યાલ વધુ પ્રમાણમાં કોઈપણ પત્ર-  પત્રિકામાં રખાય છે, પરંતુ એ તો દેશકાળને અનુરૂપ અનિવાર્યપણે બદલાતું સ્વરૂપ છે.

વળી, વ્યાપાર -ઉદ્યોગો -  વ્યવસ્થાપન - વિતરણ વગેરેમાં ઘોડાપૂરની જેમ વૃદ્ધિ થઈ હોવાથી, વિજ્ઞાપન-વ્યવસ્થા એ એક અનિવાર્ય બાબત થઈ ગઈ હોવાથી આજકાલ લગભગ તમામ વર્તમાનપત્ર વિજ્ઞાપનો( જાહેરાતો) થી વધુ પડતી ઉભરાય જ છે! અરે! હવે તો વર્તમાનપત્રો જ નહીં,પરંતુ ખાસ **તો** સામયિકો ચલાવવા (અને તેનો જંગી ખર્ચ દરેક અંકે કાઢવો ) એ 'લોઢાના ચણા ચાવવા'જેવી બાબત થઈ પડે છે, ત્યારે કાંતો ફરજિયાતપણે જાહેરાતોનો આશરે કે ટ્રસ્ટોને આર્થિક સહાય લેવા (અથવા આજીવન ગ્રાહકોની સંખ્યામાં વધારો કરવો) પરજ આધાર રાખવો પડે તેમ છે. દા. ત. 'કુમાર ' કે 'અખંડ આનંદ' જેવા જૂનાં અને વૈવિધ્યસભર સમૃદ્ધ લેખન સામગ્રીવાળા સામયિકો પણ થોડોક સમય બંધ પડેલાં જ ને! શ્રી ભુપતભાઈ વડોદરિયાના  તંત્રીપદ હેઠળ ચાલતું 'સમભાવ ' દૈનિક, જનસત્તા –લોકસત્તા અને ઉત્તર ગુજરાતનું 'રખેવાળ ' દૈનિકો પણ વર્ષો સુધી ચાલ્યા બાદ, કોઈક અગમય કારણોસર બંધ જ થઈ ગયેલાં તે આપણે જોઈ શકીએ છીએ, તો વળી કેટલાક દૈનિકો અને સામયિકો ડચકા ખાતાં માંડ માંડ બિચારાં ટકી રહ્યાં છે. આમ છતાં,પત્રકારત્વ ક્ષેત્રે ભાવિ ઉજજવળ છે, એ હકીકત સ્વીકારવી જ પડશે. મોબાઈલ, ટેલિવિઝન, નેટવર્ક જેવાં સંચાર માધ્યમો વર્તમાનપત્રોના ભારે હરીફ બની ગયાં છે, એ હકીકત પણ  સ્વીકારે જ છૂટકો છે.

## 13.8 તમારી પ્રગતિ ચકાસો

*નોંધ:* i) *નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.*

ii) *એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.*

❖ **નીચેના પ્રશ્નોના સવિસ્તાર અને મુદ્દાસર ઉત્તર લખો :**

1. *ગુજરાતી ભાષામાં વર્તમાનપત્રોના પ્રારંભનો ઈતિહાસ આલેખી, બ્રિટિશ શાસન દ્વારા ભારતીય પત્રોને ઉગતા જ ડામી દેવાના અવરોધક પ્રયાસોને વર્ણવો.*

______________________________
______________________________
______________________________
______________________________
______________________________

2. *ગુજરાતી ભાષામાં બ્રિટિશ શાસન દરમિયાન પ્રસિદ્ધ થતાં મુખ્ય વર્તમાનપત્રોના ઉદ્દભવ અને વિકાસના ઈતિહાસની સમીક્ષા કરો.*

______________________________
______________________________
______________________________
______________________________
______________________________

3. *ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ થતાં મુખ્ય સામયિકોનો ઉલ્લેખ કરી, તેને કઈ અને કેવી સમસ્યાઓનો સામનો કરવો પડે છે,તેની ચર્ચા કરો.*

______________________________
______________________________
______________________________
______________________________
______________________________

4. *ગુજરાતી વર્તમાનપત્રો અને સામયિકોએ સામાજિક કુરિવાજો અને ધાર્મિક અંધશ્રદ્ધા તથા વહેમો સહિત ખોટી માન્યતાઓને નાબૂદ કરવામાં ભૂમિકા ભજવી હતી, તે આલેખો.*

______________________________
______________________________
______________________________
______________________________
______________________________

5. *વર્તમાનપત્રો અને સમાજ સુધારણા ઉપર સવિસ્તાર અને દૃષ્ટાંતોના ઉલ્લેખ સાથે વિવરણ આપો.*

______________________________
______________________________
______________________________
______________________________
______________________________

❖ **હેતુલક્ષી પ્રશ્નોત્તર**

(1) *વિશ્વમાં સર્વપ્રથમ ઈ.સ.1622 (17મી સદીની શરૂઆતમાં ) ને થાની અલ બટર નામના પત્રકારે કયું વર્તમાનપત્ર શરૂ કરેલું છે?*

(A ) *ધિ ટેઈલી ડૂરાંટ* (B) *નેશનલ હેરલ્ડ*

(C) *ન્યુઝ ઓફ વર્લ્ડ* (D) *વિકલી ન્યુઝ*

(2) *ઈ. સ. 1702 ( 18 મી સદીની શરૂઆતમાં ) ગ્રેટ બ્રિટનનું સર્વ પ્રથમ દૈનિક વર્તમાન પત્ર કયું શરૂ થયું હતું?*

(A) *ધિ ડેલી ડુરાન્ટ* (B) *ધિ ડેઈલી ન્યુઝ*

(C) *સ્ટેટસમેન* (D) *ધિ ક્રાઉન*

(3) *ભારતમાં કોણે સર્વપ્રથમ વર્તમાનપત્ર શરૂ કરેલ?*

(A) *ફરદુનજી મઝબાને* (B) *જેમ ઑગસ્ટસ હિકીએ*

(C) *નવરોજી દોરાબજીએ* (D) *પેસ્તનજી મોતીવાલાએ*

(4) *જેમ્સ કીહી એ શરૂ કરેલ બેંગાલ ગેજેટ શાથી સાથે બંધ પડી ગયું હતું ?*

(A) *આર્થિક સહાય ન મળવાથી*

(B) *જાહેરાતો ન મળવાથી*

(C) *ગવર્નર જનરલે તંત્રીને જેલમાં પૂરવાથી.*

(D) *તંત્રીશ્રી લાંબી બીમારીમાં સપડવાથી*

(5) *ગુજરાતી ભાષામાં સર્વ પ્રથમ કયું વર્તમાનપત્ર ક્યાંથી શરૂ થયું હતું?*

(A) *મુંબઈથી 'મુંબઈ સમાચાર'* (B) *કલકત્તાથી બંગાળ ગેઝેટ*

(C) *મદ્રાસ (ચેન્નઈ )થી 'ડેઈલી ન્યુઝ'* (D) *અમદાવાદથી 'વરતમાન*

(6) *ગુજરાતી ભાષામાં પ્રગટ થતો 'જામે જમશેદ ' ( સ્થાપકઃ પેસતનજી માણેકજી મોતીવાલા ) પત્ર કેવા પ્રકારનું હતું?*

(A ) *માસિક* (B) *પાક્ષિક* (C) *સાપ્તાહિક* (D) *વાર્ષિક*

(7) *'રાસ્ત ગોફતાર' નામનું ગુજરાતી ભાષામાં પ્રગટ થતું પાક્ષિક કોણે શરૂ કર્યું હતું?*

(A ) *પેસ્તનજી મોતીવાલાએ* (B) *શ્રી દાદાભાઈ નવરોજીએ*

(C) *ફરદુનજી મર્ઝબાન* (D) *શ્રી ફિરોઝશાહ મહેતાએ*

(8) લોકમાન્ય ટિળકે અંગ્રેજી ભાષામાં કયું સાપ્તાહિક 2 જાન્યુઆરી 1881 માં શરૂ કર્યું હતું?

(A ) મરાઠા (B) વંદે માતરમ્ (C) જય હિન્દ ( D) કેસરી

(9) એલેક્ઝાન્ડર કિનલોક ફાર્બસે કવિ દલપતરામની સહાયથી કઈ સંસ્થાની અમદાવાદમાં સ્થાપના કરી હતી?

(A) ગુજરાત લૉ સોસાયટીની (B) ગુજરાત ક્લબની

(C) ગુજરાત કૉલેજની (D) ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની

(10) ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ દર બુધવારે પ્રગટ થતું કયું અખબાર શરૂ કરેલું?

(A) બુદ્ધિપ્રકાશ (B) વરતમાન (C) કુમાર (D) પથિક

(11) ઈ.સ. 1902 માં ગુજરાતી ભાષામાં મુંબઈમાંથી કયા ત્રણ વર્તમાન એક જ વર્ષમાં શરૂ થયા હતા?

(A) ' નવજીવન',' હરિજન બંધુ અને યંગ ઈન્ડિયા '

(B) 'જયહિન્દ',' સૌરાષ્ટ્ર સમાચાર' અને 'ફૂલછાબ '

(C) 'સાંજ વર્તમાન ', 'પારસી' અને' પ્રજામિત્ર '

(D) 'દાંડિયો', 'સત્યપ્રકાશ 'અને ' પ્રિયંવદા '

(12) 'દાંડિયો' વર્તમાનપત્ર કોણે શરૂ કર્યું હતું?

(A) દુર્ગારામ મહેતાએ (B) કવિ દલપતરામે

(C) મણિલાલ નભુભાઈએ (D) કવિ નર્મદાશંકરે

(13) 'નવજીવન' શરૂ કોણે કરેલું?

(A) શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકે (B) શ્રી મહિપતરામે

(C) મહાદેવભાઈ દેસાઈએ (D) કાકાસાહેબ કાલેલકરે

(14) 'સત્યપ્રકાશ 'નામનું સામયિક કોણે શરૂ કરેલું?

(A) શ્રી કરસનદાસ મૂળજીએ (B) શ્રી મહિપતરામ રૂપરામે

(C) શ્રી દાદાભાઈ નવરોજીએ (D) સ્વામી દયાનંદ સરસ્વતીએ

(15) 'જયહિન્દ' દૈનિક વર્તમાન પત્ર ક્યાંથી પ્રગટ થતું હતું?

(A) અમદાવાદ (B) સુરત (C) રાજકોટ . (D) જૂનાગઢ

(16) ઈ. સ. 1921 માં અમૃતલાલ શેઠે શરૂ કરેલું 'સૌરાષ્ટ્ર 'દૈનિક અત્યારે કયા નામથી બહાર પડે છે?

(A) 'નૂતન સૌરાષ્ટ્ર' (B) 'રખેવાળ'

(C) 'પ્રિયવંદા' (D) 'ફૂલછાબ '

(17) શ્રી મણિલાલ નભુભાઈ ત્રિવેદી ઈ.સ. 1885 માં કયું વર્તમાન પત્ર શરૂ કર્યું હતું?

(A) સંવાદ કૌમુદી (B) પ્રિયંવદા

(C) સંઘર્ષ (D) ગુજરાત મિરર

(18) અત્યારે ગુજરાતી ભાષામાં લગભગ કેટલાં વર્તમાનપત્રો પ્રસિદ્ધ થયાં છે?

(A) 20 જેટલાં (B) 30 જેટલાં (C) 50 જેટલાં ( D) 40 થી વધુ

(19) અમદાવાદમાંથી પ્રસિદ્ધ થતું કહ્યું દૈનિક વર્તમાન પત્ર અત્યારે બંધ થઈ ગયું છે?

(A) સૌરાષ્ટ્ર સમાચાર (B) મીડ ડે (C) જનસત્તા (D) જન્મભૂમિ

(20) અગાઉ હિન્દી વગેરે ભાષાઓમાં પ્રસિદ્ધ થતું કયું અખબાર છેલ્લાં કેટલાંક વર્ષોથી ગુજરાતીમાં પણ પ્રસિદ્ધ થાય છે?

(A) દિવ્ય ભાસ્કર (B) લોકસત્તા

(C) લોકપ્રકાશન (D) ગુર્જરી

**ઉત્તરો :**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1-D | 2-A | 3- B | 4- C | 5- A | 6- C | 7- B |
| 8- A | 9 -D | 10 - B | 11 - C | 12- D | 13- B | 14- A |
| 15- C | 16 - D | 17- B | 18 - D | 19- C | 20- A | |

# એકમ : 14 ઓગણીસમી સદીમાં સામાજિક સુધારણાનો વારસો

:: રૂપરેખા ::

**14.0 પ્રાસ્તાવિક**

**14.1 19 મી સદીનો ગુજરાતી સમાજ : સ્વરૂપ અને વારસો**

**14.1.1 સંયુક્ત કુટુંબનો વારસો**

**14.1.2 જ્ઞાતિપ્રથા આધારિત સામાજિક વારસો**

**14.1.3 ગુજરાતના સમાજનું જ્ઞાતિઓનું માળખું**

(અ) ચાર પરંપરાગત જ્ઞાતિઓ

(બ) નવ નારુ

(ક) નવકારું

**14.1.4 રૂઢિચુસ્ત અને જડતાભર્યાં જ્ઞાતિબંધનો**

**14.1.5 સમાજમાં સ્ત્રીઓનું સ્થાન અને દરજ્જો**

**14.1.6 સમાજમાં વ્યાપેલ અનેકવિધ દૂષણો અને તેની ઘેરી અસર**

**14.1.7 ધર્મ આધારિત માન્યતાઓ, વહેમો અને શિક્ષણનું ઓછું પ્રમાણ**

**14.1.8 19 મી સદી દરમિયાન થયેલ સમાજસુધારણા : (વારસારૂપે)**

**14.1.9 સમાપન**

**14.2 તમારી પ્રગતિ ચકાસો**

**14.3 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

**14.4 સંદર્ભસૂચી**

## 14.0 પ્રાસ્તાવિક

19 મી સદી એટલે ઈ.સ. 1801 થી ઈ.સ.1900. આ 19 મી સદીનું ભારત જેમ અનેક દેશી રજવાડાઓ અને ત્રણ મોટા (મુંબઈ, મદ્રાસ અને કલકત્તા) બ્રિટિશ પ્રાંતોમાં વહેંચાયેલું હતું. (મુંબઈ એટલે બોમ્બે. મદ્રાસ એટલે હાલનું ચેન્નઈ અને કલકત્તા એટલે હાલનું કોલકતા –બંગાળ પ્રાંત). એ જ રીતે ગુજરાત પ્રાંત પણ વડોદરા રાજય સહિત અનેક દેશી નાનાં મોટાં રજવાડાંઓમાં તેમજ બ્રિટિશ શાસનની સત્તા નીચેનો વિસ્તાર એમ બે વિભાગોમાં વિભાજીત હતું. આને પરિણામે સમગ્ર ગુજરાતને આવરી લેતી કાયદો, શાસન વ્યવસ્થા કે ન્યાયતંત્ર જેવી કોઈ એક્સૂત્રી વ્યવસ્થા ન હતી. ગુજરાતમાં તે સમયે સળંગસૂત્ર ન્યાયતંત્ર પણ ન હતું. અહીં કોઈ કાયદો સર્વોપરી ન હતો, પરંતુ ધર્મ, ધાર્મિક પરંપરાઓ, રીત-રિવાજો, સામાજિક અને ધાર્મિક પ્રણાલિકાઓ, નીતિઓ વગેરે સર્વોપરી હતાં. મોટાભાગની જ્ઞાતિઓમાં સમાજો ધર્મ અને પરંપરાગત રીત-રિવાજો અનુસાર જ વર્તતા હતા. વળી, સમગ્ર ગુજરાત કેટલાંક અપવાદરૂપ શહેરોને બાદ કરતાં મુખ્યત્વે તો ગામડાઓનો જ બનેલો હતો. ગુજરાતમાં હજારોની સંખ્યામાં ગામડાં હતાં ; અને જે અલ્પ સંખ્યામાં ગણ્યાગાંઠ્યા નગરો હતાં, તે પણ આસપાસના ગ્રામવિસ્તારોમાંથી વસ્તીનું (જનસંખ્યાનું) સ્થળાંતર થઈને જ વિકસ્યાં હતાં.

19 મી સદીમાં નગર કે શહેરીજીવન વેપાર, ઉદ્યોગો, સરકારી ઓફિસો, વાહનવ્યવહારના સાધનો, સંદેશાવ્યવહારના ઉપકરણોથી ધમધમતું હતું. ગ્રામ્યજીવન શહેરીજીવનથી તદ્દન અલિપ્ત અને અલગ જ હતું. બંને વચ્ચે ઘણો મોટો તફાવત પ્રવર્તતો હતો; કેમ કે તે સમયનાં ગામડાં મોટેભાગે ‘સ્વાવલંબી’ હતાં. કૃષિ, પશુઉછેર એ બે વ્યવસાયો મુખ્ય હતાં; સાથે સાથે પરંપરાગત કૌટુંબિક ધંધા-વ્યવસાયો તથા હસ્તકલા કારીગરીના ઉદ્યોગો પણ પ્રવર્તતા હતાં; જે ગામડાઓમાં રહેતાં કુંભાર, લુહાર,સુથાર, સોની, દરજી, મોસી, ઘાંચી , વણકર વગેરે એ જીવંત રાખ્યા હતાં.

સમાજ જીવનના આ બે એકમો-શહેરીજીવન અને ગ્રામ્યજીવન વચ્ચે સંપર્ક પણ કાંઈ ખાસ ન હતો; અને તેમની વચ્ચે વિચારોનો વિનિમય પણ ભાગ્યે જ થતો હતો; આથી જ્ઞાતિ, જાતિ, ધર્મ,ભાષા, ગોળ વગેરે પર આધારિત સામાજિક માળખાં 19 મી સદી દરમિયાન ચુસ્તપણે જળવાઈ રહેલાં. આ જ્ઞાતિ- વ્યવસ્થાનું વર્ચસ્વ ગુજરાતના સમાજ ઉપર સવિશેષ રહ્યું હતું.

## 14.1 19 મી સદીનો ગુજરાતી સમાજ : સ્વરૂપ અને વારસો

19 મી સદીએ ગુજરાતના સમાજને આપેલો વારસો વિવિધ રીતે અવલોકી શકાય.

### 14.1.1 સંયુક્ત કુટુંબનો વારસો

*પ્રાચીન અને મધ્ય યુગની ભારતીય સમાજની જેમ જ ગુજરાતી સમાજનો પાયો પણ 'સંયુક્ત કુટુંબપ્રથા'* (Joint Family System) *જ રહેવા પામ્યો હતો; જેમાં એ કુટુંબનો વડો એ કુટુંબ વયમાં સૌથી મોટા હોય તે – દાદા, દાદી કે પિતા, માતા જ ગણાતા ; અને તેમની આજ્ઞામાં કુટુંબના સૌ સભ્યો રહેતાં તેમજ તેમનું માન-સન્માન તથા આદર જાળવતા. તમામ કૌટુંબિક બાબતો અંગેનો નિર્ણય પણ એ વડીલ જ લેતાં; તમામ સામાજિક વ્યવહારો પણ તેઓ સાચવતા. કુટુંબમાં તેઓ સર્વોપરી હતાં.*

*વેવિશાળ, લગ્ન, શ્રીમંત, નામકરણ વિધિ, કરિયાવર, આણાં, મામેરું, યજ્ઞયાગાદિ, પૂજન-અર્ચન-પાઠ-કથા, એમ સઘળાં પ્રસંગોએ કુટુંબના વડીલનો માન-મરતબો કે મોભો જળવાય, તે રીતે તેમને સ્થાન અપાતું હતું; તેમની ઉપસ્થિતિમાં જ એ પ્રસંગો ઉજવાતાં હતાં; અને તેમના માર્ગદર્શન હેઠળ પૂર્ણ થતા હતાં. આમ, સામાજિક-ધાર્મિક માળખાના પાયા સમાન, આ કુટુંબવ્યવસ્થા એક રીતે રૂઢિગત અને ચુસ્ત રીતરીવાજો અને પ્રણાલીઓના બંધનોમાં જકડાયેલી હતી; અને તેમાં નજીકના ભવિષ્યમાં કોઈ પરિવર્તન આવશે કે કેમ, એની આશંકા હતી. ૧૯ મી સદીના આરંભના દાયકાઓમાં કુટુંબના સભ્યોને અભ્યાસ, વ્યવસાય, મુક્ત રીતે હરવા ફરવાની, પોષાક પરિધાનની ઢબની, વસ્ત્રાલંકારોની સ્વ-પસંદગીની, વિજાતીય પાત્રો સાથે હળવામળવાની કે વાતચીત કરવાની કોઈ જ છૂટ કે સ્વતંત્રતા ન હતી.*

*ચિત્રકલા, નૃત્યકલા, સંગીતકલા, રમતગમત, પ્રવાસ-પર્યટનો ઈત્યાદિ શીખવાની કે સામેલ થવાની તેમજ પોતાની પસંદગીનો ધંધો કે વ્યવસાય કરવાની તથા ગામ (વતન) છોડીને દૂરના શહેરોમાં નોકરી કરવા જવાની ઘરનાં પુત્રોને જ છૂટ ન હતી, તો પુત્રવધુઓને તેની સ્વતંત્રતા તો હોય જ ક્યાંથી ? એ સમયે ઉલટું ઘરની પુત્રવધુઓને તો તેમના સાસુઓની (ક્યારેક સસરાની) જોહુકમી અને વિવિધ પ્રતિબંધોનો ભોગ બનવું પડતું હતું; અને જિંદગીભર ઘૂમટો તાણીને દિવસે રસોડામાં અને રાત્રે શયનખંડમાં તેમનું વ્યક્તિત્વ સમાપ્ત જ થઈ જતું હતું ! અરે ! એ રીતે આખું જીવન પરિપૂર્ણ કરવામાં જ પોતાનું પ્રેય અને શ્રેય માનવું પડતું હતું !*

*દિવસભરના ઘરનાં કામોમાં અને મહેમાનો તથા વિશાળ કુટુંબના અને કંટાળેલી પુત્રવધુઓને રાત્રે અનિચ્છાએ પણ પોતાના પતિને પ્રેમ આપવો પડતો હતો ! અને એને પરિણામે હજુ તો માંડ યુવાનીમાં પ્રવેશેલી યુવતીઓ ૨૨ કે ૨૩ માં વર્ષે બે-ત્રણ સંતાનોની માતા બની જતી ! પરિશ્રમ અને ઉપરાછપરી પ્રસૂતિઓને પરિણામે તેનું શારીરિક સ્વાસ્થ્ય સાવ કથળી જતું હતું ! અને છતાં, તેની જોઈએ તેવી કાળજી કે સારવાર ન તો તેનો પતિ લઈ શકતો કે ન તો શ્વસુરગૃહના અન્ય સભ્યો !*

### 14.1.2 જ્ઞાતિપ્રથા આધારિત સામાજિક વારસો


*19 મી સદીએ ગુજરાતને ભારતના અન્ય પ્રદેશોની જેમ જ આપેલા વારસામાં ‘ જ્ઞાતિ આધારિત સમાજ’ મુખ્ય હતો. તે સમયનો સમાજ અનેક જ્ઞાતિઓ, પેટા જ્ઞાતિઓ અને પોતાના ગોળમાં વહેંચાયેલો હતો. મુંબઈ પ્રાંતના તે સમયનાં ગેઝેટીયરમાં જણાવ્યા પ્રમાણે, “ ગુજરાતનો પ્રદેશ મુખ્યત્વે જ્ઞાતિ જાતિઓનો જ પ્રદેશ છે.” આજ બાબત ‘મિરાતે- અહેમદી’ રજૂ કરતા જણાવે છે કે, “ હિન્દુ જ્ઞાતિ પણ જુદી જુદી વિવિધ જ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિઓમાં વિભાજીત થયેલ છે. દા.ત., બ્રાહ્મણો, વાણિયા, જૈનો, ક્ષત્રિયો, રાજપુતો, કાયસ્થો, કણબી-પટેલો,સુથારો, સોનીઓ, રાવળિયા, રબારીઓ, ભઠિયારા, ઘાંચી, વણકરો, દરજી, છીપા, રંગારા, કઠિયારા, ચમાર (મોચી), હરિજનો વગેરે મુખ્ય હતાં.*

### 14.1.3 ગુજરાતના સમાજનું જ્ઞાતિઓનું માળખું


*નીરા દેસાઈએ તેમના પુસ્તકમાં નોંધે છે તેમ, ચાર પરંપરાગત વર્ણો – બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર તો હતાં જ ; તદુપરાંત નવ નારું આને નવ કારું એમ મળીને કુલ ૨૨ જ્ઞાતિઓ 19 મી સદી દરમિયાન ગુજરાત પ્રાંતમાં હતી.*

*(અ) ચાર પરંપરાગત જ્ઞાતિઓ*
*(બ) નવ નારુ*
*(ક) નવકારું*


**19 મી સદી દરમિયાન સમાજનું જ્ઞાતિઓનું માળખું**



## 'નવ નારું' માં સમાવિષ્ટ નવ જ્ઞાતિ સમૂહો




## 'નવકારું' માં સમાવિષ્ટ નવ જ્ઞાતિસમૂહો




*એક અન્ય ઉલ્લેખ પ્રમાણે ગુજરાતના સમાજમાં કુલ ૧૮ (અઢાર) વર્ણો (જ્ઞાતિઓ) હતાં. એક કવિતામાં મળેલા ઉલ્લેખ મુજબ જોઈએ તો- "નવ નારં નિકાસ પંચ, વર્ણચારી જોયા પ્રપંચ; એતાઈ મળ્યા વર્ણ અઢાર, ચાકઈ સકળ લોકવ્યવહાર !"*

### 14.1.4 રૂઢિચુસ્ત અને જડતાભર્યાં જ્ઞાતિબંધનો

*19 મી સદી દરમિયાન જ્ઞાતિપ્રથાના બંધનો ખૂબ જ જડ રૂઢિચુસ્ત અને વૈયક્તિક વિકાસને રુંધનારા એટલાં બધાં હતાં કે, સમગ્ર સમાજ જીવનમાં વ્યક્તિને અથવા કેટલીક જ્ઞાતિઓનાં કુટુંબોને જે સ્થાન, દરજ્જો અને અધિકારો મળવા જોઈએ, તે સમાન રૂપે મળતાં ન હતાં. વળી, વ્યવસાય- આધારિત જ સમય જતાં જ્ઞાતિઓ નિશ્ચિત થઈ ગઈ; એટલું જ નહિ પરંતુ દરેક વ્યક્તિએ તેમના વ્યવસાયને અનુરૂપ ફરજો બજાવવી પડતી હતી; તેમજ જ્ઞાતિગત વ્યવસાયો પણ જન્મથી જ નિશ્ચિત થઈ ગયા હતાં. આનું દેખીતું પરિણામ એ આવ્યું કે , સમાજમાં પ્રગતિશીલ અને પરિવર્તનશીલ બાબતો સાવ અટકી જ ગઈ. ટૂંકમાં, આખો સમાજ એક બંધિયાર કાસાર (તળાવ) જેવો બની ગયો હતો. નવા વિચારો કે નૂતન સામાજિક સુધારણાનો વાતો પવન ત્યાં આવતો જ બંધ થઈ ગયો હતો ! આથી જડ અને બંધિયાર સમાજ તેના કોચલામાં પૂરાઈ જઈને, અવનતિ તથા પતન તરફ પ્રયાણ કરી રહ્યો હતો.*

### 14.1.5 સમાજમાં સ્ત્રીઓનું સ્થાન અને દરજ્જો

*ગુજરાતના સમાજ માત્ર સ્થગિત જ નહોતો થઈ ગયો; પરંતુ પિતૃપ્રધાન (પુરુષપ્રધાન) પણ હતો; અને તેથી પ્રત્યેક કુટુંબમાં તેમજ સામાજિક-ધાર્મિક સંસ્થાઓમાં પુરુષોનું જ વર્ચસ્વ હતું. આથી જ પ્રત્યેક કુટુંબમાં પુત્રનો જન્મ જ આશીર્વાદરૂપ હતો; અને પુત્રીનો જન્મ અભિશાપરૂપ બની ગયો હતો ! કુટુંબોમાં છોકરીનો જન્મ માતાપિતા માટે ભારરૂપ ગણાતો હતો; અને તેથી જ છોકરી હંમેશને માટે કુટુંબને માટે ચિંતાજનક અને 'સાપનો ભારો' જ ગણાતી ! વળી, કન્યાઓને પ્રાથમિક શિક્ષણ પણ અપાતું નહી ; અને અપાતું તો ફક્ત ચાર ધોરણ સુધીનું જ ! છોકરી* 14-15 *વર્ષની થાય ત્યાં તો તેનાં લગ્ન કરી દેવાતાં.*

*કસમયે લગ્ન થયા પછી એ તરુણીને કોઈ જ સ્વતંત્રતા ન હતી તેમજ તેને કોઈ જ અધિકારો ન હતાં. પરિણિત તરુણી કે યુવતીનું સમગ્ર જીવન –*

(i) *ઘરનાં સઘળાં કામકાજમાં (રસોઈ, સાફસૂફી, કપડાં ધોવાં-સૂકવવા – વાળીને મૂકવા વગેરે)*

(ii) *સાસુ-સસરાનો પડતો બોલ ઝીલીને, તેમની સઘળી જરૂરિયાતો પૂરી કરવી તેમજ તેમની સેવા કરવામાં*

(iii) *સમાજ વ્યવહારો સાચવવા*

(iv) *પતિની સઘળી જરૂરિયાતોનું ધ્યાન રાખવું તેમજ તેની જાતીયવૃત્તિને સંતોષવામાં*

(v) 20-21 *વર્ષની વય થતાં સુધીમાં તો બે-ત્રણ સંતાનોની પ્રસૂતિનું કારમું દુઃખ સહન કરવું અને એ બાળકોનો ઉછેર કરવામાં*

*એ ' બિચારી નારીનું', 'ઘરકૂકડી' નું 'રસોડાની રાણી' નું અને 'શયનેષ રંભા' નું જીવન સમાપ્ત થઈ જતું ! તે અકાળે વૃદ્ધત્વને પામતી; ઉપરાછાપરી પ્રસૂતિઓને (ડિલિવરીઓને) કારણે તેનો શરીર નંખાઈ જતું અથવા તો વિવિધ રોગોનું ભોગ બનતું ! ૩૫-૪૦ માં વર્ષે તો તે સાવ નિર્બળ, અશક્ત, નિઃસહાય બનીને કાં તો કાયમને માટે પથારીવશ થઈ જતી અથવા તો અકાળે મૃત્યુને પામતી !*

*આમ,19 મી સદીના સમાજમાં સ્ત્રીઓનું સ્થાન અને દરજ્જો બેઉ ખૂબ નીચાં હતાં. સમાજરથનું એ એક ચક્ર સાવ અગતિશીલ, સ્થગિત અને અકર્મણ્ય શીલ સ્થિતિમાં મુકાયેલું હતું. આ સ્થિતિ સમાજની પ્રગતિ માટે તદ્દન અવરોધક અને વિકાસને માટે રુંધનારું હતું.*

### 14.1.6 સમાજમાં વ્યાપેલ અનેકવિધ દૂષણો અને તેની ઘેરી અસર

*19 મી સદીએ ગુજરાતના સમાજને દૂષણો જે વારસામાં આપ્યાં હતાં, તે 21 મી સદીના વર્તમાનની દૃષ્ટિએ અવલોકતા ખૂબ જ ગંભીર અને નીંદનીય (ટીકાપાત્ર) કહી શકાય. આ સામાજિક દૂષણો જો જોઈએ તો-*

1. *બાળલગ્ન પ્રથા*
2. *ફરજિયાત વૈધવ્યપાલન*
3. *બાળકીને જન્મતાં જ 'દૂધપીતી કરવાનો ક્રૂર રિવાજ*
4. *અસ્પૃશ્યતાનું કડકપણે પાલન*
5. *'સતી' થવાનો (પતિનું શબ ખોળામાં લઈને જીવતાં જ તેની પત્ની એ ચિતામાં બળી મરવાનું) ક્રૂર રિવાજ*
6. *શૂદ્રોને મસ્તક પર મેલું ઉપાડવાની પ્રથા*
7. *કન્યા-કેળવણીની ઉપેક્ષા*
8. *સ્ત્રીઓનું નીચું અને હીન સ્થાન*
9. *વર-કન્યાનાં શારીરિક અને બૌદ્ધિક કજોડાં*
10. *અંધશ્રદ્ધા , વહેમો, ઊંચનીચના ભેદભાવ અને અસમાનતા*
11. *જ્ઞાતિ અને ગોળનાં ચુસ્ત બંધનો (રોટી-બેટીના વ્યવહારના સંદર્ભમાં ખાસ)*
12. *ધાર્મિક માન્યતાઓનું જબરદસ્ત પ્રભુત્વ*
13. *દોરા-ધાગા, મંત્ર-તંત્ર, બાવા-ભૂવા, વળગણ ધામિક વિધિઓ ઇત્યાદિનું ગ્રામીણ વિસ્તારોમાં વર્ચસ્વ*

#### (અ) બાળકીને 'દૂધપીતી' કરવાનો રિવાજ

*ઉપર દર્શાવેલ વિવિધ સામાજિક-આર્થિક દૂષણો અને અનિષ્ટોને પરિણામે તત્કાલીન સમાજનું નૈતિક અધઃપતન થવા લાગ્યું. સારા અને પગભર મુરતિયાઓની અછત તથા દહેજ પ્રથાને પરિણામે તત્કાલીન સમયમાં જો કોઈ દંપતીને બાળકી જન્મે તો, તેને*

*જન્મતાંની સાથે જ દુધના ભરેલાં ટબમાં ડુબાડી, શ્વાસ રૂંધાવીને મારી નાખવામાં આવતી હતી. કેટલીક જગ્યાએ માતાના સ્તનની ડીંટડી ઉપર કાતિલ ઝેર ચોપડીને એ બાળકી દૂધ પીવડાવીને પણ મારી નાખવામાં આવતી હતી. આવો અમાનુષી અને નિર્દયી કુરિવાજનો સમાજ તે સમયે ભોગ બનેલો, એ જાણીને અત્યારે આપણને માત્ર આશ્ચર્ય નથી થતું, પરંતુ અરેરાટી ખરેખર ઉપજે છે ! કોઈપણ વિદ્યાર્થીને કે વાચકને આ વાંચીને શબ્દો સ્વાભાવિક રીતે જ સરી પડે કે, ' આતે કેવી ક્રૂરતા ?'*

**(બ) ક્રૂર સતીપ્રથા**

*તો બીજી તરફ ભરયુવાન વયે વિધવા બનેલી યુવતીને બળજબરીપૂર્વક અને તેના પતિની ચિતાની ચારે બાજુએ લાકડીઓના માર મારીને અત્યંત ક્રૂરતાપૂર્વક ભડભડતી ચિતામાં બળી જવાની (ચીસો પાડતાં પાડતાં) ફરજ પાડવી, અને ઉપરથી તેને રૂડું રૂપાળું નામ 'સતીપ્રથા' આપવું, એ વળી અન્ય ક્રૂરતા હતી.*

**(ક) ફરજિયાત વૈધવ્ય પાલન**

*ત્રીજી તરફ જે જ્ઞાતિઓમાં 'સતી પ્રથા' નહોતી, તે જ્ઞાતિના સમાજોમાં ફરજિયાત વૈવિધ્યપાલન પણ ક્રૂરતા જ હતી.૨૦-૨૧ વર્ષની, જીવનમાં અનેરાં સ્વપ્નો નિહાળતી અનેક યુવતીઓ અકાળે વિધવાઓ બની જતી હતી. કેમ કે તેમના પતિદેવો દારૂ, અફીણ,ગાંજો, બીડીઓ,ચલમ,પરસ્ત્રીગમન વગેરે વ્યસનો- કુટેવોને કારણે જાતજાતનાં રોગોનો ભોગ બનતા.(મહારાજ લાયબલ કેસ પણ એ ગાળામાં ખૂબ જ ચર્ચાસ્પદ બનેલો! એ રોગોને કારણે પતિઓ નાની વયમાં મૃત્યુ પામતાં, તેમની પત્ની ઓ વિધવા બની જતી હતી. વિધવા બન્યા પછી, તેમના પર અનેક નિયંત્રણો લાદી દેવામાં આવતાં; જેમ કે –* (i) *તેના લાંબા કાળા સુંદર વાળ કાપીને, માથે મુંડન કરી નાખવામાં આવતું !* (ii) *તેને સફેદ જ વસ્ત્રો (કેટલીક જ્ઞાતિઓમાં કિરમજી કે નક્કી કરેલ રંગના) ફરજિયાત પહેરવાં પડતાં.* (iii) *તેને નક્કી કરેલ સમય સુધી ખૂણો પાળવો પડતો હતો ; મતલબ કે તે ઓરડામાંથી બહાર નીકળી શકે જ નહિ ; કુદરતી હાજતે જવું હોય તો તે વહેલી સવારે ૫:૦૦ વાગ્યાની આસપાસ જઈ આવવું પડતું હતું;* (iv) *તે પરપુરુષના દર્શન કરી શકતી નહિ.* (v) *તેને સાવ સાદું ઘી-તેલ-મરચાં વગરનું જ ભોજન અપાતું. (ḯ) તે કપાળે ચાંદલો ન કરી શકે કે ન તો નાક-કાન-ગળા કે હાથમાં કોઈ અલંકાર ધારણ કરી શકે, તેવા ચુસ્ત બંધનોમાં બંધાઈ જઈને જીવન સમાપ્ત કરી દેવું પડતું હતું ! તેની આશાઓ-અરમાનોની હોળી જ થઈ જતી.*

**(ડ) નૈતિક અધઃપતન**

*એક અન્ય બાજુ પણ તત્કાલીન સામાજિક સમસ્યાના સંદર્ભમાં પણ નોંધવા જેવી છે, જેને કોઈપણ રીતે નજરઅંદાઝ કરી શકાય તેમ નથી. નિરાધાર બનેલી, કેટલીક વિધવાઓની તદ્દન નબળી આર્થિક સ્થિતિનો લાભ ઉઠાવી ગામના મોટા ગજાના જમીનદારો, મોટા શેઠિયાઓ, મુખીઓ, લંપટ બાવા-ધૂતારા-પુજારીઓ તેમને કોઈ પણ રીતે વશ કરી,*

*તેમનું શારીરિક અને માનસિક શોષણ કરતા; તો શહેરો/ નગરોમાં આવી નિરાધાર વિધવાઓને 'વેશ્યાગૃહો' માં પણ ધકેલાઈ જવું પડતું હતું. આમ, અનેક સામાજિક સમસ્યાઓ ફરજિયાત વૈધવ્યપાલને સર્જી હતી અને તેને પરિણામે સમાજનું નૈતિક-અધઃપતન પણ થવા પામ્યું હતું.*

**(ઈ) અસ્પૃશ્યતા – એક 'સામાજિક કલંક' :**

*અસ્પૃશ્યતા (અનટચેબિલીટી) એ 19 મી સદીમાં એક 'સામાજિક કલંક' હતું. સમાજનો એક આખો દલિત વર્ગ ( શેડ્યુઅલ કાસ્ટસ) 19 મી સદીમાં પણ અસ્પૃશ્ય ગણતો હતો. બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો, જૈનો, ખેડૂતો, વિવિધ વ્યવસાય કરતા લોકો હરિજનોને અસ્પૃશ્ય ગણીને, તેમના અડકતા નહિ; અને ભૂલેચૂકે જો સ્પર્શ થઈ જાય, તો ઘરે જઈને તરત જ સ્નાન કરવું પડતું હતું. તો બીજી તરફ દરેક ગામમાં હરિજનોના નિવાસ્થાનો કૂવા, વ્યવસાયના સ્થળો વગેરે અલગ અને ગામડાની બહાર જ રહેતાં હતાં અને તેઓ જયારે ગામમાં પ્રવેશ કરે, ત્યારે લાકડીનો જમીન પર અવાજ કરતાં કરતાં આવવું પડતું હતું. દુકાનદાર તેમને જોઈતી ચીજવસ્તુઓ દુકાનને ઓટલે મૂકી દેતો તથા ખરીદનારે નાણા એ ઓટલાં પર જ મૂકી દેવાના હતાં. ગામની સફાઈ તેઓને શિરે હતી અને તે નિભાવવી પડતી હતી.*

*અસ્પૃશ્ય ગણાતા શૂદ્રોને માટે ગામ કે નગરના તમામ જાહેર સ્થળો જેવાં કે, શાળા, ગામનો કૂવો, તળાવ, બાગ-બગીચા, મંદિર, બસ-ટ્રેઈન વગેરેમાં તેમને માટે પ્રવેશ વર્જ્ય ગણાતો હતો. આમ, ૧૯ મી સદી દરમિયાન તેમની સ્થિતિ કફોડી હતી. અસ્પૃશ્યતાને પરિણામે હિન્દુ સમાજની ગતિશીલતા અને સમાજ પરિવર્તન બેઉ સાવ અટકી ગયાં હતાં.*

## 14.1.7 ધર્મ આધારિત માન્યતાઓ, વહેમો અને શિક્ષણનું ઓછું પ્રમાણ

*18 મી સદીના અંત સુધી તો શિક્ષણ એ રાજ્યની (દેશી રાજ્યના) જવાબદારી ગણાતી જ નહોતી; વડોદરા રાજ્યની ગાયકવાડ સરકારે 19 મીસદીમાં પ્રાથમિક શિક્ષણ માટે દરેક ગામમાં બેથી ત્રણ ઓરડાવાળી શાળા, મેદાન અને કમ્પાઉન્ડનું નિર્માણ કરતાં, શિક્ષણ પ્રાપ્તિના ગામનાં બાળકો માટે શ્રીગણેશ થયા. બાકીના દેશી રાજયોના રાજાઓ શિક્ષણ માટે ઉદાસીન જ હતાં ; આથી ગામના પંડિતો (બ્રાહ્મણો) હિંદુઓને અને મૌલવીઓ મુસ્લિમ બાળકોને શિક્ષણ આપતા હતાં. આવી શાળાઓ કાં તો મંદિરોની પડસાળમાં કે કોઈ વડલાના વૃક્ષ નીચે ચાલતી; આને પરિણામે શિક્ષણની પ્રક્રિયા તથા પદ્ધતિમાં કોઈ એક વાક્યતા ન હતી. પાઠશાળાઓ અને મદ્રેસાઓ શ્રીમંત વર્ગના દાનથી કે નાના – મોટા રાજાઓના દાનથી ચાલતી હતી. તેઓની આર્થિક સહાય પર જ આ શિક્ષણ કેન્દ્રો નભતાં હતાં. વળી, નોંધપાત્ર બાબત એ હતી કે, 19 મી સદીના આરંભના વર્ષોનું શિક્ષણ પણ 18 મી સદીની જેમ જ બહુધા 'ધર્મ' સાથે જ સંકળાયેલું હતું.*

શિક્ષણના વિવિધ કેન્દ્રોમાં મંદિરો, મસ્જીદો, પાઠશાળાઓ,ઉપાશ્રયો, મદરેસાઓ, પારસી અગિયારીઓ વગેરે મુખ્યત્વે કાર્યરત હતાં. પ્રાથમિક શિક્ષણમાં – (i) ઘડિયા (ટેબલ્સ), (ii) અંક-લેખન (ફિગર્સ રાઈટીંગ, (iii) અક્ષરલેખન (આલ્ફાબેટ રાઈટીંગ). (iv) ગદ્ય/પદ્ય વાચન, (v) સાદું ગણન (સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર, ત્રિરાશી વગેરે) (vi) ધર્મનું નીતિ-સદાચારનું શિક્ષણ ઈત્યાદી વિષયોનો સમાવેશ થતો હતો.

શિક્ષણની બાબતમાં બીજી ત્રણ બાબતો પણ નોંધપાત્ર હતી :

(i) હિન્દુ છોકરીઓને માત્ર ચાર ધોરણ સુધીનું જ શિક્ષણ માન્ય હતું. તેનાથી આગળ તેમને અભ્યાસ કરાવવામાં આવતો ન હતો. ' ચાર ચોપડી' ભણી એટલે બહું થઈ ગયું !' એવી દ્રઢ માન્યતા સમાજમાં પ્રવર્તતી હતી. તેને ત્યારબાદ શાળામાંથી ઉઠાડી લઈ, ઘરકામ, રસોઈકાર્ય, કુટુંબના સભ્યોની સેવા-સારવાર, ભારત-ગૂંથણ, સીવણ વગેરે બાબતો શીખવવામાં આવતી હતી. છોકરી ઈચ્છે, અભ્યાસમાં તેજસ્વી હોય તો પણ તેને આગળ વધુ અભ્યાસની તક મળતી નહોતી.

(ii) અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓનો બાળકોને (છોકરો હોય કે છોકરી) શિક્ષણ અપાતું ન હોતું. 19 મી સદીના છેક પાછલા બે-ત્રણ દાયકાઓમાં હરિજન બાળકોને પ્રાથમિક શાળાઓમાં અલગ બેસાડીને ભણવાની સુવિધા અપાઈ હતી. પરંતુ હરિજન બાળકીઓને તો એ તક પણ મળી નહોતી.

(iii) વડોદરા રાજ્યની પ્રાથમિક શાળાઓમાં શ્રીમંત સયાજીરાવ ગાયકવાડના (ત્રીજાના)સમયમાં વાણિયા, બ્રાહ્મણ , જૈન, પટેલ, વૈશ્યો, રાજપૂતો વગેરે જ્ઞાતિઓના બાળકો માટે સાતમાં ધોરણ (ફાઈનલની પરીક્ષા સુધી; આ પરીક્ષા સરકાર તરફથી લેવાતી અને જે તે વિદ્યાર્થી નાપાસ થયેલ માર્કશીટ પણ અપાતી હતી.) સુધીનું શિક્ષણ સુલભ બન્યું હતું. ફાઈનલની પરીક્ષા મરજિયાત હતી.

(iv) હિન્દુ મંદિરોમાં મોટેભાગે સંસ્કૃત પાઠશાળાઓ ચાલતી હતી; જ્યારે મસ્જીદો/ મદ્રેસાઓમાં મુસ્લિમ છોકરાઓને ઉર્દુ ભાષામાં શિક્ષણ અપાતું હતું; આ શિક્ષણ બાળક પાંચ વર્ષનું થાય ત્યારથી તે ૧૦ વર્ષનું થાય ત્યાં સુધી એટલે કે તે પહેલાં ધોરણથી ( એ સમયે પ્લે ગ્રુપ, જુનિયર અને સિનિયર કે.જી. તો હતાં જ નહિ.) ચોથા કે પાંચમાં ધોરણ સુધીનું શિક્ષણ શરૂઆતના તબક્કાઓમાં અપાતું અને માત્ર છોકરાઓને પાછળથી સાતમાધોરણ સુધીની સગવડ શરૂ થઈ ચૂકી હતી. મોટા શહેરોમાં ઈ.સ.૧૮૨૯-૩૦ પછી અંગ્રેજી માધ્યમની શાળાઓ અંગ્રેજોએ શરૂ કરી દેતાં, ગામડાઓમાં રહેતાં અભ્યાસમાં હોશિયાર અને તેજસ્વી વિદ્યાર્થીઓ શહેરોમાં ભણવા જતાં થયા હતાં ; પરંતુ આ સંખ્યા ઘણી જ થોડા પ્રમાણમાં હતી.

અગાઉ તો જ પંડિતો (શિક્ષકો) શિક્ષણ આપતા હતાં. તેમાં વિદ્યાર્થીને કોઈ જ ફી આપવી પડતી ન હોતી અને શિક્ષકોને કોઈ પગાર નહોતો. વિદ્યાર્થીઓના વાલીઓએ શિક્ષકોને અવારનવાર (વાર-તહેવારે) ઘી, દૂધ, અનાજ કે લોટ, શાકભાજી વગેરે આપતા અને અભ્યાસ પૂરો થતાં દાન-દક્ષિણામાં રોકડ રકમ કે ગૃહઉપયોગી ચીજો (શાલ, ધોતી વગેરે) આપતા.

અગાઉ જોયું તેમ, સંસ્કૃત ભાષા અને વ્યાકરણ શીખવતી ખાનગી શાળાઓમાં પ્રાદેશિક ભાષાઓના વાચન, લેખન, અને વ્યાકરણની દૃષ્ટિએ શુદ્ધ વાચન- લેખન વગેરે ઉપર (દા.ત. ગુજરાતમાં ગુજરાતી ભાષામાં; સૌરાષ્ટ્રમાં કાઠિયાવાડી અને કચ્છમાં કચ્છી. ભાષામાં) ખાસ ભાર મૂકાતો. હિન્દુ ધર્મશાસ્ત્રો, પુરાણો, ઉપનિષદો, નીતિ, સદાચાર, સૌની સાથે સારો વ્યવહાર, પ્રામાણિકતા, વિનય, વિવેક ઈત્યાદિ બાબતોનું નીતિશિક્ષણ ખાસ અપાતું હતું.

બ્રિટિશકાલીન ભારતના શરૂઆતના દાયકાઓમાં નરસિંહ મહેતાનાં પદો અને પ્રભાતિયાં, મીરાંબાઈનાં ભજનો, પ્રેમાનંદના આખ્યાનો, અખા અને શામળ કવિના છપ્પા વગેરે વિદ્યાર્થીઓને મોઢે કરાવવામાં આવતા હતા. માણભટ્ટો જાહેરમાં તાંબા-પિત્તળની ગાગર પર વીંટીઓ પહેરેલી આંગળીઓ વડે થપાટો મારી, તેમાંથી ઉત્પન્ન થતા સંગીતના સથવારે આખ્યાનો યોજીને લોકશિક્ષણનું કાર્ય કરતા તો બીજી તરફ જૈન સાધુ-મુનિઓ જાહેર વ્યાખ્યાનો (ઉપાશ્રયોમાં) આપીને અને હિંદુ કથાકારો જાહેરમાં કથાશ્રવણના કાર્યક્રમો કરીને પણ લોકોની નીતિમત્તા, પ્રામાણિકતા, સત્યપ્રિયતા, વિનય, વિવેક, આદરભાવ, લક્ષ્મીનો જનહિતાર્થે સદુપયોગ, ગૌસેવા, જીવદયા ઈત્યાદિ બાબતોનો પ્રચાર-પ્રસાર કરી, લોકશિક્ષણ આપતા હતા. અલબત્ત, તેમની શિક્ષણપદ્ધતિ લેખિત નહિ, પરંતુ મૌખિક સવિશેષ રહેતી.

આમ, 19મી સદીના છેલ્લા દાયકાઓમાં શિક્ષણના વધતા જતા પ્રચાર અને પ્રસારે ગુજરાતના સમાજમાં ' ટોર્ચ લાઈટ' નું કાર્ય કર્યું. ગુજરાતની જનતામાં સભાનતા (Awareness) અને જાગૃતિ આવી, જેને પરિણામે સમાજ સુધારણાના ક્ષેત્રે પગરણ મંડાયા.

## 14.1.8 19 મી સદી દરમિયાન થયેલ સમાજસુધારણા : (વારસારૂપે)

19મી સદી દરમિયાન વિવિધ સામાજિક સુધારણાની સંસ્થાઓએ અને સમાજસુધારકોએ ગુજરાતના સમાજમાં પ્રવર્તતા કુરિવાજો, અંધશ્રદ્ધા, વહેમો, મંત્રતંત્ર-દોરાધાગા-માદળિયાંનું પ્રભુત્વ, ફરજિયાત વૈધવ્યપાલન, દહેજપ્રથા, બાળલગ્નો, સતીપ્રથા, બાળકીને જન્મતાં જ દૂધપીતી કરવાની ક્રૂર રિવાજ, તદ્દન નહિવત્ કન્યાકેળવણી વગેરેને દૂર કરવા જે ભગીરથ પ્રયાસો કર્યા હતા, તેનાથી સમાજમાં એક પ્રકારની નૂતન જાગૃતિ આવી; લોકોમાં એક પ્રકારની સભાનતા પ્રગટી. દૂર બંગાળમાં રાજા રામ મોહનરાયે સ્થાપેલ ''બ્રહ્મો-સમાજ'' (ઈ.સ. 1828; 20 ઓગસ્ટ); મુંબઈમાં કેશવચંદ્ર સેનની

*પ્રેરણાથી સ્થપાયેલ ''પ્રાર્થના-સમાજ'' (સ્થાપકઃ આત્મારામ પાંડુરંગ, મહાદેવ ગોવિંદ રાનડે અને આર. જી. ભંડારકર, ઈ. સ.* 1867), *હેન્રી વિલિયમ ડેરોજીયો (પિતા ફિરંગી, માતા હિન્દુ) વડે સ્થપાયેલ 'યંગ બંગાળ ચળવળ (ઈ.સ.* 1826-27); *સ્વામી દયાનંદ સરસ્વતીએ મુંબઈમાં સ્થાપેલ 'આર્યસમાજ' (ઈસ.* 1875); *સ્વામી વિવેકાનંદ. બેલુર મઠમાં સ્થાપેલ 'રામકૃષ્ણ મિશન' (ઈ.સ.* 1887); *અડિયાર (ચેન્નઈ નજીક) મુકામે ડૉ. એની બેસન્ટે શરૂ કરેલ થિયોસોફીકલ સોસાયટી (ઇ.સ.* 1882) *ઉપરાંત દાદાભાઈ નવરોજી, બહેરામજી મલબારી, કે. આર. કામા, ફરદોરશજી રુસ્તમ, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, દેવેન્દ્રનાથ ટાગોર, સર સૈયદ અહેમદ વગેરે અનેક સમાજસુધારકો ભારતના લેવલે સમાજસુધારણાની ઝૂંબેશ ઉપાડી હતી, જેની અસર ગુજરાતના સમાજ જીવન પર પણ પડેલી, એમ નિર્વિવાદપણે કહી શકાય.*

*ગુજરાતના સંદર્ભમાં જો જોઈએ તો—*

1. *વડૉદરાનો મહારાજા શ્રી સયાજીરાવ ગાયકવાડ ત્રીજા (ઇ.સ.* 1863-1939)
2. *શ્રી ગોવિંદ ગુરુ (ઇ.સ.* 1884 - 1931), *જિ. પંચમહાલ.*
3. *શ્રી દુર્ગારામ મહેતા(સુરત)એ સ્થાપેલ 'માનવધર્મ સભા'(ઈ.સ.*1844, 24 *જૂન)*
4. *શ્રી દાદોબા પાંડુરંગ આઠવલે (મુંબઈ)એ સ્થાપેલ 'પરમહંસ મંડળી'*
5. *કવિ નર્મદ (નર્મદાશંકર) અને શ્રી કરસનદાસ મૂળજીભાઈ દ્વારા (મુંબાઈમાં) સ્થાપિત 'બુદ્ધિવર્ધક સભા' (ઈ.સ..*1851)
6. *શ્રી અંબાલાલ સારાભાઈ એ (અમદાવાદ) 'પ્રજાસમાજ' થી શરૂઆત કરી, જે એક રાજકીય પક્ષ હતો, જેની સુરત તથા ભરૂચમાં એક સાથે સ્થપાયો હતો. (ઈ.સ.* 1872)
7. *અમદાવાદમાં શેઠ શ્રી અંબાલાલ સારાભાઈએ ઈ.સ. ૧૮૭૬માં 'સ્વદેશી ઉદ્યોગવર્ધક મંડળી' સ્થાપી, જેમાં પાછળથી શ્રી રણછોડલાલ છોટાલાલ (રેંટીયાવાળા); શ્રી પ્રેમાભાઈ હિમાભાઈ શેઠ અને શ્રી મણિભાઈ જશભાઈ પણ તેમાં જોડાયા હતાં.*
8. *શ્રી ગોપાલ હરિ દેશમુખના અધ્યક્ષપડે અમદાવાદમાં ' બાળવિવાહ નિષેધક મંડળી'સ્થપાઈ (ઇ.સ.* 1871). *જેમાં શ્રી અંબાલાલ સારાભાઈ શેઠ(કેલિકો મિલવાળા) અને શ્રી નવલરામ લક્ષ્મીશંકર પંડ્યા (લેખક, ચિંતક, વિદ્વાન) તો તેના મંત્રીઓ હતા.*
9. *સ્વામી દયાનંદ સરસ્વતીએ મુંબઈમાં 'આર્ય સમાજ'ની સ્થાપના (૧૦ એપ્રિલ,* 1875*)માં કરી, જેની રાજકોટમાં સર્વપ્રથમ શાખા ખોલવામાં આવી. આ સંસ્થા દ્વારા સુરત, વડોદરા, પોરબંદર, જામનગર, સોનગઢ વગેરેમાં ગુરુકુળોની સ્થાપના કરી, જ્યારે સ્વામી શ્રદ્ધાનંદ હરદ્વાર પાસે ગુરુકુળ કાંગડીની સ્થાપના ઈ.સ. ૧૯૦૨ માં કરી.*

10. *શ્રી હરિ હર્ષદ ધ્રુવ અને શ્રી ઉકાભાઈ પ્રભુદાસે ‘પ્રજા હિતવર્ધક સભા’ સ્થાપના કરેલી. (ઈ.સ.*1882); *એ સંસ્થાએ રૂ.*2,000*ની મિલકત ધરાવનાર તમામ નાગરિકોને મતાધિકાર અપાવ્યો તેમજ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ચૂંટાયેલા સભ્યોનું પત્રાણુ વધારાયું.*
11. *ગુજરાતના (સવિશેષ અમદાવાદના) વકીલો દ્વારા ‘ગુજરાત સભા’ ની સ્થાપના ઈ.સ.* 1884 *માં કરાઈ, જેના આગવાનોમાં શ્રી રમણભાઈ નીલકંઠ (‘ભદ્રંભદ્ર’ હાસ્ય નવલકથાના લેખક), ડૉ. બેન્ઝામીન, શ્રી હરિલાલ દેસાઈ અને વકીલ શ્રી ગોવિંદરાવ પાટીલ હતી,; આ સંસ્થા ઈ.સ.* 1920 *માં ‘ ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિ’ માં ભળી ગઈ હતી.*
12. *શ્રીમતી નાની બહેન ગજ્જર અને શ્રીમતી બાજીગૌરી મુનશીના સહકારથી સુરતમાં ’વનિતા વિશ્રામ’ની ઈ.સ. ૧૯૦૭માં સ્થાપના થઈ; ઈ.સ. ૧૯૨૩માં ભાવનગરમાં ‘વનિતા વિશ્રામ’ સ્થપાતા વિધવા સ્ત્રીઓ, નિરક્ષર મહિલાઓના જીવનમાં સુધારો થવા લાગ્યો. શાળાઓ, ઉદ્યોગગૃહો, પુસ્તકાલયો, માર્ગદર્શન કેન્દ્રો વગેરે શરૂ થયાં.*
13. *અમદાવાદમાં શ્રીમતી સુલોચનાબહેને વિધવાઓના જીવનમાં સુધારણા માટે ‘સરસ્વતી મંદિર’ સંસ્થા શરૂ કરી હતી. જે પાછળથી ‘વનિતા વિશ્રામ’ નામે ઓળખાઈ.*
14. *શ્રી હંસાબહેન મહેતા અને શ્રી વિદ્યા બહેન; શારદાબહેન અને જ્યોત્સનાબહેન શુક્લના સહયોગથી ‘અખિલ હિંદ મહિલા પરિષદ’’ની ઈ. સ. ૧૯૨૬માં સ્થાપના થઈ.*
15. *પુષ્પાબહેન મહેતા એ ઈ.સ.* 1948*માં જૂનાગઢમાં શિશુમંગલ’ ની સ્થાપના કરી, જેના ઉપક્રમે ર્મ શિશુમંગલગૃહ, કન્યા છાત્રાલય, મહિલા સમાજ, નારી મંડળ વગેરે સંસ્થાઓ ચલાવવામાં આવે છે. સાથે સાથે પ્રભાસ પાટણમાં મહિલા મુદ્રણાલય (પ્રેસ), ભોજનાલય,હરિજનવાસમાં બાલ મંદિર તથા બૉર્ડિંગ હાઉસ પણ ચલાવે છે. જયારે સાસણગીર વિસ્તારમાં જનતાને વૈદકીય સારવાર આપવા માટે આ સંસ્થા દ્વારા ‘વનવાસી સેવા મંડળ’ પણ ચલાવવામાં આવે છે.*

❖ **સમાજસુધારણાના વારસા રૂપ કેટલાક સીમાસ્તંભોઃ**

1. *ઈ.સ.* 1829 *માં બ્રિટિશ ગવર્નર જનરલ વિલિયમ બેન્ટિકે પ્રખર સમાજસુધારક રાજા રામમોહન રાયે ઈ.સ.* 1829 *માં કાયદો કરી ‘સતી’ થવાના ક્રૂર રિવાજને નાબૂદ કર્યો, પરિણામેં ગુજરાતની કેટલીક જ્ઞાતિઓમાં પ્રવર્તતો આ રિવાજ સદંતર બંધ થઈ ગયો; એટલું જ નહિ, પરંતુ સમગ્ર ભારતમાંથી પણ આ રિવાજ નાબૂદ થઈ ગયો. ‘‘સતી’ થવાનો ભારતમાં છેલ્લો બનાવ રૂપકુંવરબા નામની વિધવા બનેલી મહિલાનો હતો.*
2. 19*મી સદીના છેલ્લા ત્રણ દાયકાઓમાં સ્ત્રી-સ્વાતંત્ર્ય માટેની ઝૂંબેશ, કન્યા કેળવણીને ઉત્તેજન, ભેદભાવનાનો વિરોધ, સમાન કાયદાઓનું અને સમાન ન્યાયનું શાસન,*

વર્તમાન પત્રોની સ્વાયત્તતા, ધાર્મિક સ્વાતંત્ર્ય, ઈત્યાદિ બાબતોમાં થયેલી ઝડપી પ્રગતિ પણ આ સદીએ સામાજિક સુધારણાના ક્ષેત્રે આપેલો નોંધપાત્ર વારસો ગણી શકાય.

3. 'પ્રાર્થના-સમાજ' (સ્થાપનાઃ ૩૧ માર્ચ, ૧૮૬૭; મુંબઈ) પણ સમાજમાં પ્રવર્તતા નાતજાતના ભેદભાવો નાબૂદ કરવા સઘન પ્રયાસો કર્યા હતા. હિન્દુ સમાજમાં પ્રવર્તમાન વહેમો, ખોટી માન્યતાઓ અને અંધશ્રદ્ધાને નાબૂદ કરવા માટે સવિશેષ ભાર મૂક્યો હતો. સાથે સાથે સ્ત્રી-શિક્ષણને પ્રોત્સાહન, ધાર્મિક ક્ષેત્રે એકેશ્વરવાદને સમર્થન ઈત્યાદિ બાબતોમાં તેના કાર્યકરો સાક્રિય બનીને, સમાજ સુધારણાના ક્ષેત્રે મૂલ્યવાન વારસો આપ્યો હતો.
4. શ્રી ભોળાનાથ દિવેટિયા, મહિપતરામ રૂપરામ (અવસાન- ઈ. સ. ૧૮૯૧), શ્રી રમણભાઈ નીલકંઠ વગેરે એ 'જ્ઞાનસુધા'નામના સામયિક દ્વારા વિધવા વિવાહને ઉત્તેજન, બાળલગ્નોનો પ્રબળ વિરોધ, જ્ઞાતિભેદોની નાબૂદી, હિંમતપૂર્વક અને નીડર બનીને આપણા ધર્મ, તત્ત્વજ્ઞાન અને સંસ્કૃતિના પ્રસાર અર્થે વિદેશગમન ઈત્યાદિ બાબતો ઉપર સવિશેષ ભાર મૂકાયો હતો. શ્રી રમણભાઈએ તો 'ભદ્રંભદ્ર' નામની હાસ્યપ્રધાન નવલકથા લખીને, સુધારણાની પ્રવૃત્તિને વેગવંત બનાવી હતી.
5. શ્રી કેશવચંદ્ર સેને આંતરજ્ઞાતિય લગ્નોને ઉત્તેજન આપીને ૧૮૬૨, ૧૮૬૪ માં બે આંતરજ્ઞાતિય લની કરાવીને રૂઢિચુસ્ત બ્રાહ્મણો, વૃદ્ધો અને મહર્ષિ દેવેન્દ્રનાથ ટાગોરને પણ ચોંકાવી દીધા હતા ! દેવેન્દ્રનાથે આથી શ્રી કેશવચંદ્ર સેનને આચાર્યપદેથી (૨૪ વર્ષની યુવાન વયે આચાર્યપદે નિમાયેલા) દૂર કર્યા. અને છતાં તેમની ઉગ્ર સામાજિક સુધારણાના હિમાયતીઓએ જ્યારે તેમનો વિદાય સમારંભ યોજ્યો ત્યારે તેમના સમાજ, જ્ઞાતિ અને ખુદ કુટુંબનો સખત વિરોધ હોવા છતાં, તેઓ તેમની ૧૫ વર્ષની પત્ની ને (૧૫ એપ્રિલ, ૧૮૬૨માં) સાથે જાહેરમાં લઈ ગયેલા. આ સમારંભમાં શ્રી કેશવચંદ્ર સેનને સોનાની ફ્રેઈમમાં મઢેલ 'અધિકારપત્ર'અર્પણ કરાયેલું; જે તેમણે જીવનભર સાચવી રાખેલું. (અલબત્ત, શ્રી કેશવચંદ્રે ૧૮વર્ષની ઉંમરે ૧૦ વર્ષની કન્યા સાથે લગ્ન કરેલું! અને ઈ.સ. ૧૮૭૮ - માં તેમની ૧૮ વર્ષની સગીર વયની મોટી પુત્રીનું લગ્ન કૂચ બિહારના સગીરવયના રાજકુમાર સાથે વૈદિક વિધિથી લગ્ન કરાતાં,તેમના સાથીઓમાં તથા બંગાળના બુદ્ધિજીવીઓમાં જબરદસ્ત રોષ ફેલાયો હતો. )
6. 'આર્યસમાજ' સંસ્થાની અસર ગુજરાતના આ સમયના સમાજ પર ઘેરી અસર જોઈ શકાય છે. કન્યાશાળાઓ સ્થાપવામાં અને તેનું સુપેરે સંચાલન કરવામાં; પછાત અને અલ્પવિકસિત વિસ્તારોમાં દવાખાનાં ઊભાં કરીને મફત દવાઓ, ડૉક્ટર તથા નેર્સની સારવારની સેવાઓ પૂરી પાડવામાં; હિન્દી અથવા પ્રાદેશિક ભાષામાં શિક્ષણ આપતાં ગુરુકુળો શરૂ કરવામાં; દહેજપ્રથાના કુરિવાજ નાબૂદ કરવામાં તેમજ બાળલગ્નો થતાં અટકાવવામાં; વિધવાઓ માટે વિધવાગૃહો તથા માતાપિતા ગુમાવેલ અનાથ બાળકો માટે અનાથાશ્રમો સ્થાપવામાં તેમજ કુદરતી આપત્તિઓ સમયે (પૂર, દુષ્કાળ,

*રોગચાળા વગેરે) રાહતકાર્યો તથા સેવાકેન્દ્રો દ્વારા રાહતો પૂરી પાડવામાં આર્યસમાજે આપેલ યોગદાન તો ૧૯મી સદીનો ) સમાજસુધારણાના ક્ષેત્રે અપાયેલો ભવ્ય વારસો છે. ધર્માંતર કરી ગયેલા (ખાસ કરીને હિન્દુ ધર્મ છોડોની ખ્રિસ્તી બની ગયેલા) લોકો માટે 'શુદ્ધિકરણ'ની ચળવળ ઉપાડીને તેમને હિન્દુધર્મમાં પુનઃ પાછા લાવવાનું શ્રી દયાનંદ સ્વામીએ કરેલ કાર્યને તો ભારત સદીઓ સુધી યાદ કરશે.*

*આમ, ગુજરાતમાં સ્થપાયેલી અને ગુજરાત બહાર પણ સ્થપાયેલી સંસ્થાઓએ તેમજ પ્રખર સમાજ સુધારકોએ સમાજ સુધારણાના ક્ષેત્રે યાદગાર વારસો આપીને, ગુજરાતના જનજીવનને ઉપકૃત કરેલું છે.*

## 14.2 તમારી પ્રગતિ ચકાસો

**પ્રશ્ન -૧ નીચેના પ્રશ્નોના મુદ્દાસર. અને સવિસ્તર ઉત્તરો લખોઃ**

1. *ભારતીય સમાજવ્યવસ્થાને ટકાવી રાખનાર જો કોઈ વ્યવસ્થા કે અંગ હોય તો તે 'સંયુક્ત કુટુંબ'સંસ્થા છે. એવું તમે માનો છો ? શા માટે?*

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

2. *ગુજરાતમાં પ્રવર્તમાન જ્ઞાતિપ્રથાના માળખા વિશે અન તેના ફાયદા-ગેરફાયદાને ધ્યાનમાં રાખી તમારો ઉત્તર લખો.*

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

3. *ગુજરાતમાં 19મી સદી દરમિયાન જ્ઞાતિબંધનો જડ અને રૂઢિચુસ્ત હતાં? તેની ગુજરાતના સમાજ જીવન પર પડેલી ઘેરી અસરો વિશે નોંધ લખો.*

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

4. 19માં સદી દરમિયાન ગુજરાતના સમાજમાં સ્ત્રીઓનું સ્થાન, દરજ્જો અને સ્થિતિ કેવી પ્રવર્તતી હતી, તે વિશે સવિસ્તાર જણાવો.

5. 19મી સદી દરમિયાન ગુજરાતના સમાજ જીવનમાં પ્રવર્તતા દૂષણો અને કુરિવાજો ઉપર સંક્ષેપમાં નિબંધ લખો.

6. 19મી સદી દરમિયાન ગુજરાતે ધર્મ આધારિત માન્યતાઓ, વધુમાં અને શિક્ષણના અલ્પ પ્રમાણને શું તમે ગુજરાતના પછાતપણા માટે જવાબદાર માનો છો? શા માટે?

7. 19મી સદી દરમિયાન ગુજરાતે સમાજસુધારણાના ક્ષેત્રે આપેલ વારસો જણાવો.

### ❖ બહુવૈકલ્પિક પ્રશ્નો

**પ્રશ્ન-2 : નીચે પ્રશ્નોની સાથે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને, પ્રશ્નના ક્રમની સામે તમારો ઉત્તર લખોઃ**

1. 19 મી સદી દરમિયાન ગુજરાતના સમાજ જીવનના અંગરૂપ સંયુક્ત કુટુંબપ્રથામાં કુટુંબના સભ્યાન શાની છૂટ ન હતી?
   (A) અભ્યાસની (B) ફેશનની
   (C) સ્વતંત્રતાની (D) પરદેશગમનની

2. ગુજરાતના સામાજિક જીવનમાં ૧૯મી સદી દરમિયાન પરંપરાગત કુલ કેટલી જ્ઞાતિઓ હતી ?

(A) બે (B) ચાર (C) પાંચ (D) ત્રણ

3. 19મી સદી દરમિયાન ગુજરાતના સમાજ જીવનમાં ચાર પરંપરાગત કઈ કઈ જ્ઞાતિઓ હતી ?

(A) નવ નારૂ અને નવ કારું (B) અન્ય પછાત જ્ઞાતિઓ

(C) વિકસિત જ્ઞાતિઓ (D) વનવાસી જ્ઞાતિઓ

4. નવ કારું' જ્ઞાતિઓમાં સમાવિષ્ટ છીપા જ્ઞાતિનું શું કાર્ય હતુ.?

(A) વાંસમાંથી વિવિધ ચીજવસ્તુઓ બનાવવાનું

(B) વિવિધ પ્રકારના રમકડાં બનાવવાનું

(C) ચર્મમાંથી પટ્ટા-પગરખાં અને વિભિન્ન વસ્તુઓ બનાવવાનું

(D) કાપડ ઉપર રંગકામ અને ડીઝાઈન છાપવાનું

5. 19 મી સદી દરમિયાનના સમાજનો કોનો જન્મ શાપરૂપ ગણાતો હતો ?

(A) પુત્રનો (B) પુત્રીનો (C) અપંગ બાળકનો (D) દષ્ટિહીન બાળકનો

6. 19 મી સદી દરમિયાનના ગુજરાતના સમાજમાં દીકરીનો જન્મ કેવો ગણાતો હતો ?

(A) લક્ષ્મીજી અવતર્યાનો (B) આશીર્વાદરૂપ

(C) 'સાપનો ભારો' સમાન (D) કુટુંબ-ઉદ્ધારક રૂપ

7. જેનો પતિ, તેની પત્ની ની નાની વયમાં જ મૃત્યુ પામતો, તેવી સ્ત્રી(યુવતી) ને શાનો ભોગ બનવું પડતું હતું?

(A) ફરજિયાત વૈધવ્યપાલનની (B) અપશુકનનો

(C) વહેમોનો (D) સાસુ-સસરાના અત્યાચારોનો

8. 19 મી સદી દરમિયાન ગુજરાતની કેટલીક જ્ઞાતિઓમાં બાળકીનો જન્મ થતાં, શું કરવામાં આવતું હતું?

(A) 5 મા દિવસે 'નામકરણ'વિધિ કરાતો

(B) છઠ્ઠીના લેખ લખવામાં આવતા હતા.

(C) 'દૂધપીતી કરવાનો રિવાજ' હતો.

(D) મામા-મામીને ખાસ આમંત્રણ આપીને બોલાવાતા

9. "સતી પ્રથાનો રિવાજ કેવો હતો?

(A) ભવ્ય (B) ક્રૂર (C) ઉત્સવજન્ય (D) પ્રેરક

10. 19મી સદી દરમિયાન ગુજરાતના સમાજનું કલંક'કયું ગણાતું હતું. ?

(A) દહેજપ્રથા (B) બાળલગ્ન પ્રથા (C) સતીપ્રથા (D) અસ્પૃશ્યતા

11. 19 મી સદી દરમિયાન ગુજરાતના સમાજનું કલંક'કયું ગણાતું હતું. ?

(A) રાજા રામમોહન રાયે (B) સ્વામી દયાનંદ સરસ્વતીએ

(C) શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ ત્રીજાએ (D) વીર નર્મદે

12. 19 મી સદી દરમિયાન પ્રાથમિક શિક્ષણમાં વાચન, લેખન અને ગણન કૌશલ્ય ઉપરાંત શાનો પર ભાર મૂકાતો હતો?

(A) નીતિ શિક્ષણ ઉપર (B) ધર્મશાસ્ત્રો ઉપર

(C) તિરંદાજી પર (D) શસ્ત્રવિદ્યા પર

13. 'સતી પ્રથા' પર પ્રતિબંધ મૂકતો કાયદો કોના પ્રયાસોથી કયારે અંગ્રેજ ગવર્નર જનરલ વિલિયમ બેન્ટિકે કર્યો હતો?

(A) ઈ.સ. 1875 માં, સ્વામી વિવેકાનંદના પ્રયાસોથી

(B) ઈ.સ. 1830 માં સ્વામી દયાનંદ સરસ્વતીના પ્રયાસોથી

(C) ઈ.સ. 1860 માં ન્યાયમૂર્તિ રાનડેના પ્રયાસોથી

(D) ઈ.સ. 1829 માં રાજા રામમોહન રાયના પ્રયાસોથી

14. ગુજરાતના આદિવાસીઓમાં ગોવિંદ ગુરુએ કઈ ચળવળ દ્વારા આશ્રમશાળા દ્વારા શિક્ષણ તથા સામાજિક-ધાર્મિક સુધારણાની ઝૂંબેશ શરૂ કરી હતી ?

(A) સુફી સંપ્રદાયની ચળવળ (B) ભગત ચળવળ

(C) ભક્તિ સંપ્રદાયની ચળવળ (D) બુદ્ધિવર્ધક ચળવળ

15. ગુજરાતમાં બાળવિવાહ નિષેધક મંડળીની સ્થાપના કોણે ? અને ક્યારે કરાઈ હતી ?

(A) ઈ.સ. 1861 માં શેઠશ્રી અંબાલાલ સારાભાઈએ

(B) ઈ.સ. 1855 માં પુષ્પાબહેન મહેતાએ

(C) ઈ.સ. 1871 માં શ્રી ગોપાલ હરિ દેશમુખે

(D) ઈ.સ. 1830 માં બાજીગૌરી મુનશીએ

## 14.3 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. (C) સ્વતંત્રતાની
2. (B) 12
3. (A) નવ નારું અને નવકારું
4. (D) કાપડ ઉપર રંગકામ અને ડિઝાઈન છાપવાનું

5. (B) *પુત્રીનો*
6. (C) *'સાપનો ભારો' સમાન*
7. (A) *ફરજિયાત વૈધવ્યપાલન*
8. (C) *દૂધપીતી કરવાનો રિવાજ*
9. (B) *ક્રૂર*
10. (D) *અસ્પૃશ્યતા*
11. (C) *શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ ત્રીજા*
12. (A) *નીતિશિક્ષણ ઉપર*
13. (D) *ઈ સ.* 1829 *માં રાજા રામમોહન રાયના પ્રયાસો થી*
14. (B) *ભગત ચળવળ*
15. (C) *ઈ સ.* 1871 *માં શ્રી ગોપાલ હરિ દેશમુખે*

## 14.4 સંદર્ભસૂચી

❖ **ગુજરાતી ભાષામાં ગ્રંથો**


1. *દેસાઈ, નીરા : ગુજરાતમાં સામાજિક પરિવર્તન, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ*
2. *ત્રિવેદી , નવલરામ જગન્નાથઃ " સમાજ સુધારાનું રેખાદર્શન", અમદાવાદ,*1934
3. *જોટે,રત્નમણિરાવ ભીમરાવ : 'ગુજરાતનું પાટનગર અમદાવાદ, આદિત્ય પ્રેસ, અમદાવાદ,*1924
4. *દવે, નર્મદાશંકર લાલશંકર; 'ગુજરાત સર્વસંગ્રહ, મુંબઈ,* 1887
5. *દૈશવડેકર, કલ્યાણજી ગૌપાળજીઃ ' સ્ત્રી કેળવણી;મુંબઈ,*1896 *'સ્ત્રી અને જાહેરજીવન', અમદાવાદ* 1916
6. *પટેલ, જીવાભાઈ રેવાભાઈઃ 'સ્ત્રીઓની પરાધીનતા, અમદાવાદ,* 1908 (*જે. એસ. મિલ લેખકના પુસ્તકનું ભાષાંતર,*1869)
7. *પંડિત, દામોદર, 'પાખંડ ધર્મખંડન નાટક', ઉત્કૃષ્ટ મુદ્રણાલય,અમદાવાદ,* 1911
8. *બુદ્ધિવર્ધક વ્યાખ્યાનમાળા, ફાર્બસ ગુજરાતી સભા, ભાગ-*1,2 *મુંબઈ,* 1934
9. *મોતીલાલ ભવાનીદાસ નારણદાસ : 'ગુજરાતીઓ અને સંસારસુધારો', મુંબઈ,* 1918
10. *મહેતા, કપિલરાય; 'અમદાવાદ સર્વસંગ્રહ, અમદાવાદ,* 1948
11. *રઘુનાથ માધવદાસ : 'એક પુનર્વિવાહની કહાણી, મુંબઈ,* 1891
12. *પારેખ, હીરાલાલ ત્રિભુવનદાસ : 'અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન,ભાગ-*1 *ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ,* 1935
13. *મગનલાલ વખતચંદઃ અમદાવાદનો ઈતિહાસ, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ પ્રથમ આવૃત્તિ,* 1851,

14. નર્મદાશંકર, લાલશંકર (કવિ નર્મદ): મારી હકીકત (આત્મચરિત્ર), ગુજરાત પ્રિન્ટિંગ પ્રેસ,મુંબઈ, 1933,(નવી આવૃત્તિ) 1966
15. સારાભાઈ, અનસૂયાબહેન : 'સ્ત્રીઓ અને તેમના રાજકીય અધિકારો' , અમદાવાદ, 1918
16. શાહ મનુભાઈ બિ. : 'અર્વાચીન ભારતની સામાજિક અને ધાર્મિક સુધારણાની ચળવળનો ઈતિહાસ', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, 2023
17. યાજ્ઞિક, ગંગાબહેન પ્રાણશંકર : 'દ્વિ-સ્ત્રીયા નિષેધ', અમદાવાદ, 1892
18. વાર્ષિક અહેવાલઃ વનિતા વિશ્રામ, અમદાવાદ,1911-12
19. મહેતા, શિરીન મકરન્દભાઈ; ગુજરાતમાં નારીચેતના, ઐતિહાસિક
20. મહેતા, શિરીન : 'સ્ત્રી-ઈતિહાસના સાંપ્રત પ્રવાહો'
21. દેસાઈ, ગોવિંદભાઈ હાથીભાઈ : કડી પ્રાંત', વડોદરા,1920-21
22. શાહ, પુરુષૌત્તમ સી. અને શાહ, ચંદ્રકાન્તભાઈ (સંપાદકો): 'ચરોતર સર્વસંગ્રહ' ભાગ-1 અને 2, નડીયાદ, 1954
23. ગાંધી, ભોગીલાલ : 'ગુજરાત દર્શન, વડોદરા, 1960
24. જોટે,રત્નમણિરાવ બી. : ' ખભાતનો ઈતિહાસ', અમદાવાદ, 1935
25. દેસાઈ, ગોવિંદભાઈ હાથીભાઈ: 'ગુજરાતની અર્વાચીન ઈતિહાસ, અમદાવાદ, 1918
26. પટેલ, એદલજી બજોરજીઃ 'સુરતની તવારીખ, સુરત, 1890
27. પરીખ, રામલાલ (સંપાદક): 'ગુજરાત એક પરિચય, ભાવનગર 1961
28. મહેતા, ભાનુપ્રસાદ એન. : "મહિપતરામ ચરિત્ર', વડોદરા, 1930
29. રાજગોર, શિવપ્રસાદઃ 'અર્વાચીન ગુજરાતની રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, અમદાવાદ,1974
30. વાળંદ, નરોત્તમ : ' સંસ્કૃતિ અને ગુજરાત, ભરૂચ, 1949
31. માર્શલ,રતન રૂસ્તમજીઃ " ગુજરાતી પત્રકારિત્વનો ઈતિહાસ, સુરત 1950
32. રાજગોર, શિવપ્રસાદ : ગુજરાતનાં વહાણવટાનો ઈતિહાસ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, અમદાવાદ, 1946 અને 'ગુજરાતનો કેળવણીનો ઈતિહાસ', અમદાવાદ-1966
33. શાસ્ત્રી, વૃજલાલ કાળીદાસ : 'વડૉદરા રાજ્યની પુસ્તકાલય પ્રવૃત્તિ, વડોદરા, 1927
34. સાંડેસરા, ભોગીલાલ જે. : 'ઈતિહાસ અને સાહિત્ય, અમદાવાદ, 1966
35. નીલકંઠ રમણભાઈ મહિપતરામ : ધર્મ અને સમાજ, ભાગ-1,અમદાવાદ, 1931
36. શાસ્ત્રી, હરિપ્રસાદ જી. ; પરીખ, પ્રવીણચંદ્ર સી.: 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ', ગ્રંથ-વ (બ્રિટિશ કાલ) ; ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, 1984.

## ❖ અંગ્રેજી ભાષામાં ગ્રંથો


1. Altekar, A. S.: ‘The Position of Women in Hindu Civilization', Poona, 1942.
2. Behram, Banaji Sorabji: "Changing status of Women of Orient, Bombay, 1918 (Page-1 to 16)
3. Desai, Neera: Social Change in Gujarat, vora & Co., Bombay, 1978
4. Dosabhai Hidalji: "History of Gujarat, Alone--dabad, 1894.
5. Gandhi, M.K. Women and Social Injustice', Nav jivan Press, Almedabad, 1942.
6. Gidumal, Dayaram: "The status of Women in India' and Handbook for Hindu Social Roformers", Fort Publishers, Bombay, 1889
7. Kumar, Ravindra, ‘Westren India in 19th century", R. and K.Paul, London,1968
8. Maharaja Sayajirao Gaikwad, Speeches and Addresses, 1877-1910; vol. 1, Cambridge University Press; 1927, Page-1-20).
9. Munshi, K. M.: The Glory that was Gujaradesa", Bombay, 1944, Part-II.
10. Perkin, Joan: Women and Marriage in 19th century", London, 1989.
11. Roberts, E. A.; Women's place, an Oral History of Working class Women, 1890-1940, Oxford unt. Press, 1964
12. Raval, R.L.; Socio Religious Rofdron & Movements in Gajarat, ESS, New Delhi, 1987

BAOU
Education
for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

978-93-5598-665-8